## સ્વસિદ્ધાન્ત

(૧)આપણા માર્ગમાં ભગવત્સેવા સ્વગૃહમાંજ કરવી જોઈએ, જાહેર મંદિરમાં નહીં.

(૨)ભગવત્સેવામાટે કોઈ બીજાને પૈસા આપવાથી અહંકાર વધે છે, ભગવત્પ્રેમ નહીં. ભગવત્સેવામાટે બીજા પાસેથી પૈસા લેવાથી તે સેવા ભાડૂતી સેવા બની જાય છે.

(૩)ભગવત્સેવા આપણો સ્વધર્મ છે, સ્વવૃત્તિ કે આજીવિકા નહીં.

(૪)આપણા ભાવાત્મક સેવ્ય પ્રભુનું જાહેર-જનતામાં પ્રદર્શન કરવાથી હૃદય ભાવશૂન્ય થઈ જાય છે.

(૫)વૃત્ત્યર્થ અથવા ફંડ-ફાળા ભેગા કરવામાટે કરવામાં આવતી ભગવત્કથા શ્રીમદ્ભાગવતનો અનાદર છે.

# ભગવત્સેવાનો
# સિદ્ધાંતશુધ્ધ પ્રકાર
# ( એક પ્રશ્નોત્તરી )

?

!

ગોસ્વામી
શ્યામ
મનોહર

**લેખક :** ગોસ્વામી શ્યામ મનોહર (કિશનગઢ, પાર્લા)

**પ્રાપ્તિસ્થલ :**
(૧) ૬૩, સ્વસ્તિક સોસાઈટી,
જથો રસ્તો, જુહુસ્કીમ, પાર્લે, મુમ્બઈ ૪૦૦૦૫૬.
(૨) અડૈલ, મહાપ્રભુશ્રીવલ્લભાચાર્ય માર્ગ, નયા શહર,
કિશનગઢ ૩૦૫૮૦૨.
(૩) શ્રીપુરુષોત્તમ પુષ્ટિમાર્ગીય પાઠશાળા,
ગો. શ્રીકિશોરચંદ્રજી શ્રીપુરુષોત્તમલાલજી મહારાજ,
મોટી હવેલી, પંચ હાટડી,
જુનાગઢ.
(૪) શ્રીગોવિંદભાઈ ગાંધી,
'વ્રજરજ', પોસ્ટ ઓફિસની બાજુમાં,
હાલોલ, જિ. પંચમહાલ

**પ્રતિ :** ૫૦૦૦.

**પ્રકાશનવર્ષ :** વિ.સં.૨૦૫૦.

**નિઃશુલ્કવિતરણાર્થ**
આર્થિક સહયોગ : **શ્રીમતી કે. ભાટિયા.**

મુદ્રક :

M/s. Ajanta Print Arts
Subhash Road,
Ville-Parle (East)
Bombay 400 057.

# સેવાનો સિદ્ધાંતશુધ્ધ પ્રકાર

— એક પ્રશ્નોત્તરી —

લેખક :

ગોસ્વામી શ્યામ મનોહર

***

# અભિપ્રાયામૃતાવલી

અમૃતલાલભાઈની પ્રશ્નાવલી કે તેના ઉત્તરો વાંચતા પહેલા
ભગવત્સેવાના સિધ્ધાંતશુધ્ધ પ્રકાર ઉપર
આ અભિપ્રાયામૃતાવલી વાંચી જવી
આવશ્યક
છે.

(૧)જો કટોરી (ગિરવિ) ધરિકે સામગ્રી આઈ સો તો ભોગ શ્રીઠાકુરજી આપ હી કે દ્રવ્યકો આરોગે સો આપ હી કો ભયો. જો શ્રીઠાકુરજીકો દ્રવ્ય ખાયગો સો મેરો નાહીં અરુ મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહૂં ન ખાયગો. જો ખાયગો સો મહાપતિત હોયગો. તાતે વા પ્રસાદમેંતે ભોજન કરિવેકો અપનો અધિકાર ન હતો; યાકેલિએ ગોઅનકોં ખવાયો અરુ શ્રીયમુનાજીમેં પધરાયો(યહ સુનિકે સબ વૈષ્ણવ ચુપ હોય રહે).

(શ્રીમહાપ્રભુ : ઘરુવાર્તા-૩).

(૨)ધન વિ.ની કામનાઓને પૂર્ણ કરવામાટે જે શાસ્ત્રવિહિત શ્રવણ-કીર્તન-અર્ચન વિ. કરવામાં આવતાં હોય તો તેવા અનુષ્ઠાનને કર્મમાર્ગીય જાણવું. વૃત્ત્યર્થ એટલે કે પોતાનું પેટિયું રળવામાટે જો શ્રવણ-કીર્તન-અર્ચન વિ. કરવામાં આવતાં હોય તો તેમને તો કૃષિની માફક 'લૌકિક કર્મ'જ કહેવા. જાજરૂ જઈને મલપ્રક્ષાલનાર્થ ગંગાજલ વાપરવા જેવું તે નિષિદ્ધ આચરણ છે; અને આવા દુષ્કૃત્યને કારણે પાપજ લાગતો હોય છે.

(શ્રીપ્રભુચરણ : ભક્તિહંસ).

(૩)અપને સેવ્ય સ્વરૂપકી સેવા આપુહી કરની. ઓર ઉત્સવાદિ સમય અનુસાર, અપને વિત્ત અનુસાર, વસ્ત્ર-આભૂષણ ભાંતિ-ભાંતિકે મનોરથ કરિ સામગ્રી કરની.

(શ્રીગોકુલનાથજી-ચતુર્થેશ : ૨૪ વચનામૃત).

(૪)જબ સંતદાસકો સગરો દ્રવ્ય ગયો તબ શ્રીઠાકુરજીકી સેવામે મંડાન શ્રીઠાકુરજીકે દ્રવ્યસોં રાખે ઓર શ્રીઠાકુરજીકે દ્રવ્યમેંતે ચોબીસ ટકા પૂંજી કરિ કોડી બેચતે. સો શ્રીઠાકુરજીકી પૂંજીમેંતે તો કાસિદકો દિયો ન જાઈ સો કમાઈકો ટકા દિયે. તબ ઈનકી મજૂરીકો રાજભોગ ન ભયો સો મહાપ્રસાદ હૂ ન લિયો. ટકાકે ચૂનકો ન્યારો ભોગ ધરતે સો રાજભોગ જાનતે=મહાપ્રસાદ લેતે; ઓર નિત્યકો નેગ બહોત શ્રીઠાકુરજીકે દ્રવ્યસોં હોતો. તાતે આપુની રાજભોગકી સેવા સિદ્ધ ન ભઈ (જાને). કાસિદકો દિયે સો નારાયણદાસકોં લિખે જો તુમ્હારી પ્રભુતાતેં એક દિન રાજભોગકો નાગા પર્યો જો મેરી સત્તાકો ભોગ ન ધર્યો! યા પ્રકાર સન્તદાસ વિવેકધૈર્યાશ્રયકો રૂપ દિખાયે. વિવેક યહ જો=શ્રીગુસાંઈજીકો હૂંડી પઠાઈ—આપુની સેવા ન ભઈ, રાજભોગકો નાગા, માને. ધૈર્ય યહ જો=શ્રીઠાકુરજીકે દ્રવ્યકો ખાનપાન ન કિયે. આશ્રય યહ જો=મનમેં આનંદ પાયે—દુ:ખકલેશ ન પાયે.

(શ્રીહરિરાયજી-દ્વિતીયેશ : ભાવપ્રકાશ.૮૪ વૈષ્ણવવાર્તા-૭૬).

(૫)પારિશ્રમિક તરીકે વિત્ત આપીને બીજા કોઈ પાસેથી સેવા કરાવવામાં આવતી હોય તો તેથી ચિત્તમાં અહંકાર વધે પણ ચિત્ત કદિ ભગવાનૂમાં ચોંટે નહીં. જો ભગવત્સેવા કરવામાટે બીજા પાસેથી પારિશ્રમિક ધન લેવામાં આવે તો ગોર-મહારાજને જેમ યજ્ઞયાગનું ફળ ન મળે પણ યજમાનનેજ મળે તેવી રીતે સેવાકર્તાની પણ ભગવત્સેવા નિષ્ફલ જાય. દક્ષિણા આપીને યજમાન, ગોર-મહારાજદ્વારા, જેમ યજ્ઞયાગ કરાવે તેમ ભગવત્સેવા (હાલમાં જેમ વૈષ્ણવો ભેટ-સામગ્રી-મનોરથો નોંધાવીને ગોસ્વામિ-મહારાજોદ્વારા કરાવે છે તેમ : અનુવાદક) કરાવી લેવામાં શો વાંધો? કર્મમાર્ગમાં વિહિત હોવાથી તેમ કરી શકાય છે. ભક્તિમાર્ગમાં, પરંતુ, તેવી વિધિ ઉપદેશાયેલી ન હોવાથી, આવી રીતે ધન આપીને ભગવત્સેવા કરાવી



લેવી નહીં. ભક્તિમાર્ગમાં તો ભગવદ્દુક્ત પ્રકારે (પોતાના તન-મન-ધનથી પોતાના ઘરે પોતાના પરિવારજનોના સહયોગથી) જ ભગવત્સેવા કરવી જોઈએ.

(સુરતસ્થ ૩/૨ ગૃહાધિપતિ શ્રીપુરુષોત્તમજી : સિદ્ધાં.મુક્તા.વિ-વૃ.પ્રકા.૨ ).

(૬)"અત્ર ગૃહસ્થાન-વિધાનેન, સ્વગૃહાધિષ્ઠિત-સ્વરૂપ-ભજન-પરિત્યાગેન અન્યત્ર તત્કરણે ભક્તિઃ ન ભવતિ, ઈતિ સૂચિતં ભવતિ : અહીંયાં સેવોપયોગી સ્થાન તરીકે ઘરનું વિધાન કરવામાં આવ્યું છે તેથી, જો પોતાના ઘરમાં બિરાજતા પ્રભુનું ભજન છોડીને બીજે કશે ભજન ( ભેટ-સામગ્રી-મનોરથ-ઝાંખીરૂપે ) કરવામાં આવે તો ભક્તિ થઈ ના કહેવાય".

(શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી : ભક્તિવર્ધિ.વ્યા.૨).

(૭)લૌકિક અર્થકી ઈચ્છા રાખિકે જો ભગવદ્ભજનમેં પ્રવૃત્ત હોય સો સર્વથા કલેશ પાવે હે. ઈતને કછૂ લાભકે લિયે પૂજાદિકમેં પ્રવૃત્ત હોય સો 'પાખંડી' ઓર 'દેવલક' કહ્યો જાય હે. તાસૂં લાભપૂજાર્થ સિવાય—જામેં નિષેધ નહીં હે એસી રીતસૂં "મેરો લૌકિક સિદ્ધ હોય" એસી ઈચ્છાસૂં જો ભજનમેં પ્રવૃત્ત ભયો હોય સો 'લોકાર્થી' કહ્યો જાય.

(શ્રીનૃસિંહલાલજી મહારાજ : સિદ્ધા.મુક્તા.ટી.શ્લો.૧૬-૧૭).

(૮)દ બ્લેસિંગ્સ ટુ શ્રીઉદયપુર દરબાર. બી ઈટ્ નૉન ધેટ્ આઈ હેવ એપોઈન્ટેડ્ એ કમીટી ઑફ પ્રોપર પર્સન્સ ફૉર ટેકિંગ એડ્વાઈસ ઈન્ દી ઈકોનોમિકલ્ એન્ડ પ્રોપ્રાટરિ મેનેજમેંટ્ ઑફ એસ્ટેટ્. વિથ્ રિગાર્ડ ટુ દ મેટર્સ ઑફ સેવા(સર્વિસ્) એટ્સેટ્રા દ વર્ક વિલ્ બિ ડન્ એકોર્ડિંગ ટુ ઓલ્ડ એન્ડ કન્ટિન્યુઅસ્ કસ્ટમ્સ. એન્ડ ઈફ્ દી ઓલ્ડ ટ્રેડીશન ઈસ્ નોટ્ વાયોલેટેડ્ એન્ડ દ

કમીટી વૉન્ટ્સ ટુ કેરિ આઉટ્ ઈમ્પ્રૂવમેન્ટ્સ્ દ સેમ વિલ્ બિ એક્સેપ્ટેડ્ એન્ડ દ મની ઑફ શ્રીઠાકુરજી, એસ્ ઈસ્ દ પ્રેક્ટિસ્ નાઉ, દેટ્ ઈસ્ નોટ્ સ્પેંટ્ ઈન્ અવર પ્રાઈવેટ્ એક્સ્પેંડીચર, દ સેમ વિલ્ બિ ફોલૉવ્ડ્. બટ્ દ પ્રોપ્રાઈટરિ રાઈટ્ ઈસ્ માય્ ઓન ફ્રોમ્ દ ટાઈમ્સ્ ઑફ એન્સેસ્ટર્સ. ઈન્ કન્ફર્મીટિ વિથ્ દ સેમ દી એન્ટ્રિ વિલ્ કન્ટિન્યુ એસ્ યુસ્વલ્ ઈન્ દી એકાઉન્ટ ઑફ ક્રેડિટ્ એન્ડ ડેબિટ્ એસ્ ઈસ્ દ કન્ટિન્યુઈંગ મ્યુટેશન્.

(શ્રીઉદયપુર દરબારને આશિર્વાદ. આથી જણાવવામાં આવે છે કે મેં સ્થાવર-જંગમ સંપત્તિના આર્થિક તથા માલિકીય વહિવટ અંગે, મને સલાહ આપવામાટે, યોગ્ય વ્યક્તિઓની એક સમિતિની નીમણૂક કરી છે. સેવા વિગેરે બાબતમાં પુરાતન તેમજ પ્રવર્તમાન પ્રણાલીના અનુસાર કાર્ય કરવામાં આવશે. તથા જો પુરાતન પરંપરાનો બાધ ન થતો હોય અને સમિતિ જો કોઈ સુધારાની ઈચ્છા રાખતી હોય તો તે સુધારાઓ સ્વીકારવામાં આવશે. તથા શ્રીઠાકુરજીનું દ્રવ્ય અમારા વ્યક્તિગત વપરાશમાં નહીં આવે, જેવી કે પરંપરા આજે પણ છે; અને તેને જાળવવામાં આવશે. તે છતાં પણ મારા વડવાઓના સમયથી ચાલ્યા આવતાં મારા માલિકીના હક્કો તેજ પ્રમાણે કાયમ રહેશે. આ મુજબજ જમા-ઉધારની નોંધો પણ તે-તે ખાતામાં ચાલુ રહેશે, જે મુજબ ચાલુ ખાતામાં હાલ નોંધાઈ રહ્યું છે).

(નિ.લી.ગોસ્વામિતિલકાયિત શ્રીગોવર્ધનલાલજી મહારાજ : ડેક્લેરેશન મિતિ — ભાદ્ર-શુક્લા પંચમી સં.૧૯૮૯ = તા.૫-૯-૧૯૩૨).

(૯)મહારાજને જે આવક વૈષ્ણવો વિગેરેમાંથી આવે તેમાથી ઘર-ખરચ તરીકે ઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. ઠાકોરજીનેમાટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી ખરચ ચલાવતા નથી. ઠાકોરજીના વૈભવનો,



ભોગનો, આભૂષણ-વસ્ત્ર વિગેરેનો ખરચો મહારાજ કરે છે. પોતાની આવકઉપર એ સરવે ખરચ કરે છે...ઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી...ઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે. મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ.

(નિ.લી. અમરેલીવાળા શ્રીવાગીશલાલજીના આમ-મુખત્યાર : ગાયકવાડી વડોદરા રાજ્યની કોર્ટમા જુબાની).

(૧૦)જેવી રીતે અમારા પૂર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈતસિદ્ધાન્ત સંપૂર્ણરીતે સમજીને વૈષ્ણવધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા; અને વચલા કાળમા, જે સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજ્જે છોડી દીધો છે, તેથી ઘણા ખરાં લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિનુંજ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.

(નિ.લી.શ્રીદેવકીનન્દનાચાર્યજી-પંચમેશ:'આશ્રય'એપ્રિલ૮૭).

(૧૧)વકીલ : જો પુષ્ટિમાર્ગીય, કોઈપણ, મંદિરમાં વૈષ્ણવો શ્રીઠાકુરજીની સેવા તેમજ નેગ-ભોગમાટે અને શ્રીઠાકુરજીની સેવાના નભાવમાટે ભેટ વિગેરે આપી, વિત્તજા સેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજા સેવા કરતા હોય તો તે મંદિર પુષ્ટિમાર્ગીય નથી એમ આપનું કહેવું છે ?

પૂ.પા.મહારાજશ્રી : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી સેવા કરે તો તે સાંપ્રદાયિક મંદિર ના કહેવાય.

(પૂ.પા.ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજ સુરતસ્થ ૩/૨ - ગૃહાધીશ : જુબાની, નડિયાદના કેસમાં).

(૧૨)...તેવીજ રીતે આપણે ત્યાં સન્મુખભેટ થાય છે તે પણ દેવદ્રવ્ય છે; અને તે સામગ્રીના કામમાં

નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રમાજી ના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખભેટ થાય તે કીર્તનિયો લઈ જાય છે. એ કીર્તનિયો મહાવનિયો હોય છે. તે વલ્લભકુલનો, યમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું...અમે શ્રીનાથજી અગાડી જે સન્મુખભેટ ધરીએ છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીએ છીએ છતાં તે અલંકારાદિકમાં વપરાય છે, સામગ્રીમાં નહિ. સન્મુખભેટ ધરવામાં ઘણો અનાચાર થાય છે...શ્રીઠાકોરજી-નિમિત્તે કાંઈ મંગાય નહીં કે કાંઈ અપાય નહીં. એ રીતે આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય બને...તે લેનારની બુદ્ધિ બગડયા વગર ન રહે.

નિ.લી.શ્રીરાણછોડલાલજી રાજનગર(વચનામૃત=૪૮૪-૮૭).

(૧૩/ક)વૈષ્ણવોની પાસે જે કાંઈ પરમ પદાર્થ છે, તેનું અસ્તિત્વ આજનાજ શુભ દિનને આભારી છે. કાળની ભીષણતા અને પરિસ્થિતિની વિષમતાના અત્યંત વિકટ યુગમાં શ્રીમત્પ્રભુચરણના દિવ્ય સિદ્ધાન્તોઉપર અટલ રહેવામાંજ જીવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ રહેલું છે. અન્યાશ્રયનો ત્યાગ એ ભાવનાઉપર જગતના જીવો દઢ રહે તો, જે વૈષ્ણવ હવેલીઓના વૈભવોને કારણે વૈષ્ણવો ઘરસેવા ભૂલી ગયા હતા, સંજોગવશાત્ તે હવેલીઓમાં શ્રીના દર્શન આજે બંધ થતાં વૈષ્ણવોના ઘર શ્રીઠાકુરજીની સેવાથી કિલ્લોલતા થશે. એ લાભ સંપ્રદાય અને સંપ્રદાયીઓ માટે નાનોસૂનો નથી. ઈશ્વરેચ્છા અકળ છે. મને શ્રદ્ધા છે કે આ આકરી કસોટીમાંથી આપણું સર્વનું શ્રેયજ સધનારૂં છે.

(૧૩/ખ)મેરે અનુયાયીઓંકો દો પ્રકારસે દીક્ષા દેતા હૂઁ. પ્રથમ કંઠી બાંધના તથા દૂસરી બ્રહ્મસમ્બન્ધદીક્ષા દેના. કંઠી બાઁધના સાધારણ વૈષ્ણવોંકો હી દી જાતી હૈ. તથા બ્રહ્મસમ્બન્ધ વિશેષરૂપસે ઉન અનુયાયીઓંકો જો સેવામેં વિશેષરૂપસે બઢના ચાહતે હૈં. પહેલી દીક્ષાકો 'શરણ-દીક્ષા' કહતે હૈં તથા દૂસરી દીક્ષાકો 'આત્મનિવેદન'



કહતે હૈં. શરણ દીક્ષામેં વૈષ્ણવ સિર્ફ નામસ્મરણ કરનેકા હી અધિકારી હૈ. તો સેવાવાલે વૈષ્ણવકો બ્રહ્મસમ્બન્ધદીક્ષા લેનેકે બાદ હી અધિકાર હોતા હૈ. બ્રહ્મસમ્બન્ધવાલા વૈષ્ણવ અપને ઘરમેં હી સેવાકા અધિકારી હોતા હૈ...હમ સ્વરૂપકી સેવા નન્દાલયકી ભાવનાસે કરતે હૈ. ઈસલિયે હમ સાતોંકે સાત પુત્રોંકે ઘર 'ઘર' હી કહલાતેં હૈં ઔર હમારા ઘર 'તીસરા-ઘર' કહલાતા હૈ ઔર હમારે ઘરકી સૃષ્ટિ 'તીસરે-ઘરકી-સૃષ્ટિ' કહલાતી હૈ.

(નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ તૃતીયેશ:૧૩/-ક:તા.૨૪-૧૨-૪૮ના દિને મુંબઈના વૈષ્ણવોની જાહેર સભામાં શ્રીમત્પ્રભુચરણના પ્રાકટ્યોત્સવપ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કરેલ વચનામૃત 'વૈશ્વાનર' અંક-૩૧ સન્-૪૮ :૧૩/ખ: બયાન મૂર્તિબા કાર્યા. સહા. કમિ. દેવસ્થાનવિભાગ ખંડ ઉદયપુર એવં કોટા બજરિયે કમિશન મુ.કાઁકરોલી. ફાઈલ સંખ્યા.૧-૪-૬૪. શ્રીદ્વારકાધીશમંદિર દિનાઁક ૭/૧૧/૬૫).

(૧૪/ક)આજ મુઝે અપને હૃદયકે ઉદ્ગાર કહને દો, મેરા હૃદય જલ રહા હૈ, મંદિરોમેં દ્રવ્યસંગ્રહકી પ્રવૃત્તિ માત્ર રહ ગઈ હૈ ઓર વહી અનર્થોંકી જડ હૈ. ઐસે મંદિરોકે અસ્તિત્વસે કોઈ લાભ નહીં. હમારા સંપ્રદાય સામુહિક નહીં વૈયક્તિક હૈ. સાર્વકાલિક તથા સાર્વદેશિક અવશ્ય હૈ પરંતુ સાર્વજનિક નહીં. "કરત કૃપા નિજ દૈવી જીવનપર" ઈસ ઉક્તિમેં 'નિજ' શબ્દકા પ્રયોગ કિયા ગયા હૈ. દૈવી જીવ કહીં ભી હો સકતે હૈં પરંતુ સાર્વજનિક રૂપસે નહીં. આજ હમ 'પુષ્ટિ'કા નામ લેનેકે ભી અધિકારી નહીં હૈં! હમારે મંદિર કહાં હૈં! આજકા હમારા જીવન ચાર્વાક-જીવન હો રહા હૈ. ક્યા હમ, આજ જિસ પ્રકારકા સંપ્રદાય હૈ, ઉસે જિવાના ચાહતે હૈં? યદિ સચ્ચે સંપ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર રખ્ખો...ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હી હોગી. આજકે ઈન મંદિરોસે કોઈ લાભ નહીં હૈ, ક્યોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી

પ્રધાનતા આગયી હે ઔર જહાં દ્રવ્ય ઈકઠ્ઠા હોતા હે વહીં અનર્થ હોતે હૈં. આજ સંપ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હે.
(નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી-મહારાજ મુંબઈ-મદ્રાસ:વલ્લભ-વિજ્ઞાન સં.૫-૬ વર્ષ ૧૯૬૫).

(૧૪/ખ)હમ શ્રીવલ્લભાચાર્યજીકી આજ્ઞાકા પાલન કહાં કર રહે હૈં? હમારે યહાં ગૃહસેવા કહાં હે? કેવલ મંદિરોંકે દર્શનોંસે ક્યા લાભ હે? શ્રીમહાપ્રભુજીકી આજ્ઞા હે "કૃષ્ણસેવા સદા કાર્યા". યદિ શ્રીમહાપ્રભુજી મંદિરકો મુખ્ય માનતે તો અપની તીન પરિક્રમાઓંમેં અનેક મંદિર સ્થાપિત કર દેતે. શ્રીગુસાંઈજીને શ્રીગિરધરજીકો સાતસ્વરૂપકા મનોરથ કરતે સમય ઈસી પ્રકારકી ચેતાવની દી થી. મન્દિરસ્થાપન કરતે સમય ઉનકો ડર થા કિ ઘરમેંસે ઠાકુરજી મન્દિરમેં પધાર જાએંગે. મેરે પિતાજીને કલ (ઉપર ટંકેલ '૧૪/ક'માં વચનમાં) જો કહા વહ અક્ષરશઃ સત્ય હે. તુમ અપને ઘરોંમે ઠાકુરજીકો પધરાઓ ઔર સેવા કરો.

(૧૪/ગ)પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં ટ્રસ્ટ ખરૂં ઉતરતું નથી. શ્રીઆચાર્યચરણે દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા કરી છે કે "ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ"(ભક્તિવર્ધિની.) અર્થાત્...ગૃહમાં રહીને સ્વધર્માચરણ કરવું. ગોસ્વામિબાલકો પણ આચાર્ય હોવાથી વૈષ્ણવ પણ છે. એટલે આચાર્યશ્રીની ઉપરોક્ત આજ્ઞા પાલન કરવાની તેમની પણ ફરજ છે...માટે મારું માનવું તો આજ છે કે આચાર્યચરણનાં સિદ્ધાંતપ્રમાણે વૈષ્ણવો પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવા કરે અને ધર્મગ્રન્થોનું વાંચન કરે, નહિ કે મન્દિરોમાં જઈને...ટ્રસ્ટ એ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં બંધ બેસતું નથી બલ્કે આપણી પ્રણાલીનો ભંગ કરે છે.
(દહીસરમાં શ્રીગોવર્ધનનાથ-હવેલીટ્રસ્ટના સંસ્થાપક પૂ.પા.-ગો.શ્રીવ્રજાધીશજી મહારાજ:૧૪/ખ: 'વલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫—૧૪/ગ: 'નવપ્રકાશ' અંક ૮ વર્ષ ૮).



(૧૫/ક)ઔર જબ જનરલ પબ્લિક-ટ્રસ્ટ હે, તબ ઠાકુરજીકો ગોસ્વામી-સંબંધસે પૃથક્ કર, ઠાકુરજીકો સબ સંપત્તિ અર્પણ કર, અર્થાત્ ભેટ કરકે, રિલીજિયસ એંડૉમેંટ કે રૂપમેં હુએ વહ ટ્રસ્ટ હૈં. એસી અવસ્થામેં ઈન ટ્રસ્ટોંસે જો નેગ-ભોગ ચલાયા જાતા હે વહ દેવદ્રવ્યસે ચલાયા જાતા હે. દેવદ્રવ્યકા ઉપભોગ કરનેવાલે અંતમેં દેવલક હી હૈં. શ્રીમદાચાર્યચરણને પ્રભુકી સોનેકી કટોરી ગિરવી રખ કર જબ ભોગ અરોગાયા તબ આપને ઉક્ત દ્રવ્યસે સમર્પિત સબકા સબ પ્રસાદ ગાયોંકો દિયા. યહ હે સામ્પ્રદાયિક સિદ્ધાન્ત. ઈસ પ્રકારકે આદર્શરૂપ સિદ્ધાન્તોંકા જિસ પ્રથાસે વિનાશ હો કર આચાર્યોંકો દેવલક બનાયા જાય, ઉસ પ્રથાકો જિતની શીઘ્ર સમ્પ્રદાયસે હટા દી જાય ઉતના હી શ્રેય ઈસમેં ગોસ્વામિ-સમાજ તથા વૈષ્ણવ-સમાજ કા નિહિત હે.

(૧૫/ખ)ભગવત્સેવા સંપ્રદાયકી આત્મરૂપ પ્રવૃત્તિ હે. આચાર સેવાકા અંગ હે સેવાકી અનુકૂલતાકે અનુરૂપ હી આચારકા પાલન કિયા જાના ચાહિયે. આચાર-પાલનકો પ્રમુખતા દે કર ભગવત્સેવાકા ત્યાગ ઉચિત નહીં હે. ભગવત્સેવા જૈસે ભી બને કરો...ગુરુઘરોંમેં મત ભેજો...યદિ હમ ભગવદ્દ્રવ્યકો પેટમેં ડાલેંગે તો વહ અપરાધ હે. ગ્રન્થોંકે અધ્યયનકે પ્રતિ હમેં સમાજકો આકર્ષિત કરના ચાહિયે.
(નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી મહારાજ મુંબઈ-કિશનગઢ: ૧૪/ક: 'આચાર્યોચ્છેદક ટ્રસ્ટ-પ્રથાસે પુજારીપનકી સ્થાપના ઘોર સિદ્ધાન્તહાનિ એવં ઘોર સ્વરૂપચ્યુતિ'લેખ પૃષ્ઠ ૭.— ૧૪/ખ: 'શ્રીવલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫).

(૧૬/ક)જેમ સ્વરૂપસેવા સ્વાર્થબુદ્ધિથી અને લૌકિક કાર્ય સમજીને ન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તે પ્રમાણે નામસેવા પણ વૃત્તિ અર્થે ન કરવી એવી આજ્ઞા

શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં કરે છે...વૃત્તિ અર્થે સેવા કરવાથી પ્રત્યવાય (દોષ)લાગે. જેમ ગંગા-જમુનાજળનો ઉપયોગ ગુદાપ્રક્ષાલનાર્થ ન થાય, તેમ સેવાનો ઉપયોગ પણ વૃત્યર્થ ન કરાય.

(૧૬/ખ)તન અને વિત્ત જો પ્રભુમાં વપરાય તો મન પ્રભુમાં જરૂર લાગે છે. માટેજ શ્રીવલ્લભે ઉપદેશ કર્યો છે કે ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''. માનસી જે પરા છે તેને સિદ્ધ કરવા તનુ-વિત્તજા સેવા જરૂરી છે. તન અને વિત્ત બન્ને ક્યાંય એક સ્થળે લગાડો તો ચિત્ત તેમાં રાત-દિવસ રહે છે. દલાલનો વ્યવસાય કરનાર વ્યવસાયમાં કેવલ તનથી શ્રમ કરે છે પણ તેમાં વિત્ત પોતાનું જરાય લાગતું નથી. આથી જો બજારભાવ વધે કે ઘટે તો તેનાથી તેને મનથી ચિંતા થતી નથી...અને છોકરાનો પિતા એકલી વિત્તજા તરીકે ટ્યુશન ફી આપીને સમજે છે કે છોકરો પાસ થવાનોજ છે. આ ત્રણેને ફલ પ્રાપ્તિ નહીં થાય કારણકે તનુજા-વિત્તજા બન્ને લાગતા નથી. હવે તનુવિત્તજા બન્ને લગાડે તો ચિત્ત પરોવવાના દાખલા જોઈએ : એક દુકાનદાર દુકાન અને માલ ની ખરીદીમાં મૂડી લગાડી વેપાર શરૂ કરી અને સવારથી રાત સુધી હાજરી આપી તન પણ વેપારમાં લગાડે છે તો તેથી રાત-દિવસ દુકાન અને વેપાર ના જ વિચારો આવે છે:કેમ વેપાર સારો થાય, કેમ વધે...માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુમાં આસક્તિ સિદ્ધ થવામાટે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા બતાવી છે કે તેણે તનુ-વિત્તની સેવા ભાવપૂર્વક કરવી.

(પૂ.પા.ગો. શ્રીગોવિંદરાયજી મહારાજ પોરબન્દર : ૧૬/ક : સુધાધારા ૧૧૪. —૧૬/ખ : સુધાબિન્દુ ૭૩).

(૧૭)વલ્લભમતમેં યહ સિદ્ધાંતતઃ ગલત હે ઓર ઐસે દેવસ્થાનોંકે ચઢાવેકા પ્રસાદ ભી ખાયા નહીં જા સકતા હે, ક્યોંકિ વહાં દેવલકત્વ હી પ્રધાન હે. આજકે યુગકો દેખતે હુએ જહાં ન્યાસ કરના આવશ્યક હે વહાં



ઉપર્યુક્ત સિદ્ધાન્તોંકો ધ્યાનમેં રખ કર હી ન્યાસ કરના આવશ્યક હે, જિસસે દેવલકવૃત્તિસે બચા જા સકે. યદિ ઐસી વ્યવસ્થા નહીં કી જાતી તો દેવદ્રવ્ય હોતા હે, જિસકા સેવન કરનેસે આચાર્ય સ્પષ્ટ કહતે હૈં કિ નર્કપાત હોગા.

(નિ.લી.ગો.શ્રીરણછોડાચાર્યજી પ્રથમેશ : હ.ધ.સ્થિ.વ. સ્વ. એવં.ભ.વ્ય.હે. પ્રતિવેદન).

(૧૮)ક્યોંકિ શ્રીનાથજી સ્વયં ઉસકે ભોક્તા હૈં કિન્તુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ ભી ઉસકે મહાપ્રસાદ લેને તકકે અધિકારી નહીં હે. યહ આચાર્યચરણકે ઈતિહાસસે પ્રત્યક્ષ પ્રમાણભૂત હે. ઉસકે મહાપ્રસાદ લેનેકા કેવલ ગાયકો હી અધિકાર હે. અન્યથા ઉસ દેવદ્રવ્યકે ઉપભોગ કરનેસે નિશ્ચય હી અધઃપતન હે...સબ પ્રકારકે દાન ચઢાવોં વ વસૂલ વસૂલી કરનેકા ઉલ્લેખ કિયા ગયા હે, વહ ભી સંપ્રદાયકે સિદ્ધાંતસે નિતાંત વિરુદ્ધ હે. હમારે સંપ્રદાયકી પ્રણાલીકે અનુસાર જો હમારે સંપ્રદાયકે સેવક હૈં, ઉનકા હી દ્રવ્ય ગુરુ-શિષ્યકે સંબંધસે લેકર સેવામેં ઉપયોગ કરાયા જા સકતા હે. સંપ્રદાયમેં સબ પ્રકારકે દાન-ચઢાવેકા ઉપયોગ સેવામેં નહીં કિયા જાતા હે. ઔર કદાચિત્ કહીં કિયા જાતા હો તો વહ સંપ્રદાયકે નિયમોંસે વિરુદ્ધ હોનેકે કારણ બંદ કર દેના ચાહિયે.

(પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી-સપ્તમેશ : શ્રીનાથદ્વારા ઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી આલોચના તા. ૧-૨-૫૬).

(૧૯/ક)પ્રશ્ન : દેવદ્રવ્ય કોને કહેવાય ? દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય. દેવને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઈ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. તે જ પ્રકારે ગુરુને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય 'ગુરુદ્રવ્ય' કહેવાય. પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય...આ પ્રકારનાં મંદિરોમાં તો સન્મુખમાં ભેટ ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફિસમાં આવતું

દ્રવ્ય તેને સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીનેજ વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલોજ છે.

(૧૯/ખ)મંદિરના સ્થળ ફેરફાર અંગે શ્રી ગો.પૂ.૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક મંદિરની પરંપરાજ નથી. એમા વ્યક્તિગત સ્વરૂપ, નિજી સ્વરૂપ, ની જ વાત છે. અને તેથી તેનો સેવાપ્રકાર દેવાલયપ્રકારનો નથી. મંદિરની બાંધણી પણ ઘર જેવીજ થાય છે. ક્યાંય ધ્વજ-ઘુમ્મટ હોતા નથી. વૈષ્ણવો પણ ઘરમાં સેવા કરે છે, તેને 'મંદિર'જ કહે છે...
('સેવા-દેવદ્રવ્ય-વિમર્શ' ગ્રંથના સહલેખક પૂ.પા.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય સૂરત:૧૯/ક:વૈ.વા.અંક.૩.વર્ષ.માર્ચ ૧૯૮૩—'ગુજરાત સમાચાર' અંક ૨૫-૫-૮૩માંથી સાભાર).

(૨૦)...બ્રહ્મસંબન્ધ લે કર સેવા કરનેસે પ્રત્યેક ઈન્દ્રિયોંકા ભગવાન્‌મેં વિનિયોગ હોતા હૈ...મન્દિર-ગુરુઘર કેવલ ઉપદેશ ગ્રહણ કરનેકેલિયે હૈં. સેવા હમેં અપને ઘરોંમે કરની હૈ.
(પૂ.પા.ગો.શ્રીમથુરેશ્વરજી સંસ્થાપક-શ્રીગોવર્ધનનાથજી મંદિર, હોલિવુડ્, એન્.વાય્ અમેરિકા.:વલ્લ.વિજ્ઞા. અંક૫-૬ વર્ષ૧૯૬૫).

(૨૧)પ્રશ્ન:આપણા સંપ્રદાયમાં મંદિરને 'મંદિર' ન કહેતાં 'હવેલી' શામાટે કહેવામા આવે છે? ઉત્તર:સામાન્યરીતે ઈતર હિંદુ સંપ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં



જે પ્રભુ આપણા માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ-સ્વરૂપ અને તેમની સેવા દરેકના વ્યક્તિગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. પોતાના શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય જીવનું એકમાત્ર પોતાની ફરજ બની જતું પોતાનુંજ ધર્માચરણ છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામુહિક જીવનનો વિષય નહિ પણ વ્યક્તિગત જીવનનો વિષય છે. જેમ લોકમાં પત્ની અથવા માતા નો પતિ અથવા પુત્ર ની સેવાનો કે વાત્સલ્ય આપવાનો તેનો વ્યક્તિગત ધર્મ ફરજ અને અધિકાર હોય છે, તે જ પ્રમાણે જે સેવકનું જે સેવ્ય સ્વરૂપ હોય તે સેવ્યની સેવાનો તેનો વ્યક્તિગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી તે આપણા જીવનની આપણા નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે...માટે ઈતર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તે વપરાય છે. હકીકતમાં સામુહિક દર્શન કે સેવા જ્યાં થતી હોય તેવા અન્યમાર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી.
('સેવા-દેવદ્રવ્ય-વિમર્શ'ગ્રંથલેખક અ.સો.વા.ગો.પૂ.પા.શ્રીવલ્લભરાયજી સુરત:પુષ્ટિ.શીત.છાંય. પાનાં નં ૧૫૭-૧૫૮).

(૨૨)શ્રીમહાપ્રભુએ જુદા-જુદા મંદિરોની પ્રણાલી ઊભી કરી નથી; પણ એમાં જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યનો એક લાંબો દૃષ્ટિકોણ હતો:પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઈએ...એક મંદિરની બાજુમાં એક બહેન રહે. એમને ત્યાં ઠાકોરજી બિરાજે. મંદિરની આરતીના ઘંટા એમને સંભળાય. સેવા કરતા બેઠેલી એ બહેન ઠાકોરજીના વસ્ત્રો કાઢી સ્નાન કરાવતી હતી ત્યાં આરતીના ઘંટા પડ્યા. પેલી ઠાકોરજીને પડતા મુકીને મંદિરે દોડી. થોડી વારે ઘેર આવી. હવે વિચાર કરો, આવી રીતે કોઈ સેવા કરે તો એમાં સેવાનો આનંદ આવે ખરો? અહીં

તો પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય છે.
(શ્રીમદ્ભાગવતતત્ત્વમર્મજ્ઞા પૂ.પા. સુશ્રી ઈન્દિરા બેટીજી : વૈ.-પ.અંક જૂન ૯૦).

(૨૩)"અતિ ધન્યવાદાર્હ હૈ કિ આપને ઈતની મેહનત કરકે સમ્પ્રદાયકે સિદ્ધાન્તનકૂં કોર્ટમેં સમઝાયે"— "હમારા ઈસમેં પૂરા સહયોગ હોગા, તનમનધનસે...હમારે સભી ચિ.બાલક ઈસ કાર્યમેં સહયોગ કરનેકો તૈયાર હૈં" (પુરસ્કૃતદેવલકતાભિનંદિત ચિ.હરિરાયજીના સિદ્ધાંતનિષ્ઠ પિતૃચરણ નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ : મને મોકલાવેલ તા.૨૬-૧૦-૮૬ અને ૭-૧૧-૮૬ ના પત્રોમાં).

॥સકલાન્તરાત્મા શ્રીહરિઃ પ્રસન્નો ભવતુ॥

## 'નવપ્રકાશ' માસિકમાં પ્રકાશન સમયે લખેલ પ્રસ્તાવના

આજે પુષ્ટિમાર્ગમાં સિદ્ધાંતશુદ્ધ સેવાના પ્રકારની બાબતમાં ઘણા મતભેદો પ્રવર્તી રહ્યા છે. આ લેખમાળા શરુ કરવાનો મૂલ હેતુ એજ કે કોઈ પણ રીતે આપણા પુષ્ટિમાર્ગીયોમાં મુમૂર્ષુ બનેલી પુષ્ટિમાર્ગીય અસ્મિતામાં ફરીથી જિજીવિષા જાગે; અને આપણે બધાજ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય, પ્રભુચરણ શ્રીગોપીનાથજી-શ્રીવિટ્ઠલનાથજી અને શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી વિગેરે સ્વસિદ્ધાંતસ્થાપકો અને સ્વસિદ્ધાંતવ્યાખ્યાતાઓના મુખારવિંદ કે લેખિની થી નિઃસૃત વચનોમુજબ સ્વમાર્ગમાં નિષ્ઠાશીલ બની, સ્વમાર્ગઉપર ચાલીએ. શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે "તસ્માત્ શ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદન્યથા રૂપયન્તિ ભ્રાન્તા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાન્ધન્તમોગાઃ" તેમુજબ જે પુષ્ટિમાર્ગીય છે તે તો શ્રીમહાપ્રભુના વચનોથી વિરુદ્ધ વાત કે વર્તન કરી શકતોજ નથી. તેમજ તેવી વિરુદ્ધ માન્યતા રાખનારાઓને જો દૈવી જીવ ન માની શકાતાં હોય તો પુષ્ટિમાર્ગીય તો કેવી રીતે? તેથી આ લેખમાળાના કોઈ પણ મુદ્દાની સાચા કે ખોટા હોવાની કસોટી શ્રીમહાપ્રભુ-શ્રીગોપીનાથજી-શ્રીગુસાંઈજીના વચનોથી કોઈ વાત વિરુદ્ધ છે કે અવિરુદ્ધ એટલીજ હોઈ શકે છે. આ



પ્રશ્નો એક વૈષ્ણવભાઈએ મારી સામે રજૂ કર્યા. જોકે પ્રશ્નકર્તાભાઈને હું પ્રત્યક્ષરીતે ઓળખતો નથી પણ પ્રશ્નકર્તાભાઈ જે કોઈ હોય; તેમણે જે ખંતથી પ્રશ્નો રજૂ કર્યા છે તે અતિશય અભિનન્દનીય છે. તેઓએ જેની સામે રજૂ કર્યા તે ભાઈ મારી સામે આ પ્રશ્નાવલી લાવ્યા એટલે જે ક્રમથી પ્રશ્નો પૂછાયા છે તે જ ક્રમથી ઉત્તર આપી રહ્યો છું. પ્રશ્નો લગભગ સાઈઠ-સિત્તેરની આસપાસ છે, તેથી યથોચિત બે કે ચાર પ્રશ્નોને હું આ લેખમાળાની કડિઓના રૂપે આપતો જઈશ.'આ પ્રશ્નોત્તરોને પ્રકાશિત કરવા પોતાની રજામંદી દર્શાવનાર શ્રીરસિકરાયજીનો હૃદયથી આભાર વ્યક્ત કરું છું.

ગોસ્વામી શ્યામ મનોહર

તા.ક.

આ પ્રશ્નોત્તરી હવે જ્યારે ગ્રંથાકારે પણ પ્રકાશિત થઈ રહી છે, ત્યારે એક ખુલાસો કરવો ઓર જરૂરી જણાય છે. તે આ કે તે-તે પ્રશ્નોના જુદા-જુદા મૂડ મુજબ આપવામાં આવેલ યથાસંભવ જવાબોની ભાષા ભાવ કે સૂરો પણ પાઠકોને બદલાતા લાગશે; પરંતુ જે કાંઈ કઠોરતા રૂક્ષતા અથવા કટુશબ્દો વપરાઈ ગયા છે, તે તે-તે પ્રશ્નોની સમક્ષ આરસીસમા ઉત્તરો આપી દેવાની મારી વૈચારિક ટેવ કે કુટેવ ને આભારી છે. મારાઉપર વિશ્વાસ રાખી શકનારા સહાનુભૂતિશીલ દરેક પાઠકોને એક વાત હું ભારપૂર્વક જણાવવા માંગું છું : મૂલપ્રશ્નકર્તા ભાઈનામાટે આ પ્રશ્નોત્તરીમાં પ્રકટ થયેલી ઉચિત કે અનુચિત કટુભાષા મારા હૃદયમાં રહેલ તેમના પ્રત્યેના કોઈ પણ જાતના વ્યક્તિગત કટુભાવોના પ્રતિબિંબ પ્રકટ કરનારી ન માની લેવી જોઈએ. તેમજ આ મૂળ પ્રશ્નોના સમાધાન કરતી વખતે, મેં પોતે સંકેળી લીધેલા, બીજા અનેકાનેક મહાનુભાવોના પ્રશ્ન-આક્ષેપ-અપશબ્દપ્રયોગોના પણ આરસીસમા, સમાધાનોમાં પ્રકટ થયેલી ઉચિત કે અનુચિત કટુભાષા મારા હૃદયમાં રહેલ કોઈ પણ જાતના વ્યક્તિગત કટુભાવોના પ્રતિબિંબ પ્રકટ કરનારી નથી. તો પછી આવી કટુભાષાની આવશ્યકતા કેમ પડી? ઉત્તરરૂપે ઘણા કારણો ગણાવી શકાય છે :(૧)તે પ્રશ્નોથી પ્રકટ થતી વૈચારિક ધારણાઓ કેવા અપસિદ્ધાંત છે, તેના ભાસ અને ભાવ પ્રશ્નકર્તાની બુદ્ધિ અને હૃદય માં સીધા ખૂંચીજ જાય! (૨) શ્રીમહાપ્રભુના સાચા

સિદ્ધાંતો સાથે ખોટી સંતાકૂકડી રમનારાઓને પકડી પાડીને, દાવ તેમનાં માંથે ચઢાવી શકાય. (૩) ૦.૧% પણ જો મારી રજુઆત ખોટી હોય તો નિષ્ઠાવાન વિચારકોના ખમીર ખદબદી ઉઠે! અને મને ખોટો પુરવાર કરે!! (૪) તે-તે પ્રશ્ન કે આક્ષેપ કરનારાઓના પ્રશ્ન કે આક્ષેપ માં જે-જે હૃદ્ગત ભાવો ઝલકતાં મને અનુભવાયાં, તેમની સામે એવી આરસી પધરાવી દેવી કે જેથી તેઓ પોત-પોતાના તે-તે ભાવોના પ્રતિબિંબો નિહાળી શકાય! એમ કરતાં મારી શાલીનતાના પ્લાસ્ટર ખરી જતાં દેખાય તો વાંધો નહીં; પણ આપણા દિવ્ય પુષ્ટિસંપ્રદાયના ભવનની દીવાલોઉપર જામેલી અપસિદ્ધાંતોની કાઈ તો કોઈ પણ ભોગે કાઢીજ નાખવી જોઈએ!

તે શિવાય અભિપ્રાયામૃતાવલીમાં પોતે કે પોતાના વડીલોએ પ્રકટ કરેલ વિધાનો, આજે ભૂતલઉપર બિરાજતાં કેટલાક પૂ.પા.ગો.બાળકોને પોતાના ક્ષુદ્રક આર્થિક હિતોથી, વિરુદ્ધ જતા લાગતા હોય તો હું લાચાર છું કે તેવા કષ્ટદાયી વિધાનોને પ્રકટ કરી દેવાની ક્ષમાયાચના કરવા હું બંધાયેલો નથી! કારણ એકજ કે જે મહાનુભાવોના અંગત હિતો શ્રીમહાપ્રભુના સિદ્ધાંતો કે આદર્શો થી બંધાયેલા ન હોય, તેમને શું સારૂં લાગે છે કે શેનું માઠું લાગે છે, તેની દરકાર જેમ મને આજે નથી, તેમ ભવિષ્યમાં પણ ક્યારેય ન થાય, તેવી શ્રીમહાપ્રભુ અને શ્રીપુષ્ટિપ્રભુ ના શ્રીચરણોમાં અભ્યર્થના!

સાથોસાથ આ પ્રશ્નોત્તરીના ગ્રંથાકારે પ્રકાશનના પ્રસંગે, શ્રીઅમિતભાઈએ અને શ્રીમનીષભાઈએ લીધેલ સોત્સાહ શ્રમને પ્રત્યે મારી હાર્દિક કૃતજ્ઞતા અભિવ્યક્ત કરૂં છું.

મુંબઈ:વસંતપચંમી,૨૦૪૯. ગોસ્વામી શ્યામ મનોહર



# ભગવત્સેવાનો સિદ્ધાંતશુધ્ધ પ્રકાર : એક પ્રશ્નોત્તરી

પ્રશ્નકર્તા :
શ્રીઅમૃતલાલ વ્યાસ
(હિંમતનગર).

ઉત્તરદાતા :
ગોસ્વામી શ્યામ મનોહર
(પાર્લા-કિશનગઢ)

## પ્રશ્ન (૧)

**સત્સંગ તે રેડિયો છે અને મંદિર તે ટી.વી. છે. ટી.વી. જોવાથી મનમાં વાત ઠસી જાય છે. રેડિયો સાંભળવાથી ૫૦% વાત સમજાય છે. ટી.વી.માં જોવાય છે અને સંભળાય છે; દશ્ય અને શ્રાવ્ય બન્નેની સુવિધા છે. મંદિરમાં સત્સંગ અને દર્શન બન્નેનો લાભ મળે છે, તેથી મંદિર વધુ શ્રેષ્ઠ છે.**

## ઉત્તર (૧)

હાલમાં ટાઈમ્સ ઑફ ઈન્ડિયા (મુંબઈ સંસ્કરણ તા. ત્રીજી ફેબ્રુઆરી' ૮૯) માં પી.ટી.આઈ.ના એક સમાચાર છપાયા છે—"ઈટ ઈઝ ઑફીશિઅલી ઍક્સૅપ્ટૅડ ઈન દ યુ.એસ. ધેટ ટૂ મચ ટૅલિવિઝન મૅક્સ જેક ઍન્ડ જીલ ડલ ઍટ સ્કૂલ એન્ડ ઈટ ઈઝ મેજર પ્રોબ્લૅમ ફૉર અમેરિકા..." એટલે કે સત્તાવાર રીતે હવે આ વાત સ્વીકારવામાં આવી રહી છે કે ટી.વી.ના વધુ પડતા ઉપયોગને કારણે ત્યાંના બાળકોમાં વિદ્યાભ્યાસની રુચિ શિથિલ થતી જાય છે; અને આ અમેરિકામાટે એક મોટી

સમસ્યા બની ગઈ છે. આ-જ સમાચારમાં આગળ જતાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે ત્યાંની ગોરી પ્રજાના બાળકોનું બૌધ્ધિક સ્તર આ કારણે કથળી રહ્યું છે.

આ એક હકીકત ડોબાઓના ડબલાં (‘ ઈડીયટ બોક્સ ’- ટી.વી.માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ ) ની બાબતમાંજ સાચી છે એવું નથી; પણ જે કાંઈ વસ્તુ માણસને ફક્ત નિષ્ક્રિય દ્દષ્ટા બનાવતી હોય, તેવી દરેક વાતઉપર લાગુ થાય છે. ડોબાનું ડબલું (ટી.વી. ) હવે તો જુના જમાનાની વાત થવા જઈ રહ્યું છે, નવું તો વીડિઓ છે. તેથી પોતાના સમયમુજબ ચાલતા ડોબાના ડબલા કરતાં જો વીડિઓ વસાવવામાં આવે તો આપણે આપણી સગવડમુજબ જ્યારે દ્રશ્ય-શ્રાવ્ય બન્નેનો આનંદ લેવા માગતા હોઈશું ત્યારે લઈ શકાશે. મંદિરે જવા-આવવામાં તો કેટલો કિંમતી સમય નાહક વેડફાઈ જતો હશે! તેના કરતાં આખા વરસની શ્રીનાથજી કે તેમજ ‘પ્રથમનિધિ’-‘દ્વિતીયનિધિ’- ‘તૃતીયનિધિ’ વિગેરે નિધિઓની બાર મહિનાના વર્ષોત્સવની સેવાની કેસેટ ઉતરાવી લીધી હોય તો દ્રશ્ય-શ્રાવ્યજ ફક્ત નહિ પણ બહોળા પ્રમાણમાં તે-તે મુખ્ય નિધિસ્વરૂપો અને તેમની સેવાના દર્શનોનો લાભ પણ ભારતના ખૂણે-ખૂણામાં વસતા બધાજ વૈષ્ણવોને મળી શકે એમ છે. એક વખત ઉત્પાદનમાં મૂડીનું રોકાણ કદાચ વધુ લાગે; પણ સરવાળે હાલમાં ચાલતા મંદિરો કરતાં વધારે સસ્તા અને વધારે જનતાને વ્યાપક સંતોષકારક નિવડી શકે એમ છે.

એટલે મંદિરમાં તો અપરસના ઝઘડાને કારણે શ્રીઠાકોરજીના સ્વરૂપ પાસે જઈ શકાતું નથી; પણ વીડિઓ કેમેરામાં તો ટેલીફોટો લેંસ કે ઝૂમ લેંસની સગવડને કારણે શ્રીજીના સ્વરૂપની જેટલી નજદીક પહોંચી શકાય છે, તે તો હાલના મંદિરોમાં સર્વથા અશક્યજ છે. એટલે મંદિરોમાં થતા ભગતીના દ્રશ્ય-શ્રાવ્યના લાભના વિચારે તો વીડિઓથી મળતા દ્રશ્ય-શ્રાવ્યના લાભને આપણે વધારે



આધુનિક, વધારે વ્યવહારુ અને વ્યાપકરૂપે અસરકારક માની શકીએ છીએ. આના ઉદાહરણરૂપે હાલમાં સ્વાધ્યાય-આંદોલનમાં વીડિઓના વપરાશની મહત્તાનો અનુભવ કોને નથી? તેમજ શ્રીમુરારીબાપુની પણ રામાયણની આધુનિક જનતામાં પડેલી ઊંડી છાપને પણ ઉદાહરણ તરીકે ટાંકી શકાય છે.

આ તો દશ્ય-શ્રાવ્યના મુદ્દાને દષ્ટિમાં રાખીને વિચારીએ તેની વાત થઈ. અન્યથા હું તો એમજ માનું કે પાડોશીની બારીમાં ઝાંકતા રહેવાની પીડા કરતાં પરણી જવું વધારે શ્રેષ્ઠ હોય છે.

શ્રીમહાપ્રભુએ તો સ્પષ્ટ વિધાન કર્યું છે—

કૃષ્ણસેવા સદા કાર્યા

( સિદ્ધાંતમુક્તાવલી ).

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ

( ચતુશ્લોકી ).

બીજ-દાર્ઢ્ય-પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા...ભજેત્ કૃષ્ણમ્

( ભક્તિવર્ધિની ).

સેવા કર્યા વિના સેવાના ફક્ત દર્શનનું વિધાન ક્યાંય પણ મળતું નથી. જેમકે ‘‘કૃષ્ણસેવા સદા દર્શનીયા’’ અથવા ‘‘કૃષ્ણસેવા તુ દ્રષ્ટવ્યા’’ અથવા ‘‘ સર્વદા સર્વભાવેન દર્શનીયો વ્રજાધિપઃ’’ અથવા ‘‘બીજ-દાર્ઢ્ય-પ્રકારસ્તુ કૃષ્ણં પશ્યેત્તુ મંદિરે’’ ક્યાંય પણ કહેવાયું નથી.

બાકી રહી વાત સત્સંગની, તો મંદિરોમાં જે દર્શનાર્થિઓ જાય છે તેમાં કેટલા ટકાને સત્સંગનો લાભ મળી રહ્યો છે? મોટે ભાગે દસ કે બાર ડોસા-ડોસિઓ ઝોકાં ખાતાં-ખાતાં શયનના દર્શન પછી સત્સંગ કરતાં હોય છે. એટલે મોટા ભાગનાં દર્શનાર્થિઓને ૫૦% દશ્યનો લાભજ ફક્ત મળતો હોય છે, પૂરેપૂરો સોએ સો ટકા તો નહિજ. ભવિષ્યમાં તેવા મંદિરો કે વૈષ્ણવો તૈયાર થાય તેવી દલીલ આજની તારીખમાં અપ્રાસંગિકજ ગણાય. તેવો ૫૦% નો લાભ તો ફક્ત સત્સંગહૉલથી પણ મળીજ શકે છે.

## પ્રશ્ન (૨)+

**(૨/ક) શ્રીઠાકોરજીના દર્શન વગર કોઈ જીવને પરમાનંદની અનુભૂતિ થતી નથી,**
**(૨/ખ) જેથી મંદિરનો વિચાર શ્રેષ્ઠ છે.**

### ઉત્તર (૨)

(૨/ક) પ્રશ્નભાગમાં સર્વપ્રથમ કહેવામાં આવ્યું છે કે શ્રીઠાકોરજીના દર્શન વગર કોઈ જીવને પરમાનંદની અનુભૂતિ થતી નથી.

તો શું શ્રીમહાપ્રભુના સિદ્ધાંત — ''ગૃહે સ્થિત્વા...ભજેત્ કૃષ્ણમ્'' (ભક્તિવર્ધિની) મુજબ પોતાને ઘરે બિરાજતા સ્વરૂપમાં સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ પરમાનંદકંદ શ્રીકૃષ્ણચંદ્રના દર્શન થઇ નથી શકતાં કે ઘરે બિરાજતું સેવ્યસ્વરૂપ દર્શનીય હોતું નથી? અથવા જાહેર મંદિરોમાં જે ભોગ-રાગ-શૃંગારના વૈભવ તેમજ તથાકથિત અપરસની મેંડ-મરજાદ હોય છે, તેવી એક ગૃહસ્થીના ઘરમાં સેવા નભવી શકય ન હોવાથી, જાહેર મંદિરોમાં બિરાજતા શ્રીઠાકોરજીના સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ હોવાના વૉલ્ટેજ વધી જતા હોય છે અને ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીના શું ઘટી જતા હોય છે? ખરેખર જો આમ હોત તો પદ્મનાભદાસજીને ત્યાં બિરાજી છોલા આરોગનારા શ્રીમથુરાધીશજીના સ્વરૂપનું માહાત્મ્ય પણ ઘટી જવું જોઈતું હતું, તેમજ અલિખાન-તાજબીબી વિગેરે ભગવદીયોને ત્યાં બિરાજતાં શ્રીઠાકોરજીઓનાં પણ માહાત્મ્ય ઘટી જવાં જોઈતાં હતાં.

વૈભવથી જો મૂર્તિ કે સેવ્યસ્વરૂપ ના વૉલ્ટેજ વધતા

+ પ્રશ્નોત્તરીને સરળ બનાવામાટે આ પ્રશ્ન તેમજ આગળ આવનારા આવા પ્રશ્નોના પણ 'ક' 'ખ' 'ગ' વિ. ભાગોમાં મેં વિભાજન કર્યા છે (ગો.શ્યા.મ.).



હોય, એવું માનીએ તો સહુથી વધારે વૉલ્ટેજ શ્રીતિરુપતિબાલાજીમાંજ ફક્ત માનવો જોઈયે; કેમકે ત્યાં જેટલું વૈભવ બીજે કશે નથી. જો પુષ્ટિમાર્ગીય ન હોવાને કારણે તિરુપતિબાલાજીના સ્વરૂપમાં કાંઈક તારતમ્ય સ્વીકારવામાં આવતું હોય તો, 'પુષ્ટિમાર્ગ' નો અર્થ સ્પષ્ટ કરવો પડશે કે શ્રીમહાપ્રભુ-શ્રીગુસાંઈજીએ સ્થાપિત કરેલા સિદ્ધાંતોમુજબ પુષ્ટિમાર્ગીય કે મનગઢંત ચાલતા પુષ્ટિમાર્ગમુજબ પુષ્ટિમાર્ગીય?

શ્રીમહાપ્રભુ-શ્રીગુસાંઈજીએ સ્થાપિત સિદ્ધાંતમુજબ ચાલતા પુષ્ટિમાર્ગમાં તો દરેક બ્રહ્મસંબંધી વૈષ્ણવે પોતાને ઘરે બિરાજતા શ્રીઠાકોરજીની પોતાના તનુવિત્તથી અને પોતાના પારિવારિક જનોના સહયોગથીજ સેવા કરવાની હોય છે. જાહેર મંદિરમાં બિરાજતા સ્વરૂપની સેવા કે દર્શન ની બાબતમાં ષોડશગ્રન્થના ૨૨૨ શ્લોકો પૈકી અથવા તો નિબંધના ૪૩૩ શ્લોકો પૈકી એકેય શ્લોકમાં આવશ્યકતા દેખાડવામાં આવી નથી. અલબત્ત સર્વનિર્ણયનિબંધમાં તો એમ પણ કહેવામાં આવ્યું છે કે ઉપદેશેલ પ્રકારે જે પોતાના ઘરમાં ભગવત્સેવા નભાવી ન શકતો હોય તેને જગદીશજી તિરુપતિ બાલાજી પંઢરપુરના વિઠોબા વિગેરે સ્થળોએ નિવાસ કરીને પૂજા વિગેરેમાં પરાયણ થવું. ભાષ્યમાં એક ઠેકાણે એવું પણ વિધાન અવશ્ય મળે છે કે આપણા ભાવનું બાહ્ય પ્રદર્શન કરવાથી હૃદય ભાવહીન બની જતું હોય છે. એટલે મંત્રોચ્ચારપૂર્વક પ્રાણપ્રતિષ્ઠાનો પ્રકાર આપણે ત્યાં માન્ય ન હોવાથી, પુષ્ટિસ્વરૂપોની ભાવાત્મિકા પ્રતિષ્ઠા આપણે સ્વીકારીએ છીએ. અને તે ભાવાત્મક સ્વરૂપની સેવાને પણ જો ભાવાત્મિકા રૂપે સ્વીકારીએ તો સિદ્ધ થયું કે પુષ્ટિમાર્ગીય સેવ્ય સ્વરૂપના; અથવા તો પુષ્ટિમાર્ગીય ભાવથી ભાવિત સેવ્ય સ્વરૂપની સેવાના પણ, બાહ્ય પ્રદર્શનથી હૃદય પુષ્ટિભાવથી રહિત બની જાય છે. જો જાહેર મંદિરોમાં બિરાજતા સ્વરૂપો, હૃદયને પુષ્ટિભાવથી રહિત બનાવતા હોય તો કહેવાપણું રહેતું નથી કે તેવા સ્વરૂપના દર્શનથી

"ભક્ત્યભાવે...સર્વથા શરણં હરિઃ" ( વિવેકધૈર્યાશ્રય ).

( ૩/ગ )પ્રશ્નભાગમાં કહેવામાં આવ્યું છે કે સ્વરૂપસેવા વિના મનનો નિગ્રહ થઈ શકતો નથી. એકાગ્રતા આવી શકતી નથી એ સનાતન સત્ય છે.

ખરેખર જો આ એકમાત્ર સનાતન સત્ય હોય તો મનોનિગ્રહ કરવામાટે જગતભરમાં સનાતન કાળથી પ્રસિદ્ધ યોગપ્રણાલીમાં પણ ફક્ત મૂર્તિનાજ દર્શન-પૂજનનું વિધાન કેમ મળતું નથી? શ્રીમદ્‌ભાગવતમાં પણ મનોનિગ્રહમાટે આંતર માનસી મૂર્તિની ધ્યાન-ધારણાનોજ પ્રકાર વર્ણવાયો છે. આવા બધાજ ઉપાયાન્તરો વિદ્યમાન હોવા છતાંય શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તથી વિરુધ્ધ પ્રકારને વળગી રહેવા પાછળ હેતુ શો?

મને નથી લાગતું કે મનોનિગ્રહમાટે જાહેર મંદિરોમાં પ્રતિષ્ઠાપિત કે પાટ બિરાજેલા ભગવત્સ્વરૂપ ક્યાંય પણ એકમાત્ર ઉપાય તરીકે માન્ય હોય. જળ અગ્નિ હૃદય સૂર્ય સ્થંડિલ મૂર્તિ ( પ્રતિમા ) શાલિગ્રામ ચક્રાંકિતપટ મુદ્રા સુવર્ણ બ્રાહ્મણ અને ગાય—આમ આટલા બધામાંથી કોઇ પણ એકમાં મનોનિગ્રહ થઈ શકે છે. શાસ્ત્રોમાં આ બાબતમાં સ્પષ્ટીકરણ પણ આપવામાં આવ્યું છે કે પ્રધાનપણે કર્મકાંડમાં રુચિ રાખનારાઓએ અગ્નિમાં ઈશ્વરબુદ્ધિ કરીને ઉપાસના કરવી જોઈયે. યોગીજનોએ મનોનિગ્રહમાટે પોતાના હૃદયમાં, જે અન્તર્યામીરૂપે વિદ્યમાન હોય છે, તેમાં અથવા તો પોતાના આત્મામાં પરમાત્મબુદ્ધિ કરવી જોઈએ. અલ્પબુદ્ધિવાળા સાધકોએ પ્રતિમામાં ભગવદ્‌બુદ્ધિ કરવી જોઈએ વિગેરે વિગેરે. પણ પ્રતિમામાં ભગવદ્‌બુદ્ધિ રાખવાનું આ વિધાન મર્યાદામાર્ગીય છે. પુષ્ટિમાર્ગમાં તો શ્રીમહાપ્રભુની આજ્ઞા મુજબ, પોતાના ઘરે બિરાજતા પોતાના તનુવિત્તથી અને પરિજનોના સહયોગથી સેવાતા ભગવત્સ્વરૂપમાં ફક્ત ભગવદ્‌બુદ્ધિ રાખવાથી કાર્યસિદ્ધિ થતી નથી. તેનામાટે તો ભગવદ્‌ભાવ સિદ્ધ થવો જોઈએ. આ ભગવદ્‌બુદ્ધિ અને ભગવદ્‌ભાવ વચ્ચે તારતમ્ય હોવાને કારણેજ શ્રીમહાપ્રભુ



મનોનિગ્રહની મહત્તા કરતાં માનસી સેવાની મહત્તાપર વધારે ભાર આપે છે.

અલ્પબુદ્ધિ અજ્ઞાની લોકોએ જાહેર મંદિરમાં બિરાજમાન ભગવત્સ્વરૂપ કે ભગવન્મૂર્તિ માં થોડાક સમય સુધી ભગવદ્‌બુદ્ધિ કેળવીને તેથી આગળ વધી જવાનું હોય છે. નહિ તો શાસ્ત્ર નિંદા પણ કરે છે કે "ભગવાન્ તો વસ્તુમાત્ર અને પ્રાણિમાત્ર માં અન્તર્યામી તરીકે બિરાજમાન છે, છતાંય જે ફક્ત પ્રતિમામાંજ ભગવદ્‌બુદ્ધિ રાખે છે તે મૂઢમતિ ઓલવાયેલ અગ્નિમાં આહુતિ નાખવાની બૌલિશતા કરે છે" ( શ્રીભાગવતતૃતીયસ્કન્ધ ) આની વ્યાખ્યા કરતાં શ્રીમહાપ્રભુએ પૃથક્કરણ કર્યું છે કે પ્રતિમાપૂજનની આ નિંદા, ભક્તિભાવથી રહિત અધિકારિઓના સંદર્ભમાં કરવામાં આવી છે. એટલે જો શ્રીમહાપ્રભુની આજ્ઞામુજબ આપણે પોતાના ઘરમાં બિરાજમાન, પોતાનાજ તનુવિત્તથકી કરવામાં આવતી સેવાથી સેવ્ય પ્રભુમાં ભગવદ્‌ભાવ નથી રાખતા તો શ્રીમદ્‌ભાગવતના આધારે શ્રીમહાપ્રભુ પણ આપણી 'મૂઢમતિ' કહીને નિંદા કરવા માંગે છે. એ સિદ્ધ થાય છે.

( ૩/ઘ )ભાગમાં કહેવામાં આવ્યું છે—"હજારો ગુરુદ્વારાઓ, દેવળો, મંદિરો બંધાયા છે એને નવા-નવા બંધાઈ રહ્યા છે."

ભાઈ સા'બ! ગામમાં તો વીડિઓ-પાર્લેર પણ ઘણા બંધાઈ રહ્યા છે તેમજ રેસ્ટોરંટો અને બ્યુટીપાર્લેર પણ! તેથી હજારોની તાદાતમાં જે કાંઈ બંધાઈ રહ્યું હોય તેનું આંધળુ અનુકરણ કરવા જઈશું તો ફનાહ થઈ જશું.

હજારો જે ગુરુદ્વારા બંધાઈ રહ્યા છે તેનું અનુકરણ કરવું હોય તો ગુરુદ્વારામાં મૂર્તિ હોતી નથી, ગુરુગ્રન્થસાહેબ હોય છે. તે મુજબ આપણે પણ શ્રીમહાપ્રભુના ગ્રન્થોના મંદિર બનાવવા જોઈયે, શ્રીઠાકોરજીના નહિ. તેમજ ગુરુદ્વારાઓની માફક લંગરમાં બધા ભક્તજનોને બેસાડીને

મફતમાં પ્રસાદ લેવડાવવો જોઈએ, પેંડા-બરફી-મલાઈ — લાડવા-મઠડી-મોહનથાળ — કઢી-ભાત-ભજિયા વિ. દૂધઘર-અનસખડી-સખડી વેચવા જોઈએ નહિ. જો ખરેખર આ પદ્ધતિ શરુ થાય તો ધંધાકીય મંદિર ચલાવવાના શોખીનોમાંનો પોણો ભાગ મંદિરની ઉપયોગિતાની વકાલત કરવી છોડી દેશે! એટલે ધંધાકીય ભગતીના ભવાડા કરવાની મનોવૃત્તિઉપર કાબૂ મેળવવા આપણે સમર્થ બની શકીશું! હાલની આપણી લજ્જાજનક પરિસ્થિતિમાંથી આપણે છુટકારો પણ પામી શકીશું.

હજારો જે દેવળો બંધાઈ રહ્યા છે તેનું અનુકરણ કરવું હોય તો આપણે પણ દેવળોમાં સ્થાપિત ક્રૉસનું અનુકરણ કરીને વેણુ-વેત્રના ક્રૉસવાળા મંદિર બનાવી તેમાં આરતી, કીર્તન, પ્રવચન, તેમજ દરેક રવિવારે ''સર્વસાધનહીનસ્ય પરાધીનસ્ય સર્વતઃ પાપપીનસ્ય દીનસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ''દ્વારા પાપસ્વીકારપૂર્વક દૈન્ય વિગેરેના અનુષ્ઠાનની નવી આરાધના પ્રણાલી પ્રવર્તિત કરવી જોઈયે!

હજારો મર્યાદામાર્ગીય મંદિરો જે બંધાઈ રહ્યા છે, તેમનું અનુકરણ કરવું હોય તો હમણાં તો ફક્ત સજાવટની ઝાંખીવાળા મંદિરોની ફેશન જે ચાલી છે, તે મુજબ સેવાપૂજા-રહિત સજાવટની ઝાંખીવાલા મર્યાદામાર્ગીય જેવા મંદિરો બંધાવવા જોઈએ. કોઈ પણ સંજોગમાં શ્રીમહાપ્રભુના ગૃહસેવાના સિદ્ધાન્તનું ખંડન કરનારી જાહેર પુષ્ટિમાર્ગીય હવેલીઓનો પ્રકાર તો બંધ થવોજ જોઈએ.

હાલમાં તો દરેક વાતમાં વીડિઓ કેસેટનો પ્રચાર પુષ્કળ વધ્યો છે, તેથી નિત્યઋતૂત્સવ-ક્રમની સેવાની કલર વીડિઓ કેસેટ તૈયાર કરાવી ગામેગામ કેસેટ લાયબ્રેરી ખોલવામાં આવે તો સસ્તુ ભાડું અને સિદ્ધપુરની યાત્રાનો પુણ્યલાભ પણ મળી શકે એમ છે.

તે કેસેટોમાં પાછી બિનમરજાદી સેવાના પ્રદર્શનની કેસેટ. મનમરજાદી સેવાના પ્રદર્શનની કેસેટ અને પાકીમરજાદી સેવાના પ્રદર્શનની કેસેટ, તેમજ શ્રીગુસાંઈજીના નિધિસ્વરૂપોની



સેવાના પ્રદર્શનની કેસેટ, શ્રીમહાપ્રભુના નિધિસ્વરૂપોના સેવાના પ્રદર્શનની કેસેટ, તેમજ સેવકી-અપરસની કેસેટ, ખાસા-અપરસની વિ. કેસેટોની વિવિધ સીરિઅલ બનાવી લીધી હોય તો ધનનિગ્રહની સાથોસાથ મનોનિગ્રહ પણ થશેજ, આમા કોઈ બે મત થઈ શકતાં નથી. ઈન્કમટેક્સની ધાડ પડવાની બીક લાગતી હોય તો આ બધા અખતરા ઈન્કમટેક્સ એક્ઝંપ્શન મેળવેલ કોઈક 'ભટ્ટાજી ઉદ્ધાર ટ્રસ્ટ' ના ઉપક્રમે પણ થઈ શકે છે.

(પ્રશ્નોની જે લેખિત પ્રત મોકલવામાં આવી તેમાં પ્રશ્ન સં.૪-૭ મળતી ન હોવાથી પ્રશ્ન સં.૮ને સં.૪ના સ્થાને ગણીને જવાબો લખી રહ્યો છું:)

**પ્રશ્ન (૪=મૂલપ્રશ્નસં.૮)**

**(૪/ક)મંદિરના ભયસ્થાનો ગણાવવામાં આવે છે તે માનવસર્જિત છે, શ્રીઠાકુરજીસર્જિત નથી.**

**(૪/ખ)તેથી તર્કને આગળ મંદિરના અસ્તિત્વની મૌલિક અનિવાર્યતાની અવગણના થઈ શકે નહીં.**

**(૪/ગ)જે ભયસ્થાનોનું વર્ણન થાય છે તે ભયસ્થાનો પ્રયાસથી દૂર કરી શકાય છે પરંતુ શ્રીઠાકોરજીના અમૂલ્ય મંદિરો બાંધવાના વિચારને મનમાંથી દૂર કરવું તે શું બુદ્ધિમત્તા છે?**

**(૪/ઘ)પૂર્વજોએ જે હિમ્મત અને સાહસ થી વિપરીત સંજોગોમાં મંદિરમાટે કાર્ય કરેલ તે આદર્શ લક્ષ્યમાં રાખીએ તો તે દૂષણ કાઢી શકાય છે, અશક્ય નથી.**

## ઉત્તર (૪)

(૪/ક)ભાગમાં કહેવામાં આવ્યું છે કે મંદિરના જે-જે ભયસ્થાનો ગણાવવામાં આવે છે તે માનવ-સર્જિત છે, શ્રીઠાકોરજી-સર્જિત નથી.

શ્રીમહાપ્રભુના સિદ્ધાંતમુજબ પુષ્ટિમાર્ગમાં સેવાતાં શ્રીઠાકોરજી પરમાત્માનું કોઈ ફક્ત પ્રતીક નથી પણ પરમાત્માનું સાક્ષાત્ સ્વરૂપ છે. તે પરમાત્માની બાબતમાં શ્રીમહાપ્રભુનો અભિપ્રાય એવો છે કે પુષ્ટિમાર્ગ-મર્યાદામાર્ગ-પ્રવાહમાર્ગ કે ચર્ષણિમાર્ગ જીવાત્માને ચાલવામાટે હોઈ શકે છે; પણ ચલાવનાર એટલે કે માર્ગ પ્રકટ કરનાર તો પોતે પરમાત્માજ હોય છે. તેથી જે જીવ જે માર્ગઉપર ચાલે છે તે જીવમાં પરમાત્માએ પોતાના સ્વરૂપથી, વાણીથી અથવા તો ફક્ત મનની ઈચ્છાથી પ્રકટાવેલ તેવી-તેવી રુચિને કારણે તે સંભવે છે. પ્રભુની પ્રેરણાને કારણેજ જીવને તે માર્ગઉપર ચાલવું શક્ય બને છે ( જુઓ : પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથ ).

શ્રીમહાપ્રભુ તત્ત્વાર્થદીપનિબંધમાં એમ પણ આજ્ઞા કરે છે કે "જ્યાં, જેના થકી, જેમાંથી, જેનું, જેનેમાટે, જેને , જે કાંઈ, જેવી રીતે, જ્યારે થાય છે તે બધું પોતે પરમાત્માની પોતાની ઈચ્છાને કારણે થાય છે", તેથી શ્રીઠાકોરજી-સર્જિત ન હોય એવું કશું શુદ્ધાદ્વૈતદર્શનમાં સંભવતુંજ નથી.

એટલે ક્યાંક કાંઈક ભયસ્થાન હોય કે અભયપદ હોય—જે છે તે બધુંજ ભગવત્સર્જિતજ છે. તેથીજ કાંઈક ધર્મસંમત કૃત્ય હોય કે ધર્મવિરુદ્ધ કૃત્ય હોય—પુણ્ય હોય કે પાપ હોય, અંતે તો છે બધુંજ ભગવત્ક્રીડાર્થ પ્રકટ થયેલી સૃષ્ટિમાં ભગવત્સર્જિતજ. એ પાયાની માન્યતાને સરખી રીતે સમજીશું તો ખ્યાલમાં આવશે કે ધર્મસ્થળમાં ધાર્મિક ગ્રન્થોથી સર્વથા વિરુદ્ધ એવા અધર્માચરણ પણ



અંતે શ્રીઠાકોરજી-સર્જિતજ છે. વર્તમાન કાળમાં કહેવાતા પુષ્ટિમાર્ગીય મંદિરોમાં પુષ્ટિપ્રભુનો ધંધાકીય ઉપયોગનો ધતીંગ કે જાહેર મનોરથોમાં થતા પુષ્ટિભાવના ભવાડા અથવા તો શ્રીઠાકોરજીને આવતી ભેટ ( દેવદ્રવ્ય ) થી ધરવામાં આવેલી સામગ્રીનો પ્રસાદ લેવાનો પાખંડ પણ ધર્મસ્થળોમાં ધર્મગ્રંથોની વિરુદ્ધ એવા અધર્માચરણના દાખલા તરીકે લેખી શકાય. તેમજ અધાર્મિક સ્થળોમાં થતું ધર્માચરણ દા.ત. સટ્ટાબજાર કે મટકાબજારમાં ચોપડે ન લખાયેલા રૂપિયા-પૈસાને પણ પ્રમાણિકપણે ચુકવી દેવાની નીતિમત્તા કે સત્યવાદિતા પણ અન્તે ભગવત્સર્જિતજ છે.

તેથીજ શ્રીમહાપ્રભુના વચનો :—

(૧)ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ...ભજેત્ કૃષ્ણમ્.
( ભ.વ. ).

(૨)કૃષ્ણસેવા સદા કાર્યા...તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા.
( સિ.મુ. ).

(૩)ભાર્યાદિરનુકૂલશ્ચેત્ કારયેદ્ ભગવત્ક્રિયામ્,
ઉદાસીને સ્વયં કુર્યાદ્.........
( નિબંધ ).

(૪)દાને હિ ન સ્વવિનિયોગઃ નતુ નિવેદને ।
( ન.ર.પ્ર. ).

(૫)મેરો વ્હે કે જો શ્રીઠાકુરજીકો દ્રવ્ય ખાયગો સો મેરો નાહિ. અરુ મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહૂ ન ખાયગો. જો ખાયગો સો મહાપતિત હોયગો.
( વાર્તા ).

(૬)લોકે એવં ભગવદ્ભાવમ્ અનાવિષ્કુર્વન્ ભજેદ્.
( અણુભાષ્ય ).

આ વચનોથી વિરુદ્ધ કોઈપણ આપણું કૃત્ય પુષ્ટિમાર્ગીય ધર્મ તરીકે માન્ય થઈ શકતું નથી. છતાંય તેવું કૃત્ય કરતાં જો આપણે અચકાતા નથી તો તારવવાનું રહ્યું

કે સર્વસમર્થ પ્રભુએ આપણા જીવાત્માનેજ પુષ્ટિમાર્ગીય નથી બનાવ્યો! અથવા તો પુષ્ટિમાર્ગના પાંચસો વરસની મર્યાદાને પૂરી પાડવા આપણને પુષ્ટિમાર્ગમાં પેસાડી દીધા છે. જો આપણો જીવાત્મા પ્રભુએ પુષ્ટિમાર્ગીય તરીકે સર્જ્યો હોત તો પોતાના ઘરમાં પોતાના તન-મન-ધનથી તેમજ પોતાના પરિવારજનોના સહયોગથી પોતાને માથે બિરાજતા શ્રીઠાકોરજીની સેવા-દર્શન-પ્રસાદગ્રહણ કરવાની સદ્બુદ્ધિ સામર્થ્ય અને અનુકૂલતા પણ પુષ્ટિપ્રભુએ ચોક્કસ આપણને બક્ષી હોત. અથવા તો એક અન્ય હેતુ આ પણ સંભવે કે આપણા આ ભવમાં પુષ્ટિપ્રભુ આપણી સાથે પુષ્ટિમાર્ગીય સંબંધમાં બંધાવાજ નહિ માંગતા હોય! નહિ તો દુનિયાભરમાં આજે દરેક ધાર્મિક સંપ્રદાયોમાં જ્યારે ધર્મના મૂલ આદર્શને શોધીને અનુસરવાની મનોવૃત્તિ ચોમેર વધી રહી છે, ત્યારે આપણેજ કેમ સો-બસો વર્ષની ભીતર આપણા માર્ગમાં પેસેલા સડાનેજ અનુસરવાનો દુરાગ્રહ કાયમ રાખીએ છીએ? કોઈ પણ બુદ્ધિમાન માણસ જો ધાર્મિક હોય તો પોતાના ધર્મગ્રન્થોથી નિષિદ્ધ વાતોને અનુસરવામાટે સભાનપણે તો દુરાગ્રહી નજ બની શકે. વળી પુષ્ટિમાર્ગના અનુયાઈઓ બીજા ધર્મોના અનુયાઈઓ કરતાં કાંઈક વિશેષ અબુદ્ધિમાન કે મૂઢ હોય તેવું પણ લાગતું તો નથી. આપણા ધર્મના સિદ્ધાંતગ્રન્થોમાં સર્વથા વર્જિત ઠરાવવામાં આવેલી જાહેર મંદિર-પ્રણાલીને પણ ચલાવી લેવામાં ચલાવનારનો હેતુ કદાચ ધંધાકીય સ્વાર્થનો માની શકાય છે; પરંતુ સામાન્ય જનતાના તો આમાં નાણાં, સમય, ક્રિયાશક્તિ અને શ્રદ્ધા જ નાહક વેડફાતા હોય છે. તે છતાંય આ બાબતનો દુરાગ્રહ વિપરીત ભગવદ્દઈચ્છાને આભારી લાગે છે.

આ વાતના અનુસંધાનમાં એક શંકા ઉદ્ભવી શકે કે જ્યારે બધુંજ શ્રીઠાકોરજીસર્જિત છે તો તેના વિરોધની પણ આવશ્યકતા કે ઔચિત્ય હોવું ન જોઈએ.



હકીકતમાં આવા સ્પષ્ટીકરણની ભાષા વિરોધની ભાષા તરીકે ભાસે છે; પરંતુ ભાવ તો ભગવલ્લીલાનું તટસ્થપણે નિરૂપણ કરવાનુંજ છે. કેમકે બધુંજ ભગવત્સર્જિત હોય તેમાં આ લખાણ કે પ્રશ્નોત્તરી કાંઈ અપવાદ નથી. મારો તો પ્રમુખ હેતુ શ્રીમહાપ્રભુ, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી વિગેરે પ્રાચીન આચાર્યોના બિરાજમાન ગ્રન્થોમાં વર્ણવાયેલ સિદ્ધાન્તોને સ્પષ્ટપણે ફક્ત રજૂ કરવાનોજ છે. કોઈ વ્યક્તિનો વિરોધ કે સમર્થન કરવાનો નહિ.

જેમ ધોરીમાર્ગના જ્યાં ચાર રસ્તા ફંટાતા હોય ત્યાં જુદી-જુદી દિશાઓ તરફ ચાર પાટિયા લગાડવામાં આવતા હોય છે કે કઈ દિશાનો માર્ગ ક્યા શહેર કે ક્યા ગામડા તરફ લઈ જશે. પછી તો ત્યાંથી પસાર થતા વાહન કે માણસ ને જે બાજુએ જવું હોય તે બાજુએ જવામાટે માર્ગ ખુલ્લો હોય છે. તેમજ જે કોઈ જીવાત્માને માનવદેહ પ્રાપ્ત થાય છે કે તે તરત પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ, પ્રવાહમાર્ગ અને ચર્ષણિમાર્ગના ચાર રસ્તાના મુકામે આવી ચઢે છે. તે જીવ પોતાના દેહરૂપી વાહનને તે-જ માર્ગ તરફ હંકારતો હોય છે કે જેવી તેની ગતિ ભગવાન્ નિધરિલી હોય છે. કોઈ પણ સંજોગોમાં, જેઓ શ્રીમહાપ્રભુના સિદ્ધાંતથી વિપરીત દિશામાં પ્રવાસ ખેડવા માંગે છે, તેઓ પુષ્ટિમાર્ગીય કે મર્યાદામાર્ગીય જીવ તરીકે માન્ય થઈ શકતા નથી. તેથી અત્યન્ત તટસ્થપણે આપણને એવા જીવોને પ્રવાહી કે ચર્ષણી તરીકે માન્ય કરી લેવા જોઈએ.

આપણા સંપ્રદાયમાં ચાલતા જાહેર મંદિરોમાં વેદાદિ શાસ્ત્રોક્ત મર્યાદામાર્ગીય આરાધના-પ્રણાલી તો હોતી નથી. ત્યારે શ્રીમહાપ્રભુદ્વારા ઉપદિષ્ટ સાધના-પ્રણાળી પણ જો જડતી ન હોય તો ચાર માર્ગો પૈકી પુષ્ટિમાર્ગ અને

મર્યાદામાર્ગ ની બાદબાકી કરતાં : “ ૪ - ૨ = ૨ ” ગણિતશાસ્ત્રના અકાટ્ય નિયમ મુજબ પ્રવાહમાર્ગ કે ચર્ષણિમાર્ગજ ફક્ત બચે છે. તેથી તેવી આરાધના-પ્રણાલીના દુરાગ્રહી જીવોને પણ પ્રવાહિજીવો અથવા ચર્ષણિજીવો તરીકે માન્ય કર્યા સિવાય કોઈ છૂટકોજ નથી.

ચર્ષણિજીવોને જુદાજુદા માર્ગોઉપર નાહક ભટકવાનું ગમતું હોય છે. તેથી થોડીક પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીનો આભાસ, થોડીક મર્યાદામાર્ગીય પૂજાપ્રણાલીનો આભાસ, થોડીક પ્રવાહમાર્ગીય સ્વાર્થ-પ્રમાદની મનોવૃતિઓ આમ બધી વાતોની ભેળપૂરીનો ચટકારો કહેવાતા પુષ્ટિમાર્ગીય મંદિર-પ્રણાલીના દુરાગ્રહિઓની એક લાક્ષણિક પિછાણ છે. આ કોઈપણ સંજોગમાં માનવ-સર્જિત ન હોઈ, શ્રીઠાકોરજી-સર્જિતજ માર્ગ છે, તેથી તેના ભયસ્થાનોને પણ શ્રીઠાકોરજી-સર્જિતજ માનવા પડે છે.

( ૪/ખ )ભાગમાં કહેવામાં આવ્યું છે કે તર્કને આગળ મંદિરના અસ્તિત્વની મૌલિક અનિવાર્યતાની અવગણના થઈ શકે નહિ.

આ બાબતમાં સ્પષ્ટપણે સમજવાનું રહ્યું કે જાહેર મંદિરનું અસ્તિત્વજ પુષ્ટિમાર્ગના પાયાના સિદ્ધાન્તોથી વિરુદ્ધ હોવાથી, તે મંદિરોના અસ્તિત્વની અનિવાર્યતા પણ પાયા વિનાનું ચણતર છે. તેથી તેને કોઈ ધક્કો ન પણ મારે તો તે જતે દહાડે પોતાની મેળેજ કકડભુસ થઈ જશે. તે સિવાય આ જાહેર મંદિરોનું બખડજંતર મુખિયા, ભીતરિયા, દૂધઘરિયા, જલઘડિયા, કીર્તનિયા કે સમાધાની વિ. પુષ્ટિમાર્ગમાં નિષ્ઠાહીન કર્મચારિઓની મોટી ફોજ વિના ટકાવી શકાતું નથી. આ કર્મચારિવર્ગની આવશ્યકતા પૂરી પાડનારો પૂરવઠો દિવસે-દિવસે કથળતો જાય છે. જતે દહાડે સાવ અભાવ પણ થઈ જાય તો કોઈ આશ્ચર્યની બીના નહિ કહેવાય! આપણા માર્ગનો આજે કહેવાતો અનુયાયિવર્ગ મોટે ભાગે



વણિક કોમમાંથી આવેલો છે. તેની ભીતર જો પોતાને ઘરે સેવા કરવાની શ્રદ્ધા જગાડી હોત કે ટકાવી રાખી હોત તો પુષ્ટિમાર્ગનું કાંઈક અનેરૂ સ્વરૂપ જગતની સામે ઊભું થાત. એ વણિક્કોમની બહુમતીને કારણે બધી વસ્તુ વેચાતી રાખવાની અને લેવાની મૌલિક મનોવૃત્તિએ તે જાહેર મંદિરોમાં વેચાતા દર્શન, સેવા અને પ્રસાદની ઘેલછા જગાડીને આપણા પુષ્ટિમાર્ગનો મૌલિક ભાવ સાવ વિખેરી નાખ્યો છે. તેથી તૈયાર માલની માફક વેચાતું કાંઈ પણ ખરીદી લેવાની તાલાવેલીને કારણે જાહેર મંદિરોને જનતાનું પ્રશ્રય મળી રહ્યું છે. વેચાતી સેવા-સામગ્રી-સજાવટને ખરીદી લેવાની વણિક્વૃત્તિને કારણેજ જાહેર મંદિરોમાં જ્યારે ગિરનારા, સાંચોરા, અવદીચ, પુષ્કરણા, સનાઢ્ય બ્રાહ્મણોની અછત ઊભી થશે ત્યારે સામાન્ય જનતા આગળ નહિજ આવે. પોતાના સ્વાવલંબી નોકરી-ધંધાને છોડીને જાહેર મંદિરોમાં પરાવલંબી અલ્પ લાભ અને રવિવાર વિગેરેની છૂટ્ટી વિનાની સવારથી સાંજ સુધીની નોકરી કરવામાટે સામાન્ય જનતામાંથી ધર્માગ્રહી સ્વયંસેવકો આગળ નહીંજ આવે. કેમકે આ વાણિયાઓમાં આટલી સ્વધર્મનિષ્ઠા જો જાગ્રત રાખવામાં આવી હોત તો પુષ્ટિમાર્ગના આચાર્યવંશજોને અધઃપાતની હલકામાં હલકી પાયરીઉપર પટકી રાખવામાટે આચાર્યવંશજોની ધંધાકીય ભગતીના ભવાડામાં દર્શનાર્થી કે મનોરથી બનીને પીઠપાછળથી હીચકારો ધક્કો આપનારનો ભાગ આ વાણિયાઓએ ક્યારેય ભજવ્યો ન હોત!

જે વર્ગ હમણાં આ સેવાની નોકરીમાં સંડોવાયો છે, તે તો નિસાસા નાખી-નાખીને જેમ-તેમ નોકરી બજાવે છે. વળી ક્યારેક-ક્યારેક તાજેતરમાં ફેક્ટરીના મજૂરોની માફક બંધ-હડતાળઉપર પણ ઉતરવા મંડ્યો છે. કોઈ પણ સંજોગમાં આ વર્ગ વાંછતો નથી કે પોતાની માફક પોતાની સંતતિ જાહેર મંદિરની નોકરીમાં સપડાઈ જાય! કોઈ બેન્ક કે કારખાના માં પોતાનો છોકરો ચપરાસી બને તેમાં તેને પોતાને વાંધાજનક કોઈ વાત લાગતી નથી. એટલે

કોઈક સાવ ડોબો, જે બધી રીતે લાયકાત વિનાનો હોય તે-જ, મંદિરોમાં નોકરી કરવા પરાણે રાજી થાય છે. આની ટકાવારી પણ દિવસે-દિવસે ઓછીજ થવાની છે, વધવાની તો નથીજ.

તે સિવાય સહુથી મોટી વિટંબના આ પ્રક્રિયામાં આ છે કે જગત્‌ના કોઈ પણ ધર્મ-સંપ્રદાયના સેનેગૉગ, ચર્ચ, મસ્જિદ, ગુરુદ્વારા કે મંદિરમાં તે ધર્મમાં ન માનનારાને રબાઈ, પાદરી, મૌલવી, ગ્રંથી, કે પૂજારી બનાવવામાં આવતાં નથી. એક કોંગ્રેસી સરકારમાં અને બીજા આપણા પુષ્ટિમાર્ગના જાહેર મંદિરોમાં ધર્મનિરપેક્ષતાના મહાન્( ! ) આ-દર્શને અનુસરીને પુષ્ટિમાર્ગમાં ન પણ માનનારા એવા શૈવ હોય કે શાકત બધાને કંઠી આપીને ભગવત્સેવામાં ન્હવડાવવામાં આવે છે.

આ બધી વાતોનો ઊંડો વિચાર કરતાં એમ લાગે છે, આપણા સંપ્રદાયમાં જાહેર મંદિરો જો ટકશે તો પુષ્ટિમાર્ગ નહિ ટકી શકે. એટલે મંદિરોના અસ્તિત્વની મૌલિક અનિવાર્યતા તો ટાઢાપોરના ગપગોળા સિવાય બીજું કશુંજ નથી.

( ૪/ગ )ભાગ માં કહેવામાં આવ્યું છે કે જે ભયસ્થાનોનું વર્ણન થાય છે તે પ્રયાસથી દૂર કરી શકાય છે પરંતુ શ્રીઠાકોરજીના અમૂલ્ય મંદિર બાંધવાના વિચારને મનમાંથી દૂર કરવું તે શું બુદ્ધિમત્તા છે?

આના સમાધાનરૂપે સહુથી પહેલા આ સમજવું જરૂરી છે કે મોટામાં મોટું ભયસ્થાન જાહેર મંદિરોમાં શ્રીમહાપ્રભુ-શ્રીગુસાંઈજીની કઠોરમાં કઠોર આજ્ઞાનું પણ અતિશય હળવાશથી ઉલ્લંઘન થવુંજ છે. જેમકે—



(૧) શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે કે દરેક આત્મનિવેદીએ પોતાના ઘરમાં ભગવત્સેવા કરવી જોઈએ. પણ જાહેર મંદિરોને જાહેર જનતા તેમજ આજના કાનૂન ખાનગી ઘરો રહેવાજ નહિ દે, આ પ્રથમ ભયસ્થાન છે, તેને દૂર કરવાનો પ્રયાસ કેવો હોવો જોઈએ ?

(૨) શ્રીમહાપ્રભુ, શ્રીગુસાંઈજી, શ્રીપુરુષોત્તમજી વિગેરે આજ્ઞા કરે છે કે આપણું ચિત્ત ભગવાન્‌માં ત્યારે પરોવાય કે જ્યારે આપણે તનુવિત્તજા સેવા કરીએ. ભગવત્સેવા કરાવવામાટે બીજાને ધન આપવાથી ભકિતના ઠેકાણે અહંકાર વધી જાય છે. ભગવત્સેવા કરવામાટે બીજાથી ધન લેતા ભકિત ભાડૂતી બની જાય છે, સેવા નિષ્ફલ બની જાય છે. જાહેર મંદિરોમાં દર્શન કરવા આવનાર આજે વણિક્‌વૃતિથી વિત્તજા સેવા કરી રહ્યા છે અને મંદિરમાં તનુજા સેવા કરનાર ગો.મહારાજશ્રી, બાવાશ્રી, બેટીજી, લાલાજી, મુખિયા, ભીતરિયા વિગેરે વર્ગ આજીવિકામાટે ભાડૂતી સેવા કરી રહ્યો છે. એવાઓને શ્રીપુરુષોત્તમજી 'દ્રવ્યશુદ્ધિ'નામના ગ્રન્થમાં—મડદા ચાંડાલ વિ. અતિશય અપવિત્ર તરીકે વર્ણવે છે. તેથી તનુવિત્તજા સેવાના તનુજા અને વિત્તજા તરીકે જે નિંદનીય ભાગલા પડી જાય છે, તે બીજું ભયસ્થાન છે, આને ક્યા પ્રયાસથી દૂર કરવું જોઈએ?

( ૩ ) શ્રીઠાકોરજીને આવેલી ભેટથી ધરવામાં આવતી ભોગ-સામગ્રી દેવદ્રવ્ય બની જતું હોવાથી આપણે તેનો પ્રસાદ લઈ નથી શકતા. લઈએ તો શ્રીમહાપ્રભુને આપણી ઉપર સૂગ આવે: ''જો શ્રીઠાકોરજીકો દ્રવ્ય ખાયેગો સો મેરો નાહિ. મેરો સેવક ભગવદીય હોયગો સો કબહું દેવદ્રવ્ય ન ખાયેગો, અરુ ખાયગો સો મહાપતિત હોયગો.'' જાહેર મંદિરોમાં આજે દેવદ્રવ્ય વિના સેવાનો નિર્વાહ શક્યજ નથી અને દેવદ્રવ્યથી સેવા કરતા મહાપ્રસાદ આપણને

મહાપતિત બનાવે છે, તેને દૂર કરવામાટે ક્યો પ્રયાસ કરવો ?

(૪) આપણી ભગવત્સેવા તેમજ આપણું સેવ્યસ્વરૂપ બન્ને ભાવાત્મક હોય છે. તે ભાવનાની જાહેર પ્રદર્શનની મનાઈ છે; અને જાહેર મંદિરોમાં આપણા દિવ્ય ગોપનીય ભાવ-ભાવનાઓનો ભવાડો થયા વિના રહેતો નથી તે ચોથું ભયસ્થાન છે, તેને કેવા પ્રયાસથી દૂર કરવું ?

(૫) શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે પોતાના વંશજો ભક્તિમાર્ગના પ્રચારમાં પરાયણ રહે તેવા હેતુથી શ્રીમહાપ્રભુએ ગાર્હસ્થ્ય સ્વીકાર્યું હતું. તે આચાર્યવંશજોની હેસિયત પુષ્ટિભક્તિમાર્ગમાં એક ધર્મગુરુની હોવી જોઈતી હતી, તેને ઠેકાણે આજે સરકારી વર્તુલ કે ન્યાયાલય તો ઠીક પણ, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ જનતાની નિગાહમાં પણ પૂજારીઓની જેવી બની ગઈ છે. આમાં પ્રમુખ હેતુ ભગવત્સેવાનું જાહેરમાં અનુષ્ઠાન સિવાય બીજો કોઈ પણ દેખાતો નથી. જ્યારે કે હકીકતમાં દેવલકત્વ એટલે કે પૂજારિપણાનો ધંધો-નોકરી કરનારને શ્રીપુરુષોત્તમજી ઉપર જણાવ્યા પ્રમાણે, ‘દ્રવ્યશુદ્ધિ’ નામના ગ્રન્થમાં : મડદા, તેના દાહમાટે વપરાયેલા લાકડાં, રુધિર, માંસ અને મરેલાં જાનવરની ખાલ કાઢીને વેચનાર જેટલો હીન ગણે છે. આપણાં ધર્માચાર્યવર્ગને આપણા સંપ્રદાયમાં આટલો અપવિત્ર બનાવી દેવો કોઈપણ સંજોગમાં વાંછનીય હોઈ શકે ખરૂં ? આ પાંચમું ભયસ્થાન છે, તેને કેવી રીતે દૂર કરવું ?

(૬) સ્વવૃત્તિવાદમાં શ્રીપુરુષોત્તમજીએ ખુલાસો કર્યો છે કે આપણા સંપ્રદાયમાં ધર્મગુરુ વલ્લભવંશજોએ ગુરુની હેસિયતમાં પ્રાપ્ત ચરણભેટથી પોતાનો નિર્વાહ કરવો જોઈએ, નહિ તો બીજી રીતે એટલે કે જે પોતાનેમાટે વિહિત



વૃત્તિ ન હોય તેનાથી, બીજાનું ધન સ્વીકારતા ધન લેનારને આપનારી વ્યક્તિના ઋણી થવું પડે છે, જે બંધનકારક હોય છે. આજે જાહેર મંદિરોની પ્રણાલીને કારણે ગોસ્વામી મહારાજશ્રીઓની હવેલીઓમાં દર્શન કરવા કે ભેટ ધરવા આવનારી જનતાની ટકાવારીમાં જો કે ઉલ્લેખનીય ઘટાડો નથી થયો; પરંતુ, જાહેરમાં ચાલતા આ મંદિરો ગુજરાત અને સૌરાષ્ટ્ર ના ગામડાઓની પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પ્રજાને પુષ્ટિમાર્ગ છોડીને સ્વામિનારાયણપંથ કે સ્વાધ્યાયપંથ માં વટલાતા રોકવામાં સદંતર નિષ્ફળ નિવડ્યા છે. ક્યાંક-ક્યાંક પુષ્ટિમાર્ગીય હવેલીઓની જગ્યામાં હવેલીઓના ટ્રસ્ટફંડથી સ્વાધ્યાયકેન્દ્ર ચાલવાના દાખલા પણ જોવામાં આવ્યા છે. એટલુંજ નહીં બલ્કે તે સ્વાધ્યાયમાં જોડાતાં આપણા પુષ્ટિમાર્ગિઓ શ્રીમહાપ્રભુ-વિરચિત સ્તોત્રના સાચા પુષ્ટિમાર્ગીય અર્થની તુલનામાં શ્રીપાંડુરંગ શાસ્ત્રીજીએ મનસ્વી રીતે કરેલા અર્થને વધુ પ્રમાણિક ગણે છે. આ સંપૂર્ણ ભારત દેશમાં મોજૂદ હજારો પુષ્ટિમાર્ગીય જાહેર મંદિરોને, પુષ્ટિમાર્ગીય નિષ્ઠાના સંરક્ષણની બાબતમાં, સદંતર નિરુપયોગી સિદ્ધ કરી દે છે.

મને પોતાને પ્રશ્નોત્તરીના એક જાહેર કાર્યક્રમમાં એક વૈષ્ણવ ભાઈએ પ્રશ્ન પૂછ્યો હતો—“હું દરરોજ પુષ્ટિમાર્ગીય મંદિરમાં દર્શન કરવા તો જાઉં છું પણ ફક્ત જ્ઞાન મેળવવા સ્વાધ્યાય-કેન્દ્રમાં જાઉં છું તો તેમાં શું પુષ્ટિમાર્ગના હિસાબે સિદ્ધાંતવિરુધ્ધતા છે ?” મને નથી લાગતું કે આ પ્રશ્ન પેલા પ્રશ્નકર્તા ભાઈનોજ ફક્ત હશે. મોટા ભાગની વૈષ્ણવ જનતા એવો ભાવ હૃદયમાં રાખે છે કે પુષ્ટિમાર્ગીય મંદિરોથી જ્ઞાનોપદેશ મળતું નથી, તેથી જ્ઞાનોપદેશ બીજે કશેથી મેળવી લેવો જોઈએ અને દર્શન નિત્યનિયમપૂર્વક પુષ્ટિમાર્ગીય મંદિરોમાં કરી લેવા જોઈએ. હવે પ્રવચન સાંભળનાર શ્રોતાવર્ગમાં જો પુષ્ટિમાર્ગીયોજ વધું પડતા હોય તે તે વિસંપ્રદાયી

વક્તાઓને પણ શ્રીમહાપ્રભુના વખાણ, પુષ્ટિમાર્ગીયોને માઠું નહીં લાગે એટલામાટે પણ, કરી-કરીને વગર નામે શ્રીમહાપ્રભુના મતની આલેચના કરવી પડે છે. આ જ્ઞાન (!) મેળવીને પાછા પેલા પુષ્ટિમાર્ગીય શ્રોતાઓ મનમાં ફૂલી જાય છે કે અમારા શ્રીમહાપ્રભુના વખાણ થતા હોવાથી આવા જ્ઞાનોપદેશ (!) મેળવવા અહીંયાં ચોક્કસ આવવું જોઈએ. આપણા જાહેર મંદિરો આપણા સિદ્ધાંતમુજબ જ્ઞાનોપદેશ આપવામાં સદંતર નિષ્ફળ નિવડ્યા છે, તેનું આથી વધુ સચોટ પ્રમાણ બીજું શું હોઈ શકે? આજે પુષ્ટિમાર્ગીય ભક્તિ કે સિદ્ધાંત ના ઉપદેશકો પૂજારી તરીકે ખપે છે, જ્યારે કે અપુષ્ટિમાર્ગીય વક્તાઓએ શ્રીમહાપ્રભુનું નામ લીધા વિના પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોની કરેલી આલોચનાઓ શ્રીમહાપ્રભુના ઉપદેશોનો સાચો અભિપ્રાય તરીકે માન્ય થઈ રહી છે, આથી વધારે વિટંબણા બીજી કઈ હોઈ શકે?

આમ જાહેર મંદિરોને કારણે ધર્મગુરુઓ અને ધર્માનુયાઈઓ નો સંપર્ક તૂટી ગયો હોવા છતાંય, આશ્ચર્ય થાય છે કે, ધર્મગુરુઓના નભાવમાં વાંધો ન આવવાથી ધર્મવિરુધ્ધ હોવા છતાંય જાહેર મંદિરોને સાંખી લેવાય છે. જનતાને પણ પોતાના ઘરમાં ભગવત્સેવાની ભાંજગડમાં પડ્યા વિના સેવાનો ખોટો સંતોષ મળી જતો હોવાથી જાહેર મંદિર પ્રણાલી મનમાફક આવી ગઈ છે. આ સંપર્કહીનતાના દુષ્પરિણામરૂપેજ ક્યારેક પુષ્ટિમાર્ગીય ધર્મગુરુઓને પૂજારી તરીકે છાપાવાળાઓ ઉતારી પાડતા હોય છે ત્યારે ''અમારા ધર્મગુરુઓ પુજારી નથી'' એવા આશયનો એક પણ વિરોધપત્ર આપણી વૈષ્ણવ જનતાએ છાપાઓની પ્રજામતની કોલમમાં ક્યારેય મોકલાવ્યો હોય તેમ મારા વાંચવામાં આવ્યો નથી. આ ધર્મગુરુ પ્રત્યે ધર્માનુયાયી જનતાના સંપર્ક અને આદર ના અભાવ,



જાહેર મંદિરોને કારણે ઊભું થયેલ છઠ્ઠું ભયસ્થાન છે, તેને કેવા ઉપાયોથી દૂર કરી શકાય?

(૭) આના દુષ્પરિણામરૂપે નવયુવક ગોસ્વામી બાળકોમાં સ્વમાર્ગીય ગ્રન્થોનું ગંભીર અધ્યયન કરવાને ઠેકાણે, લોકમાન્ય વિસંપ્રદાયી ધર્મવક્તાઓની ચોપડી અને નિરૂપણશૈલી ને વાંચવાની અને અપનાવવાની મનોવૃત્તિ જોર પકડે છે. કોઈક શ્રીપાંડુરંગ શાસ્ત્રી અને શ્રીમુરારી બાપુ ની સ્ટાઈલ પકડીને પુષ્ટિમાર્ગમાં પ્રવચન આપવા માંગે છે, તો બીજી કોઈ વ્યક્તિ શ્રીડોંગરે મહારાજની અને શ્રીમુરારી બાપુની કૉપી કરવામાં મશગુલ છે. કોઈક શ્રીરજનીશ અને શ્રીઠક્કરભાઈ ની કૉપી કરવા માંગે છે, તો બીજા હરેકૃષ્ણ-હરેરામની. અન્તે જે પરિશ્રમ આપણા સ્વમાર્ગીય ગ્રન્થોના અધ્યયન-પ્રવચનમાટે થવો જોઈએ, તેનો ઉત્સાહ જગાડવામાં આ જાહેર મંદિર પ્રતિબંધ બની જાય છે. કેમકે ગ્રન્થોક્ત સિદ્ધાંત જાહેર મંદિરની પ્રણાલીની વિરુદ્ધ વાતો સમજાવી રહ્યા છે. પરિણામસ્વરૂપે નિરાશ બનેલા નવયુવક ગોસ્વામી બાલકો જે કોઈ વક્તા વધારે લોકમાન્ય જણાતો હોય તેની વિચારસરણી અને નિરૂપણશૈલી અનુસરીને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ જનતાને ફરીથી પુષ્ટિમાર્ગ તરફ વાળવાનો મોહ પાળે છે, એમાં પરન્તુ ''બાવાના બન્ને જવાની'' બીક મને લાગે છે.

(૮) આજે બધાજ ધીકતા ધંધાઓઉપર સરકાર, સીધી કે આડકતરી રીતે, પોતાનું નિયંત્રણ લાદવા માંગે છે(તા.ક. જોકે હાલમાં અન્ય ધંધાઓમાટે નીતિ બદલાણી છે પરંતુ ધરમના ધંધામાટે નહિ). તેમુજબ ધંધાકીય જાહેર મંદિરોઉપર પણ પોતાનું નિયંત્રણ રાખવા તે-તે પ્રાંતોની સરકારો કાયદા ઘડે જાય છે. જે મંદિરો જનતામાટે કે જનતાના દ્રવ્યથી ચાલતા હોય તે મંદિરોને જનતાના

માનીને દેવસ્થાન વિભાગને અધીન લાવવાના કાયદા પસાર થયા છે. તેટલુંજ નહિ પણ તેવા કાયદાઓની સામે આપણે સુપ્રીમ કોર્ટ સુધી લડીને પણ ત્રણ-ત્રણ કેસ હારી ચુક્યા છીએ. હાલના જુનાગઢના કેસના ચુકાદામાં સંપૂર્ણ જગતથી લગભગ સાડા અગ્યાર હજાર જેટલા શપથપત્રો ( એફીડેવીટ ) અને સિદ્ધાંતવચનો સાંભળવાનું પણ સુપ્રીમ કોર્ટે અનાવશ્યક ગણ્યું હતું. સરકારી વિભાગોના તાબામાં ચર્ચ કે મસ્જિદ તો જતા નથી, લઘુમતીના હક્કના કાયદાને કારણે પણ, હિન્દુ-મંદિરો તાબે થઈ જાય છે. હાલમાં કેરળમાં પ્રસિદ્ધ ગુરુવાયુર-કૃષ્ણ-મંદિરમાં ત્યાંની સામ્યવાદી સરકારદ્વારા ઈસાઈઓ અને સામ્યવાદીઓને મંદિરની સંચાલન સમિતિમાં સભ્ય તરીકે નીમવામાં આવ્યા છે. તિરુપતિ બાલાજીમાં ભેગો થયેલ સોનાનો ભંડાર ત્યાંની મંદિર-સંચાલક-સમિતિએ ત્યાંની પ્રાંતીય સરકારના ખજાનામાં જમા કરાવવામાં આનાકાની કરતા તે સમિતિનું પુનર્ગઠન કરવામાં આવ્યું. અહીંયાં મુંબઈના સિદ્ધિવિનાયકના મંદિરમાં એક મુસલમાનને ટ્રસ્ટી બનાવવામાં આવ્યો છે. દક્ષિણ ભારતમાં મંદિરોમાં અનામતવાદ ઘુસાડવામાં આવી રહ્યો છે. સરકારી મંત્રીઓની નિમણુંકમાં અનામતવાદ અનુસરાતો નથી પણ મંદિરોપર તેને લાદવા માંગે છે. સાંભળવામાં આવ્યું છે કે હાલમાં શ્રીતિલકાયત મહારાજને બરખાસ્ત કરીને કોઈક હરિજનને પૂજારી તરીકે નિમણુંક કરવાનો દાવો રાજસ્થાનની વડી અદાલતમાં માંડવામાં આવ્યો છે. જોકે જાહેર મંદિર પુષ્ટિમાર્ગીય હોઈ શકતા નથી; અને પુષ્ટિમાર્ગીય સેવા કે સેવાસ્થલ જાહેર હોઈ શકતા નથી. છતાંય જાહેર મંદિરોના મોહમાં આપણા પુષ્ટિપ્રભુની સાથે આપણે કેવો હિચકારો વિશ્વાસઘાત કરી રહ્યા છીએ. એનો આ તબક્કે ગંભીર વિચાર અનિવાર્ય બન્યો છે.

હાલમાં તામીલનાડુમાં દોઢસો જેટલા મંદિરોમાં બિરાજમાન મૂર્તિઓને પુરાતત્ત્વ-સંરક્ષણ-મ્યુઝીઅમમાં મૂકવાનો



સરકાર વિચાર કરી રહી છે. આપણા પુષ્ટિસ્વરૂપોની તેવી ગતિ ન થાય તેવી કાળજી લેવાની એક પુષ્ટિમાર્ગીય તરીકે આપણી ફરજ નથી શું? ત્યાં દક્ષિણમાં શરુઆતમાં જાહેર મંદિરોને જાહેર ટ્રસ્ટ તરીકે ઘોષિત કરવામાં આવ્યા હતા, તે વખતે આ પરિણામોની ગણતરી કોઈએ પણ કરી નહીં, આજે બહુ મોડું થઈ ગયું છે.

પુષ્ટિમાર્ગીય મંદિરોઉપર પણ જાહેર ટ્રસ્ટના કાયદાની ક્રૂર દૃષ્ટિ પડવા મંડી છે. જતે દહાડે સરકારી સકંજો વધારે મજબૂત બનતો જશે. એટલે આપણા સેવ્યસ્વરૂપો પણ અન્તે મ્યુઝીઅમમાં બિરાજતા થઈ જશે. એ આઠમું ભયસ્થાન કોઈ પણ પુષ્ટિજીવના હૃદયમાં જો હડકંપ ન મચાવતો હોય તો તેને પુષ્ટિમાર્ગ છોડી દેવો જોઈએ.

(૯) આપણી સેવાપ્રણાલી જાહેર મંદિરોને માફક આવે તેવી નથી. તેમજ જાહેર મંદિરો આ સેવા-પ્રણાલીની નાજુકતાને જાળવી નથી શકતા. મોટા ભાગની સેવા ટેરાની ભીતર થતી હોવાથી, મર્યાદામાર્ગીય મંદિરોની માફક, આપણાં મંદિરોમાં સવારથી રાત સુધી દર્શન ખુલ્લાં રાખી શકાતાં નથી. તેથી થોડા સમયમાટે ખુલવામાં આવતા દર્શનોમાં ધક્કામુક્કી-ભીડંભીડાની ભારે ધાંધલ ઉભી થઈ જતી હોય છે. એક દેવસ્થાનોચિત શાંતિ-શિસ્ત જળવાતી નથી. તે સિવાય સેવામાં અનિવાર્ય ગણાતા અપરસના નિયમો પણ એક ગૃહસ્થ પોતાના ખાનગીમાં પાળે તેમાં તો કોઈ વાંધો લઈ શકતો નથી; પણ તાજેતરમાં શ્રીનાથદ્વારાની બાબતમાં રાજસ્થાન હાઈકોર્ટનો ચુકાદો આનું જ્વલંત ઉદાહરણ છે કે જાહેરમાં તે અપરસના નિયમો હવે ભૂતકાલના ઈતિહાસમાંજ બાકી રહેવાના છે. જાહેરમાં કોઈ પણ જાતની આભડછેડ ગુનો છે. સામાજિક નહીં તો કાનૂની; અને કાનૂની નહીં તો ફેશની ગુનો તો થઈજ ગયો છે.

તેથી જાહેર મંદિરો ચાલશે તો આપણી સેવાની પ્રણાલી નહીં ચાલે; અને સેવાની પ્રણાળિકા જો નભાવવી હોય તો જાહેર મંદિરો નહીં ચાલે. અન્તે, જો તે જડ પ્રણાળિકાનો આગ્રહ છોડવોજ પડતો હોય તો, એક ગૃહસ્થીના ઘરમાં જેવી કે જેટલી પ્રણાળિકા નભી શકે તેટલી નભાવીને, પોતાના ઘરમાંજ ભગવત્સેવા કરવાનો સિદ્ધાન્તસંમત આગ્રહ રાખવામાં શો વાંધો છે? કોઈ પણ સંજોગોમાં શ્રીમહાપ્રભુદ્વારા ઉપદિષ્ટ સિદ્ધાંત કરતાં પણ ભોગ-રાગ-શૃંગાર-અપરસની પ્રણાલીનું મહત્ત્વ જો આપણે વધારે સ્વીકારતા હોઈએ તો પણ તેનો નભાવ જાહેર મંદિરોમાં દિવસે-દિવસે અશક્યજ બનતો જશે, આ નવમું ભયસ્થાન છે, તેને ક્યા ઉપાયોથી દૂર કરવું?

નવના આંકડાને પૂર્ણ સંખ્યા માનવામાં આવે છે. એટલે જે કોઈ બાબતમાં નવ ભયસ્થાન હોય તેને સંપૂર્ણપણે ભયાવહ અને ભયાવહ સિવાય બીજું કશું નથી એમ સ્વીકારી શકાય છે!

ખૈર, આ તો મજાકની વાત છે પણ વાસ્તવિકતાથી તો સિદ્ધાંતવૈપરીત્યજ દરેક બુદ્ધિમાન્ પુષ્ટિમાર્ગીયનેમાટે મોટું ભયસ્થાન તરીકે સ્વીકાર્ય હોવું જોઈએ.

(૪/ઘ)ભાગમાં કહેવામાં આવ્યું છે કે પૂર્વજોએ જે હિમ્મત અને સાહસ થી વિપરીત સંજોગોમાં મંદિરમાટે કાર્ય કરેલ તે આદર્શ લક્ષમાં રાખીને દૂષણો ટાળી શકાય છે. હકીકતમાં પૂર્વજો તો ગૃહસેવામાંજ માનતા હતા, તેનું પ્રમાણ: આપણા સેવોપયોગી સ્થલને કદી પણ આપણે 'મંદિર' ન્હોતા કહેતા પણ 'હવેલી' કહેતા હતા. આજે તે ખાનગી હવેલિઓનો જાહેર મંદિર તરીકે ઉપયોગ કરવાના પાપને કારણે 'હવેલી'નો અર્થ પણ કાનૂની વર્તુળમાં 'પુષ્ટિમાર્ગીય જાહેર મંદિર' થઈ ગયો છે.

ન્યાયાલયોમાં અમરેલીની હવેલી, પોરબંદરની હવેલી, નડિયાદની હવેલી, નાથદ્વારાની હવેલી, મુંબઈની મોટી હવેલી તેમજ તાજેતરમાં જુનાગઢની હવેલી, આમ દરેકે-દરેક



હવેલી જાહેર મંદિર છે કે ખાનગી ઘર, તે બાબતના વિવાદમાં પુષ્ટિમાર્ગને જો ક્યારેક વિજય મળ્યો છે તો સિદ્ધાંતની સરખી રજુઆતને કારણેજ. જો પરાજય મળ્યો છે તો સિદ્ધાંતની ખોટી રજુઆતને કારણે. તે ક્યારેક વાદીએ કરી હશે અથવા તો પ્રતિવાદિઓએ પણ. આની હકીકતમાં જવાનો આ લેખનો અભિપ્રાય નથી. મોટે ભાગે આ દરેક દાવામાં તે-તે હવેલીના મહારાજશ્રીઓ કે વહુજીમહારાજશ્રીઓ નો પ્રતિવાદ ખાનગી ઘર હોવાનોજ હતો. વાદિઓ કાં તો સરકાર અથવા સરકારના કાન ભંભેરનાર સિદ્ધાંતદ્વેષી તથાકથિત વૈષ્ણવો હતા. મુંબઈની હવેલીના મહારાજશ્રીઓએ જો કે જાહેર મંદિર હોવાની કબૂલાત આપસી રાગદ્વેષને કારણે પોતેજ કરી હતી; પણ આજે તેઓ પસ્તાઈ રહ્યા છે. અલબત્ત દરેક સંજોગમાં આપણા સિદ્ધાંત અને વ્યવહાર ની વચ્ચે પ્રકટ થયેલ ભયંકર અંતરાલને કારણે, જ્યારે આપણે આપણા ધર્મના અનુયાયી વૈષ્ણવોની સમક્ષ સાચા સિદ્ધાન્ત કબૂલ કરતા ખંચકાઈએ છીએ તો બીજાઓને ક્યારેય સમજાવી શકીશું, એવી આશા કેવી રીતે રાખી શકાય?

કોઈપણ સંજોગમાં આપણા ગોસ્વામી બાળકોના શ્રીઠાકોરજી કે તેમની સેવામાં ઉપયોગમાં આવતું સ્થલ અને ધન તે-તે ગોસ્વામી બાલકોનું ખાનગીજ હોય છે. આ બાબતમાં કોઈ સૈદ્ધાંતિક સંશયને અવકાશ નથી. આ વાત સંપ્રદાયના વયોવૃદ્ધ વિદ્વાન્ પૂ. પા. ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી (સૂરત) ની નડિયાદના કેસમાં સાક્ષી તરીકેની જુબાની અને સુરત-વડોદરા-પાટણની તેમની હવેલીઓની બાબતમાં ચેરીટી કમિશ્નરથી લીધેલ ચુકાદાને પણ વાંચવાથી સ્પષ્ટ સમજી શકાય છે. તેથી પણ અગાઉના અમરેલી-હવેલીના કેસમાં આપણા સંપ્રદાયના સિદ્ધાંતના નિષ્ણાત વિદ્વાન્ શ્રીછગનલાલ શાસ્ત્રીજીએ જુબાની આપી હતી, તેના આધારે વડોદરા રાજ્યની ગાયકવાડ સરકારની કોર્ટે આપેલા ચુકાદા, તેમજ પોરબંદરની હવેલીના કેસમાં અમારા દાદા

નિ.લી.ગો.શ્રીગોકુલનાથજી મહારાજશ્રીએ આપેલી જુબાની, તેમજ પચાસના દાયકાના અન્તમાં અમારા પિતૃચરણ નિ.લી.ગો.શ્રી દીક્ષિતજી મહારાજે "ટ્રસ્ટ પ્રથા કે આચાર્યત્વનો ઉચ્છેદ" લેખમાળા 'મુંબઈ સમાચાર'માં પ્રકાશિત કરાવેલી હતી, તેનાથી પણ આજ વાત સિદ્ધ થાય છે. અમારા કાકા નિ.લી.ગોસ્વામી શ્રીકૃષ્ણજીવનજી મહારાજશ્રીએ પણ મુંબઈની મોટી હવેલી 'મોટા મંદિર'માં વિકૃત ન થઈ જાય તેથી 'હવેલી' નામ કાઢીને 'ગોવિન્દભવન' નામકરણ કર્યું હતું; અને પુષ્કળ સંઘર્ષ પણ કર્યો હતો. આમ આ સંપ્રદાયના વિદ્વાન્ બાળકો તો પરાપૂર્વથી ગૃહસેવાનાજ પક્ષપાતી હતાં. અમુક સિદ્ધાંતવિરુદ્ધ કૃતિઓ કે મનોવિકૃતિઓ, દા.ત., જાહેર જનતાને દર્શન કરાવવાની—શ્રીઠાકોરજીના નામે તેમનાથી ભેટ-સામગ્રી સ્વીકારવાની—પોતાને માથે બિરાજતા ઠાકોરજીને લાડ લડાવવાના મનોરથોનો ખર્ચો પોતાના ગજવામાંથી કાઢવાને ઠેકાણે બીજાના ગજવામાં હાથ નાખીને કાઢવાની અતિશય જઘન્ય કોટીની માનસિકતા વિ.વિ., કારણો સર આપણા સિદ્ધાંતો આપણે આપણી અનુયાયી જનતાને પણ સરખી રીતે સમજાવી શક્યા નહિ. તેના દુષ્પરિણામરૂપે આજે જનતા કે સરકાર ના ગળે આપણી વાતની હકીકત ઉતરતી બંધ થઈ છે.

આથી આપણા સંપ્રદાયના શરીરમાં પેસી ગયેલા જાહેર મંદિરના રોગાણુઓને જ્યાં સુધી નેસ્તનાબૂદ કરવામાં નહિ આવે ત્યાં સુધી આ સંપ્રદાય સૈદ્ધાંતિક દિવ્ય સ્વસ્થતાને મેળવી નહિ શકે. તેથી એક પુષ્ટિમાર્ગીય તરીકેનો સાચો પૌરુષ કે હિમ્મત પ્રકટ કરવાની સાચી મહત્ત્વાકાંક્ષા હૃદયમાં હોય તો સ્વગૃહસેવાના સાચા સિદ્ધાંતને નિર્ભીક થઈને કહેવાનો સમય આજે પાકી ગયો છે. જો સ્વસિદ્ધાંત કહેવામાં કોઈ જાતનો સંકોચ રાખીશું તો ભવિષ્યમાં પુષ્ટિમાર્ગના ઈતિહાસમાં આપણે નાહિમ્મત નાકાબીલ નપુંસક અનુયાયી સિદ્ધ થઈશું.



## પ્રશ્ન (૫નો સારાંશ)

**(૫/ક)વૈષ્ણવ પ્રણાલીના પ્રચાર અને પ્રસાર માટે પણ મંદિર જરૂરી છે.**

**(૫/ખ)પુષ્ટિમાર્ગમાં દરેક કોમના લોકો છે.**

**(૫/ગ)મંદિર હશે તો જે વૈષ્ણવો અન્યમાર્ગ તરફ વળી ગયા છે તેઓ આકર્ષાઈને આપણા માર્ગમાં આવશે. શું આ એક મોટું કાર્ય નથી?**

**(૫/ઘ)આ રીતે ઉત્તરોત્તર મંદિરમાટે સેવા આપનારાઓની સંખ્યા વધતી જશે અને આર્થિક પાસું સબળ થશે.**

**(૫/ઙ)સત્સંગ-હૉલથી કેવળ મર્યાદિત સંખ્યાનેજ લાભ મળશે; અને**

**(૫/ચ)પાછલા દોઢ વર્ષથી ચાલતા સત્સંગનો પ્રત્યક્ષ અનુભવ નિહાળી જુઓ, આ અખતરાથી શું લાભ થયો?**

## ઉત્તર (૫)

(૫/ક)"વૈષ્ણવ-પ્રણાલીના પ્રચાર અને પ્રસાર માટે પણ મંદિર જરૂરી છે" આ વિધાનમાં 'વૈષ્ણવ-પ્રણાલી' શબ્દને મર્યાદામાર્ગના અર્થમાં લઈએ તો વિધાન સાચું માની શકાય; પરંતુ પુષ્ટિમાર્ગના અર્થમાં લઈએ તો વૈપરીત્ય થાય છે. કેમકે જાહેર મંદિર પોતેજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સિદ્ધાંતથી વિરુદ્ધ હોવાથી તેના વડે જે પ્રણાલીનો પ્રચાર-પ્રસાર થશે તે પણ પુષ્ટિમાર્ગ-વિરોધીજ લેખાશે. જાહેર મંદિર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ-પ્રણાલીથી કેવી રીતે વિરુદ્ધ છે, તે તો આપણે જોઈ ગયા છીએ, અલબત્ત મર્યાદામાર્ગીય વૈષ્ણવ-પ્રણાલીના અર્થમાં પણ અમુક સ્પષ્ટતાઓ વિચારી

શકાય છે.

શ્રીમહાપ્રભુ એકાદશસ્કંધના—

ય આશુ હૃદયગ્રન્થિં નિર્જિહીર્ષુ: પરાત્મન:।
વિધિનોપચરેદ્ દેવં તન્ત્રોક્તેન ચ કેશવમ્ ॥
લબ્ધાનુગ્રહમાચાર્યાત્ તેન સંદર્શિતાગમ:।
મહાપુરુષમભ્યર્ચેન્મૂર્ત્યાભિમતયાત્મન:॥

( ભાગ ૧૧।૩।૪૭-૪૮ )

આ શ્લોકોઉપરની સુબોધિનીમાં સુસ્પષ્ટ શબ્દોમાં ખુલાસો આપે છે: "તત્રાપિ શીઘ્ર હૃદય ગ્રંથિ વિભેદકો વૈષ્ણવ:, પરમાત્મનો વિધિના—ન વિભૂત્યાદિપ્રકારેણ, કેવલેન પુષ્ટિમાર્ગેણ ઈતિ અર્થ:. તત્ર અશક્તૌ તંત્રોક્તપ્રકારેણાપિ કૃષ્ણમેવ ભજેત્" એટલે જો પુષ્ટિમાર્ગ પ્રમાણે પોતાને ઘરે પોતાના તનુવિત્તથી પુષ્ટિભાવોના સંગોપનની ગરિમા સાથે જે માણસ શ્રીકૃષ્ણને ભજવા સમર્થ ન હોય તેણે તંત્રોક્ત મર્યાદામાર્ગીય પ્રણાલીમુજબ શ્રીકૃષ્ણની પૂજા કરવી જોઈએ.

આ પ્રસંગે તંત્રોક્ત પૂજનપ્રણાલીનું સ્વરૂપ પણ જાણી લેવું યોગ્ય ગણાશે.

વૈષ્ણવતંત્રશાસ્ત્રમાં મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠાના બે પ્રકાર વર્ણવાયા છે:—

( ૧ ) સ્વાર્થ ( ૨ ) પરાર્થ.

'સ્વાર્થ-પ્રાણપ્રતિષ્ઠા' એટલે પોતાને ઘરે પોતે આરાધના કરવામાટે જ્યારે મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે તે. તેમજ 'પરાર્થ-પ્રાણપ્રતિષ્ઠા' એટલે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ કર્તા જ્યારે પોતાને ઘરે પોતે આરાધના કરવામાટે નહીં; પણ પારકામાટે મૂર્તિમાં કોઈ દેવની પ્રાણપ્રતિષ્ઠા જાહેર મંદિરમાં કરે અથવા કરાવે તે.

નારદપંચરાત્રની શ્રીપ્રશ્નસંહિતામાં આની વિવેચના કરવામાં આવી છે:—

સિંધુતીરે સરિત્કૂલે ગ્રામે વા વિપિનાદિકે।
પત્તને વા પર્વતાગ્રે સ્વયંવ્યક્તાદિભેદત: ॥
જગતાં ક્ષેમલાભાય દુષ્કૃતાં નિધનાય ચ।



સંસ્થિતો વાસુદેવસ્તુ પરાર્થ ઈતિ કથ્યતે ॥
સ એવ સર્વફલદ: સર્વેષાં મુક્તિ દાયક:।
તસ્માત્ સર્વજનૈ: સેવ્ય: પરાર્થ: પુરુષોત્તમ: ॥
બ્રાહ્મણૈ: ક્ષત્રિયૈ: વૈશ્યૈ: શૂદ્રાદ્યૈ: સ્વસ્વસદ્મનિ।
સ્થાપિતો દેવદેવસ્તુ સ્વાર્થ ઈત્યભિધીયતે ॥
પશ્વારામ-ગૃહ-ક્ષેત્ર-પુત્રાદ્યા: સ્વાર્થસંપદ:।
તન્માત્રદાનાત્ તદ્દેવ: સ્વાર્થ: સંપરિકીર્તિત: ॥
પરાર્થ: સૂર્યસદશ: સ્વાર્થસ્તુ ગૃહદીપવત્।

એટલે સાગરકાંઠે નદીકાંઠે ગામમાં કે જંગલમાં જે, સ્વયંપ્રકટ કે સ્થાપિત કરવામાં આવેલી, વાસુદેવની મૂર્તિ હોય છે તેને 'પરાર્થ' કહેવામાં આવે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, વિગેરે જ્યારે પોત-પોતાના ઘરમાં આરાધના કરવામાટે દેવાધિદેવની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરાવે ત્યારે તે 'સ્વાર્થ' કહેવાય છે. ફક્ત પોતાનાજ પશુ, વાડી, ઘર, ખેતર, ભૂમિ અથવા તો પુત્રાદિ-પરિવાર નો જ્યારે કોઈ દેવમૂર્તિની આરાધનામાટે ઉપયોગ લેવામાં આવે ત્યારે તે દેવ 'સ્વાર્થ' કહેવાય છે. પરાર્થ-દેવ સૂર્યની માફક જગત્‌ને પ્રકાશ આપવામાટે હોય છે જ્યારે સ્વાર્થ-દેવ ઘરને પ્રકાશ આપવામાટે ગૃહદીપની માફક હોય છે.

નારદપંચરાત્રની જયસંહિતામાં એ પણ ખુલાસો કરવામાં આવ્યો છે કે પરાર્થ-દેવની પૂજાનો ઉત્તમ અધિકારી તો સંન્યાસી ભિક્ષુક કે અપરિગ્રહી જ હોય છે—"અપરિગ્રહવાન્ યો વૈ તેન સંપૂજ્યેત્ પ્રભુમ્" આ પરાર્થ પૂજામાટે કોનું દ્રવ્ય ચાલે કે કોનું ન ચાલે એ બાબતમાં પણ બહુ અગત્યનો ખુલાસો આપવામાં આવ્યો છે. ચોર પતિત ચાંડાલ દંભી લોભી અહંકારી અથવા તો અભક્ત ના દ્રવ્યથી પૂજન કરવું જોઈએ નહિ—"માત્રાવિત્તં ન ગૃહ્ણીયાદ્ અભક્તાદ્ ઉપચારત:" ( ૨૨।૧૧ ).

આ સિવાય સ્વાર્થપ્રતિષ્ઠાપિત દેવની બાબતમાં એક ઉલ્લેખનીય ખુલાસો આ આપવામાં આવ્યો છે કે પોતાના આરાધ્ય ભગવદ્‌વિગ્રહને નગરોમાં, બજારોમાં. શેરિઓમાં

પોતાની આજીવિકામાટે પ્રદર્શન કરનાર દેવલકની સાથે સંભાષણ દર્શન કે સ્પર્શન નો વ્યવહાર પણ રાખવો જોઈએ. નહીં—"ગૃહીત્વા ભગવદ્બિમ્બં વૃત્ત્યર્થમ્ અટતીહ યો નગરાપણવીથીષુ તસ્ય દેવલકસ્ય ચ દર્શનં સ્પર્શનં નૈવ કુર્યાત્ સંભાષણં તથા" (જય.સં. ૨૧૨૦).

આ શ્લોકના ભાષ્યમાં એક શંકા ઉઠાવવામાં આવી છે કે આજીવિકામાટે ભગવન્મૂર્તિનો આવો દુરુપયોગ સ્વાર્થ-પ્રતિષ્ઠાપિતની માફક પરાર્થ-પ્રતિષ્ઠાપિતની બાબતમાં પણ સંભવી શકે છે, છતાંય કેવલ સ્વાર્થ-પ્રતિષ્ઠાપિત મૂર્તિને અનુલક્ષીનેજ કેમ નિષેધ કરવામાં આવ્યો છે? આનું સમાધાન આપતા ભાષ્યકાર કહે છે મંદિરમાં સ્થિત પરાર્થ વિગ્રહનો કોઈપણ વૃત્યર્થ ઊપયોગ કરીજ નથી શકતો, કેમકે મંદિરની વ્યવસ્થા તો પોતે રાજાઓને તાબે હોય છે.

આથી સિદ્ધ થાય છે કે આધુનિક યુગમાં જેમ જાહેર મંદિરો સરકારના અંકુશમાં જઈ રહ્યા છે, તેમ પ્રાચીન કાળમાં પણ જાહેર મંદિરોની વ્યવસ્થા રાજાઓજ પોતે સંભાળતા હશે. તે છતાંય આધુનિક યુગ અને પ્રાચીન યુગ વચ્ચે એક મોટો તફાવત આ છે કે તે વખતના રાજાઓ પોતે ધાર્મિક હતા, જ્યારેકે આજે રાજ્ય બિનધાર્મિકજ ફક્ત નહિ; પરંતુ બહુમતી કોમ પ્રત્યે તેમના ધર્મના કે ધાર્મિક હકકોના સંરક્ષણની કોઈપણ જવાબદારી સાથે બંધાયેલું નથી. લઘુમતી કોમના ધાર્મિક હકકોના સંરક્ષણની કેટલી બધી જવાબદારી સરકારની છે કે તેમના ધર્મની નિંદા કરનારી ચોપડીઉપર સરકારને પ્રતિબંધ લગાવવો પડે છે, જ્યારેકે આપણા આરાધ્યદેવ શ્રીરામ અને શ્રીકૃષ્ણ ની નિંદા કરનારી ચોપડી છપાવવામાટે મહારાષ્ટ્ર સરકારને હાલમાં લાચાર થવું પડ્યું છે.

આથી એવા રાજ્યને તાબે થાય તેવા દેવમંદિર ચલાવવામાં આપણા ધર્મનું સંરક્ષણ કેટલું થઈ શકે છે તે શાંત ચિત્તથી વિચારવા જેવું નથી શું? આવી બિનધાર્મિક



સરકાર આપણાં મંદિરોની વ્યવસ્થા સંભાળવાને બહાને તે મંદિરોમાં વિધર્મિઓને વ્યવસ્થાપક નીમે છે. દક્ષિણમાં ઘણા બધા હિન્દુમંદિરો દ્રાવિડ મુન્નેત્ર કળગમ દળની ઓફીસમાં ફેરવાઈ ગયા, એટલુંજ નહિ પણ તે મંદિરોની મૂર્તિઓ મ્યુઝીઅમમાં બિરાજતી થઈ ગઈ. આપણો તો સંપ્રદાય મહદ્ અંશે નિષ્ઠાહીનોનો મેળાવડો છે; પરંતુ શૃંગેરી મઠના તાબામાં રહેલી આદ્ય શ્રીશંકરાચાર્યની જન્મભૂમિ પણ ત્યાંની સરકારે પચાવી પાડી છે. જ્યારે કે ચર્ચ કે મસ્જિદ ની ભૂમિ સરકાર પોતાના તાબામાં લઈ નથી શકતી, કેમકે લઘુમતીના હકકોની આપણા બંધારણે બાંહેધરી આપી છે. વળી તેમના વોટ પણ ચૂંટણી જીતવામાં નિર્ણાયક નિવડતા હોય છે. હિન્દુધર્મના પ્રચાર-પ્રસાર કરવાના હેતુથી નવું ટ્રસ્ટ બનાવવા જઈએ તો ટેક્સ ઍક્ઝંપ્શન મળી શકતું નથી; પરંતુ મુસલમાન-ઈસાઈઓને તે છૂટ ધાર્મિક ટ્રસ્ટ બનાવતા મળી રહે છે. જૂના હિન્દુમંદિરોને વળી ટ્રસ્ટ બનાવતાં ઍક્ઝંપ્શન આપે છે, કેમકે નહિ તો લોકો ટ્રસ્ટજ નહીં બનાવે! આનો અર્થ એકજ કે હિન્દુધર્મના નવા ટ્રસ્ટ બનવા દેવા નહીં અને જૂનાને જેમ બને તેમ પોતાને તાબે કરવા. આવા કાયદાઓથી કંટાળીને રામકૃષ્ણમિશને અન્તે સ્વીકારી લીધું કે તેઓ હિન્દુ નથી. એમ આપણે પણ કોર્ટમાં પુરવાર કરી શકીએ કે પુષ્ટિમાર્ગિઓ હિન્દુ નથી તો-તો જાહેર મંદિરો કદાચ આપણા ધર્મના પ્રચાર-પ્રસારના લાંબે ગાળે વિશ્વસનીય ઉપાય તરીકે માન્ય થઈ શકે છે. અન્યથા આજના સંજોગોમાં તો તે વાત વિશ્વસનીય લાગતી નથી.

હવે કેટલાક આપણા પુષ્ટિમાર્ગીયોજ કે જેઓને નથી મર્યાદાભક્તિના સાચા સ્વરૂપનું શાસ્ત્રીય જ્ઞાન, કે નથી સ્વમાર્ગીય ગ્રન્થોને આધારે પુષ્ટિભક્તિના સાચા સ્વરૂપનો અભ્યાસ, તેમજ નથી જૂના ઐતિહાસીક કાયદા કે પરંપરા ની પ્રામાણિક માહિતી, કે નથી આધુનિક કાયદા-કાનૂનની બારીકનો કોઈ ખ્યાલ, તેવા લોકો પોતાના ક્ષુદ્ર સ્વાર્થને

વશીભૂત થઈને બેફામ બફાટ કરતા હોય છે કે જૂના જમાનામાં આપણાં મંદિરો રાજ્યાધીન હતા, તો આજે પણ રાજ્યનું નિયંત્રણ સ્વીકારવામાં વાંધો શેનો આવી ગયો ?

આમાં ધીરજ રાખીને સમજવાની વાત આ છે કે જૂના જમાનામાં આપણી અંગત માલીકીની કોઈપણ સંપત્તિ એવી અંગત ન્હોતી કે જેના અંગત હોવાને કારણે તેનાઉપરથી રાજાનું સ્વામિત્વ હટી જતું હોય. રાજાઓએ એનાયત કરેલ જમીન, ઘર, ખેતર, ગામ, લાગો કે રોકડ વિગેરે જેવી રીતે આપણા અંગત કહેવાતા તેવી રીતે રાજાનું પણ સ્વામિત્વ તો રહેતુંજ હતું. દા.ત. સિંહાડ ગામ મૂળમાં ત્યાંના લોકોને આપેલી જાગીર હતી; પરંતુ ટીકેત મહારાજશ્રીએ જ્યારે શ્રીનાથજીની સેવા કરવા ત્યાં પોતાનો નિવાસ રાખવો નિર્ધાર્યો, ત્યારે ઉદયપુર મહારાણાએ તે લોકો પાસેથી લઈને સિંહાડ ગામ ટીકેત મહારાજશ્રીને ભેટ કરી દીધું. એટલેજ તો 'પ્રજા' શબ્દનો અર્થ પણ જનતા તેમજ સંતતી આમ બન્ને રીતનો સ્વીકારવામાં આવ્યો છે. જેમ ગૃહસ્થીમાં પિતા-સંતતીનું અવિભક્ત સ્વામિત્વ હોય છે તેમ રાજા-પ્રજાનું પણ અવિભક્ત સ્વામિત્વ હતું.

આજે તો સરકારે તેથી વિપરીતતયા, ખાસ કરીને મંદિરોની બાબતમાં ૬—૭ પ્રકારના સ્વામિત્વનું વર્ગીકરણ સ્વીકાર્યું છે :—

(૧) અંગત હિતમાટે અંગત સ્વામિત્વવાળા મંદિર.

(૨) દેવમૂર્તિના હિતમાટે અંગત સ્વામિત્વવાળા મંદિર.

(૩) દેવમૂર્તિના હિતમાટે સરકારી વ્યવસ્થા-સ્વામિત્વવાળા મંદિર.

(૪) દેવમૂર્તિના હિતમાટે સરકારી સ્વામિત્વ, પણ, ખાનગી વ્યવસ્થાવાળા મંદિર.

(૫) દેવમૂર્તિના હિતમાટે સાર્વજનિક સ્વામિત્વવાળા મંદિર.



(૬) જાહેર જનતાના હિતમાટે જાહેર જનતાના સ્વામિત્વવાળા મંદિર.

આવી કાયદાકીય બારીકિઓની સાથોસાથ સેવા સંબંધી પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોની સંવાદિતાના તારતમ્યનો ઊંડો વિચાર કર્યા વિના કેવલ દ્રવ્યોપાર્જનના હેતુથી અથવા તો ટેક્સ બચાવવાના હેતુથી ટ્રસ્ટ બનાવીને જાહેર મંદિરોના ધીકતા ધંધા ચલાવતા રહેવાનું દુષ્પરિણામ આજે એ આવ્યું કે આપણા સાચા સિદ્ધાંતોને નથી કોર્ટ માન્ય કરવા તૈયાર કે નથી જનતા માન્ય કરવા તૈયાર! તે તો ઠીક પરંતુ જેનાઉપર આ સંપ્રદાયના ધાર્મિક ઉપદેશ કરવાની જવાબદારી છે તેઓ પણ તેને કહેતા કાં તો ગભરાય છે અથવા શરમાય છે. શાંત ચિત્તથી વિચારવાનું રહ્યું કે અધ્યાપક જો વિદ્યાર્થીને ભણાવતા ગભરાય કે શરમાય અથવા ડૉક્ટર દરદીની ચિકિત્સા કરતા ગભરાય કે શરમાય તો તેવા વિદ્યાલયના વિદ્યાર્થીની અથવા ચિકિત્સાલયના દરદીની શી ગતિ થાય? એટલે બધાજ પાસાઓનો ઊંડો વિચાર કર્યા વિના ક્ષુદ્ર સ્વાર્થ કે ભીતિ થી પ્રેરિત થઈને સાચા સિદ્ધાંતને ઢાંકવામાં—નથી સંપ્રદાયનું સાચું હિત કે નથી આ સંપ્રદાયના ધર્મગુરુઓની વાસ્તવિક ગરિમાનું સંરક્ષણ!

આ દિવસના અજવાળામાં દેખાતી એક હકીકત છે, છતાંય કોઈપણ જાતના ભાન વિનાના કેટલાક ભાણજીભાઈ દલીલ કરતા હોય છે: ગો.બાળકોના શ્રીઠાકોરજીની સામે જો વૈષ્ણવ જનતાને બ્રહ્મસંબંધ આપી શકાય તો એમનું દ્રવ્ય નિત્યક્રમની સેવા-સામગ્રીમાટે કે મનોરથની સેવા-સામગ્રીમાટે સ્વીકારવામાં કેમ વાંધો પડી જાય છે?

આવા વિધાનોની પાછળ નથી બૌદ્ધિકતાનો પાયો કે નથી સ્વસિદ્ધાંત સ્વસંપ્રદાય કે સ્વારાધ્ય પ્રભુને માટે શ્રદ્ધાભાવનો પાયો.

વ્યક્તિએ શું કરવું કે શું નહિ કરવું તે વ્યક્તિગત રુચિ આવશ્યકતા સામર્થ્ય અને સાનુકૂલતા નો પ્રશ્ન હોઈ

શકે છે; પણ સમાજમાં જ્યારે આપણે કોઈ આયોજન સાંપ્રદાયિક ગતિવિધિના રૂપમાં રજૂ કરતા હોઈએ ત્યારે, ઉપર જણાવેલ રુચિ વિગેરે વ્યક્તિગત બાબતો ગૌણ બની જતી હોય છે. તેમાં જો સૈદ્ધાંતિક સુસંગતિનો ખ્યાલ નહિ રાખીએ તો આ પુષ્ટિમાર્ગ કે વલ્લભ-સંપ્રદાય ના નોખા ફાટાને નાહક ચલાવવાની કોઈ અપેક્ષાજ નથી રહી જતી. સામાન્ય હિન્દુધર્મમાં પછી શી ઉણપ છે? શામાટે નોખા-નોખા ફાટા પાડીને હિન્દુધર્મને છિન્ન-ભિન્ન કરવો જોઈએ! અન્તે કોઈક સૈદ્ધાંતિક વિલક્ષણતાને કારણે નોખો સંપ્રદાય જરૂરી બનતો હોય તો તે સંપ્રદાયની નોખી ફાટ પાડ્યા પછી તેના મૌલિક સિદ્ધાંતોને ભુલાવી દેવા, તે પોતાના સંપ્રદાયના સંસ્થાપક આચાર્યની સાથે શું હિચકારી આવે તેવો વિશ્વાસઘાત નથી?

દા.ત. શ્રીમહાપ્રભુની "યદ્ યદ્ ઈષ્ટતમં લોકે" આજ્ઞા તેમજ શ્રીહરિરાયજીની "સેવાયાં લૌકિકી રીતિ:" આજ્ઞાના અનુસાર આપણે સવારે-બપોરે-સાંજે તેમજ જુદી-જુદી ઋતુઓમાં તે-તે ભાંતે શ્રીઠાકોરજીને જગાડીએ પોઢાડીએ, સ્નાન કરાવીએ, વસ્ત્ર ધરાવીએ, અત્તર ભોગ-સામગ્રી રાગ વિ. સમર્પીએ છીએ. હવે કોઈ દુષ્ટબુદ્ધિ એમ કહે કે એટલો ભોગ ધરો છો તો બાલભાવથી શ્રીઠાકોરજીને મળમૂત્રનો ત્યાગ કેમ નથી કરાવતા? તો શું લૌકિક બાળકની માફક સ્નાન પહેલાં શ્રીઠાકોરજીને મળમૂત્રનો ત્યાગ કરાવવાની પણ સેવા કરવી? સર્વથા નહિ, નહિ ને નહિજ. સેવાની બાબતમાં જે લૌકિક રીત સ્વીકારવામાં આવી છે, તેનેજ અનુસરવી બધી લૌકિક રીતને નહિ. તેમજ વૈષ્ણવોને ગો. બાળકોના શ્રીઠાકોરજી સામે બ્રહ્મસંબંધ આપી શકાય છે; પરંતુ "તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા"—"ગૃહે સ્થિત્વા...ભજેત્ કૃષ્ણમ્"—"દાને હિ ન સ્વવિનિયોગ:"—"લોકે સ્વં ભગવદ્ભાવમનાવિષ્કુર્વન્" વિગેરે આજ્ઞાઓથી સદંતર વિરુદ્ધ હોવાથી જાહેર મંદિરો આ માર્ગમાં હોઈ શકતા નથી અથવા તો જાહેર મંદિરોમાં કરવામાં આવતી સેવા પુષ્ટિમાર્ગીયજ



માની શકાતી નથી.

તેથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવપ્રણાલીના પ્રચાર-પ્રસારમાટે મંદિર જરૂરી નથીજ. એટલુંજ નહિ બલ્કે તે પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત ભાવના અને સમગ્ર સંપ્રદાયના હિત થી તદ્દન વિરુદ્ધ વર્તણુંક છે, આ પણ સિદ્ધ થાય છે.

(૫/ખ)પ્રશ્નકર્તા ભાઈ કહે છે: "પુષ્ટિમાર્ગમાં દરેક કોમના લોકો છે".

જો કે આ વિધાનમાં નિષ્કર્ષ સ્પષ્ટ શબ્દોમાં કહેવાયો નથી, છતાંય અંતર્ગર્ભિત આશયની સંભાવનાઓ કરી શકાય છે.

જેમ કે:—

(૧) પુષ્ટિમાર્ગમાં દરેક કોમના લોકો છે, તેથી જાહેર મંદિર હોવું અનિવાર્ય છે. એટલે કે જો જાહેર મંદિર ન હોય તો દરેક કોમના લોકો પુષ્ટિમાર્ગ કે પુષ્ટિધર્મ ને વળગીને રહી નહીં શકે.

(૨) પુષ્ટિમાર્ગમાં દરેક કોમના લોકો છે, તેથી દરેક પુષ્ટિસ્વરૂપ દરેક કોમના લોકોમાટે સેવ્ય કે આરાધ્ય હોય છે.

(૩) પુષ્ટિમાર્ગમાં દરેક કોમના લોકો છે, તેથી દરેક પુષ્ટિસ્વરૂપની સેવા કરવામાટે દરેક કોમના દરેક લોકો સૈદ્ધાંતિક અથવા તો કાનૂની અધિકાર ધરાવે છે.

(૪) પુષ્ટિમાર્ગમાં દરેક કોમના લોકો છે, તેથી પોત-પોતાને ઘરે પોતાને માથે બિરાજતા પુષ્ટિપ્રભુની પોતાના તન-મન-ધનથી સેવા કરવાનો સિદ્ધાંત હવે અપ્રાસંગિક કે અવ્યવહારૂ બની ગયો છે.

(૧) પુષ્ટિમાર્ગમાં તો શ્રીમહાપ્રભુ અને શ્રીપ્રભુચરણ ના સમયમાં પણ દરેક કોમના લોકો હતા; પરંતુ એ દેશના ખૂણે-ખૂણામાં પર્યટન કરીને પિતા-પુત્રે પોતાના બ્રહ્મસંબંધી અનુયાયિઓને તેઓના ઘરમાંજ સેવા કરવામાટે સેવ્યસ્વરૂપો પધરાવી આપ્યા હતા. જાહેર મંદિરો ન્હોતા ખોલ્યા.

આજે ઘણા લોકો સમજ્યા વિના આવું વિધાન કરતા હોય છે કે તે વખતે કેમકે મુસલમાની રાજાઓ આપણા મંદિરો તોડી નાખતા હતા તેથી વિધર્મી અત્યાચારીઓને છકાવવામાટે, શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણે પોતાના ઘરમાંજ સેવા.કરી લેવાની ચતુરાઈ દાખવી હતી!

શ્રીનાથજીનું સ્વરૂપ જાહેર જનતાનું છે કે ગોસ્વામી તિલકાયત મહારાજશ્રીનું અંગત કે પારિવારિક તેના વિવાદમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ શ્રીગજેન્દ્ર ગડકર કહે છે :—

> It is true that Vaishnav temples of vallabh sect are generally described as Havelies and though they are grand inside, the outside appearance is always attempted to resemble that of a private house. This feature can, however, be easily explained if we recall the fact that during the time when Vitthalnathji with his great missionary zeal spread the doctrine of Vallabh, Hindu temples were constantly faced with danger of attack from Aurangzeb''(AIR 63 S.C. 1638 Para 21)

એટલે કે આ વાત ખરી છે કે વાલ્લભ સંપ્રદાયના મંદિરો 'હવેલી' તરીકે વર્ણવાય છે અને ભીતરથી તેઓ વિશાલ હોવા છતાંય બહારથી તેમનો દેખાવ હંમેશાં અંગત ઘર જેવો રાખવામાં આવે છે. આ લાક્ષણિકતાની વ્યાખ્યા સરલતાથી આમ થઈ શકે છે, જો આપણે એક હકીકતને ધ્યાનમાં રાખીએ કે, જ્યારે વિટ્ઠલનાથજી વાલ્લભ સિદ્ધાંતોનો મિશનરી ઉત્સાહ સાથે પ્રચાર કરી રહ્યા હતા ત્યારે હિન્દુમંદિરોઉપર ઔરંગઝેબના આક્રમણનું ભય સતત તોલાતું રહેતું હતું.

હવે પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતગ્રન્થો અને ઈતિહાસ નું સાધારણ અધ્યયન કરતા પણ આ વાત સ્પષ્ટરૂપે જાણી શકાય છે કે પોતાના ઘરમાં ભગવત્સેવા કરવાનો સિદ્ધાંત વિધર્મી રાજાઓના અત્યાચારના તાત્કાલીક પ્રતીકારના ઉપાયરૂપે



ઉપદેશવામાં આવ્યો નથી. તે તો શાશ્વત મૂલ્યઉપર અવલંબિત એક જીવનદષ્ટિ તરીકે રજૂ કરવામાં આવ્યો છે. તેથીજ ભક્તિવર્ધિનીમાં સ્પષ્ટ શબ્દોમાં શ્રીમહાપ્રભુ વિધાન કરે છે :—

> બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મત:।
> અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં............॥
> (ભ. વ. ૨).

આ વિધાનની વ્યાખ્યા કરનાર સર્વશ્રી બાલકૃષ્ણલાલજી, ગોકુલનાથજી, રઘુનાથજી, કલ્યાણરાયજી, હરિરાયજી, ગોપેશ્વરજી, વલ્લભજી, બાલકૃષ્ણજી અને ગિરધરજી આમ બધાજ વ્યાખ્યાકારો એકમતથી સ્વીકારે છે કે પોતાના ઘરમાં પોતાને માથે બિરાજતા શ્રીઠાકુરજીની સેવામાં પરાયણ થવાથીજ ભક્તિનો બીજભાવ દૃઢ થઈ શકે છે.

તાજેતરમાં કોઈક વલ્લભભાઈએ કોઈક ઍડ્વોકૅટના નામથી લખાયેલ એક અગડંબગડં લેખ મોકલાવ્યો છે. આમાં આ પ્રશ્નોત્તરીના મુદ્દાઓઉપર વગર વિચારે જેવા-તેવા વિધાનો કર્યા છે. તે પૈકી આ ભક્તિવર્ધિનીના બીજા શ્લોકઉપરની શ્રીપુરુષોત્તમજીએ લખેલ વ્યાખ્યામાં—"ગૃહે સ્થિત્વા" નો "ગૃહસ્થાશ્રમે સ્થિત્વા" જે અર્થ કર્યો છે તેના આધારે સ્વગૃહમાં ભગવત્સેવાના સિદ્ધાંતની આવશ્યક્તાને અસ્વીકાર કરવાનો પ્રયાસ કર્યો છે. તે છતાંય તૃતીય, ચતુર્થ, પંચમ દ્વિતીય ગૃહપીઠોના આચાર્ય વ્યાખ્યાકારોએ જે "ગૃહે સ્થિત્વા" નો અર્થ ઘર કર્યો છે તે બાબતમાં મૌનસેવન કર્યું છે. તેથી, "જો કાર્ય નિષિદ્ધ નહીં હૈ વહ અનુજ્ઞાત માના જાના ચાહિયે" એવા અર્થાન્વયનના પોતે કબૂલેલ સિદ્ધાંતમુજબ તેમને પણ ગૃહસેવા માન્ય છે, તેમ સિદ્ધ કરી દીધું છે. વળી 'ગૃહસ્થ' નો મતલબ જો ઘરમાં રહેનાર હોય અને તે સિદ્ધાંતનો શ્રીપુરુષોત્તમજીએ નિષેધ કર્યો ન હોય તો શ્રીપુરુષોત્તમજીને પણ ગૃહસેવાનો સિદ્ધાંત અનુમત છે, એમ સિદ્ધ થાય છે. આ તો ઍડ્વોકૅટ ભાઈની બાળીશ બુદ્ધિની સામે રજૂ કરેલ એક યુક્તિવાદની આરસી છે! હકીકતમાં તો પોતે શ્રીપુરુષોત્તમજીનો આ બાબતમાં જે નિર્ણાયક અભિપ્રાય છે તે તો એમની

આ પંક્તિથી સ્પષ્ટ થાય છે—"'આચાર્ય કુલાદ્'ઈતિ શ્રુત્યુક્તરીત્યા ગૃહ એવ સ્થિત્વા ભગવદ્ભજનં કર્તવ્યં સ્વધર્મરહસ્યં ચ ગોપનીયમિતિ સિદ્ધમ્" (અણુભાષ્ય પ્રકાશ). એટલે ગૃહસેવાની અનિવાર્યતાનો પુષ્ટિમાર્ગમાં વિરોધ કે ખંડન કરનારા મૂરખરાયો પોતાના પૂર્વજોનું ખંડન કરવાના પાપને વ્હોરે છે. તેની બાબતમાં શ્રીજગદીશજીએ શું વિધાન કર્યું છે તેના પુનરાવર્તનની આપણને અપેક્ષા નથી. ઍડ્વોકૅટના ખોટા નામથી લેખ લખનારાઓમાં નૈતિક બૌદ્ધિક અથવા સ્વધર્મનિષ્ઠા નું જો સાહસ હોત તો આવા અગડં-બગડં લેખ લખવાની વલ્લભભાઈના મિત્ર-મહોદયને જરૂરતજ ન રહેત. અસ્તુ...

આમાંના કોઈપણ વ્યાખ્યાકાર એમ નથી કહેતા કે વિધર્મી અત્યાચારી રાજાઓ આપણા મંદિરોને તોડી નાખે છે, તેથી ઘરમાંજ સેવા કરવી. શ્રીગોકુલનાથજી તો સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે પોતાને ઘરે ભગવત્સેવાના પ્રકારથી ભિન્ન કોઈ પ્રકાર આપણે ત્યાં ભગવત્સેવાનો છેજ નહીં. શ્રીગોકુલનાથજી તો શ્રીહરિરાયજીનાં ગુરુ થાય અને તેથી શ્રીહરિરાયજી (દ્વિતીય ગૃહપીઠના પ્રભાવશાલી ગોસ્વામી મહાનુભાવ) આજ્ઞા કરે છે કે તનુવિત્તજા સેવા પોતાના ઘરમાંજ કરવી જોઈએ, પરંતુ તે જો નભતી ન હોય તો ગૃહત્યાગ કરીને જે કોઈ ભગવદીય સ્વગૃહમાં સેવાકથાપરાયણ હોય તેને ઘરે ભગવત્કથા-શ્રવણાર્થ જવું (મંદિરે જવાની વાત તેમણે કહી નથી). નિબંધમાં શ્રીમહાપ્રભુ મુક્તિ કરતાંય વધુ શ્રેષ્ઠ પોતાને ઘરે ભગવત્સેવાપરાયણ બની જીવનયાપન કરવું તેને ગણે છે. સુબોધિનીમાં પણ આપ આજ્ઞા કરે છે કે પોતે ભગવદીય હોવાથી ઘરમાં રહેવાનું ઔચિત્ય સિદ્ધ થઈ જતું નથી. કાં તો ભગવાન્‌ની સાથે અથવા તો ભગવત્સેવામાટે ઘરમાં રહેવું ઉચિત છે, અન્યથા ઘર છોડી દેવું જોઈએ.

આ દિવ્ય સિદ્ધાંત આપણને શિરોધાર્ય શાસ્ત્ર શ્રુતિ-સ્મૃતિ-સૂત્ર-પુરાણ વિગેરેનું નિચોડ છે:—

શ્રુતિ: આચાર્યકુલાદ્ વેદમ્ અધીત્ય ગુરોઃ કર્માતિશેષેણ અભિસમાવૃત્ય કુટુંબે શુચૌ દેશે સ્વાધ્યાયમ્ અધીયાનો



ધાર્મિકાન્ વિદધદ્...બ્રહ્મલોકમભિસંપદ્યતે ન સ પુનરાવર્તતે (છાન્દોગ્યોપનિષદ્).

સૂત્ર: કૃત્સ્નભાવાત્તુ ગૃહિણોપસંહારઃ (બ્રહ્મસૂત્ર).

પુરાણ: ગૃહેષ્વાવિશતાં ચાપિ પુંસાં કુશલકર્મણાં મદ્વાર્તા-યાતયામાનાં ન બન્ધાય ગૃહા મતાઃ (ભાગ.).

આવા અનેક શાસ્ત્રવચનોના આદેશને નિષ્ઠાપૂર્વક અનુસરવાની ભાવનાને કારણે શ્રીમહાપ્રભુ તો શ્રીનાથજીના સ્વરૂપને પણ વ્રજવાસીઓના ઘરે સેવાર્થ પધરાવવા માંગતા હતા, તેથીજ તેવો આગ્રહ પણ દેખાડ્યો હતો: "તબ શ્રીઆચાર્યજી કારીગરસોં કહેં હમારે ઠાકુરકો મંદિર સિખરબંધ-ધ્વજા-કલસકો નાહિ—નંદરાયજીકે ઘરકે નાંઈ કરો" (ચૌરાસી વૈષ્ણવ વાર્તા) પરંતુ શ્રીમહાપ્રભુના સિદ્ધાંતથી વિપરીત, દેવાલયમાં બિરાજવાની સ્વયં શ્રીનાથજીની ઈચ્છાને વશીભૂત થઈને, શ્રીમહાપ્રભુએ ન છૂટકે આમ વિચાર્યું કે "દેવાલયકી રીતિ યહાં રાખની ઉચિત હૈ" (ચૌરાશી વૈષ્ણવ વાર્તા) આથી સિદ્ધ થાય છે કે શ્રીજીની સેવાનો પ્રકાર ત્યારે શ્રીમહાપ્રભુના સિદ્ધાંતાભિમત નિયમમુજબ ન હોઈ, ભગવદિચ્છાને સર્વોપરિ રાખવાની દીનતાઉપર અવલંબિત એક અપવાદ હતો. તેથીજ તે વખતે શ્રીનાથજીની સેવામાં બ્રહ્મસંબંધદીક્ષા વિનાના દેવીભગત બંગાલીઓને પણ પ્રવેશ હતો. આ પણ ઈતિહાસ આપણા વાર્તાસાહિત્યના આધારે સિદ્ધ થાયજ છે. શ્રીમહાપ્રભુ તો પોતાને ઘરે અડેલમાં ક્રમશઃ—શ્રીમદનમોહનજી, શ્રીગોકુલનાથજી, શ્રીવિઠલનાથજી, શ્રીનવનીતપ્રિયાજી અને શ્રીદ્વારકાધીશજી ની સેવામાંજ બિરાજ્યા. શ્રીપ્રભુચરણ પણ છ-છ બાલકોના પ્રાકટ્ય સુધીઉપર જણાવેલ સ્વરૂપો ઉપરાંત શ્રીમથુરાધીશજી, શ્રીગોકુલચન્દ્રમાજી, શ્રીનટવરલાલજી અને શ્રીબાલકૃષ્ણજીની પણ સેવામાં અડેલ સતધરા (મથુરા) અને ગોકુલમાં સ્વગૃહસેવામાટે આગ્રહશીલ રહ્યા હતા. અન્નકૂટ જેવા મોટા ઉત્સવોઉપર પણ પિતા શ્રીપ્રભુચરણ અને સાત પુત્રો પોત-પોતાના શ્રીઠાકુરજીની સેવામાં પહોંચતા હતા, જતિપુરા પધારી ન્હોતા શકતા, એટલે પોતાની સાથે સાતેય સ્વરૂપોના ઉત્સવ ઉજવવાની શ્રીજીએ આજ્ઞા કરી હતી. એટલે બહુ

પાછળથી શ્રીગુસાંઈજીના અરેલથી વ્રજાગમન પછી શ્રીજીની દેવાલયમાં બિરાજવાની ઈચ્છાનો બાધ કર્યા વિના તે પ્રકારને શ્રીમહાપ્રભુના સિદ્ધાંતના માળખામાં સુસંગત કરવા શ્રીપ્રભુચરણે પોતાના દ્રવ્યથી મંદિરના ચોમેરની ભૂમિ (જતિપુરા ગ્રામ) ખરીદીને પોતાના અંગત માલીકીના દસ્તાવેજો બાદશાહ અકબરના સહી-સિક્કાવાલા ફરમાનોરૂપે મેળવ્યા હતા. એટલે પોતાના ઘરમાં નહિ તો પોતાના માલીકીના ગામમાં શ્રીજીનો દેવાલય અન્તર્ભૂત કરીને ગજબની સૈદ્ધાંતિક વિચક્ષણતા દાખવી હતી!

એટલે શ્રીમહાપ્રભુએ જે સાર્વજનિક દેવાલયમાં અક્ષયતૃતીયાના દિવસે શ્રીજીને પાટ બેસાડ્યા તે દિવસને આપણો સંપ્રદાય પાટોત્સવ દિવસ તરીકે ઉજવતોજ નથી. શ્રીગિરધરજી એક વખત સતધરા(મથુરા)માં શ્રીજીને ફાગણ વદ સપ્તમીને દિવસે પધરાવી ગયા હતા, થોડાક દિવસો પૂરતાજ, તે-જ દિવસને આખો સંપ્રદાય આજ દિવસ સુધી શ્રીનાથજીના પાટોત્સવ દિવસ તરીકે ઉજવે છે. આ તથ્ય જે પુષ્ટિસિદ્ધાન્તની અને જે ભાવનાની ઘોષણા કરી રહ્યો છે, તેને આજે વિચારવાની કે માણવાની વાત કરતાંજ મંદિરવાદિઓના હાંજા ગગડી જાય છે!

આ બધી વાતોનો સિદ્ધાંતનિષ્ઠા-પૂર્વક શાંત ચિત્તથી વિચાર કરનાર કોઈને પણ સમજમાં આવશે કે સર્વોચ્ચ ન્યાયાધીશ શ્રીગજેન્દ્ર ગડકરનું વિધાન—"મૂર્તિભંજક વિધર્મિઓથી બચવામાટે ગૃહસેવાનો ઝાંસો ઉભો કરવામાં આવ્યો છે" તે આપણા સિદ્ધાંત ભાવના અને ઈતિહાસ થી કેટલી વિસંગત વાત છે!

પોતાના હૃદયથી પ્રશંસક એવા અકબર બાદશાહના સમયે શ્રીપ્રભુચરણમાટે, જાહેર ભવ્ય મંદિર બંધાવીને ચલાવવામાટે, ધનબલ જનબલ કે પ્રશાસનિક સહયોગની કોઈપણ કમી રહી ગઈ ન્હોતી. ઈતિહાસ સાક્ષી છે કે તે વખતે આપણા શ્રીજીના સાર્વજનિક દેવાલયનો પુષ્ટિભૂમિમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ઈતિહાસ આની



પણ સાક્ષી પૂરે છે કે આગ્રાના હોદ્દેદારો જો આપણી તરફેણ ન લેત તો તે અપુષ્ટિમાર્ગીય બંગાલીઓ કદી પણ શ્રીજીને છોડત નહિ! વળી ઔરંગઝેબ તો અકબરનો પ્રપૌત્ર હોવાથી શ્રીપ્રભુચરણના સમયમાં જન્મ્યોજ ન્હોતો, ત્યારે તેનાથી બીવાની બીના શ્રીપ્રભુચરણમાટે કેમ પ્રામાણિક માની શકાય? અકબર, જહાંગીર, શાહજહાં; અને તે પછી આવે છે: ઔરંગઝેબ. એટલે આ વિધાન ઈતિહાસથી પણ સર્વથા વિસંગત છે. ઔરંગઝેબે પણ હિન્દુ-મંદિરો તોડવાની ઝુંબેશ પોતાની વૃદ્ધાવસ્થામાં ચાલુ કરી હતી, તેથી શ્રીપ્રભુચરણમાટે ઔરંગઝેબથી બીવાનું વિધાન તો આપણા દેશની સહૂથી વડી અદાલતના સિંહાસનઉપર આસીન વિદ્વાન્ ન્યાયાધીશ મહોદયના પદને સર્વથા અણછાજતુંજ વિધાન છે! અતિશય વિસંગતિપૂર્ણ!!

આથી સિદ્ધ થાય છે કે દરેક કોમના લોકો તો શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના કાળમાં પણ હતાજ, તેથી જાહેર મંદિરોની આવશ્યકતા પિતા-પુત્રે પોતાના પુષ્ટિમાર્ગમાટે ક્યારેય સૈદ્ધાંતિક કે વ્યાવહારિક દૃષ્ટિએ સ્વીકારી ન્હોતી. હરીચ્છાવશ સિદ્ધાંતબાધ પણ કરી શકાય છે—તે તો આપણું દાસભાવોચિત દૈન્ય છે—"બાધનં વા હરીચ્છયા!" આને સિદ્ધાંત સાથે કાંઈ લાગતું-વળગતું નથી. રજસ્વલાને પણ ભગવત્સેવા કરવાની છૂટ, સિદ્ધાંતબાધપૂર્વક, અપવાદરૂપે મળી હતી તેનો ઉલ્લેખ વાર્તાસાહિત્યમાં મળી આવે છે. તે અપવાદને સિદ્ધાંત તરીકે માની શકાતું હોય તો આજે પણ રજસ્વલાઓને મંદિરોની સેવામાં ન્હાવાની છૂટ આપવી જોઈએ.

મર્યાદામાર્ગમાં જાહેર મંદિર-પ્રણાલી શાસ્ત્રમાન્ય છે. જ્યાં સુધી દેહાભિમાન હોય ત્યાં સુધી શાસ્ત્રીય મર્યાદાઓનું ઉલ્લંઘન કરી શકાતું નથી, તેથી શ્રીમહાપ્રભુના સિદ્ધાંતમુજબ, શાસ્ત્રમાન્ય પૂજાપ્રણાલીવાળા તેવા જાહેર મંદિરોમાં થતી પૂજાને પણ મર્યાદામાર્ગ તરીકે માન્યતા આપવામાં આવીજ છે. તે મર્યાદામાર્ગની નકલ કરીને કે તેનું બહાનું કાઢીને પુષ્ટિમાર્ગમાં તો જાહેર મંદિરો બનાવી શકાતાંજ નથી.

શાસ્ત્રીય મર્યાદામુજબ ગ્રહશાંતિ હોમમાં શનિશ્ચર દેવ તેમજ રાહુ-કેતુ જેવા અસુરોનું પૂજન પણ વર્ણવાયું છે; અને તેનું દરેક ગોસ્વામી બાલકોના વિવાહ વખતે અનુષ્ઠાન પણ થાયજ છે. તેથી કાંઈ પુષ્ટિમાર્ગમાં રાહુ-કેતુ આસુરોને પણ આરાધ્ય માની શકાતાં નથી, અન્યાશ્રયનો સખત નિષેધ હોવાથી. આ સૈદ્ધાંતિક સૂક્ષ્મતાને સમજવામાટે નીચે આપવામાં આવતા શ્રીમદાચાર્યવચનો મનનીય છે.

જેમકે :—

યાવદ્ દેહોઽયં તાવદ્ વર્ણાશ્રમધર્મએિવ સ્વધર્મા ભગવદ્ધર્માદયોપિ વિધર્માઃ પરધર્માઃ વા. યદાવા પુનઃ આત્માનં જીવં મન્યતે સંઘાતવ્યતિરિકતં, તદા દાસ્યં સ્વધર્મઃ, અન્યે વર્ણાશ્રમાદયોઽપિ પરધર્માઃ.

( સુબોધિની ).

તસ્માદ્ વૈદિકપ્રકારેણ ભાગવતપ્રકારેણ વા ભગવતિ પ્રવેશઃ ત્રૈવર્ણિકાનામ્ અન્યેષાં તુ ભાગવતપ્રકારેણૈવ.

(સુબોધિની ).

...ત્રેધા ભક્તિમાર્ગો નિરૂપિતઃ. પ્રપત્તિમાર્ગમ્ આહ—"જગન્નાથે વિટ્ઠલે ચ શ્રીરંગે વૈંકટે તથા યત્ર પૂજા પ્રવાહઃ સ્યાત્ તત્ર તિષ્ઠેત તત્પરઃ.

( નિબંધ ).

અહિયાં ગણાવેલા બધાજ ભગવદારાધનાના સ્થળો ભવ્ય મર્યાદામાર્ગીય મંદિરોજ છે, જ્યાં પુષ્ટિમાર્ગીયો પણ જઈ શકે છે અને જતાં આવ્યા છે. જેનાથી પુષ્ટિમાર્ગ પ્રમાણે પોતાના ઘરમાં ભગવત્સેવા નભતી ન હોય તેણે અહીંયાં જઈને પ્રપત્તિમાર્ગનું અવલંબન કરવું જોઈએ. એકાદશસ્કંધની સુબોધિનીમાં તો આપશ્રી ત્યાં સુધી આજ્ઞા કરે છે કે પુષ્ટિમાર્ગને અનુસરવા અશક્ત અધિકારી મર્યાદામાર્ગીય પ્રણાલિકાથી ઘરમાંય શ્રીકૃષ્ણનું ભજન કરી શકે છે. ક્યાંય પણ ચિન્તનની આ શૈલીમાં વિધર્મિઓના ત્રાસનો પ્રભાવ દેખાતો નથી. કેવલ જીવાત્માના વિભિન્ન અધિકારો પ્રત્યે સહાનુભૂતિનો અને વિભિન્ન શાસ્ત્રવચનોની સંગતિ બેસાડવાનો



જ ભાવ કેવળ પ્રબળ દેખાય છે.

તેથી આવા બધા અનુકલ્પો વિદ્યમાન હોવા છતાંય, જાણી જોઈને સિદ્ધાંતદ્વેષ કરીને, પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીને જાહેર મંદિરોરૂપે વિકૃત કરવાનો હેતુ ક્યારેય અનુમોદનીય હોઈ શકતો નથી.

( ૨ ) પુષ્ટિમાર્ગમાં દરેક કોમના લોકો છે, તેથી દરેક પુષ્ટિસ્વરૂપ દરેક કોમની દરેક વ્યક્તિમાટે સેવ્ય કે આરાધ્ય હોઈ શકતું નથી.

કેમકે દરેક સ્વરૂપ દરેક વ્યક્તિમાટે સેવ્ય હોત તો દરેક કોમના લોકોને દરેક પુષ્ટિમાર્ગીય મંદિરોમાં ભીતર-બહાર ન્હાવાની છૂટ હોવી જોઈતી હતી. જો બ્રાહ્મણોમાંથી પણ અમુકજ કોમ સેવા કરનાર મુખિયા ભીતરિયા બનતા હોય તો સિદ્ધ થયું કે દરેક કોમના લોકોમાટે દરેક પુષ્ટિસ્વરૂપ આરાધ્ય કે સેવ્ય હોઈ શકતા નથી.

વર્તમાનમાં શ્રીનાથદ્વારા મંદિરમાં હરિજનોને ફક્ત દર્શનની છૂટ આપવામાં આવી છે, તેમજ તુલસીની કંઠી આપવામાં આવી છે, આથી સિદ્ધ થાય છે કે કોઈપણ કોમ પુષ્ટિમાર્ગમાં દીક્ષિત થઈ શકે છે; પરંતુ દરેક કોમ પૈકી હરિજનોની કથા તો દૂર, બ્રાહ્મણોની પણ દરેક પેટા જ્ઞાતિઓમાટે દરેક પુષ્ટિસ્વરૂપ સેવ્ય કે આરાધ્ય હોય તેમ દેખાતું નથી. ભીતરની સેવામાં બ્રાહ્મણોની અનેક કોમો પૈકી ગિરનારા, સાંચોરા કે ઔદીચ્ય કોમનેજ પ્રવેશાધિકાર અપાયો છે. બહારથી ફક્ત દર્શન કરવા, નિત્યસેવા કે મનોરથસેવા માટે રુપિયા પૈસા સામગ્રી વિગેરે ભેટ ધરવાની; અને પ્રસાદ લેવાની વર્તમાનકાલમાં વધેલી ઘેલછાને તો નવધા ભક્તિ પૈકી એકેય પ્રકારની ભક્તિ તરીકે માન્ય કરવામાં આવી નથી !

સાથોસાથ આ પણ આપણે ભૂલવું જોઈએ નહિ

કે બ્રહ્મસંબંધ લઈને પોતાને ઘરે પોતાના માથે બિરાજતા શ્રીઠાકોરજીની બધીજ પ્રકારની સેવા કરવાનો અધિકાર તો બ્રાહ્મણ-મ્લેચ્છ, બાલ-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ, પુણ્યાત્મા-પાતકી, ભારતીય-અભારતીય, ધનિક-નિર્ધન બધાનેજ છે. જો કોઈપણ પુષ્ટિસ્વરૂપને આપણે દરેક કોમના પુષ્ટિમાર્ગીયોમાટે આરાધ્ય તરીકે સ્વીકારીએ તો પછી બ્રહ્મસંબંધ દીક્ષા આપીને હરિજનાદિ દરેક કોમના માણસોને પણ મુખિયા-ભીતરિયા બનવાનો અધિકાર સ્વીકારવો જોઈએ! કેમકે હરિજનોને પણ બ્રહ્મસંબંધ લીધા પછી સેવાધિકારસિદ્ધિ તો થાયજ છે. હવે બ્રહ્મસંબંધ લેવા છતાંય જે કોમના માણસોને મુખિયા-ભીતરિયા તરીકે જે સ્વરૂપની ભીતરની સેવામાટે ન્હાવાની છૂટ ન હોય તો સિદ્ધ થાય છે કે તે સ્વરૂપ તે કોમના માણસોમાટે આરાધ્ય નથી.

આ બાબતમાં અસલમાં આપણો સિદ્ધાન્ત આમ છે કે બ્રહ્મસંબંધ લેવાથી સેવામાં પ્રતિબંધક બની શકતા હોય એવો કોઈ પણ કે બધાજ દોષોની નિવૃત્તિ થઈ જાય છે. જેમકે :—

> "પોતાની પત્નિ સંતતિ ઘર પ્રાણ વિગેરે પરમાત્માને નિવેદિત કરનારા આત્મનિવેદિઓને મારામાં ભક્તિ પ્રગટ થાય છે, એમને મેળવવા જેવી કોઈ વાત બાકી રહી જતી નથી." આ વચનોને આધારે ગોકુલેશ શ્રીકૃષ્ણના સાક્ષાત્ ભજન કરી શકવાના અધિકારરૂપે આત્મનિવેદનને માન્ય કરવામાં આવેલ છે.
>
> ( શ્રીપ્રભુચરણકૃત : નવર. પ્રકા. ).
>
> 'બ્રહ્મસંબંધ કરવું' એટલે પુષ્ટિમાર્ગના આચાર્યદ્વારા ભગવાન્‌ની સંમુખ કરવામાં આવતું નિવેદન કે જેથી દેહ અને આત્મા ના સેવાપ્રતિબંધક બધાજ દોષો નિવૃત્ત થઈ જાય છે.



> ( શ્રીગોકુલનાથજી કૃત : સિ.ર.વિ. ).
>
> 'બ્રહ્મસંબંધ' એટલે આપણા પુષ્ટિમાર્ગીય આચાર્યદ્વારા ભગવાન્‌ની સંમુખ કરવામાં આવતું નિવેદન. તે બ્રહ્મસંબંધ લેવાથી પોતાના દેહ જીવ વિગેરેના બધાજ દોષોની નિવૃત્તિ થાય છે. જીવ અને દેહ નો ઉપયોગ ભગવત્સેવા કરવામાટે, તેમજ અન્ન વસ્ત્ર વિગેરે વસ્તુઓનો ઉપયોગ પ્રભુને ભોગ વસ્ત્ર ધરવામાટે થઈ શકે છે.
>
> ( શ્રીકલ્યાણરાયજી કૃત : સિ.ર.વિ. ).

આથી સિદ્ધ થાય છે કે સ્ત્રી-પુરુષ બાલ-વૃદ્ધ બ્રહ્મચારી-સંન્યાસી ધનિક-નિર્ધન સતયુગી-કલિયુગી બ્રાહ્મણ-ચાંડાલ પુણ્યાત્મા-પાતકી રોગી-નિરોગી ભારતીય-અભારતીય જેવા કોઈ પણ જાતના દેહોને ધારણ કરનાર કોઈ જીવના સહજ દેશોત્થ કાલોત્થ સંયોગજ કે સ્પર્શજ જેવા કોઈ પણ દોષ તે જીવને ભગવત્સેવા કરવામાટે અયોગ્ય કે અનધિકારી રહેવા દેતા નથી, તે છતાંય બ્રાહ્મણો પૈકી પણ અમુકજ કોમને શ્રીનાથજી વિગેરે પ્રસિદ્ધ સ્વરૂપોની ભીતરની સેવામાં ન્હાવા દેવાની પ્રણાલિકા આ વાતને સિદ્ધ કરે છે કે તે-તે સ્વરૂપો દરેક પુષ્ટિમાર્ગીયમાટે પણ સેવ્ય નથી. જાહેર કે આમ જનતાના ઉદ્ધારક માનવાની તો વાતજ અસ્થાને છે.

એટલે કાં તો આપણા પુષ્ટિમાર્ગના સિદ્ધાંત :—

> ઘોષાધીશં તદેમે કથમપિ મનુજા: પ્રાપ્નુયુર્નૈવ દૈવી
> સૃષ્ટિર્વ્યર્થા ચ ભૂયાન્નિજફલરહિતા...........
>
> ( શ્રીવલ્લભાષ્ટક ).
>
> ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિ: નાન્યથા ભવેત્.
>
> ( પુ. પ્ર. મ. ).

તેથી પોતાના ઘરની બહાર એટલે કે જાહેર મંદિરોમાં

બિરાજતા આ સ્વરૂપો પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતથી વિપરીત પ્રકારે જગત્‌ના ઉદ્ધારક બને છે, કાં તો એમ સ્વીકારવું જોઈએ; અથવા તો દરેક કોમના માણસોને તે સ્વરૂપોની અન્તરંગ-બાહ્ય બધીજ સેવામાં ન્હાવા દેવાની છૂટ હોવી જોઈતી હતી. કાં તો આપણા સિદ્ધાંતોથી વિરુદ્ધ કોઈ પ્રણાલિકામુજબ આ જાહેર મંદિરો, પુષ્ટિમાર્ગમાં એક વિકૃતિરૂપે ચાલી રહ્યા છે, એમ સ્વીકારવું જોઈએ; અથવા તો શ્રીમહાપ્રભુના વચનોનું પ્રામાણ્ય હવે આપણે સ્વીકારવા તૈયાર નથી એમ ઘોષિત કરી દેવું જોઈએ!

આ વિકલ્પોનું સમાધાન જે એક વાતને સ્વીકાર્યા સિવાય મળી શકતુંજ નથી, તે તથ્ય આ છે કે જે પુષ્ટિસ્વરૂપ જેના માથે બિરાજતું હોય તેનામાટેજ તે સ્વરૂપ સેવ્ય હોય છે, બીજાનેમાટે નહિ. દરેક પુષ્ટિસ્વરૂપ ગૃહસેવાર્થ પુષ્ટ થયેલ હોવાથી ઓછામાં ઓછું એક વ્યક્તિનું સેવ્ય હોય છે; અને વધુમાં વધું એક પરિવારનું સેવ્ય હોય છે. તેથી શ્રીપુરુષોત્તમજી એમ આજ્ઞા કરે છે :—

તથાચ યથા પ્રહલાદાદ્યર્થં સ્તમ્ભાદિભ્યઃ પ્રાદુર્ભાવઃ
તથા અત્રાપિ એતસ્યૈવ ઉદ્ધારાય પ્રાદુર્ભાવો, નતુ
સાધારણતયેતિ

(સર્વ.નિ.આવ.ભં.).

આવી રીતે આમ જનતાનું સેવ્ય કહેવાતું 'જગદુદ્ધારક' સ્વરૂપ પુષ્ટિમાર્ગીય હોઈ શકતું નથી; અન્યથા જગત્‌ના કોઈપણ જીવને તે સ્વરૂપની અન્તરંગ-બહિરંગ બન્ને સેવામાં ન્હાવાનો અધિકાર સ્વીકારવોજ પડશે. પછી અપરસ છોવાઈ જવાનો કે મેંડ-મરજાદનું બહાનું ચાલી નહિ શકે. કેમકે તે બધા દોષોની નિવૃત્તિની બાહેંધરી પોતે ભગવાને સાક્ષાત્ સ્વમુખારવિંદથી —"બ્રહ્મસંબંધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ સર્વદોષનિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ સહજાઃ દેશકાલોત્થાઃ લોકવેદનિરૂપિતાઃ સંયોગજાઃ સ્પર્શજાશ્ચ ન



મંતવ્યાઃ કથંચન" વચનદ્વારા આપેલી છે.

ઘણાં બધા ભગવત્સ્વરૂપો, જેમની આજે જગદુદ્ધારક કે વૈષ્ણવોદ્ધારક હોવાના રૂપે બદનામી કરવામાં આવી રહી છે, તે હકીકતમાં તો તે-તે બાળકોના ઘરોમાં તેમના પોતનાજ પરિવારના સેવ્ય કે ઉદ્ધારક હતા, છે અને સિધ્ધાંત સ્વીકારીએ તો ભવિષ્યમાં પણ રહેશેજ. અન્યથા તો વૈષ્ણવો પણ અન્તે જગત્‌માં જન્મેલા હોવાથી એકજ જગદુદ્ધારક સ્વરૂપથી કામ ચાલી શકે પછી નોખા-નોખા વૈષ્ણવોદ્ધારક અને સેવકોદ્ધારકનું તારતમ્ય નિરર્થક સિદ્ધ થઈ જાય છે. આવી વિચારસરણીમાં ગોસ્વામિબાલકોદ્ધારક સ્વરૂપ કોઈ બચતુંજ નથી! એટલે ગામની માંદગી મટાડનારા વૈદ્યરાજજીજ જાણે માંદા થઈ મરવા ન પડ્યા હોય એવું આજે થઈ ગયું છે! હકીકતમાં તો અમો ગોસ્વામી બાળકોને આજની તારીખમાં પ્રવાહિજીવોની માફક આત્મોદ્ધારની લેશમાત્ર ચિન્તા કે પરવાહ રહીજ નથી. જો હોત તો અમારી ભીતર પુરુષોત્તમ હોવાની ભ્રમણા કે ઘેલછા નું ભૂત ભરાયુંજ ન હોત! જેઓ પોતાની 'આચાર્ય' પદવીને અનુરૂપ કૃષ્ણસેવા-પરાયણતા ભાગવત-તત્ત્વજ્ઞતા અને દંભાદિ-રહિત વ્યક્તિત્વ કેળવી શકવાનો પૌરુષ પણ પ્રકટ ન કરી શકતા હોય, તેઓ પોતાને પુરુષોત્તમ માની બેસે આથી વધૂ હાસ્યાસ્પદ વાત બીજી શી હોઈ શકે!

(કેટલાક ઠોઠ લોકો, જેઓની મૂર્ખામી ભરેલી અનેક શંકાઓનું સમાધાન મેં વિશોધનિકા વિ. ગ્રંથોમાં કરીજ રાખ્યું છે. તે વિશોધનિકાને એક વખત વાંચી જવાની વિનંતી કરતી વખતે તેઓ ખાનગીમાં કબૂલ કરતા હોય છે કે "આવા બધા ગ્રંથોને વાંચી-સમજી શકવાની સામર્થ્ય તેઓમાં નથી"; અને મારી પીઠ પાછળ ગપ્પ હાંકતા હોય છે કે "શ્યામ મનોહરજીને બસ એક સવાલ કે 'શું વૈષ્ણવોના ઠાકુરજીને તમે તમારા ઠાકુરજી પાસે પધરાવશો? જો નહિ તો વૈષ્ણવોના અને ગોસ્વામી બાળકોના ઠાકુરજી

સમાન કેવી રીતે હોઈ શકે!' પૂછીને બોલતી બંદ કરી દીધી''. પડાબુદ્ધિવાળા પુરુષોના પ્રકટ પુરાવાની ખોટને પૂરી કરનારાઓને શું કહેવું! હકીકતમાં તો મને આ સવાલ પ્રત્યક્ષમાં પૂછવામાંજ ન્હોતો આવ્યો—ખોટ્ટી ગપ્પ હાંકવાથી કયો લાભ? છતાંય ધારો કે મારી બોલતી બંદ થઈ ગઈ તો તે બંદ પડેલી બોલતીનો પ્રાયશ્ચિત્ત લ્યો હું આ લેખિનીને ચલાવીને કરી લઉં છું! હું મારા ઠાકુરજીના જાહેરમાં દર્શન તો ખોલતો નથી; પરંતુ ક્યારેય જો કોઈ વૈષ્ણવને માંથે બિરાજતા ઠાકોરજી મારે ઘરે પધારે તો તેમને મારા ઠાકુરજીની સાથે એકજ સિંહાસન્ન ચોકી કે શય્યા ઉપર બિરાજમાન કરવામાં, ભોગ ધરવામાં કે પોઢાડવામાં કોઈ જાતનો ભેદભાવ રાખવાની ભાવના મારા મનમાં નથી, નથી અને નથીજ. શ્રીહરિરાયજીએ લખેલ 'સ્વરૂપતારતમ્યનિર્ણય' ગ્રંથમાં શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણદ્વારા પુષ્ટ કરેલા સેવ્ય સ્વરૂપો અને આધુનિક ગોસ્વામિબાળકોદ્વારા પુષ્ટ કરેલા સેવ્ય સ્વરૂપો ની વચ્ચે કોઈ તારતમ્ય નથી, તેમાં મારી દઢ આસ્થા છે. હવે કેટલાક જડ્ડબુદ્ધિવાળા દલીલ કરતા હોય છે કે ''જો ખરેખર તારતમ્ય ન માનતા હોવ તો પોતાના ઠાકુરજી વૈષ્ણવોને સોંપી દો અને તેમના ઠાકુરજીની સેવા પોતે કેમ કરવા મંડતા નથી?'' ધંધાકીય ભગતીના ભવાડામાંથી વૈષ્ણવો છટકીને બહાર ન નિકલી જાય, તેવા કુટિલ હેતુથી પોતાના માંથે બિરાજતા ઠાકુરજીનું માહાત્મ્ય આવા જડ્ડબુદ્ધિ દેવલકો વધારતા હોય છે—પોતાના માંથે બિરાજતા સ્વરૂપમાં અનન્યાસક્તિને કારણે નહીં! એટલે આવી ખોટી દલીલ ભેજામાંથી ઉપજાવી કાઢે છે!! હકીકતમાં તો ધારો કે કોઈ કહે કે ''દરેક માણસની બૈરી-છોકરા-ઘર-સંપદા એકસરીખીજ પ્રિય કે શ્લાઘ્ય હોય છે''તો આવા જડ્ડબુદ્ધિવાળા માણસ સિવાય બીજો કોણ એમ કહી શકે કે ''જો એકસરીખી માનતા હોવ તો પોતાની બૈરી-છોકરા-ઘર-સંપદા બીજાને સોંપીને તેમની પોતે કેમ લઈ લેતા નથી!!!)



ખૈર, તે-તે પ્રસિદ્ધ સ્વરૂપો અસલમાં ગો.બાલકોના સેવ્યસ્વરૂપ હતાં, તેથી જે બ્રાહ્મણોની જ્ઞાતિઓ ગો.બાલકોની આચારમર્યાદાને માફક ન્હોતી, તેમને તે સ્વરૂપોની સેવામાં ન્હાવાનો અધિકાર આપવામાં આવ્યો ન્હોતો. કૂપજલાચાર કે બ્રાહ્મણાચાર થી દેશકાલાતીત પુરુષોત્તમ બંધાયેલ હોત તો મોહના ભંગી કે પઠાન તાજબીબીની સાથે તે રમીજ ન શકે. તે-તે સ્વરૂપો આજ દિવસ સુધી કૂપજલાચાર કે બ્રાહ્મણાચાર ની ચાર દીવારીમાં કેદ રહ્યા, તે સેવા કરનારાઓના કુલાચારની કાનીથીજ. આજે સેવા કરનારાઓએ પોતે તે કુલાચાર છોડી દીધો અને શ્રીઠાકોરજીને તેમાં સપડાવી દીધાં છે. આજે જે બ્રાહ્મણોને મુખિયા-ભીતરિયા બનાવવામાં આવે છે તેઓ, પોતાના માલિક કેટલાક ગોસ્વામિબાળકોની માફક બ્રાહ્મણાચારનું ભાન ભૂલીને, બજારના ચા-પાન-નાસ્તા અનવસરમાં કરતાંજ હોય છે! શ્રીઠાકોરજી તો જેના સેવ્ય હોય છે, તેની કાનીથી તેનો આચાર પાળતા હોય છે, પણ તે હવે ખોટા આચારમાં સપડાઈ ગયા છે. તેથી જે શ્રીઠાકોરજી જેનો આચાર પાળતા હોય તેનાજ સેવ્ય હોઈ શકે છે—દરેક કોમના નહિ. એમ સાવ આંધળે બેહરૂં કૂટાઈ રહ્યું છે કે નહિ? વિચાર કરવું આવશ્યક છે!

આપણે પોતે જો દેવીના ઉપાસક તંત્ર-મંત્ર કરનાર શ્રીમાલી બ્રાહ્મણના ઘરે જમી શકતા હોઈએ તો, શ્રીઠાકોરજીમાટે પણ સખડીભોગ સિદ્ધ કરવાની સેવામાં શ્રીમાલી બ્રાહ્મણ કેમ ના ન્હાઈ શકે? આપણે તો હૉટલોમાં કે દરિયાકાંઠે સ્ટૉલમાં ભેળપૂરી કે કચોરી-પકોડી ખાતા હોઈએ, જોકે બ્રાહ્મણાચારમુજબ ખાવીજ ન જોઈએ! આજે આવું થયું છે કે આપણે બધુંજ ખાઈએ છીએ; પરંતુ શ્રીઠાકોરજીનેમાટે આગ્રહ રાખીએ છીએ કે કૂવાનું જલ ન હોય તો શ્રીઠાકોરજી સખડી આરોગતા નથી. વાર્તામાં તો આવે છે કે હાટમાંથી લઈને જલેબી ધરાવી તે શ્રીનાથજીએ આરોગી હતી, એટલે અપરસ આપણી કે

શ્રીઠાકોરજીની ?

સૈદ્ધાંતિક દૃષ્ટિએ શ્રીમહાપ્રભુ સર્વનિર્ણયમાં આજ્ઞા કરે છે :—

"શુદ્ધિ (અપરસ) સ્વતંત્ર ધર્મ પણ હોઈ શકે છે; તેમજ ધર્માંગિભૂત પણ. દેશ-કાલ-દ્રવ્ય-કર્તા-મન્ત્ર-કર્મના ભેદે છ પ્રકારની શુદ્ધિ અપેક્ષિત હોય છે. આ શુદ્ધિ (અપરસ) બધીજ વાતોમાં ઉપકારક અંગ છે. ખાસ કરીને શ્રૌત કર્મ તો શુદ્ધ દેશ–કાલ–દ્રવ્ય–કર્તા–મંત્ર–કર્મ વડે સિદ્ધ થાય તોજ ધર્મ સિદ્ધ થયો કહેવાય, નહિ તો અધર્મ".

(સ.નિ.કારિ. ૪૦-૪૧).

વર્ણાશ્રમધર્મને અનુસરનારાઓએ તો શ્રુતિ સ્મૃતિ સૂત્ર પુરાણો માં જે રીતે ધર્મ ઉપદેશવામાં આવ્યો હોય તે રીતેજ તેનું વિધિવત્ અનુષ્ઠાન કરવું જોઈએ. દરેક બ્રાહ્મણે, ક્ષત્રિયે, વૈશ્યે કે શૂદ્રે પોત-પોતાના બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસ આશ્રમો; અને જે-જે આજીવિકાઓ દેખાડવામાં આવી હોય તે-તે આજીવિકાઓથીજ અર્જિત અન્નથી જીવનયાપન કરવું જોઈએ. આચાર (દા.ત.: કૂવાના જલથી સ્નાન-પાનનો; કે બ્રાહ્મણોની કોઈક વિશેષ જ્ઞાતિઓના હાથે રાંધવામાં આવેલ રસોઈને શુદ્ધ માનવાનો રિવાજ પણ) જો શાસ્ત્રનિષિદ્ધ આજીવિકા (દા.ત.દેવલકવૃત્તિ)થી પળાતો હોય તો અડધોજ રહ્યો પૂરેપૂરો નહિ.

(સર્વ.નિ.કારિ. ૧૮૫).

આ કલિયુગમાં વર્ણાશ્રમને અનુસરનારાઓનો મુખ્ય ધર્મ તો નષ્ટજ થઈ ગયો છે. છલથી કોઈ કરતો પણ હોય તો તેથી ધર્મસિદ્ધિ કે ઉધ્ધાર થઈ શકતા નથી. તેથી જેમ બને તેમ, વિધિ-વિહિત હોવાને કારણેજ ફક્ત નભાવવાને ખાતર નભાવવું જોઈએ અને આથી વધૂ પડતો આદર તેમાં રાખ્યા સિવાય,



ભક્તિમાર્ગને અનુસરવાનો પ્રયાસ કરવો જોઈએ.

(સર્વ.નિ.કારિ. ૨૨૩-૨૨૪).

હાલમાં તો કલિયુગમાં બધાજ લોકો વિરુદ્ધાચારમાં તત્પર બની ગયા છે — શાસ્ત્રોનું અધ્યયન કે યજ્ઞયાગાદિક પોત-પોતના કર્મ કરતાંજ નથી; કે નથી પોત-પોતાના આચારો (અપરસ) નું પણ લોકો પાલન કરતા હોય છે. ક્યાંક વળી આચાર (અપરસ) પળાતો પણ હોય તો તે સાવ અગડં-બગડંજ. આવી વિક્ષિપ્ત માનસિકતાવાળા જિવ્હોપસ્થપરાયણ વ્રાત્યપ્રાય લોકો પોતે એટલા દૂષિત હોય છે કે તેઓ ધર્મ કરે તો પણ ધર્મ સિદ્ધ થઈ શકતો નથી! જે દેશકાલાદિ છ પદાર્થોથી ધર્મ સિદ્ધ થાય છે તેની શુદ્ધિ કલિયુગમાં તો દુર્લભતરજ છે.

(સર્વ.નિ.કારિ. ૨૧૨-૨૧૪).

છતાંય જેમ બને તેમ પોત-પોતાના વર્ણો કે આશ્રમો મુજબના જે કર્મો કે શુદ્ધિ અથવા આજીવિકા, શાસ્ત્રોદ્વારા આપણામાટે નિર્ધારિલ હોય, તે સ્વધર્મને અનુસરવાનો પ્રયાસ કરવો જોઈએ. જે કર્મ કે અશુદ્ધિ કે આજીવિકા (દા.ત.દેવલકવૃત્તિ) શાસ્ત્રનિષિદ્ધ હોય તે વિધર્મથી બચવાનો પ્રયાસ કરવો જોઈએ. નિંદિત-અનિંદિત વિષયોનો વિવેક કર્યા વિના ઘોડાની માફક દોડતી ઈન્દ્રિયોઉપર કાબૂ મેળવવાનો પ્રયાસ ક્યારેય છોડવો જોઈએ નહિ.

(સર્વ. નિ. કારિ.૨૩૮).

પોતાના આશ્રમને અનુરૂપ આચારને નભાવતા બ્રહ્માનુભવસહિત જો માહાત્મ્યજ્ઞાનપૂર્વક પ્રભુમાં પ્રેમ હોય તો બ્રહ્મભાવ સિદ્ધ થાય છે. ભક્તિની ફ્લાવસ્થામાં પોતાના આશ્રમાચાર જો ફ્લાનુભવમાં પ્રતિબંધક થતાં હોય તો છોડી શકાય છે.

(સર્વ. નિ. પ્રકા.૧૯૬).

જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી શાસ્ત્રવિહિત

વર્ણાશ્રમધર્મોને સ્વધર્મ તરીકે સ્વીકારવા જોઈએ. ત્યારે ભગવદ્ધર્મ (સેવા કથા તીર્થ વ્રત વિગેરે) પણ કાં તો આપણામાટે કર્તવ્યરૂપ નથી; અથવા કોઈક બીજાનેમાટે ઉપદિષ્ટ કર્તવ્યો છે, એમ સ્વીકારવું જોઈએ. જ્યારે આપણને એમ લાગે આ દેહ તો ક્ષણભંગુર છે અને જીવાત્મા તો પરમાત્માનો અંશ હોવાથી તેનો સહજ દાસ છે, ત્યારે ભગવત્સેવાનેજ સ્વધર્મ અને વર્ણાશ્રમધર્મોને પરધર્મ તરીકે સ્વીકારવા જોઈએ.

(સુબો.૩/૨૮/૨).

ઓછામાં ઓછી ત્રણ કલાક ભગવત્સેવા પહોંચીને જે આજીવિકા આપણામાટે નિષિદ્ધ (દા.ત. ભગવત્સેવા કરવાની નોકરી કે ધંધો) ન હોય તેવા ઉપાયથી ધનોપાર્જન કરવા જવું જોઈએ. પરંપરાથી ચાલતું (દા.ત. ધંધાકીય મંદિર) આવ્યું હોય તો પણ, જો નિષિદ્ધ હોય તો છોડી દેવું જોઈએ.

(સ.નિ.પ્રકા.૨૩૨).

આ વચનોનો શાંત ચિત્તથી વિચાર કરતા સિદ્ધ થાય છે: જે અપરસના નિયમો છે તે યથાશક્તિ આપણામાટે આવશ્યક હોવા છતાંય, તે પુષ્ટિમાર્ગીય નિયમો નથી પરંતુ મર્યાદામાર્ગીય નિયમો છે. મર્યામાર્ગીય નિયમોનો ત્યાગ દેહાભિમાન હોય ત્યાં સુધી કરી શકાતો નથી. હવે ભગવત્સેવા અને ભગવત્કથા તે આપણો પુષ્ટિમાર્ગીય ધર્મ છે. તે સર્વદેશમાં અને સર્વકાલમાં સર્વજનાધિકારક છે. ભગવત્સેવોચિત શુદ્ધિ તો બ્રહ્મસંબંધથી થાય છે—વર્ણાશ્રમધર્મોચિત અપરસથી નહિ. તેથી વર્ણાશ્રમથી બહિર્ભૂત મ્લેચ્છ અલિખાન-તાજબીબી વિગેરે પણ ભગવત્સેવાના અધિકારી છે. અલબત્ત જેઓ પરંપરાથી વર્ણાશ્રમધર્મને અનુસરતા આવ્યા છે, તેઓએ દેહાભિમાનની નિવૃત્તિ અથવા ભક્તિની ફલાવસ્થા સુધી વર્ણાશ્રમાચાર છોડવો જોઈએ નહિ. આવી સ્થિતિમાં કૂપજળનો ડોળ કરીને દેવલકવૃત્તિ કરવી તે તો જઘન્ય કોટીની વિરુદ્ધધર્માશ્રયતાનોજ એક હાસ્યાસ્પદ દાખલો છે!



(૩) તેથી જાહેર (ભગવત્સેવાને નોકરી કે ધંધામાં વિકૃત કર્યા વિના ચાલીજ ન શકતા હોય એવા) મંદિરો વિના કોઈપણ પુષ્ટિસ્વરૂપ દરેક કોમના સેવ્ય બની શકતા નથી. જો પુષ્ટિસ્વરૂપો દરેક કોમના સેવ્યજ ન બની શકતા હોય તો, કોઈ પણ પુષ્ટિસ્વરૂપની સેવા કરવાનો, દરેક કોમના પુષ્ટિમાર્ગીયને કાનૂની કે ધાર્મિક અધિકાર પણ મળી શકતો નથીજ. અન્તે પોતાના ઘરમાં પોતાના વર્ણાશ્રમાચાર કે સાધારણાચાર અને પોત-પોતાની શાસ્ત્રશુદ્ધ વૃત્તિથી આજીવિકા ચલાવતા પોતાના પરિવારજનોના સહયોગથી પોતાના તનુ-વિત્તથી પોતાને માથે બિરાજતા સ્વરૂપની પોતેજ સેવા કરવાનો સિદ્ધાંત સિદ્ધ થઈ જાય છે.

(૪) પુષ્ટિમાર્ગમાં દરેક કોમના લોકો હોવાથી ઉપર જણાવેલ સિદ્ધાંત આજે મિથ્યા કે અવ્યવહારૂ બની ગયો છે કે નહિ, તે બાબતમાં આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્ના પ્રાણાધાર નિ.લી. પ્રથમેશજી મહારાજશ્રીનું તા. ૨૫-૨-૮૧ નું— "હમારી ધાર્મિક સ્થિતિકા વર્તમાન સ્વરૂપ એવં ભવિષ્યકી વ્યવસ્થા હેતું પ્રતિવેદન" મથાળાવાળું પ્રતિવેદન દરેક પુષ્ણિમાર્ગીયમાટે અતિશય મનનીય છે.

સંભવ છે કે કોઈક "પુષ્ટિમાર્ગીયનું મન અપસિદ્ધાંતોથી હરાઈ ગયું હોય"; અથવા તો બીજા કેટલાક આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્ના મંચ કે મુખપત્ર નો ગેરલાભ લઈ પુષ્ટિમાર્ગીય ભોળી જનતામાં પોતાના ઉદરરંજન કે નેતૃત્વરંજન ના હેતુથી જનમનોરંજનમાટેના નિરંજન આયોજનો ગોઠવવાનો ઉમ્હળકો પણ ધરાવતા હોવાથી એમ કહેતા હોય છે:—

"પુષ્ટિમાર્ગમાં જાહેર મંદિરોનો વિરોધ કરનાર સંપ્રદાયના હિતથી વિરુદ્ધ કામ કરી રહ્યા હોવાથી તેમની ટાંગ તોડી નાખવી જોઈએ! કેમકે આજની આવશ્યકતા ધાર્મિક સંગઠનની છે—જૂના પડેલા નિરર્થક ધાર્મિક સિદ્ધાંતોના કજિયાની નહિ" આવા મહાનુભાવોએ પૂજ્યપાદ ગોસ્વામી શ્રી

૧૦૮ શ્રીરણછોડાચાર્ય પ્રથમેશજીના આ નિવેદનનું મનન કરવું જોઈએ, અમે તે નિવેદનમાંથી છૂટા-છૂટા મહત્વપૂર્ણ અંશોનો ઉતારો આપીએ છીએ :—

(૧) આજ જો ટ્રસ્ટોંકી યા ન્યાસોંકી પ્રણાલી ચલ રહી હૈ વહ પૂંજીવાદકી એક અભિનવ દાસતા હૈ, જિસમેં ભગવાન્ ગાય, ગુરુ ઔર ધર્માનુયાયિઓં પર એકછત્ર સામ્રાજ્ય કરનેકી લાલસા સમાઈ હુઈ હૈ (પૃષ્ઠ ૧૦).

(૨) વલ્લભમતમેં યહ સિદ્ધાંતતઃ ગલત હૈ ઔર એસે દેવસ્થાનોંકિ ચઢાવેકા પ્રસાદ ભી નહીં ખાયા જા સકતા હૈ, ક્યોંકિ વહાં દેવલકવૃત્તિ હી પ્રધાન હૈ (પૃષ્ઠ ૧૦).

(૩) ઈસ સબકા ક્યા મતલબ હૈ યહ સમઝમેં આના કઠિન હૈ. હાં, એક બાત સાફ હૈ કિ સ્વાર્થસે મતલબ હૈ, ધર્મ-કર્મ સભી ઉસીમેં આ જાતે હૈં. ઈન સભી બાતોંસે વિચાર કરનેકો બાધિત હોના પડતા હૈ કિ ધર્મકી ભાવી વ્યવસ્થા ક્યા હોની ચાહિયે જિસમેં મૌલિકતા સુરક્ષિત રહ સકે. યહ એક નિશ્ચિત તથ્ય હૈ કિ જિતના પૈસેકો મહત્ત્વ મિલેગા ધર્મકી હાનિ હી હોગી (પૃષ્ઠ ૧૧).

(૪) આજકે યુગકો દેખતે હુએ જહાં ન્યાસ કરના આવશ્યક હૈ, વહાં ઉપર્યુક્ત સિદ્ધાંતોકો ધ્યાનમેં રખકર હી ન્યાસ કરના ચાહિયે, જિસસે દેવલકવૃત્તિસે ભી બચા જા સકે. યદિ એસી વ્યવસ્થા નહીં કી જાતી તો દેવદ્રવ્ય હોતા હૈ, જિસકા સેવન કરનેસે આચાર્ય સ્પષ્ટ કહતે હૈં કિ નર્કપાત હોગા(તે તો મર્યા પછી પરન્તુ જીવતા-જાગતા તો અવલ આપણે પુષ્ટિમાર્ગીયજ રહી જતા નથી અને મડદા-ચાંડાલ જેવાં અપવિત્ર બની જવાથી, કૂપજલની ખાસા-સેવકી મરજાદ



પણ સદંતર વટલાઈ જાય છે). યહાં યહ શંકા હો સકતી હૈ કિ કિસને દેખા કિ નરક મિલતા હૈ; કિન્તુ ભગવાન્ ઔર ઉનકા ભાવ શાસ્ત્રસિદ્ધ હૈ, તબ યહ સ્વયં માનના પડેગા કિ નરકકી યાતના ભી મિલેગી. અન્યથા કુછ ધર્મ સચ્ચા ઔર કુછ ઝૂઠા, એસા માનનેસે ન ધર્મ રહેગા ન ઈશ્વરકો માનનેકી આવશ્યકતા હૈ (પૃષ્ઠ ૧૨).

આનાથી વધારે સિદ્ધાંતશુદ્ધ, વ્યવહારૂ, વર્તમાન દેશકાલની ઊંડી સમજવાળું; અને સર્વોપરી આપણા સંપ્રદાયની હિતકામના ધરાવતું બીજું ક્યું વિધાન હોઈ શકે છે! છતાંય આજે પરિષદ્‌ના પણ અમુક કાર્યકરો જે સિદ્ધાંતવિરુદ્ધ બફાટ કરે છે તેઓ તો "અન્તઃશાક્ત બહિર્વૈષ્ણવ સભામધ્યે તુ વે.શા.સં.પૂ.પા.ઓ" છે કે જેઓ હકીકતમાં તો અન્તઃપ્રવિષ્ટ સંપ્રદાયદ્વેષિઓજ છે. આ તો તેઓનો જાણે-અજાણે પ્રકટ થઈ ગયેલો હૃદયનિગૂઢ નર્યો ધર્મદ્વેષજ છે!

(૫/ગ) પ્રશ્નકર્તા ભાઈ પૂછે છે: મંદિર હશે તો જે વૈષ્ણવો અન્યમાર્ગ તરફ વળી રહ્યા છે તેઓ આકર્ષાઈને આપણા માર્ગમાં આવશે. શું આ એક મોટું કાર્ય નથી?

હાલમાં ઘણા બધા ગામોમાં મંદિરો તો છેજ, છતાંય ગુજરાતના અને સૌરાષ્ટ્રના કેટલા બધા વૈષ્ણવો કાં તો સ્વામિનારાયણ-પંથ અથવા સ્વાધ્યાય-ચળવળ અથવા પ્રજાપિતાબ્રહ્માકુમારી-ચળવળ કે ગાયત્રીપરિવારની ચળવળ તરફ આકર્ષાઈ જવાથી પુષ્ટિમાર્ગને છોડીને તે તરફ વળીજ ગયા છે. એમને આકર્ષવામાં આપણા મંદિરો આધિભૌતિક, આધ્યાત્મિક અથવા આધિદૈવિક દૃષ્ટિએ પણ સદંતર નિષ્ફળ નિવડ્યા છે.

મારા અંગત અનુભવની વાત લખી રહ્યો છું — અહીંયાં મુંબઈમાં પુષ્ટિમાર્ગના પ્રચારમાટે પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીવાળા એક મંદિરના પ્રાંગણમાં એક વખત શ્રીનાથજીની ધ્વજાજી પધરાવવાના મનોરથનું આયોજન થયું હતું. શ્રીનાથજીના ધ્વજાજી કોઈક ચાર-પાંચ દિવસ બિરાજવાના હતા. મંદિરના

સંચાલક ટ્રસ્ટીઓ મોટા ભાગે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ન હોઈ વૈષ્ણવ-પુત્રો હતા! તેથી તેઓ પુષ્ટિમાર્ગ છોડીને જે ઉપદેશક તરફ ઢળી ગયા હતા તેમનો રવિવારના પ્રવચનનો કાર્યક્રમ શ્રીનાથજીના ધ્વજાજીના સમારોહમાટે સ્થગિત કરવા તૈયાર ન હતા. પુષ્ટિમાર્ગમાટે સ્થાપિત મંદિરના પ્રાંગણમાં પુષ્ટિમાર્ગસર્વસ્વ શ્રીનાથજીના ધ્વજાજીનો સમારોહ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના પુત્રો એવા પુષ્ટિમાર્ગીય મંદિરના સંચાલક ટ્રસ્ટીઓએ સ્થગિત કરાવ્યો હતો! જો જાહેર મંદિર અન્યમાર્ગો તરફ વળી જતી વૈષ્ણવ જનતાને પુષ્ટિમાર્ગ તરફ આકર્ષવાનો અચૂક ઉપાય હોત તો આવી બીના બનીજ ન શકી હોત. તેમાં વળી પુષ્ટિમાર્ગીય મંદિરોના સંચાલકો પોતેજ જો પુષ્ટિમાર્ગ તરફ આકર્ષણ ધરાવતા ન હોય તો આવા મંદિરો જનતાને આકર્ષી શકે તેવી દલીલ ઘણીજ છેટી દેખાય છે.

તે સિવાય આપણા માર્ગ પ્રત્યે આપણી જનતાને આકર્ષવા આપણને આપણાજ આચાર્યવચન અને સિદ્ધાંતને જો તિલાંજલી આપવી પડતી હોય તો "પાઘની આશે છેદાવે શીશ અને શીશ છેદ્યા પછી પાઘ ક્યાં ધારે સહુ કોઈ મૂરખ મનમાં ન વિચારે" જેવું કાંઈક થયું ન કહેવાય!

સ્વસિદ્ધાંતને અભરાઈઉપર ચડાવીને જનતાને સ્વમાર્ગ પ્રત્યે આકર્ષવાની વાત મને તો સાવ અનીતિભરેલી લાગે છે; એટલીજ કે જેટલી કોઈક ધાર્મિક ગ્રાહકને ફસાવવામાટે કોઈક ગણિકા આકર્ષક બનીને મંદિરો-તીર્થો-સત્સંગોમાં પૂજન-યાત્રા-શ્રવણના ધર્મલાભનો ડોળ કરતી હોય! નીતિવિહોણા આકર્ષણમાં જનતાને ધર્મલાભ પહોંચાડવાની વૃત્તિ કરતાં જનતાથી ધર્મના નામે લાભ લઈ લેવાની વૃત્તિ વધારે લાગે છે!

સિદ્ધાંતમુજબ તો આપણે ત્યાં જાહેર મંદિરો હોઈ શકતાજ નથી. ગૃહસેવાજ સિદ્ધાંતાભિમત પ્રકાર છે. આ વાતની સુંદર મનનીય વિવેચના આપણા સંપ્રદાયના વયોવૃદ્ધ



વિદ્વાન આચાર્ય પૂ.પા. ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીની નડિયાદ કેસમાં સન ૪૬માં આપેલી જુબાનીના આ અંશોમાં મળે છે, તે ખરેખર દરેક પુષ્ટિમાર્ગીમાટે મનનીય છે:—

વકીલ: શ્રીમહાપ્રભુજી અગર શ્રીગુસાંઈજી દ્વારા ક્યા ગ્રંથમાં અને ક્યાં અને શી આજ્ઞા કરવામાં આવી છે તે જણાવશો?

પૂ.પા.મહારાજશ્રી: હા, સંપ્રદાયમાં દેવાલય નથી...

વકીલ: ક્ષણવાર શ્રીઠાકોરજીની સેવામાંથી વિમુખ ન થવાય એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તેથી કરીને શ્રીઠાકોરજીના સુખનો વિચાર કરીને મહારાજોના મકાનો પણ મંદિરોમાં સમાવવામાં આવતા હતા, કારણકે મહારાજોને પોતાનો ઘણો ખરો સમય સેવામાંજ વ્યતીત કરવો પડતો હતો અને પડે છે, એ વાત ખરી છે?

પૂ.પા.મહારાજશ્રી: એ વાત ખરી છે પરંતુ મકાનોમાં શ્રીઠાકોરજીના મંદિરની સગવડ કરવામાં આવતી હતી, નહીં કે મંદિરોમાં મકાનોની.

હકીકતમાં આપણા સંપ્રદાયનું આ એક દુર્ભાગ્ય છે કે આટલાં શાસ્ત્રશુદ્ધ અને સચોટ પૃથક્કરણો જે આપણા સમાદરણીય વૃદ્ધપુરુષોએ કર્યા હતા તેનો વિવેક વાપરવાનો કે જાતે પણ અમલમાં લાવવાનો પ્રયાસ આપણા સંપ્રદાયમાં થયોજ નહીં. તેના દુષ્પરિણામરૂપે આજની આપણી અપઠિત પેઢીના કેટલાક ઉપદેશકો તેમજ અનુયાયિઓ ઘરસેવાની વાત કરતાજ રીસે ભરાઈ જાય છે; અથવા તો સ્વસિદ્ધાંતને જાહેર જનતાની સામે સ્વીકારવામાં લજ્જા, ભય કે ત્રાસ ની લાગણીથી પીડાતા હોય છે.

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિ-

રાયજી, શ્રીપુરુષોત્તમજી વિગેરે બધાજ પૂર્વાચાર્યો પોતાના ઘરમાંજ જાતેજ ભગવત્સેવાને સ્વધર્મ તરીકે બિરદાવે છે. જાહેર મંદિરમાં ભગવત્સેવાની નોકરી કે ધંધા ની પ્રથાનો સડો આપણા આ દિવ્ય સંપ્રદાયમાં પેસી જશે તેની કલ્પના પણ તેઓ કરી શક્યા ન્હોતા, જોકે આજે ચોમેર તેના નગ્ન તાંડવનું દર્શન આપણે કરી રહ્યા છીએ. આ બાબતનો વિસ્તૃત વિચાર આપણે કરી ચુક્યા છીએ.

(૫/ઘ)આ રીતે ઉત્તરોત્તર મંદિરમાટે સેવા આપનારાઓની સંખ્યા વધતી જશે અને આર્થિક પાસું સબળ થશે.

આ ચોથા પ્રશ્નની ભીતર આવેલ આ વિધાન આપણા દિવ્યસિદ્ધાંત અને દિવ્યભાવના નું સહુથી વધારે વિઘાતક વિધાન છે.

સૌ પ્રથમ તો બીજાને સેવા કરવામાટે વિત્ત આપવાની રીતિને શ્રીપ્રભુચરણ સાચી સેવા તરીકે સ્વીકારતાજ નથી—"વિત્તં દત્ત્વા અન્યેન પુરુષેણ કૃત્વા કારિતા એકા, એતાદશેન પુંસા કૃતા ચ અપરા, એતાદશ્યૌ તે તત્સાધિકે ન". એટલે કે ધન આપીને બીજા માણસ પાસે સેવા કરાવવાની ભ્રમણામાં અથવા તો બીજા માણસ પાસેથી ધન લઈને સેવા કરવાની ભ્રમણામાં ભગવત્સેવા સિદ્ધ થતીજ નથી. એટલે જાહેર મંદિરમાં ભગવત્સેવાના કૌભાંડદ્વારા આર્થિક પાસાને સબળ બનાવવાની વાત તો આ માર્ગના સિદ્ધાંતોની અતિશય ક્રૂર કે નિષ્ઠુર હાંસી છે.

આટલુંજ નહીં, શ્રીપ્રભુચરણ આગળ જઈને ત્યાં સુધી આજ્ઞા કરે છે:—

> નનુ કશ્ચિદ્ જીવિકાદ્યર્થમપિ ભજતે તસ્યા કા ગતિઃ ઈત્યતઃ આહુઃ 'લોકાર્થી'તિ. 'લોક'પદેન લૌકિકો અર્થઃ ઉચ્યતે. તદર્થી ચેત્ કૃષ્ણં ભજેદ્ વ્યાપારવદ્ અર્થે સિદ્ધે તસ્યાપિ અનર્થરૂપત્વેન તત્કૃતભજનસ્ય ભક્તિત્વાભાવાત્ તત્કૃતં સર્વં ક્લેશરૂપમેવ. અતઃ ક્લિષ્ટો ભવતિ. ન કેવલમ્ ઐહિકઃ ક્લેશઃ કિન્તુ પરલોકોપિ નશ્યતિ, નિષિદ્ધાચરણાદિતિ 'સર્વથા' ઈતિ ઉક્તમ્. યસ્ય સ્વલ્પમપિ જ્ઞાનં સ ન એવં કરોતિ. સર્વથા તદ્રહિતઃ કશ્ચન એવં કુર્યાદપિ.
>
> એટલે નોકરી કે ધંધા ના રૂપે જે સેવા કરતો હોય તેની શી ગતિ? આનો ખુલાસો શ્રીમહાપ્રભુ સિદ્ધાંતમુક્તાવલીના સોળમાં શ્લોકદ્વારા કરી રહ્યા છે. 'લોક' અર્થાત્ કોઈપણ લૌકિક વસ્તુની પ્રાપ્તિની કામના રાખી કોઈ કૃષ્ણનું ભજન કરતો હોય તો તે નોકરી કે ધંધા ની માફક ધનોપાર્જન કરતો હોવાથી, તે ધન અનર્થરૂપજ નિવડે છે. આવા માણસ દ્વારા કરાયેલું ભજન ભક્તિ હોઈ શકતી નથી, તેથી તેવાનું કરેલું-ધરેલું બધું ક્લેશરૂપ બની જાય છે. તે ક્લેશ પણ ઐહિક ક્લેશ પૂરતો સીમિત ન રહી નિષિદ્ધ હોવાને કારણે પરલોકનો પણ નાશક હોય છે. જેને થોડુંક પણ જ્ઞાન હશે તે કદી આવી રીતે ભજન નહિ કરે. સર્વથા જ્ઞાનરહિત (મૂઢ) કોઈક આવું કામ કરી પણ શકે!



શ્રીપ્રભુચરણની આ સ્પષ્ટોક્તિના આધારે સમજી શકાય છે કે વ્યક્તિ , પરિવાર, સમુદાય કે સમાજ—કોઈના પણ આર્થિક હિતમાટે જો ભગવત્સેવાને કે કથાને હાથો બનાવવામાં આવે તો તે વ્યક્તિ, પરિવાર, સમુદાય કે સમાજ ના આ લોક અને પરલોક બન્ને બગડી જાય છે. તેથીજ પુષ્ટિમાર્ગના મહાન્ વિચારક પૂજ્યપાદ શ્રીપ્રથમેશજી મહારાજશ્રીના ઐતિહાસિક અને ભવ્ય ઉદ્‌ગાર આપણે વાંચી ગયા—"યહ એક નિશ્ચિત તથ્ય હૈ કિ જિતના પૈસેકો મહત્ત્વ મિલેગા ધર્મકી હાનિ હી હોગી".

આ વિધાન કેવળ શ્રીપ્રથમેશજી મહારાજશ્રીએ પોતાની મનસ્વી વિચારધારા તરીકે વહેતું કર્યું હોય તેવું પણ નથી. એમના કરતાય વૃદ્ધ પૂ. પા. શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી (સૂરત)એ પણ આ બાબતમાં ખૂબજ મનનીય વિધાનો કરેલા છે. ગોસ્વામી બાળકોના ઘરમાં બિરાજમાન

શ્રીઠાકોરજીને, વૈષ્ણવો પોતેજ કે ગુરુ દ્વારા પણ; કાંઈપણ અર્પણ કરી શકતાજ નથી, એવું આચાર્યોચિત સાહસપૂર્વક આપશ્રીએ સુસ્પષ્ટ શબ્દોમાં વિધાન કરેલ છે. નડિયાદ કેસની જુબાનીમાં પ્રતિવાદીના વકીલ અને પૂ.પા. મહારાજશ્રીના સંવાદના અમુક અંશો અમે અહોભાવથી રજૂ કરીએ છીએ —

વકીલ : એક વૈષ્ણવને ત્યાં સેવ્યસ્વરૂપ હોય તો અન્ય કોઈ વૈષ્ણવ તે સ્વરૂપને કાંઈ ભેટ આપી શકે ?

પૂ.પા.મહારાજશ્રી: ના, એ સંપ્રદાયની પદ્ધતિજ નથી.

વકીલ : સાંપ્રદાયિક મંદિરોમાં શ્રીઠાકોરજીની સેવામાટે વૈષ્ણવો તરફથી સ્થાવર-જંગમ મિલ્કત ભેટ અપાય કે નહિ ?

પૂ.પા.મહારાજશ્રી: શ્રીઠાકોરજીને કોઈ સીધી રીતે ભેટ કરી શકતું નથી.

વકીલ : ત્યારે શ્રીઠાકોરજીને જો વૈષ્ણવ સીધી રીતે ભેટ ન કરી શકતો હોય તો ગુરુદ્વારા ભેટ કરી શકે ?

પૂ.પા.મહારાજશ્રી: ના !

વકીલ : સાંપ્રદાયિક કોઈપણ મંદિર કે જેમાં ગોસ્વામી બાળક હોય અગર ન હોય તો તે બધા મંદિરોમાં શ્રીઠાકોરજીની સેવાર્થે વૈષ્ણવો ભેટ આપી શકે નહિ કે જે મંદિરોમાં ગોસ્વામી બાળક હોય તે મંદિરોમાંજ ન આપી શકે ?

પૂ.પા.મહારાજશ્રી: કોઈ પણ ઠેકાણે ન આપી શકે.

વકીલ : જો પુષ્ટિમાર્ગીય કોઈપણ મંદિરમાં વૈષ્ણવ શ્રીઠાકોરજીની સેવા તેમજ નેગભોગ માટે અને શ્રીઠાકોરજીની સેવાના નિભાવમાટે ભેટ, વગેરે આપી વિત્તજા સેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજા સેવા કરતા હોય તો તે મંદિર પુષ્ટિમાર્ગીય મંદિર નથી એમ આપનું કહેવું છે ?



પૂ.પા.મહારાજશ્રી: પુષ્ટિમાર્ગીય મંદિરમાં વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી કરે તો તે 'સંપ્રદાયિક મંદિર' ના કહેવાય.

તેથીજ શ્રીપુરુષોત્તમજીએ સિદ્ધાન્તમુક્તાવલીની વ્યાખ્યામાં ચોખ્ખું લખ્યું છે કે પારકા દેહદ્વારા વિત્તજા સેવા કરનારનું ચિત્ત પ્રભુમાં ચોંટવાને ઠેકાણે અહંકારમાં ગરક થઈ જાય છે; તથા પારકા ધનથી તનુજા સેવા કરનારની સેવા ભાડૂતી સેવા બની જતી હોય છે. 'સ્વવૃત્તિવાદ'માં તેથીજ શ્રીપુરુષોત્તમજી સ્પષ્ટતા કરતા કહે છે કે ગોસ્વામિઓએ પોતાનો નિર્વાહ પોતાના શિષ્યોદ્વારા મળતી ચરણભેટથી કરવો જોઈએ. ક્યાંય પણ ભગવત્સેવાની નોકરી કે ધંધા થી પોતાના નિર્વાહની છૂટ આપવામાં આવી નથી.

કેટલાક લોકો પૂર્વાચાર્યોપદિષ્ટ આવા બધા સિદ્ધાંતોની શપથ લેવડાવવાના અમારા નિર્દોષ આગ્રહની બાબતમાં કહે છે—"આપકે દ્વારા લિખિત વ મુદ્રિત 'શપથપત્ર', ના તો વૈધાનિક હૈ ઔર ન ગોસ્વામી-પરિષદ્ અથવા આચાર્ય-પરિષદ્ કી બહુમતિસે માન્ય હૈ. અતઃ અપ્રામાણિક હૈ"

આ તો અભણ માણસનેજ છાજે તેવો હાસ્યાસ્પદ વિધાન છે, કેમકે ગોસ્વામી-પરિષદ્‌ના અધ્યક્ષપદને વર્ષોથી અલંકૃત કરનાર ગોસ્વામી શ્યામ મનોહર નથી, પરંતુ પૂ.પા. શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીજ છે. ઉપર્યુક્ત વિધાનો, જે સન ૪૬માં કરવામાં આવ્યા છે, તે વખતે પણ તેઓ અધ્યક્ષ હતાજ. આચાર્યપરિષદ્‌ના પુરસ્કર્તા ગોસ્વામી શ્રીરણછોડાચાર્ય પ્રથમેશ પણ પરિષદ્‌ના પ્રચારાધ્યક્ષ રહ્યા છે. આ બે સ્તંભો શપથપત્રમાં વર્ણવેલ ગૃહસેવાના તેમજ તનુવિત્તજા સેવાના સિદ્ધાંતમાં જો મતભેદ ન ધરાવતા

હોય તો શપથપત્ર અવૈધાનિક કેમ હોઈ શકે? અન્તે વિધાન કોનું? શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના તે-તે વચનો તો શપથપત્રમાં ટંકિલાજ છે; એના અર્થઘટનમાં ક્ષતિ હોય તો સાચો અર્થ શો છે તે કહી દેખાડવાનું સાહસ કેળવવું જોઈએ. શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણ પ્રભૃતિ પૂર્વાચાર્યોના વચનોથી વિપરીત પોતાની અર્થલોલુપતાના વિધાનમુજબ 'શપથપત્ર'માં વણવિલ ગૃહસેવા અને તનુવિત્તજસેવા ના સિદ્ધાંતને અવૈધાનિક ગણવો તે તો 'શપથપત્ર'નું ગૌરવ છે — અગૌરવ નહિ!

ભગવત્સેવાપર, નિબંધ-સુબોધિનીના નિત્ય સ્વાધ્યાયમાં તત્પર તેમજ નિર્ભીક-નિર્દમ્ભ માર્ગનિષ્ઠા રાખનાર એક આદર્શ ધર્માચાર્ય એવા નિ.લી.શ્રીગોવિન્દરાયજી (સૂરત-પૂના)ના વિદ્વાન્ શાસ્ત્રાભ્યાસી આત્મજ પૂ.પા. શ્રીબાલકૃષ્ણ-લાલજી મહોદય પણ આ બાબતમાં કોઈ વિશેષ મતભેદ ધરાવતા હોય તેવું તેમના ૧૯૮૪માં પ્રકાશિત થયેલ ગ્રંથના અવલોકનથી તો સિદ્ધ થતું નથી. 'પુષ્ટિને શીતળ છાંયડે' માંથી આ બાબતમાં ખુલાસો આપનાર કેટલાક મનનીય વચનામૃતો અહીં ઉધ્ધૃત કરવાની લાલસા રોકી શકાતી નથી.

પ્રશ્ન: દેવદ્રવ્ય કોને કહેવાય? ગુરુદ્રવ્ય કોને કહેવાય? મહાપ્રસાદ કોને કહેવાય?

ઉત્તર: દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય. દેવને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઈપણ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. તે-જ પ્રકારે ગુરુને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે પદાર્થ 'ગુરુદ્રવ્ય' કહેવાય. પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય.

પ્રશ્ન: જે મંદિરો ટ્રસ્ટીઓ હસ્તક હોય છે ત્યાં દ્રવ્ય-સીધું શ્રીઠાકોરજીને અંગીકાર થતું હોય છે, તો એ દેવદ્રવ્ય ગણાય? અને ગણાય તો એ દ્વારા ધરાતી સામગ્રી 'મહાપ્રસાદ' કહેવાય? વૈષ્ણવોથી લેવાય?

ઉત્તર: જે મંદિરો ટ્રસ્ટીઓ હસ્તક હોય અને જેમાં બાળકનું સ્વત્વ ન હોય તેવા મંદિરોમાં આવતા દ્રવ્યનો દેવદ્રવ્ય તરીકે વ્યવહાર થાય તો તે અયોગ્ય નથી. ગોસ્વામી



બાળકો હસ્તકે જે મંદિરો હોય છે, તેમાં તેમની પ્રધાનતા હોય છે. તેમાં જે કાંઈ વસ્તુ, સામગ્રી અથવા દ્રવ્ય આવે છે તે એમને ઉદ્દેશીને આવે છે, માટે તેનો દેવદ્રવ્ય તરીકે વ્યવહાર કરવામાં નથી આવતો. કદાચ પ્રભુમાટે પણ હોય તોય એમનાદ્વારા તે દ્રવ્ય-સામગ્રી વિગેરે પ્રભુને અંગીકાર થતા હોવાથી તેમાં દેવદ્રવ્યપણાનો બાધ આવી શકતો નથી.+આપણા ઘરોમાં(મંદિરોમાં) પ્રભુના સાંનિધ્યમાં જે દ્રવ્ય અથવા ચીજવસ્તુ ભેટ ધરવામાં આવે તે દેવદ્રવ્ય કહેવાય છે, આ રીતે આવેલું દ્રવ્ય અથવા કોઈપણ વસ્તુ હોય, તેમાં સીધું દેવલકત્વ આવે છે; તેથી તે અગ્રાહ્ય છે...શ્રીની સન્મુખ ભેટ ધરાયેલું દ્રવ્ય અમારી પેઢીમાં (મહેતાખાનામાં) જમાં થતું નથી. ગોસ્વામી બાળકોની પેઢીમાં આવતું દ્રવ્ય તે તેમનું અંગત હોય છે, માટે તેવા દ્રવ્યમાટે દેવદ્રવ્ય તરીકે વ્યવહાર થતો નથી.

('પુષ્ટિને શીતળ છાંયડે' ભાગ-૨.પાનું: ૧૮૬. પ્રકા.તા.: ૨૨-૧૦-૮૪).

આ પ્રશ્નોત્તરીનું અવગાહન કરવાથી ચોકકસપણે એક વાત સમજી શકાય છે કે સ્વગૃહસેવાને અને સ્વતનુવિત્તજસેવાને અવૈધાનિક કે અપ્રામાણિક માનનારા સિદ્ધાંતદ્વેષીઓને જડબાતોડ ખુલાસો વિદ્વદ્વર્ય શ્રીબાલકૃષ્ણલા-લજી મહોદયે પણ આપેલોજ છે. તે છતાંય આજે આપણા માર્ગમાં એવી વિટંબણા પ્રવર્તી રહી છે કે દેવદ્રવ્યનો પ્રસાદ લેવાના નિષેધનું કેટલાક લોકો જાણી જોઈને શ્રીઠાકોરજીના મહાપ્રસાદના નિષેધરૂપે અર્થઘટન કરીને પુષ્ટિમાર્ગીયોને રવાડે ચઢાવવા માગે છે. તેઓ કહે છે કે શપથ લેનારાઓ બધા બહિર્મુખ થઈ જવાના છે.

+ નિત્યલીલાસ્થિત પ્રાતઃસ્મરણીય શ્રીગોવિન્દરાયજીના ઘનિષ્ઠ સંપર્કમાં રહેલ કેટલાક ભાગ્યવાન વૈષ્ણવોના મુખથી સાંભળ્યું છે કે શ્રીઠાકોરજીના નામે કોઈ

શપથ, પરંતુ, શ્રીમહાપ્રભુના સિદ્ધાંતને અનુસરવાની છે, એટલે તેના કારણે જો બહિર્મુખતાઆવતી હોય તો તે આરોપ શ્રીમહાપ્રભુ શ્રીપ્રભુચરણ શ્રીગોકુલનાથજી શ્રીહરિરાયજી શ્રીપુરુષોત્તમજી વિ.નાઉપર લાગે છે, આટલી સીધી વાત તે સ્વાર્થાન્ધો કેમ સમજતા નથી!

શું "મેરો વ્હૈકે દેવદ્રવ્ય ખાયેગો સો મહાપતિત વ્હે જાયેગો મેરો નાહિં કહાવેગો" વિધાન શ્રીમહાપ્રભુએ લોકોને બહિર્મુખ કરવામાટે કર્યું છે?

શું "જે લૌકિક કામનાની પૂર્તિમાટે આજીવિકાના રૂપમાં કૃષ્ણભજન કરશે તેના આલોક-પરલોક બન્ને બગડશે" વિધાન શ્રીગુસાંઈજીએ લોકોને બહિર્મુખ કરવામાટે કર્યું છે?

શું "સેવામાટે બીજાનું ધન લઈને ફક્ત શરીરથી સેવા કરવાથી કે બીજાને સેવામાટે ધન આપવાથી, કાં તો સેવા ભાડૂતી બની જાય છે; કાં તો અહંકાર વધી જાય છે" આ વિધાન શ્રીપુરુષોત્તમજીએ લોકોને બહિર્મુખ કરવા પ્રકટ કર્યું છે?

શું "દેવદ્રવ્ય ખાવાથી નરકપાત થશે" આ વિધાન

---

શાકભાજી પણ ધરી જાય તો તેને તેઓશ્રી સ્વીકારતા ન્હોતા. જો આ વાત ખરી હોય તો તેનું કારણ વિચારતા એજ સમજમાં આવે છે કે આવી રીતે આવેલ દ્રવ્ય વસ્તુ કે સામગ્રી દેવદ્રવ્ય હોય કે ન હોય પણ શ્રીઠાકોરજીની સેવામાં તેને સ્વીકારતાં સેવાકર્તાની સેવા તનુવિત્તજા સેવા ન રહી તનુજા ( ભાડૂતી ) સેવારૂપે વિકૃત થઈ જાય છે; અને ભેટ ધરનાર વૈષ્ણવમાં ભક્તિવૃદ્ધિના ઠેકાણે અહંકારવૃદ્ધિનો દોષ ઉત્પન્ન કરવાનો અપરાધ લેનારને લાગી જતો હોય છે. તેથી દેવદ્રવ્ય થતું હોય કે નહિ; પરંતુ "ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્" એવા શ્રીમહાપ્રભુના વંશજોએ—"ભુવિ મોહપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્" તરીકે આપણા શ્રીમહાપ્રભુ બદનામ ન થઈ જાય તેની કાળજી લેવી ઘટે. તેથી શ્રીપુરુષોત્તમજી પણ કાળજી લઈને કહે છે—"નચ યાગો યજમાનસ્યેવ વિત્તદાતુઃ ફલતિ ઈતિ .શંક્યં, તત્ર ઋત્વિગ્દક્ષિણાદિવદ્ અત્ર તદ્દાનાદેઃ ભક્તિમાર્ગે ભગવતા અનુક્તત્વાત્. અતઃ તથા ન કાર્યં કિન્તુ ભગવદુક્તરીત્યૈવ કાર્યમ્." તેથી નવી પેઢીના શાંતિપ્રિય વિદ્વદ્વર્ય પૂ.પા. શ્રીબાલકૃષ્ણલાલજી મહોદયનું તાત્પર્ય અહીંયાં સિદ્ધાંતવિવેચનાનું ન હોઈ—પ્રચલિત કુપ્રથાની આલોચનાની ભાંજગડમાં ન પડવાનુંજ લાગે છે; કેમકે 'પુષ્ટિને શીતળ છાંયડે'માં તનુવિત્તજા સેવાની આવશ્યકતાઉપર પણ ભાર તો આપેલો છેજ.

( ગો.શ્યા.મ. )



ગોસ્વામી શ્રીરણછોડાચાર્ય પ્રથમેશજીએ લોકોને બહિર્મુખ કરવા પ્રકટ કર્યું છે?

શું "આપણા ઘરોમાં (મંદિરોમાં) પ્રભુના સાંનિધ્યમાં જે દ્રવ્ય અથવા ચીજવસ્તુ ભેટ ધરવામાં આવે તે દેવદ્રવ્ય કહેવાય છે, કારણકે તે પ્રભુને ઉદ્દેશીને જ ભેટ ધરવામાં આવ્યા હોય છે. આ રીતે આવેલું દ્રવ્ય અથવા કોઈ પણ વસ્તુ હોય, તેમાં સીધું દેવલકત્વ આવે છે; તેથી તે અગ્રાહ્ય છે...શ્રીની સન્મુખ ભેટ ધરાયેલું દ્રવ્ય અમારી પેઢીમાં (મહેતાખાનામાં) જમા થતું નથી. ગોસ્વામી બાળકોની પેઢીમાં આવતું દ્રવ્ય તે તેમનું અંગત હોય છે, માટે તેવા દ્રવ્ય માટે દેવદ્રવ્ય તરીકે વ્યવહાર થતો નથી.

"પરંતુ જે મંદિરો કેવળ ટ્રસ્ટીઓ હસ્તકજ હોય તે મંદિરોમાં તો ત્યાં બિરાજતા શ્રીઠાકોરજીને ઉદ્દેશીનેજ તમામ દ્રવ્ય આવતું હોય છે. આ પ્રકારના મંદિરોમાં તો સન્મુખમાં ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફીસમાં આવતું દ્રવ્ય—તેને સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે; તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીને વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલોજ છે". વિધાન વૈષ્ણવોને બહિર્મુખ કરવામાટે છે?

ત્રણ-ત્રણ પેઢીથી સાંપ્રદાયિક ગ્રન્થોનો અવિચ્છિન્ન અભ્યાસ જાળવનાર પૂ.પા. શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી, નિ.લી.શ્રીગોવિન્દરાયજી મહાનુભાવ અને પૂ.પા. શ્રીબાલકૃષ્ણજી મહોદય લોકોને બહિર્મુખ કરવા માંગે છે?+

આપણા સેવ્ય પ્રભુ તો .માનસી સેવાની સિદ્ધિ

---

+ જોકે આ લેખમાળા છપાયા પછી પૂ.પા.મહારાજશ્રી અને પૂ.પા. શ્રીબાલકૃષ્ણલાલજી-આદિ ભ્રાતૃત્રયીએ સંયુક્તનામ્ના અપસિદ્ધાન્તસારસર્વસ્વ રૂપ 'વિમર્શ' ગ્રન્થ પ્રકાશિત કરાવ્યો છે કે જેના બે પ્રકરણોના મારા જવાબ પણ છપાઈ ગયા છે ( ગો.શ્યા.મ. ).

પહેલા બહારજ બિરાજતા હોય છે; અને હૃદયની ભીતર કોઈક વખત ભગવદ્‌ભાવ ન હોઈ ધનલોલુપતાજ ભરેલી હોય તેવું પણ સંભવી શકે છે. તેથી ભીતર ભગવદ્‌ભાવવાળાએ અન્તર્મુખ થવું જોઈએ પરંતુ જેની ભીતર ધનલોલુપતા ભરેલી હોય તેનામાટે તો બહિર્મુખ થવુંજ વધુ યોગ્ય ગણી શકાય છે.

આ સમગ્ર મનોવૃત્તિનો ચિતાર રજૂ કરવા એક કલ્પિત સંવાદ હું અહીંયાં નમૂનારૂપે ટાંકવા માંગુ છું:—

પ્રશ્ન: જો દેવદ્રવ્યનો પ્રસાદ ન લેવાય તો જે હવેલીઓ આજે જાહેર ટ્રસ્ટીઓના સંચાલન હેઠળ છે કે જેમાં ગોસ્વામી બાળકોની પ્રધાનતા ખતમ થઈ ગઈ હોય તેવા મંદિરોમાં બિરાજતા શ્રીમહાપ્રભુ-શ્રીગુસાંઈજીના નિધિસ્વરૂપોનો મહાપ્રસાદ લેવાય કે નહિ?

ઉત્તર: સોનાની કટોરી ગીરવી મૂકીને ભોગ ધરવાના પ્રસંગમાં: પોતાના ઘરમાં બિરાજમાન શ્રીનવનીતપ્રિયાજીને ઉદ્દેશીને પોતે કે પોતાના કોઈક અંગત ભગવદીયે દાનરૂપે ભેંટ ધરેલી સોનાની કટોરીને ગીરવી ધરીને સિદ્ધ થયેલ સામગ્રી પોતાના સેવ્યપ્રભુને તો ભોગ ધરીજ હતી. તેનો, પરંતુ, મહાપ્રસાદ પોતે અથવા તો પોતાના પરિવાર કે સેવક-ટહેલવાઓને પણ—પોતાની પ્રધાનતા હોવા છતાંય—લેવા દીધો ન્હોતો. થોડોક ગૌગ્રાસમાં અને અવશિષ્ટ શ્રીયમુનાજીમાં પધરાવી દીધો હતો. કારણ પૂછવામાં આવતા—"જો દેવદ્રવ્ય ખાયેગો સો મહાપતિત વ્હૈ જાયેગો મેરો નાહિ કહાવેગો" આજ્ઞા કરીને પોતાની અતિશય સૂગ વ્યક્ત કરી હતી—નહિ કે શ્રીઠાકુરજીની કટોરી ગીરવી ધરવાથી થયેલ કોરૂં મનદુઃખ ફક્ત વ્યક્ત કર્યું હતું, જેમ આધુનિક ધંધાખોર ભવાડાબાજો વચનામૃત કરે છે—તે વાર્તાપ્રસંગને જોતા તો આપણાથી નહીંજ લેવાય.

પ્રશ્ન: એનો મતલબ કે શ્રીમહાપ્રભુ-શ્રીગુસાંઈજીના નિધિસ્વરૂપોનો પણ પ્રસાદ લેવો નહિ?



ઉત્તર: નિધિસ્વરૂપોનો પ્રસાદ લેવાની મનાઈ નથી પરંતુ તે દેવદ્રવ્યથી સિદ્ધ થયેલ સામગ્રી ન હોવી જોઈએ.

પ્રશ્ન: પણ અંતે આજે જો ઘણે બધે ઠેકાણે દેવદ્રવ્યથી ભોગ-સામગ્રી સિદ્ધ કરવામાં આવતી હોય તો દેવદ્રવ્યની ભાંજગડમાં પડવા જતા ભગવત્પ્રસાદથી વંચિત રહી જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય કે નહિ?

ઉત્તર: શું મહાપ્રભુએ શ્રીનવનીતપ્રિયજીનો પ્રસાદ ન લઈ યમુનાજીમાં પધરાવી દીધો, તે સ્વગૃહમાં બિરાજમાન પોતાના સર્વસ્વ એવા સેવ્ય સ્વરૂપનો અનાદર કર્યો હતો?!

પ્રશ્ન: શ્રીમહાપ્રભુની જુની વાતને પડતી મૂકો અને આજે અમારે શું કરવું તે બાબતમાં જણાવો.

ઉત્તર: જેટલી જુની શ્રીમહાપ્રભુની વાત છે તેટલાજ જુના એમના સેવ્ય નિધિસ્વરૂપો પણ છે; તો તેમના પ્રસાદના જુના આગ્રહને કેમ પડતો નથી મૂકતા?!

પ્રશ્ન: શ્રીમહાપ્રભુના સામર્થ્યની તે વાત હોઈ શકે પણ આપણાથી શ્રીમહાપ્રભુની નકલ આ બાબતમાં કેવી રીતે કરી શકાય અથવા તો કરવી ઉચિત ગણાય?

ઉત્તર: સવાલ શ્રીમહાપ્રભુની નકલનો નથી, સવાલ અહીં આપશ્રીની આજ્ઞાને અનુસરવાનો કે ઉથાપવાનો છે.

પ્રશ્ન: શ્રીમહાપ્રભુની દરેક આજ્ઞાને આજે કોણ અનુસરી શકે છે?

ઉત્તર: પછી ફક્ત મહાપ્રસાદ લેવાનીજ આજ્ઞાને ચુસ્તતાથી અનુસરવાનો હેતુ શો?

પ્રશ્ન: સાક્ષાત્ નિધિસ્વરૂપનો અનાદર ન થઈ જાય તેથી.

ઉત્તર: તો તે નિધિસ્વરૂપો જે શ્રીમહાપ્રભુના સામર્થ્ય અને ભાવના થી પ્રકટ થયા તેમના અનાદર ના થઈ જાય, તેની કોઈ જાતની બીક કે શરમ કેમ નહિ?!

આવા અગડંબગડં પ્રશ્નોની પાછળ રહેલી વિવશતા આજે પુષ્ટિમાર્ગીયોને સ્વસિદ્ધાંતદ્વેષી બનાવી રહી છે. આ

વિવશતા ભગતિના ધીકતા ધંધામાં વિક્રેતા કે ગ્રાહક ના રૂપે સંડોવાઈ જવાની છે. તેથી જ્યાં સુધી કોઈ બીજો વ્યવસ્થિત ધંધો માફક ન આવે ત્યાં સુધી આવા પ્રશ્નો ઉદ્‌ભવતાજ રહેવાના છે અને કોઈપણ વૈધાનિક અને પ્રમાણિક ઉત્તર પણ પ્રશ્નકર્તાને સંતોષી નહીં શકે. તેથી જે પુષ્ટિમાર્ગીયો આવા ભગતિના ધંધામાં ગ્રાહક કે વિક્રેતા ના રૂપે સંડોવાઈ નથી ગયા તેમની તટસ્થબુદ્ધિના સંતોષમાટે પુષ્ટિમાર્ગના બીજા પણ ગોસ્વામી બાળકોએ આ બાબતમાં શું વિધાન કર્યા છે તે ટાંકીને મૌન થવું પર્યાપ્ત છે.

### નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્ય પ્રથમેશજી

વલ્લભમતમેં યહ સિદ્ધાન્તતઃ ગલત હૈ ઔર ઐસે દેવસ્થાનોંકા ચઢાવેકા પ્રસાદ ભી ખાયા નહીં જા સકતા હૈ, ક્યોંકિ વહાં દેવલકત્વ હી પ્રધાન હૈ. આજકે યુગકો દેખતે હુએ, જહાં ન્યાસ કરના આવશ્યક હૈ, વહાં ઉપર્યુક્ત સિદ્ધાન્તોંકો ધ્યાનમેં રખકર હી ન્યાસ કરના આવશ્યક હૈ, જિસસે દેવલકવૃત્તિસે બચા જા સકે. યદિ ઐસી વ્યવસ્થા નહીં કી જાતી તો દેવદ્રવ્ય હોતા હૈ, જિસકા સેવન કરનેસે આચાર્ય સ્પષ્ટ કહતે હૈ કિ નર્કપાત હોગા.

(હ. ધા. સ્થિ. વ. સ્વ. એવં ભ. વ્ય. હે. પ્ર.).

### પૂ. પા.ગો.શ્રીઘનશ્યામલાલજી સપ્તમેશ

ક્યોંકિ શ્રીનાથજી સ્વયં ઉસકે ભોક્તા હૈં; કિન્તુ વૈષ્ણવવૃન્દ તથા સેવકગણ ભી, ઉસકે મહાપ્રસાદ લેને તકકે અધિકારી નહીં હૈ. યહ આચાર્યચરણકે ઈતિહાસસે પ્રત્યક્ષ પ્રમાણભૂત હૈ. ઉસકે મહાપ્રસાદ લેનેકા કેવલ ગાયોકોં હી અધિકાર હૈ. અન્યથા ઉસ દેવદ્રવ્યકે ઉપભોગ કરનેસે નિશ્ચય હી અધઃપતન હૈ...સબ પ્રકારકે દાન ચઢાવોં વ વસૂલ વસૂલી કરનેકા



ઉલ્લેખ કિયા ગયા હૈ, વહ ભી સંપ્રદાયકે સિદ્ધાંતસે નિતાન્ત વિરુદ્ધ હૈ. હમારે સંપ્રદાયકી પ્રણાલીકે અનુસાર જો હમારે સંપ્રદાયકે સેવક હૈં, ઉનકા હી દ્રવ્ય ગુરુ-શિષ્યકે સંબંધસે લેકર સેવામેં ઉપયોગ કરાયા જા સકતા હૈ. સંપ્રદાયમેં સબ પ્રકારકે દાન-ચઢાવેકા ઉપયોગ સેવામેં નહીં કિયા જાતા; ઔર કદાચિત્ કિયા જાતા હો તો વહ, સંપ્રદાયકે નિયમોંસે વિરુદ્ધ હોનેકે કારણ, બંદ કર દેના ચાહિયે.

(શ્રીનાથદ્વારાઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી આલોચના તા.૧-૨-૫૬).

### વિદ્વદ્વર્ય પૂ.પા. ગો. શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય

તેને સ્પષ્ટ દેવદ્રવ્ય કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરન્તુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીને વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદમાં દેવદ્રવ્યનો બાધ તો રહેલોજ છે.

(પુ. શી. છાં. ભાગ-૨).

તેથી આ સ્વગૃહસેવા તેમજ સ્વતનુવિત્તજ- સેવાના આગ્રહમાં કોઈ જો શ્રેષ્ઠતા હોય તો તે શ્રીમહાપ્રભુજીની તેમજ તેમના વંશજો અનેક ગોસ્વામી બાળકોની શ્રેષ્ઠતા છે—ગોસ્વામી શ્યામમનોહરની નહિ. જો તેમાં કાંઈક ત્રુટિ છે તો, તે પણ શ્રીમહાપ્રભુજીના વંશજ અનેક ગોસ્વામી બાળકોની છે—કેવળ ગોસ્વામી શ્યામમનોહર એન્ડ શ્યામપંથી કંપનીની નહિ. આ એક જ્વલંત તથ્ય કદી વિસ્મૃત થવું જોઈએ નહિ.

(૫/૬)પ્રશ્નકર્તા ભાઈ કહે છે: સત્સંગ-હૉલથી કેવળ મર્યાદિત સંખ્યાનેજ લાભ મળશે.

આ પ્રશ્નમાંથી એવી ધ્વનિ નીકળે છે કે જાહેર મંદિરથી અમર્યાદિત જનસંખ્યાને લાભ મળી શકે છે, જ્યારે કે સત્સંગ-હૉલથી મર્યાદિત જનસંખ્યાનેજ લાભ

મળી શકે છે.

આ અગાઉની વિવેચનાથી આટલું તો આપણે સરખી રીતે સમજી શક્યા છીએ કે શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણ પ્રભૃતિ પૂર્વાચાર્યોદ્વારા નિરૂપિત — સ્વધર્મબુદ્ધિથી કરવામાં આવતી ભગવત્સેવા, સ્વગૃહસ્થિત સેવ્યસ્વરૂપની સેવા, સ્વતનુવિત્તથી કરાતી સેવા, કે ભાવસંગોપનાત્મક-સેવા ના — સિધ્ધાંતોના ભવનમાં જાહેર મંદિરોની પ્રણાલીને કારણે ઉધઈ લાગી જતી હોય છે. જાહેર મંદિરોને કારણે સેવાનો સિદ્ધાંત તદ્દન પોકળ બની જતો હોય છે, કારણ કે એક સામાન્ય ગૃહસ્થ પોતાના ઘરમાં પોતાની નીતિભરેલી સામાન્ય આજીવિકા સાથે જાહેર મંદિરની સેવાની જેવી નેગભોગ-રાગ-શૃંગારના ભભકાવાલી વૈભવભરેલી સેવા નભાવી શકતો નથી. તેમજ ચાંડાલ-મડદા જેવી અપવિત્રતાવાળી દેવલકવૃત્તિથી જાહેર મંદિરોમાં પાલવામાં આવતી કૂપજલની ખાસા-સેવકી અપરસના બાહ્યાડંબરવાળી સેવા પણ એક સાધારણ વૈષ્ણવ નભાવી શકતો નથી. પરિણામરૂપે દ્રવ્યોપાર્જનાર્થ કરવામાં આવતા નેગભોગ-રાગ-શૃંગારના વૈભવના ભભકા કે ડોળ ને કારણે; અને પોતાના ઘરમાં બિરાજમાન સ્વરૂપની ભક્તિમયી સેવાનિષ્ઠાને ક્રૂરતાથી છિન્નભિન્ન કરનાર કૂપજલની ખાસા-સેવકી મેંડ-મરજાદના બાહ્યાડંબરવાળા પ્રદર્શનને કારણે પણ, અમર્યાદિત રૂપમાં સિદ્ધાંતનિષ્ઠાને હાનિ પહોંચાડનારા જાહેર મંદિરો હોય છે.

શાસ્ત્રોનો સનાતન સિદ્ધાંત છે — "યોઽર્થશુચિઃ સ હિ શુચિઃ ન મૃદ્વારિશુચિઃ શુચિઃ". તેથી પોતાની શુદ્ધ આજીવિકાથી પોતાના સેવ્યને લાડ લડાવવા જેટલો નેગભોગ-રાગ-શૃંગારનો વૈભવ કે કડક અપરસ કોઈ પોતાના ઘરમાં વિસ્તારે તેમાં લેશમાત્ર પણ દોષ જેવું કાંઈ નથી. પોતાના સેવ્યને લાડ લડાવવાનો હેતુ, પરન્તુ, શુદ્ધ હોય તો જાહેર પ્રદર્શનની તો આવશ્યકતાજ નથી. જાહેર પ્રદર્શન જો જનતાને સેવાના ભાવાત્મક પ્રકારનું શિક્ષણ આપવામાટે કરવામાં આવતું હોય તો તેવા હેતુથી કરવામાં આવતા



પ્રદર્શનમાં જનતાથી ભેટ સામગ્રી વસૂલવાની પ્રક્રિયા તો તદ્દન અનાવશ્યક છે.

જનતાના દ્રવ્યના દૈવી ઉપયોગના હેતુથી જો જનતાથી ભેટ-સામગ્રી વસૂલવામાં આવતી હોય તો તે-તે વૈષ્ણવોના ઘરમાં બિરાજમાન પ્રભુની સેવામાં વપરાતું દ્રવ્ય તેનો દૈવી ઉપયોગ નથી શું?

જો તે-તે વૈષ્ણવોના ઘરમાં બિરાજમાન ભગવત્સ્વરૂપ સાક્ષાત્ પુરુષોત્તમભાવે નથી બિરાજતાં પણ ગુરુભાવે બિરાજે છે, એમ સ્વીકારીએ તો વૈષ્ણવોને સેવાર્થે ભગવત્સ્વરૂપ પુષ્ટ કરીને પધરાવવાની આવશ્યકતા રહી નથી જતી. કેમકે ત્યારે તો ગોસ્વામી બાળકોએ પોતાનાજ ચિત્રજી, સ્વરૂપ કે પાદુકાજી કેવળ પધરાવવા જોઈએ. જો ગુરુભાવ અને પુરુષોત્તમભાવ એમ ઉભયભાવે સેવા કરવામાટે ભગવત્સ્વરૂપને પુષ્ટ કરીને પધરાવ્યા પછી ફક્ત ગુરુભાવે સેવા કરવાના હેતુથી ભગવત્સ્વરૂપ પુષ્ટ થતા હોય, તો પણ જાહેર મંદિરોમાં ભેટ-સામગ્રી વસૂલ કરવાની પ્રણાલી અનાવશ્યક સિદ્ધ થઈ જાય છે. કેમકે સેવ્યસ્વરૂપ ઉભયભાવે બિરાજતું હોવાથી ત્યાં પણ દ્રવ્યનો વિનિયોગ દૈવી વિનિયોગજ છે. તે સિવાય ફક્ત ગુરુભાવે પણ બિરાજતાં સ્વરૂપની સેવામાં થતો વિનિયોગ શું દૈવી વિનિયોગ નથી? જો આ વાત ખરી હોય તો ગોસ્વામિઓને ચરણભેંટ પણ ન ધરવી જોઈએ!

સ્વમાર્ગના ગુરુમાટે દ્રવ્ય ખરચવું શું આસુરી વિનિયોગ હોઈ શકે? જો ખરેખર એમ હોય તો કોઈ પણ ગોસ્વામી બાળકોના શ્રીઠાકોરજીમાટે પણ ભેંટ-સામગ્રી આપવી જોઈએ નહીં, કેમકે પોતાના ઠાકોરજીને નામે પડાવેલા પૈસા પણ અંતે તો ગોસ્વામિઓના વપરાશમાંજ આવતા હોવાથી તે આસુરી વિનિયોગ થયો કહેવાઈ જશે!

જો એમ કહેવામાં આવે કે જે વૈષ્ણવોના ઘરોમાં ભગવત્સેવા નભી નથી શકતી, તેમનામાટે જાહેર મંદિરપ્રણાલી આવશ્યક છે. તો સર્વપ્રથમ તો ગૃહસેવાનો પ્રથમ વિકલ્પ

કે અનુકલ્પ જાહેર મંદિરો ન હોઈ—ભગવત્કથા કે ભગવદ્‌ગુણાનુવાદ છે, તેથી પણ જાહેર મંદિર અનાવશ્યક સિદ્ધ થઈ જાય છે. એમ સત્સંગ-હૉલની આવશ્યકતા પુરવાર થાય છે.

હવે એક વખત મંદિરપ્રણાલી જો સિદ્ધાંતવૈપરીત્ય છે એમ સ્વીકારી લઈએ તો અમર્યાદિત સંખ્યામાં જનતાને લાભ પહોંચાડવા જતા અમર્યાદિત પ્રમાણમાં સ્વસિદ્ધાંતની હાનિ થાય છે, એ પણ સ્વીકારવું પડશે. તેથી અમર્યાદિત સંખ્યામાં વૈષ્ણવોને અવળે રસ્તે દોરવવા કરતાં, ભગવત્સેવાના સિદ્ધાંતશુદ્ધ વિકલ્પ કે અનુકલ્પ એવી ભગવત્કથા કે ભગવદ્‌ગુણાનુવાદ માટેના સત્સંગ-હૉલમાં, ભલે ને મર્યાદિત સંખ્યામાં જનતાને ધર્મલાભ મળતો હશે; પરંતુ તે કોઈપણ સંજોગમાં લાભ તો અમર્યાદિત પ્રમાણમાંજ હશે, એમ સ્વીકારી શકાય છે.

તેમજ ગોસ્વામી બાળકોમાં પણ આજે યુગાનુરૂપ જુદી-જુદી અપરસની મેંડ પાળવામાં આવી રહી છે. ગોસ્વામી-પરિષદે ૧૫-૨૦ વર્ષ અગાઉ નળજળને વાપરવાની છૂટનો પ્રસ્તાવ પાસ કર્યો હતો. તે સિવાય આજે અમેરિકા, લંડન તેમજ અખાત દેશોમાં પણ જે ગોસ્વામી બાળકો પધારતા હોય છે, ત્યાં પણ કાંઈ કુવા ખોદાવવામાં આવ્યા હોય એવુ સાંભળવામાં તો આવ્યું નથી! હવે વૈષ્ણવોના ઘરમાં બિરાજમાન શ્રીઠાકોરજી જો ગુરુભાવથી બિરાજતા હોય તો, જે ગુરુઓ પોતે નળનું જળ આરોગતા હોય તો, તેમના ભાવથી બિરાજતા શ્રીઠાકોરજીને પણ નળના જળની ઝારી ભરવામાં કે બજારની ભેળપુરી ધરાવવામાં વાંધો કેવી રીતે આવી શકે? જો કોઈ બાળકો જાહેરમાં નળનું જળ ન વાપરી ખાનગીમાંજ વાપરતા હોય તો, તેમના ભાવથી બિરાજમાન શ્રીઠાકોરજીની ઝારી પણ જાહેર મંદિરોમાં નળજળથી ભરવાની છૂટ ન આપવી જોઈએ; પરંતુ ખાનગી સેવામાં તેવી છૂટ આપવામાં વાંધાજનક કશું હોવું જોઈએ નહીં.



પ્રાચીન આચારમાં જો બાળકો આજે મનગમતી છૂટછાટ લઈ શકતાં હોય તો, ગુરુભાવે બિરાજતા શ્રીઠાકોરજીની ઘરમાં કરવામાં આવતી સેવાનેમાટે પણ, છૂટછાટ લેવી વાંધાજનક હોઈ શકતી નથી. ગૃહસેવામાં આવી છૂટછાટ, પરન્તુ, વૈષ્ણવોને આપવામાં આવતી નથી. તેને કારણે પરાણે વૈષ્ણવ જનતાને જાહેર મંદિરોમાં ભટકવું પડે છે. તેથી સિદ્ધાંતતઃ તો મેંડ-મરજાદમાં જે છૂટ ગોસ્વામી બાલકો લે છે તે છૂટ વૈષ્ણવોને ઘરમાં ગુરુભાવથી બિરાજતા શ્રીઠાકોરજીની સેવામાટે પણ આપવી જોઈએ. જો તે ન આપી શકાતી હોય તો પોતે બાલકોએ પણ તે છૂટ લેવી જોઈએ નહીં. સિદ્ધાંતશુદ્ધ સેવાપ્રકારમાં નિષ્ઠાના અભાવે જાહેર મંદિરોમાં તેવા આચાર-વૈભવનો બાહ્યાડંબર તો જળવાય છે જોકે ભીતરખાનેથી મુખિયા-ભીતરિયા-જલધરિયા વિગેરે કર્મચારિવર્ગ પણ તેવી મેંડ-મરજાદ સચ્ચાઈથી આજે પાળતો હોતો નથી. તે બાહ્યાડંબરો કોઈ પણ ગોસ્વામિબાલકથી, ટ્રસ્ટીથી કે મુખિયા-ભીતરિયા વિ. વેતનભોગી કર્મચારીથી; અથવા તો સાધારણ વૈષ્ણવ જનતાથી પણ પોતાની ગૃહસ્થીની મર્યાદામાં આજે જાળવી શકાય એવા હોતા નથી. છતાંય જાહેર મંદિરોમાં આંખ આડા કાન કરીને તે કડક મેંડ-મરજાદ પળાઈ રહે છે, તેવી ભ્રમણા પાળવામાં આવે છે. પરિણામે આજે વૈષ્ણવ જનતાના મગજમાં ભૂત ભરાઈ ગયું છે કે કડક મેંડ-મરજાદ અને નેગભોગ-રાગ-શૃંગારનો વૈભવ ભગવત્સેવાના અનિવાર્ય અંગ હોવાથી; અને ગૃહસ્થીના ઘરમાં તેનો નભાવ શક્ય ન હોવાથી, સ્વગૃહમાં ભગવત્સેવા થઈ શકતી નથી—તેથી જાહેર મંદિર અનિવાર્ય છે.

પરંતુ શ્રીમહાપ્રભુએ સેવાની બાબતમાં જણાવેલા ખુલાસાઓ જેમકે:—

(૧) મૂલ: એકકાલં દ્વિકાલં વા ત્રિકાલં વાપિ પૂજયેત્.

ભાવાર્થ: ભગવત્સેવા સવારે, સવારે-બપોરે, અથવા સવારે-બપોરે-સાંજે ત્રણેય કાલમાં કરી શકાય છે.

વ્યાખ્યા : આમાં જાહેર મંદિરનો આગ્રહ દેખાતો નથી પરંતુ — એક વખત, બે વખત; અથવા ત્રણ વખત — એક ગૃહસ્થ જે રીતે સેવાભક્તિને સહજતાથી નભાવી શકતો હોય તે રીતેજ સેવા કરવાની છૂટ દેખાઈ રહી છે.

(૨) મૂલ : સેવનં સ્વયોગ્યાનુસારેણ અલ્પં બહુ વા ન પ્રયોજકમ્.

ભાવાર્થ : સેવા વધારે કરવી કે ઓછી કરવી તે કહેવાનો મુદ્દો નથી પરંતુ પોતાની હેસિયત પ્રમાણેજ કરવી જોઈએ.

વ્યાખ્યા : પોતાની હેસિયતથી ઓછી સેવા પોતાની જાત સાથે છેતરપીંડી છે, જ્યારે કે પોતાની હેસિયતથી વધારે નેગભોગ-રાગ-શૃંગાર ધરાવવાની ખોટી મનોવૃત્તિને કારણેજ ધંધાકીય જાહેર મંદિર પ્રણાલીનો સડો આપણા માર્ગમાં પેઠો છે.

(૩) ભાર્યાદિરનુકૂલશ્ચેદ્ કારયેદ્ ભગવત્ક્રિયામ્।
ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકૂલે ગૃહં ત્યજેદ્॥

ભાવાર્થ : પરિવારના પત્ની વિગેરે સભ્યોનો, જો ભગવત્સેવામાટે અનુકૂલ હોય તો, ભગવત્સેવામાં સહયોગ લેવો; પરંતુ ઉદાસીન હોય તો જાતે ભગવત્સેવા કરવી. તેઓ જો પ્રતિકૂલ હોય તો ગૃહત્યાગ કરવો.

વ્યાખ્યા : આ વિધાનથી સ્પષ્ટ થાય છે કે સેવામાં પરિવારના સભ્યોની સાનુકૂલતા કે પ્રતિકૂલતા નો વિમર્શ ધંધાકીય જાહેર મંદિરની બાબતમાં સાવ અપ્રાસંગિક છે. કેમકે ધારો કે ઘરમાં ગૃહિણી પ્રતિકૂલ હોય તેથી જાહેર મંદિર ચલાવવાનો ધંધો અથવા તો જાહેરમાં ભગવત્સેવાની નોકરીમાં કાંઈ વાંધો આવી શકતો નથી. કેમકે પરિવાર ઘરમાં હોય છે; અને ભગવત્સેવા બીજે કશે જાહેર મંદિરમાં કરવાની છે કે જ્યાં પારિવારિક કનડગત આડે આવીજ શકતી નથી. ત્યારે ત્યાગની આવશ્યક્તા પણ રહી જતી નથી. તે સિવાય જાહેર મંદિરમાં ‘પત્ની વિ. પારિવારિક સભ્યો’ કોના લેવા ? ટ્રસ્ટી વૈષ્ણવોના કે ગો. મ.શ્રીના મુખિયાજીના



કે ભીતરિયાજીના કે બાલભોગિયાજીના કે દૂધઘરિયાજીના કે જલઘડિયાજીના કે ઝાપટિયાના કે કીર્તનિયાના કે સમાધાનીના કે દર્શનાર્થી વૈષ્ણવોના કે મનોરથી વૈષ્ણવોના ? એનો ખુલાસો બ્રહ્માજી પણ કરી શકતા નથી. કેમકે આમાનાં ઘણાના પારિવારિક સભ્યો તો કંઠીબંધ વૈષ્ણવ પણ ક્યારેક-ક્યારેક હોતા નથી. ભગવત્સેવા સંબંધી આ માર્ગદર્શન જાહેર મંદિરોમાં અર્થહીન બની જતું હોય છે.

મૂલ : યદ્-યદ્ ઈષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ।
યેન સ્યાન્નિર્વૃતિશ્ચિત્તે તત્ક્ષણે સાધયેદ્ ધ્રુવમ્॥

પ્રકાશવ્યાખ્યા : ભગવત્સેવાયામપિ ક્લિષ્ટં ન સમર્પયેત્. તત્ ક્લિષ્ટં ત્રિવિધં : ૧.લોકક્લિષ્ટમ્, ૨.આત્મક્લિષ્ટં, ૩.ચિત્ત-ક્લિષ્ટં ચેતિ.

૧.લોકે યદ્-યદ્ ઈષ્ટતમમ્ આમ્રદ્રાક્ષાદિ, ૨.આત્મનઃ અત્યન્તં પ્રિયં દુગ્ધાદિ, ૩.સન્માર્ગેણ ઉપાર્જિતં — નાન્યેષાં ભાગરૂપં ચિરકાલ-મનોરથ-ચિન્તિતમ્ — અન્તઃકરણપ્રિયં તેનૈવ ચિત્તનિર્વૃતિઃ. ઈતરનિષેધાર્થમ્ એતદ્ ઉકતમ્.

ભાવાર્થ : ભગવત્સેવામાં કલેશયુક્ત વસ્તુ કે સામગ્રી નું સમર્પણ કરવું જોઈએ નહિ. કોઈપણ વસ્તુ કે સામગ્રી ત્રણ પ્રકારે કલેશયુક્ત હોઈ શકે છે :—

(૧) લોકમાં જેને પ્રાપ્ત કરવામાટે કલેશ સંભવતો હોય.

(૨) જે ભાવથી આપણે ભગવત્સેવા કરી રહ્યા હોઈએ, તેવા ભાવાત્મક સ્વસેવ્ય પ્રભુને જે વસ્તુ કે સામગ્રી થી કલેશ થતો હોય.

(૩) સેવાકર્તાના ચિત્તમાં ભગવત્સેવામાટે જે વસ્તુ કે સામગ્રી મેળવીને સમર્પણ કરવા જતાં કલેશ પેદા થવાની સંભાવના હોય.

આમ કલેશયુક્ત વસ્તુ કે સામગ્રી નાં નહિ પરંતુ કલેશરહિત વસ્તુ કે સામગ્રી નાં સમર્પણરૂપેજ સેવા કરવી જોઈએ. લોકમાં જે કાંઈ વસ્તુ કે સામગ્રી કલેશ વિના સહજ સુલભ હોય તેના વડે ભગવત્સેવા કરવી.

ગોપરાજકુમારનાં ભાવથી સેવાતા પ્રભુના સ્વરૂપના વિચારે જે દૂધ દહીં છાશ માખણ વિ. પ્રભુને રુચતા હોય તેથી સેવા કરવી જોઈએ. જે આપણે (દેવલકવૃત્તિથી નહિ પરન્તુ) સન્માર્ગથી ઉપાર્જિત કર્યું હોય કે જેનામાં બીજા (જેમકે જાહેર જનતા / ધનિક ટ્રસ્ટીઓ વિગેરે) નો ભાગ કે અધિકાર ન હોય એવી વસ્તુનું પ્રભુને સમર્પણ કરવું જોઈએ; ક્લેશયુક્ત વસ્તુ કે સામગ્રી નું નહીંજ.

વ્યાખ્યા : આની વ્યાખ્યા કરતાં શ્રીપુરુષોત્તમજી સ્પષ્ટપણે આજ્ઞા કરે છે કે ક્લેશરહિત ઉત્તમ વસ્તુ કે સામગ્રી ના સમર્પણની આજ્ઞાનું અનુસરણ કરવામાટે, જો ભાવાતિરેકમાં ક્યારેક આપણે એમ માની લઈએ કે—" ઉત્તમ વસ્તુનું સમર્પણ જેટલા વધારે પ્રમાણમાં કરીશું તેટલા વધારે પ્રમાણમાં ભક્તિમાર્ગીય પ્રતિબંધો નિવૃત થશે, તેથી પુષ્કળ લૌકિક વ્યાપાર + કે લૌકિક ચતુરાઈ કરવી જોઈએ" તો આવી ગેરસમજ આપણને બહિર્મુખજ બનાવતી હોય છે, ભગવદ્‌ભાવપ્રવણ નહિ. આનામાટે શ્રીમહાપ્રભુ અહીંયાં અક્લિષ્ટસમર્પણનું વિધાન કરે છે. ઉપસંહારમાં શ્રીપુરુષોત્તમજી એમ પણ ખુલાસો આપે છે—સન્માર્ગથી (દેવલકવૃત્તિથી નહીંજ) ઉપાર્જિત સામગ્રી પણ લોકક્લિષ્ટ કે આત્મક્લિષ્ટ ન હોવી જોઈએ. આમ સેવાપ્રતિબંધક ખામીઓની નિવૃત્તિની ઘેલછાથી ક્લેશયુક્ત નેગભોગ-રાગ-શૃંગાર-સામગ્રીના વૈભવના પ્રમાણાતિરેકની ઘેલછા—તેમજ "પ્રભુ ઉત્તમ વસ્તુના

+ ધંધાકીય ભક્તિ નોકરી જુગાર ભિખારીવેડા ચોરી વિ.થી સેવોપયોગી પુષ્કળ સામગ્રી મેળવવાની ચતુરાઈ. અથવા તો પ્રભુને ઉત્તમવસ્તુના ભોક્તા માની તત્સુખના વિચારને પણ ગૌણ બનાવી, જાહેર જનતાનું મનોરંજન કરનારા મોટા-મોટા મનોરથો કરવાની, જ્યારે ઘેલછા જાગે ત્યારે છાપાઓમાં મનોરથોની જાહેરાતો છપાવીને, સાચા ભગવદીય વૈષ્ણવોના ઠેકાણે નાણાના જોરે પ.ભ. બની બેઠેલા ધનિકોની ચાપલૂસી કરવાની ચતુરાઈ. અથવા તો એકજ મનોરથમાટે બે કે બાવીસ મનોરથીઓથી રૂપિયા વસૂલ કરીને મનોરથમાં ફક્ત એકનાજ ખરચવા, બાકીના રૂપિયા આમને આમ જમા કરી લેવાની ચતુરાઈ. અથવા તો એક જાહેર મંદિર છપ્પનભોગમાટે, રૂ.૧૦૦/- રોજના હિસાબે ભીતરિયાઓને રોકે તો, રૂ.૧૨૫/- રોજ આપવાની લાલચ દેખાડીને, તે ભીતરિયાઓને પોતાના મંદિરમાટેના છપ્પનભોગની સામગ્રી સિદ્ધ કરવા ફોડી લેવાની ચતુરાઈ.



ભોક્તા છે", કહીને લોકરંજનાર્થ મોટા-મોટા નેગભોગ-રાગ-શૃંગારના પ્રદર્શનથી ઉદ્‌ભવતી બહિર્મુખતા પણ—આપણા પુષ્ટિમાર્ગીય સેવાપ્રકારમાં હોઈ શકતી નથી.

આજે આપણે જોઈ શકીયે છીએ કે આ ત્રણ નિષિદ્ધ પ્રકારોમાંથીજ બે પ્રકારો મોટા ભાગના આપણા જાહેર મંદિરોમાં અનુસરવામાં આવી રહ્યા છે.

આમ જાહેર મંદિરો, જેને આપણે અમર્યાદિત સંખ્યામાં જનતાને ધર્મલાભ આપનાર ગણી રહ્યા છીએ, તે અમર્યાદિત પ્રમાણમાં આપણી ભગવત્સેવા નભાવી નથી શકતા. તેને માટે ભગવદ્‌ગુણાનુવાદ, સાંપ્રદાયિક સિદ્ધાંતગ્રન્થોનો સ્વાધ્યાય, ભગવલ્લીલાના શ્રવણ-કીર્તન-સ્મરણની આવશ્યકતાને સરખી રીતે પાર પાડી શકે એવા સત્સંગ-હૉલની પ્રણાલીનો અખતરો કરી લઈએ તો તેમાં કોઈ સિદ્ધાંતબાધ તો નથીજ.

જેમ શ્રીમહાપ્રભુજીએ અગણિત સચ્ચિદાનંદ પુરુષોત્તમની સરખામણીમાં ગણિતાનન્દક અક્ષરબ્રહ્મને—'સચ્ચિદાનન્દકં બૃહત્' કહ્યું છે, તેમજ આરાધ્ય ભગવન્મૂર્તિની સરખામણીમાં, સંસ્કૃતભાષાના વ્યાકરણશાસ્ત્રમુજબ, જેઓ પોતાની આરાધ્ય દેવમૂર્તિઓનો આજીવિકાના સાધન તરીકે દુરુપયોગ કરતા હોય તેવા દેવપૂજોપજીવિઓની મૂર્તિઓમાટે તે-તે દેવના અસલ નામો ન વાપરી નામોની પાછળ 'ક' જોડવાનો નિયમ છે. જેમકે દેવલકદ્વારા આજીવિકામાટે વપરાતી શિવની મૂર્તિને 'શિવક' કહેવું, રામની મૂર્તિને 'રામક' કહેવું જોઈએ—'શિવ' અથવા 'રામ' નહિ. તેનેમાટે વ્યાકરણમાં એક શ્લોક પ્રસિદ્ધ છે—

રામં સીતાં લક્ષ્મણં જીવિકાર્થે
વિક્રીણીતે યો નરસ્તં હિ ધિક્ ધિક્ !।
અસ્મિન્ પદ્યે યોડપશબ્દં ન વેત્તિ

વ્યર્થપ્રજ્ઞં પણ્ડિતં તં ચ ધિક્ ધિક્ !।।

શ્રીમહાપ્રભુના દિવ્ય પુષ્ટિમાર્ગના સન્નિષ્ઠ પથિકો ! જરા શાન્ત ચિત્તથી વિચારો, વ્યક્તિગત રાગદ્વેષને થોડીક વારમાટે બાજુમાં મૂકીને વિચારો કે આપણા શ્રીમહાપ્રભુજી, શ્રીપ્રભુચરણ વિગેરે પ્રાચીન આચાર્યોના સર્વસ્વ એવા આપણા વિવિધ મધુર-મધુર મંગલ-મંગલ નામોવાળાં અનેક પુષ્ટિસ્વરૂપો શ્રીબાલકૃષ્ણ, શ્રીનટવર, શ્રીમદનમોહન, શ્રીગોકુલચન્દ્રમા, શ્રીગોકુલનાથ, શ્રીદ્વારકાનાથ, શ્રીવિટ્ઠલનાથ, શ્રીમથુરાધીશ, શ્રીનવનીતલાલ, શ્રીગોવર્ધનધરણ, શ્રીશ્યામમનોહર, વિ. અનેકાનેક સુંદર નામો પાછળ હીનાર્થક 'ક' પ્રત્યય લગાડી દેવો તે શું આપણી સ્વમાર્ગ પ્રત્યે વફાદારી હોઈ શકે છે ? નહિ ! નહિ !! નહિ !!!

પરંતુ જાહેર મંદિરો તો, પારકા પૈસા અને વેતનભોગી કર્મચારિઓ વિના ચાલીજ નથી શકતા, ત્યારે જાહેર મંદિરોથી અમર્યાદિત સંખ્યાની જનતાને ધર્મલાભ આપવાના મોહમાં, ક્યાંક આપણે આપણા પુષ્ટિસ્વરૂપોના મંગલ-મધુરા નામોને વિકૃત કરવાનો અમર્યાદિત અપરાધ તો નથી કરી રહ્યાં ? વિચારો ! એક વખત જાહેર મંદિરોની ઘેલછા છોડીને વિચારો કે આપણા પુષ્ટિમાર્ગપ્રવર્તક શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણ પ્રભૃતિ પૂર્વાચાર્યોની આજ્ઞાના ઉલ્લંઘનને કારણે આપણા પુષ્ટિસ્વરૂપોની આપણી પુષ્ટિસેવાની કે આપણા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની આજે કેવી દુર્ગતિ થઈ રહી છે !! અરે અજ્ઞાન-સ્વાર્થનો જડાગ્રહ છોડીને — શ્રદ્ધાભાવ રાખીને જરાક તો વિચારો !!!

(૫/ચ)અને પાછલા દોઢ વર્ષથી ચાલતા સત્સંગનો પ્રત્યક્ષ અનુભવ નિહાળી જુઓ. આ અખતરાથી શું લાભ થયો ?

કોઈક ગામ કે નગર વિશેષમાં દોઢ વર્ષથી સત્સંગનો ચાલતો કાર્યક્રમ સફળ નહીં થયો, તેનું કારણ તો એક



આ પણ હોઈ શકે કે આપણી સાધારણ વૈષ્ણવ જનતાની ધાર્મિક રુચિ આજે આપણે સાવ બગાડી નાખી છે. તેથી નિરાશ થવાની નહિ બલ્કે નિષ્ઠા રાખવાની આવશ્યકતા છે કે સિદ્ધાંત કે અપસિદ્ધાંત નાં વિચારે — આજે નહીં તો આવતી કાલે, આવતી કાલે નહીં તો આવતા દાયકામાં પણ જ્યારે સુધરવાનો સુઅવસર આવશે ત્યારે — જાહેર મંદિરો બંધ કરીને ફરીથી સ્વગૃહ સેવાનો આગ્રહ કેળવવોજ પડશે. ત્યારે પણ સ્વસિદ્ધાંતગ્રન્થોનો સ્વાધ્યાય અને ભગવલ્લીલા-ગુણ-નામોના શ્રવણ-કીર્તન-સ્મરણમાટે જો દરેક ગામમાં દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ જનતાની વસ્તીમાં એક પુષ્ટિ-સત્સંગ-ભવન હશે તો, જેઓ પોતાના ઘરે ભગવત્સેવા નભાવી શકે છે અથવા તો જેઓ નભાવી નથી શકતા તે બન્ને જાતના, વૈષ્ણવોને આથી પુષ્કળ ધર્મલાભ થશેજ, એમાં બેમત હોઈ શકતા નથી. ધરમના નામે ચાલતા, પરન્તુ, ધતીંગમાંથી જનશ્રદ્ધાને પાછી વાળીને શ્રીમહાપ્રભૂપદિષ્ટ પ્રકારમાં જોડવાનો પુરુષાર્થ તો તમારે, મારે અને આપણે સહુએ મળીને કરવોજ પડશે, જો આપણે પુષ્ટિમાર્ગી તરીકે જીવવા માંગતા હોઈએ તો. હાલમાં સ્વાધ્યાયચળવળને, મુરારીબાપુની રામાયણને, તેમજ પ્રજાપિતા બ્રહ્માકુમારીની ચળવળને જે વ્યાપક સફળતા સાંપડી છે તે જાહેર મંદિરોની સાથે કે તેના વિનાજ ? આનો જરા વિચાર કરી જુઓ.

આ પ્રસંગે ફરીથી એક વખત પુષ્ટિમાર્ગમાં નવી પેઢીના સિદ્ધાંતાભિમાની પૂ.પા. ગો. શ્રીબાલકૃષ્ણલાલજી (સૂરત) ના તાજેતરમાં વૈષ્ણવવાણી (વર્ષ ૧૨ : અંક ૯ )માં પ્રકાશિત થયેલ 'સેવા હિ સેવક ધર્મ'માંથી આ એક વિધાનને ટાંકવાનું લોભસંવરણ મારા હૃદયમાં થતું નથી :—

"તો જ્યાં સુધી આપણે ભગવત્સ્વરૂપ પધરાવીને સેવા કરતા ન હોઈએ ત્યાં સુધી એ (અસમર્પિત

ત્યાગ) છૂટી શકે નહિ. અસમર્પિત છોડવામાટે પણ ભગવત્સેવા આપણા ઘરમાં હોવી જરૂરી છે અને તોજ આપણે સમર્પિત પદાર્થ વડે આપણો નિર્વાહ કરી શકીશું".

વર્ષો પહેલા પ્રાત:સ્મરણીય નિ.લી.શ્રીગોવિન્દરાયજી મહારાજશ્રીમાટે મેં બે શ્લોકો લખ્યા હતા :—

વક્તૃત્વં તત્ર પાણ્ડિત્યં ભજનં ભગવત્કથા।
નહ્યેકત્રોપલભ્યેરન્ વિનૈવ ભગવત્કૃપામ્॥
શ્રીમદ્ગોવિન્દરાયાય દત્ત્વૈતાન્સદ્ગુણાન્સ્વયમ્।
નિત્યલાલાસ્થિતિં યચ્છન્કિમિચ્છન્ક્રીડતિ પ્રભુ: !

પરંતુ પૂ.પા.શ્રીબાલકૃષ્ણલાલજીના આ નિર્ભીક સિદ્ધાંતલેખનથી એમના પિતૃચરણના આદર્શની મશાલ પુનરુજ્જવલિત થવા જતી હોય તો તેનો મને અપાર હર્ષ થાત!

## પ્રશ્ન ( ૬=૫+૬+૭ના સારાંશો )+

( ૬/ક )હિમ્મતનગરના હનુમાનજી-મંદિર, હર્ષદમાતા-મંદિર વિગેરે મંદિરોના ઉદાહરણો જુઓ : દર્શનાર્થીઓની દિવસે-દિવસે સંખ્યા વધતીજ જાય છે.

( ૬/ખ )લોકમાનસ તો બધાના એકસરખાજ હોય છે, તે પછી વૈષ્ણવ હોય કે મર્યાદામાર્ગીય.

( ૬/ગ )પ્રત્યક્ષ અનુભવથી આપ જોઈ જુઓ તો આપને ખાત્રી થશે કે પુષ્ટિમાર્ગને

+લખાણ લાંબુ હોવાથી ત્રણ પ્રશ્નો અનુક્રમે: ૫+૬+૭ એક-સામટા ક, ખ, ગ, ઘ, ઙ, ચ; અને છ અંશો તરીકે જોડીને મૂકવામાં આવ્યા છે (ગો.શ્યા.મ.).



જીવિત રાખવામાટે; અને નવી પેઢીને સંસ્કાર આપવામાટે મંદિર સંસ્કારધામ છે.

( ૬/ઘ )મંદિરમાં ભયસ્થાનો નથી રહેલા પરંતુ કેવળ સત્સંગ-હૉલથી સન્તોષ માની લેવો તે મોટામાં મોટું ભયસ્થાન છે. આવનાર પેઢીમાટે, વૈષ્ણવતા જાળવવામાટે; અથવા વૈષ્ણવ થવામાટેના આકર્ષણ કેન્દ્રના દ્વાર સદાનેમાટે બંધ કરવા આપણે આગળ વધી રહ્યા છીએ, તેવો ભય ઉભો થાય છે. સત્સંગ-હૉલનો માર્ગ અપનાવીશું અને મંદિરનો વિચાર પડતો મુકીશું તો આપણાં સન્તાનોને શ્રીઠાકુરજીના માર્ગથી વંચિત કર્યા તેનો અપરાધ લાગશે કારણ કે તેઓને પુષ્પની સેવા, પાનની સેવા, ગાગરની સેવા, સખડી-અનસખડીની સેવા, સફાઈ સેવા,-હિંડોળા ભરવાની સેવા, તેવી અનેક સેવાનો અવકાશ મળ્યા વગર તેઓની સંસ્કારપૂર્તિ કેવી રીતે થશે? ક્યાંથી મળશે પ્રેરણા? અને વિવિધ પ્રકારના દર્શનોનો, મનોરથોનો, ઉત્સવોનો અનુભવ ક્યાંથી થવાનો?

( ૬/ઙ )ગામે-ગામ ગુરુ બિરાજીને પ્રેરણા આપી શકવાના નથી. તેવા સંજોગોમાં આ મંદિર સંસ્કારપૂર્તિ કરવાનું અલૌકિક કાર્ય કરે છે તે ન ભૂલવું જોઈએ.

( ૬/ચ )કેવલ સત્સંગથી કોઈ વૈષ્ણવ પૂર્ણ થઈ શકતો નથી. આ એક નગ્ન સત્ય છે. સેવા, દર્શન, કીર્તન, સત્સંગ તમામની જીવનમાં જરૂર છે અને તે મંદિરોમાંથી મળી શકે છે.

( ૬/છ )કેવળ સત્સંગ-હૉલનો આગ્રહ રાખનાર ભલે કહેતા હોય કે મંદિર ન જોઈએ, છતાં તેવા સજ્જનો શહેરના અન્ય મંદિરોમાં જાય છે. તે સિવાય શ્રીનાથજી ગોકુલ મથુરા અન્ય બેઠકજીના દર્શન કરવા હિમ્મતનગર છોડીને બહારગામ અનેકવાર જાય છે. આ શું બતાવે છે? હૃદયની આતુરતા — દર્શનમાટેની આતુરતા. તેથી હવેલીઓમાં દર્શન કરવા જાય છે શું તેઓ કાંઈ ખોટું કરે છે? ના, સત્સંગ-હૉલની વાત ન્હોતી ત્યારે પણ વૈષ્ણવો મંદિરમાં જતા હતા; અને આજે પણ જાય છે, આ શું બતાવે છે? એટલે અન્ય પ્રદેશોમાં જઈને દર્શન તો કરીજ આવે છે. તે એક સમ્પૂર્ણ પ્રમાણ છે કે કોઈ જીવ મંદિર — એટલે કે બીજા અર્થમાં — દર્શન વગર રહી શકતો નથી; તેથી વધારે પ્રમાણ ક્યું જોઈએ? છતાં પણ કહેવામાં આવતું હોય કે મંદિર નહિ અને તેના સ્થાને સત્સંગ-હૉલ જોઈએ તો આશ્ચર્યકારક નથી?



### ઉત્તર ( ૬=૫+૬+૭ )

( ૬/ક )આ લેખમાળામાં કોઈપણ સ્થાનિક કે વૈયક્તિક મુદ્દાઓઉપર આપણે વિચાર કરવા માંગતા નથી. છતાં પણ ક્યારેક ઉદાહરણરૂપે કોઈ વિશેષ વાત સામાન્ય નિષ્કર્ષ તારવવા સહાયક થતી હોય તો તેવા હેતુથીજ ફક્ત સ્થાનિક કે વૈયક્તિક વાતોને ટાંકવામાં આવે છે. તેથી હિમ્મતનગરના પુષ્ટિમાર્ગીયોએ શું કરવું કે શું ન કરવું તે તેમની મુનસફીની વાત છે. આપણે તો તેના સંદર્ભમાં સમગ્ર સમ્પ્રદાયની સૈદ્ધાન્તિક કે વ્યાવહારિક દૃષ્ટિને અવલંબીને વિચારવાનું રહ્યું.

તેમુજબ હિમ્મતનગરમાં જેમ દર્શનાર્થિઓની સંખ્યા ચોમેર વધી હશે, તેના કરતા બમણા પ્રમાણમાં, સમગ્ર દેશમાં અથવા ભૂતલઉપર મુરારીબાપુ, પાંડુરંગ આઠવલે શાસ્ત્રી, અક્ષરપુરુષોત્તમ-ચળવલ, પ્રજાપિતા-બ્રહ્માકુમારી, રાધાસ્વામી સત્સંગ બિયાસ, ચિન્મયમિશન વિગેરે વ્યક્તિ અને સંસ્થાઓ ના ઉપક્રમે સત્સંગિઓની કે શ્રવણાર્થિઓની સંખ્યા પણ વધીજ છે. કેટલાક સ્વાધ્યાયકેન્દ્રો તો આપણા પુષ્ટિમાર્ગીય મંદિરોમાંજ ચાલી રહ્યા છે, જેને કારણે ત્યાં આવનાર દર્શનાર્થિઓ સારી એવી સંખ્યામાં સ્વાધ્યાયાર્થી બની જતા હોય છે. આવા ભૂતપૂર્વ પુષ્ટિમાર્ગી સ્વાધ્યાયિઓ આપણી સેવાપ્રણાલીની ઠેકડી ઉડાવતા — ઘણે ઠેકાણે જોવામાં આવે છે.

( ૬/ખ )લોકમાનસ તો ધીમે ધીમે ધર્મસમ્પ્રદાયના જુદા-જુદા વાડાઓમાં ઘેટાંની માફક પુરાઈ રહેવાનું હવે નાપસંદ કરતું થતું જાય છે. તેથી પુષ્ટિમાર્ગીય જાહેર મંદિર કરતાં શિવ, ગણપતિ, દુર્ગા, રામ, હનુમાન, સ્વામિનારાયણ, શિરડીના સાંઈબાબા, જલારામબાપા, સન્તોષીમાતાના સર્વમાર્ગીય મંદિરો હવે લોકમાનસમાટે વધારે આકર્ષક નીવડી રહ્યા છે. સુપરમાર્કેટની માફક, એકજ સ્થળે જે ખરીદવું

હોય તેવી ખરીદી કરી શકવાની, સગવડતાવાળા મંદિરો વધારે લોકમાન્યતા મેળવી રહ્યા છે. તેથી પ્રશ્નકર્તા ભાઈ સાથે આ અંશમાં હું પણ પૂર્ણતયા સહમત છું કે "લોકમાનસ તો બધાના એકસરખાજ હોય છે પછી તે પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ હોય કે મર્યાદામાર્ગીય હોય" આ વિધાનની વસ્તુદર્શિતાનું પ્રમાણ પણ બીજે કશે શોધવા જવાની જરૂરત નથી. કેમકે લોકમાનસ બધાના એકસરખા હોય છે તેને કારણેજ તો શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી સર્વથા વિરુદ્ધ હોવા છતાં પણ શ્રીમહાપ્રભુના નામે ચાલતા પુષ્ટિમાર્ગમાં જાહેર મંદિરો ધમધોકાર ચાલી નીકળ્યા છે. લોકમાનસમાં જો મંદિરો રૂઢ ન બની ગયા હોત તો આ પ્રશ્નોત્તરીનો પ્રસંગજ ઊભો ન થાત.

કેમકે મંદિરોના હોવાનો પ્રશ્નજ જ્યાં પુષ્ટિમાર્ગમાં ઉઠી શકતો નથી, ત્યાં તેના ઉત્તર આપવાની આવશ્યકતા કેવી રીતે ઉદ્ભવી શકે? તે છતાંય આજે મંદિરોના સૈદ્ધાન્તિક કે વ્યાવહારિક ઔચિત્યની આલોચના કરતાં પ્રશ્નકર્તા ભાઈને તો ફક્ત પુષ્કળ પ્રશ્નોજ મનમાં ઉદ્ભવ્યા છે; પરંતુ બીજા કેટલાકના હૃદયમાં તો પ્રશ્ન-વ્રશ્ન કાંઈ નહિ ફક્ત રોષાગ્નિજ પ્રજ્વલિત થઈ જાય છે. કારણ કે લોકમાનસ એકસરખાજ હોય છે. એટલેજ સ્વધર્મત્યાગ ક્યારે પણ મૂઢ પશુઓ નથી કરી શકતા—તે અસાધારણ સામર્થ્ય તો પરમાત્માએ ફક્ત બુદ્ધિશાળી પ્રાણી એવા માણસનેજ એનાયત કર્યું છે!

(૬/ગ) પ્રશ્નમાં કહેવામાં આવ્યું છે કે "પુષ્ટિમાર્ગને જીવિત રાખવામાટે અને નવી પેઢીને આપવામાટે મંદિર સંસ્કાર-ધામ છે." હકીકતમાં તો આ વિધાન પણ લોકમાનસનીજ પ્રતિધ્વનિ છે. શ્રીમહાપ્રભુદ્વારા ઉપદિષ્ટ સિદ્ધાન્તો સાથે આ વિધાનને કાંઈ લેવા-દેવા નથી. આ બાબતની સૈદ્ધાન્તિક સ્પષ્ટતાઓ આપણે જોઈજ ગયા છીએ. તેથી પુનરાવર્તનની હવે આવશ્યકતા નથી. છતાંય આની પેરોડી તરીકે મને એક વાત આમ સ્ફુરે છે કે આજકાલ



ડીસ્કોડાંડિયામાટે વધતી જતી નર્તનાર્થિઓની સંખ્યા પણ ક્યારેક અંબામાતાની ભક્તિરૂપે કરવામાં આવતા નવરાત્રીના ગરબાને ઠેકાણે ડિસ્કોડાંડિયા-મંડલોને નવી પેઢીને સંસ્કાર આપવામાટે સંસ્કારધામ ન માની લેવાય તો સારૂં! લોકમાનસના એક સરખા હોવાની દલીલને આધારે તો "એક-દો-તીન" અને "ઓએ ઓએ ઓએ-ઓઆ" ગાઈને આરતી કરવામાં પણ વાંધો હોવો જોઈએ નહિ. ચીલાચાલુ અષ્ટછાપના પદોનું શાસ્ત્રીય રાગોમાં ગાન કરવા કરતાં શ્રીઠાકુરજી સામે લોકમાનસને આકર્ષવા "ઓએ ઓએ ઓએ-ઓઆ" શરુ કરવામાં આવે તો પણ વાંધાજનક હોવું જોઈએ નહિ!

(૬/ઘ) ભયસ્થાન તો એકજ કે હિન્દુધર્મમાં એક નોખી ફાટ સમ્પ્રદાય કે વાડો ઊભો કરીને પણ તે સમ્પ્રદાયના મૌલિક સિદ્ધાન્તોને સમજવા, સ્વીકારવા, માણવા કે અમલમાં લાવવાનો પ્રયાસ કરવોજ ન હોય તો વાડાબંદી ઊભી કરવાનો હેતુ ક્યો? અને આવી સિદ્ધાન્તવિરુદ્ધ અંધપરમ્પરાને જાળવી રાખવામાટે આપણી જનશક્તિ, ધનશક્તિ અને આયોજનશક્તિ નો વેડફાટ ક્યાં સુધી ક્ષમ્ય ગણાય?

મંદિરોમાં થતી: પુષ્પની સેવા, પાનની સેવા, ગાગર-સેવા, વિ. અનેકવિધ સેવાઓની જે લાંબી સૂચિ આપવામાં આવી છે. તેમાંની અમુક તો ખાસા અપરસમાં કરવામાં આવતી હોવાથી તે સેવામાં દર્શનાર્થિઓને દર્શન કરવાની પણ જ્યાં છૂટ હોતી નથી ત્યાં સેવા કરવાની તો વાત અકલ્પનીય લાગે છે. આજે આવી બધી સેવાઓ તો—પુષ્ટિમાર્ગમાં લેશમાત્ર શ્રદ્ધા ન ધરાવનારાઓ, ફક્ત નોકરી કરાવવામાટેજ ડોકમાં નાખવામાં આવેલી કંઠીને કારણે વૈષ્ણવ માની લેવામાં આવેલાઓ—મુખિયા, ભીતરિયા, બાલભોગિયા, દૂધઘરિયા, જલઘડિયા વિ.ની બટાલીયનથી કરાવવામાં આવે છે. સાચા હૃદયથી શ્રદ્ધા રાખનારા વૈષ્ણવોનો તો ભોગ-શૃંગાર ધરવાની સેવાઓના દર્શન પણ કરવાનો અધિકાર જાહેર મંદિરોમાં માનવામાં

આવતો નથી. બાકી હિંડોળા ભરવા જેવી વિના-અપરસે કરવામાં આવતી સેવામાં જે દર્શનાર્થિઓને છૂટ આપવામાં આવી છે; તેમાં પણ દર્શનાર્થિઓમાંથી પંદર કે વીસ ટકાજ વૈષ્ણવો ભાગ લેતા હોય છે. તેટલા વૈષ્ણવોને, તેઓના ખાલી સમયમાં ધંધાકીય જાહેર પ્રદર્શનોને રોચક બનાવવાના ષડયન્ત્રમાં સંડોવવા કરતા, તેઓને તેમને પોતાના ઘરોમાંજ બિરાજતા પોત-પોતના શ્રીઠાકુરજીની યથાશક્તિ સેવા કરવાની પ્રેરણા આપવામાં આવે તો ખરેખર આપણો માર્ગ ફરીથી કેટલો બધો સ્વસ્થ અને ચિરાયુ બની શકે છે! મારા હૃદયમાં તો પૂર્ણ શ્રદ્ધા છે કે 'પાંચસો વરસ'ની ભવિષ્યવાણી જે સાચી પડવા જઈ રહી છે, તેને ખોટી પણ પૂરવાર કરી શકાય. એક પુષ્ટિમાર્ગીય તરીકે 'પુષ્ટિમાર્ગના પાંચસો વર્ષની' ભવિષ્યવાણીને ખોટી ઠરાવવાના ભાવ આપણી ભીતર પ્રબલ હોવાજ જોઈએ! પુષ્ટિમાર્ગમાં જાહેર મંદિરોની પ્રણાલી જો નેસ્ત-નાબૂદ નહિ થાય તો પુષ્ટિમાર્ગ પોતેજ નેસ્ત-નાબુદ થઈ જશે. આ એકજ ભય મને આવી પ્રશ્નોત્તરીની માથાફોડી કરવામાટે સાહસ પ્રેરણા અને લગની લગાડે છે.

(૬/૩)પાંડુરંગ શાસ્ત્રીજી તો સ્વાધ્યાય-ચળવળમાં ફક્ત એકલાજ ગુરુપદને અલંકૃત કરે છે, છતાંય સાંભળ્યા પ્રમાણે, ભારતભરમાં તેમના સાઠ હજાર સ્વાધ્યાય-કેન્દ્રો ચાલે છે. આમાં કદાચ અતિશયોક્તિ હશે તો 'સાઠ'ની સંખ્યામાંજ હશે 'હજાર'ની સંખ્યામાં તો નહિજ. આ કેન્દ્રો પણ પાછા કોઈ પણ જાતની ફંડફાળાની જાહેરાત વિના હજારો માણસોને જ્યાં-જ્યારે ભેગા કરવા હોય તો તે મોબીલાઈઝ કરી શકે છે. આ સામર્થ્ય છે: સાઠ હજાર જાહેર મંદિરોનું નહિ પરંતુ હજારો સ્વાધ્યાય-કેન્દ્રોમાં ચાલતા સત્સંગનો! જો ખરેખર પુષ્ટિમાર્ગીય અને મર્યાદામાર્ગીય જનતાના લોકમાનસ એકસરખાજ હોય તો આપણે કેમ આવું કાંઈક કરી શકતા નથી? તેનાથી ઉલટું આજે થઈ રહ્યું છે કે આપણા પુષ્ટિમાર્ગીયોની સન્તતી



સ્વાધ્યાય-ચળવળમાં જોડાયા પછી તેઓના વડીલોની ઠેકડી ઉડાવતી હોય છે કે "ઘડીક ટેરા બંધ કરવા અને ઘડીક ટેરા ખોલીને દર્શન કરવાની ઘેલછા સાચી કૃષ્ણભક્તિ નથી. કૃષ્ણભક્તિ તો કૃષ્ણની ગીતાના સંદેશને ઘેરઘેર-ગામેગામ પહોંચાડવાની મસ્તીમાં ભરેલી છે".

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવમાંથી સ્વાધ્યાયી બનેલા એક ભાઈ મને એક દિવસે કહેતા હતા—"મહાપ્રભુજી ભક્તિના પ્રખર આચાર્ય હતા પરન્તુ તેથી તેમના વંશજોની વારસાગત ધર્મગુરુ પદવી સ્વીકારી લેવી તે કાંઈ બુદ્ધિમતાપૂર્ણ વાત નથી".

મેં તેમને કહ્યું—"દાદાના દિકરીની તેમજ જમાઈની પણ સ્વાધ્યાયની ચળવળમાં સ્પૃહણીય શ્રેષ્ઠતા સ્વીકારવામાં કેમ આવી રહી છે?"

તેઓ બોલ્યા—"દીદી પોતે પોતાની ઉંમરની બીજી કોઈ પણ છોકરીઓ કરતાં સાંઈઠ ટકા વધારે બૌદ્ધિક યોગ્યતા ધરાવે છે!"

મે પૂછ્યું—"બીજા જમાઈરાજાઓ કરતાં રાવસાબ કેટલા ટકા વધૂ બુદ્ધિ ધરાવે છે?"

તે ભાઈએ કાંઈ પણ જવાબ આપ્યો નહિ!

દુઃખની વાત એ છે કે શ્રીમહાપ્રભુજીના વંશજો જૂના કાલથી ચાલ્યા આવતા કોઈ પણ વંશ કરતા (સાંઈઠની ટકાવારી જવા દઈએ—ફક્ત ત્રીસ કે પંદર ટકાથી હાલ પૂરતું કામ ચાલી જશે) જ્ઞાન ભક્તિ અને સ્વધર્મોપદેશ કરવાની યોગ્યતા કાંઈક વધૂ ધરાવે છે, આવી શ્રદ્ધા આ વૈષ્ણવોની સન્તતીમાં આજની તારીખમાં રહી ગઈ નથી. એટલે આ પુષ્ટિમાર્ગીય જાહેર મંદિરો વૈષ્ણવસન્તતીને શ્રીમહાપ્રભુનું 'ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્'નામ સમજાવવા પણ સફલ નથી થયા તો બીજી કઈ અપેક્ષા આવા મંદિરોથી રાખી શકાય?

મને નથી લાગતું કે ઉપર જણાવેલ મનોભાવ કોઈક વૈષ્ણવપુત્રે ફક્ત મારી સામેજ વ્યક્ત કર્યો હશે.

બીજા પણ કેટલા બધા ગો. બાલકોને તેમજ વૈષ્ણવ વડીલોને આવી મનોભાવના તથા ભાવો નો અનુભવ થયોજ હશે. પુષ્ટિમાર્ગમાં મંદિરોની ઉપયોગિતા કે અસરકારકતા ઉપર શું આવા અનુભવો પ્રશ્નચિહ્ન નથી લગાડતા?

હમ ઉન સબ કિતાબોંકો કાબિલે-જમ્રિ સમઝતે હૈં
કિ જિનકો પઢકે બેટે બાપકો ખફ્તિ સમઝતે હૈં.

સો વરસ અગાઉ અંગ્રેજી ભાષાની સ્કૂલો જ્યારે શરુ થઈ હતી, ત્યારે અકબર ઈલાહાબાદીએ આ મનોવેદના પ્રકટ કરી હતી. આવી મનોવેદના આપણા મંદિરવાદી કેટલા પુષ્ટિમાર્ગીયોના હૃદયને આજે ડંખતી હશે!

હવે મંદિરોદ્વારા કરવામાં આવતી સંસ્કારપૂર્તિની વાત ઉપર આવીએ. મારી સાથે બનેલી એક બીનાનો દાખલો આપું:—

એક વખત મારે કોઈ એક ગામમાં પ્રવચન કરવામાટે જવાનું થયું. કાર્યક્રમના સમાપન પછી તે ગામના વૈષ્ણવો મને વિદાય આપવા સ્ટેશને પણ આવ્યા.

ટ્રેન ઉપડતાં મારા ડબ્બામાં બેઠેલા એક સહયાત્રી ભાઈએ મને સવાલ કર્યો: કોઈ ધર્મ-સંપ્રદાયથી સંકળાયેલા લાગો છો?

મેં કહ્યું: હા!

તે બોલ્યા: તમારું હેડક્વાર્ટર ક્યાં?

જોકે મારા મનમાં ત્યારે રમુજી જવાબ આવ્યો હતો કે "હેડક્વાર્ટર તો હેડમાંજ હોય ને!" પરંતુ વાતને કાંઈક ભળતોજ વળાંક ન મળી જાય તેવા હેતુથી સરળતાની સાથે મેં સંક્ષિપ્ત ઉત્તર આપ્યો: નાથદ્વારા.

તે ભાઈ બોલ્યા: ઓહો, નાથદ્વારાની યાત્રા તો અમારો પરિવાર દર વરસે કરે છે.

મને લાગ્યું કે તેઓ પુષ્ટિમાર્ગના અનુયાયી હશે તેથી પૂછ્યું: તમે પણ પુષ્ટિમાર્ગીય?



તેઓ બોલ્યા: 'પુષ્ટિમાર્ગીય' એટલે શું?

હું બોલ્યો: નાથદ્વારા અમારા પુષ્ટિમાર્ગની પ્રધાનપીઠ છે.

તે બોલ્યા: અમે તો શ્રીનાથજી ભગવાન્‌ના દર્શન કરવા દરેક વરસે જઈએ છીએ પરંતુ કોઈએ ક્યારે પણ કહ્યું નહિ ત્યાં તમારા ધર્મની પણ મુખ્યપીઠ છે.

મેં પૂછ્યું: શ્રીનાથજીના દર્શન કરવા જાઓ છો તો મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યનું નામ તો સાંભળ્યુંજ હશે?

તે બોલ્યા: હા, 'મહાપ્રભુજી' નામ તો સાંભળ્યું છે.

હું બોલ્યો: શ્રીનાથજી ભગવાન્ તે શ્રીમહાપ્રભુના આરાધ્ય દેવ છે. તે અમારા સમ્પ્રદાયનાજ આરાધ્ય દેવ છે.

તે બોલ્યા: વલ્લભાચાર્ય એટલે શંકરાચાર્યની માફક કોઈક થયા હશે! નહિ?

પછી તે ભાઈએ પોતાની બેગમાંથી દારુની બાટલી કાઢી અને મારો પાણી પીવાનો જે થર્મોસ હતો, તે જોઈને પોતાનો ગ્લાસ આગળ કરીને પાણી માંગવા લાગ્યા. એક ધર્મોપદેશકની હેસિયતમાં કોઈકને દારુ પીવામાટે પાણી આપવું મને અટપટુ લાગ્યું. મારી મુંઝવણને જાણીને મારી સાથે મુસાફરીમાં આવેલા એક વૈષ્ણવ ભાઈએ પોતાના થર્મોસમાંથી તે ભાઈના ગ્લાસમાં પાણી ભર્યું, પછી તો એક પછી એક ત્રણ ગ્લાસ ભરીને થોડુંક પાણી અને થોડુંક દારુ ભેળવીને આ ભાઈ ગટગટાવી ગયા!

શરાબની ખુમારી ચઢ્યા પછી તેઓ બોલ્યા: હાં તો, મહારાજ હવે જરા અમને પણ તમારા ધરમની બાબતમાં કાંઈક બતાવો.

હું તો "બહુ થાકેલો છું" કહીને ઉપરની બર્થઉપર

જઈને સુઈ ગયો. દારુના ત્રણ ગ્લાસ પીધા પછી ધર્મચર્ચાની તેઓની ઉત્સુકતામાં મને લેશમાત્ર ઉત્સુકતા ન્હોતીજ. પાછળથી મારી સાથે મુસાફરી કરનાર વૈષ્ણવ ભાઈએ વાત-વાતમાં તે શરાબ પીનાર ભાઈનો સંપૂર્ણ પરિચય મેળવ્યો. તેઓ વૈષ્ણવ-પરિવારનાજ હતાં. આ વાત સવારે સાંભળીને મને અતિશય મનસ્તાપ થયો કે આપણા સમ્પ્રદાયની આ તે કેવી દુર્દશા કે દર વરસે નાથદ્વારા યાત્રા કરનાર વૈષ્ણવ-પરિવારની સન્તતી પણ આપણા સમ્પ્રદાયની બાબતમાં કશું જ્ઞાન ધરાવતી નથી! તેને આટલુંય ભાન નથી કે દારુ પીવામાટે ધર્મગુરુ પાસેથી પાણી માગવાની કુચેષ્ટા તો ઓછામાં ઓછી નહિજ કરવી જોઈએ!!

આજે મને તે વાત યાદ આવી રહી છે કે મંદિરો સંસ્કારપૂર્તિના કેન્દ્રો હોત તો આવી બીના બનીજ ન શકે. આજે આપણે જાહેર જનતાથી ભગવત્સેવામાટે ભેટસામગ્રી તો લઈ લઈએ છીએ, પરંતુ આપનાર આપણા પુષ્ટિમાર્ગનો છે કે નહીં, પુષ્ટિમાર્ગના સિદ્ધાંત ભાવના પરમ્પરા કે ઈતિહાસ વિ.માં કેટલી શ્રદ્ધા કે સમજ રાખે છે, તે જાણવાનો આપણી પાસે કાંઈક પ્રકાર કે ઉપાય કે ઈચ્છા સુધી નથી. જે ન જાણતો હોય તે આપણે ત્યાં આવ્યો તો ઓછામાં ઓછું કાંઈક આપણા ધર્મસંપ્રદાયની બાબતમાં જાણી લે! આવી વ્યવસ્થા, પરંતુ, કોઈ પણ મંદિરોમાં રાખવામાં આવતી નથી. ત્યારે મંદિરોને 'સંસ્કાર-કેન્દ્ર' કહેવાની આવશ્યકતા પણ રહી જતી નથી.

(૬/ચ) ''કેવલ સત્સંગથી કોઈ વૈષ્ણવ પૂર્ણ થઈ શકતો નથી, આ એક નગ્ન સત્ય છે'' આ વિધાન સાથે સહમત હોવા છતાંય એક ખુલાસો તો કરવાનો હોજ કે પ્રારંભિક કક્ષામાં તો ફક્ત સત્સંગજ આવશ્યક હોય છે, સેવા-કીર્તન વિગેરે નહિ, તેથીજ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે:—



સત્સંગે સર્વવિજ્ઞાને ત્યાગસાધનસેવયા।
અતિનિષ્ઠાં-ગતસ્યૈવ ભક્તિર્ભવતિ નાન્યથા॥
(નિબંધ ૩/૪/૧૪૪).

અર્થ: સત્સંગદ્વારા પ્રભુસંબંધી કે માર્ગસંબંધી સઘળું જ્ઞાન મેળવીને આત્મસમર્પણપૂર્વક કરવામાં આવતી ભગવત્સેવામાં જેની નિષ્ઠા સરખી રીતે કેળવાય છે તેનેજ ભક્તિ સિદ્ધ થાય છે.

એટલે જે પ્રાથમિક ઉપાય હોય એને પ્રાથમિક્તા આપવી જોઈએ. સિદ્ધાંતમુજબ— સ્વગૃહમાં, સ્વતનુવિત્તપરિજનો સાથે, વ્રજભક્તોના ભાવોની ભાવનાપૂર્વક સેવાભક્તિ કેવી રીતે કરવી; આ બાબતનું જેને સરખું જ્ઞાન મળી જાય તેને સેવામાર્ગમાં પ્રેરિત કરવો તે ઉત્તમ કલ્પ છે. જો એ કાળજી રખાણી હોત તો પુષ્ટિમાર્ગમાં જાહેર મંદિરોની કુપ્રથા ચાલુજ ન થઈ હોત. તેમજ તીર્થક્ષેત્રોમાં તો ક્યારેક જવાનો સૈદ્ધાંતિક ઉપદેશ ઉપલબ્ધ થાય છે. આવશ્યકતા ત્યાં પણ ધર્મના નામે ચાલતા ધન્ધાની હડફેટમાં આપણે આવી ન જઈએ તેની ફક્ત કાળજી લેવાની છે. આમ ગામે-ગામ સત્સંગ-હૉલ ધર્માગ્રહ સાથે બંધાઈને બધા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો યથાસમય દિવસમાં એક વખત પણ ત્યાં ભેગા થાય તે સર્વથા અભિનંદનીય તેમજ વાંછનીય વિકલ્પ જાહેર મંદિરનું હોઈ શકે છે. જે સત્સંગ, પુષ્ટિમાર્ગના અનુયાયીને તેના પોતાના ઘરમાં, પોતાના તનુવિત્ત-પરિજનથી, પોતાને માથે બિરાજતા શ્રીઠાકુરજીની સેવા કરવા સમુત્સુક ન બનાવતો હોય, તે સત્સંગજ હોઈ નથી શકતો, તે તો કેવળ કુસંગજ હોય છે, તેથી કેવલ સત્સંગથી કોઈ વૈષ્ણવ પૂર્ણ પુષ્ટિમાર્ગીય થઈ શકતો નથી, તે તો આ સંદર્ભમાં સિદ્ધાંતશુદ્ધ વિધાનજ છે. બીજી રીતે જોતાં જાહેર મંદિરોમાં દર્શન-ભેંટ કરવાની સિદ્ધાંતવિરુદ્ધ પ્રણાલી કરતાં તો કેવલ સત્સંગમાં પણ આરંભિક કક્ષાએ કોઈ સિદ્ધાંતવિરોધિતા તો નથીજ.

(૬/છ)હિમ્મતનગરમાં સત્સંગ-હૉલનો આગ્રહ રાખનારા, શામાટે જાહેર મંદિરોમાં તેમજ બીજી બધી જગ્યાએ પણ જાય છે, તેનું નિદાન કે તેની ચિકિત્સા આ લેખમાળાનો વિષય નથી. છતાંય એક તો પ્રશ્નકર્તા ભાઈએ મોટા ભાગના પ્રશ્નો સ્થાનિક સંદર્ભમાં પણ પૂછ્યા છે; અને તે સ્થાનિક સમસ્યાને સ્થાનિક મુદ્દા તરીકે ચકાસવા કરતાં, અખિલ પુષ્ટિમાર્ગીય મુદ્દાના એક ઉદાહરણ તરીકે વિચારવામાં વાંધો હોવો જોઈએ નહીં, તેથી સ્પષ્ટ છે સત્સંગ-હૉલવાદીઓના મંદિરગમનમાં કાંઈક વિરોધાભાસ તો છેજ. આ વિરોધાભાસ, પરંતુ, મહાપ્રભૂપદિષ્ટ સિદ્ધાંતથી સર્વથા વિરુદ્ધ હોવા છતાંય મહાપ્રભુજીના નામેજ જાહેર મંદિરોના ચાલતા ધન્ધા કરતાં તો કાંઈક ઓછોજ વિરોધાભાસ છે. કેમકે તે સૈદ્ધાન્તિક ક્ષતિ તે-તે વ્યક્તિઓના કોઈક અસામર્થ્ય કાં તો અજ્ઞાન અથવા તો અન્તર્દ્વન્દ્વનો પરિણામ હોઈ શકે છે. સંસ્થાકીય ગતિવિધિઓ, પરંતુ, જો સિદ્ધાંતવિરુદ્ધ હોય તો તે તો સંપ્રદાયનેજ લાંછનરૂપ હોય છે. જેમકે હોસ્પીટલનો ડોકટર કોઈક માંદો હોય તેમાં આટલી બધી બીવાની વાત નથી; પરંતુ હોસ્પીટલની ખામિઓ હોસ્પીટલની અક્ષમ્ય માંદગી તરીકે વર્ણવી શકાય છે. તેથી કોઈક જાહેરમંદિરવાદી પોતાને શ્રીમહાપ્રભુનો અનુયાયી તરીકે ગણતો હોય તો તે કદાચ વ્યક્તિગત અજ્ઞાન સ્વાર્થ કે અન્તર્દ્વન્દ્વ તેનો હોઈ શકે છે. પુષ્ટિમાર્ગીય સમુદાયમાં, પરંતુ, જાહેર મંદિરો જ્યારે ચલાવવામાં આવે છે ત્યારે, તેને એક સંસ્થાકીય રૂપ મળી જતું હોવાથી સમગ્ર સંપ્રદાયને તે લાંછનરૂપ બની જાય છે.

તે સિવાય આજે સારી એવી સંખ્યામાં પુષ્ટિમાર્ગીયો ફક્ત પુષ્ટિમાર્ગીય જાહેર મંદિરોમાંજ નહીં પણ મર્યાદામાર્ગીય મંદિરોમાં પણ જતા હોય છે. દેવી-દેવતા સાંઈબાબા વિગેરે બધાનોજ અન્યાશ્રય ગોસ્વામિબાળકો પણ કરતાજ હોય છે; પરંતુ તે વ્યક્તિગત ત્રુટિના વિચારે—"લોકમાનસ તો એકસરખાજ હોય છે" કહીને ક્ષુદ્ર દેવી-દેવતાઓના



અન્યાશ્રયને સિદ્ધાંતસમ્મત ઠરાવી શકાતો નથી.

ઘણી વખતે સિદ્ધાંતથી અવિરુદ્ધ પણ વાતોને વ્યક્તિગત રાગદ્વેષને કારણે આપણે આલોચના-પ્રત્યાલોચનાનો વિષય બનાવી લઈએ છીએ. ઉદાહરણરૂપે આજના સરકારી કાયદા કે આપણો સિદ્ધાંત આ બેમાંથી એકની પણ સરખી સમજ ન રાખનારા કેટલાક અપઠિતો મારામાટે કહે છે—"યહાં યહ ભી વિસ્મરણીય નહીં હૈ કિ જો મહાનુભાવ(એટલે હું = ગોસ્વામી શ્યામ મનોહર) સાર્વજનિક મંદિરોમેં કિયે જાનેવાલે દાન એવં ભેટ મેં પ્રાપ્ત દ્રવ્ય એવં વસ્તુઓંસે બને પ્રસાદ આદિસે અપને પૂર્વપુરુષોં કે સમયસે અપને યોગક્ષેમકા નિર્વાહ કરતે રહે ઉન્હેં સહસા અપને પૈરોંપર ઠુકારાઘાત કરનેકી આવશ્યકતા ક્યોં અનુભવ હુઈ? સુના ગયા હૈ કિ રાજસ્થાન પ્રદેશાન્તર્ગત કિશનગઢમેં સ્થિત મંદિરમેં સાર્વજનિક મંદિર હોને કે સભી તત્ત્વ વિદ્યમાન હોનેકે કારણ સહાયક દેવસ્થાન આયુક્ત એવં દેવસ્થાન આયુક્ત દ્વારા ન્યાસ ઘોષિત કિયા જા ચુકા હૈ. યદિ ઐસા હૈ તો અપને મતાનુસાર ઉક્ત મંદિરકી સારી માયા-મમતા છોડકર શાન્તિકે માર્ગકા અવલંબન કરના ક્યા આચાર્યવંશજકેલિયે ઉચિત નહીં હૈ? ફિર ન્યાયાલયકી એવં સર્વોચ્ચ ન્યાયાલયકી આવશ્યક્તા ક્યોં હુઈ? સર્વોચ્ચ ન્યાયાલય તક પહુંચના કિસ બુદ્ધિકા પરિચાયક હૈ યહ ભી વિચારણીય હૈ, ક્યા અપને અધિકારોંકા અન્તિમ સંસ્કાર વાંછનીય નહીં હૈ?"

દેખીતી રીતે આવા બુદ્ધિહીન લખાણો સિદ્ધાંતાજ્ઞાન અને નિષ્ઠાહીનતા થી જ ફક્ત પ્રેરાઈને નહીં; પરંતુ કિંપ્રતિવાદવિમૂઢતાવશ પણ લખાયેલા લાગે છે. વૈચારિક ભીરુતા અને પલાયનવાદ એની લાક્ષણિક વિશિષ્ટતા છે.

કારણ કે ધારો કે મારા પૂર્વપુરુષોએ અને મેં પણ દેવદ્રવ્ય ખાઈને અમારું યોગક્ષેમ ચલાવ્યું હોય તે વાત સાચી હોય તો તે ચોકકસ અમારી ક્ષતિ હતી છે અને ભવિષ્યમાં પણ લેખાશેજ. હું જો એવો દાવો કરતો

હોઉં કે મે દેવદ્રવ્ય નથી ખાધું તો આ આરોપ મને ઉદ્દેશીને સાર્થક હોઈ શકે. શપથપત્રમાં અમે તો સહી-સિક્કા સાથે કબૂલાત કરેલીજ છે કે અમારાથી આવો ઘોર અપરાધ થયો છે. આ વાત કાંઈ કોઈ ખૂણા-ખાંચરામાં કોઈકના કાનમાં કુસફુસ કરીને કહેલી વાત નથી. હજારો પ્રત અમે પોતેજ વિતરિત કરાવી છે; અને કોઈ કહે ત્યારે સ્વીકારવા તૈયાર છીએ. આ તો કાંઈક એવું આંધળે-બહેરું કૂટાણું છે કે "ચોર ચોરી કબૂલ કરે અને સાહૂકારને પરસેવો છૂટે!" અમે તો કોઈકના ઉપર આરોપ પણ ન્હોતો લગાડયો કે ફલાણા ભાઈએ દેવદ્રવ્ય ખાધો કે ખાય છે. અમારો તો ફક્ત મુદ્દો એટલોજ કે ભ્રમ અજ્ઞાન કે પ્રમાદ જે હેતુઓથી ભૂતકાળમાં અમે દેવદ્રવ્ય ખાધું તે અમારો અપરાધ હતો; અને તે અમને સિદ્ધાંતનો શુદ્ધ વિચાર કરતાં સ્ફુર્યો પણ છે. તેથી શ્રીમહાપ્રભુ અમારા અપરાધને ક્ષમા કરે અને અમને સિદ્ધાંતશુદ્ધ જીવન જીવવાની શક્તિ-ભક્તિ આપે! હવે જો આ સિદ્ધાંત પ્રામાણિક ન હોય તો, શ્રીમહાપ્રભુના વચનોને અપ્રમાણિક ઠરાવવા જોઈએ. અમારી કબૂલાતથી કોઈકને ઉઘાડા પડવાની બીક લાગતી હોય તો, સિદ્ધાંતબોધને હૃદયથી સ્વીકારી મૌનપૂર્વક પોતાના વ્યવહારને સુધારવાનો પ્રયાસ આદરવો જોઈએ કે જેથી નિર્ભીકતાના સદ્‌ગુણો જીવનમાં વિકસે. પોતે ઉઘાડા ન પડી જાય તેથી જો અમારાઉપર આરોપ-પ્રત્યારોપો કરીને જનતાને ખોટી દિશામાં દોરવાનો હેતુ હોય તો અમારેમાટે ખુલાસો આપ્યા સિવાય બીજો કોઈ માર્ગ ખુલ્લો રહી જતોજ નથી.

અમે ખુલાસો આપીએ છીએ કે અમારો દાવો એ નથી કે પુષ્ટિમાર્ગમાં કેવલ અમેજ શુદ્ધ સિદ્ધાંતોમુજબ જીવનયાપન કરી રહ્યા છીએ. અમે તો હૃદયથી સ્વીકારીએ છીએ કે જો અમારું સિદ્ધાંતશુદ્ધ જીવન હોય તો તે અમારી સામર્થ્ય નથી પરંતુ ભગવત્કૃપા છે; અને જો સિદ્ધાંતવિરુદ્ધ જીવન હોય તો તે અમારો દોષ અમારો



અપરાધ કે દુર્ભાગ્ય હતો છે અને રહેશેજ!

કોઈપણ સંજોગમાં અમારા કે અમારા સમર્થક કે વિરોધી કોઈ પણ આધુનિક પુષ્ટિમાર્ગીય નાના કે મોટા પુરુષોના વ્યવહાર સ્વમાર્ગીય સિદ્ધાંતના સાચા કે ખોટા સ્વરૂપના નિર્ધારિક બની શકતા નથી. અલબત્ શ્રીમહાપ્રભુ-પ્રભૃતિ પૂર્વાચાર્યોના ગ્રન્થોદ્વારા ઉપદિષ્ટ સિદ્ધાંતો તમારા મારા અને આપણા સહુના વિચાર કે વ્યવહારના ઉચિત કે અનુચિત હોવાના નિર્ધારિક તત્ત્વો તરીકે સ્વીકારવા જોઈએ. માંદો માણસ પણ પોતાના કે બીજાના સ્વાસ્થ્યની શુભેચ્છા ધરાવે કે વ્યક્ત કરે તેમાં અણછાજતું કશું નથી. છતાંય કોઈકની મહેચ્છાજ જો માંદા રહેવાની હોય તો તેને સ્વાસ્થ્યની શુભેચ્છાના કારણે માઠું લાગે તેય સ્વાભાવિક છે! અમારા એક ઓળખીતા વાંઢા અને કડકાબાલૂસ ભાઈ, ઘરમાં રાંધનાર કે જમાડનાર કોઈ ન હોવાને કારણે, પ્રભાવશાળી માણસોથી ભલામણપત્ર લઈ એક પછી બીજી હૉસ્પીટલમાં ભરતી થયેલા રહેતા!

અમે તો કદાચ માંદા હોઈશું; પરંતુ મહેચ્છા તો અમારી સિદ્ધાંતશુદ્ધ સ્વસ્થ જીવનયાપન કરવાનીજ છે. તેથી માંદા હોઈશું તોય, માંદગી અમને મંજૂર નથી. સાથોસાથ અમે પાખંડ પણ કરવા માંગતાં નથી કે અમે સ્વસ્થ છીએ. અમે તો શ્રીમહાપ્રભૂપદિષ્ટ સ્વાસ્થ્યનો સાચો સ્વરૂપ જનતા સમક્ષ રજૂ કરવા માગીએ છીએ; અને તેવા સ્વસ્થ અમે પણ આજે નહીં તો કાલે થઈ જઈએ, તેવી હાર્દિક અભિલાષા ધરાવીએ છીએ.

તેમજ હિમ્મતનગરના સત્સંગ-હૉલવાદિઓ વિચારગત સ્વસ્થતા જાળવવા સમર્થ હોવા છતાંય, વ્યવહારમાં સિદ્ધાંતવિરુદ્ધ જાહેર મંદિરોમાં ભટકતા હોય તો તે તેમની વ્યવહારગત અસ્વસ્થતા હશે. એક પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા રાખનાર તરીકે વૈચારિક સ્વસ્થતાની માફક વ્યાવહારિક સ્વસ્થતાનો પણ વરદાન તેઓને મળે તેવી શુભેચ્છા આપણે કરીએ!

હા, આ ખુલાસાની સાથોસાથ કિશનગઢની મારી

હવેલીની બાબતમાં પણ એક ખુલાસો આપવાની છૂટ લઈ લઉં છું કે સહાયક દેવસ્થાન-આયુક્તે પોતાના નિર્ણયમાં આ વાત કબૂલ રાખી છે કે આ હવેલીમાં જાહેર જનતાથી શ્રીઠાકુરજીના નામે ભેટ-સામગ્રી સ્વીકારવામાં આવતી નથી, તે છતાંય કેમકે એન્યુઈટી (અમારા ગામ અને ખેતરો જે સરકારે લઈ લીધા તેનો વાર્ષિક મુઆવજો) અમને સરકાર તરફથી મળતી હતી તેથી, તે અમારું ઘર કે મંદિર અંગત હોઈ શકતું નથી. સહાયક દેવસ્થાન-આયુક્તે આ એક અભિગમ સિવાય બીજો એક મુદ્દો જનતાને દર્શન કરાવવાનો પણ આધારરૂપે ગણ્યો હતો. તે પછી પંચશતી મહોત્સવ પ્રસંગે અમે શ્રીઠાકુરજીના દર્શન પણ બંદ કર્યા હતા—તેમજ વાર્ષિક મુઆવજો પણ લેવાનું બંદ કર્યું હતું. સહાયક દેવસ્થાન-આયુક્તના આ નિર્ણયને દેવસ્થાન-આયુક્તે રદિયો આપીને અમારી હવેલીને 'સરકારી-મંદિર' ઘોષિત કરીને મને 'સરકારદ્વારા નિયુક્ત પૂજારી' ઘોષિત કર્યો. આની વિરોધમાં મેં ઉચ્ચ ન્યાયાલય પાસેથી સ્ટે ઓર્ડર લીધો છે. મારા દાવામાં મેં દાદ માગી છે કે પુષ્ટિમાર્ગના સિદ્ધાંત તથા અમારા અને અમારે ત્યાં આવનાર વૈષ્ણવોના વ્યવહાર આમ બન્ને વાતોના આધારે ઉચ્ચ ન્યાયાલય નિર્ણય લાવે કે પુષ્ટિમાર્ગમાં જાહેર મંદિર હોઈ શકે છે કે નહિ. ત્યાંના વૈષ્ણવો અને તે ઘર અમને ભેટ ધરનાર રાજપરિવારે પણ ન્યાયાલયમાં સોગંદનામા દ્વારા લખી જણાવ્યું છે કે આ મહારાજશ્રીની અંગત હવેલી છે. તેથી આ હકીકતને અમને મંદિર-સંપત્તિ ભેટ ધરનાર રાજપરિવાર; અને ત્યાં દર્શન કરવા આવનાર પુષ્ટિમાર્ગીય જનતા બન્ને સ્વીકારે છે કે આ હવેલી અમારી અંગત સંપત્તિ છે.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય પંચશતી મહોત્સવના મંગલ પ્રસંગે તે હવેલીને હવે તો શ્રીમહાપ્રભુના મંદિરમાંજ મેં ફેરવી દીધી છે! પુષ્ટિમાર્ગની તવારીખમાં નોંધપાત્ર આ વળાંકને વધાવતા, તે મહોત્સવના પ્રસંગે, મારા આ પગલાંની



બાબતમાં અનેક પૂ.પા. ગોસ્વામી બાળકોના અભિપ્રાય નીચેમુજબ મને મળ્યા હતા:—

(૧) નિ.લી.ગોસ્વામી શ્રીરણછોડાચાર્ય પ્રથમેશ

મહાપ્રભુ સ્વરૂપ પ્રતિષ્ઠામાટે મારી હાર્દિક વધાઈ અને વૈષ્ણવોને આશીર્વાદ! આ સમારોહ આપણને સાચી દિશા બતાવે છે. આપણા મહાપ્રભુની દિવ્યકૃપા આપણાઉપર અને વૈષ્ણવોઉપર વરસે પુષ્ટિમાર્ગમાટે મહાનતમ આધારપ્રદ કાર્ય! અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, શ્રીવલ્લભ પંચશતી સમારોહ રાષ્ટ્રીય સમિતિ; તથા પીપલ્સ પ્રોગ્રેસિવ સોસાયટી તરફથી પણ વધાઈ સ્વીકારજો!

(૨) નિ.લી.તૃતીયપીઠાધીશ ગો.શ્રીવ્રજભૂષણલાલજી

આપના આ કાર્યની હૃદયથી પ્રસંશા કરૂં છું. ઉપસ્થિત નથી રહી શકતો પરંતુ મારો પૂર્ણ સહયોગ છે.

(૩) ચતુર્થપીઠાધીશ્વર ગો. શ્રીદેવકીનન્દનાચાર્યજી

મુંઝવણભર્યા સમય પછી શ્રીમહાપ્રભુના મંદિરની સ્થાપનાથી નવ શુભારંભ સિદ્ધ થાવ તથા આચાર્યચરણના સિદ્ધાંતોના પ્રસાર અને વાસ્તવિક પ્રકાશનોનું તે માધ્યમ બને. આપના સમારોહને પૂર્ણ સફળતાની શુભકામના!

(૪) પંચમપીઠાધીશ્વર ગો.શ્રીગિરધરજી મહારાજ

શ્રીવલ્લભ મંદિર સ્થાપના દ્વારા વલ્લભ સંપ્રદાયને યોગ્ય

માર્ગે લાવવા અમારા હાર્દિક અભિનંદન અને શુભાશીર્વાદ!
(૫)નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી (ચાપા.-જામ.)

તાર મળ્યો, સમારોહની સફળતામાટે શુભકામના, હાર્દિક શુભાશીર્વાદ સ્વીકારજો!

(૬)વિદ્વદ્મૂર્ધન્ય પૂ.પા.ગો.શ્રીકલ્યાણરાયજી (સૂરત-પૂના)

વર્તમાન પરિસ્થિતિના ઉપચારના રૂપમાં સ્વતંત્ર રીતે શ્રીમહાપ્રભુની સેવાનો પ્રકાર ઉચિતજ છે. આ પ્રયાસ સફળ થાય એજ મંગળકામના! આ બાબતના અંગત વિચારો ક્યારેક ભવિષ્યમાં સૂચિત કરીશ.

આ ફેરફારની પણ અમે ઉચ્ચ ન્યાયાલયને સૂચના આપવાના છીએ, કેસ બોર્ડઉપર આવતાં.+

એટલે તે હવેલીમાં, નથી જનતાથી ભેંટ સ્વીકારવામાં આવતી કે નથી તે જાહેર દેવાલય, તો પણ આચાર્યવંશજ હોવાથી શામાટે મારે મારા અધિકારોનો અન્તિમ સંસ્કાર કરવો જોઈએ!

ધારો કે કાલે ઉચ્ચ ન્યાયાલય કે સર્વોચ્ચ ન્યાયાલય મને બાધિત કરે કે ફરીથી દેવમંદિર બનાવો તો શું મારે ધર્મની બાબતમાં શ્રીમહાપ્રભુ-પ્રભૃતિ સ્વમાર્ગાચાર્યોના વચનોને પ્રામાણિક ગણવા કે ધર્મનિરપેક્ષ ન્યાયાધીશોના નિર્ણયને?

આવતી કાલે સર્વોચ્ચ ન્યાયાલય ધર્મનિરપેક્ષ થઈને આપણા શ્રીરામની જન્મભૂમિને બાબરી મસ્જિદ તરીકે રાખવાનો આદેશ આપે તેથી શું બધા રામ મંદિરોને મસ્જિદમાં

+આ તો પ્રશ્નોત્તરી છપાતી હતી ત્યારની વાત છે. હવે તો રાજસ્થાનની વડી અદાલતે પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોની ઝીણવટ ભરેલી ચકાસણી કરીને સૈદ્ધાન્તિક દસ્તાવેજી અને કાયદાકીય મુદ્દાઓના આધારે પણ, આ હવેલીને અમારી અંગત ઠરાવી દીધી છે; અને આ ચુકાદાની વિરુદ્ધમાં દેશની વડી અદાલતમાં જવાની હિમ્મત રાજસ્થાન-સરકારે હજી સુધી દાખવી નથી!



ફેરવી દેવા? કે રામની સામે નમાઝ પઢવા મંડવી? ધારી લ્યો કે ક્યારેક કોઈક અદાલત આવા મૂર્ખામી ભરેલા વિધાન કરનાર મહાનુભાવને મૌલવી ઘોષિત કરે તો શું તેઓ પોતના ગળામાંથી તુલસીની કંઠી કાઢીને મૌલવી બની જશે! શું ધર્માચાર્યની પદવી છોડીને મૌલવીની પદવી સ્વીકારી લેશે? ભારતદેશના નાગરિક તરીકે આપણે આપણા દેશના ન્યાયાલયના નિર્ણયથી વિરુદ્ધ વર્તી નથી શકતા, તેથી આપણી મૌલિક ધાર્મિક આસ્થાને છોડી ધર્મનિરપેક્ષ બની જવું?

ધર્મની બાબતમાં કોઈપણ દેશની સરકારના આદેશો પ્રમાણ બની શકતા નથી. સરકારનો હુકમ દેહઉપર ચાલી શકે છે, હૃદય કે આત્મા ઉપર નહીં. તેથી મારા ધર્માચાર્ય હોવાના ત્યાંના અધિકારનો અન્તિમ સંસ્કાર કરવાની મને કોઈ સૈદ્ધાંતિક આવશ્યકતા દેખાતી નથી. કોઈક અન્તિમ સંસ્કારના શોખીન ડાઘુઓ ભલે ને મનોરથ કરતા રહે. હું પુષ્ટિમાર્ગમાં જન્મ્યો છું, સાજો હોઉં કે માંદો, પુષ્ટિમાર્ગમાં જીવી રહ્યો છું અને જીવવા માંગુ છું; ફક્ત જીવનની અન્તિમ પલ સુધીજ નહિ પરંતુ ભવોભવ પુષ્ટિમાર્ગીય રહેવા માંગુ છું!

તેથીજ હિમ્મતનગરનાજ નહિ પરંતુ દુનિયાભરના પુષ્ટિમાર્ગીયો, જે મંદિરવાદના અપસિદ્ધાંતના ખાડામાં પડીને પોતાના પગો ભંગાવી ચુક્યા છે, તેમનામાટે પણ મારા હૃદયમાં એકજ શુભેચ્છા છે કે તેઓના પગ ન કેવલ ફરીથી સાજા થઈ જાય બલ્કે પ્રભુકૃપાથી એટલા સતર્ક સાવધાન અને સમર્થ બની જાય કે ભવિષ્યમાં ક્યારે પણ પુષ્ટિમાર્ગઉપર ચાલતાં કોઈપણ પગને કોઈ જાતની ઈજા ન થાય. હું તો પુષ્ટિમાર્ગને રીંગણા—બટાટા જેવો સસ્તો વિશ્વધર્મ પણ માનતો નથી. તેથી મારા મનની નિરૂઢ અભિલાષા તો એકજ કે દરેક પુષ્ટિમાર્ગીય સ્વસ્થ પુષ્ટિમાર્ગીય બને, દરેક મર્યાદામાર્ગીય સ્વસ્થ મર્યાદામાર્ગીય બને, દરેક જૈન કે બૌદ્ધ નિષ્ઠાવાન સ્વસ્વમાર્ગાનુગામી બને, દરેક

મુસલમાન કે ઈસાઈ કે પારસી સ્વસ્થ મુસલમાન ઈસાઈ કે પારસી બને !

સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ (સ્વ)ધર્મહા ભવેદ્ ॥

### પ્રશ્ન ( ૭ =૮+૯ ના સારાંશો )

(૭/ક)ઘરમાં સેવા થાય છે તે તો કેવલ પ્રાતઃકાલની સેવા છે. આખા દિવસની સેવા તો આજના વ્યસ્ત જીવનમાં મંદિરોમાંજ શક્ય છે. આ વ્યસ્ત જીવનવાળા યુગમાં અગાઉના સમય કરતાં મંદિરની વધુમાં વધુ આવશ્યકતા ઊભી થઈ છે. કારણકે વેપાર, નોકરી, ભણતર વિગેરે પ્રવૃત્તિમાંથી થોડીક મિનિટો કાઢીને ઝાંકી કરી લેવાની દરેક વર્ગની સગવડતા સચવાય છે. જેને જે સમય અનુકૂલ હોય તે સમય કાઢીને દર્શનનો લાભ મંદિરમાં લઈ શકે છે. સત્સંગ-હૉલથી આ લાભ મળશે? શું પોતાના ઘરમાં સેવા થતી હોય ત્યાં પણ આ લાભ મળશે? આખા દિવસની સેવા મંદિરની માફક ભાગ્યેજ કોઈ ઘરમાં થતી હોય; અને જો થતી હોય તો તેનો લાભ શહેરમાં રહેતા અને બહારગામથી આવતા વૈષ્ણવ-સમુદાયને નહીંજ મળી શકે. આ દૃષ્ટિથી પણ શું મંદિર અનિવાર્ય નથી?

(૭/ખ)ઈડરમાં બહુ ઓછા વૈષ્ણવો છે છતાં તે મંદિરનો જીર્ણોદ્ધાર થયો. જ્યારે આપણા હિમ્મતનગર શહેરમાં તો



વૈષ્ણવોની સંખ્યા વિપુલ છે અને વધતી જાય છે. શ્રીઠાકોરજી જ્યાં બિરાજતા હોય ત્યાં ખોટ ન આવે.

આપણે આશ્રયના પદ ગાઈએ છીએ...શ્રદ્ધા રાખતા નથી!

### ઉત્તર ( ૭ =૮+૯ )

(૭/ક)સાર્વજનિક સ્થળઉપર નોકરી કે ધંધાના રૂપમાં દર્શનાર્થી-મનોરથી જનતાના ધનથી કરવામાં આવતી આખા દિવસની સેવા આખા દિવસનો દ્રવ્ય ક્રિયાશક્તિ સમય અને શ્રદ્ધાનો હાસ્યાસ્પદ વેડફાટ છે. કેમકે સેવાનું સાચું સ્વરૂપ જે કાંઈ આપણને ગમી જાય તે નહીં પરંતુ 'શ્રીકૃષ્ણજ્ઞાનદો-ગુરુઃ-ભક્ત્યાચારોપદેષ્ટા' શ્રીમહાપ્રભુએ જે સમજાવ્યું છે, તેમુજબજ હોઈ શકે છે. આ વાસ્તવિકતાનો ઈન્કાર ઓછામાં ઓછો શ્રીમહાપ્રભુના નામે ચાલતા, એમના વંશજ ગુરુજનો અને અનુયાયી વૈષ્ણવજનો ના પુષ્ટિમાર્ગમાં તો શક્ય નથીજ.

તેથી જાહેર મંદિરમાં જે ચાલે છે તે પુષ્ટિમાર્ગીય સેવા નથી; અને જે પુષ્ટિમાર્ગીય સેવા છે તે જાહેર મંદિરમાં, આખા દિવસની વાત તો દૂર રહી, એક મિનિટ પણ ચાલી શકતી નથી. પોતાના ધનથી પોતાના પરિવારજનો સાથે પોતાના ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીની સેવા થોડીક મિનિટોમાટે પ્રાતઃકાલ પૂરતી પણ ચાલતી હોય તો પણ આખા દિવસની નહીં તો થોડીક મિનિટો પૂરતી પણ અન્તે સિદ્ધાંતસંમત પ્રકારવાળીજ સેવા છે.

જોકે સૈદ્ધાંતિક વ્યવસ્થા પ્રમાણે સેવા કરવાનો ઓછામાં ઓછો સમય, શ્રીમહાપ્રભુએ ત્રણ કલાકનો સ્વીકાર્યો છે; એટલે ફક્ત પ્રાતઃકાલના ત્રણ કલાક જો આપણે સેવામાટે વાપરી શકતા હોઈએ તો, આખા દિવસની સેવાને શ્રીમહાપ્રભુ અનિવાર્ય ગણતા નથી :—

એકકાલં દ્વિકાલં વા ત્રિકાલં વાપિ પૂજયેત્।
સર્વથા વૃત્તિહીનશ્ચેદ્ યામમાત્રં હરૌ નયેદ્॥

એટલે વ્યસ્ત જીવનને કારણે અથવા તો વ્યસ્ત મનને કારણે ઘરમાં જો ફક્ત પ્રાતઃકાલની સેવા પણ થતી હોય તો તે સિદ્ધાંતસંમત પ્રકારજ છે.

વેપાર નોકરી કે ભણતર વિગેરે પ્રવૃત્તિમાંથી થોડીકજ મિનીટો ભગવાન્માટે જે કાઢી શકતો હોય તેનામાટે શ્રીમહાપ્રભુએ નિબંધ કે ષોડશગ્રન્થ માં એક પણ વિધાન ક્યાંય પણ "મંદિરમાં દર્શન કરી લેવાથી કૃતાર્થ થઈ જવાય છે" તેવા આશયનો કર્યો નથી. અલબત ભક્તિવર્ધિની ગ્રન્થમાં આ પ્રશ્નની છણાવટમાં એકજ વાત સમજાવવામાં આવી છે કે જેનું વ્યાવૃત્તિમય જીવન હોય તેને સેવા કરવા કરતા ભગવન્નામ ભગવલ્લીલા અને ભગવન્માર્ગ ના ઉપદેશોના શ્રવણ-મનન-કીર્તન કરવામાં તત્પર થવું જોઈએ.

એટલુંજ નહીં બલ્કે શ્રીમહાપ્રભુ તો ત્યાં સુધી ખુલાસો આપે છે કે ભગવન્નામ ભગવલ્લીલા અને ભગવન્માર્ગીય સિદ્ધાંત ના શ્રવણ વિગેરેથી પણ પુષ્ટિભક્તિનો ઉત્તરોત્તર વિકાસ પ્રેમ આસક્તિ અને વ્યસન રૂપે ચોક્કસપણે થશેજ. ભક્તિનો વ્યસનદશા સુધી થયેલ વિકાસ પુષ્ટિજીવને કૃતાર્થ બનાવી દે છે. જે પુષ્ટિમાર્ગીય સમય કાઢી શકતો હોય તેને તો પોતાના ઘરમાં બિરાજતા શ્રીઠાકુરજીની સેવાજ કરવી જોઈએ. જેને સમય ન મળતો હોય તેને જાહેર મંદિરમાં દર્શન નહીં; પરંતુ પુષ્ટિમાર્ગીય ભગવદીયના મુખથી ભગવન્નામ ભગવલ્લીલા અને ભગવન્માર્ગીય સિદ્ધાંત ના શ્રવણ-મનન-કીર્તન કરવા જોઈએ. જેનાથી પોતાના ઘરમાં ભગવત્સેવા નભાવવી શક્ય ન હોય; અને વિષય-વૈરાગ્ય કે ભગવદ્ભાવ પણ દઢ ન હોવાથી, પ્રતિકૂલ એવા ઘરનો કે ભગવત્સેવા નો ત્યાગ પણ શક્ય ન હોય, તેના બાબતની કાળજી પણ શ્રીમહાપ્રભુએ લીધીજ છે. આપશ્રી આજ્ઞા કરે છે કે આવા જીવે હરિસ્થાનમાં રહેનારા ભગવદીયો, જેઓ ભગવત્સેવાકથા-પરાયણ હોય તેવાઓ, ની સાથે કે પાસે



ક્યાંક રહેવું જોઈએ. તે પણ એટલા પાસે નહીં કે તેમના લૌકિક દોષોનો રંગ પણ આપણને લાગી જાય; અને એટલા દૂર પણ નહીં કે તેમના ભક્તિમાર્ગીય ગુણોનો પણ આપણે લાભ ન લઈ શકીએ. જોવા જેવું છે કે આમાં ક્યાંય પણ આખા દિવસની સેવાવાળા જાહેર મંદિરોમાં દર્શન કરી લેવાનો વિચાર કે ઉપદેશ ની ગન્ધ પણ આવતી નથી.

જાહેર મંદિરવાદિઓએ શ્રીમહાપ્રભુ કે શ્રીગુસાંઈજી ના ગ્રન્થમાંથી આવું એક પણ વચન શોધી કાઢવાની ચેલેન્જ, જો હિમ્મત હોય તો, સ્વીકારવી જોઈએ.

'સાધનદીપિકા' માં ફક્ત એક ઠેકાણે શ્રીગોપીનાથજીએ એવી આજ્ઞા કરી છે કે શ્રીઠાકોરજીના શણગાર થઈ જાય પછી જે પોતાના અંગત ભગવદીયો હોય તેમને પોતાના શ્રીઠાકોરજીના દર્શન કરાવી શકાય છે. એનો સીધેસીધો અર્થજ એમ થાય છે કે જેઓ પોતાના હોય પણ એતન્માર્ગીય ભક્ત ન હોય, તેમને પણ દર્શન ન કરાવવા જોઈએ; અને જેઓ એતન્માર્ગીય ભક્ત હોય પણ પોતાના અંગત ન હોય તેમને પણ દર્શન ન કરાવવા જોઈએ.

બાકી વેપાર, નોકરી કે ભણતર ને કારણે આજે જીવન વ્યસ્ત બન્યું છે. પહેલાં તેવું ન્હોતું એમ માનવાનું કાંઈ કારણ નથી. ૮૪ અને ૨૫૨ વૈષ્ણવો પૈકી ઘણા બધા ભગવદીયો વેપારી અને નોકરીયાત વર્ગનાજ હતા. અને આજે યાતાયાતના જેવા સાધનો રિક્ષા, ટેક્સી, બસ, ટ્રેન, વિમાન વિગેરે ઉપલબ્ધ છે, તેના અભાવને કારણે તેઓનો વધારે સમય અવર-જવરમાંજ વેડફાઈ જતો હશે.

માત્ર દર્શનમાટે જે ફક્ત થોડીકજ મિનિટો કાઢી શકતો હોય, તેણે પોતાના ઘરમાં ચિત્રજી પધરાવી-પુષ્પમાલા ધરાવી અષ્ટાક્ષરમંત્ર કે કૃષ્ણાશ્રય નો એકાગ્રચિત્તે પાઠ કરીને સમયનો સદુપયોગ કરી લેવો જોઈએ. મંદિરે દર્શન

કરવામાટે આવવા-જવામાં જેટલો સમય વેડફાઈ જાય છે, ફક્ત તેટલો સમય પણ ભગવન્નામ ભગવત્કીર્તન કે સ્વમાર્ગીય ગ્રન્થોના અર્થાનુસંધાનની સાથે પાઠ કરવામાં ખરચવામાં આવે તો, કેટલો બધો ઉપદેશ શ્રીમહાપ્રભુનો આપણે અનુસર્યો કહેવાશે! તે છતાંય સિદ્ધાંતથી સર્વથા વિરુદ્ધ અને રેસ્ટોરન્ટની માફક આખો દિવસ ઉઘાડા રહેનારા મંદિરોમાં ભેટ-દર્શન-પ્રસાદવાળી ભગતીના ભવાડામાં સંડોવાઈ જવાની આવશ્યકતા કેમ ઉભી થાય છે તે સમજવું મુશ્કેલ છે.

એક વાત તો ચોક્કસ છે ઘરમાં રાંધવામાં આવતી શુદ્ધ-પૌષ્ટિક રસોઈના ઠેકાણે આખો દિવસ ઉઘાડા રહેનારાના રેસ્ટોરન્ટમાં પોતે રાંધવાની ભાંજગડમાં પડ્યા કરતાં થોડીક મિનિટોમાટે જમી આવવાનું સહેલું, વધુ સગવડતા ભરેલું અને ફેશનરૂપ બન્યું છે. તે એ ફેશન અને સગવડ આધિભૌતિક જીભના ચટકારામાટે સારી પણ હોય પરંતુ આધિદૈવિક ભક્તિભાવમાટે કોઈપણ સંજોગમાં અનુમોદનીય બની શકતી નથી. ફેશનના કૌભાંડ દુન્યવી છે. શ્રીઠાકોરજીમાટે તો શ્રીમહાપ્રભુએ ચોકખી આજ્ઞા કરી છે: ''ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્''.

વળી પોતાને જે સમય અનુકૂલ હોય તે સમયઉપર હાજર રહેવાનું આપણે સરકારી અફસરોને કહી શકતા નથી. બેંકના ક્લાર્ક કે ડોક્ટર ને પણ કહી શકતા નથી. તે છતાંય પોતાની સગવડમુજબ જ્યારે દર્શન કરવાની જેને ઈચ્છા હોય ત્યારે તેની સગવડ સાચવવા આપણે શ્રીઠાકોરજીના સ્વરૂપને ઠાડા રાખવા માગીએ છીએ. અખિલ બ્રહ્માંડના નાયકની સામે આવી સાહેબી અને ક્ષુદ્ર સરકારી અફસરો સામે આપણી દયનીય દીનતા એ તો આધુનિક પુષ્ટિમાર્ગીયોની એક લાક્ષણિક મનોવૃત્તિ છે. પુષ્ટિભક્તિનું સ્વરૂપ, પરંતુ, આવી જાતનું હોઈ શકતું નથી.

ચિત્રજી જે ભાવાત્મિકા સેવામાટે પુષ્ટ ન થયા હોય તેમને માલા ધરાવવાનો કે દર્શન-વંદનનો પ્રકાર પરંપરાથી,



સિદ્ધાંતથી અવિરુદ્ધ હોવાથી, માન્ય હોવાથી વાંધાજનક નથી. ભાવપુષ્ટ સ્વરૂપની બાબતમાં, પરંતુ, પરિશ્રમનો વિચાર જે જીવના હૃદયમાં જાગતો નથી, તે જીવને પુષ્ટિજીવ કેવી રીતે ગણી શકાય? શ્રીમહાપ્રભુ તો ચોકખી આજ્ઞા કરે છે: ''ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્'' અને 'સ્વરૂપસેવા' એટલે સ્વરૂપસુખનો વિચાર, તે આવી સાહેબીની વૃત્તિમાં સંભવે?

પોતાના ઘરમાં બિરાજમાન સ્વરૂપનો લાભ શહેરમાં રહેતા કે બહારગામથી આવનાર દરેક જનને ન મળતો હોય તો તેમાં અયુક્ત શું હોઈ શકે છે? એક ગૃહસ્થીના ઘરમાં તે ગૃહિણીની આવભગતનો લાભ ગામમાં રહેતા કે બહારગામથી આવતા દરેક માણસને ન પણ મળતો હોય પરંતુ પરિવારના અતિથિને જો મળતો હોય તો તેમાં ખોટું શું છે? અન્તે પારિવારિક ઘર, ન તો કોઈ ધર્મશાલા છે કે નથી લોજિંગ-બોર્ડીંગ.

પ્રશ્નમાં એક આ વાત પણ પૂછવામાં આવી છે: શું પોતાના ઘરમાં સેવા થતી હોય ત્યાં પણ આ લાભ મળશે? આખા દિવસની સેવા મંદિર માફક ભાગ્યેજ કોઈ ઘરમાં થતી હોય અને જો થતી હોય તો તેનો લાભ શહેરમાં રહેતા અને બહારગામથી આવતા વૈષ્ણવસમુદાયને મળી શકે?

આ લેખમાળાની અગાઉની કડિઓમાં આપણે જોઈ ગયા કે સ્વાર્થપ્રતિષ્ઠા અને પરાર્થપ્રતિષ્ઠા ના ભેદે આરાધ્ય ભગવત્સ્વરૂપોમાં ભેદ હોય છે. જો કે આપણે ત્યાં પ્રાણપ્રતિષ્ઠાનો મર્યાદામાર્ગીય પ્રકાર નથી છતાંય ધાતુની કે શિલાની મૂર્તિ અથવા તો વસ્ત્ર કે કાગળ ના ચિત્રજીમાં પુરુષોત્તમની ભાવાત્મિકા પ્રતિષ્ઠાની રીતિ સ્વીકારવામાં આવી છે.

આ સંદર્ભમાં શ્રીમહાપ્રભુના જ્યેષ્ઠાત્મજ શ્રીગોપીનાથજીએ સાધનદીપિકામાં કરેલો ખુલાસો મનનીય છે. તેઓશ્રી આજ્ઞા કરે છે—

''જેઓ સ્વમાર્ગીય સિદ્ધાંત અને

પ્રણાલિકા થી અનભિજ્ઞ હોય; અથવા તો એક પરિવારમાં જે પોતાના વડીલને આધીન હોવાને કારણે સિદ્ધાંતમુજબ સ્વાધીનતયા સેવા કરવામાટે સમર્થ ન હોય, તેવાઓએ ચિત્રસેવા કરવી જોઈએ.

સામાન્ય રીતે ગુરુદેવે પધરાવી આપેલ ભગવત્સ્વરૂપ, જે તીર્થજલોથી તેમજ સ્વમાર્ગીય મંત્રોથી સંસ્કૃત શુદ્ધ સુઘડ સુંદર મનોહર નાની મૂર્તિરૂપ હોય, તેનું ભજન જે પોતાની પાસે સહજ રીતે ઉપલબ્ધ હોય તેવી સામગ્રિઓ વડે કરવું જોઈયે. જીવાત્માના સ્વરૂપથી વિલક્ષણ પરમાત્માની સર્વવ્યાપિતા (સર્વોપાદાનતા-સર્વાન્તર્યામિતા) ના કારણે, આપણે ત્યાં, પ્રાણપ્રતિષ્ઠાનો પ્રકાર નથી. તે છતાંય કોઈક અશુદ્ધિના સંપર્કમાં આવતા આપણે પોતે આપણી શુદ્ધિ જેવી રીતે સ્નાન-હોમ-દાન વિગેરે શાસ્ત્રીય રીતિથી કરીએ છીએ, તેવી રીતેજ સેવ્યસ્વરૂપની શુદ્ધિ પણ કરવી જોઈએ (જેમ અત્યન્ત અશુદ્ધિ થતા આપણામાટે પંચગવ્યથી શુદ્ધિનું વિધાન છે, તેમજ આપણા શ્રીઠાકોરજીની સેવાના દર્શન ગેરપુષ્ટિમાર્ગીયને કરાવતા શ્રીઠાકોરજી એટલા બધા પરિશ્રમિત થાય છે કે, શ્રીહરિરાયજીમુજબ તો, તેમને પંચામૃત કરાવી શુદ્ધ કરવાની રીતિ ફરજિયાત છે. જાહેર મંદિરોમાં આવનાર દર્શનાર્થી પુષ્ટિમાર્ગીય છે કે બિનપુષ્ટિમાર્ગીય તેની કાળજી કેવી રીતે લેવી? ગો. શ્યા. મ.) આ શુદ્ધિ વિધાન આપણે ત્યાં શાસ્ત્રમુજબ અનુષ્ઠેય હોય છે. પરન્તુ પ્રાણપ્રતિષ્ઠાનો શાસ્ત્રીય પ્રકાર આપણા પુષ્ટિસ્વરૂપમાટે શ્રીમહાપ્રભુએ ઉપદે-



શેલ નથી. આપણે ત્યાં સેવ્યસ્વરૂપની બાબતમાં છૂટ આમુજબ છે: ગુરુદેવે પધરાવી આપેલ સ્વરૂપની જેમ, આપણને પોતાને મળી ગયેલ સ્વરૂપ, અથવા તો પ્રાચીન ભગવદીયોદ્ધારા સેવિત સ્વરૂપ; અને જો ભાવ ખંડિત ન થતો હોય તો ખંડિતસ્વરૂપની પણ સેવા કરી શકાય છે (જે પ્રાણપ્રતિષ્ઠાપિત મૂર્તિની બાબતમાં સર્વથા શાસ્ત્રવિરુદ્ધ છે).

શ્રીપુરુષોત્તમજીએ સર્વનિર્ણય નિબંધના આવરણભંગમાં આ બાબતમાં એક અતિશય મનનીય ખુલાસો આપ્યો છે. તેઓશ્રી કહે છે:—

જેવી રીતે પ્રહ્લાદ વિગેરે સ્વભક્ત-જનોમાટે પ્રભુ નરસિંહ વિગેરે રૂપ ધારણ કરી સ્તંભાદિ સ્થલમાં પ્રકટ થયા તેમજ તે-તે વ્યક્તિ કે પરિવાર ના લોકોને પોતાની ભક્તિભાવાત્મિકા સેવા પ્રદાન કરવા આપણા પુષ્ટિમાર્ગમાં પુષ્ટિપ્રભુનું પ્રાગટ્ય હોય છે.

આથી સિદ્ધ થાય છે કે પુષ્ટિમાર્ગમાં તો સ્વતનુવિત્તજાત્મિકા સ્વપરિજનોના સહયોગથી સ્વગૃહમાં કરવામાં આવતી સેવાની માફક સેવ્યસ્વરૂપ પણ કોઈક વ્યક્તિ કે પરિવાર ના સેવ્યસ્વરૂપ તરીકેજ પ્રકટ થતા હોય છે, તેવા સ્વરૂપોની જાહેર જનતાના દ્રવ્યથી જાહેર જનતાની વચ્ચે કરવામાં આવતી સેવા તે-તે સ્વરૂપોના પ્રાકટ્યના પ્રયોજનથી વિસંગત હોવાથી સેવાજ નથી. તેવી સેવાના દર્શન પણ પ્રકટ સેવ્યસ્વરૂપને ફરીથી અન્તર્હિત કરવાનો સેવ્યાપરાધ છે. જેમ રસોઈ કે જલપાન ના પાત્રને તેના પ્રયોજનથી વિરુદ્ધ અશુદ્ધ કામમાટે વાપરતા તે પાત્રમાં રસોઈ કે જલપાન અનુમોદનીય રહી જતું નથી.

જેમ સેવામાટે સ્વતનુવિત્તનો સિદ્ધાન્ત છે તેમ સેવાસ્થળમાટે પણ શ્રીહરિરાયજી (દ્વિતીય ગૃહપીઠાધીશ્વર) એ

સ્પષ્ટ ખુલાસો કર્યોજ છે. શ્રીહરિરાયજીનું મહત્ત્વ જોકે પુષ્ટિમાર્ગીયોથી અજાણ્યું ન હોઈ શકે છતાંય સુંદરમાં સુંદર શબ્દોમાં તેનું વર્ણન સુરતના પૂ.પા.અ.સો.ચિ.ગો. શ્રીવલ્લભરાયજીએ કર્યું છે—"દુનિયામેં હર તરહ હારા હુઆ— થકા હુઆ— નિરાશ કોઈ પુષ્ટિજીવ જબ શિક્ષાપત્રકા કોઈ ભી શ્લોક યા ઉસકા આધા ચરણ ભી યદી પઢે તો ઉસકે જીવનમેં એક દિવ્ય નવચેતનાકે સંચારકા અનુભવ હોતા હૈ" (બડે શિક્ષાપત્ર અભિપ્રાય દિ. ૧૧-૭-૮૭).

ખરેખર સિદ્ધાંતનિષ્ઠ વિદ્વાન્ પિતાના નવોદિત વિદ્વાન્ પુત્ર હોઈ ચિરંજીવી શ્રીવલ્લભરાયજી જે વિધાન કરે છે તે દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે કદી પણ ભૂલવું જોઈએ નહીં. આજે જાહેર મંદિરોમાં થતા ભગતીના ભવાડામાટે ભટકતા, હારેલાં, થાકેલાં, નિરાશ પુષ્ટિજીવોમાટે શ્રીહરિરાયજીના બીજા શિક્ષાપત્રનો ઓગણીસમો શ્લોક, શ્રીવલ્લભરાયજીની સાથોસાથ હું પણ હૃદયથી સ્વીકારૂં છું કે આપણા જીવનમાં પણ દિવ્ય નવચેતનાનો સંચાર કરશેજ. તે શ્લોક આમુજબ છે:—

શ્રીમદાચાર્યકૃપયા તિષ્ઠતિ સ્વગૃહે હરિ:
એવંવિધઃ સદા હસ્તે યોગિનઃ પારદો યથા॥

ભાવાર્થ: જેમ યોગિઓના હસ્તમાં સકલસિદ્ધિ આપનાર પારદ હોય છે તેમ શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણા પોતાના ઘરમાં આપણા પોતાના હસ્તથી સર્વભાવાત્મિકા સેવાને અંગીકાર કરવામાટે પુષ્ટિપ્રભુ બિરાજે છે.

આ ખરેખર એક અતિશય દુર્ભાગ્યની વાત છે કે આપણા વડીલોની વાણી આજે ભૂલીને આપણે જાહેર મંદિરોમાં ભગવત્સેવાનો ભવાડો કરવા માગીએ છીએ. તેથીજ તો કબીરે કહ્યું હતું "ડૂબે વંશ કબીરકા કિ ઉપજે પૂત કમાલ" શ્રીહરિરાયજીપ્રભૃતિ મહાનુભાવો નાદ-બિંદુના ભેદે દરેક પુષ્ટિજીવોના પૂર્વપુરુષ છે. તેમની પણ આજ્ઞાનું ઉલ્લંઘન આપણામાટે બધી રીતે કલંકરૂપજ છે. તેથી સેવાની માફક સેવાસ્થલ પણ જાહેર હોઈ



શકતું નથી.

આમ સેવ્યસ્વરૂપ, સેવા કે સેવાસ્થલ ની માફક સેવક પણ જાહેર જનતા હોઈ નથી શકતી, તેનો પણ ખુલાસો શ્રીહરિરાયજી (દ્વિતીય ગૃહપીઠાધીશ્વર) એ કર્યો છે:—

એવં હિ બ્રહ્મસંબંધઃ સંસ્કારોઽત્ર નિરૂપિતઃ।
તદુત્તરં તસ્ય સર્વસમર્પણમિહોચ્યતે ॥
યસ્માત્કૃતો હિ સમ્બન્ધો વિનિયોગાય સર્વથા।
સ્વાસમ્બન્ધી યતઃ કૃષ્ણો ન ગૃહ્ણાતીતિ નિશ્ચયઃ॥

ભાવાર્થ: બ્રહ્મસંબધ આપણે ત્યાં સંસ્કાર તરીકે માન્ય છે. તેથી બ્રહ્મસંબંધ લીધા પછી સર્વસમર્પણાત્મિકા સેવા સ્વગૃહમાં કરવી જોઈએ, કેમકે જે સંબંધ બાંધ્યો છે તે દરેક વસ્તુનો ભગવત્સેવામાટે વિનિયોગ કરવામાટેજ બાંધ્યો છે. આનું કારણ એજ કે પોતાનાથી જે સંબંધ ન ધરાવતી હોય તેવી વસ્તુને શ્રીકૃષ્ણ અંગીકાર કરતાજ નથી.

આપણે પુષ્ટિમાર્ગીયો શ્રીહરિરાયજીના કૃતઘ્ન અપરાધી ન બની જઈએ તે હેતુથી પણ આપણામાટે આવશ્યક છે કે સરકારી દબાણ; કે બીજી આજીવિકા આપણને સુલભ ન હોય તેના દબાણમાં; કે લોભ-મોહ-પાખંડની મનોવૃત્તિના દબાણમાં ચાલતા ધંધાકીય મંદિરો આજે બંધ ન કરી શકતા હોઈએ તો, થોડાક કાલ સુધી પરાણે તેમ ચલાવીને પણ, અન્તે આપણી પુષ્ટિસૃષ્ટિને પુષ્ટિના સાચા સિદ્ધાન્તોથી વાકેફ કરતા રહેવાની સાવચેતી રાખવી જોઈએ. શ્રીહરિરાયજી ચોખ્ખી આજ્ઞા કરે છે કે જેને બ્રહ્મસંબંધ નથી તેના દ્રવ્યથી સેવામાં વાપરવામાં આવતી કોઈપણ વસ્તુ પ્રભુ અંગીકાર કરતાજ નથી. તેથી પણ

સિદ્ધ થાય સેવ્યસ્વરૂપ સેવા સેવાસ્થળની માફક આપણા પુષ્ટિમાર્ગમાં સેવક પણ જાહેર જનતા હોઈ શકતી નથી. જાહેર મંદિરોમાં થતી ભીડમાં આત્મસમર્પણનો નાજુક નમણો ભાવ ક્રૂરતાથી કચડાઈ જાય છે. જ્યાં ઊભા રહેવાની જગ્યા ન હોય દર્શનમાં ધક્કા-મુક્કી થતી હોય ત્યાં કોણ કોને પૂછવા જશે કે કોણે બ્રહ્મસંબંધ લીધું છે ને કોણે નહિ!

જાહેર મંદિરો શ્રીકૃષ્ણની આરાધનામાટે શ્રીકૃષ્ણભક્તોના દ્રવ્યથી શ્રીકૃષ્ણભક્તોદ્વારા ચલાવવામાં આવતા મંદિરો હોતા નથી. જાહેર મંદિરો શ્રી ( લક્ષ્મી ) ની આરાધનામાટે પુષ્ટિમાર્ગમાં નિષ્ઠાવિહીન લક્ષ્મીવા(હ)નોના દ્રવ્યથી શ્રીના ભગતોદ્વારા કરવામાં આવતો પુષ્ટિભાવનો ભવાડો છે.

જે વસ્તુ કે વ્યક્તિ નું આપણે સમર્પણ ન કર્યુ હોય, તે વસ્તુ કે વ્યક્તિ પુષ્ટિમાર્ગીય પણ કદાચ હોય તો પણ ઉપર જણાવેલ સિદ્ધાંતપ્રમાણે, તેનો ભગવત્સેવામાં વિનિયોગ શક્ય નથી. હું મારું ઘર, દ્રવ્ય, મારી પત્નિ-સન્તતીને પ્રભુને સમર્પિત કરી શકું છું—બીજા કોઈ પ્રવાહમાર્ગીય મર્યાદામાર્ગીય કે પુષ્ટિમાર્ગીયની સંપત્તિ-પત્ની-સંતતીને નહિ. તેથી તે પોતે સમર્પિત પણ હોય છતાંય મારા આત્મસમર્પણમાં તેમનો અન્તર્ભાવ શક્ય નથી. જેનાઉપર મારું મમત્વ કે સ્વામિત્વ હોય તેનુંજ પ્રભુને સમર્પણ કરી શકું. હું રાષ્ટ્રાધ્યક્ષના નિવાસ એટલે કે રાષ્ટ્રપતિભવન કે બિરલા-તાતાની સંપત્તિને મારા આત્મ-સમર્પણમાં ગણી શકતો નથી. મારો દીમાગ ઠેકાણે હોય તો બિરલા-તાતાની સંપત્તિમાં મને મમત્વ કે સ્વામિત્વ નો ભાવ જાગશેજ નહિ; અને જો તેવો ભાવ જાગે તો તેનો ઉપાય જાહેર મંદિરમાં જઈને બિરલા-તાતાની સંપત્તિના પ્રતીક રૂપે બે રૂપિયા ભેટ નોંધાવી બૂંદી-મોહનથાળ-મઠડીનો પ્રસાદ લઈ ''નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઈતિ સ્થિતિઃ '' માણી નથી શકતો.



હું મારી પત્નીનો પ્રભુને સમર્પણ કરી શકું પણ વિમાનમાંની કે ઓફીસમાંની કોઈ મનગમતી દેખાવડી પરિચારિકા કે ઍક્ટ્રેસ નો સમર્પણ કરી નથી શકતો. આવી મનોવિકૃતિ જાગતા તેનો ઉપાય પુષ્ટિપ્રભુને આત્મસમર્પણ નહિ; બલ્કે કોઈ મેન્ટલ હોસ્પીટલમાં માનસરોગના તજ્જ્ઞની સામે આત્મસમર્પણ કરવાનું હોવુ જોઈએ!

આથી સિદ્ધ થાય છે સર્વસાધારણ જનતામાટે નથી પુષ્ટિભક્તિની ભાવાત્મિકા સેવા, નથી પુષ્ટિભક્તિનું ભાવાત્મક સેવાસ્થલ, નથી પુષ્ટિભક્તિનું ભાવાત્મક સ્વરૂપ.

તેથીજ કિશોરીબાઈની વાર્તામાં આવે છે કે તે સૂતર કાંતીને પોતાનો નિર્વાહ કરતી હતી. એક દિવસે એક વૈષ્ણવે કાંઈક સામગ્રી તેને આપી અને કિશોરીબાઈએ તે સામગ્રી સિદ્ધ કરી શ્રીઠાકોરજીને ભોગ ધરી. શ્રીઠાકોરજી, પરન્તુ, તે ભોગ આરોગ્યાજ નહિ. તેથી શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી—''તેં મારામાટે બીજા પાસેથી સામગ્રી કેમ લીધી? આવી સામગ્રી હું કેવી રીતે આરોગું?

આ વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી (દ્વિતીયગૃહાધીશ્વર) જે વાત સમજાવી રહ્યા છે તે વાતને વાંચતા જે જીવ ખરેખર પુષ્ટિબીજભાવથી સંપન્ન હશે તેના શરીર, હૃદય અને બુદ્ધિ માંથી તો જાહેર મંદિરવાદનો ભૂત ઉતરીજ જશે. ધંધાકીય જાહેર મંદિરોમાં, પરંતુ, ગ્રાહક, વિક્રેતા, નોકર કે દલાલ રૂપે જે માણસ સંડોવાઈ ગયો હોય તેને તો પુષ્ટિજીવ માનવો તે આપણી ભ્રમણા પણ હોઈ શકે છે.

હા તો ભાવપ્રકાશ કહે છે:—

> આથી આમ સિદ્ધ થાય છે કે વૈષ્ણવે બીજાની સ્વામિત્વવાળી કોઈપણ વસ્તુ પોતાના શ્રીઠાકોરજીની સેવામાં વિનિયોગમાં લાવવી નહિ અને એક વૈષ્ણવે

બીજા વૈષ્ણવ પાસેથી લીધેલ સામગ્રીનો પોતાના શ્રીઠાકોરજીની સેવામાં વિનિયોગ કરવો નહિ. કેમકે તેવા વિનિયોગનો શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી.

નોંધવા જેવું છે કે કિશોરીબાઈ પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતી અને સામગ્રી આપનાર પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતો તે છતાંય શ્રીઠાકોરજી આરોગ્યા નહિ. તો જાહેર મંદિરોમાં જાહેર જનતાથી કે જેમાં કોઈ પુષ્ટિમાર્ગીય છે કે નહિ તેની કાળજી પણ લઈ શકાતી નથી, તેવાઓના સ્વામિત્વના દ્રવ્યથી ધરવામાં આવતી સામગ્રી પુષ્ટિપ્રભુ કેમ આરોગતા હશે? અને જો આરોગતા ન હોય તો આજે જનતાથી ભંડોળ ભેગું કરીને ધરાવવામાં આવતાં છપ્પનભોગ, કુંડવારા અને અન્નકૂટ ફકત ધરમના નામે ચાલતું એક તોતીંગ ધતીંગ નહિ તો બીજું શું હોઈ શકે છે?

આ પ્રશ્ન વર્તમાન પુષ્ટિમાર્ગીયોથી હું નથી પૂછી રહ્યો શ્રીમહાપ્રભુ-શ્રીગુસાંઈજી શ્રીહરિરાયજી (દ્વિતીયગૃહપીઠાધીશ્વર) અને શ્રીપુરુષોત્તમજી (તૃતીય-ઉપગૃહ પીઠાધીશ્વર) વિગેરે મહાનુભાવ આપણા પૂર્વપુરુષો પૂછી રહ્યા છે. જવાબ આપો! જવાબ આપો કે તમે પુષ્ટિમાર્ગને શામાટે વગોવી રહ્યા છો? જવાબ આપો કે આચાર્યચરણે તમારું શું બગાડ્યું છે કે આવો નિષ્ઠુર વિશ્વાસઘાત તમે પુષ્ટિમાર્ગ સાથે કેમ કરી રહ્યા છો? તમારે જવાબ આપવોજ પડશે કે તમારા આવા નિષ્ઠુર ધતીંગના મૂળિયાં આપણા ક્યા ગ્રંથમાં કરવામાં આવેલ કઈ આજ્ઞામાં રહેલા છે?

જો તમે જવાબ નથી આપી શકતા તો તમારી સિદ્ધાંતવિરુદ્ધ મતિથી જે તમને ગમે તે કરો પરંતુ મહેરબાની કરીને પુષ્ટિમાર્ગ, પુષ્ટિમાર્ગાચાર્ય અને પુષ્ટિપ્રભુને તમારી આદમજાતની નબળાઈના શિકાર ન બનાવો!



સ્વમાર્ગીય ભગવત્સેવાના ત્રણ મુખ્ય પાસાઓ સેવાકર્તાની — (ક) કૃતિ, (ખ) મતિ અને (ગ) રતિ — એટલે કે ક્રિયાશક્તિ જ્ઞાનશક્તિ અને ભાવશક્તિ ના ભગવદ્‌વિનિયોગ-માટે છે. આ ત્રણ પાસાઓ પૈકી (ક) = તનુવિત્તજા સેવા, (ખ) = આત્મસમર્પણ; અને (ગ) = વ્રજભક્તોના ભાવોની અને વ્રજરાજકુંવરની લીલાની ભાવનાના રૂપે ભગવત્સેવા સમાયોજિત થયેલ છે.

(ક) આમા સેવોપયોગી સામગ્રીનો સમ્પાદન અને વિનિયોગ પોતાના ધનથી અને પોતાના તનથી જ કરવાનો નિયમ જાહેરમંદિર-પ્રણાલીને અપ્રાસંગિક બનાવી દે છે. કેમકે જાહેરમંદિરોમાં વિત્તજા સેવા દર્શનાર્થી કે મનોરથી જનતાના દ્રવ્યથી સમ્પાદિત થતી હોય છે અને તનુજા સેવા સવેતનિક મુખિયા ભીતરિયા દૂધઘરિયા જલઘડિયા ફૂલઘરિયા પાનઘરિયા કીર્તનિયા વિ. નામમાત્રના પુષ્ટિમાર્ગીય નોકરોદ્વારા કરવામાં આવતી હોય છે. આમ તનુજા અને વિત્તજા રૂપે બે ભૂંડા ભાગલા સેવાના પડી જાય છે, તેથી ભગવત્સેવાનું ક્રિયાત્મક પાસું જેને માથે શ્રીઠાકોરજી બિરાજે છે તેને દેવલક બનાવી આચાર્યપદવીથી નીચે હલકીમાં હલકી પાયરી ઉપર પટકી દે છે, તેથી ક્રિયાત્મક પાસાના વિચારે, આપણા માર્ગમાં જાહેર મંદિરો હોવા, એ શ્રીમહાપ્રભુજી, તેમના દિવ્ય સિદ્ધાંતો અને પુષ્ટિપ્રભુ સાથે નિષ્ઠુર વિશ્વાસઘાત છે, જેને આજે આપણે પુષ્ટિધર્મ માની બેઠા છીએ!

(ખ) સ્વમાર્ગીય ભગવત્સેવાનું બીજુ પાસું, એટલે કે આપણી જ્ઞાનશક્તિનો ભગવદર્થ વિનિયોગ, તેમાટે આપણા માર્ગમાં બ્રહ્મસંબંધ એટલે કે આત્મસમર્પણનો પ્રકાર છે. તેના વિચારે પણ આપણે જાહેર મંદિરમાં સેવા કરવાની રીતિ સ્વીકારી શકતા નથી.

આ વાતને સરખી રીતે સમજવાના પ્રયાસ કરતા પહેલા આની સુંદર વિવેચના કરનાર દ્વિતીય ગૃહના વર્તમાન પીઠાધીશ્વર પૂ.પા.ગો.શ્રીકલ્યાણરાયજીએ પોતાના વડીલ પૂર્વજ

શ્રીહરિરાયજીમાટે કરેલ અતિશય મનનીય વિધાનને અત્રે ટાંકવાનો લોભ હું રોકી શકતો નથી. તેઓશ્રી આજ્ઞા કરે છે કે :—

પૂજા-સેવા, મૂર્તિ-સ્વરૂપ, અસમર્પિત-સમર્પિત, અન્યાશ્રય-આશ્રય, મર્યાદા-પુષ્ટિભક્તિ પ્રભૃતિ કા વિશ્લેષણયુક્ત સૂક્ષ્મ તારતમ્ય દષ્ટિગોચર હુએ બિના નહીં રહતા. ગ્રન્થાદિક ભાવાત્મક હોં અથવા દાર્શનિક વાલ્લભ વેદાન્તકો યદિ જિજ્ઞાસુ સમીચીનતયા સમઝના ચાહતે હૈં, ઉન્હેં 'મહાનુભાવ' કે આલોચન અવલોકન કરના હી નહીં વરન્ હૃદ્ગત કરના ભી આવશ્યક હૈ.

(શિક્ષાપત્ર - આમુખપૃષ્ઠ : ૧૦),

આથી શ્રીહરિરાય મહાપ્રભુનું પુષ્ટિમાર્ગમાં સર્વમાન્ય મહત્ત્વ સ્પષ્ટ થાય છે અને તે શ્રીહરિરાય મહાપ્રભુ સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કરે છે—

(૧)શ્રીમદાચાર્યકૃપયા તિષ્ઠતિ સ્વગૃહે હરિઃ।
(શિક્ષાપત્ર ૨ / ૧૯)

(૨)એવં હિ બ્રહ્મસંબંધઃ સંસ્કારોऽત્ર નિરૂપિતઃ।
તદુત્તરં તસ્ય સર્વસમર્પણમિહોચ્યતે॥
યસ્માત્કૃતો હિ સંબંધો વિનિયોગાય સર્વથા॥
સ્વાસંબંધી યતઃ કૃષ્ણો ન ગૃહ્ણાતીતિ નિશ્ચયઃ।
(સિદ્ધાંતરહસ્યવિવૃતિ)

(૩)પ્રકૃતિપ્રત્યયાર્થાભ્યાં ભક્તિઃ સપ્રેમ-સેવનમ્।
ચેતસ્તત્પ્રવણં તચ્ચ તનુવિત્ત-પ્રસાધિતમ્॥
તત્ર મૂલં હરેરંગીકારોऽથ શરણાગતિઃ।
તતઃ સમર્પણં જીવદેહ-સંબંધિ-વસ્તુનઃ॥
તતો યોગ્યત્વસમ્પત્ત્યા સેવનં તુ પ્રવર્તતે।
પૂર્વોક્તરૂપ-તદ્વૃદ્ધિસ્તનુવિત્તજ-સેવનાત્॥
તદુપાયાપરિજ્ઞાને સા કથં વૃદ્ધિમેષ્યતિ ?
અતસ્તદ્વૃદ્ધ્યુપાયોऽત્ર ગ્રન્થે પ્રભુભિરુચ્યતે॥
યથા યેન પ્રકારેણ ચેતસ્તત્પ્રવણાત્મિકા।



ભક્તિર્વ્યસનપર્યન્તં વૃદ્ધા ભવતિ સર્વથા॥
તથા તેન પ્રકારેણ ય ઉપાયઃ સ કથ્યતે।
ઉપાયસ્તુ સ એવાત્ર તનુવિત્તજ-સેવનમ્॥
ત્યાગાત્યાગ-વિભેદેન ગૃહે ભક્તગૃહે તથા।
(ભક્તિવર્ધિનીવિવૃતિ)

(૪)યદુક્તમસ્મદાચાર્યૈઃ ગૌણમુખ્ય-વિભેદતઃ।
ત્યાગો ગૃહધનાદીનામથવા કૃષ્ણયોજનમ્।
(શિ.પ. : ૧૭ / ૧)

કેવલૌદરિકત્વં તુ તદીયાનાં નચોચિતમ્।
ન પૂરયેત્ કિમુદરં સેવકાનાં કૃપાનિધિઃ॥
(શિ.પ. : ૧૮ / ૨)

તસ્ય સેવાં પ્રકુર્વીત યાવજ્જીવં સ્વધર્મતઃ।
ન ફલાર્થં ન ભોગાર્થં ન પ્રતિષ્ઠા પ્રસિદ્ધયે॥
શ્રીમદાચાર્યમાર્ગેણ નાન્યેનાપિ કદાચન।
ન કલ્પિતપ્રકારેણ ન દુર્ભાવસમન્વયાત્॥
(શિ.પ. : ૧૮ / — ૧૨-૧૩)

સંક્ષેપમાં : સેવાને સ્વધર્મરૂપે કરવી જોઈએ, ઉદરપૂર્તિ એટલે કે વેપાર-ધંધા-નોકરીના રૂપે નહીં. સ્વગૃહમાંજ કરવી જોઈએ, એટલે કે જાહેર મંદિરોમાં નહીં. તનુવિત્તજારૂપેજ કરવી જોઈએ, એટલે કે પોતાના તન-મન-ધનથી સેવા કરવી જોઈએ, જાહેર જનતા, જે દર્શનાર્થી કે મનોરથી ના રૂપે આજે જાહેર મંદિરોમાં રઝળી રહી છે, તેમના દ્રવ્ય-સામગ્રી-મનોરથને કારણે નહિ. શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી દ્વારા સિદ્ધાન્તમુક્તાવલી સિદ્ધાંતરહસ્ય ભક્તિવર્ધિની નિબંધ અણુભાષ્ય વિગેરે ગ્રન્થોમાં ઉપદિષ્ટ પ્રકારેજ કરવી જોઈએ, નેગભોગશૃંગારના વૈભવને નભાવવાનો ડોળ કરીને નહીંજ.

આવી બધી વાતોમાં સમ્પૂર્ણતયા હૃદયંગમયોગ્ય ઉપદેશ આપણને શ્રીહરિરાય મહાપ્રભુએ આપ્યો છે.

આજે આપણા પુષ્ટિમાર્ગીયોની આ-જ વિટંબણા

છે કે આપણે શ્રીહરિરાયજી વિગેરે પૂર્વપુરુષોના નામનો ઉપયોગ બળદની માફક ચારો ચરવા સારૂ તો કરી લઈએ છીએ પરંતુ પૂર્વપુરુષોએ ઉપદેશેલ માર્ગઉપર નિષ્ઠાથી ચાલવા માગતા નથી. તેથી વર્તમાન દ્વિતીય પીઠાધીશ ગોસ્વામી શ્રીકલ્યાણરાયજીના અતિશય મનનીય ઉદ્ગારો— ''અવલોકન કરના હી નહીં વરન્ હૃદ્ગત કરના ભી આવશ્યક હૈ'' દરેક પુષ્ટિમાર્ગીયે પોતાના ઘરમાં સુવાક્યરૂપે ટાંગવા જેવા છે.

સહુથી મહત્વપૂર્ણ ખુલાસોઉપર ટકેલા શ્રીહરિરાય મહાપ્રભુના સુવચનો પૈકી સિદ્ધાંતરહસ્યની વિવૃતિમાં મળી રહ્યો છે. સ્વમાર્ગીય ભગવત્સેવાના દ્વિતીય પાસા બ્રહ્મસંબંધ એટલે કે આત્મસમર્પણની બાબતમાં શ્રીહરિરાય મહાપ્રભુ જે એક અતિ મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરે છે તે એ છે કે બ્રહ્મસંબંધ આપણા માર્ગમાં એક શુદ્ધિસંસ્કાર છે, તેથી બ્રહ્મસંબંધ અપાઈ કે લેવાઈ ગયા બાદજ બ્રહ્મસંબંધ લીધેલ તે સ્ત્રી કે પુરુષ નું દ્રવ્ય કે સામગ્રી ની ભગવત્સેવામાં વિનિયોગની છૂટ મળે છે. કોઈ પોતાના ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીની તનુવિત્તજા સેવા કરવા તત્પર હોય કે નહીં પણ જે બ્રહ્મસંબંધ લેવા આવે તેને બ્રહ્મસંબંધ આપી દેવાથી ધંધાકીય વિકૃતિપૂર્ણ રીતિને સંપૂર્ણપણે રદિયો આપતા શ્રીહરિરાય મહાપ્રભુ વિધાન કરે છે—''યસ્માત્ કૃતો હિ સંબંધો વિનિયોગાય સર્વથા સ્વાસંબંધી યતઃ કૃષ્ણો ન ગૃહ્ણાતીતિ નિશ્ચયઃ'' આમાં નિર્લોભવૃત્તિથી અન્તે વિચારવું જોઈએ કે બ્રહ્મદષ્ટિથી જોતાં તો એનાથી સંબંધ ધરાવતી ન હોય એવી કોઈપણ વસ્તુ કે વ્યક્તિ હોઈ શકતીજ નથી, જ્યારે પુષ્ટિસંબંધથી કોઈક પુષ્ટિજીવ સાથે ભગવાન્ બંધાય ત્યારે ભાવાત્મક પુષ્ટિપ્રભુરૂપે તેઓ પ્રકટ થાય છે. તે ભાવાત્મક પુષ્ટિપ્રભુનો સમગ્ર જગત્ સાથે સંબંધ રહી જતો નથી પરંતુ પોતાની આગળ આત્મનિવેદનદ્વારા પુષ્ટિસંબંધમાં જોડાનારા પુષ્ટિજીવની અહંતા-મમતાસ્પદ દરેક વસ્તુ કે વ્યક્તિ સાથેજ પુષ્ટિપ્રભુનો સંબંધ સ્થાપિત થતો



હોય છે.

આથી સિદ્ધ થાય છે કે જે વસ્તુ કે વ્યક્તિ માટે આત્મનિવેદનકર્તા પુષ્ટિજીવની ભીતર ન્યાયોચિત સ્વામિત્વ કે મમત્વ નો ભાવ હોતો નથી, તેનું સમર્પણ તેના આત્મનિવેદન વખતે થઈ શકતું નથી, જેનું સમર્પણ તેણે પોતે ન કર્યું હોય તે તેના મસ્તકઉપર બિરાજમાન સેવ્યસ્વરૂપથી સંબંધી હોઈ શકતું નથી. હું બીજાની પત્ની કે સંતતિનું અથવા તો સંપત્તિનું સમર્પણ કરી શકતો નથી. બીજાની પત્ની સંતતિ કે સંપત્તિ માટે મારા મનમાં મમત્વ જાગે તો તે તો અનીતિભરેલો ભાવ આસુરી ભાવ છે, પુષ્ટિભાવ નહિ. હું અમેરિકાના રાષ્ટ્રાધ્યક્ષનું નિવાસસ્થલ 'વ્હાઈટ હાઉસ -'નું મારા બ્રહ્મસંબંધ વખતે પ્રભુને સમર્પણ કરૂં તો તે મારી માનસિક વિકૃતિજ લેખાશે! બીજા દંપતીની સંતતીનું સમર્પણ મારે શામાટે કરવું જોઈયે? એટલે જો તે સંતતી કે સંપત્તિ સમર્પિત ન થતી હોય તો, મારા પુષ્ટિપ્રભુ સાથે તેનો સંબંધ સંભવી શકતો નથી. પોતાની સાથે સંબંધ ન ધરાવનાર વસ્તુ કે વ્યક્તિ નો હું મારી ભગવત્સેવામાં વિનિયોગ પણ કરૂં તોય પુષ્ટિપ્રભુ તેનો અંગીકાર નહિજ કરે. તેથી શ્રીઠાકોરજીના નામે ઉઘરાવેલ દ્રવ્ય કે સામગ્રી થી ધરવામાં આવતા બૂંદી-મોહનથાળ-મઠડી-પેડામાં ડાયાબીટીઝ વધારનાર સ્વાદની ભૌતિક મિઠાશ તો સંભવી શકે; પરંતુ ભકિતભાવને વૃદ્ધિગત કરનાર પ્રસાદની દિવ્ય મિઠાશ તેમાં હોતી નથી!

પ્રસાદની દિવ્ય મિઠાશ વિના જીભના સ્વાદને કારણે ખરીદવામાં અને વેચવામાં આવતા બૂંદી-મોહનથાળ-મઠડી-પેડાઓએ ધંધાકીય મંદિરોના સડામાં દુર્ગન્ધ વધારવામાં ગજબનો ભાગ ભજવ્યો છે, તેમાં બે મત હોઈ શકતા નથી!

ક્યાં કિશોરીબાઈ સન્તદાસ પૂરણમલ ક્ષત્રી દામોદરદાસ સંભલવાલા ની વાર્તાઓમાં ગાજતી દિવ્ય ધ્વનિ કે સેવાકર્તાની

સત્તાનું અંગીકાર ન કરાવવાને કારણે પુષ્ટિપ્રભુ પુષ્ટિભક્તદ્વારા સમર્પિત સામગ્રી પણ આરોગતા કે અંગીકાર કરતા નથી; અને ક્યાં આધુનિક પુષ્ટિમાર્ગીય મંદિરોના સંચાલકોની અધોગતિ કે આપણે જૈન-મુસલમાન-સિખ-ઈસાઈ દરેકની પાકીટઉપર નજર ચાંપીને બેઠા છીએ! મારા એક ઓળખીતા અને પુષ્ટિમાર્ગીય મંદિરોના સમાધાનિઓથી હેરાન એક વૈષ્ણવભાઈએ મને એક દિવસે એક સૂત્ર સમજાવ્યું—"જૈ શ્રીકૃષ્ણ બોલ મુખસે થેલીકા મુખ ખોલ". મૈં પૂછ્યું: આનો અર્થ શો?

તેઓ બોલ્યા: પુષ્ટિમાર્ગીય મંદિરોના સમાધાની જ્યારે વૈષ્ણવોને 'જે શ્રીકૃષ્ણ!' કહે ત્યારે સમજી જવું કે હવે પૂર્વજન્મનો કોઈ લેણીયાત આવી ગયો છે. તે મંગલા રાજભોગ હિંડોલા પલના કે ફૂલમંડલી ના નામે પૈસા ઉઘરાવ્યા વિના જશેજ નહિ. હું ના પાડું તો ઘરવાલી સાથે ઝગડો થાય એટલે કહું છું—"જે શ્રીકૃષ્ણ બોલ મુખસે થેલીકા મુખ ખોલ!"

"સ્વાસંબંધી યતઃ કૃષ્ણો ન ગૃહાણાતીતિ નિશ્ચયઃ" કહેવા સમર્થ આપણી પુષ્ટિમતિ આજે ક્યાં ચાલી ગઈ છે?

"મારી સત્તાનો હું મારા પુષ્ટિપ્રભુને ભોગ ન ધરી શક્યો, તેથી આજે મારા પ્રભુ આરોગ્યાજ નથી" એમ માનનારા પુષ્ટિજીવોની તે દિવ્ય પુષ્ટિ-અસ્મિતા આજે કેવી અધોગતિમાં ગરક થઈ ગઈ છે?

"જે વસ્તુ મારી મમતાનો વિષય નથી—તેનું મૈં સમર્પણ કર્યું નથી—જે સમર્પિત નથી—તે વસ્તુ મારા પ્રભુની સાથે સંબંધ ધરાવતી નથી—જે મારા પ્રભુની સાથે સંબંધ ધરાવતી નથી તેવી બૂંદી મોહનથાળ મઠડી કે પેડા ની સામગ્રીના ભુખ્ખડ ભોજનભટ્ટ જેવા—મારા પુષ્ટિપ્રભુ હોઈ શકતા નથી!"



જાહેર મંદિરોમાં ભેગી થતી પરસાદિયા ભગતોની ગિરદીમાં ચોરાઈ ન જાય તેવી બીકને લીધે ચપ્પલ-બૂટ પણ ન ઉતારનારા દર્શનાર્થિઓના પગતળિએ આપણો પુષ્ટિભાવ સાવ કચડાઈ ગયેલો આજે જણાય છે!

શ્રીહરિરાય મહાપ્રભુ શું આજ્ઞા કરે છે—"ન ફલાર્થં ન ભોગાર્થં ન પ્રતિષ્ઠા પ્રસિદ્ધયે, શ્રીમદાચાર્યમાર્ગેણ નાન્યેનાપિ કદાચન, ન કલ્પિતપ્રકારેણ ન (ધંધાકીય) દુર્ભાવિસમન્વયાત્" તેનો લેશમાત્ર વિચાર આજે આપણી મતિમાં આપણે જાળવ્યો છે?

જવાબ આપો, પુષ્ટિમાર્ગનો ભવાડો કરનારાઓ! જવાબ આપો કે તમે કોને અનુસરીને, ક્યા ગ્રન્થમાં કરવામાં આવેલી, કઈ આજ્ઞામુજબ, ક્યા હેતુથી; અથવા તો પોતાની કઈ જાતની કમજોરી કે લાચારી ને ઢાંકવા પુષ્ટિધર્મનું બહાનુ બનાવીને જનતાને છેતરી રહ્યા છો?

વાંચો...એક વખત નહિ, હજાર વખત વાંચો! અને બુદ્ધિ વાપરીને વાંચો!! એવી મક્કમ નિષ્ઠાથી વાંચો કે દ્વિતીયગૃહના વર્તમાન પીઠાધીશ પૂ.પા.ગો. શ્રીકલ્યાણરાયજી 'સેવાનો સિદ્ધાંતશુદ્ધ પ્રકાર' સમજાવતાં કેવી વસ્તુદર્શી આજ્ઞા આપી રહ્યા છે!!!

તેઓશ્રી કહે છે:—

> ભક્તવત્સલ (ભગવાન્) સાધનસંપત્તિ, દંભસે કી હુઈ સેવાસે કદાપિ પ્રસન્ન વ સન્તુષ્ટ નહીં હોતે. દ્રવ્યપાત્રકે અભાવસે દિખાવે (પ્રદર્શન) અર્પિત દૂષિત દ્રવ્ય શ્રી...કી સાંનિધ્યસેવાસે વંચિત હી નહીં રખતા અપિતુ ભાવસંરક્ષણકેલીયે ભી પ્રતિકૂલ હી હૈ. ઈસકે વિપરીત દૈવી દ્રવ્ય ભલે હી ન્યૂન માત્રામેં ક્યોં ન હો, પ્રેમાનુરક્ત અકિંચન વૈષ્ણવ અંગીકાર કરાયે તો વહી સેવાહેતુ પર્યાપ્ત ઔર સુખપ્રદ હોતા હૈ. શુદ્ધભાવનાકે પોષક 'પૂર્ણ પુષ્ટિપુરુષોત્તમ'કી બાલભાવ-

મય સેવામેં સ્નેહ નિયામક હૈ.

(શિક્ષાપત્ર-આમુખપૃષ્ઠ : ૪).

જો આટલી પણ કાળજી આપણે પુષ્ટિમાર્ગમાં રાખી હોત તો, કેટલા બધા પુષ્ટિમાર્ગીય નિધિસ્વરૂપો સરકારના સકંજામાં ફસાઈ ન ગયા હોત. આપણા શ્રીઠાકોરજીની સેવોપયોગી ગૃહસંપત્તિનો આપણને સાર્વજનિક ટ્રસ્ટ કરવો પડ્યો ન હોત. પરંતુ એક દારુણ હકીકત સ્વીકાર્યા સિવાય કોઈ છૂટકોજ નથી કે આપણા સિદ્ધાંત અને વ્યવહાર માં આજે આકાશ-પાતાળ જેટલો અંતરાલ છે, તેથીજ આપણા પતિ કે આપણી પત્ની નો કોઈ ત્રાહિત સ્ત્રી કે પુરુષ મનોરથી બને તો આપણા પેટમાં ફાળ પડી જતી હોય છે! આપણા અનન્ય સ્વામી સ્ત્રીગૂઢભાવાત્મા સેવ્યસ્વરૂપના, પરંતુ, મનોરથી બનાવવા આપણે દૈનિક છાપામાં જાહેરાતો આપીએ છીએ અને તેમ કરતાં આપણા પેટનું પાણી પણ હાલતું નથી?

આપણી પત્ની કે સંતતી ને જાહેર સંસ્થાઓમાં ભરણ-પોષણમાટે આપણે ભરતી કરતા નથી; પરંતુ આપણા ગૃહના આધિદૈવિક સ્વામીમાટે નેગ-ભોગ કે રાગ-શૃંગાર નાં વૈભવનો ભભકો જાળવવા સાર્વજનીક ન્યાસને સુપુર્દ કરી દઈયે છીએ! અરે આથી વધારે ઘૃણિત વિશ્વાસઘાત બીજો ક્યો હોઈ શકે?

ઘણા લોકો દલીલ આપે છે કે તે તો આધુનિક સરકારના ધર્મવિરોધી કાયદાઓને કારણે કરવું પડે છે, એમાં આપણો ક્યો વાંક?

તદ્દન ખોટી વાત છે આ, સરકારી કાયદાઓના સકંજામાં આપણે ફસાયા તેનું પહેલું કારણ : આપણો સિદ્ધાંત આપણે છોડ્યો છે. આપણો સિદ્ધાંત સરકારી કાયદાઓના કાવાદાવામાં ફસાઈ જવાને કારણે આપણને છોડવો પડ્યો હોત તો હજીય કાંઈક ક્ષમાજનક બીના કહેવાત! વાસ્તવિક



રીતે થયું છે ઉલટુંજ. આપણે ગૃહસેવાના સિદ્ધાંતને દગો આપી જાહેર મંદિરો ચલાવ્યા છે, તેથી આધુનિક કાયદા લાગુ થયા.

ગાયકવાડી રાજ્યમાં તેથીજ અમરેલીના મંદિરના ચુકાદામાં કહેવામાં આવ્યું હતું કે પુષ્ટિમાર્ગમાં જાહેર મંદિરો હોતાજ નથી, ગુરુ-મહારાજોની ખાનગી હવેલીઓ હોય છે. તે જીતેલી હવેલીને જાહેર ટ્રષ્ટ કોણે બનાવી?

પૂ.પા. ગોસ્વામિતિલકાયિત મહારાજશ્રી (નાથદ્વારા) ના કેસમાં પણ વડી અદાલતે એવા ઉદ્ગાર પ્રકટ કર્યા હતા કે :—

> Some temples of this cult may have been private in past and some of them may be private even today. Whether or not a perticular temple is a public temple must necessarily be considered in the light of the relevant facts related to it.

એટલે કે આ માર્ગના કેટલાક મંદિરો ભૂતકાલમાં ખાનગી હશે અને કેટલાક વર્તમાનમાં પણ ખાનગી હશે. કોઈક મંદિર જાહેર છે કે ખાનગી તેનો નિર્ણય (તેવા સિદ્ધાંતો તે વખતે અદાલતમાં રજુ ન થવાને કારણે. ગો.શ્યા.મ.) તે મંદિરની હકીકતનો વિષય છે.

આથી આગળ વધીને તે વખતના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે જે નોંધવા લાયક વાત કહી હતી તે આ કે :—

> The participation of the member of the public in the Darshan in the temple and in the daily acts of worship or in the celebration of festival occasion may be very important factor to consider in determining the character of the

temple( Para 23 A. I.R. 1638 ).

એટલે દર્શન નિત્ય-સેવાવિધિ અને ઉત્સવોમાં કોઈક જનતા ભાગ લે છે કે નહિ, તે તથ્ય કોઈક મંદિર ખાનગી છે કે જાહેર, એ ચકાસવાનો પ્રમુખ આધાર છે.

જો આપણે આપણા પોતાના ઘરમાં ખાનગી રીતે પોતાને માથે બિરાજતા પુષ્ટિપ્રભુની સેવામાં પોતે સમર્પિત કરેલ તન-મન-ધન-પરિજનના વિનિયોગનો સિદ્ધાંત, ધનલાલસા અને પ્રસિદ્ધિલાલસા ને વશીભૂત થઈને, તોડ્યો ન હોત તો શામાટે કોઈપણ અદાલત આપણા ગોસ્વામી બાળકોની ગુરુપદોચિત ગરિમાને પુજારીપણાની હલકી પાયરીઉપર કે આપણી આધિદૈવિક નિધિને કે આધિભૌતિક ગૃહસંપત્તિને જાહેર ઠરાવત ?

આપણે કહેતા હતા અમારે ત્યાં સાર્વજનિક દેવાલય નહિ ગોસ્વામી મહારાજશ્રીઓની હવેલી હોય છે, જોકે તે ખાનગી હવેલીની ભીતર આપણો વ્યવહાર સાર્વજનિક દેવાલયની માફકજ હતો. તેથી નવા કાયદાઓ, દા.ત. રાજસ્થાન પબ્લિક ટ્રસ્ટ એક્ટમાં સુસ્પષ્ટ શબ્દોમાં મંદિરની પરિભાષા કરતા કહેવામાં આવ્યું છે કે:—

> Public trust means an express or constructive trust for either a public, religous or charitable purpose or both and includes a temple... ( 16 ). 'Temple' means a place by whatever designation known, used as public religious warship...( Sect. 2 ).

આથી સિદ્ધ થાય છે કે આપણે 'હવેલી' 'ગૃહ' 'પીઠ' કે 'ગૃહપીઠ' કોઈપણ નામ વાપરીએ પરંતુ ધનલિપ્સા કે પ્રસિદ્ધિલિપ્સા ની સ્વધર્મવિરુદ્ધ આન્તરિક કમજોરીને કારણે જો જાહેર જનતાને — દર્શન ભેટ સામગ્રી મનોરથ અને પરસાદ — સમાધાનાત્મિકા પંચધા ભગતીના ભવાડાઓ



કરતાજ રહીશું તો આજના કાયદાઓ આપણા સિદ્ધાંતને સાંભળવા તૈયાર નહિજ થાય. આપણા સેવાસ્થલોને 'ગૃહપીઠ' નહિ માને પરંતુ સાર્વજનિક દેવાલયજ માનશે. તેથી સિદ્ધ થાય છે કે સરકારે પુષ્ટિમાર્ગીય ધર્મગુરુઓથી એમના સર્વસ્વ નિધિસ્વરૂપો, એમની ગૃહસમ્પત્તિ; અને ગુરુપદોચિત ગરિમાં ઝુંટવી લીધી, તેનું મૂલ કારણ એજ કે આપણે આપણા સર્વસ્વ નિધિસ્વરૂપો કરતાં જનતાથી મળતા દ્રવ્યને અધિક મહત્ત્વ આપ્યું છે. આપણા ગૃહને કે સામ્પ્રદાયિક આયોજનોને સ્વમાર્ગીય સિદ્ધાંતમુજબ ભગવત્સેવાનુકૂલ રાખવાને ઠેકાણે ધરમના ધંધાકીય કેન્દ્રો કે આયોજનો તરીકે વધુ વિકસાવ્યા છે! પુષ્ટિમાર્ગીય જનતાને તેથી સ્વમાર્ગના સાચા સિદ્ધાંત કહેતા આજે કેટલાક પુષ્ટિમાર્ગના ધર્મગુરુઓ શરમાય છે - ગભરાય છે - અને પોતે ઉઘાડા ન પડી જાય તેની ભીતિને કારણે સિદ્ધાંતની શુદ્ધ રજુઆત થતા રીસે ભરાય છે અને ગાળો પણ ભાંડવા મંડે છે. ભાગવતપ્રવચનની વ્યાવૃત્તિ કરનારા પ્રવચનકારોને જાહેર વ્યાખ્યાનોમાં યદ્વા-તદ્વા ગામટી ગાળો ભાંડવામાટે વિખ્યાત એક મહાનુભાવ ભલામણ આપે છે: સાચા સિદ્ધાંત પણ કટુતા સાથે કહેવામાં આવે તો લોકોને ગળે ઉતરતા નથી(એટલે ફકત ગેરધંધાકીય સેવાની બાબતમાંજ ભાગવતપ્રવચનમાટે નહિ! ). આ તો ભગવાનના નામે ચેલા મૂંડવાના ચક્કરમાં ભગવાનજ ભૂલાઈ ગયા કે ઝુંટવાઈ ગયા જેવી બીના બની ગઈ છે!

આમાં શાંત ચિત્તથી વિચારવા જેવું આટલુંજ છે કે ઘણા બધા નવા કાયદાઓ પણ અન્તે કોઈપણ જાહેર સંસ્થા સ્થાન કે સમ્પદા, જે સમ્પ્રદાયના જે સિદ્ધાંતોના પ્રતિનિધિ કે પ્રતીકરૂપે સ્થાપિત હોય છે, તેમને યથોચિત આદર આપવાની બાંહેધારી આપતા હોય છે. દા.ત. રાજસ્થાન પબ્લિક ટ્રસ્ટ એક્ટને પણ જો જોઈએ તેમાં સ્પષ્ટ શબ્દોમાં સ્વીકારવામાં આવ્યું છે કે:—

> The maintenance of a public trust shall

include — the runing there of in accordance with the tenets of the religion or persuation represented by the public trust and with due regard to the objects and purposes underlying the foundation there of... (Sect.61/j/expl.1).

એટલે કે જે પબ્લિક ટ્રસ્ટ જે હેતુ કે લક્ષ્ય ની પૂર્તિમાટે અથવા તો જે ધાર્મિક સિદ્ધાંતો કે માન્યતાઓ ને આધારે સ્થાપિત થયેલા હશે તેમને યથોચિત આદર આપીને તે ટ્રસ્ટને નભાવવાનું રહેશે.

આજની તારીખમાં પણ જો એક વખત બધા પુષ્ટિમાર્ગીય મંદિરોમાં આત્મસમર્પણ તનુવિત્તજા અને ભાવસંગોપન ના સ્વમાર્ગીય સિદ્ધાંતને અમલમાં લાવવામાં આવે તો, આપણી કૃતિ-મતિ-રતિનો ફરીથી પ્રભુમાં શુદ્ધ ભાવે વિનિયોગ થતાં, સરકારી કાયદાઓ આપણા માર્ગને આડે આવી શકતા નથી. કોઈ કાયદો એમ નથી કહી શકતો કે તમે તમારો ધર્મ ન પાળો, પછી શામાટે આપણે જાહેર જનતામાટે મંદિર ચલાવવા માગીએ છીએ? શામાટે આપણે આપણા શ્રીગૂઢભાવાત્મક પુષ્ટિપ્રભુના મનોરથની છાપાઓમાં જાહેરાતો આપી-આપીને, બીજાને મનોરથી બનવા નોતરીએ છીએ? આટલો સુધારો તો, આપણા માર્ગમાં પેસેલા સડાનો, આપણે કાયદાકીય ઉપાયોદ્વારા પણ કરી શકીએ છીએ.

કિશોરીબાઈની વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાય મહાપ્રભુએ તો સુસ્પષ્ટ શબ્દોમાં પ્રકાશ પાડયોજ છે કે "બીજાની સ્વામિત્વવાળી કોઈ પણ વસ્તુ પોતાના શ્રીઠાકોરજીની સેવામાં વિનિયોગમાં લાવવી નહીં; અને એક વૈષ્ણવે બીજા વૈષ્ણવ પાસેથી લીધેલ સામગ્રીનો પોતાના શ્રીઠાકોરજીની સેવામાં વિનિયોગ કરવો નહિ, કેમકે તેવા વિનિયોગનો અંગીકારજ શ્રીઠાકોરજી કરતા નથી."

નોંધવા જેવું છે કે કિશોરીબાઈને સામગ્રી આપનાર



પણ વૈષ્ણવજ હતો, છતાંય પ્રભુ આરોગ્યા નથી તો વૈષ્ણવ/અવૈષ્ણવ, બ્રહ્મસંબંધી/ગેરબ્રહ્મસંબંધી, શ્રીમહાપ્રભુના પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતાનુસારી ભાવવાળો કે તેવા ભાવથી સર્વથા રહિત તે બાબતનું કોઈપણ જાતનું તારતમ્ય કર્યા વિના "લાવ પૈસા — લાવ પૈસા!" ની મનોવૃત્તિથી કરવામાં આવતી સેવામાં થતાં વિનિયોગને પ્રભુ કેમ અંગીકાર કરશે? એટલે કાં તો સ્વીકારવું પડશે કે ગો. બાળકો વૈષ્ણવ નથી અથવા તો પોતાના માથે બિરાજતા ઠાકોરજીના નામે જે ભિખારીવેડા હવેલિઓમાં ચાલે છે તે અપરાધને કારણે હવેલીમાં બિરાજતા ઠાકોરજી ભોગ ધરવામાં આવેલ સામગ્રીને આરોગતાજ નથી.

ક્ષુલ્લક સ્વાર્થના કાદવમાંજ કેટલાક લોકોની બુદ્ધિ ભેંસની માફક ગલાડૂબ પડેલી હોવાથી એમ કહેતા હોય છે કે ગોસ્વામિબાળકોને માંથે બિરાજતા ઠાકુરજીના મુખારવિંદની, કેમકે શ્રીમહાપ્રભુને પુરુષોત્તમના મુખારવિંદરૂપે માનવામાં આવે છે તેથી, સેવામાંટે કાંઈ ભેંટ કે સામગ્રી લેવા-આપવામાં આવે તો દેવદ્રવ્યની સામગ્રીને ભોગ ધરવાનો કે તેનો પ્રસાદ લેવાનો અપરાધ લાગી શકતો નથી. કારણકે અરોગાવવામાંટે માગેલી આચાર્યચરણને માટે ભેંટ આવેલી ગણવી જોઈએ. તેમજ ગો.બાળકોને માંથે બિરાજતા ઠાકુરજીના ચરણારવિંદો પુષ્ટિપુરુષોત્તમ-ભાવાત્મક હોવાથી બ્રહ્મસંબંધ તે-જ સ્વરૂપ સામે આપી શકાય વૈષ્ણવોના માંથે બિરાજતા સ્વરૂપની સામે નહિ. કારણકે વૈષ્ણવોને માંથે બિરાજતા ઠાકુરજી આચાર્યભાવાત્મક હોવાથી તેમની સામે અપાયેલ બ્રહ્મસંબંધ પુષ્ટિપુરુષોત્તમ સાથે થયેલો ન કહી શકાય તેમજ તુલસીપત્ર પણ આચાર્યભાવે બિરાજતા સ્વરૂપના ચરણમાં સમર્પી ન શકાય. વૈષ્ણવોને માંથે બિરાજતા ઠાકુરજીનું મુખારવિંદ પુરુષોત્તમભાવાત્મક હોય છે, નહિતો ઠાકુરજી ત્યાં પાકી મરજાદ લીધી હોય તો પણ સખડી-અનસખડી સામગ્રી આરોગી ન શકે! આવા ટાઢા પોરના ગપ્પગોળાનો શો જવાબ આપવો?

જો આવા અગડં-બગડં સિદ્ધાંતોનો વ્યાપક પ્રચાર થાય તો ગો.બાળકોને પુષ્ટિપુરુષોત્તમના પ્રસાદથી વંચિત માનવા પડશે, કેમકે તે તો પછી વૈષ્ણવોના ઘરેજ મળી શકે! તેમજ શ્રીમહાપ્રભુના ચરણસ્પર્શથી પણ ગો. બાળકોને વંચિત માનવા પડશે, કેમકે તે પણ વૈષ્ણવોનાજ ઘરે મળી શકશે! જો કોઈ કારણસર ગો. બાળકોને ત્યાં બન્ને લાભ મળતા હોય તો તેવીજ રીતે વૈષ્ણવોને ત્યાં પણ ઉભયલાભ કેમ મળી શકતો નથી? એટલે આ બધા છળ-પ્રપંચ ફક્ત કોઈને કોઈ રીતે વૈષ્ણવોથી પૈસા પડાવવાનીજ જૂદી-જૂદી તરકીબો છે.

એટલે આવી છલનાઓથી પૈસા એંઠવાની અનીતિભરેલી ભાવનાને કારણે ગો. બાળકોને ત્યાં વેચાતા લડ્ડુ-મઠડી મુદ્દલ પ્રસાદજ નથી...

જો પ્રભુ અંગીકાર ન કરતા હોય તો તે ધન, સામગ્રી, વૈભવ અનપ્રસાદીજ રહ્યા. પછી તેવા અન્નકૂટ કુંડવારા કે છપ્પનભોગ ની સામગ્રીના દર્શન કે પ્રસાદગ્રહણ, આપણા પૂર્વપુરુષ શ્રીહરિરાય મહાપ્રભુની આજ્ઞાને ઉથાપવા જેવી અથવા તો તેમની સાથે દ્વેષ પ્રકટ કરનારી બીના છે. શ્રીહરિરાય મહાપ્રભુ અમો ગોસ્વામીઓનાજ ફક્ત પૂર્વજ છે અને વૈષ્ણવોના નહીં એમ ના માની લેવું જોઈએ. બિંદુસૃષ્ટિ અને નાદસૃષ્ટિ ના ભેદે શ્રીહરિરાય મહાપ્રભુ વૈષ્ણવોના પણ પૂર્વજ છે, કેમકે ગુરુમાટે કહેવામાં આવ્યું છે—"ત્વં હિ નઃ પિતા!"

(૭/ખ)પ્રશ્નમાં પૂછવામાં આવ્યું હતું કે ઈડરમાં મંદિરનો જીર્ણોદ્ધાર થયો તો હિમ્મતનગરમાં મંદિરનો નવનિર્માણ કેમ નહીં?

જવાબ રૂપે આ ખુલાસોઓ પછી એટલુંજ લખવાનું રહ્યું કે ઈડરના વૈષ્ણવો ચાલુ અપસિદ્ધાંતની ફેશનમાં તણાઈને પોતાના ઘરમાં પોતાને માથે બિરાજતા સ્વરૂપની વ્રજભાવોની



ગોપ્ય ભાવના સાથે પોતાના તનુ-વિત્ત-પરિવારના વિનિયોગવાળી સેવા કરવામાં ડરી ગયા હશે! તેથી હિમ્મતનગરના પુષ્ટિમાર્ગીયોએ સ્વસિદ્ધાંતને અનુસરવામાટેની હિમ્મત હારી જવી તે કેમ ઉચિત ગણાય?

પુષ્ટિમાર્ગમાં જાહેર મંદિરનો જીર્ણોદ્ધાર પુષ્ટિસિદ્ધાંત અને પુષ્ટિભાવો ને જીર્ણ-શીર્ણ કરી નાખવાનું કાવતરુ છે. તેથી હું તો હિમ્મતનગરના પુષ્ટિમાર્ગીયોથી અપેક્ષા રાખું છું કે તેઓ હિમ્મત દાખવીને જાહેર મંદિરના નવનિર્માણમાં વિરોધ નહીં તો ઓછામાં ઓછો સંપૂર્ણ અસહયોગ તો અવશ્ય કરેજ.

રોજેરોજ ગવાતા આશ્રયના પદમાં જે શ્રદ્ધા રાખવાની ભલામણ કરી છે તે સાચી છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી વિગેરે અનેકાનેક આપણા પૂર્વજ મહાનુભાવોએ ઉપદેશેલા સિદ્ધાંતોને હિમ્મતથી અનુસરો. તમે હિમ્મતનગરના રહેવાસી છો. શું શ્રીસૂરદાસજીએ ગાયેલું આશ્રયપદ તમે ભૂલી જશો?

શ્રીસૂરદાસજી કહે છે:—

યામેં કહા ઘટ જઈએ તેરો!  
નન્દનન્દન કર ઘરકો ઠાકુર આપ હોય રહે ચેરો॥  
ભલી ભઈ જો સંપત્તિ બાઢી બહોત કિયો ઘરઘેરો॥  
સુત વનિતા બહુ યૂથ સંકેલે વૈભવ ભયો જુ ઘનેરો॥  
સૂર સમર્પણ કરો શ્યામકોં યહ સાંચો મત મેરો॥

**પ્રશ્ન (૮-૯=૧૦નો સારાંશ)**

**મંદિર કે સત્સંગ હૉલને વિવાદનો વિષય ખોટી રીતે બનાવવામાં આવ્યો છે!**

## ઉત્તર ( ૮-૯ =૧૦ )

આ સૃષ્ટિમાં મન, વાણી અને કાયા ના ઉપકરણો વડે મતિ શબ્દાભિવ્યક્તિ અને કૃતિ નું કાંઈક અનેરું સામર્થ્ય કે વરદાન પરમાત્માએ જીવાત્માને પ્રદાન કર્યું છે. આથી પોતાની ભીતર તેમજ બહાર ચોમેર ચાલતી ક્રિયા-પ્રતિક્રિયાઓની દરેક કડીને સચેતન પ્રાણી પોત-પોતાની સમજને અનુરૂપ શબ્દોમાં અભિવ્યક્ત કરી શકે એટલે કે કહી કે છે. અને કહેલી અથવા વણકહેલી રીતે પોત-પોતાના સામર્થ્યમુજબ વર્તી શકે છે. જો મતિ-વાણી-કૃતિથી એક-બીજાનાઉપર સારી કે માઠી અસર ન પડતી હોત તો, કોઈ શું માને છે અથવા શું કહી રહ્યો છે કે શું કરી રહ્યો છે, તેની દરકાર બીજાને શામાટે કરવી પડત! કોઈક માણસ આપણામાટે અપશબ્દ વાપરતો હોય તો આપણને સમજ પડી જાય છે કે તે માણસના વિચાર આપણામાટે સારા નથી. એટલે જેની મતિ અને વાણી આપણામાટે સારી ન હોય તેની કાંઈક ને કાંઈક એવી કૃતિ, આજે નહિ તો કાલે, પ્રકટ થશેજ, જે આપણામાટે સારી નહિ હોય! આવો ભય આપણી ભીતર પેદા થાય કે તરત આપણે, જો પશુબુદ્ધિવાળા પશુ હોઈએ તો પ્રતિકારજ પ્રકટ કરી બેસતા હોઈએ છે; અથવા પશુબુદ્ધિવાળા પશુ ન હોઈએ તો, પ્રતિકાર તો નહિ; પરંતુ પ્રતિવાદ કરવાની ઈચ્છા તો થાયજ છે.

આમ મતિ-પ્રતિમતિથી વિમતિ ઉદ્ભવતી હોય છે; તેમજ વાદ-પ્રતિવાદથી વિવાદ ઉદ્ભવતો હોય છે. કૃતિ-પ્રતિકારથી વિગ્રહો ઉદ્ભવતા રહ્યા છે, ઉદ્ભવી રહ્યા છે અને ઉદ્ભવતા રહેશે. આ તો ચાલતાજ રહેશે, જ્યાં સુધી માણસ પાસેથી મન-વચન-કાયાના ઉપકરણો ભગવાન્ પાછા ખેંચી નહિ લે! જુના જમાનામાં રોટી-બેટી-ધર્મ વિગેરે બાબતોમાં નાતજાતના ઝગડા થતાં હતાં. તે ભોજન-વિવાહ-સ્વધર્મની બાબતમાં સુધારાવાદિઓએ નાત-



જાતના ભેદો તોડી નાખવાનો પ્રચાર શરૂ કર્યો એટલે 'સીટ' અને 'વોટ' ની બાબતમાં નાતજાતના ઝગડા હવે વધું તીવ્ર બની ગયા છે. આ હકીકતને કોણ નથી જાણતું! તેથીજ શિક્ષણ-સંસ્થાનોમાં અથવા તો સરકારી / વેપારી સંસ્થાનોમાં સીટને અનામત રાખવી કે નાબૂદ કરવી તેમાટે; કે ચૂંટણીમાં પણ 'વોટ'માટે ઘોડા-ગધેડા-દેડકાઓ ક્યારેય વિમતી-વિવાદ-વિગ્રહ દાખવતા નથી. આ અસાધારણ મહિમા તો માનવ-સમુદાયમાંજ પ્રકટ દેખાય છે. એટલે આપણા માર્ગમાં પણ કોઈ મુદ્દો વિવાદનો વિષય હોય તો એની ચર્ચા કરવામાં પોત-પોતાના અભિપ્રાયો રજૂ કરીને એકબીજાને સહમત-સહવાદી-સહયોગી બનાવવામાં અયુક્ત શું છે?

તે છતાંય વિવાદ કરવાની પ્રક્રિયાને આપણે અયુક્તજ જો માનતા હોઈએ તો વિચારવાનું રહ્યું કે ક્યા વાદીની સામે કોણે શું પ્રતિવાદ કર્યો કે જેથી વિવાદ જાગ્યો?

ઘણા લોકો એમ સમજે છે—"શ્યામુબાવા (એટલે પ્રસ્તુત લેખક) ને સિદ્ધાંતનું અજીર્ણ થયું છે, તેથી સર્વત્ર સિદ્ધાંતનો ઝઘડો કરતા રહે છે". જોકે અપસિદ્ધાંતના વમનની દુર્ગંધને બાહર ફેલાવવા કરતાં, પોતાની ભીતરજ સિદ્ધાંતના અજીર્ણને વેઠી લેવું, હું તો અલ્પતર દોષ ગણું છું. કોઈપણ સંજોગોમાં, હું વિવાદ-વિગ્રહ પેદા કરી રહ્યો છું, એમ કહેનારા લોકોએ શાન્ત ચિત્તથી એક વખત વિચારવું જોઈએ કે વિગ્રહના મૂળ વિવાદમાં રહેલા હોય છે; અને તેમજ વિવાદો વિમતિને કારણે પેદા થાય છે. તે વિમતિ પેદા થાય છે: મતિ અને પ્રતિમતિ ની વચ્ચે રહેલ વિરોધાભાસને કારણેજ. તેથી વિમતિના પ્રથમ કારણરૂપે પ્રતિમતિજ હોય છે તે કોણે પ્રકટ કરી? તેનામાટે મતિ-પ્રતિમતિ-વિમતિ, વાદ-પ્રતિવાદ-વિવાદ; અને કૃતિ-પ્રતિકાર-વિગ્રહમાં રહેલી ક્રમિકતાની ચકાસણી આપણે કરી લેવી જોઈએ.

## મૂળમતિ

(૧)પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાંતવિનિશ્ચયં કૃષ્ણસેવા સદા કાર્યા।
...ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા ॥

(શ્રીમહાપ્રભુ : સિ.મુ.૨).

(૨)બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ।
અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણમ્...॥

(શ્રીમહાપ્રભુ : ભ.વ.૨).

(૩)યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દશ્યતે।
તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્ય ઈતિ નિશ્ચયઃ॥

(શ્રીમહાપ્રભુ : નિ.લ.૧૯).

## આધુનિક પ્રતિમતિ

(૧)સ્વમાર્ગની પ્રણાલિકામુજબ નેગ-ભોગ-શૃંગારના વૈભવને નભાવવા બીજાનું દ્રવ્ય લઈ શકાય છે. એટલે જનતાથી વિત્તજા સેવા કરાવી શકાય છે, અને મુખિયા-ભીતરિયા વિગેરે નોકરોથી તનુજા સેવા કરાવી શકાય છે.

(૨)પોત-પોતાનાઘરમાંમેંડ-મરજાદ-નેગ-ભોગ-શૃંગાર-રાગના વૈભવવિસ્તારવાળી સેવા-પ્રણાલિકાનો નભાવ મુશ્કેલી ભરેલો હોવાથી પોત-પોતાના ઘરમાં સેવા કરવા કરતાં આમ જનતાના દ્રવ્યથી મુખિયા-ભીતરિયાદ્વારા સાર્વજનિક મંદિરોમાં સેવા કરાવી લઈએ તોજ સ્વમાર્ગીય પ્રણાલિકામુજબ સેવા થઈ શકે છે.

(૩)ઘરમાં શ્રીઠાકુરજી ન પણ બિરાજતા હોય તો કાંઈ ખાસ ફરક પડતો નથી, જો નિયમથી મંદિરે દર્શન



કરવાની ટેવ રાખી હોય તો.

## વિમતિ

(૧) જો શ્રીમહાપ્રભુજી, શ્રીપ્રભુચરણ, શ્રીપુરુષોત્તમજી વિગેરે પૂર્વાચાર્યોથી માંડીને પૂ.પા.શ્રીવ્રજરત્નલાલજી મહારાજ(સૂરત), નિ.લી.શ્રીરણછોડાચાર્ય પ્રથમેશજી, પૂ.પા.શ્રીઘનશ્યામલાલજી(કામવન), પૂ.પા.વાજપેયી-સોમયાજી શ્રીવલ્લભરાયજી વિગેરે આધુનિક ગોસ્વામી બાળકોના વચનોથી સુપ્રમાણિત સિદ્ધાંતોથી વિરુદ્ધ પ્રણાલિકાનું પ્રામાણ્ય કેટલું?

## મૂળવાદ

(૧)લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા।

ભાવાર્થ: જો કોઈ લોકાર્થી બનીને કૃષ્ણભજન કરતો હોય તો તેને ભગવાન્ શ્રીકૃષ્ણ ના ઠેકાણે ફક્ત કલેશજ મળે છે.

(વાદી=શ્રીમહાપ્રભુજી : સિ.મુ.).

નનુ કશ્ચિદ્ જીવિકાદ્યર્થમપિ ભજતે તસ્ય કા ગતિ:? ઈત્યત આહુઃ 'લોકાર્થી'તિ. 'લોક'પદેન લૌકિકો અર્થઃ ઉચ્યતે, તદર્થી ચેત્ કૃષ્ણં ભજેત્, તદા વ્યાપારવદ્ અર્થે સિદ્ધે તસ્યાપિ અનર્થરૂપત્વેન તત્કૃતભજનસ્ય ભક્તિત્વાભાવાત્ તત્કૃતં સર્વં કલેશરૂપમેવ... ન કેવલમ્ ઐહિકઃ કલેશઃ કિંતુ પરલોકોઽપિ નશ્યતિ, નિષિદ્ધાચરણાદિતિ યસ્ય સ્વલ્પમપિ જ્ઞાનં સ ન એવં કરોતિ"?

ભાવાર્થ: કોઈક જીવિકા વિગેરે હેતુઓને લીધે જો ભજન કરતો હોય તો તેની શી ગતિ થાય છે? આ પ્રશ્નનું

સમાધાન આપે છે—'લોકાર્થી' પદથી. 'લોક' કહેતા લૌકિક અર્થ સમજવો, તેવા લૌકિક અર્થની કામનાવાળો જો કૃષ્ણભજન કરતો હોય તો; અને જો તેની કામના પૂર્ણ થઈ જાય તો, તેવા ભજનને ભજન નહિ બલ્કે વ્યાપાર સમજવો. તેથી ભગવદ્ભજન આજીવિકારૂપે કરવાથી થયેલી અર્થ=ધનની પ્રાપ્તિ અનર્થરૂપ હોવાથી, તેવું ભજન ભક્તિ છેજ નહિ, તેથી તેવા લોકાર્થીએ કરેલું બધુ કલેશરૂપજ હોય છે... કેવલ ઐહિક કલેશ થાય છે એટલુંજ નહિ પણ તેનો પરલોક પણ નષ્ટ થાય છે, નિષિદ્ધાચરણને કારણે.

( વ્યાખ્યાકાર = શ્રીપ્રભુચરણ : સિ.મુ.વિ. ).

લાભપૂજાર્થયત્નસ્ય ઉપધર્મત્વ-દેવલકત્વાદિ-સંપાદકત્વાદ્ તદ્વ્યતિરિકતેન અનિષિદ્ધપ્રકારેણ "ઐહિકં મે ભવતુ" ઈતિ અનુસંધાય પ્રવૃત્તો લોકાર્થી, તાદશશ્ચેત્ કૃષ્ણં ભજેત્, તદા સર્વથા ક્લિષ્ટો ભવતિ".

ભાવાર્થ: કોઈક લૌકિક લાભ અથવા તો લોકમાં પોતાની પૂજ્યતા વધારવામાટેના પ્રયાસરૂપે જે ભજન કરવામાં આવે છે, તે તો ધર્મ ન હોઈ ઉપધર્મ કે દેવલકત્વ જ ફક્ત હોય છે, તેથી તેનો તો વિચાર પણ અપ્રાસંગિક છે. અહીંયાં 'લોકાર્થી' પદમાં તેવો લોકાર્થી અભિપ્રેત નથી. "આ જગત્માં મારું કાંઈક ભલું થાવ", એવી લૌકિક કામના રાખીને જે અનિષિદ્ધ પ્રકારે ભજન કરતો હોય તે અહીંયાં અભિપ્રેત છે. આવી રીતે લૌકિક કામના રાખી અનિષિદ્ધ પ્રકારે ભજન કરનારને પણ અંતે કલેશજ મળે છે.

( વ્યાખ્યાકાર=શ્રીપુરુષોત્તમજી : સિ.મુ.વિ.પ્ર. ).

તસ્માચ્છ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદન્યથા રૂપયન્તિ
ભ્રાન્તા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાન્ધંતમોગાઃ



ભાવાર્થ: હે શ્રીવલ્લભ! આપે ઉપદેશેલ વચનથી જુદી રીતે જેઓ નિરૂપણ કરે છે તેઓ સહજ આસુરીજીવ હોવાને કારણે અન્ધતમ નરકમાંજ પડવાના છે.

( વાદી=શ્રીપ્રભુચરણ : શ્રીવલ્લભાષ્ટક ).

## આધુનિક પ્રતિવાદ

(૧)'તનુવિત્તજા' એટલે પોતાનાજ વિત્તથી અને પોતાનાજ દેહથી પોતાનાજ ઘરમાં કરવી જરૂરી નથી. પરન્તુ છળ-કપટ-પાખંડ કરીને ભગવત્સેવામાટે એકે બીજાને દ્રવ્ય આપવું કે લેવું ન જોઈએ, એજ ઉપર જણાવેલ વિધાનોનો સાચો અભિપ્રાય છે. આજના મોંઘવારીના જમાનાની નોકરી-ધંધાવાળી વ્યસ્ત જીવનપ્રણાલીમાં બૂંદી, મોહનથાળ, મઠડી, પેંડા, બરફી, રબડી, બાસુંદી, કાજુ, બદામ, પિસ્તા, કિસમિસ, તેજાના, કેસર, કસ્તુરી વિગેરે મોંઘી સામગ્રી કોણ ધરાવી શકે છે? જ્યારે જાહેર મંદિરોમાં કોઈના પણ ઉપર નાહક આર્થિક બોજ નાખ્યા વિના સહજતાથી ઉત્તમોત્તમ સામગ્રી ભોગ ધરી શકાય છે.

(૨)પોતાને ચરણભેટરૂપે આવેલ દ્રવ્યથી ભગવત્સેવા કરવી એટલે એનો અર્થ શો? શું શ્રીઠાકોરજીને ભોગ ધરવાની સામગ્રી અમારે પહેલા અમારા પગઉપર મૂકીને પછી તેવી અપવિત્ર સામગ્રી પ્રભુને ભોગ ધરવી? બીજા કેટલાક કહે છે: ષોડશગ્રંથોમાંથી વચનો શોધી-શોધીને આપણી ચાલી આવતી પરંપરાનો વિરોધ કરનારાઓને હોશજ નથી કે ષોડશગ્રંથો તો શ્રીમહાપ્રભુએ વૈષ્ણવોમાટે આપેલા ઉપદેશો છે. તે વચનો ગો.બાળકોમાટે કહેવાયેલા ન હોવાથી, તેના નિયમો ગો.બાળકોને બંધનકારી નથી. ગો.બાળકોને ત્યાં તો સાક્ષાત્ પુષ્ટિપુરુષોત્તમની સેવા થાય છે—મર્યાદાપુરુષોત્તમની નહિ. વૈષ્ણવોના માથે તો

ગુરુભાવથી ઠાકુરજી પધરાવવામાં આવતા હોવાથી વૈષ્ણવોએ પારકા દ્રવ્યથી સેવા કરવી જોઈએ નહિ.

(૩)ગોસ્વામી બાળકો શું કરે? પોતાની ચરણભેટથી પોતાના નિર્વાહનો આગ્રહ કદાચ સૈદ્ધાંતિકરીતે સાચોપણ હોય તોપણ મોંઘવારીમાં તેવો આગ્રહ રાખવાથી નિર્વાહજ અશક્ય બની જાય છે. શ્રીઠાકોરજીની ભેટ-સામગ્રી-મનોરથના નામે આજે વૈષ્ણવો સો રૂપિયા ભેટ ધરતા હોય તો બાલકોની ચરણભેટના રૂપે પાંચ કે દશ રૂપિયાજ ભેટ ધરીને છટકી જાય છે.

(૪)બ્રહ્મસંબંધ લીધા પછી જ્યારે અહન્તા-મમતા છોડી દેવાની હોય છે ત્યારે પોતાનાજ દેહથી પોતાનાજ પરિજનોના સહયોગથી પોતાનાજ દ્રવ્યથી પોતાને ઘરે બિરાજતા સ્વરૂપની સેવાનો આગ્રહ ફરીથી મિથ્યા અહન્તા-મમતા વધારવાનીજ મૂર્ખતા નહિ તો બીજું શું છે?

(૫)''બાલક સબ બ્રહ્મ જાનિએ''કહ્યું હોવાથી ગોસ્વામી બાલકો પોતે પુરુષોત્તમસ્વરૂપ છે. તેવા બાળકો સિદ્ધાંતમુજબ આચરતા હોય કે સિદ્ધાંતવિરુદ્ધ, એમની કૃતિમાં દોષબુદ્ધિ લાવવી જોઈએ નહિ. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે— ''દોષાઃ ન મન્તવ્યાઃ કથંચન'' અરે એક વૈષ્ણવની કૃતિમાં બીજા વૈષ્ણવને દોષબુદ્ધિ લાવવાની મનાઈ છે, તો ગોસ્વામી બાલકોની કૃતિમાં સિદ્ધાંત કે અપસિદ્ધાંતની વિવેચનાદ્વારા દોષબુદ્ધિ કેવી રીતે લાવી શકાય?

(૬)દરેક ઠેકાણે જુદા જુદા સંપ્રદાયો પોત-પોતાના મંદિરો બાંધી રહ્યા છે તેમાં પુષ્ટિમાર્ગીઓએ પીછેહઠ કરવી જોઈએ નહિ. મુસલમાનોની મસ્જિદની માફક ગામે-ગામ, શેરીએ-શેરીએ મંદિરો બાંધી તેમાં લાઉડસ્પીકરો લગાડી સવાર-સાંજે યમુનાષ્ટક-કીર્તનોનું પ્રસારણ કરવું



જોઈએ.

(૭)શ્યામુબાવા એન્ડ કંપનીએ શ્રીમહાપ્રભુજી પ્રભૃતિ પૂર્વાચાર્યોના જેટલા ગ્રન્થો જોયા પણ નહિ હોય તેટલા અમારા સંગ્રહમાં વિદ્યમાન છે. અમે પુષ્કળ વચનોનો હવે સંગ્રહ કરી લીધો છે, જેના આધારે જનતાથી ભગવત્સેવાર્થ ભેટ-સામગ્રી લઈને તેમના મનોરથોને પૂર્ણ કરવા જાહેર મંદિરો ચલાવી શકાય છે. અમે આ વિષયમાં શાસ્ત્રાર્થ કરવા તૈયાર બેઠા છીએ પરંતુ શ્યામુબાવા જેવી હલકી ભાષા અમે વાપરી નથી શકતા એ અમારી લાચારી છે.

ઉપર જણાવેલ છ-સાત મુદ્દાઓની સૂક્ષ્મેક્ષિકાથી ચકાસણી કરતાં એટલું તો ચોક્કસપણે સ્પષ્ટ થાય છે કે આવા પ્રતિવાદો, 'મૂલવાદ' ના મથાળા હેઠળ આપવામાં આવેલ શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણ-શ્રીપુરુષોત્તમજી વિગેરે બધાજ સ્વસિદ્ધાન્તપ્રવર્તક વ્યાખ્યાકાર પૂર્વાચાર્યોદ્વારા નિરૂપિત સેવાપ્રણાલીથી ફક્ત વિરુદ્ધજ નહિ; બલ્કે પ્રવાહિજીવસુલભ કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-માત્સર્યવાળી નરકદાયિની વૃત્તિથી પણ પ્રેરિત છે.

જેમકે—

(૧)પહેલા પ્રતિવાદમુજબ સિદ્ધાંતમુક્તાવલીમાં ઉપદિષ્ટ એકકર્તૃકા તનુવિત્તજા સેવાના નિયમમાંથી છટકબારી શોધવામાટે પુષ્ટિપ્રભુને મોંઘી ઉત્તમોત્તમ સામગ્રી ધરી તત્સુખનું બહાનું શોધી કાઢવામાં આવ્યું છે. જો ખરેખર આ તત્સુખના નિષ્કામ વિચારઉપર આધારિત હોય તો તેવા દેવદ્રવ્યનો પ્રસાદ પોતે ખાવાનો કે વૈષ્ણવોને વેચવાનો ખોટો દુરાગ્રહ શામાટે રાખવો જોઈએ? શ્રીમહાપ્રભુજીના નિયમ પ્રમાણે ભોગ ધરીને ગોગ્રાસમાં અને કોઈક નદી અથવા મડઆઈલેંડની ખાડી માં પધરાવી દેવો જોઈયે. આજે તેનાથી વિપરીત મંદિર ટ્રસ્ટની સ્કીમમાં કણકા પ્રસાદને ઠેકાણે છ-છ

પાતળો અને બદામ પિસ્તા તેજાના કેસર પોતાને ઘરે લાવવાની જોગવાઈ કરવામાં આવે છે, જેને આરોગી-આરોગીને પેટનો ગોલાપો પોતાના કરતા દોઢ ગજ આગળ ચાલતો હોય છે! એટલે આ વિધાનમાં કામદોષ ઉભરાઈ રહ્યો છે.

કોઈક લોકો કહે છે કે વેચાતી પાતળ કે વેચાતા બૂંદિ-મોહનથાળની મિઠાઈ ખરીદતા દેવદ્રવ્યનો બાધ આવતો નથી, મફતમાં લઈ લઈએ તોજ બાધ આવે છે. હકિકતમાં તો શાસ્ત્રનો સિદ્ધાંત આ બાબતમાં અતિશય સ્પષ્ટ છે—

સર્વાન્ રસાનપોહેત કૃતાંન્નં ચ તિલૈઃ સહ।
અશ્માનો લવણં ચૈવ પશવો યે ચ માનુષાઃ॥
સદ્યઃ પતતિ માંસેન લાક્ષયા લવણેન ચ।
ત્ર્યહેણ શૂદ્રો ભવતિ બ્રાહ્મણઃ ક્ષીરવિક્રયાત્॥
(મનુસ્મૃતિ: ૧૦/૮૫—૯૨).

એટલે ત્રણ દિવસ સુધી જો બ્રાહ્મણ દુધ કે દુધઘર ની સામગ્રી વેચે તો તે બ્રાહ્મણ મટીને શૂદ્ર બની જાય છે. એમ તો શૂદ્ર બનવામાં પણ કોઈને વાંધાભર્યું લાગતું ન હોય! પરંતુ મંદિરોમાં બ્રહ્મણોનેજ મુખિયા ભીતરિયા તરીકે રાખવાનો દુરાગ્રહ ત્યારે નિર્મૂલ બની જાય છે. પ્રસાદ વેચનારા જાહેર મંદિરોમાં હરિજનોને કેમ ભીતરિયા તરીકે નીમવામાં નથી આવતા? નવા યુગમાં તેની વાહવાહી પણ ખૂબ મળી શકે છે.

કેટલાક લોકો સમજે છે કે 'વેચાણ' કહીએ તો આ દોષ લાગુ થાય છે પરંતુ 'ન્યોછાવર' કહેવડાવીને આપતાં કે લેતાં ક્રય-વિક્રયનો અપરાધ લાગતો નથી. આ પ્રસંગે અમારા ઓળખીતા એક ભાઈને મોઢે સાંભળેલ એક પ્રસંગ યાદ આવી જાય છે: તેમને પોતાના પ્લોટઉપર નવું મકાન બાંધવું હતું, તેથી વોટરવર્કસમાં ઓફીસર પાસેથી સેંકશન લેવા ગયા. સૌભાગ્ય કે દુર્ભાગ્ય થી પેલા ભાઈ આપણા પુષ્ટિમાર્ગીય હતા. તેમના ટેબલઉપર એક સુવાક્ય લખેલું હતું "સેવા એજ સ્વધર્મ", બધી કાગજી કાર્યવાહી



પૂરી થયા પછી પેલા ઓફીસર ભાઈ બોલ્યા કે "આમ તો આવી બધી કાર્યવાહી પૂરી કરતા બે-ત્રણ મહિના સહજ લાગી જતા હોય છે; પણ તમે પુષ્ટિમાર્ગીય છો તેથી મેં બધુ કામ વહેલી તકે પતાવી દીધું છે, એટલે હું કાંઈ માંગતો નથી પણ જે કાંઈ તમને યોગ્ય લાગે તે આપો તો સારું". એટલે મકાન બાંધનારા વૈષ્ણવ ભાઈ જરા ટકોર કરતા બોલ્યા—"તમે ટેબલને તો અતિશય સુંદર સુવાક્ય "સેવા એજ સ્વધર્મ"થી સજાવ્યું છે!" પેલા ઓફીસર ભાઈ છંછેડાઈને બોલ્યા—"સેવાની ન્યોછાવરજ માંગી રહ્યો છું. હું કાંઈ ઘૂસ-રિશ્વત નથી માંગતો!" એટલે ના છૂટકે જોઈતા પાઈપ કનેકશનની સેવા બજાવવા પેલા ઓફીસરને ન્યોછાવર આપવીજ પડી!

હકીકતમાં તો આવા પ્રસાદવિક્રયમાં મળતાં રુપિયાને 'મૂલ્ય' નહિ કહી 'ન્યોછાવર' કહેવા માત્રથી દોષ નિવૃત થઈ જતો હોય તો કાલે કોઈક રૂપજીવિની પણ કહી શકે છે કે "હું દેહનો વિક્રય નથી કરતી. તેથી મને ખરીદવાની તોછડી મનોવૃત્તિ રાખી કોઈએ મારી સામે આવવું નહીં! અલબત્ત મારા ચાહકો જો મારા રૂપઉપર ન્યોછાવરરૂપે મને કાંઈક દ્રવ્ય આપતા હોય તો તેમાં મને કોઈ જાતનો વાંધો નથી!"

કોઈ પણ નામ આપીએ, આવી પ્રણાલીમાં શુદ્ધ નિષ્કામ પુષ્ટિભાવ તો નથીજ.

(૨) બીજા પ્રતિવાદમાં, એકકર્તૃકા તનુવિત્તજાના વિષયમાં છટકબારી શોધવામાટે, 'ચરણભેટ' માંના 'ચરણ' શબ્દનો ખોટો અર્થ—પાડાબુદ્ધિથી રીસે ભરાઈને— કાઢવામાં આવ્યો છે. કેમકે ભોગ ધરવાની સામગ્રીને ભોગ ધર્યા પહેલા ગોસ્વામી બાળકોના પગ કે ચરણ ઉપર મૂકવાનો પ્રશ્નજ અસ્થાને છે. ચરણભેટ તરીકે જે દ્રવ્ય બાળકોને ભેટ આવે છે તે ચરણની સામે મૂકવામાં આવે છે, સામાન્ય બ્રાહ્મણોને હાથમાં દ્રવ્ય આપવાની પ્રણાલિકાથી વિપરીત, ગુરુભક્તિના પ્રતીકરૂપે ચરણ સમક્ષ

મૂકવાની પ્રણાલિકા છે. તે ચરણભેટરૂપે આવેલ દ્રવ્યને સીધુ પ્રભુને ભોગ ધરવાની હાસ્યાસ્પદ વાત પણ કોઈ કરતો નથી. તે દ્રવ્યથી જે સામગ્રી ખરીદવામાં આવે તેને મેંડ પ્રમાણે સિદ્ધ કરી પ્રભુને ભોગ ધરવી જોઈએ. પ્રભુના નામે બીજા પાસેથી ભેટ કે સામગ્રી પડાવવી જોઈએ નહીં.

જુનાગઢ-હવેલીના કેસના ચુકાદામાં પુષ્ટિમાર્ગીય મહારાજોને "વૈષ્ણવોની ભેટ-સામગ્રીને શ્રીઠાકોરજી સુધી પહોંચાડનારા 'કંડયૂઈટ પાઈપ' એટલે વૈષ્ણવોની પાકીટ અને શ્રીઠાકુરજી ને જોડનારી મોરી તરીકે વર્ણવ્યા છે. એક હકીકત તરીકે તે વાત કદાચ આજે સાચી હોઈ શકે. ગો.બાળકોનો, પરંતુ, સૈદ્ધાંતિક દૃષ્ટિએ એથી વધારે અનાદર કોઈ પણ બીજા શબ્દોમાં થઈ શકતો નથી!

કોઈ પણ સંજોગમાં ચરણની સામે મૂકવાના કારણે ચરણભેંટમાં કોઈક અપવિત્રતા આવતી હોય તો એવા દ્રવ્યથી મેળવેલ ગૃહ-વસ્ત્ર-આભૂષણ વિગેરે શ્રીઠાકોરજીના અથવા ટી.વી.,ફ્રીજ વિગેરે પોતાના પણ ઉપયોગમાં વાપરવા જોઈએ નહિ. તેથી સિદ્ધ થાય છે કે આવા પ્રતિવાદમાં સિદ્ધાંતનિષ્ઠા કરતા ક્રોધનો અવગુણ વધુ પડતો ભાગ ભજવી રહ્યો છે.

સાક્ષાત્ ઉપદિષ્ટ વચનો કરતા જો પરંપરા વધારે પ્રબળ પ્રમાણ હોય તો જૂની પરંપરામુજબ પ્રવાસ બેલગાડીમાં કરવો જોઈએ વિમાન મોટર કે ટ્રેન માં નહિ, મનોરંજનમાટે રાસલીલા ગોઠવવી જોઈએ ઘરમાં ટી.વી. વીડિઓ નહિ, પ્રકાશમાટે ઘી-તેલના દીવા જોડવા જોઈએ વીજળીના નહિ. હવે જો 'પરંપરાથી ચાલ્યા આવતા પ્રકારોના ત્યાગ અને નવા પ્રકારોના અનુસરણ માટે ક્યાંય કોઈ નિષેધવચન મળતો નથી' એમ સફાઈ આપવામાં આવે તો સિદ્ધ થયું કે પરંપરા કરતા વિધિ-નિષેધવચનોનું પ્રામાણ્ય વધારે પ્રબળ માન્યું કહેવાય. તે ઉપરાંત ષોડશગ્રંથોક્ત નિયમો જો ફક્ત વૈષ્ણવોમાટેજ બંધનકારી માનવામાં આવતા હોય



તો, એટલે કે ગો.બાળકોમાટે નહિ તો ફરીથી સિદ્ધ થઈ જાય છે કે વૈષ્ણવોએ ભગવત્સેવામાટે જેમ પારકા પૈસા લેવા નહિ તેમ બીજા (=ગોસ્વામી, બેટીજી, લાલાજી, મુખિયાજી, સમાધાની કે ટ્રસ્ટી-ભ્રસ્ટીઓ) ને આપવા પણ જોઈએ નહિ! ગો. બાળકોએ પણ વૈષ્ણવો પાસેથી નહીં પરંતુ ગેરવૈષ્ણવોથીજ ભગવત્સેવામાટે પૈસા પડાવવા જોઈએ. નહિતો તેમને બંધનકારી નિયમોને તોડવાના અપરાધના ભાગી ગો.બાળકો થઈ જશે! વૈષ્ણવોએ તો પોતાના ઘરમાંજ સેવા કરવી જોઈએ ગો.બાળકોના જાહેર મંદિરોમાં નહિ. અલબત્ ગેરવૈષ્ણવો એવા મંદિરોમાં દર્શન કરવા અવશ્ય આવી શકે છે. તે સિવાય જો વૈષ્ણવોને ત્યાં જો પુરુષોત્તમભાવે ન બિરાજી ગુરુભાવેજ જો ઠાકોરજી બિરાજતા હોય તો જૂના આજ દિવસ સુધી કોઈએ પણ ન જોયેલા પાનામાં જે ગુરુના ઘરે દર્શન-ભેટ કરવાની બંધનકારી આજ્ઞા હશે તેને પણ જાહેર મંદિરોમાં જઈને અમલમાં લાવવાની આવશ્યકતા રહી જતી નથી, કેમકે વૈષ્ણવોના ઘરમાં બિરાજતા ઠાકુરજી ગુરુભાવે બિરાજતા હોવાથી વૈષ્ણવોનું ઘર તે ગુરુનુંજ ઘર સિદ્ધ થાય છે. એટલે આ વિધાનમાં લોભ મોહ મદ માત્સર્ય ની ચોકડી ઉઘાડા દર્શન આપી રહી છે.

(૩) ત્રીજા પ્રતિવાદની બાબતમાં સમજવાનું કે શ્રીપુરુષોત્તમજી—સેવાકર્તાને દેવલક બનાવનારા જે લાભપૂજાર્થ પ્રયત્નને સેવાની નિષિદ્ધ રીતિ તરીકે નિંદે છે, તેનેજ અપનાવવામાટે, એટલે જનતાથી વધુમાં વધુ દ્રવ્ય પડાવવાનીજ ફક્ત ઈચ્છાને કારણે, ઘરમના ધતીંગ ઊભા કરવામાં આવી રહ્યા છે. અર્થલોલુપતા સિવાય આની બીજી કશી વ્યાખ્યા સંભવતી નથી.

(૪) ચોથા પ્રતિવાદની બાબતમાં પણ કહેવાનું રહ્યું કે પોતાની દેવલકવૃત્તિ ન છોડી શકવાના અસામર્થ્યને કારણેજ, અહંતા-મમતા-ત્યાગનો ખોટો મોહ ઊભો કરવામાં આવી રહ્યો છે. કેમકે જો બીજી બધી બાબતમાં અહંતા-મમતાના

ત્યાગની કોઈ આવશ્યકતા ન જણાતી હોય અને સિદ્ધાંતશુદ્ધ સ્વતનુવિત્તજા અને સ્વગૃહસ્થિત સ્વરૂપની સેવામાંજ અહંતા-મમતા-ત્યાગની આવશ્યકતા લાગતી હોય તો સિદ્ધ થયું કે આવો ત્યાગ મોહજન્ય ત્યાગ છે. સૈદ્ધાંતિક દૃષ્ટિએ તો અહંતા-મમતાના ત્યાગ કરતા તેમનો ભગવાન્માં વિનિયોગજ વધુ શ્રેયસ્કર છે.

(૫) પાંચમો પ્રતિવાદ જો પોતે ગોસ્વામી બાળકો કરતા હોય તો તે સિદ્ધાંતનિષ્ઠા કરતા પ્રવાહિજીવ-સુલભ મદરૂપ દોષજ ગણાશે. કેમકે પારકા દોષ ન જોવા તે ગુણ કહેવાય; પણ પોતાના દોષનો વિચાર કરીને તેમને દૂર કરવાનો પ્રયાસ જો કરવામાં ન આવે તો ભક્તિમાર્ગજ વગોવાઈ જાય. જો વૈષ્ણવો આવો પ્રતિવાદ કરતા હોય તો તેમાં આટલો અંશ, કદાચ, સાચો હોઈ શકે કે ગુરુમાં દોષબુદ્ધિ લાવવી નહિ. તેથી તેમની દરેક સદોષ કૃતિમાં સહયોગ આપવો જરૂરી નથી. વેદમાં પણ ગુરુને આદેશ આપવામાં આવ્યો છે કે તેણે પોતાના શિષ્યોને ઉપદેશ આપવો જોઈએ—"મારા જે સુચરિત હોય તેમાં તારે સહયોગ આપવો જોઈએ અથવા તો તેનું તારે અનુકરણ કરવું જોઈએ, ગુરુબુદ્ધિના મોહે મારા દુશ્ચરિતનું નહિ—યાન્યસ્માકં સુચરિતાનિ તાનિ ત્વયોપાસ્યાનિ નો ઈતરાણિ" (તૈત્તિરીયોપનિષદ).

તેથીજ શ્રીમહાપ્રભુજી પણ ભક્તિમાર્ગમાં આદ્યતમ સાધન તરીકે ગુરુપરીક્ષણજ સમજાવે છે. તેની વ્યાખ્યા કરતાં શ્રીપુરુષોત્તમજી કહે છે કે આપણા માર્ગનું આ વૈલક્ષણ્ય છે કે બીજા માર્ગમાં કેવલ શિષ્યપરીક્ષણજ થાય છે; જ્યારે કે આપણે ત્યાં ગુરુપરીક્ષણ પહેલું પગથિયું છે. કેમકે જો ગુરુપરીક્ષણ ન કરવામાં આવે તો એક આંધળાની પાછળ બીજો ચાલે અને જેણે ખાડામાં ન પડવાનું હોય તે પણ પડીજ જાય! તેથી જ શ્રીમહાપ્રભુજીએ જલભેદ ગ્રન્થ પ્રકટ કર્યો છે—"'વીક્ષ્યે'ત્યનેન માર્ગાન્તરાદ્ વૈલક્ષણ્યં જ્ઞાપિતમ્. 'ઈક્ષ' દર્શનાંકનયોઃ 'વિ' ના ચ સમ્યક્ત્વં



પરીક્ષણે દ્યોત્યતે. તથાચ તન્ત્રઃ—'ગુરુઃ પરીક્ષયેત્ શિષ્યમ્' ઈતિ વાક્યાત્ શિષ્યો યથા પરીક્ષ્યતે તથા અત્ર ગુરુઃ. નોચેદ્ અતાદૃશસ્ય લોકાનુગત-પશુરૂપત્વાત્ તાદૃશો અનુસરણે અન્ધાનુગાન્ધવદ્ ઉભાવપિ પતેતામ્. એતદર્થમેવ જલભેદગ્રન્થકરણમ્" (સર્વ.નિ. આવર.:૨૨૭).

આજે આપણા માર્ગની એક આવી દુરવસ્થા થઈ છે કે જે જલભેદગ્રન્થમાં ભગવલ્લીલાને ભંડોળી બનાવતા તેની તુલના ગટરના પાણીથી ભરેલા ખાબોચીયા સાથે કરવામાં આવી છે, તેવી ભંડોળી ભાગવત્કથા કહેનારાઓ જાહેર મંદિરોની સેવા-પ્રણાલીને વખોડી રહ્યા છે; અને ભગવત્સ્વરૂપ હોવાને કારણે ભાગવતપુરાણનો જે ભંડોળી ઉપયોગ વર્જિત કરવામાં આવ્યો છે, તેથી, તેની નિંદા કરનારાઓ પાછા સાક્ષાત્ ભગવત્સ્વરૂપનો ભંડોળી ઉપયોગ કરતા શરમાતા નથી! આ તે કેવી યાદવાસ્થલી!

તેથી અપસિદ્ધાંતમાં મોહવાળી કુમતિને કારણે કોઈ ભંડોળી ભગવત્સેવા કરવા માંગતો હોય તેમાં વિત્તજા કે તનુજા સેવા દ્વારા સહયોગ આપવાની કોઈ આવશ્યકતા વૈષ્ણવોને હોવી જોઈએ નહિ. ભગવદીય હોય કે ગુરુ હોય કોઈની પણ સિદ્ધાંતશુદ્ધ કૃતિમાં દોષબુદ્ધિ ન જાગે, તેનામાટે, એવી ભાવના કરવી જોઈએ કે અનધિકારી પ્રવાહિજીવો અત્યારે ગાડરિયા પ્રવાહમાં બ્રહ્મસંબંધ લઈને પુષ્ટિમાર્ગમાં ઘુસી ગયા છે, તેમને પુષ્ટિફલથી વંચિત રાખવામાટે કોઈક ભગવદીય અથવા તો ગોસ્વામી બાળક પોતાના સેવ્યસ્વરૂપની સેવાનું જાહેર પ્રદર્શન કરી લોકોથી રૂપિયા માંગતા હશે, આસુરવ્યામોહનાર્થ! તેથી આવા આયોજનમાં આસુરીજીવને વ્યામોહ થાય પુષ્ટિજીવને નહીં. તેથી તેવા આયોજનોમાં જે પોતાને પુષ્ટિજીવ માનતો હોય તેણે સંમિલિત થવાની આવશ્યકતા માનવી નહીં!!

આવી ભાવના કરવાથી ગુરુઓમાં દોષબુદ્ધિ પણ નહિ જાગે; અને તેમની સિદ્ધાંતવિરુદ્ધ કૃતિમાં સહયોગ આપવાના અપરાધથી પણ આપણે બચી જઈશું.

(૬) છઠ્ઠા પ્રતિવાદની બાબતમાં પણ આપણે જોઈ શકીએ છીએ કે સ્વધર્મને સિદ્ધાંતશુદ્ધ રીતિથી અનુસરવા કરતા બીજા વ્યક્તિ કે ધર્મસંપ્રદાયો ની સાથે ચડસાચડસીમાં, એટલે કે પોતાનું નાક કપાવીને પણ પારકાની યાત્રામાં અપશુકન કરવાની મનોવૃત્તિ જેવી વાત કરવામાં આવી રહી છે. તે તો સાચી સ્વધર્મ-નિષ્ઠા ન હોઈ માત્સર્ય કે અદેખાઈ નો અવગુણ છે.

હાલમાં યુરોપ-અમેરિકામાં સ્ત્રીઓએ ધોંધાટ કર્યો કે બાયબલમાં પરમાત્માને પુરુષરૂપે દેખાડી સ્ત્રીજાતિનો અનાદર કરવામાં આવ્યો છે. એટલે તાજેતરમાં પ્રકાશિત થયેલ બાયબલમાં પરમાત્માને તેમજ જીસસ ક્રાઈસ્ટને 'પુરુષ' ન કહી 'વ્યક્તિ' કહેવામાં આવ્યા છે. હવે આવી ફેશનને કારણે કેમકે ગીતામાં ભગવાન્ પણ પોતાને 'વનિતોત્તમ' ન કહી 'પુરુષોત્તમ' કહે છે, તેથી કોઈક વાંધો કાઢે તો શું, આપણે પણ પુરુષોત્તમને 'વ્યક્ત્યુત્તમ' કહેવાનું શરૂ કરવું?

દરેક પોત-પોતાના ધર્મનો પ્રચાર કરે તેમાં કાંઈ ખરાબી નથી; પરંતુ પ્રચારની ધુનમાં પોતાનાજ સિદ્ધાંતોથી વિરુદ્ધ જઈને છલ-કપટ પણ કરવો તે કેવી રીતે અનુમોદનીય હોઈ શકે છે — "સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહ".

(૭) સાતમો પ્રતિવાદ તો સાવ ઢંગધડા વિનાનો છે. કેમકે હું વધારે વિદ્વાન્ છું કે બીજો કોઈ, મને કોઈ શાસ્ત્રાર્થમાં જીતી શકે કે નહિ, તે બાબતમાં વિચારવા જેવું કશું છેજ નહિ. આપણો મુખ્ય મુદ્દો છે: આપણા માન્ય આર્ષશાસ્ત્રો તેમજ શ્રીમહાપ્રભુપ્રભૃતિ પૂર્વાચાર્યોના વચનો ના સાચા અભિપ્રાયમુજબ ભગવત્સેવા ધંધાકીયરૂપે જાહેર મંદિરોમાં અનુમોદનીય છે કે નહિ. સાચો શાસ્ત્રાર્થ એટલે ઉપરોક્ત શાસ્ત્રોનો સાચો અર્થ કરવામાં રહેલો છે. હવે તેવો શાસ્ત્રાર્થ કરતા પોતિયાં ઢીલા થઈ જતા હોય તો; અને ખોટો શાસ્ત્રાર્થ એટલે કે પછેડીમાં પાથર કૂટવાની સ્પર્ધા કરવાની હોય તો, તેમાં તો મને હાર કબૂલ



કરવામાં લેશમાત્ર પણ ગ્લાનિ અનુભવાતી નથી.

કાલે કોઈ સંગીતની બાબતમાં યા ચોબાશાહી કુસ્તી કે બોક્ષીંગ વિ.માટે મને પડકારે તો મારે તો હાર કબૂલ કર્યા સિવાય કોઈ છૂટકોજ નથી. કેમકે ઉપરોક્ત બાબતમાં કૌશલ્ય કે અકૌશલ્યથી વિચારણીય મુદ્દાના નિર્ણયમાં ફેરફાર થઈ શકતો નથી. તેમજ ઘણી વખતે ષડ્દર્શન પૈકી કોઈ પણ વિષયમાં શાસ્ત્રાર્થની ચેલેંજ મને મોકલવામાં આવતી હોય છે. હું મુકાબલા પહેલાંજ મારી હાર કબૂલ કરી લઉં છું કેમકે સાહિત્ય-વ્યાકરણનું મને નહિવત્ જ્ઞાન છે. ન્યાયનું ફક્ત મૂલ મુક્તાવલી પર્યન્તજ મેં અધ્યયન કર્યું છે. સાંખ્ય-પૂર્વમીમાંસાનું થોડુંક અધ્યયન કર્યું હોવા છતાંય તેમાં વિશેષજ્ઞતા મેળવી શક્યો નથી. વૈશેષિક-યોગશાસ્ત્રનું તો અધ્યયનજ કર્યું નથી. વેદાન્તમાં શાંકરનું અને વાલ્લભ ગ્રન્થોનું થોડુંક સરખું અધ્યયન કર્યું છે, છતાંય મારી જાતને હું તેમાંય ઉત્કૃષ્ટ કોટીનો વિદ્વાન તો માનતો નથી. એટલે કે વૈદુષ્યની બાબતમાં પુષ્ટિમાર્ગને ઉજાડ દેશ તરીકે સ્વીકારીને એરંડિયા સરીખા મારા વૈદુષ્યના છાંયડામાં સુખ મેળવવાની ભ્રમણામાં કોઈ જીવતો હોય તો તે એક કમનસીબીની વાત છે. એટલે મને કોઈ શાસ્ત્રાર્થમાં જીતી પણ લે તો તેને કારણે મોટા વાઘ માર્યાની સિદ્ધિ કોઈકને મળી જશે તેમ હું માનતો નથી. તે છતાંય જેઓને શાસ્ત્રાર્થની ઈચ્છા ખૂબ જબરદસ્ત હોય તેઓને તેમની ચળને શાંત કરવા બે-ત્રણ નામોની ભલામણ કરી શકું છું. દા.ત. ન્યાયશાસ્ત્રનું મારા કરતાં ખૂબ વધારે અધ્યયન સુરતના સોમયાજી શ્રીવલ્લભરાયજી દીક્ષિતજીએ કરેલ છે, તેમની સાથે શાસ્ત્રાર્થ કરીને કોઈ પણ પોતાની ન્યાયશાસ્ત્રીય ચળ મટાડી શકે છે. સાહિત્ય-વ્યાકરણનો ઊંડો અભ્યાસ ચાપાસનીવાલા શ્રીહરિરાયજી મહાકવિનો+ કદાચ હશેજ એટલે તેમની સાથે પણ શાસ્ત્રાર્થ કરીને

+ પુ.સિ.ચ.સભા(તા.૧૦-૧૩ જનેવારી' ૯૨) પાર્લા-મુંબઈમાં થયેલી પ્રત્યક્ષચર્ચા પછી આ બાબતમાં મારો મત બદલાણો છે. જુઓ પરિશિષ્ટ ૧ (ગો.શ્યા.મ.).

જે-કોઈ પોતાની ચળ મટાડી શકે છે.

સંપ્રદાયના આજ દિવસ સુધી ન જોયેલા એવા ગ્રન્થોનો ઢગલો કોની પાસે વધારે છે તે બાબતની પણ પ્રતિસ્પર્ધામાં હું હાર માનવા તૈયાર છું. કેમકે મારી સામે મુદ્દો એકદમ સીમિત એટલોજ છે કે આ લેખમાલામાં મેં ઉદધૃત કરેલ શ્રીમહાપ્રભુ પ્રભૃતિ પૂર્વાચાર્યોના વચનોનો જો મેં સાચો અર્થ કર્યો ન હોય તો, તેમ કહેનારને હું સાચો અર્થ કરી દેખાડવા ખુલ્લી રીતે પડકારું છું. પૂર્વકાલમાં પણ ઘણા મહાનુભાવોને નિખાલસ વિનમ્રતાથી આ જિજ્ઞાસા જણાવી હતી. મારે દુઃખ સાથે સ્વીકારવું પડે છે કે તેઓશ્રી, જેવા અર્થ મેં કર્યા છે તે સાચા છે એવું મારી સામે સ્વીકારીને, પીઠ પાછળ વિરોધી વક્તવ્યો આપતા રહ્યા છે. તેથી નિરાશ થઈને ‘ભક્તિના ભવાડા’ કે ‘ધરમનાં ધતીંગ’ જેવા કટુ શબ્દો મારે વાપરવા પડે છે, જેથી કરીને જવાબ આપવા સમર્થ વિદ્વાનોનું ખમીર ખદબદી ઉઠે; અને મારી ગલતીનો મને સ્પષ્ટ અહેસાસ કરાવી આપે. આ ભાગેડુ વિદ્વાનો(!) હવે કહે છે—“શ્યામ મનોહરજી જેવી તોછડી ભાષા અમે વાપરી નથી શકતા!”

મને તોછડી ભાષા વાપરતા બંધ કરવો હોય તો નિખાલસતાથી ગ્રંથોમાં ટંકિલા વચનોનો સાચો અર્થ લખી જણાવો અને મારાથી પણ વચન લઈ લ્યો કે તે પછી કોઈ દિવસ મારે તોછડી ભાષા વાપરવી નહિ! પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુના વંશજોજ શ્રીમહાપ્રભુના વચનોનો અર્થ કરતા પીછેહઠ કરતા હોય તો તેના કરતા વધુ તોછડાઈ આ માર્ગમાં બીજી કઈ હોઈ શકે?

આમ આપણે જોઈ શકીએ છીએ કે જાહેર મંદિરોનો જે વિવાદ જાગ્યો છે અથવા જગાડવામાં આવ્યો છે, તેના વાસ્તવિક અપરાધી વિવાદિઓ નથી બલ્કે સિદ્ધાંતના પ્રતિવાદિઓજ છે. તેઓ પુષ્ટિસિદ્ધાંતને શુદ્ધ નિષ્ઠાથી અનુસરવાજ નથી માંગતા. તે પણ હકીકતમાં તો અતિશય



વિવાદનો હેતુ નથી. વિવાદ તો જાગે છે ત્યારેજ કે જ્યારે શ્રીમહાપ્રભુજીનાજ નામે તેમના સિદ્ધાંતથી સદંતર વિરુદ્ધ આયોજનો, તેમનાજ સંપ્રદાયના કાર્યક્રમો તરીકે રજૂ કરવામાં આવે છે. શ્રીમહાપ્રભુજીના વચનોની સામે પ્રતિવાદ કરવામાં આવે છે. જો કોઈ પણ પુષ્ટિમાર્ગીય પોતાનાજ નામે ધંધાકીય ભગવત્સેવા કે ધંધાકીય ભાગવત્કથા કરે તો તેમાં કોને શું વાંધાભરેલું લાગે?

શ્રીમહાપ્રભુ આદિ પૂર્વાચાર્યોના વચનોના આધારે શુદ્ધ સૈદ્ધાંતિક રજુઆતમાટે આવશ્યક અધ્યયન, જ્ઞાન કે સાહસના અભાવને કારણે કેટલાક લોકો હવે “માર્ગની જુની ચાલી આવતી પ્રણાલિકા”ની દુહાઈ આપવા મંડ્યા છે. હકીકતમાં, પરંતુ, જુનામાં જુની પ્રણાલિકા તો મર્યાદામાર્ગની છે, તે પ્રણાલિકાને આપણે શામાટે અનુસરતા નથી? શ્રીમહાપ્રભુ શ્રીપ્રભુચરણ પ્રભૃતિ પૂર્વાચાર્યોએ આપણને પુષ્ટિમાર્ગને અનુસરવાનો જે ઉપદેશ આપ્યો છે, તેને જો હેતુરૂપ આપણે ગણતા હોઈએ, તો સિદ્ધ થયું કે શ્રીમહાપ્રભુના વચનની સરખામણીમાં જુનામાં જુની પ્રણાલિકાનું પણ કોઈ મહત્ત્વ આપણે સ્વીકારતાં નથી. તે સ્થિતિમાં શ્રીમહાપ્રભુના વચનોથી સર્વથા વિરુદ્ધ એવી આપણા માર્ગમાં એક ગંદકી કે સડાની જેવી ચાલુ પ્રણાલિકાનું મહત્ત્વ કેટલું?

ઘણા વૈષ્ણવોને ભોળવવામાં આવે છે કે આજે જે કાંઈ પુષ્ટિમાર્ગના નામે ચલાવવામાં આવી રહ્યું છે તે આપણી અસલ જુની પ્રણાલિકા છે. હકીકતમાં તો તે દોઢસો કે બસો વર્ષ થી વધારે જુની છેજ નહિ. તેમજ આ વિકૃત પ્રણાલિકા કેવા સંજોગોમાં પેદા થઈ હતી તેનો આછો ખ્યાલ આપણને તે વખતના પુષ્ટિમાર્ગના સંવેદનશીલ હિતૈષી વિચારકોના નીચે જણાવેલ લખાણથી મળી આવે છે.

ગોસ્વામી શ્રીદેવકીનંદનાચાર્યજી (કામવન) મહારાજ-શ્રીએ તા.૧૮-૭-૧૮૮૫ ના દિવસે વલસાડ મુકામથી મુંબઈના

વૈષ્ણવોને લખેલ પત્રમાંથી, ક્યા સંજોગોમાં આ માર્ગમાં વિકૃત પ્રણાલિકાઓ શરૂ થઈ હતી તેના પુરાવા જોઈએ :—

*ગોકુલેન્દુર્વિજયતે*

## સૂચનાપત્ર

**તા. ૧૮-૭-૮૫**

શ્રીમદ્વલ્લભાચાર્ય સંપ્રદાયના વૈષ્ણવોને સૂચિત કરવાનું છે કે મને મુંબઈ રહ્યાને ૨॥। મહિના થયા. તેમાં અમારા સંપ્રદાયના જનોની જે રીતભાતો તથા વર્તણુંક મારા જોવામાં આવી તે વિષે અને હાલ મારું જવું થયું તે પ્રસંગે બે વાત કહી જવાની અગત્ય દીસે છે.

(૧) જેવી રીતે અમારા પૂર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સંપૂર્ણ રીતે સમજીને વૈષ્ણવ-ધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતા હતા; અને જે વચલા કાળમાં સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજ્જે છોડી દીધી છે, તેથી ઘણાખરા લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિ નું જ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.

આપણા સંપ્રદાયને વગોવનારામાંનો ઘણો ભાગ અમારા લોકોના દુરાચરણનો દોષ દેખાડે છે; પરંતુ ખરી રીતે જોઈએ તો તે દોષના સંપૂર્ણ ભાગી અમેજ છીએ એમ નથી. તેમાં વૈષ્ણવોનો પણ પુષ્કળ દોષ છે, તેઓ અમારી બગડેલી મનોવૃત્તિને ઉત્તેજન ન આપે તો તથા તેને અટકાવવાનો પ્રયત્ન કરે તો નક્કી થોડાક કાલમાં તે નિર્મૂલ બની જશે. દુરાચારની વૃદ્ધિ તેને ઉત્તેજન મળવાથીજ થાય છે.

અમારા લોકો વિદ્યાભ્યાસ કે ભગવત્સેવા કરે ત્યારે ભાવલા લોકો કહે છે કે "આપ સર્વજ્ઞ છો આપને ભણીને શું કરવું છે ? લાલબાવાને



શાસ્ત્રી દુ:ખ આપે છે તે અમારાથી સહેવાતું નથી. આપના ચરણમાં લક્ષ્મી છે—આપને ક્યાં કથા વાંચવી છે? આપણા માર્ગમાં વેદનો કે શાસ્ત્રનો કાંઈ વધારે ઉપયોગ નથી" ઈત્યાદિ ઉપદેશો અમને કરે છે...હમણાં જરા ખેલો છો તો સંધ્યા-આરતિની મુખ્યાજીને આજ્ઞા આપો, આપ સેન ટાણે પધારજો. આપજ પ્રભુ છો આપના વળી પ્રભુ કોણ? પ્રભુ તો આપના કર્યા પ્રભુ થયા છે. આપ કાંઈ તેમના કરેલ નથી" ઈત્યાદિ ઉપદેશો કરી વિદ્યા અને સેવા બન્ને વાતનો ઉચ્છેદ મૂલમાં તો અમારા ભાવલા હિતશત્રુઓએજ કર્યો છે.

(હાલમાં 'આશ્રય' નાં એપ્રીલ ૮૭ અંકમાં પુનઃપ્રકાશિત).

આથી સમજી શકાય છે કે તથાકથિત "જૂની ચાલી આવતી માર્ગની પ્રણાલિકા" ના મૂળિયા આ માર્ગના ભાવલા હિતશત્રુઓએ રચેલા કેવા ક્રૂર કાવત્રામાં રહેલા છે! આ કાવત્રાઓ હતા ગોસ્વામી બાળકોને અજ્ઞાન અને અધર્મ ના એવા ઉંડા ખાડામાં ધકેલી નાખવા કે જેમાંથી પાછા બહાર આવીજ ન શકે! આ પ્રણાલિકાનો શિકાર બની અજ્ઞાનના ગર્તમાં પડેલી શ્રીવલ્લભવંશજોની સૃષ્ટિ તથા વાલ્લભી વૈષ્ણવોની સૃષ્ટિ, આજે પોતે શ્રીવલ્લભના વચન કરતા, વચનવિરુદ્ધ પ્રણાલિકાનું પ્રામાણ્ય વધારે સ્વીકારે છે! પોતાને 'પરંપરાવાદી'તરીકે બિરદાવીને શ્રીમહાપ્રભુના સંસ્કૃત ગ્રંથોમાંથી કોઈક વચનોના ઉચ્ચારને પણ 'પાખંડ' અને 'પંક્તિ લગાડનારા' કહીને વખોડે છે! તેમાં, પરંતુ, તેઓનો નથી બુદ્ધિવૈભવ કે નથી પુરુષાર્થવૈભવ. આ તો કેવલ દુર્ભાગ્યપૂર્ણ જડતા અને ક્લૈબ્ય જ છે!!!

ઘણા લોકો પ્રશ્ન કરે છે: શું ફક્ત શ્યામુબાવા એન્ડ કંપનીએજ શ્રીમહાપ્રભુજીના ગ્રન્થો કે સિદ્ધાંતવચનો ને સમજવાનો ઠેકો લીધો છે? શું વડીલોમાં નિષ્ઠા ન્હોતી કે બુદ્ધિ ન્હોતી કે જેથી સિદ્ધાંતનું તાત્પર્ય તેઓ સમજી

કે જીવી ન શક્યા ?

શ્યામુબાવાનો જવાબ આ બાબતમાં આમ છે કે જો શ્યામુબાવા એન્ડ કંપનીએ ઠેકો લીધો હોત તો શ્રીદેવકીનંદનાચાર્યજી મહારાજશ્રી ઉપર જણાવેલ સૂચનાપત્ર પ્રકટ ન કરી શક્યા હોત!

આ સૂચનાપત્ર તો નિ. લી. શ્રીદેવકીનંદનજી મહારાજશ્રીએ, શ્યામુબાવાની વાત તો જ્વા દો, એમના પિતાશ્રીના પણ પ્રાકટ્ય પહેલાં લખેલો છે. ભાવલાવેડાના કેવા વ્યવસ્થિત અને ક્રૂર કાવત્રા હેઠળ તે વખતનાં ગોસ્વામી બાળકોને સ્વધર્મજ્ઞાનાચરણ વિનાના બનાવવામાં આવી રહ્યા હતા, તેનો ખુલાસો આ સૂચનાપત્ર શું નથી આપતો ? શ્રીમહાપ્રભુના ઉપદેશોથી વિરુદ્ધ પ્રણાલિકાઓ આપણા માર્ગમાં દોઢસો કે બસ્સો વર્ષ અગાઉ ચાલી નીકળી હતી તેના બીજા પણ અનેક જૂના પુરાવાઓ છે. તે પૈકી હજી પણ બે-ત્રણ પુરાવાઓ મારે અહીંયાં ટાંકવાના છે:—

(૧)

અગારી બાલકનમેં વાર્તા (ભગવત્કથા) તથા સેવામેં નિપુનતાઈ... હતી સો લિખાયે. સો એસે તો શ્રીમહાપ્રભુકો કુલ એકસાર હે ઔર અબ તો શ્રીગોવર્ધનધરકી લીલા એસી હે "લીલા લાલ ગોવર્ધનધરકી" સો કોઈ બાલકમેં વિદ્યા તથા વિદ્યાધ્યયન કી; તથા સેવા વિષે શિથિલતા દીસે હે... સોં તાસોં કલિયુગકો સંમાન રાખ્યો હે. ઔર શ્રીમદાચાર્યકી કહા ઈચ્છા હે સો જાની નહીં પરત હે. જો અભી હમારે કૃત્ય દેખતે તો એક દિના હૂં ન નિભતી. જો નિત્ય નેમ હે સો નિત્ય ગપોડા મારે હેં— જો નિત્ય ચેન ઉડાવે હેં. સો યે હમારે ચરિત્ર હેં, સો પલંગડીવારે હેં સો પાર લગાવેંગે...અપને મતકે ગ્રંથ બહોત હેં જો વાદ તથા પાઠ કે. બડેનને કાહુ બાતકી કસર નાહી રાખી હે. સો અત્યન્ત પરિશ્રમ કરકે સંગ્રહ કિયો હે. પરિ લોગનકી બડી કસર હે સો વાસોં અહર્નિશ ચિન્તા રહિ આવે હે.

(કાંકરોલીવારે શ્રીગિરિધરલાલજીકે વચનામૃત: ૩૦).

(૨)

વિદ્યાવરેષુ બલિના કલિના વિલીના<br>
હીનાદરેષુ હરિભક્તિવિધૌ નવીના।<br>
પ્રાયેણ પદ્ધતિરુદેતિ મુદેડતિગાનાં<br>
લેખાસ્તતો ગતજનેષુ વનેષુ ખેદાઃ॥

(મારુતશક્તિની પ્રસ્તાવનામાં ભા.મા.શ્રીગટ્ટુલાલજી).

ભાવાર્થ: હાલમાં બળવાન કલિયુગને કારણે ગોસ્વામી બાળકોમાં વિદ્યાભ્યાસની પ્રણાલિકા ખતમ થઈ ગઈ છે. સ્વમાર્ગની પ્રણાલિકાનું અતિક્રમણ કે ઉલંઘન કરનારાઓને ખુશ કરનારી નવી-નવી ભગવદ્ભજનની પ્રણાલિકાઓ શરૂ થઈ રહી છે. આવા સંજોગોમાં શ્રીમહાપ્રભુ વિગેરે પૂર્વાચાર્યોના લખાણો તો અરણ્યરૂદન જેવા બની ગયા છે (એટલે કોઈ સાંભળવા કે અનુસરવા તૈયાર નથી).



આ બન્ને મહાનુભાવોને પણ ૧૦૦ થી ઉપર વર્ષો વીત્યા છે, તેઓ તે વખતના પુષ્ટિમાર્ગમાં પેસેલા સડાથી કેટલા બધા પીડિત થઈને આવું કરુણ ક્રન્દન પ્રકટ કરી રહ્યા છે! એટલે શ્યામુબાવા એન્ડ કંપની જો સિદ્ધાંત અને પ્રણાલિકા ની સાચી સમજ ધરાવવાનો એકલવાયો દાવો કરે તો તેના કરતા પાખંડનું ઉદાહરણ બીજુ કયું હોઈ શકે ?

મારા મને તો 'શ્યામુબાવા એન્ડ કંપની' જેવી કોઈ કંપની છેજ નહિ. અને હકીકતમાં તો કંપની એક નહીં બલ્કે બે છે: એક તેઓની કે જેઓ વાલ્લભ સંપ્રદાયના હિતશત્રુઓ છે. આ લોકોએ અગાઉમાં વાલ્લભ સંપ્રદાયનો ઉચ્છેદ કરવામાટે સહુથી પહેલા શ્રીવલ્લભના નાદાન વંશજોને પોતાના શિકાર બનાવ્યા. આચાર્યવચનોને ઉથાપીને માર્ગની

સાચી પ્રણાલિકાનો ઉચ્છેદ કરવામાટે તેમને 'પુરુષોત્તમ' કહી-કહીને કે પંપાળી-પંપાળીને શ્રીવલ્લભનાજ નાદાન બાળકોને શિકાર બનાવી વિદ્યાભ્યાસ અને સ્વધર્માગ્રહ વિહોણા, અર્થાત્ બધી રીતે અયોગ્ય બનાવી દીધા. તેમને ઐયાશીના કાંદવમાં ગલાડૂબ પાડા જેવા પડેલા રાખી— સંપૂર્ણ પાડાબુદ્ધિ બનાવીને, હળવેથી અપસિદ્ધાંતના કાદવના ઊંડા ખાડામાં ઉતારી દીધાં છે. 'ગોસ્વામી-બાળક'નો અર્થ બગડી-બગડીને વાછરડો થયો હોત તો ક્યારેક સુધરવાનો આરો આવી જાત, પરન્તુ આજે તે દેવલકતાની ગંદકીના કાદવમાં ગલાડૂબ મોજ માણનારો 'પરંપરાવાદી'પાડો બની ગયો છે! એવો કે તેમાંથી બહાર આવવા પોતે તૈયાર નથી! આ પાડાબુદ્ધિ દેવલકોએ પેંડા-બરફી-રબડી-મલાઈના ચટોકડાઓની એક બીજી કંપની એવી ઊભી કરી છે કે ધર્મવાણીના સ્વામી ગોસ્વામી બનવાની વાત તો જવા દઈએ, ફકત દેવલકતાના કાદવના ખાબોચિયામાં પડેલા, પાડામાંથી કોઈક વાછરડો બનવા પણ બહાર આવા માંગતો હોય તો તેને આ બીજી કંપની બહાર આવવા દેતી નથી!

આમ કંપની તો પુષ્ટિમાર્ગમાં આજે બેજ છે: એક રેડીમેડ ધર્મના પાડાબુદ્ધિ વિક્રેતાઓની અને બીજી આવા વિક્રેતાઓને પાળી-પોષી-પંપાળીને ઉછેરનારા રેડીમેડ ધર્મના ગ્રાહકોની!

પુષ્ટિમાર્ગની આ નવી વિકૃત પ્રણાલિકાના પક્ષપાતી પ્રવચનકારો નિષેધ્યકોટીમાં વપરાયેલ દ્વિવચન— "ઉક્તસેવા-સાધને ઈતરે ઈત્યાહુઃ 'તદ્'ઈતિ" (સિ. મુ. વિ. ૨) ઉપર ભાર આપે છે પરંતુ "એતાદૃશૌ તે તત્સાધિકે ન ઈતિ અભિપ્રાયજ્ઞાપકં સમસ્તં પદમ્" (સિ.મુ.વિ.૨) માં વપરાયેલ એકવચન+ ની સામે આંખ આડા કાન કરવા માગે છે.

+આ બાબતમાં પુષ્ટિસિદ્ધાંત ચર્ચાસભા(પારલે-મુંબઈ: જાનેવરી ૧૦-૧૩,૯૨)માં ધંધાકીય જાહેર મંદિરોની વિકૃત પ્રણાલિના સમર્થકોના પ્રતિનિધિ-વકીલરૂપે ભાગ લેનાર ચિ. હરિરાયજીએ કરેલી રજુઆતને 'પુ.સિ.સં.શિ.' તરીકે નવાજવાને



આ સંદર્ભમાં ઉલ્લેખનીય છે કે પ્રથમ/૩ ગૃહ: મુંબઈ (શ્રીલાલજી)ના શ્રીનૃસિંહલાલજી (વિ.સ.૧૯૦૨) પણ સિદ્ધાંતમુક્તાવલીની વ્રજભાષા ટીકામાં સ્પષ્ટતા કરે છે:—

> યહાં 'તનુજાવિત્તજા' એસે ભિન્ન-ભિન્ન પદ નહીં કહેતે 'તનુ-વિત્ત-જા' એસે સમસ્ત પદ કહ્યો હે, તાકો અભિપ્રાય એસો જો અન્યકૂં મૂલ્યરૂપ ધન દેકે સેવા કરાવે તો વિત્તજા સેવા ભઈ પરંતુ તા કરિકે રાજસ આય જાય, સોં માનસી સેવા સિદ્ધ ન હોય. ઓર મૂલ્યરૂપ ધન લેકે જો શરીરસૂં સેવા કરે સો તનુજા સેવા ભઈ પરંતુ સોહૂ માનસી સેવા કોં સિદ્ધ નહીં કરે. જેસે યજ્ઞમેં જીતને બ્રાહ્મણનકો વરણ હોય તિનકો યજ્ઞકો ફલ નહીં હોય હે, એસે હી મૂલ્ય લેકે સેવા કરે તાકોં તનુજા સેવાકો ફલ સિદ્ધ ન હોય. તાસો ભગવાનૂમેં નિષ્કામ સ્નેહ હોય ઓર શરીરસૂં તથા ધનસૂં સંગ હી જો સેવા કરે તાકો માનસી સિદ્ધ હોય. (સિ.મુ.વ્ર.ભા.ટીકા ૨).

જો શ્યામુબાવા ઍંડ કં.નો શ્રીમહાપ્રભુના સિદ્ધાંતવચનોને કહેવાનો ઠેકો હોત તો શામાટે શ્રીનૃસિંહલાલજી મહારાજે સો વર્ષ અગાઉ આ ટીકા લખી હોત?

સિદ્ધાંતો કહેવાનો ઠેકો શ્યામુબાવા ઍંડ કં.નો હોત તો શ્રીનૃસિંહલાલજી મહારાજ આ વિધાનો કેવી રીતે કરી શકે— "લૌકિક અર્થકી ઈચ્છા રાખી કે જો ભગવદ્ભજનમેં પ્રવૃત્ત હોય સો સર્વથા કલેશ પાવે હે. ઈતને કછૂ લાભકેલિયે પૂજાદિમેં પ્રવૃત્ત હોય સો તો 'પાખંડી' ઓર 'દેવલક' કહ્યો જાય"(સિ.મુ.વ્ર.ભા.ટી.). "ઓર પુષ્ટિમાર્ગીય સાધનમેં મુખ્ય: સેવા, સો ભજનાનુકૂલ ગૃહમેં રહે બિના, હોય સકે નહિ, તાસૂં મૂલમેં ગૃહમેં રહિવેકો કહ્યો હે" (ભ.વ.વ્ર.ભા.ટી.).

કારણે માથાઉપર આવી પડેલી જિમ્મેવારીથી છટકવામાટે લખવામાં આવેલ 'વિમર્શ' ગ્રંથમાં જે કાંઈ વધારે નિરૂપણ કે ઉપપત્તિ રજૂ કરવામાં આવી છે, તેનું નિરાકરણ મેં વિશોધનિકા ભાગ ૧-૨ માં કર્યુંજ છે (ગો.શ્યા.મ.).

જો શ્યામુબાવા એન્ડ કંપનીએ શ્રીમહાપ્રભુના વચનને સમજવા—કહેવાનો ઠેકો લઈ રાખ્યો હોત તો ૧૦૦ વર્ષ અગાઉ ભૂતલઉપર બિરાજમાન શ્રીલાલજીના ઘરના શ્રીનૃસિંહલાલજી ગૃહસેવા અને તનુવિત્તજસેવાને સ્વસિદ્ધાંતરૂપે કેવી રીતે વર્ણવી શક્યા હોત ?

પ્રથમ/૪ : અમરેલી ઘરના શ્રીપુરુષોત્તમજીના પુત્ર શ્રીવાગીશલાલજી ઉર્ફે શ્રીવાગધીશલાલજી મહારાજશ્રીના જમાનામાં ગાયકવાડના વડોદરા રાજ્યના દેવસ્થાન-વિભાગ અને શ્રીમહારાજશ્રી વચ્ચે "અમરેલી હવેલી સાર્વજનિક દેવાલય છે કે મહારાજશ્રીનું અંગત ઘર" એ બાબતમાં વિવાદ ઈ.સ. ૧૯૦૯-૧૦માં થયો હતો. આ વિવાદનો ચુકાદો મહારાજશ્રીની તરફેણમાં તે વખતે આવ્યો હતો, તેમાંથી અચૂક નોંધવા જેવા ઉતારાઓ રજૂ કરૂં છું :—

(૧)પ્રતિષ્ઠામયુખ આદિ ગ્રન્થો મેં જોયા છે, તેમાં એવું લખ્યું છે કે દેવનેમાટે ખાસ જુદો પ્રાસાદ(મંદિર) બંધાય અને દેવના બાર મહિનાના ખરચ સારૂ જુદી મિલ્કત આવે અને તેમાંથી દેવનો ખરચ ચાલે. તે મિલ્કત બ્રાહ્મણથી લેવાય નહિ. જો લે તો તે સર્વકર્મથી ભ્રષ્ટ થાય અને 'દેવલક' કહેવાય (ફેર તપાસમાં) દેવને કોઈ ભેટ આપે તો મહારાજ (પુષ્ટિમાર્ગીય ગોસ્વામી બાલક) લે નહિ. વાદી (શ્રીવાગધીશલાલજી) ના દાદા, એટલે બાપના બાપ, શ્રીવિઠ્ઠલરાયજી ઉર્ફે વિઠ્ઠલેશજી મુંબઈમાં બિરાજતા હતા, તેઓ સારા વિદ્વાન્ હોવાથી હું હંમેશા તેમની પાસે જતો. તે વખતે એક વૈષ્ણવ આવ્યો હતો, તેણે કહ્યું કે મારા પિતા આપના પિતા લાલમણિજીના સેવક હતા, તે મરતી વખતે મને રૂ.૮૦૦૦/- આઠ હજાર (તે જમાનાના, આજના નહિ!) આપના ઠાકોરજીના નેગમાટે કાઢી આપને આપવા કહી ગયેલા છે, માટે તે સ્વીકારો. ત્યારે વિઠ્ઠલેશજીએ જવાબ આપ્યો કે ઠાકોરજી (એટલે કે તેમના સેવ્યસ્વરૂપ હાલમાં મજીઠીયાનગર કાંદીવલીમાં બિરાજતા ઠાકોરજી) ને અને તમારા પિતાને કે તમને કંઈ સંબંધ નથી. ઠાકોરજી અમારા છે, માટે અમે એ નહિ રાખીએ...

તા.૨૮-૧૨-૧૦ : શાસ્ત્રી છગનલાલ અમરજી દ: પોતે.



આ જુબાની તે વખતના સ્વમાર્ગના પ્રસિદ્ધ વિદ્વાન્ શાસ્ત્રી છગનલાલજીએ તે મહારાજશ્રીના સાહેદ તરીકે ગાયકવાડી રાજ્યના ન્યાયાલયમાં આપી હતી. આથી માર્ગની ચાલુ પ્રણાલિકા કેટલી જુની છે તેની પોલ ઉઘાડી પડી જાય છે, તે સિવાય તે જમાનામાં મહારાજશ્રીઓ પોતે ન્યાયાલયમાં હાજર ન્હોતા થતા, તેથી તેમના કુલમુખત્યાર અમરેલીવાળા પ. ભ. શ્રીજમનાદાસ મોનજી કપોળ વાણીયાએ મહારાજશ્રીવતી આપેલી જુબાની તો સુવર્ણાક્ષરે મઢાવી રાખવા જેવી છે—

(૨)વાદી (શ્રીવાગધીશલાલજી) ને અમરેલી સિવાય બીજા ગામોમાંથી લાગા મળે છે. પાલીતાણા રાજ્ય તરફથી મહારાજને દર સાંતીડે રૂ. ૧/- અપાયો છે. તે પ્રમાણે દરેક સાલ રૂ.૪૯૨/- પાલીતાણાના રાજા તરફથી આવે છે મહારાજ પણ કોઈવાર પાલીતાણાના રાજાના આમંત્રણથી પધારે છે. ત્યાં પધરાવીને રાજા ભેટ કરે છે. મહિનો-પંદર દહાડા રાખે છે—મોટી રકમ ભેટ કરે... (આના પછી દ્વારકા, લુણકી, ભાવનગર, કોડીનાર વિગેરે સ્થાનોની પ્રજા કે રાજા તરફથી થતી મોટી રકમોની આમદનીની વિગત છે). આ બધી ભેટ તથા લાગાની માલીકી મહારાજની છે. ઠાકોરજી વાદીના છે. મહારાજને જે આવક વૈષ્ણવો વગેરેમાંથી આવે તેમાંથી ઘર ખરચ તરીકે ઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. ઠાકોરજીમાટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી મહારાજ ખરચ ચલાવતા નથી. ઠાકોરજીના વૈભવનો, ભોગનો, આભૂષણ-વસ્ત્ર

વિગેરેનો ખરચો મહારાજ કરે છે. પોતાની આવકઉપર એ સરવે ખરચ કરે છે... કોઈ,પણ વૈષ્ણવ તિબારીની અંદર જઈ શકે નહિ. તેમજ ઠાકોરજીના ચરણસ્પર્શ કરી શકે નહિ... કે તેને ભેટ ધરી શકે નહિ... મહારાજના ઠાકોરજી તે આપણને શેના અડવા દે! મહારાજને પોતાને સેવા કરવાના ઠાકોરજી તેથી બીજાને અડવા દે નહિ... મહારાજને ઘેર પધરાવીને કે પ્રસંગોપાત્ત મહારાજની પાસે મંદિરમાં જઈને ભેટ ધરી શકાય છે, ઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી. ઠાકોરજીની સન્મુખ મહારાજ ( પોતે ) ભેટ ધરે જન્માષ્ટમી, પવિત્રા એકાદશી દીવાલી એ ટાણે તથા મહારાજ પરદેશ પધારે કે પરદેશથી પાછા આવે ત્યારે ઠાકોરજીને ભેટ ધરે છે. તે ભેટ ઠાકોરજીના નામપર જમે થાય અને મહારાજ જ્યારે શ્રીનાથદ્વારા પધારે ત્યારે ત્યાં તે રકમનો દાગીનો કરાવીને લઈ જાય અગર રોકડ રૂપિયા આપે કે વસ્ત્ર કરાવે. શ્રીનાથજી પોતેજ પોતાની ભેટ લે છે અને પોતાની મિલ્કત ધારણ કરે છે અને તે 'દેવમંદિર' કહેવાય છે, તેથી ઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે, મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ...

તા.૩/૧/૧૧ : જમનાદાસજી મોનજી દ.પોતે

શ્રીનાથજીના સેવાસ્થલને જે 'દેવમંદિર' અહિંયાં કહેવામાં આવ્યું છે તેનો પણ ખુલાસો તે વખતના સ્વસંપ્રદાયના અગ્રણી વૈષ્ણવ, વૈષ્ણવ પરિષદ્‌ના વાઈસ પ્રેસીડેન્ટ, પાલીતાણા રાજ્યના મુખ્યમંત્રી પ.ભ. શ્રીરણછોડદાસ પટવારી બી.એ., એલ,એલ.બી. ની જુબાનીમાંથી મળી આવે છે—

( ૩ )હવેલીમાં બિરાજતા ઠાકોરજી મહારાજશ્રીના (Family God) તરીકે ગણાય અને ખાનગી ગૃહસ્થની હવેલી હોય તો તેના કુટુંબના ઠાકોરજી ગણાય... આ સંપ્રદાયના મહારાજો ગૃહસ્થાશ્રમી છે.



વારસાના નિયમો સાધારણ હિન્દુઓમાં હોય છે, તેજ પ્રમાણે તેમનામાં છે, વારસામાં ઠાકોરજી પણ મિલ્કત તરીકે આવે છે. ઠાકોરજીઉપરનો મહારાજોનો હક્ક વૈષ્ણવો કદી કોઈપણ સંજોગોમાં છીનવી શકે નહિ, કેમકે વંશપરંપરાથી હક્ક પ્રાપ્ત થયેલો છે... હવેલીને અમે ઘરજ માનીયે છીએ. ખાનગી ગૃહસ્થનું નાનું ઘર હોય મહારાજનું મોટું ઘર કે હવેલી હોય છે. (સેવામાં) તોટો પુરો કરવા સારૂ સેવકો પાસેથી ભેટ લેવામાં આવતી નથી, સેવકની મરજીઉપર છે. ભેટ માગવી અગર તો આપવી એ એક-બીજાની ( સ્વસિદ્ધાંત ન પાલવાની ) મરજીઉપર છે. (મહારાજ) ભેટ માગે તો પણ વૈષ્ણવ કહી શકે છે કે આપનું મંદિર છે, માટે આપ પુરૂં કરો. સેવકોઉપર બંધન નથી. મહારાજે મોટું મન રાખી પોતાની બીજી ઉપજમાંથી ઠાકોરજીનો ખરચો પુરો કરવો જોઈએ. પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક દેવળ છેજ નહિ. શ્રીનાથજીનું મંદિર 'સાર્વજનિક' કહેવાય નહિ, એટલે કે બધા લોકોનો તેમાં હક્ક છે, એમ નહિ કહી શકાય, પણ શ્રીગુસાંઈજીના સાત લાલજીના વંશજોનો તેમાં હક્ક છે, એટલે આ સાત ઘરનાં વંશજોનું એ સામાન્ય મંદિર છે. એ ઠાકોરજીની સેવા કરવાનો હક્ક એ સાતે ઘરના વંશજોનો છે અને તે-જ કારણથી શ્રીનાથજીને ટીકાયત મહારાજના (Family God) તરીકે ગણતા નથી (શ્રીનવનીતપ્રિયાજી જ્યારે કે ટીકાયતના Family God છે).

તા. ૧૭/૪/૧૧ : આર. વી. પટવારી

આ બધી જુબાનીઓમાં કાંઉસમાંના શબ્દો સંદર્ભનો ખુલાસો આપવા મેં મૂક્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો દરેકે-દરેક બ્રહ્મસંબંધી ગોસ્વામી કે વૈષ્ણવ ના પોતાના ઘરમાં પોતાના દ્રવ્યથી પોતાના પારિવારિક સભ્યોના પરસ્પર

સહયોગથી સેવ્ય જુદા-જુદા ઠાકોરજી હોવા જોઈએ. ભગવત્સેવા તો કોઈનો પણ નોકરી કે ધંધો બની શકતી નથી; અને તેના વિના જાહેર મંદિર ચલાવી શકાતા નથી. શ્રીનાથજી જો કે કોઈપણ એક ગોસ્વામીના ખાનગી ઠાકોરજી ન્હોતા છતાંય બધાજ ગોસ્વામી બાળકોના અવિભક્ત સ્વત્વવાલા એક સેવ્યસ્વરૂપ છે. તેથી દેવમંદિરની મર્યાદામાં બિરાજતા હોવા છતાંય સ્વસિદ્ધાંત અને સ્વમાર્ગીય સાચી પ્રણાલિકામુજબ તે મંદિર પણ અંતે સાર્વજનિક મંદિર ના હોઈ H.U.F.નું દેવમંદિર હતું.

અલબત્ત આ બધી જુબાનિઓ સાક્ષી પૂરે છે કે વિકૃત પ્રણાલિકા આપણા માર્ગમાં પગપેસારો કરી રહી હતી ત્યારે પણ સાવધાનીથી તેની નિંદા કરનાર લોકો હતાજ; આજે પરંતુ ... આથી સિદ્ધ થાય છે કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોનું બલિદાન ખોટી વિકૃત પ્રણાલિકાની બલિવેદીઉપર ચઢાવવાનો ઠેકો કોઈક લોકોએ અવશ્ય લીધો છે. તેથી ખોટી પ્રણાલિકાને નામે શ્રીમહાપ્રભુના સિદ્ધાંતોના બલિદાનનો વિરોધ કરતા, તે ઠેકેદારોની કમાઈની કામના અપૂર્ણ રહી જવાની તેઓને બીક લાગતી હોય છે.

બીજા કેટલાક લોકો કહે છે કે "શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત દરેકે-દરેક પુષ્ટિમાર્ગીયે સંપૂર્ણપણે માન્ય રાખવા જોઈએ અને અમને માન્ય છેજ, પરંતુ શ્યામુબાવા જેવું એનું અર્થઘટન કરે છે તે અમને માન્ય નથી".

આ તબક્કે મારે ખુલાસો આપવો રહ્યો કે હું વ્યાખ્યા કરતા પહેલા તે-તે વચનોનો અનુવાદ આપતો હોઉં છું, તેમજ આ મહાનુભાવોએ પણ ઉલ્લિખિત વચનોનો શુદ્ધ અનુવાદ આપી પોતાની અભિપ્રેત વ્યાખ્યા શી છે તે પ્રકાશિત કરવી જોઈએ. નહિ તો પોતાની વ્યાખ્યા નોખી છે છતાંય વચનોના અનુવાદપૂર્વક પોતાની વ્યાખ્યાને પ્રકટ કરવામાં તેમને કોની બીક લાગી રહી છે, તેનો ખુલાસો પણ આપવો જોઈએ.

શું કાંઈક કાનુની, સામાજિક કે આર્થિક અડચણોને



કારણે પ્રકટ નથી કરી શકતા? તો તેનો ઉપાય સિદ્ધાંતની સાચી વ્યાખ્યાને છુપાવવાથી નહિજ નીકળે. અલબત્ત શુદ્ધ હૃદયથી સાચી વ્યાખ્યાને પ્રકટ કરી પોતાની કાનૂની, સામાજિક કે આર્થિક વિવશતાને કબૂલી લેતા તેનો ઉપાય કદાચ મળી શકે છે. એટલે કે કાનૂની આંટીઘૂંટીનો તેમજ સામાજિક કે આર્થિક અડચણોને દૂર કરવાનો પણ ઉપાય મળી શકે છે.

જેઓના મંદિર ટ્રસ્ટમાં બે-ચાર ટ્રસ્ટી જનતામાંથી ઘુસી ગયા હોય તેઓ જેમ બિલાડીથી ઉંદરડો બીએ, તેમ ટ્રસ્ટીઓથી બી જતા હોય છે! આથી વિપરીત ચોવીસ ગામના ટ્રસ્ટીઓની સમિતિને સાચા સિદ્ધાંત સમજાવી હાલમાં, ચતુર્થ ગૃહાધિપતિ ગો. શ્રીસુરેશબાવા (ગોકુલ) એ ઘણી બધી અપસિદ્ધાંતજન્ય વિકૃતિઓને ગોકુલમાં અને ગુજરાતના પણ અમુક ગામડાઓમાં પણ સુધરાવી છે. નિ:સંદેહ તેઓએ જેવા સિદ્ધાંતશુદ્ધ સુધારાઓ રજૂ કરાવ્યા છે, તે પુષ્ટિમાર્ગના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખવા જેવો વિક્રમ છે! શ્રીગોકુલનાથજીના કૃપાબલથી ચતુર્થ સૃષ્ટિમાં સ્વસિદ્ધાંતના પુનરંકુરિત થવાનો અણસાર હવે મળવા માંડ્યો છે. શ્રીમહાપ્રભુ તેમને આ સંઘર્ષમાં સંપૂર્ણ સાનુકૂલતા પ્રદાન કરે!

એટલે વસ્તુતઃ તો દરેક પુષ્ટિમાર્ગીની કૃતિ શ્રીમહાપ્રભુ શ્રીપ્રભુચરણ પ્રભૃતિ પૂર્વાચાર્યોના મત અને ઉપદેશ પ્રમાણેજ હોવી જોઈએ; પરંતુ જ્યારે પુષ્ટિમાર્ગીયો પોતેજ શ્રીમહાપ્રભુના મત અને ઉપદેશ ને સીધી કે આડકતરી રીતે પડકારવા માંડે છે, ત્યારે વિગ્રહ અપરિહાર્ય બની જાય છે. તે છતાંય અમે તો શાંતિપૂર્ણ અસહયોગાત્મક વિગ્રહજ કરવા માંગીએ છીએ. તેથીજ કહીએ છીએ કે ધંધાકીય નિત્ય-સેવા, ભંડોળી મનોરથોની ઝાંખીઓ તથા ભંડોળી ભાગવત કથાઓમાં શારીરિક, આર્થિક કે બીજી કોઈપણ રીતે સહયોગ આપવો જોઈએ નહિ. આ શાન્તિપૂર્ણ લડત આપ્યા સિવાય પુષ્ટિમાર્ગના હિતશત્રુઓએ રચેલ કાવત્રાના શિકાર બનેલા લોકોની આંખો

ઉઘડશેજ નહિ. જો એક વખત અમુક ટકાવારીમાં પણ શ્રીમહાપ્રભુના દિવ્ય સિદ્ધાંતને ફરીથી જનમાન્યતા મળી જશે તો શ્રીમહાપ્રભુના સિદ્ધાંતનો ઝંડો કદાચ બીજી કોઈપણ વ્યક્તિ કરતાં આવી જનમાન્ય રહેવા માંગતી વ્યક્તિઓ પોતેજ વધારેને વધારે ઊંચી ફરકાવવા લાગી જશે! કેમકે જેઓને જનમાન્યતાનું મહત્ત્વ સિદ્ધાંત કરતાં વધારે છે, તેઓ સિદ્ધાંતને જનમાન્યતા પ્રાપ્ત થતાં વધારે કટ્ટર સિદ્ધાંતવાદી બની જશે!! આથી સિદ્ધ થાય છે કે અમારો વિરોધ કોઈપણ બાળક સાથે નથીજ, બલ્કે ગોસ્વામી બાલકોને અધર્મ અને અજ્ઞાન ના ખાડામાં ગોંધી રાખવાના નિષ્ઠુર કાવત્રા સાથે અમારો સખત વિરોધ છે. આ કાવત્રાઓ સ્વમાર્ગના હિતશત્રુઓએ ૧૫૦-૨૦૦ વર્ષ અગાઉ ઘડેલાં હતાં અને તેમાં આજે આપણે પૂરેપૂરી રીતે સંડોવાઈ ગયા છીએ.

તેથી અમે સ્પષ્ટપણે કહેવા માંગીએ છીએ કે દરેક ગામમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં સ્વતનુવિત્તજા સેવાને સ્વગૃહમાં કરવાનો શુદ્ધ ધર્માગ્રહ પુન: જાગૃત કરવોજ જોઈએ. જેઓ સિદ્ધાંતશુદ્ધ પ્રકારે પોતાના ઘરમાં પોતે ભગવત્સેવા કરવા સમર્થ ન હોય તેમનામાટે ક્યાંક એકત્ર થઈ સત્સંગ કરી શકે એટલે કે સ્વસિદ્ધાંત, ભગવન્નામ અને ભગવલ્લીલા નું અનુસંધાન કરી શકે તેવા સત્સંગ-ભવનોની હારમાળા ઊભી કરવી જોઈએ. એમાં વ્યાપારિક ધોરણે સત્સંગ કરાવનારાઓ પેસી ન જાય તેવો અંકુશ તેનાઉપર રાખવો જોઈએ. જાહેર મંદિરો પબ્લિક ટ્રસ્ટ બની જવાથી કાનૂની રીતે, તરત જો બંધ ન થઈ શકતા હોય તો, ધીમે-ધીમે લોકોને સ્વસિદ્ધાંતના શુદ્ધ ઉપદેશદ્વારા આ વિકૃતિના ઉત્તેજક બનતા અટકાવવા જોઈએ. આમ કરવાથી પોતાની મેળેજ આ વિકૃતિ આપણા માર્ગમાં નહિવત્ બનીને આપણા માર્ગને ફરીથી નિષ્કલંક બનાવી દેશે.



## પ્રશ્ન ( ૯ =૧૦ નો અવશિષ્ટાંશ )

**(૯/ક)બીજું મંદિર બનાવવાની વાત ગેરવ્યાજબી હોઈ શકે પરન્તુ ગામમાં તો એકેય મંદિર નથી, આ આપણું એક દુર્ભાગ્ય નથી?**

**(૯/ખ)ઉમરેઠ ફલોદી વિગેરે ગોમોમાં તે-તે બાવાશ્રીઓએ તે-તે મંદિરોમાટે સ્વરૂપ પુષ્ટ કરી પધરાવી આપ્યા છે.**

## ઉત્તર ( ૯ =૧૦ )

(૯/ક)જાહેર મંદિરો પુષ્ટિમાર્ગીય ભાવનાના મૃત્યુઘંટ સમાન હોય છે. કોઈ પણ ગામમાં, તેથી, પુષ્ટિમાર્ગીય ભાવનાનો એકેય મૃત્યુઘંટ વાગવો જોઈએ નહિ. તેથી જે ગામમાં એકથી વધારે જાહેર પુષ્ટિમાર્ગીય મંદિરો છે, તેની ભયંકરતાનો તો ખ્યાલ આવતા પણ દરેક પુષ્ટિજીવને ધ્રુજારી છૂટવી જોઈએ. તેથી જે ગામમાં મૃત્યુઘંટ વાગી નથી રહ્યો તે ગામના વૈષ્ણવોનું એવું દુર્ભાગ્ય કદાપિ ભવિષ્યમાં ન થાય તેવી શુભેચ્છાઓ! ભલેને પછી તે હિમ્મતનગર હોય કે નાહિમ્મતનગર હોય.

(૯/ખ)જાહેર મંદિરો પુષ્ટિભાવના મૃત્યુનો એલાન કરનાર મૃત્યુઘંટ સમા છે. ઉમરેઠ કે ફલોદી નગરમાં પહેલા આ મૃત્યુઘંટો વાગતા ન્હોતા કે જીર્ણ-શીર્ણ વાગતા હતા તેમને ફરીથી કે નવેસરથી વગાડવાનો સિદ્ધાંતશુદ્ધ હેતુ ક્યો હોઈ શકે તે તો વગાડનારાઓની સમક્ષ શ્રીમહાપ્રભુના વચનોની રજુઆત કરી સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. આપણને તો મૃત્યુઘંટોના નાબુદ થવાની શુભેચ્છાજ રાખવાનો ફક્ત અધિકાર છે.

## પ્રશ્ન ( ૧૦=૧૧+૧૨ના સારાંશો )

**(૧૦/ક)સત્સંગ એટલે શ્રીઠાકોરજીમાં મન પરોવવાનો પ્રયાસ પરંતુ પરોવાયેલા મનથી શ્રીઠાકોરજીને સન્મુખ કીર્તન ગાવાનું રુચે આ આવશ્યકતા સત્સંગ-હૉલથી સરતી નથી.**

**(૧૦/ખ)મંદિરો વહેતી ગંગા જેવા પવિત્ર છે. તેમાં લોકોને ગંદકી નાંખતા અટકાવવા જોઈએ પરંતુ તેથી ગંગાની વંદનીયતા કે પ્રવાહનો વિરોધ યોગ્ય ન ગણાય.**

ઉત્તર (૧૦=૧૧+૧૨)

(૧૦/ક)સન્મુખ કીર્તનમાં જે આનંદ મળે છે તે તો એક હકીકત છે; પણ પોતાના ઘરમાં બિરાજમાન શ્રીઠાકોરજીના સન્મુખ મધુર સ્વરોમાં કીર્તન ગાવાનો દિવ્ય આનંદ અને જાહેર મંદિરોમાં થતાં ઝાંઝિયા ઘોંઘાટની રસાકશીમાં મળતાં વિકૃત આનંદની સરખામણી કરવી હોય તો એટલુંજ કહી શકાય છે કે "વન્ધ્યા શું જાણે પ્રસવની પીડ?"

(૧૦/ખ)મંદિરો વહેતી ગંગા હોત તો શામાટે મંદિરોથી સંકળાયેલા માણસોમાં ભક્તિભાવ વધવાને ઠેકાણે દરેકે-દરેક; સેવા, ઝાંકી અને પ્રસાદના નાણાંકીય ભાવતાલની વિકૃતિઓ પગપેસારો કરી શકી હોત! જે હોસ્પિટલ ડૉક્ટરનેજ માંદા કરી નાખતી હોય તેમાં દરદિઓ સાજા થશે, તે કેમ માની શકાય? હકીકતમાં તો ભગવન્નામ કે ભગવલ્લીલા નો ધંધાકીય કે ભંડોળી ઉપયોગ કરનારાઓની સરખામણી શ્રીમહાપ્રભુજીએ તો ગટરના ગંદકી ભરેલા ખાબોચિયા સાથે કરી છે—"જલાર્થમેવ ગર્તાસ્તુ નીચાઃ ગાનોપજીવિનઃ" (જલભેદ). જો આટલી સૂગ આપશ્રીને ભગવન્નામ કે ભગવલ્લીલા નો ભંડોળી ઉપયોગ કરવાની બાબતમાં છે



તો સાક્ષાત્ ભગવત્સ્વરૂપની નિત્યસેવા કે મનારથોની ઝાંકિઓ અથવા પ્રસાદના ક્રય-વિક્રય કરનારી પ્રણાલિકાનેમાટે તો 'ગંગા' પદ વાપરવો પણ શ્રીગંગાજીનો અનાદરજ લાગે છે. જો પોતે ગંદી નાલી હોય તેમાં ગંદકી નાખતા કોઈને અટકાવવામાં આવતું હોય કે ન આવતું હોય તેનાથી ગંદી નાલીની અપવિત્રતામાં કોઈ જાતનો ફરક પડતો નથી. તે છતાંય જે શહેરમાં સુધરાઈ ખાતું વ્યવસ્થિત હોય છે, ત્યાં તો ગંદી નાલીઓની પણ વ્યવસ્થા સારી હોઈ શકે. તેમજ મારો એક અભિપ્રાય વર્ષોથી રહ્યો છે અને રહેશે કે આપણે પુષ્ટિમાર્ગીયો પુષ્ટિપ્રભુની સેવાને સ્વધર્મ તરીકે તો સરખી નભાવી શક્યા નથી. આપણી બુદ્ધિની, પરંતુ, આ એક ઐતિહાસિક વિટંબણાજ છે કે ધમધોકાર ધંધાકીય ઉપયોગ કરવા છતાંય, પરલોકને જવા દો—ઈહલોકને સુધારવામાંય આપણે સફલ થઈ શક્યા નથી.

જેને 'કમર્શિઅલ ડીસેંસી' કહેવામાં આવે છે તે પણ આપણે તો જાળવી શક્યા નથી. પ્રસાદ ખવડાવનારી સારી-સારી લગ્ઝરીવાળી રેસ્ટોરાં આપણે ખોલી શક્યા નથી. આપણા પ્રસાદમાં કે મંદિરોમાં તેવી આધુનિક સ્વચ્છતા-સુઘડતા કે આકર્ષકતા લાવી શક્યા નથી. આપણા ધંધાકીય મંદિરો અને તેવા મંદિરોમાં ભોગ ધરાતી સામગ્રી, ગંદકી, ભીડભાડ ભરેલી અવ્યવસ્થા અને અસ્વચ્છતા માટે જગજાહેર છે. તેની સરખામણીમાં નવા બંધાયેલા હરેકૃષ્ણના મંદિરોમાં જળવાતી સ્વચ્છતા, સુઘડતા, સુવ્યવસ્થાના આકર્ષણોથી કોણ અજાણ હોઈ શકે છે?

મોટામાં મોટું દુર્ભાગ્ય આજે, મારા હિસાબે, આ છે કે ધરમના ધંધાકીય ચક્કરમાં ફસાઈ જવાના કારણે આપણા માર્ગના કર્ણધારોને પોતાના ઘરોઉપરથી પણ માલિકી હક્કો જતા કરવા પડ્યા છે. પોતાના શિષ્યો, ના! ના!! સેવકો, જે વિનમ્રભાવે ચરણસ્પર્શ કરીને ચરણભેટ ધરતા હતા, તેઓજ આજે મહારાજશ્રીઓઉપર કોર્ટમાં

કાવા-દાવા કરી જનતાના પ્રતિનિધિ તરીકે ટ્રસ્ટી બની મહારાજશ્રીના ઘર, એમના હાથખર્ચા, તપેલીખર્ચા વિ. બધી વાતોમાં કર્તા-ધર્તા-હર્તા બની બેઠા છે. "લેને ગઈ પૂત ખો આઈ ખસમ"; અથવા તો "દુવિધામેં દોનોં ગયે માયા મિલી ન રામ" જેવી જગહૅંસાઈના પાત્ર આપણા ધર્મગુરુઓ બન્યા છે. એટલે ધરમનો ધંધો પણ, ખરેખર જોતા તો, પુષ્ટિમાર્ગીય મહારાજોને માફક કે લાભદાયક તો નીવડ્યો નથી. તેઓ પોતાના ઘરમાંજ પોતે નોકર થવાની છેલ્લી પાયરીઉપર આજે ફેંકાઈ ગયા છે! શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે—"ન કેવલમ્ ઐહિક: ક્લેશો કિન્તુ પરલોકોઽપિ નશ્યતિ." એ તો અન્તિમ નિયતિનો જુનો ક્રમ હતો—આજની મન:સ્થિતિને અનુલક્ષીને કાંઈક કહેવું હોય તો "ન કેવલં પરલોકનાશ: કિન્તુ ઐહિકોઽપિ ક્લેશો, જનતાસુ અનાદર:, આત્મગૌરવનાશશ્ચ ભવતિ" કહી શકાય છે. ખરેખર "ધર્મએવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિત: !" આ એક સનાતન સત્યજ છે.

### પ્રશ્ન ( ૧૧=૧૩ નો સારાંશ )

**મંદિરના અભાવે દર્શનસુખથી વંચિત થવાય છે તે સૂરદાસજી જેવી ઉચ્ચ કક્ષાની ભક્તિ મેળવ્યા વિના કેમ આધિદૈવિક વિકાસ સંભવશે.**

### ઉત્તર ( ૧૧=૧૩ )

સિદ્ધાન્તથી વિરુદ્ધ પ્રકારે જાહેર મંદિરમાં કરવામાં આવતા ભક્તિના ભવાડાથી ઉચ્ચકક્ષાની ભક્તિ સિદ્ધ થઈ શકતી નથી. અને થાય તો શ્રીમહાપ્રભુના સિદ્ધાંતોજ ખોટા કે અપ્રામાણિક ઠરશે.

### પ્રશ્ન ( ૧૨=૧૪ નો સારાંશ )



**( ૧૨ )ધર્મ પ્રચારના મૂળસ્રોત એવા મંદિરોની રક્ષા પૂર્વજોએ પ્રાણ આપીને પણ કરી હતી. આજે જ્યારે મંદિરનાશનો લેશમાત્ર ભય રહ્યો નથી ત્યારે મંદિરવિરોધી મનોવૃત્તિ કેવી રીતે યોગ્ય ગણાય?**

### ઉત્તર ( ૧૨=૧૪ )

મર્યાદામાર્ગમાં, કદાચ, હિન્દુમંદિરો ધર્મપ્રસારના સ્રોત હોઈ શકે છે. જાહેર મંદિરો, પરંતુ, પુષ્ટિમાર્ગમાં તો ધર્મહ્રાસનાજ કેવલ હેતુ બન્યા છે; અને તેથી તેમને ખતમ નહિ કરવામાં આવે તો આ જાહેર મંદિરો પુષ્ટિધર્મનો સમૂળ નાશ એક દિવસ કરી નાખશે, એમાં બે મત હોઈ શકતાજ નથી.

"પૂર્વજોએ પ્રાણ આપીને પણ મંદિરોની રક્ષા કર્યા હોવાનો" ઈતિહાસ આપણા મર્યાદામાર્ગીય બન્ધુઓનો પૂર્વજોના સંદર્ભમાં એક વાસ્તવિક અને અતિશય ગૌરવાસ્પદ હકીકત છે.

આ પ્રાણાહુતિની પાછળ રહેલ આપણા મર્યાદામાર્ગીય બન્ધુઓના પૂર્વજોની શાસ્ત્રીય કે સૈદ્ધાંતિક વિવશતા હતી, તેનો ખ્યાલ પરંતુ આજે કોને છે? તંત્ર-પુરાણ શાસ્ત્રોમુજબ, ચલપ્રતિષ્ઠા અને અચલપ્રતિષ્ઠા ના ભેદે, કોઈક મંદિરમાં જો દેવમૂર્તિની અચલપ્રતિષ્ઠા કરવામાં આવી હોય તો; એટલે કે નિત્ય આવાહન-વિસર્જનરહિત પ્રતિષ્ઠા કરવામાં આવી હોય તો, તેવી મૂર્તિઓનું ત્યાંથી સ્થલાન્તરણ શાસ્ત્રાનુમોદિત ન્હોતું. તેથી કહેવામાં આવતુ હતું કે:—

અસ્થાનસ્થાપિતા કાચિત્ સ્વસ્થાનપરિભ્રંશિતા।

દેવતા-દ્રવ્ય-કોપેન રાષ્ટ્રમેવ વિનશ્યતિ ॥

તેથી પ્રાણાહુતિ આપીને મંદિરોની રક્ષા કર્યા સિવાય કોઈ છૂટકોજ ન્હોતો. આથી વિપરીત પુષ્ટિમાર્ગના ઈતિહાસનું લેશમાત્ર જ્ઞાન ધરાવનારી વ્યક્તિથી આ હકીકત નજર બહાર હોઈ શકતી નથી કે આપણે આપણા તથાકથિત મંદિર કે સેવાસ્થલ કરતા હમેંશા સ્વરૂપનીજ ફક્ત મહત્તા સહુથી વધારે સ્વીકારી હતી, તેથી જ્યારે પણ કોઈક ભયજનક સ્થિતિ ઉભી થઈ જતી, ત્યારે પોતાના ધાર્મિક હક્ક કે સાહસનો લેશમાત્ર પણ દુરાગ્રહ રાખ્યા વિના, સેવ્યસ્વરૂપની સુરક્ષાના આગ્રહનેજ સર્વોપરી પ્રમુખતા આપીને, આપણા પૂર્વજોએ સ્થલાન્તરણ કરી લીધું હતું! તેથીજ સિદ્ધાંતમુક્તાવલીમાં કહેવાયું છે—"પુષ્ટિમાર્ગીયે વિશેષમાહુઃ 'અનુગ્રહ' ઈતિ. તસ્ય સ્થિતૌ ન દેશનિયમઃ કિન્તુ પ્રભુઃ અનુગ્રહ્ય યત્રૈવ સ્થાપયતિ તત્રૈવ તિષ્ઠતિ" (શ્રીપ્રભુચરણકૃત સિ. મુ.વિ. ૧૮ ). તેનાજ પરિણામરૂપે ઔરંગઝેબની તોપ કે તલવાર આપણું કાંઈ બગાડ કરી શકી ન્હોતી. બધાજ પુષ્ટિસ્વરૂપો જ્યારે-ત્યારે સ્થલાન્તરણ કરતાજ રહ્યા છે. ક્યારેય કોઈ પુષ્ટિમાર્ગીયે કોઈક મંદિરમાટે પ્રાણોત્સર્ગ કર્યાના ઈતિહાસની જાણકારી કમસેકમ મને તો મળી નથી! આજે ખરેખર તેવી ભયંકર સ્થિતિ પ્રવર્તી નથી રહી, છતાંય તે-તે પુષ્ટિસ્વરૂપોની સેવા કરનારા તે-તે ગોસ્વામિ-પરિવારના હક્ક કાગજી કાર્યવાહીના કારણે નિરસ્ત થઈ ગયા છે! આ તો કેવી વિટંબણા? શાન્તચિત્તથી વિચારશો તો આના કારણને ઓળખવામાં વાર નહિ લાગે કે આપણા સંપ્રદાયમાં પુષ્ટિસ્વરૂપની સર્વોપરી પ્રમુખતાના ઠેકાણે આજે જાહોજલાલીવાળી નેગ-ભોગ-રાગ-શૃંગારના મિથ્યાડંબરવાળી જાહેર મંદિરોની પ્રણાલિકાને સર્વોપરી પ્રમુખતા આપવામાં આવી છે. સ્વરૂપાસક્તિથી પુષ્ટિજીવોને વંચિત કરનારી આ જાહેર મંદિર-પ્રણાલીને એક નહિ અનેકાનેક ધિક્કાર અને ધિક્કારજ!



સ્વરૂપાસક્તિથી રહિત બની પુષ્ટિભક્તિમાર્ગમાં ભગવત્સેવા તે તો "મમ માતા વંધ્યા" જેવો વિરોધાભાસ છે! સાચી સ્વરૂપાસક્તિ સ્વગૃહસ્થિત પુષ્ટિસ્વરૂપમાંજ સંભવી શકે અન્યત્ર નહીં. તેથી વિપરીત આજે અમે ગોસ્વામી મહારાજો જાહેર મંદિરોમાં ધર્માર્થી જનતાની ધનરાશિ અને ધર્મરાશિ ને ભગવત્સ્વરૂપ સુધી પહોંચાડનારા કેવળ 'કંડયૂઈટ પાઈપ' બન્યા છીએ. કોર્ટ હવે આપણા સિદ્ધાંત સાંભળવા કે વિચારવા તૈયાર નથી. સુપ્રીમ કોર્ટે ત્રણ-ત્રણ ચુકાદાઓ આપણા સિદ્ધાંતોની વિરુદ્ધ આપી દીધા છે. છતાંય કેટલાક લોકો કહે છે—"સિદ્ધાંત કદાચ સાચા પણ હોય તોય તે સિદ્ધાંતોને અમલમાં લાવવાનો શ્યામુબાવાનો દુરાગ્રહ પુષ્ટિમાર્ગીય ઈતિહાસમાં નાદિરશાહી ચલાવવાનો એક પ્રકાર છે". પોતાની જમીન મકાન કે ફેક્ટરી આવી રીતે જો સરકાર પચાવી જવાની હોત તો તાકીદે તેને બચાવવાના ઉપાયો આવા લોકો અમલમાં ન લાવત શું? પરંતુ મહારાજશ્રીઓના શ્રીઠાકોરજી ગૃહ સંપત્તિ ઉપર પોતાનો હુકમ ચલાવવાની કુનેહને કારણે સિદ્ધાંતોની અમલબજાવણીને 'નાદિરશાહી' તરીકે તેઓ બિરદાવવા માગે છે.

થોડા વર્ષો પહેલાની એક ઘટના યાદ આવે છે. પુષ્ટિમાર્ગીય હવેલિઓના ટ્રસ્ટી બનવાના શોખીન એક વૈષ્ણવભાઈને ઘરે બિરાજમાન સેવ્ય સ્વરૂપનો બાપદાદાના જમાનાનો વૈભવ પુષ્કળ હતો. તે ભાઈઓની વચ્ચે કોઈક પારિવારિક કારણસર મનોમાલીન્ય પેદા થયું. ત્યારે એક ભાઈએ બીજા ભાઈને નોટીસ આપી કે કાં તો આ સંપત્તિના પણ ભાગલા થવા જોઈએ અથવા તો બન્નેમાંથી કોઈપણ એક ભાઈ પાસે તે સંપત્તિ ન રાખી તેનું ટ્રસ્ટ કરાવવું જોઈએ. હવે પેલા ટ્રસ્ટી બનવાના શોખીન ભાઈ મારી પાસે આવ્યા અને બોલ્યા—"આપ એવા સિદ્ધાંતવચનો શોધી આપો કે જેથી અમારા શ્રીઠાકોરજીની સંપત્તિના ભાગલા કે ટ્રસ્ટ બન્નેને ગેરકાયદેસર ઠરાવી શકાય". પારકી

સંપત્તિઉપર ટ્રસ્ટી થવું ઘણું સહેલું છે પણ પોતાની સંપત્તિ ટ્રસ્ટમાં ફસાતી હોય તો ટ્રસ્ટી બનવાના શોખીનો પણ સિદ્ધાંતવચનો શોધવા તલપાપડ થાય છે! એટલેજ તો હાથીના ચાવવાના અને શોભાના એમ બે જાતના દાંત હોય છે! એમ શ્રીઠાકોરજીની બાબતમાં આપણા માર્ગના ધનિક વૈષ્ણવોના હૃદયમાં બાળકોના શ્રીઠાકોરજી અને પોતાના શ્રીઠાકોરજી ની બાબતમાં બે જાતની માન્યતાઓ પ્રસરે છે: ગો.બાળકના એટલે પબ્લિક ટ્રસ્ટના શ્રીઠાકોરજી અને પોતાના એટલે ...તમારું તે આપણું સહિયારું અને મારું મારા બાપનું''. કારણ એકજ કે કેટલાક ગો. બાળકો વૈષ્ણવોથી સેવા-મનોરથના નામે પૈસા માગે છે. હવે સેવા-મનોરથના નામે પૈસા માગે એટલે ધનિકો શરુઆતમાં દાનવીર, પ.ભ. બની અન્તે શૂરવીર ટ્રસ્ટી બની જતા હોય છે. મહારાજ પોતે પોતાના ઘરમાં પોતાના સેવકોના સેવક બની જતા હોય છે! ભક્તિમાર્ગીય દૈન્યને કારણે થયેલા દાસાનુદાસો નહિ; બલ્કે ભીતિમાર્ગીય ક્ષુલ્લક સ્વાર્થને કારણે થયેલા ટ્રસ્ટીઓના દાસાનુદાસો!

ગોસ્વામી બાળકોની પણ એક વિટંબણા હોય છે કે તેઓના ટ્રસ્ટમાં આ માર્ગમાં અને ગુરુગાદી પ્રત્યે અખંડ નિશ્ચલ શ્રદ્ધા ધરાવનાર સાધારણ વૈષ્ણવોને કોઈ દિવસ ટ્રસ્ટી બનાવવામાં આવતા નથી. શ્રદ્ધાદરવિહીન ધનિક વેપારી વૈષ્ણવો(?)નેજ ટ્રસ્ટી બનવામાટે કાબેલ માનવામાં આવતા હોય છે. કેમકે ભીતરખાનેથી ગો. બાળકોને પણ મંદિરના નામે ધંધોજ ચલાવવાની મનોવૃત્તિ પ્રબળ હોય છે. તેથી તે ધનિકો બિચારા ક્ષમ્ય હોય છે. તેઓને ધર્મ આચરવાની કે જાણવાની ગરજ એટલી તીવ્ર નથી હોતી, જેટલી વેચાતી દરેક વસ્તુને ખરીદીને પાકીટ હલકી કરી લેવાની જબરદસ્ત ખુમારી હોય છે. એટલે તેઓ સ્વભાવથી લાચાર હોય છે!



## પ્રશ્ન ( ૧૩=૧૫ )

**આરબ (દુબઈ) ભૂમિમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંદિરો બંધાયા છે. આવા ભયસ્થાનવાળા દેશમાં મંદિર બાંધીને વૈષ્ણવોએ; અને ત્યાં પુષ્ટ કરી શ્રીઠાકોરજી પધરાવી આપનાર ગોસ્વામી બાળકોએ કંઈ ખોટું કર્યું છે? હવે તો ઇંગ્લેંડ-અમેરીકામાં પણ આપણા મંદિરો બંધાયા છે.**

### ઉત્તર ( ૧૩=૧૫ )

વિદેશોમાં વસતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાટે નિર્માણ થતા જાહેર મંદિરમાટે પૂ.પા. વિદુષી સુશ્રી ઈન્દિરાબેટીજીએ પોતાના પુષ્ટસ્વરૂપને:—

સાત સાગર પાર શ્રીજી દોટ મૂકી આવજો।
સાથે શ્રીયમુનાજી અને વલ્લભપ્રભુને લાવજો।।
ગોપ ગોપીજન અને શ્રીરાધિકા ને લાવજો।
ગોલોક ગોકુલ ની લીલા બધી અહીં સ્થાપજો।।
વૈષ્ણવજનોના ચિત્તમાં ભક્તિ દઢાશ્રય સ્થાપજો।
પ્રતિબંધક તન્તુઓ વચલા સહુના કાપજો।।

('વ્રજરેણુ' યુ. એસ. એ.પૃષ્ઠ: ૨૧થી સાભાર)

આમ વીનવીને પધરાવી આપવાના સમાચાર મેં વાંચ્યા ત્યારે તે મને મૂંઝવતા હતા. સાત સાગર પાર જાહેર મંદિરમાં બિરાજનાર શ્રીજીને શ્રીગોપ-ગોપીજન શ્રીરાધિકાજી શ્રીયમુનાજી શ્રીવલ્લભપ્રભુ મળશેજ નહિ તો લાવશે કેવી રીતે? ગોલોક-ગોકુલમાં તો પ્રભુ શુદ્ધ-શુદ્ધ પુષ્ટિભાવાત્મક હોય છે—જ્યારે જાહેર મંદિરમાં બિરાજતા શ્રીજી તો ધંધાકીય ભાવાત્મક હોય છે(અત્ર મૂલનામોક્તિઃ ભજનકર્તુઃ અભિપ્રાયેણ અન્યથા તદસંભવાત્'' શ્રીપ્રભુચરણ-કૃત સિ. મુ. વિ. ૧૬)તેથી પ્રતિબંધકારક તન્તુઓને કાપી

વૈષ્ણવજનોને ચિત્તમાં ભક્તિ દઢાશ્રય, તેવા પ્રભુ સ્થાપીજ કેવી રીતે શકે? આ મારી મૂંઝવણનું સમાધાન તાજેતરમાં 'વૈષ્ણવ-પરિવાર'માસિકમાં પ્રકાશિત થયેલ પૂ.પા.બેટીજીના વક્તવ્યથી મળી ગયું છે. તે અક્ષરશઃ ઉધ્ધૃત કરી રહ્યો છું :—

"શ્રીમહાપ્રભુએ જુદા-જુદા મંદિરોની પ્રણાલિકા ઊભી કરી નથી; પણ એમાં જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યનો એક લાંબો દષ્ટિકોણ હતો : પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઈએ, પ્રત્યેક વૈષ્ણવના ઘરમાં એવો આનંદ આવવો જોઈએ, જેવો આ ગોપીઓને પોત-પોતાના ઘરમાં આવતો હતો. પણ આજે શું થયું છે? આપણે આપણા ઠાકોરજીને એક બાજુ ફેંકી દીધા છે. જે આનંદની અનુભૂતિ એ સ્વરૂપથી કરવી જોઈએ એ કરતાં નથી.

હું થોડાક વૈષ્ણવોનો તમને દાખલો આપું. એક મંદિરની બાજુમાં એક બહેન રહે એમને ત્યાં ઠાકોરજી બિરાજે. મંદિરની આરતીના (મારા શબ્દોમાં પુષ્ટિભાવનાના મૃત્યુના) ઘંટા એમને ઘેર સંભળાય. સેવા કરવા બેઠેલી એ બહેન ઠાકોરજીના વસ્ત્રો કાઢી સ્નાન કરાવતી હતી ત્યાં આરતીના (મારા શબ્દોમાં પુષ્ટિભાવનાના મૃત્યુના) ઘંટા પડ્યા. પેલી ઠાકોરજીને પડતા મૂકીને મંદિરે દોડી, થોડી વારે ઘેર આવી. હવે વિચાર કરો, એવી રીતે કોઈ સેવા કરે તો એમાં સેવાનો આનંદ આવે ખરો? અહીં તો પ્રત્યેક વૈષ્ણવનું ઘર નંદાલય છે. અને આવી રીતે અંતર જાગૃત હોય તો પ્રત્યેક વૈષ્ણવના ઘરમાં શ્રીમહાપ્રભુજીની કાન્તિથી અને કૃપાથી પૂર્ણ પુરૂષોત્તમનો અનુભવ થઈ શકે છે."

("વૈષ્ણવ-પરિવાર" અંક જૂન ૯૦ પૃષ્ઠ ૨૫)

હું મુક્ત હૃદયથી આજે બેટીજીની પુષ્ટિજીવો અને પ્રવાહિજીવો ને પૃથક-પૃથક પારખી શકવાની વિચક્ષણ



આંતરિક શક્તિથી અતિશય પ્રભાવિત થયો છું. તે દેશો કે જ્યાં બેટીજીએ ધંધાકીય મંદિરો ખોલ્યા છે ત્યાં કાં તો મોટે ભાગે પુષ્ટિજીવોની અછતજ હશે કાં તો તેમનામાં આસુરાવેશ વધી ગયો હોવો જોઈએ! એટલે, હોડાહોડમાં કોઈક ને કોઈક રીતે બ્રહ્મસંબંધ દીક્ષા લઈને જે ત્યાંના પ્રવાહી કે આસુરાવેશી પુષ્ટિજીવો પુષ્ટિમાર્ગમાં ઘુસી ગયા છે, તેમના અનધિકારનો ઊંડો વિવેક રાખીને પૂ. પા. બેટીજીએ પોતાનાદ્વારા પુષ્ટ શ્રીગોવર્ધનનાથજીને પધરાવી આપ્યા હશે! આમ હવે મારી મૂંઝવણ દૂર થતા પૂ. પા. શ્રીબેટીજીની "સાત સાગર પાર" કવિતામાં રહેલો ગૂઢ અભિપ્રાય હવે થોડોક-થોડોક સમજમાં પણ આવવા મંડ્યો છે. પૂ. પા. બેટીજીએ જોકે કવિતા કદાચ અમેરીકાની ભૂમિપર લખી હશે; પરંતુ કવિયત્રીની ભાવભૂમિમાં ભારતજ વસેલું હોવાથી, તેઓ શ્રીજીને વીનવી રહ્યા છે કે તનુવિત્તજસેવા એમના પોતાના ઘરમાં સ્વીકારવા સાત સાગર પારથી દોટ મૂકીને શ્રીનાથજી પાછા ભારતભૂમિમાં આવજો. જેઓ પોતાના ગૃહમાં ભગવત્સેવા કરવાના અધિકારી નથી છતાંય પુષ્ટિભાવનાની મૃત્યુના ઘંટાનાદથી મોહ પામી જાહેર મંદિરોમાં દોડાદોડજ ફક્ત કરવા માંગતા હોય, તેમના હૃદયમાંથી વ્રજભક્તો શ્રીરાધિકાજી શ્રીયમુનાજી અને શ્રીમહાપ્રભુજી ને ભારતમાં પધરાવી લાવજો. ગોલોક ગોકુલની બધી લીલાને અહીંયાં ભારતભૂમિમાંજ સ્થાપજો. હકીકતમાં પુષ્ટિજીવો, પરંતુ આસુરાવેશને કારણે પુષ્ટિભાવનાના મૃત્યુઘંટથી મોહ પામેલા જીવોંમાટે પણ પોતાની દયાલુતા પ્રકટ દેખાડતા પૂ.પા.બેટીજી આ કવિતામાં પ્રભુને વિનવી રહ્યા છે કે "વૈષ્ણવજનોના ચિત્તમાં ભક્તિ દઢાશ્રય સ્થાપજો. (મારા શબ્દોમાં ગૃહસેવાના સિદ્ધાંતશુદ્ધ આગ્રહને તોડનારા જાહેર મંદિરોના) પ્રતિબંધકારક તન્તુઓ વચલા સહુના કાપજો!

ખરેખર શ્રીપુરુષોત્તમજીના ઘરને શોભાયમાન કરનાર પૂ.પા.બેટીજીએ દરેકે-દરેક પગલા યોગ્ય વિવેક વાપરીનેજ લીધા છે. તેથી હવે મારા હૃદયમાંથી બધીજ મૂંઝવણ

અને ભ્રાન્તિઓ દૂર થઈ છે. શ્રીમહાપ્રભુજી પૂ.પા.બેટીજીને આપણા માર્ગની યોગ્ય યોગ્યતર યોગ્યતમ સેવા આપવાનું ઉત્તરોત્તર વૃદ્ધિંગત થનારું સામર્થ્ય પ્રદાન કરે!

એક ભાઈ શંકા કરતા હતા કે સહેજ રીતે સંભવી શકે છે કે આ ઉદ્દ્ગારો જાહેર મંદિરમાં પોતાના પુષ્ટિસ્વરૂપોને પધરાવનાર પૂ. પા. બેટીજીના ન પણ હોઈ વૈ. પ.ના તંત્રીની અથવા પ્રવચનની પ્રેસકૉપી બનાવનાર કોઈક ત્રાહિત વ્યક્તિની અનધિકારચેષ્ટા પણ હોઈ શકે છે. કોઈ પણ સંજોગોમાં જેના નામે આ સિદ્ધાંતશુદ્ધ શબ્દાવલી છપાઈ છે તેઓશ્રી પોતે પોતાનો અભિગમ રજૂ ન કરે ત્યાં સુધી ઉપર જણાવેલ વ્યાખ્યાજ મારી સમજમાં ઠીક બેસે છે. કેમકે આટલી ધગશથી પુષ્ટિમાર્ગની સેવામાં જીવન સમર્પણ કરનાર પૂ.પા.બેટીજી પોતાને જે પુષ્ટિમાર્ગાચાર્યોના સિદ્ધાંતમુજબ માન્ય ન હોય તેવી વિપરીત કૃતિ તો કરી શકતાજ નથી.

જ્યાં સુધી ત્યાં સ્થાપિત મંદિરોના પુષ્ટિમાર્ગીય અહેવાલનો પ્રશ્ન છે, તે સન્દર્ભમાં હાલમાં થયેલ એક સંવાદનો ઉલ્લેખ કર્યા વિના રહી શકાતું નથી.

ત્યાં અમેરિકામાં ચાલતા જાહેર મંદિરની વહીવટ સમિતિના સભ્ય એક ભાઈ મારી પાસે આવ્યા. તેઓ બતાવતા હતા કે મોટાભાગના અમેરિકામાં વસતા પુષ્ટિમાર્ગીયો આઠવલેજીની સ્વાધ્યાય-ચળવળ સાથે સંકળાઈ રહ્યા છે, તેથી તેઓ આપણા તથાકથિત પુષ્ટિમાર્ગીય મંદિરમાં સભાહૉલમાં સ્વાધ્યાય ગોઠવવા માગતા હતા. હવે જો તે સ્વાધ્યાયી પુષ્ટિમાર્ગીયોને છૂટ આપવામાં આવે તો જતે દહાડે આપણું કેન્દ્ર તેઓ પચાવીજ પાડે. એટલે અગમચેતી રાખીને જન્મદિન-વિવાહ વિગેરે લૌકિક આયોજનોમાટે ભાડે આપવાનું શરૂ કર્યું છે. તેથી મંદિરની બેઠી આવક પણ બની ગઈ છે; અને તે સ્વાધ્યાયી વૈષ્ણવોને 'ના' કહીને મનદુઃખ પેદા થાય તેવો પ્રસંગ પણ ટળી ગયો છે.



આવી વિચિત્ર વાત સાંભળીને મેં પૂછ્યું: પણ જો આપણે પોતે ત્યાં આપણા ગ્રન્થોના સ્વાધ્યાય સત્સંગનો કાર્યક્રમ ગોઠવ્યો હોત તો વધુ ઉત્તમ ન થાત?

તેઓ બોલ્યા: પુષ્ટિમાર્ગમાં એ બધુ ન ચાલે (એટલે છપ્પનભોગના ધંધાકીય ભવાડા ચાલે પરંતુ સ્વમાર્ગીય સિદ્ધાંતોનો સ્વાધ્યાય ન ચાલે!).

તેઓએ પોતે મને જણાવ્યું કે આપણાજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો જ્યારે સ્વાધ્યાયમાટે ભેગા થાય ત્યારે પિનડ્રૉપ સાયલેંસ થઈ જતું હોય છે; પરંતુ આપણા મંદિરોમાં મનોરથો કે ઉત્સવો ના દર્શન કરવા આવે ત્યારે ગામની લપ્પન-છપ્પન ધાંધલ-ધમાલ કરી નાખતા હોય છે.

પછી તાજેતરમાં ત્યાં પ્રવાસ કરનાર મહારાજશ્રીઓના કાર્યક્રમ અને તેમાં સાંપડેલ સફળતાનો ખ્યાલ મેળવવા મેં પુછવાનું શરૂ કર્યું. તેના અનુસંધાનમાં તે ભાઈ બોલ્યા: પૂ.પા.ગો.શ્રીરમેશકુમાર મહારાજશ્રી પણ અમારા મંદિરમાં પ્રવચન કરવા પધાર્યા હતા. તનુવિત્તજા-ગૃહસેવા વિગેરેની વાતો તેમણે મંદિરમાં શામાટે કરી તે સમજાયું નહીં! સિદ્ધાંત હોય અને કહેવુંજ હોય તો મંદિર સિવાય બીજે કશે કહેવુ જોઈતુ હતું—મંદિરમાં સિદ્ધાંત કહેવાથી કેટલીબધી ગેરસમજ લોકોમાં ઊભી થઈ ગઈ! અમુક વૈષ્ણવો પૂછવા લાગ્યા કે આમાં સાચું શું છે? પણ મેં સમજાવી દીધું કે આ તો મહારાજોના આપસી વિવાદ છે, તેમાં આપણે પડવા જેવું નથી! આવી થોડીક બાધાઓ આવે છે પણ એકંદરે મંદિર હવે સરખી રીતે ચાલી નીકળ્યું છે, જે વૈષ્ણવો દર્શન કરવા આવે છે તે સૂકામેવાના પૅકેટ્સ એટલા બધા લાવે છે કે સામગ્રી પણ ધરી શકાતી નથી. તેનું શું કરવું એ વિચાર કરવો પડે છે!

મેં કહ્યું: મંદિરની સાથોસાથ સૂકામેવાની એક દુકાન કેમ ખોલી નથી લેતા?

તેઓ બોલ્યા: ઠાકોરજીને ભેટ આવેલ સામગ્રી વેચી શકાય!

હું બોલ્યો : શ્રીઠાકોરજીને પોતાને વેંચી શકાતું હોય તો ભેટ ધરેલા સૂકામેવા કેમ ન વેંચી શકાય ?

મારા કરેલા ઉપહાસની ઉપેક્ષા કરતા તે ભાઈ બોલ્યા : આજે નહિ તો કાલે આ નહિ તો બીજો કોઈ ઉપાય શોધવો તો પડશેજ.

એટલે ધંધાકીય ભગતીના ભવાડાનો આ દર્દનાક ચેપ આપણે, ત્યાં લગાડી દીધો છે. તેથીજ પુષ્ટિભાવનાની મૃત્યુનો એલાન કરનારા મૃત્યુઘંટના રણકાર હવે ત્યાં પણ સંભળાઈ રહ્યા છે!

આપણી આવી વૈચારિક અને ભાવનાકીય નપુંસક્તાને જોઈને, મને ખરેખર તીવ્ર આંતરિક પીડા થાય છે! આપણા માર્ગના સિદ્ધાંતથી વિરુદ્ધ જવાનું આ દુષ્પરિણામ છે.

જેમ શાસ્ત્રીય જૂની પ્રણાલિકામુજબ વર્ણાશ્રમ-ધર્માનુયાયિઓએ પોતાની પ્રાથમિક વયમાં બ્રહ્મચર્ય રાખવાનું અને વિદ્યાભ્યાસ(વાગ્યજ્ઞ) કરવાનું વિધાન હતું. તે સંપન્ન થતાં યુવાવસ્થામાં સમાવર્તનપૂર્વક ગૃસ્થાશ્રમમાં પ્રવેશ કરી સ્વગૃહમાં ક્રિયાયજ્ઞ કરવાનું વિધાન હતું. ઉત્તરાવસ્થામાં વાનપ્રસ્થાશ્રમમાં અને સંન્યાસાશ્રમમાં માનસિક યજ્ઞ કરવાનું વિધાન હતું. તેના સમાનાન્તરે આપણે ત્યાં શરણાગતિ દીક્ષા લઈ, સ્વમાર્ગીય સિદ્ધાંતોનું અવગાહનપૂર્વક વિવેક-ધૈર્યાશ્રય કેળવવાની પ્રક્રિયા હતી. તે વિદ્યાસમ્પાદનના તપમાં રુચિ રાખવાના ઠેકાણે સ્વગૃહમાં સ્વતનુવિત્તજા સેવાના ભૂંડા ભાગલા પાડીને જાહેર પ્રદર્શનો કરી આપણા પુષ્ટિમાર્ગીય બ્રહ્મચારિઓને આપણે આજે અયોગ્યાધિકારિક ઉત્તેજના (પ્રી-મેચ્યોર એક્સાઈટમેન્ટ) ની અસ્વસ્થ પ્રણાલિકાદ્વારા નપુંસક બનાવી દીધા છે. તેથી સ્વમાર્ગીય સિદ્ધાંત કે ભાવના થી સદંતર નાવાકેફ લોકો સિદ્ધાંતથી સર્વથા વિરુદ્ધ જાહેર પ્રણાલિકાથી નિરર્થક ઉત્તેજિત બની-બની પોતાનું ભક્તિમાર્ગીય પૌરુષ ગુમાવી બેઠા છે! તેથી આપણા સિદ્ધાંતોના સ્વાધ્યાયમાં તેમને રુચિ રહી નથી. તેથી આઠવલેજીનો સ્વાધ્યાય ગમે છે; અને તે છતાંય આપણા માર્ગમાં ધંધાકીય જાહેર



મંદિરો ચલાવવાની ખોટી રીતને પ્રોત્સાહન આપે જાય છે. તે બાબતમાં પાછા આઠવલેજીના ઉપદેશને પણ અનુસરતા નથી. એટલે "ન ખુદા હી મિલા ન વિસાલે સનમ ન ઈધરકે રહે ન ઉધરકે રહે!" જેવી કફોડી સ્થિતિમાં સંડોવાઈ ગયા છે. આપણા માર્ગના મહારાજશ્રીઓને પણ પોતાની પૂજારિતાના અપકર્ષમાં વાંધાજનક લાગતું બંધ થવા જઈ રહ્યું છે. વૈષ્ણવોને તો ધરમના વેચાતા ધતીંગના ખરીદદાર બનવા સિવાય બીજો કોઈ શોખ ગમતોજ બંધ થયો છે. શું આનુ નામ 'વલ્લભ- સંપ્રદાય' હોઈ શકે? નહિ! નહિ! નહિ!

પુષ્ટિમાર્ગીયો! તમારી ભીતર રહેલ પુષ્ટિમાર્ગની દિવ્ય અસ્મિતાને પુનરુજ્જીવિત કરો! પોતાના સ્વમાર્ગીય દિવ્ય સિદ્ધાંતોનો સરખો અભ્યાસ મનન-ચિંતન કરી તેને અમલમાં લાવવાનું શૌર્ય દાખવો!

શ્રીમહાપ્રભુજી માટે ગવાયું છે..." કૌન રસ ભૂતલ પ્રકટ ભયો! ઘરઘર નન્દનન્દન ફલ ફૂલ્યો સેવાવિધિ સિખયો. આપુન કિયે રસાલ રીતિસો શ્રીવલ્લભ ગિરિધર રિઝયો" શ્રીવલ્લભના આ દિવ્ય સિદ્ધાંતને તમે અર્થહીન ન બનાવો! જાહેર મંદિરમાં આ પદ નહિજ ગાઈ શકો!

ક્યાં ગયો તમારો તે દિવ્ય મનોરથ અને તે દઢ વિશ્વાસ કે :—

રુચિર પદકમલ શ્રીવલ્લભાધીશકે રૈન ઔર દિવસ નિજશિરસિ ધરિયે।

ગહત દઢ બાંહ જિહિં કાજ શ્રીનન્દસુત પત્ર ફલ પુષ્પ સેવાનુસરિયે।

પ્રેમભાવતે નિકટ સંતત રહત રાખ વિશ્વાસ વ્રતતે ન ટરિયે।

શ્રીવિઠ્ઠલ ગિરિધરન હિત પ્રકટ લક્ષમણસુવન ભક્તકે ભવનમે વાસ કરિયે।।

આત્મવિનાશના સાધનને વહોરતા પહેલા એકવખત

શાંતચિત્તે પુષ્ટિમાર્ગીય પારમાર્થિક સિદ્ધાંતોનો ઊંડો વિચાર કરો! બસ એટલામાત્રથી શ્રીમહાપ્રભુ તમારાઉપર પ્રસન્ન થઈ એવી કૃપાવૃષ્ટિ કરશે કે તમને તમારા ઘરમાં પુષ્ટિપ્રભુને સેવવાનો એવો અનેરો દિવ્ય મનોરથ જાગશે કે પુષ્ટિભાવનાની મૃત્યુઘંટ સમી જાહેર મંદિરોની અમંગલ ધ્વનિ પોતાની મેળે શમી જશે!

નિશ્ચયાનુષ્ઠિતં ભક્તૈરુપદિષ્ટં મહાપ્રભોઃ ।।
અમંગલાનાં શમનં મંગલાનાં હિ વર્ધનમ્ ।

### પ્રશ્ન ( ૧૪=૧૬ નો સારાંશ )

**મંદિર વગર આપણે નિરાધાર જેવી લાગણી અનુભવીએ છીએ. અખબારોમાં ક્યાંક છપ્પનભોગ, અન્નકૂટ, હિંડોલા, ઘટાઓ ની ઝાંકીના મનોરથોની જાહેરાત વાંચતા સાચા વૈષ્ણવના મનમાં જબરદસ્ત ઉત્કંઠા જાગતી હોય છે.**

### ઉત્તર ( ૧૪=૧૬ )

મંદિર વિના આધુનિક પુષ્ટિમાર્ગીયોને નિરાધાર થઈ જવાની લાગણી અનુભવાય છે. તેમજ બીજે ક્યાંય મનોરથોની જાહેરાત વાંચતા જબરદસ્ત ઉત્કંઠા જાગી જતી હોય છે. તે બન્ને ખરેખર સો એ સો ટકા સાચી વાત છે, સાથોસાથ સો એ સો ટકા પુષ્ટિમાર્ગીયોને જગતમાં માથું નીચે કરવું પડે, તેવી લજ્જા-ગ્લાનિ-જનકજ ફક્ત નહિ બલ્કે કોઈપણ સાચા પુષ્ટિમાર્ગીયને અતીવ કષ્ટદાયક હકીકત પણ છે.

કેમકે જે માર્ગના અનુયાયી પોતાના મૂલ આચાર્યના માર્ગવિશિષ્ટતાકારી સિદ્ધાંતોમાં નિષ્ઠા ખોઈને, સદન્તર સિદ્ધાંતવૈપરીત્યમાંજ ઉત્કંઠા સંતોષ અને કૃતકૃત્યતા માનતા થઈ જાય, ત્યારે તેવાઓને તે ચોકક્સ માર્ગના અનુયાઈ



તરીકે પોતાની જાતને ઓળખાવીને, માર્ગના મૂલ આચાર્યની ક્રૂર ઠેકડી ઉડાવવાનો કોઈ અધિકાર રહી જતો નથી.

આજ પ્રશ્નાવલીમાં આગળ જઈને ૨૧ માં પ્રશ્નમાં પ્રશ્નકર્તા ભાઈએ એક વિધાન કર્યું છે—"... વલ્લભાચાર્યજીનો સિદ્ધાંત કેવળ 'ઘર-મંદિર' માટેનો હોય તો તે તે જમાનાના સંજોગો અનુસાર ઘડેલો હશે ..." પરંતુ જો મૂર્તિ / મંદિર-ભંજક વિધર્મિઓની ભીતિને લીધે શ્રીમહાપ્રભુજીએ ગૃહસેવાનું સમર્થન કર્યું હોત તો શા માટે સર્વનિર્ણયનિબંધની કારિકાઓ ૨૨૫—૨૫૪માં વિશદ્ રીતે ગૃહસેવાની આવશ્યકતા સમજાવીને ૨૫૫—૨૫૬મી કારિકાઓમાં જેનાથી ગૃહસેવા ન નભે તેવા પુષ્ટિજીવોમાટે— "પ્રપત્તિમાર્ગમાહ 'જગન્નાથે વિઠ્ઠલે ચ શ્રીરંગે વેંકટે તથા યત્ર પૂજાપ્રવાહસ્સ્યાત્ તત્ર તિષ્ઠેત તત્પરઃ" વચનમાં પુષ્ટિમાર્ગીયોમાટે મર્યાદામાર્ગીય પૂજાપ્રણાલીવાળા પ્રસિદ્ધ મંદિરોવાળા તીર્થસ્થળોમાં ભગવત્પૂજામાં તત્પર રહેવાનું વિધાન આપશ્રીએ કર્યું?

એટલે જો ખરેખર કોઈ પુષ્ટિમાર્ગીયને, પુષ્ટિમાર્ગીય હોવા છતાંય, પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત અને સાધનાપ્રણાલીની સાથેજ જો રૂઢ દ્વેષ ન હોય તો શામાટે પોતાની નિરાધાર હોવાની માનસિક અસ્વસ્થતાનો ઉપચાર પોતાના ગામનાં મર્યાદામાર્ગીય વૈષ્ણવ-મંદિરોમાં ન કરવું જોઈએ? પોતાની શ્રદ્ધાનો આધાર આવા મર્યાદામાર્ગીય મંદિરોને બનાવતા કોઈક સૈદ્ધાંતિક બાધ પણ નથી આવતો. શ્રીપુરુષોત્તમજી આની વ્યાખ્યા કરતાં સુસ્પષ્ટ શબ્દોમાં છૂટ આપે છે:—

'સર્વધર્માન્...' ઇત્યત્ર 'એક' પદાદ્ અન્યાશ્રયઃ
સર્વથા બાધકઃ ઈતિ બોધયિતું 'તત્પર' પદસ્ય
તાત્પર્યમાહુઃ 'પ્રપત્તૌ' ઈત્યાદિ, 'તત્પરઃતિષ્ઠેદ્' ઈત્યર્થઃ.
સ્થાનાન્તરસ્યાપિ સંગ્રહાર્થમાહુઃ 'પૂજા' ઈત્યાદિ.
એતસ્યૈવ શેષૌ વિવેકધૈર્યાશ્રય-કૃષ્ણાશ્રયૌ જ્ઞેયૌ."

એટલે કે અન્યાશ્રય બાધક હોવાથી જે ભગવન્મૂર્તિની પૂજા કરતા અન્યાશ્રય ન થતો હોય ત્યાં પૂજામાં તત્પર થઈને રહેવું જોઈએ. જેમકે જગદીશજી, પાંડુરંગ વિઠોબા,

શ્રીરંગજી, તિરુપતિબાલાજી ના સ્થાનો ગણાવ્યા તે સિવાયના પણ આવા વિષ્ણુપૂજાના સ્થલોમાં અન્યાશ્રયદોષનો બાધ આવતો નથી.

આટલી બધી છૂટ હોવા છતાંય જાણીજોઈને શ્રીમહાપ્રભુના દિવ્ય સિદ્ધાંતનો ભંગ કરીને અલૌકિક ગૃહસેવાની પ્રણાલીના ધંધાકીય જાહેર ભવાડાઓ કરવા; અને શ્રીમહાપ્રભુને, તેમના ઉપદેશોને અને માર્ગને વગોવવાનોજ દુરાગ્રહ કઈ જાતની આંતરિક દ્વેષગ્રંથિથી પ્રેરાયેલો છે, તેનું માનસ તજજ્ઞો પાસેથી નિરાકરણ મેળવવું જોઈએ. બાકી ધર્મવિરુદ્ધ ક્ષુદ્ર લાગણીઓનેજ પંપાળવાની જો મહત્તા હોય તો કહેવું પડશે કે દારુડિયાઓને દારુ પીધા વિના નિરાધાર બની જવાની લાગણી ક્યાં નથી થતી અને દારુની જાહેરાત વાંચીને જબરદસ્ત ઉત્કંઠા ક્યાં નથી જાગતી ? તેમજ જુગાર વિગેરેના વ્યસનિઓની પણ હાલત આપણા આધુનિક પુષ્ટિમાર્ગીયો જેવીજ હોય છે. તેથી મધુશાલા અને જુગારના અડ્ડા ખોલવાની વકાલત સમાજમાટે કલ્યાણકારી તો નહિજ નિવડે !

### પ્રશ્ન ( ૧૫=૧૭ નો સારાંશ )

**"મંદિર નહિ બંધાવવું" એટલે જવાબદારીમાંથી છટકવું છે. લોકફાળો એકત્ર કરી જમીન ખરીદીને મંદિર બાંધવા વચન આપેલા તે વચનભંગ કરનારની પ્રતિષ્ઠા હાસ્યાસ્પદ બની નષ્ટ થઈ જશે.**

### ઉત્તર ( ૧૫=૧૭ )

લૌકિક સ્ત્રી-પુરુષો પાસે લૌકિક ધનનો ફાળો ઉઘરાવીને મંદિર નહિ બાંધવું તે જેવી રીતે આધિભૌતિક કે નૈતિક જવાબદારીથી છટકવાની ખોટી મનોવૃત્તિ છે, તેમજ બ્રહ્મસંબંધ



લઈને એટલે અલૌકિક પુરુષોત્તમ શ્રીકૃષ્ણ શ્રીયમુનાજી વિગેરે પાસેથી અલૌકિક પુષ્ટિધનનો ફાળો ઉઘરાવીને પોતાના ઘરમાં સેવાના સિદ્ધાંત અને કર્તવ્ય થી વિરુદ્ધ જાહેર મંદિરોમાં ભટકવું તે પણ પોતાની આધ્યાત્મિક કે ધાર્મિક જવાબદારીથી છટકવાનીજ હલકી વૃત્તિ છે. જેનું અલૌકિક પુરુષોત્તમને છેતરવા હૃદય ખંચકાતું ન હોય તેને લૌકિક પુરુષોને છેતરવામાં લજ્જા કે ભીતિ નો ભાવ પણ એક અતિશય હાસ્યાસ્પદ બીના છે. હજી પણ લોકફાળાને અને ખરીદેલી જમીનને મર્યાદામાર્ગીય પૂજાપ્રણાલીના મંદિર બાંધવામાટે વાપરીને નીતિ અને સ્વધર્મ બન્ને જાળવી શકાય છે, જો સત્સંગ-હૉલ પ્રત્યે અણગમોજ હોય તો. નહિતો શ્રીમહાપ્રભુ અને શ્રીપુષ્ટિપ્રભુ ને આપેલા વચન પ્રત્યેની વફાદારીનો આગ્રહ વધુ પ્રબળ હોવો જોઈએજ. શું શ્રીમહાપ્રભુ આપણને ઉપેક્ષા કે તિરસ્કાર ની દૃષ્ટિથી હાસ્યાસ્પદ કૃતઘ્ની માને તેની જરાય ભીતિ આપણા હૃદયમાં બાકી નથી રહી? કઈ જાતનું ચિન્તન, આપણે પુષ્ટિમાર્ગી હોવાના દંભ સાથે કરવા માગીએ છીએ ?

### પ્રશ્ન ( ૧૬=૧૮ નો સારાંશ )

**આદર્શ મંદિરની ભાવના બાવાશ્રીની પણ છે જેમાં ગૌશાળા, પાઠશાળા, પુષ્પવાટિકા વિગેરે હોય. પુષ્ટિમાર્ગ શૂરાનો માર્ગ છે તેથી દૃઢતા-વિનય સાથે બાવાશ્રીને વચન આપો કે આદર્શાનુરૂપ મંદિર બંધાશે.**

### ઉત્તર ( ૧૬=૧૮ )

આદર્શ મંદિરની ભાવના ક્યા બાવાશ્રીની કહેવામાં આવી રહી છે. તેમનું નામ પ્રશ્નકર્તાભાઈએ લખ્યું નથી. પણ મોટે ભાગે આવા ઉલ્લેખ આ પત્રાવલીમાં ચતુર્થપીઠાધીશ્વર

શ્રીસુરેશબાવાને ઉદ્દેશીને કરાયા છે. તેથી તેજ અહીંયાં પણ અભિપ્રેત હશે એમની 'આદર્શ મંદિર' ભાવના કેવી છે, તે તો તેઓશ્રી પોતે સ્પષ્ટતા કરે તો ખ્યાલમાં આવે. અલબત્ત કોઈપણ સંજોગોમાં પુષ્ટિમાર્ગીય સેવા (એટલે કે પોતાના તનુવિત્તથી અને પોતાના પરિજનોના સાથે તેમજ વ્રજભક્તોના ભાવોની ભાવનાઓ સાથે પોતાના ઘરમાં જાહેર પ્રદર્શન કર્યા વિના અને દેવદ્રવ્યના વિષોપભોગ કે વિષવિતરણ વિના કરવામાં આવતી સેવા) જ્યાં નભતી હોય તેજ આદર્શ મંદિર હોઈ શકે, આમાં ચતુર્થપીઠાધીશ્વર શ્રીસુરેશબાવાને મતભેદ હોઈ શકતો નથી. તે માટે હિમ્મતનગરના શૂરાઓ સામે આવીને વચન આપે તો મને નથી લાગતું કે ચતુર્થપીઠાધીશ્વર શ્રીસુરેશબાવાને તેમાં લેશમાત્રપણ વિપ્રતિપત્તિ હોઈ શકે ?

### પ્રશ્ન (૧૭=૧૯ નો સારાંશ)

**સત્સંગ હૉલ બંધાશે, સત્સંગ કરીશું, પ્રેરણા મેળવીશું, નાણાં ભેગા કરીશું, આ 'પછી-પછી' ક્યાં સુધી ? ડા. ... ગાંધી, મુરબ્બી ... કાકા 'મંદિર-મંદિર' કહેતા ગોલોક પહોંચી ગયા.**

### ઉત્તર (૧૭=૧૯)

જે હિમ્મતનગરના મુરબ્બી વૃદ્ધ વૈષ્ણવો 'મંદિર-મંદિર' કહેતા-કહેતા ગોલોકવાસી થઈ ગયા, પુષ્ટિપ્રભુ, તેમને આગામી જન્મમાં 'ગૃહસેવા-ગૃહસેવા' એવું શિશુરુદન કરતા-કરતા સાચા પુષ્ટિમાર્ગીય ભગવદીયના ઘરમાં જન્મ આપે કે જેથી તેમનો સ્વ-સ્વગૃહમાં ભગવત્સેવાનો સિદ્ધાંતશુદ્ધ આગ્રહ કદિ શિથિલ ન થાય, તેવી હૃદયની હું શુભકામના ધરાવું છું !



### પ્રશ્ન (૧૮=૨૦ નો સારાંશ)

**મંદિરની મૂળ પ્રેરણા પૂજ્ય ઈન્દિરા બેટીજીએ આપી છે, જેઓ દેશના ખૂણે-ખૂણે શ્રીઠાકોરજીના ગુણાનુવાદ કરાવી પુષ્ટિમાર્ગના પ્રચારમાટે અતિ પરિશ્રમ ઉઠાવી રહ્યા છે. તેઓશ્રીને જાહેરમાં આપણે વચન આપેલ છે: મંદિર બંધાવીશું. તેઓશ્રીથી રૂા. ૧૦૦૧/- નું દાન પણ સ્વીકારેલ છે, જે બેન્કમાં જમે છે. તેઓશ્રીને આપેલ વચનનો ભંગ કરવો શું વૈષ્ણવતા છે ? ગોસ્વામિબાળક સાથે કરવામાં આવેલ વચનભંગનો અપરાધ નહિ લાગે ? તેઓશ્રીએ ભાગવતસપ્તાહ કરવા અને મંદિર માટે જોઈતો સહકાર આપવા શ્રીમુખથી ખાત્રી આપેલ છે ... તેઓશ્રીને નાણા પરત આપવા જશો તો તેઓનું અપમાન લેખાશે. આ પગલું ભરશો નહિ, ગોસ્વામિબાળક અગ્નિસ્વરૂપ હોય છે !**

### ઉત્તર (૧૮=૨૦)

સેવાના સાચા પ્રકારની બાબતમાં પૂ.પા.ઈન્દિરાબેટીજીનો અભિપ્રાય આપણે પાછલા પ્રશ્નોત્તરોમાં વાંચી ગયા. તેમણે પોતાનું સમગ્ર જીવન પુષ્ટિમાર્ગના પ્રચારાર્થે સમર્પિત કરેલું છે, તેથી પુષ્ટિસિદ્ધાંતથી વિરુદ્ધ પ્રેરણા તેઓશ્રી નજ આપી શકે. અલબત્ત ઈંગ્લેન્ડ વિગેરે દેશોમાં જેમ ગાડરિયા પ્રવાહમાં બ્રહ્મસંબંધ લઈ લેનાર અ-પુષ્ટિમાર્ગીય જીવોના અનધિકારનો ઊંડો વિચાર કરીને ત્યાંનીમાફક હિમ્મતનગરના કહેવાતા પુષ્ટિમાર્ગીયોમાટે પણ જાહેર મંદિરની પ્રેરણા કદાચ આપી દીધી હોય એમ બનવા જોગ છે.

આ પરિસ્થિતિમાં જેઓ ખરેખર મૂલતઃ પુષ્ટિમાર્ગીય ન હોય તેમને પૂ.પા.ઈન્દિરાબેટીજીની પ્રેરણા / આજ્ઞા મુજબ પુષ્ટિભાવનાનાં મૃત્યુઘંટ વગાડનારી જાહેર હવેલી તાકીદે ખોલવી જોઈએ. જેઓ, પરન્તુ, પોતાને સાચા પુષ્ટિમાર્ગીય ગણતા હોય તેઓએ 'વૈષ્ણવ-પરિવાર'માં છપાયેલ લેખ તેઓશ્રીને બતાવીને જાહેર મંદિર બાંધવાની આજ્ઞા તે સાચા પુષ્ટિમાર્ગીયોમાટે બંધનકારી નથી, એવી છૂટ મેળવી લેવી જોઈએ. ભાગવતમાટે તો શ્રીમહાપ્રભુજીની સ્પષ્ટ આજ્ઞા છે :—

પઠનીયં પ્રયત્નેન સર્વહેતુ-વિવર્જિતમ્।
વૃત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ॥
તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચેરત્॥

એટલે પુષ્ટિમાર્ગના પ્રચારમાટે તત્પર રહેનાર જે જીવો હોય તેમનામાટે તો પૂ.પા.બેટીજી ભંડોળી ભાગવત નજ કરે! અલબત્ત જે પ્રવાહિજીવો કે ચર્ષણિજીવો ગાડરિયા પ્રવાહમાં તણાઈને પુષ્ટિમાર્ગમાં ઘુસી ગયા છે, તેમના અનધિકારનો ઊંડો વિવેક દાખવીને એમનેમાટે ક્યારેક એવી ભંડોળી ભાગવત કરતા હશે! ભગવાન્ બુદ્ધે પણ આવા આસુરિજીવોને વિમુખ કરવા બુદ્ધધર્મનો ઉપદેશ શું દેશના ખૂણે-ખૂણે ન્હોતો કર્યો? એટલે આવી પ્રવૃત્તિઓ પાછળનો હેતુ સામાન્ય માણસની સમજમાં ન આવે એ સ્વાભાવિક છે. જે પોતે ધર્મ-પ્રચારનેમાટે પ્રચુર પરિશ્રમ ઉઠાવતાં હોય તેઓ ધર્મવિરુદ્ધ પ્રેરણા, જ્ઞાનદાન કે દ્રવ્યદાન કરે તે કોઈ પણ બુદ્ધિમાન્ માણસના ગળે ઉતરી શકે તેવી વાત નથી.

અલબત્ત ''અન્તઃશૈવાઃ બહિઃશાક્તાઃ સભામધ્યે તુ વૈષ્ણવાઃ'' એવા આધુનિક કથાકારોએ જે આવી (ભંડોળી) સપ્તાહોની શરૂઆત કરી તેમાં આપણા પુષ્ટિમાર્ગીયો તણાઈ જતા હોય તે જોઈને આ માર્ગને બચાવવાનો તેમનો પ્રયાસ લાગે છે. નીતિશાસ્ત્રમાં તેથીજ કહેવામાં આવ્યું છે કે :—



સર્વનાશે સમુત્પન્ને અર્ધં ત્યજન્તિ પંડિતઃ।
અર્ધેન કુરુતે કાર્યં સર્વનાશો હિ દુઃસહઃ॥

સર્વનાશ થતો હોય તો એક અડધા ભાગને જતું કરીને પણ બીજો અડધો ભાગ બચાવી લેવો જોઈએ, કેમકે સર્વનાશ કરતાં અડધો નાશ સારો! આવી સાવધાન જાગરુકતાનું મિથ્યા અર્થઘટન તો નજ થવું જોઈએ. હિમ્મતનગરના પ્રસંગે તેઓશ્રીને લાગ્યું હશે કે હિમ્મતનગરના શૂરાઓ ''અન્તઃશૈવાઃ બહિઃશાક્તાઃ સભામધ્યે તુ વૈષ્ણવાઃ'' કથાકારોના સામાન્ય પ્રવાહમાં તણાઈ રહ્યા છે, એટલે તે વખતે તેમનું અનુકરણ કરનારી કથાદ્વારા—તેમને અપુષ્ટિમાર્ગીય બાહ્ય કથાકારોની કથાનાં આકર્ષણથી મુક્ત કરવા ભંડોળી ભાગવત કર્યું હોય અને સુરક્ષાદાન પણ કર્યું હશે. આવા અર્ધનાશ પછી બચેલા અર્ધાંશની સુરક્ષા કરવાનું સાહસ જો હિમ્મતનગરના પુષ્ટિમાર્ગીય શૂરાઓ નહિ દાખવે તો પ્રારંભમાં વહોરવામાં આવેલ અર્ધનાશનું બલિદાન પણ વ્યર્થ જશે અને સર્વનાશ થઈ જશે! જે લોકો પૂ.પા.બેટીજીના પ્રયાસથી પુષ્ટિમાર્ગીય તરીકે બચી રહ્યા છે, તેમણે હવે સાચી હિંમત દાખવીને જે વાલ્લભ સિદ્ધાંતોનો અર્ધનાશ થયો હોય તેનું સમારકામ કરીને—સુધારીને હવે સર્વાંગપૂર્ણ પુષ્ટિસિદ્ધાંતની અખંડનિષ્ઠા કેળવી લેવી જોઈએ. મક્કમ નિર્ધાર કરવો જોઈએ કે ભંડોળીકથાના કે જાહેર મંદિરના પ્રવાહમાં ઓછામાં ઓછા હિમ્મતનગરના શૂરાઓ તો હવે કદી પણ ભાગીદાર નહીં થાય.

આમાં ગોસ્વામીબાળક સાથે કરવામાં આવેલ વચનભંગના અપરાધથી બીવા જેવી કોઈ પણ વાત મને લાગતી નથી. કેમકે આથી વધારે ભયજનક વાત એ છે કે ગોસ્વામીબાળકોને અગ્નિકુળ તરીકે પૂજ્યતા પ્રદાન કરનાર ગોસ્વામિઓના વંશસ્થાપક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યને જે, તેમના નામે ગળામાં તુલસીની કંઠી ધારણ કરાવતી કે કરતી વખતે વચનો આપવામાં આવેલા છે, તેમનો

ભંગ કરવાની બેદરકારી આપણે દેખાડવા જઈ રહ્યા છીએ.

એટલે કોઈ ગો.બાલક કે બેટીજી ના હજાર રુપિયા પરત આપવા જવામાં પણ તેઓશ્રીના અપમાનની કોઈ વાતજ ઊભી થતી નથી. બલ્કે હિમ્મતનગરના પુષ્ટિ શૂરાઓને બચાવવામાટે તેઓશ્રીદ્વારા કરાયેલા પુષ્ટિસિદ્ધાન્તના અર્ધબલિદાનના ગૂઢ પ્રયોજનની સિદ્ધિ મળી જાણી તેઓ ચોક્કસ પોતાના અમીવચનોથી આશીર્વાદજ આપશે! વલ્લભવંશવિભૂષણ બાલકો યા બેટીજીઓ વલ્લભના સિદ્ધાંતોમાં અખંડનિષ્ઠાની અભિવ્યક્તિથી અપમાનિત થઈ શકેજ નહિ. થાય તો સૂરજ પશ્ચિમમાં ઉગ્યો કહેવાશે! કેમકે ગોસ્વામી બાળક અગ્નિસ્વરૂપ હોય છે તેનું કારણ અન્તે તો અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજીના વંશજ હોવુંજ છે. એટલે આમાં ભય—સંકોચ—સંશયની કોઈપણ જાતની આવશ્યકતા નથી. તેથી પરત કરી શકાય છે.

## પ્રશ્ન (૧૯=૨૧ નો સારાંશ)

**આપણે જુદા-જુદા ગોસ્વામીબાળકોને ઓળખવામાટે ગામનું નામ બોલીએ છીએ, દા.ત., અમરેલીવાળા, પોરબંદરવાળા, સૂરતવાળા, જામનગરવાળા, અમદાવાદ-વાળા વિ.-વિ. તેમજ તે-તે ગામની હવેલીઓને તેમાં બિરાજતા શ્રીઠાકોરજીના નામોથી ઓળખીએ છીએ, ત્યાં મુખિયા-જીઓ સેવા કરે છે તે બધા મંદિરો શું દોષપૂર્ણ છે? તે જાહેર મંદિરોને કારણે શું ત્યાંના વૈષ્ણવો બધા અપરાધી બની ગયા? નહિ તો હિમ્મતનગરના વૈષ્ણવોને લાભથી વંચિત રાખવાનો હેતુ શો? સર્વત્ર સર્વજનોમાટે સિદ્ધાંત તો એકજ હોવો જોઈએ.**



## ઉત્તર (૧૯=૨૧)

ગોસ્વામીબાળકોને ગામના નામે અને હવેલીને શ્રીઠાકુરજીના નામે ઓળખવાની વાતો લોકપ્રચલિત સિદ્ધાંત-અજ્ઞાન અથવા સિદ્ધાંતમાં નિષ્ઠાહીનતા ને આભારી છે. તેથી કોઈ જાતના સૈદ્ધાંન્તિક નિષ્કર્ષ કાઢી શકાતા નથી. દુનિયામાં કોઈક 'ઘેલાભાઈ'ના નામે પ્રસિદ્ધ હોય તેમનું ઘેલા હોવું જરૂરી નથી. મારા એક ઓળખીતા ચરણદાસભાઈ અવારનવાર પૂછતા હોય છે—"બ્રહ્મસંબંધ લીધા પછી પણ અહંકાર જતો નથી તેનું કારણ શું?" તેમજ અમથાલાલભાઈનો પણ ધંધો તો સરખો ચાલે છે—તેઓ કાંઈ અમથાજ ફરતા હોય તેવું નથી.

તેમજ અમરેલીવાળા બાળક મુંબઈ પણ બિરાજે છે. કાંઈ અમરેલીમાંજ બિરાજતા હોય તેવું નથી. જામનગરવાળા બાળકો પણ નડીયાદ-ચાપાંસની વિગેરે અનેક ગામોમાં બિરાજે છે. એટલે ઓળખવાના નામોથી કોઈ પણ સૈદ્ધાંન્તિક કે કાનૂની નિષ્કર્ષ તારવી શકાતા નથી. હવેલીઓમાં, કોઈક હવેલીઓ ત્યાં બિરાજતા ઠાકોરજીના નામે ઓળખાય છે, તો કોઈક મહારાજશ્રીના નામથી પણ. કોઈક વળી ભળતાજ નામથી પણ ઓળખાતી હોય છે. અહીંયાં મુંબઈમાંજ 'યદુનાથજીની હવેલી' 'મોટી હવેલી' 'લાલબાવાની હવેલી' છે. ગોકુળમાં 'મોરની હવેલી' છે, તેથી ત્યાં કાંઈ મોરોની ઠાકોરજી તરીકે સેવા થતી નથી! વળી ક્યાંક સાત સ્વરૂપની જે હવેલીઓ હોય છે, તેમાં સાતમાંથી એકેય સ્વરૂપ હોતું નથી. એટલે આવી ક્ષુદ્ર વાતોના આધારે સૈદ્ધાન્તિક કે કાનૂની નિષ્કર્ષ કાઢવો અત્યન્ત ક્ષુદ્ર વૈચારિકતાજ છે.

જે હવેલિઓમાં મુખિયાજીઓ સેવા કરે છે તે બાબતમાં સૈદ્ધાન્તિક વિટંબણા તનુવિત્તજસેવાના નિષ્ઠુર ભાગલા, દેવલકતાનો અનાચાર વિગેરે દૂષણો તો આપણી નિષ્ઠાવિહીનતાને કારણે આજે આપણને દૂષણ લાગતાજ

બંધ થઈ ગયા છે. હાલમાં, પરંતુ, બંગાલ હાઈકોર્ટે કલકત્તાના પ્રસિદ્ધ વૈકુંઠનાથ મંદિરની બાબતમાં આપેલ ચુકાદો જેવા ભવિતવ્યની સૂચના આપી રહ્યો છે, તેના પ્રત્યે દુર્લક્ષ્ય રાખતા ભવિષ્યમાં વિકરાળ સમસ્યાઓ ઊભી થવાની છે તે ભૂલવા જેવું નથી. જન્મભૂમિ પ્રવાસીના ૧૯મી ફેબ્રુઆરી ૯૧ના અંકમાં આ બાબતના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ટ્રસ્ટમંદિરોમાં વ્યાપાર-ધંધા તેમજ માલિક-નોકર વચ્ચેના સંબન્ધો રહેલા હોય છે તેથી પૂજારી-મુખિયાઓને કામદારની કક્ષામાં અને મંદિરના વહીવટને ઉદ્યોગધન્ધાની કક્ષામાં ગણવું યોગ્ય હોઈ ઔદ્યોગિક કાનૂનો તેમનાઉપર લાગુ થવાજ જોઈએ. જણાવ્યામુજબ હાઈકોર્ટે નોંધ લીધી છે કે જ્યાં માલિક-નોકર વચ્ચેના સંબંધો પ્રસ્થાપિત થાય છે ત્યાં ઉદારતા-ધર્મ, નફા-નુકસાન, સેવા-લોકકલ્યાણ ના મુદ્દાઓ ગૌણ બની જતા હોય છે. ખરી સેવા-ભાવના હોય તો નોકર-માલિકના સંબંધો પ્રસ્થાપિત થઈ શકતા નથી, ત્યાં ઔદ્યોગિક કાનૂન પણ લાગુ થઈ શકતો નથી. પગાર આપીને નોકર તરીકે પૂજારી નીમવામાં આવતા હોય ત્યાં ઔદ્યોગિક કાનૂનમુજબ :—

(૧) વેતન વધારો
(૨) મોંઘવારી ભથ્થું
(૩) સેવાપૂજાની ફરજનો પૂર્વનિર્ધારિત સમય
(૪) અઠવાડિક રજા, હકક રજા
(૫) ભોજન ભથ્થું
(૬) માંદગી ભથ્થું

આટલી સુવિધાઓ અધિકારની રૂહે આપવીજ પડશે.

એટલે યુનિયન પણ બનાવી શકાશે અને મંદિરમાં લોક-આઉટ પણ થઈ શકશે. ટ્રસ્ટીઓના પક્ષ લેનાર મુખિયા, ભીતરિયા, જલઘડિયા વગેરે નોકરોના યુનીયનની રાઈવલરીને કારણે કદાચ ભવિષ્યમાં મર્ડર પણ થશે! "ટ્રસ્ટી — મહારાજ મુર્દાબાદ"ના નારાઓ પણ પોકારવામાં આવશે! અન્તે કાવાદાવાઓ વધશે. મુંબઈના અમારા મોટા મંદિરમાં



દૂધઘરિયા-બાલભોગિયાઓ અધકીની સામગ્રી ધરવામાટે એકસ્ટ્રા પેમેન્ટ (અતિરિક્ત વેતન) ની માંગણી તો કરીજ રહ્યા છે. છતાંય જે વાત સ્વીકારવા આપણે પુષ્ટિમાર્ગીયો તૈયાર નથી થઈ રહ્યા તે છે—શ્રીમહાપ્રભુના ઉપદેશોને નિખાલસ શ્રદ્ધાથી સ્વીકારવાની કે અનુસરવાની! આપણે આવા બધા ભવાડા અને ભગળભમને બંધ કરવાનું સાહસ પેદા નથી કરી શકતા! આથી વધારે એક જીવિત સંપ્રદાયની વિટંબણા કઈ હોઈ શકે?

એટલે ક્યાંના ગોસ્વામિઓ કે ક્યાંના વૈષ્ણવો દોષી છે અથવા તો ક્યાંના નહિ, તેવા નકામા વિચારમાં કિંમતી સમયના વેડફાટ કરવા કરતા શ્રીમહાપ્રભુ દ્વારા ઉપદિષ્ટ દિશા ભણી પુષ્ટિમાર્ગઉપર પહેલું બીજું ત્રીજું ચોથું પાંચમું કે છઠ્ઠું જે ડગલું આપણે ભરી શકતા હોઈએ, તે ભરવાનો પ્રયાસ તાકીદે શરૂ કરવાની સત્વર આવશ્યકતા છે. આથી જે બગાડ આપણે કર્યો છે તે ફરીથી હળવે-હળવે સુધારામાં પરિણત થવા મંડશે. ભરવાની શરૂઆત કોણ કરશે? તમને સમજમાં આવે તો તમે! તમે મારા કરતાં કદાચ પાંચ ડગલાં પાછળ હો તો નિરાશ થવાની કે ઈર્ષ્યા કરવાની આવશ્યકતા નથી, કેમકે હું કોઈક બીજાથી પાંત્રીસ ડગલા પાછળ હોઈશ!! જો પુષ્ટિમાર્ગઉપર ચાલવામાટે દિશાનું ચયન આપણે શ્રીમહાપ્રભુના વચનોને આધારે કરીશું તો કોણ આગળ વધી ગયો કે કોણ પાછળ રહી ગયો તે પ્રશ્ન મુદ્દાનો રહી જતો નથી. મુદ્દાની વાત એ છે કે એક-એક ડગલું ભરીને સાચી દિશા તરફ અભિમુખ થવું :—

અસતો મા સદ્ ગમય! તમસો મા જ્યોતિર્ગમય!!
મૃત્યોઃ મા અમૃતં ગમય!!!

શ્રીમહાપ્રભુદ્વારા ઉપદિષ્ટ સિદ્ધાંતોથી વિપરીત તે ખોટીદિશા તરફ ચાલવું તે જ અન્ધકાર અને મૃત્યુ તરફ લઈ જનારી ખોટીદિશામાં પોતાને ઝંપલાવવું છે. અને ઉપદિષ્ટ દિશા તરફ અભિમુખ થઈ એક ડગલું પણ આગળ

વધવું તે-જ જ્યોતિ અને અમૃતની સાચી દિશા શોધી લેવા જેવું થશે. હિમ્મતનગરના રહેવાસીઓને, પરંતુ, હિમ્મત તો કેળવવીજ પડશે! કિમધિકમ્? અન્તે સિદ્ધાંત તો બધાનેમાટે એકજ હતો-છે-રહેશે, જો આપણે તેમાં નિષ્ઠા રાખીશું તો.

**પ્રશ્ન (૨૦=૨૨ નો સારાંશ)**

**જે ગામોમાં મંદિર નભી શકતા નથી તેવા દાખલા આપવામાં આવ્યા છે. જેમકે ગાબટ, ચોઈલા, ઉભરાણ વિ. આ ગામના ધનિક વૈષ્ણવો ગામ છોડીને મોટા-મોટા શહેરોમાં જઈ વસ્યા છે, તેથી મુશ્કેલી પડે છે. જયારે હિમ્મતનગરમાં તો તે ગામોની જેમ બીજા પણ ગામોના વૈષ્ણવો આવીને વસી રહ્યા છે; અને શ્રીમંત થઈ ગયા છે... નાના ગામોમાં મંદિરો નભવા મુશ્કેલ છે... પરંતુ હિમ્મતનગરની સ્થિતિ બહુ સુદૃઢ છે... બીજા શબ્દોમાં ભયસ્થાન નથી.**

ઉત્તર (૨૦=૨૨)

આ પ્રશ્નની શબ્દાવલી વાંચ્યા પછી કોઈ પણ બહારના વિચારકને એમ લાગ્યા વિના નહિ રહે કે પુષ્ટિભક્તિ ધનિકોનીજ કાંઈક તૂત છે. નિષ્કિંચન પદ્મનાભદાસ જેવા, સૂત કાંતનારી કિશોરીબાઈ જેવા વૈષ્ણવોની જૂની વાર્તાઓ ચોક્કસ ટાઢા પોરના ગપગોળાજ હશે! કોઈક ગામમાં ધનિકો વસતા હોય તોજ પુષ્ટિધર્મ નભી શકે છે — નિર્ધનોના ગામમાં સર્વસમર્થ પુષ્ટિપ્રભુ પણ પુષ્ટિમાર્ગીય રીતે નભવા અસમર્થ બની જતા હશે! ત્યારે પુષ્ટિભક્તિના સાચા અધિકારી



તો પછી ધનિકોજ થયા — નિષ્કિંચન વૈષ્ણવો નહિ!! પુષ્ટિભક્તિ ધન વિના પણ નભી શકતી હોય તો ગાબટ, ચોઈલા કે ઉભરાણ ગામોના જે ઉદાહરણો આપવામાં આવ્યા છે ત્યાં મંદિરો હતાંજ, પછી ત્યાંના વૈષ્ણવો બહારગામ ગયા તો શું થયું પોતાના ગામના મંદિરોની કાળજી ન રાખી શકે? ધારો કે પોતાના પરિવારમાં માતા-પિતાને કે પત્ની-સંતતિને ગામમાં છોડીને બહારગામ કમાવવા સારૂ ગયા હોત તો શું પોતાના પરિવારને સાવ ભૂલીને ફક્ત કમાઈમાંજ મશગુલ થઈ શક્યા હોત? એટલે જે પ્રભુને સર્વસ્વસમર્પણ કરવાની ભાવના રાખી હોય તેમને ફક્ત બહારગામ જતાંજ શું આવી રીતે ભૂલી શકાય? જો ભૂલી ન ગયા હોય તો બહારગામ જવાથી નભાવમાં કેમ મુશ્કેલી ઊભી થવી જોઈએ? અખાત દેશોમાં નોકરી કરીને કમાવા જે ભારતીયો ગયા છે, તેમના પરિવારોની આર્થિક સ્થિતિ અહીંયાં ભારતમાં સુધરી છે કે નહિ? એટલે મંદિરોના નભાવમાં ઊભી થતી મુશ્કેલી તે-તે મંદિરોમાં ગ્રામનિવાસ દરમ્યાન દરસન-ભેટ-પ્રસાદના લાભ લેનારી દર્શનાર્થી જનતાની મંદિરનિષ્ઠા કરતા અર્થોપાર્જનની નિષ્ઠાને વધારે સદ્ધર સિદ્ધ કરે છે — જ્યારેકે મંદિરનિષ્ઠાને સાવ અદ્ધરજ! તેથી ફરીથી એક વખત સિદ્ધ થાય છે કે ભક્તિના ભવાડા કરનાર આ મંદિરો જનતામાં પુષ્ટિભાવનું પોષણ કરવામાં સાવ નકામા છે.

પરમાત્મા કોઈ દહાડો પણ ન કરે એવું, છતાંય ધારો કે કાલે હિમ્મતનગરની પ્રગતિશીલતામાં ઘટાડો આવે, તો ત્યાંની વૈષ્ણવ જનતાને બીજે કશે પલાયન કરવું પડશે, ત્યારે ચોક્કસજ હિમ્મતનગરના મંદિરોનો પણ નભાવ મુશ્કેલી ભરેલો નહિ થઈ જાય તેની ગેરંટી શી?

ઘરસેવામાં બિરાજતા શ્રીઠાકોરજી ઘરના લોકો બહારગામ જાય તો સાથે પધારવા સ્વતંત્ર હોય છે. મંદિરના કારાગૃહમાં, પરંતુ, કેદ ઠાકોરજી એ લાભથી વંચિત રહી જતા હોય છે! હાલમાં અહીંયાં મુંબઈની

નજીકમાં આવેલ એક ગામમાં વૈષ્ણવોની સંખ્યા આમજ ઓછી થતાં તેમજ મંદિર જીર્ણ-શીર્ણ થતાં તે ગામના બીજા વિસંપ્રદાયી ધનિકોએ કહ્યું કે ગામના ધનિકોની એક કમિટી બનાવો પછી બધું કામ સરળ બની જશે. આમ પૈસાના આકર્ષણે ધર્મના સ્વાભિમાનને દબાવી દીધો! પછી તો તે મંદિરના મકાનનો જીર્ણોદ્ધાર એવો થયો કે તેમાં પુષ્ટિભક્તિનું ભવન કકડભુસ થઈને ભાંગી પડ્યું! જીર્ણોદ્ધાર કરાવવાના હેતુથી મંદિરની વ્યવસ્થા-સમિતિના સદસ્ય વિસંપ્રદાયી ધનિક બન્યા, ત્યારે તેમને નાનકડા પુષ્ટિમાર્ગીય સ્વરૂપના સરખા દર્શન ન થતાં હોવાથી, તે મંદિરમાં હનુમાનજી, દેવી કે વિઠોબાની મોટી મૂર્તિઓની સ્થાપનામાટે તેઓ હઠ કરી રહ્યા છે. ત્યાંના પુષ્ટિમાર્ગીયો આ સમિતિમાં લઘુમતિમાં આવી ગયા છે. તેથી મને તે ગામના ધનિક લોકોને સમજાવવા આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું. મે કહ્યું કે "પુષ્ટિસ્વરૂપની કોઈ ઘરમાં ખાનગી સેવા કરવા તમારામાંથી કોઈ તૈયાર હોય અને તે મર્યાદામાર્ગીય ધનિકોના પૈસાથી જીર્ણોદ્ધાર થયેલ (ના! ના!! ના!!! ભાંગી પડેલ તથાકથિત પુષ્ટિમાર્ગીય) મંદિરમાંથી સત્વર પુષ્ટિપ્રભુને ખસેડવામાટે ત્યાંના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો તૈયાર થાય તોજ હું તે ગામમાં આવું. એટલે મને આપવામાં આવેલ આમંત્રણ રદ્દ કરવામાં આવ્યું! આ મારું પરમ સૌભાગ્ય હું માનું છું.

અન્તે આવા મંદિરો કે ગાબટ, ચોઈલા કે ઉભરાણના મંદિરો, બીજાની વાત જવા દો, પુષ્ટિસૃષ્ટિમાં પણ પુષ્ટિભક્તિના ભાવ જગાડવામાં હાસ્યાસ્પદ રીતે નિષ્ફળ નિવડ્યા છે, આના પુરાવાઓસમા છે! હૉટેલ બાર ક્લબ સીનેમા થિયેટર ના શોખીનો એક ગામથી બીજા ગામે જાય, તો ત્યાંની હૉટેલ બાર ક્લબ સીનેમા થિયેટર ને શોધીને પોતાનો શોખ પૂરો કરી લેતા હોય છે. તેમજ મંદિરોના શોખીનો જે ગામમાં જઈ ચઢે તે ગામના મંદિરને શોધીને તેમાં થતા ભવાડાને જોવાનો લાભ લઈ લેવાનો પોતાનો



શોખ પૂરો કરી લેતા હોય છે! આ સ્વરૂપાસક્તિથી સર્વથાવિહીન તેમજ સ્વરૂપસેવાનિષ્ઠાથી પણ વિહીન ભગતીને પુષ્ટિભક્તિ ક્યે મોઢે કહી શકાય છે તે સમજાતું નથી! પોતાની પત્નીને ચાહનાર એક પતિ પરદેશ પણ ગયો હોય તો ત્યાંથી પોતાની પત્ની પ્રત્યેના પ્રેમભાવની લાગણી પત્રવ્યવહારદ્વારા વ્યક્ત કરે છે, તેમજ પત્નીના જીવનોપયોગી સુખસુવિધાની મનીઑર્ડરદ્વારા પૂરતી કાળજી લેતો હોય છે. કૉલગર્લની, પરંતુ, ચાહના રાખનારા શોખીનો જે ગામમાં જઈ ચઢે, ત્યાંની કૉલગર્લને શોધીને દર્શન-પ્રસાદનો લાભ લઈને ભેટ-ન્યોછાવર કર્યા પછી એની કાળજી લેતા હોય એવું સંભવ લાગતું નથી! તેવી ગતિ આધુનિક પુષ્ટિમાર્ગના મંદિરવાદિઓની પણ હોય છે. પોતાને માથે બિરાજતા સ્વરૂપમાં સ્વરૂપાસક્તિ રાખી તેમની કાળજી રાખવાનો ભાવ નભાવી શકે તે તો મંદિરવાદી નહીંજ હોય.

હાલમાં નાથદ્વારાનિવાસી એક મંદિરવાદી ભટ્ટ લાલાજીનો "મંદિર પ્રથા વિરોધી આંદોલન" મથાળાવાળો લેખ મને જોવા મળ્યો. પોતાની વલ્લભવંશજ ગોસ્વામિવર્ગ પ્રત્યે રહેલી વર્ગવિદ્વેષની અસ્વસ્થ માનસિકતા તેમજ પુષ્ટિધર્મની બાબતમાં અતિશય અસ્પષ્ટ વિચારધારાથી આ લેખ ભરપૂર છે. તે છતાંય આ લેખમાં પોતાના અગડંબગડં વિચારોને જે સાહસ સાથે રજૂ કરવામાં આવેલ છે તે બદલ હું તેમને હાર્દિક અભિનંદન આપીને આ પ્રશ્નોત્તરીમાં તેમણે કરેલા આક્ષેપોની પણ છણાવટ કરી લેવાની છૂટ લઈ લેવા માંગુ છું.

તે પહેલાં એક મૌલિક ખુલાસો વધારામાં આપવા માંગુ છું:તે આ કે મારી વૈચારિક રુચિ સામાન્ય દોષવિશ્લેષણદ્વારા સામાન્ય પરંતુ આદર્શ ગુણોના પ્રેરક નિષ્કર્ષ કાઢવાની હોય છે. જો કે દરેક વખતે આમાં હું સફલ થાઉં છું તેવો દાવો તો ન કરી શકું, છતાંય હૃદયની ચાહના એવી અવશ્ય રહે છે, પરંતુ આદર્શ

ગુણોના વિશ્લેષણદ્વારા વ્યક્તિગત કે વર્ગગત દોષોને ફક્ત ઉઘાડા પાડવાની વિચારશૈલી મને રુચતી નથી. જોકે તેનેય ક્યારેક પરાણે સ્વીકારવી તો પડેજ છે. જ્યારે-જ્યારે મને એમ કરવા બાધિત થવું પડે છે ત્યારે-ત્યારે હું મારી લેખનીને ધિક્કારતો હોઉ છું.

મને ગમે કે પોતાની માંદગી પ્રત્યે ગાફેલ માણસને તેની માંદગીથી વાકેફ કરીને સ્વસ્થ થવાની સલાહ-સૂચના આપી શકું; પરંતુ પોતાની તંદુરસ્તીની મસ્તીમાં હરતા-ફરતા માણસમાં સંભાવિત માંદગીની શંકા-કુશંકાઓ જગાડીને તેની મસ્તી ઝૂટવી લેવી તેને હું મહાન્ અપરાધ ગણું છું. જોકે મારાથી પણ ક્યારેક આવું કૃત્ય થઈ જતું હોય છે, તો પણ! એટલે આ બાબતમાં મારું મૂલ્યાંકન, જો કે તેઓએ મારો નામોલ્લેખ નથી કર્યો, તે છતાંય ઉપરોક્ત લાલાજીને હું આપવા માગુ છું.

આ આક્ષેપાત્મક લેખ ઘણો લાંબો હોવાથી તેનો સારાંશ અહીંયાં આપી રહ્યો છું:—

**આક્ષેપો:—**

(ક/૧)સ્વગૃહમાં સ્વતનુવિત્તના સાધનથી સ્વપરિજનોના સહયોગથી કરવામાં આવતી ભગવત્સેવાનો વિચાર ફક્ત પાંચ-દસ વરસનો નાનો બાલક-વિચાર છે.

(ક/૨)આ વિચાર માર્ગની શ્રદ્ધાળુ જનતાનાં હૃદયમાં માર્ગની બાબતમાં શંકા-કુશંકાઓ પેદા કરે છે; અને આવી ચપળતાના દૂરગામી પરિણામરૂપે માર્ગમાં આત્મઘાતી ફાંટા પડી જશે.

(ખ/૧)આ આન્દોલન, ગોસ્વામીબાળકોના મંદિરોઉપરથી તેઓના માલિકીના હકકો દિવસે-દિવસે જે ખંડિત થઈ રહ્યા છે તે, સ્વાર્થહાનિની ભીતિથી પ્રેરિત થઈને ચલાવવામાં આવી રહ્યો છે.

(ખ/૨)આમાં વૈષ્ણવોનો કાંઈ વાંક છેજ નહિ. કેમકે વૈષ્ણવોને તો મોટે ભાગે ગોસ્વામી બાળકો પ્રત્યે અન્ધશ્રદ્ધાળુ બનાવીને રાખવામાં આવ્યા છે; અને વૈષ્ણવોનું આર્થિક શોષણ કરવા જાતે ગોસ્વામી બાળકોએ તે અંધશ્રદ્ધાને



પોષણ આપ્યું છે—આજ દિવસ સુધી આપવામાં આવી રહ્યું છે.

(ખ/૩)આમ પોતે વાવેલ વિષબીજના ફણગા હવે જ્યારે ફૂટવા મંડ્યા ત્યારે મંદિરવિરોધી આંદોલનની બાલિશ રમત રમવા કરતા શ્રીમહાપ્રભૂપદિષ્ટ વિવેકધૈર્યાશ્રય રાખવા જોઈએ. નહિતો બાકી બચેલો થોડો ઘણો પ્રભાવ પણ જે હાલ સમાજઉપર છે તે ખતમ થઈ જશે.

(ગ/૧)પુષ્ટિમાર્ગીય મંદિરની પરંપરાના મૂળિયા શ્રીગુસાંઈજીના સાત બાળકો દ્વારા પોત-પોતાના નોખા-નોખા ઠાકોરજીની નોખી-નોખી સેવા કરવાની ઐતિહાસિક હકીકતમાં રહેલ છે.

(ગ/૨)શ્રીનાથજીએ પોતે શ્રીમહાપ્રભુજીને મંદિર બાંધવાની આજ્ઞા આપી હતી. તેનું 'અનુશરણ' (આક્ષેપકર્તાનો અભિપ્રાય કદાચ 'અનુસરણ' શબ્દનો પ્રયોગ કરવાનો હોવો જોઈએ ) શ્રીગુસાંઈજીના સાત બાળકો સુધી થયું. પાછળથી તે પુષ્ટિપ્રણાલીની સેવાના પ્રચારમાટે સર્વત્ર મંદિર બંધાયા.

(ગ/૩)સર્વમાન્ય „સર્વોત્તમસ્તોત્ર મુજબ "ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્ — જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્ — ભક્ત્યાચારોપદેષ્ટા કર્મમાર્ગપ્રવર્તક: — પતિતપાવન: — સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ — પતિવ્રતાપતિ:" નામોના અભિપ્રાયનો વિચાર કરતા શ્રીમહાપ્રભુજીએ ભૂતલઉપર પુષ્ટિભક્તિના પ્રચારાર્થે સ્વવંશગુરુવાદ ચલાવ્યો. તેથી મંદિરોદ્વારા જનતાને શ્રીકૃષ્ણભક્તિનું શિક્ષણ આપવુંજ ગોસ્વામી બાળકોનું પરમ કર્તવ્ય છે, તે કર્તવ્યથી વિપરીત તેમજ વર્ણાશ્રમધર્મથી પણ વિરુદ્ધ પોતાના શોખમોજમાં મંદિરોની આવકને વાપરવા સામે જનવિરોધને કારણે આજે મંદિરો પબ્લિક ટ્રસ્ટ બન્યા છે. તે સ્વાર્થહાનિથી પ્રેરિત થઈને હવે મંદિરોનો વિરોધ કરનારા ગોસ્વામીબાળકોનું ગુરુપદોચિત માહાત્મ્ય તો દૂર પણ ગુરુદ્વારપદોચિત માહાત્મ્ય પણ નષ્ટ થયેલું સમજવું જોઈએ. તેથી મંદિરોદ્વારા પુષ્ટિભક્તિનો ઉપદેશ આપી પોતાનાં વર્ણાશ્રમોચિત કર્મનું (કર્મ કરાવનાર પુરોહિતોનું પણ ખરૂં કે નહિ?:ગો.

શ્યા. મ.) પોષણ કરીને પતિતોને પાવન કરવા જોઈએ. જેઓ આમ નથી કરતા તે ગોસ્વામીબાળકો 'પતિવ્રતાપતિ:' નામની વ્યાખ્યામાં દર્શાવેલ બીજક્ષેત્રમાં તારતમ્યના ઉદાહરણો છે.

તેથી મંદિરવિરોધી આંદોલન નિર્મૂલ છે.

આ આક્ષેપોનું ક્રમશ: સમાધાન :—

દક્ષિણ ભારતથી શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણ જ્યારે અડેલ-ગઢા-મથુરા-ગોકુલમાં સ્થિર ઘર બાંધીને રહેવા લાગ્યા, ત્યારે બીજા પણ કેટલાક તેમના સજાતીય ભટ્ટોના પરિવારો ઉત્તરમાં જ્યાં-ત્યાં આવી વસ્યા હતા. તેમાંથી કેટલાક પુષ્ટિમાર્ગમાં દીક્ષિત પણ થયા હતા: તેમજ શ્રીમહાપ્રભુના પરિવાર સાથે વૈવાહિક સંબંધોથી પણ જોડાયા હતા. બીજા કેટલાક જુદા-જુદા સંપ્રદાયોમાં જોડાઈને ત્યાં આદરણીય ગુરુપદ પણ મેળવી શક્યા હતા; અને આજે પણ તેમના વંશજો ગુરુપદ ભોગવી રહ્યા છે. જોકે સાંઈઠ-સિંતેર વર્ષો પૂર્વ સુધી તેમની સાથે વલ્લભવંશજ ગોસ્વામિઓનો સંબંધ રહ્યો ન્હોતો પરંતુ હાલમાં ફરીથી જોડાવા મંડ્યો છે. જેઓ, પરંતુ, પુષ્ટિમાર્ગમાં દીક્ષિત થયા તેમનામાં કેટલાક પોતે સમૃદ્ધ હોવાથી ગોસ્વામીબાળકો પ્રત્યે કોઈ વર્ગવિદ્વેષનો ભાવ રાખતા નથી. સગા-સંબંધી હોવા છતાંય બીજા કેટલાક પોતાની આર્થિક-સામાજિક વિષમતાને કારણે ગોસ્વામીબાળકો પ્રત્યે વર્ગવિદ્વેષની માનસિક ગ્રન્થિથી પીડાતા હોય છે. તે એક માનવીય દુર્બલતાને ક્ષમ્ય ગણીનેજ આપણે સરખો વિચાર પ્રસ્તુત પત્રના લેખની બાબતમાં કરી શકીશું અન્યથા નહિ. કેમકે તેમાંના કેટલાક આજે ગોસ્વામીબાળકો પ્રત્યે તીવ્ર અને અસહ્ય ઈર્ષ્યા-પ્રતિસ્પર્ધાની માનસિક રુગ્ણતાની ગ્રંથિથી જકડાયેલાજ હોય છે. એટલે જે-તે પ્રસંગે પોતાના આંતરિક અમર્ષનો વિષ બહાર કાઢવાની વૃત્તિઉપર કાબૂ ન પામવા તેઓ બિચારા લાચાર છે.

કોઈક માને કે ન માને પરંતુ અન્તર્યામી પરમાત્મા જાણી શકે છે કે મારું આ 'સેવાનો સિદ્ધાંતશુદ્ધ પ્રકાર'



લેખન આવી કોઈ પણ આન્તરિક ઈર્ષ્યા-પ્રતિસ્પર્ધા-અસૂયાની અભાવાત્મક લાગણીથી પ્રેરિત નથીજ. તેમજ વલ્લભવંશજો દ્વારા અંધશ્રદ્ધાળુ બનાવીને તથાકથિત આર્થિક શોષણનો શિકાર બનેલી વૈષ્ણવ જનતાના પ્રતિનિધી ટ્રસ્ટીઓ પ્રત્યે પણ પ્રતિશોધની ભાવનાથી પ્રેરાઈ આ લખાણ લખવામાં નથી આવી રહ્યું. તેમજ મંદિરોમાં વૈષ્ણવ જનતાના કાનૂની અધિકારો પ્રત્યે પણ ઈર્ષ્યા પ્રતિસ્પર્ધા કે અસૂયા થી પ્રેરિત આ લેખન નથીજ.

મારો સ્પષ્ટ અભિપ્રાય આમ છે કે ગોસ્વામીબાળકોનો પુષ્ટિ-સંપ્રદાયમાં, 'ગુરુપદ' કહો કે 'ગુરુદ્વારપદ' કહો જે કાંઈ પદ તેઓ ભોગવતા હોય તે, પુષ્ટિમાર્ગના અનુગામિઓમાટે ઊંચો પદ હતો, છે અને રહેશે. પરંતુ જે પુષ્ટિમાર્ગના અનુગામિઓ નથી; જેમાં ગોસ્વામીબાળકોના સજાતીય ભટ્ટ વર્ગ અને અસજાતીય સામાજીક વર્ગો દા.ત. શિક્ષક, ડોક્ટર, વકીલ વિગેરે આવી જાય છે, તેમની સાથેના વ્યવહારમાં ગોસ્વામી બાળકોએ નાહક ગુરુપદનો ફાંકો રાખવો જોઈએ નહિ. સામાન્ય સદ્ગૃહસ્થોચિત વિનમ્રતા શાલીનતા સૌજન્યયુક્ત વ્યવહારજ આવાઓ સાથે નભાવવો જોઈએ. તેમજ સાથોસાથ જે સજાતીય બંધુવર્ગ છે, તેઓને પણ જો અમારા પ્રત્યે અસૂયાગ્રંથિની કોઈ આંતરિક અડચણ હોય તો તેનું માનસિક તજજ્ઞો પાસે જઈને નિરાકરણ કરાવવું જોઈએ.

આ પુષ્ટિમાર્ગના ગાડાના બે પૈડાઓ જેવા ગોસ્વામીબાળકો તેમજ વૈષ્ણવ જનતા એ પણ પરસ્પર શુદ્ધ સિદ્ધાંતના વિચારે એક-બીજાના હકકોની આમન્યા જાળવવી જોઈએ. એક-બીજાના આર્થિક શોષણ કે કાયદાકીય શોષણની આત્મઘાતી સ્પર્ધામાં ઉલઝવું જોઈએ નહિ.

આ એક પ્રાથમિક ખુલાસા પછી અમારા સજાતીય બંધુએ કરેલ આક્ષેપોના સમાધાન આપણે ક્રમશ: જોઈ લઈએ :—

(ક/૧) જેઓ આ વિચારોને ફક્ત પાંચ-દસ વરસનો

'બાળક-વિચાર' કહે છે તેઓએ, શ્રીમહાપ્રભુજીથી લઈને આ લેખનમાં આપેલ કેટલાબધા જુના બાળકોના ઉદ્ધરણો કાં તો વાંચ્યાજ નથી; અને જવાબ લખી કાઢવાની બાલિશતા દાખવી છે. અથવા તો આ લેખનમાં રહેલા ગંભીર મુદ્દાઓને સમજી શકવાનું બૌદ્ધિક સામર્થ્ય નિસર્ગથી તેમને મળ્યું નથી એમ કહેવું પડશે.

(ક/૨) કોઈપણ વિશેષ સંપ્રદાય તેના મૌલિક સિદ્ધાંત અને સાધના-પ્રણાલીની લાક્ષણિકતાને જાળવવાની સફલતા કે વિફલતા ને કારણે જીવિત રહી કે મૃત બની જતો હોય છે. તેથી સૈદ્ધાંતિક શુદ્ધતાના વિચારને કારણે ફાંટા પડે તો સમજવાનું કે જે ફાંટો શુદ્ધ સિદ્ધાંતને અનુસરે છે તે જીવિત છે; અને જે વિકૃત સિદ્ધાંતોને અનુસરે છે તે મૃત છે. આપણા શરીરમાં પણ કોઈક અંગની વિકૃતિને કારણે આખા શરીરનો નાશ થવાનો હોય તો ડોકટરો તે અંગને કાપીને (એટલે શરીરમાં ફાંટા પાડીને) પણ સમગ્ર શરીરને જીવિત રાખવાનો પ્રયાસ કરતાજ હોય છે. એટલે જિજીવિષાથી ફાંટા પડે તોય વાંધાજનક કોઈ વાત નથી; અને મુમૂર્ષા (મરવાની ઈચ્છા) થી આ શરીરમાં કેંસરથી વિકૃત અંગને સાંખી લેવાની વાત પણ સ્વસ્થ વિચાર તરીકે માન્ય થઈ શકતી નથી. એટલે સરલ શ્રદ્ધાળુ વૈષ્ણવજનતાને તેઓની શ્રદ્ધાના શરીરમાં વિકૃત પ્રણાલિકાના કેંસરના ગુમડા પ્રત્યે સશંક કે સભાન બનાવવામાં કોઈજાતનો વાંધો મારી માન્યતામુજબ હોવો જોઈએ નહિ.

(ખ/૧) ગોસ્વામીબાળકોના પુષ્ટિમાર્ગીય મંદિરોઉપરથી માલીકી હકકો ખંડિત થઈ રહ્યા છે, તે કારણે સ્વાર્થહાનિથી પ્રેરિત થઈને આ આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે, એમ આ કહેનારાઓને કાં તો પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોનું ભાનજ નથી — અથવા તો તે સિદ્ધાંતોમાટે શ્રદ્ધાવાન નથી — અથવા તો પુષ્ટિમાર્ગ અને તેના ગુરુઓ માટે કોઈક અસૂયાતિરેક પણ હોઈ શકે છે — અથવા ત્રણેય



કારણો એકીસાથે પણ કોઈક વ્યક્તિના ઉદાહરણમાં સંભવી શકે છે! તેમાંથી આક્ષેપકર્તા આમાંથી ક્યા કારણથી પ્રેરિત થઈને આવા આક્ષેપો કરી રહ્યા છે, તે તેમણે અન્તર્નિરીક્ષણદ્વારા શોધી કાઢવું જોઈએ. શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણની કૃપાથી પ્રભુપ્રદત્ત બુદ્ધિસામર્થ્યમુજબ અમે પુષ્ટિમાર્ગીય મૂલ ગ્રન્થોનો અભ્યાસ કર્યો છે, તેથી અમને સમજ અને શ્રદ્ધા બન્ને છે. પુષ્ટિમાર્ગાચાર્યના વંશમાં પ્રભુકૃપાથી જન્મ પ્રાપ્ત થયેલ હોવાથી પુષ્ટિમાર્ગ કે તેમના ગુરુવંશ પ્રત્યે પ્રશ્નકર્તાભાઈની માફક કોઈ વર્ગવિદ્વેષની મનોગ્રન્થિની આંતરિક પીડા પણ નથી. તેથી આ પુષ્ટિમાર્ગીય ગુરુવર્ગ કે અનુગામિવર્ગની આલોચના પણ આત્મવિશ્લેષણની વૃત્તિથીજ ફક્ત પ્રેરિત છે. સંપ્રદાયવિદ્વેષ કે વર્ગવિદ્વેષને આમાં કોઈ અવકાશજ નથી.

(ખ/૨) ખરેખર આ કારણેજ અમે તો શપથપત્રમાં પણ સુસ્પષ્ટ શબ્દોમાં "આપણા દિવ્ય સંપ્રદાયની આવી દુર્ગતિ કરવાની જિમ્મેદારી વૈષ્ણવોઉપર છે કે મહારાજશ્રીઓઉપર એ વિવાદનો સમય હવે વીતી ગયો છે" તેવું વિધાન હૃદયથી સ્વીકારીને તેનાઉપર હસ્તાક્ષર કર્યા છે. જો મહારાજશ્રીઓના વાંકે આવી વિકૃતિ આપણા માર્ગમાં શરુ થઈ તો તેને અનુસરવાનો દોષ કે અપરાધ વૈષ્ણવોનો પણ છેજ; અને વૈષ્ણવોના વાંકે આ વિકૃતિ આપણા માર્ગમાં શરુ થઈ તો તેનો વિરોધ ન કરવાનો વાંક મહારાજશ્રીઓનો પણ છેજ. તેથી અમારા મને મુખ્ય મુદ્દો વાંક તમારો કે અમારો, કોનો છે, તે બાબતનો ન હોઈ, વાંક આપણોજ — એટલે ગોસ્વામિબાળકોનો હોય તો વૈષ્ણવોનો પણ; અને વૈષ્ણવોનો હોય તો ગોસ્વામિબાળકોનો પણ — છેજ. મુખ્ય મુદ્દો ખરેખર આ વિકૃતિ સ્વસિદ્ધાંતમુજબ વાંક છે કે નહિ; અને હોય તો તેને દૂર કેમ કરવાની, તે બાબતનોજ છે.

આ વિવાદમાં, તેથી, પુષ્ટિમાર્ગસંપ્રદાય કે તેના ગુરુવર્ગ પ્રત્યે પ્રશ્નકર્તા ભાઈની માફક વર્ગવિદ્વેષ રાખનારાઓને વચમા

પડીને વૈષ્ણવોની વકાલત કરવાની કોઈ આવશ્યકતા નથી. કેમકે વૈષ્ણવો સાચા શ્રદ્ધાળુ હોય તો અને ખોટા અંધશ્રદ્ધાળુ હોય તોય અમારાજ છે. તેમજ ગોસ્વામી મહારાજો વૈષ્ણવોની શ્રદ્ધાના પોષક હોય કે તેમની અંધશ્રદ્ધાના શોષક હોય, કોઈ પણ સંજોગોમાં વૈષ્ણવોના હતા, છે અને રહેશે. તેમાં બીજાએ માથાફોડી નાહક શામાટે કરવી જોઈએ? જેનામાં ખમીર હોય તે અમારા અનુગામી વૈષ્ણવોને પોતાના અનુગામી બનાવી લે! અમે ક્યાં કોઈ વૈષ્ણવને ગનપૉઈન્ટઉપર પુષ્ટિમાર્ગનાજ અનુગામી રહેવામાટે બાધિત કરીએ છીએ? આજે કેટલાક વૈષ્ણવો સ્વામીનારાયણ પંથમાં, કેટલાક સ્વાધ્યાય-ચળવળમાં, તો કેટલાક ગાયત્રીપરિવારમાં, તો કેટલાક બ્રહ્માકુમારી વિગેરે સંપ્રદાયોમાં જોડાઈ ગયા છે. ક્યો ગોસ્વામી બાળક કોને પરાણે પુષ્ટિમાર્ગમાં ગોંધી રાખવામાટે ઝઘડો કરવા ગયો? એક ઉદાહરણ આપો!

(ખ/૩) પુષ્ટિમાર્ગ અને તેના ગુરુપદે સ્વવંશનું સ્થાપન કરનાર શ્રીમહાપ્રભુના વિવેકધૈર્યાશ્રયનો ઉપદેશ, તેમનાજ વંશજોને તેઓનીજ સાથે વર્ગવિદ્વેષ રાખનારે, આપવાની કોઈ આવશ્યકતા નથી અને ખરેખરજો પ્રશ્નકર્તા ભાઈ શ્રીમહાપ્રભૂપદિષ્ટ વિવેક, ધૈર્ય અને આશ્રયના ઉપાયમાં હાર્દિક શ્રદ્ધા ધરાવતા હોય તો સહુથી પહેલા તો "વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ" ઉપદેશમાં વિશ્વાસ રાખી આ મારા વિધાનોને પણ હરીચ્છાથી પ્રેરિત માની મૌનસેવન કરવું જોઈતું હતું. જો પોતે ધર્માધર્માગ્ર-દર્શનનો વિવેક અમને સમજાવવા માગતા હોય તો, પુષ્ટિમાર્ગીયોમાં ધર્માધર્મનો વિવેક અમે શ્રીમહાપ્રભુના ષોડશગ્રન્થથી સમજીશું, આક્ષેપકર્તાની રુગ્ણ માનસિકતાથી તો નહીંજ. જો પુષ્ટિમાર્ગીય મંદિરોઉપરથી માલિકીના હક્કો જતા રહેવાને કારણે "ત્રિદુઃખસહનં ધૈર્યમ્" આજ્ઞામુજબ આધિભૌતિક, આધ્યાત્મિક કે આધિદૈવિક જે કાંઈક હોય તે દુઃખને સહન કરવાની અમને કોઈ ભલામણ કરવા માંગતો હોય તો પુષ્ટિમાર્ગીય મંદિરો પછી તે શ્રીઠાકુરજીના નામે ચાલતા



હોય કે શ્રીયમુનાજીના નામે તે મંદિરોથી સંકળાયેલ આર્થિક સ્વાર્થહાનિને પણ સહન કરી લેવાની ધીરતા દાખવવી જોઈએ. જો શ્રીયમુનાજીના કે તેવા બીજા કોઈ મંદિરોની આર્થિક સુરક્ષામાટે "પ્રતીકારો યદચ્છાતઃ સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્" આજ્ઞામુજબ અમારા આંદોલનના પ્રતીકારરૂપે આવા આક્ષેપો કરવાની છૂટ લેવી હોય, તો અમને પણ પ્રતીકારરૂપ છૂટ શ્રીમહાપ્રભુએ આપેલીજ છે. આશ્રય તો સમગ્ર જગત્‌ના પ્રભુ છેજ, તેથી અમારા પણ છેજ, આમાં તો કહેવાપણું કાંઈ છેજ નહિ. હકીકતમાં તો તે ભગવદાશ્રયમાં નિષ્ઠાને કારણેજ અમને લાગે છે કે સાચા સિદ્ધાંતોથી વાકેફ થતા પુષ્ટિસૃષ્ટિ, પુષ્ટિમાર્ગમાંથી જાહેર મંદિરોના સડાને નાબૂદ કરવા પ્રભુકૃપાથી ક્યારેક તો સફળ થશેજ. તેમ કરતા આમ જનતામાં અમારો પ્રભાવ ખતમ પણ થાય તો તે એટલું વાંધાજનક નથી, જેટલું પુષ્ટિજીવોના હૃદય-બુદ્ધિ-વ્યવહારઉપર શ્રીમહાપ્રભુના દિવ્ય સિદ્ધાંતોના પ્રભાવનું ખતમ થઈ જવું અમને વાંધાભરેલું લાગે છે!

(ગ/૧) પુષ્ટિમાર્ગમાં એક વિકૃતિના રૂપે ચાલી નીકળેલી જાહેર મંદિર-પ્રણાલીના મૂળિયા સાત બાળકોની પોત-પોતાના નોખા-નોખા સેવ્યસ્વરૂપની સેવાપ્રણાલી સાથે કોઈજાતનો સંબંધ ધરાવતા નથી. નહિતો 'સાત મંદિરોની સેવાપ્રણાલિકા' કહેવાત. 'સાત ઘરોની સેવાપ્રણાલિકા' નહિ. તેથી આ વિધાન તો પુષ્ટિમાર્ગના સિદ્ધાંતના અજ્ઞાનની માફક ઈતિહાસના પણ અજ્ઞાનની સાબિતી આપનારૂં છે.

(ગ/૨) શ્રીનાથજીએ જ્યારે જાહેર મંદિર બાંધવાની આજ્ઞા આપી, ત્યારે શ્રીમહાપ્રભુએ શ્રીનાથજીની સેવા ગેરપુષ્ટિમાર્ગીય બંગાળીઓને સોંપી હતી; અને શ્રીમહાપ્રભુના સેવક અચ્યુતદાસ સનોડિયા—જેમના દર્શન કરવા શ્રીગુસાંઈજી દરરોજ પધારતા હતા એવા મહાનતમ ભગવદીયે પણ શ્રીમહાપ્રભુની આજ્ઞા હોવા છતાંય શ્રીનાથજીની સેવા કરવાની આજ્ઞા શિરોધાર્ય કરી ન્હોતી—"તબ અચ્યુતદાસકોં નામનિવેદન કરાય કહેં—'તુમ શ્રીગોવર્ધનધરકી સેવા કરો!' તબ અચ્યુતદાસ શ્રીઆચાર્યજીકોં દંડવત કરિ બિનતી

કિયે—'મહારાજ! મોપર એસી કૃપા કરો જો એકાન્તમેં બેઠિકે માનસીસેવામેં મન લાગે'."

તેમજ કૃષ્ણદાસ અધિકારીની દેહ છૂટી ત્યારે નવા અધિકારી તરીકે કોને નીમવા તે બાબતમાં શ્રીપ્રભુચરણના 'સંકલ્પ-વિકલ્પ' વાર્તામાં આમ વર્ણવવામાં આવ્યા છે—"શ્રીગુસાંઈજી આપુ ગોવર્ધનધરસો પૂછે જો 'મહારાજ! કૃષ્ણદાસકી તો દેહ છૂટી ઓર અધિકારી બિના ચલેગો નહિ સો હમ કૌનકો અધિકાર દે કે બિગાર કરે! તાસોં આપુ કહો તાકોં અધિકારી કરેં?' તબ શ્રીગોવર્ધનનાથજી કહે જો—'હમહૂ કોન જીવકો બિગાર કરેં? જો કોઈ અધિકાર લેયગો તાકો બિગાર હોયગો. તાસોં તુમ એક કામ કરો જો અધિકારકો દુસાલા લે સબકે આગે કહો. જાકો અધિકાર કરનો હોયગો સો આપુ હી આયેગો'." આ બિગારની આજ્ઞા પોતે શ્રીનાથજીની નથી શું? જેમ દેવાલયની આજ્ઞાને ભગવદાજ્ઞા માની સર્વત્ર જાહેર મંદિરની વકાલત કરવામાં આવે છે તેમજ આ 'બિગાર'ની આજ્ઞાને પણ પ્રામાણિક ગણીને, સર્વત્ર જેના આલોક પરલોક બગડવાના છે, તેઓજ સર્વત્ર જાહેર મંદિરોના સેવા-પ્રકારને; ટ્રસ્ટી બનીને અથવા તો તનુજા-વિત્તજા ના ભાગલા પાડીને પોષે છે, તે શામાટે નિખાલસતાથી સ્વીકારાતું નથી? એક વાર્તામાં વર્ણિત આજ્ઞા પ્રમાણ અને બીજી વાર્તામાં વર્ણિત આજ્ઞા અપ્રમાણ? આ તો "ગળ્યું ગળામાં ગટગટ કરવું કડવું સઘળું થૂ થૂ થૂ"જેવી ચાલાકી ના કહેવાય?

હકીકતમાં તો શ્રીમહાપ્રભુએ નવરત્ન તેમજ વિવેક-ધૈર્યાશ્રય બન્ને ગ્રન્થોમાં આ બાબતનો ખુલાસો આપ્યોજ છે—"સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્" તેમજ "વિશેષતશ્ચેદાજ્ઞા સ્યાદન્તઃકરણગોચરઃ તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નં તુ દૈહિકાત્". શ્રીપ્રભુચરણે પણ આ બન્ને વચનોની એકવાક્યતા કરીને ખુલાસો આપ્યો છે—

> "ગુર્વાજ્ઞાયાઃ અબાધનં યથા ભવતિ, તથા સેવાકૃતિઃ પૂર્વમ્ અપેક્ષિતા. એવં વર્તમાનાનાં



> કદાચિદ્ વિશેષતો ભગવદાજ્ઞા ચેદ્, ગુર્વાજ્ઞાવિરુદ્ધા ભવેત્, તદા તથા કાર્યમ્ ઇતિ આશયેન આહુઃ 'બાધનં વા હરીચ્છયા'. વિકલ્પેન અબાધનમ્ ઇત્યર્થઃ...એવં સતિ ગુર્વાજ્ઞાયાઃ અબાધને બાધને વા સેવૈવ મુખ્યા..."

(નવરત્નપ્રકાશ).

એટલે ઉત્સર્ગરૂપે પોતાના તનુ વિત્ત ગૃહ અને પરિજન ના સમર્પણથકી સિદ્ધ થતી વ્રજભક્તોના ભાવોની ગોપ્ય ભાવનાઓવાળી સેવાજ દરેક પુષ્ટિમાર્ગીયે કરવી જોઈએ. આનો બાધ જ્યાં સુધી સેવાકર્તાને સ્વસેવ્ય પ્રભુની સાક્ષાત્ અન્યથા આજ્ઞા ન થાય ત્યાં સુધી થઈ શકતો નથી. તેમજ તે બાધની આજ્ઞા પણ જે વિશેષ દેશ, વિશેષ અવસર કે વિશેષ વ્યક્તિને અનુલક્ષીને કરવામાં આવી હોય તે વિશેષ દેશ, વિશેષ અવસર કે વિશેષ વ્યક્તિ પૂરતીજ સીમિત હોય છે, દરેકનેમાટે અનુસરણીય નહિ. વ્રજલીલામાં પ્રભુએ ગોપિકાઓના ચીર હર્યા તેથી કાંઈ દરેક પુષ્ટિમાર્ગીયમાટે ગામમાં નિર્વસ્ત્ર ફરવાનો સિદ્ધાંત સ્થાપી નથી શકાતો. એટલે શ્રીનાથજીની આજ્ઞાના 'અનુશરણ' કે અનુસરણ નો ઝંડો ઊંચો કરવો તે તો અવિચારચાપલ્યજ ફક્ત છે.

(ગ/૩) સર્વોત્તમસ્તોત્રને સર્વમાન્ય ગણવામાં આવ્યું તેમાં કશું વાંધાજનક છેજ નહિ. પણ તેમાંજે ષોડશગ્રન્થોક્ત સેવાસંબંધી આજ્ઞાઓને અમાન્ય કહેવાનો કુટિલ અભિપ્રાય હોય તો તે નરી બાલિશતાજ છે.

આ પછી સર્વોત્તમસ્તોત્રના ઉલ્લિખિત નામોનો વિચાર કરીએ—શ્રીમહાપ્રભુનું "ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્-" નામ તો સો એ સો ટકા સાચું સાચું અને સાચુંજ. પણ આજ દિ સુધી "ભુવિભક્તિભવાડૈકકૃતે સ્વાન્વયકૃત" નામ ક્યાંય પણ મારા વાંચવામાં નથી આવ્યું! શ્રીમહાપ્રભુએ સ્વતનુવિત્તજા સ્વપરિજનસહયોગસાધ્યા સ્વગૃહીયા ગોપ્યવ્રજ-ભક્તભાવ-ભાવનાત્મિકા ભગવત્સેવાનો ઉપદેશ આપ્યો છે. તેથી વિરુદ્ધ ગામના નાણાં લઈ, પગારદાર નોકરો દ્વારા,

ગોપનીય વ્રજલીલાના ભાવોની ધંધાકીય ઝાંકિઓ, લગ્નની વાડી અને જાહેર મેદાનો માં, જાહેરખબર છાપીને વિસંપ્રદાયી લોકોના પણ ટોળેટોળા ભેગા કરીને ગોઠવવી તે તો ભક્તિનો પ્રચાર નહિ પણ ફક્ત ભવાડોજ છે. ભગવાન્‌ના આવા ભવાડાઓ કરવામાટે કાંઈ શ્રીમહાપ્રભુએ સ્વવંશ સ્થાપ્યો ન્હોતો !

"જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્" નામની બાબતમાં પણ એજ વાત કહી શકાય છે કે "જનશિક્ષાકૃતે કૃષ્ણધંધાકૃત્ નિખિલેષ્ટદ:" નામ શ્રીગુસાંઈજીએ કહ્યું નથી! મૂલત: આ નામ તો કેવલ શ્રીમહાપ્રભુનાજ સંદર્ભમાં છે. તેમના વંશજોમાટેના કોઈ સંદર્ભ કે તાત્પર્ય આ નામથી જોડાયેલા નથી. શ્રીમહાપ્રભુ તો શ્રીકૃષ્ણાસ્યસ્વરૂપ હોવાથી કૃષ્ણસેવા ન કરે તો પણ કાંઈક ન્યૂનતા ન આવે, તે છતાંય આપશ્રી આચાર્યરૂપે પ્રકટ થયેલ હોવાથી, આચાર્યત્વના આદર્શમુજબ પોતે શ્રીકૃષ્ણસેવામાં તત્પર રહીને પુષ્ટિજનોને શ્રીકૃષ્ણસેવાનું શિક્ષણ આપે છે. તેથી કાંઈ આધુનિક વંશજોએ જનતાને પુષ્ટિભક્તિનું શિક્ષણ આપવામાટે જાહેર મંદિરો ચલાવવા તે પ્રાપ્ત થતું નથી. કેમકે તેવી સ્થિતિમાં કૃષ્ણસેવા નિરુપાધિક ભક્તિરૂપા ન રહી, ધંધોપાધિક શિક્ષણરૂપા બની જશે. તેમજ કરવું હોય તો એક વખત વીડિઓ કૅસેટ ઉતારાવી ટી.વી.ના કેબલઉપર પ્રસારિત કરવાથી પણ શિક્ષણ આપી શકાય છે. તેથી શિક્ષણ આપવામાટે ધંધાકીય જાહેર મંદિરોના ભવાડા કરવાની કોઈ દરકાર નથી.

"સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્ય:" નામમાં કોઈક વ્યાખ્યાકારમુજબ 'વંશ' પદથી પુત્ર શ્રીગુસાંઈજીજ અભિપ્રેત છે. કોઈ વ્યાખ્યાકારમુજબ પુત્રપૌત્રાદિ સન્તતિ અભિપ્રેત છે. જે વ્યાખ્યાકારોને 'વંશ' પદથી આચાર્યચરણાત્મજ શ્રીગુસાંઈજી અભિપ્રેત છે તેમનો "અશેષમાહાત્મ્ય" નો અર્થ શ્રીમહાપ્રભુનું સંપૂર્ણ માહાત્મ્ય = સામર્થ્ય = પ્રભાવ શ્રીગુસાંઈજીમાં પણ છે તેવો અભિપ્રાય છે. જે વ્યાખ્યાકારોમુજબ 'વંશ' પદ પુત્રપૌત્રાદિસંતતિના અર્થમાં



વપરાયો છે, તેમનામુજબ 'અશેષમાહાત્મ્ય' બ્રહ્મસંબંધદીક્ષોપદેશ અને કર્તવ્યોપદેશ દ્વારા પુષ્ટિજનોમાં સેવાધિકાર પ્રદાન કરવાના અધિકારરૂપે કે સામર્થ્યરૂપે અભિપ્રેત છે. તેથી પુષ્ટિમાર્ગીય જનતામાં ભગવત્સેવારુચિ અને તેમના ઘરમાં ભગવત્સેવાનુકૂલતા નો વિવેક વાપરી બ્રહ્મસંબંધદીક્ષાદાન કરવાના અધિકારના સદુપયોગ કે દુરુપયોગ નો મુદ્દોજ મુખ્ય મુદ્દો, એ નામની ચર્ચાના સંદર્ભમાં પ્રાસંગિક હોઈ શકે છે. જાહેર મંદિરની પ્રાસંગિકતા આ નામની ચર્ચામાં સિદ્ધ થઈ શકતી નથી.

ષોડશગ્રન્થ, સર્વનિર્ણય, શિક્ષાશ્લોકી વિગેરે ગ્રન્થોમાં શ્રીમહાપ્રભુએ ભક્ત્યાચારનો ઉપદેશ કર્યો છે. તેમજ સર્વનિર્ણયમાં "વર્ણાશ્રમવતાં ધર્મે મુખ્યે નષ્ટે છલેન તુ ક્રિયમાણે ન ધર્મ: સ્યાદ્... અથાપિ ધર્મમાર્ગેણ સ્થિત્વા કૃષ્ણં ભજેત્" વચનમાં પોતાની એતદ્વિષયક નીતિ શ્રીમહાપ્રભુએ સ્પષ્ટ લખી જણાવી છે. તે મુજબ કોઈક ગોસ્વામિબાળકોના કર્મપુરોહિત હોય તેમને વર્ણાશ્રમાચાર અને વર્ણાશ્રમકર્મની મહત્તા, પોતાની પુરોહિતાઈ ક્યાંક નાબૂદ ન થઈ જાય, તેથી વધારે મહત્ત્વપૂર્ણ લાગતી હોય, તો તે માનવીય સ્વભાવાનુરૂપ સ્વાભાવિક અને ક્ષમ્ય વૈચારિક કમજોરી છે. હકીકતમાં તો યાવત્શક્ય વર્ણાશ્રમાચારનું પાલન કરવા છતાંય, શપથપત્રોક્ત ભક્ત્યાચારની મહત્તા, આવશ્યકતા કે અનિવાર્યતા વધારે સ્વીકારવી જોઈએ, તોજ કલિકાલપતિત પુષ્ટિજીવોનો સ્વધર્મનિર્વાહ તેમજ પાતિત્યથી ઉદ્ધાર સંભવી શકે છે. તેથી પણ જાહેર મંદિરો સત્વર બંધ થાય અને વહેલી તકે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો પોત-પોતાના ઘરોમાં પુષ્ટિપ્રભુની યથોપદિષ્ટ સેવામાં તત્પર થાય, તે વધુ વાંછનીય છે. એટલે "ભક્ત્યાચારોપદેષ્ટા કર્મમાર્ગપ્રવર્તક: પતિતપાવન:" નામોની પણ શુદ્ધ અર્થસંગતિ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

અન્તે "પતિવ્રતાપતિ:"નામની વ્યાખ્યામાં શ્રીગોકુલનાથજીએ કરેલ ક્ષેત્ર-બીજના તારતમ્યનું વિશ્લેષણ, મૂલત:

તો ફક્ત શ્રીગુસાંઈજીમાં શ્રીમહાપ્રભુનું જે અશેષમાહાત્મ્ય છે, તેના સમર્થનમાટે કરવામાં આવ્યું છે. એટલે કે જેવા શ્રીમહાપ્રભુ છે તેવાજ શ્રીમહાલક્ષ્મીજી પણ છે તેથી ક્ષેત્ર-બીજ ઉભય અલૌકિક હોવાથી "આત્મા વૈ જાયતે પુત્રઃ" શ્રુતિવચનમુજબ શ્રીગુસાંઈજીમાં શ્રીમહાપ્રભુના અશેષમાહાત્મ્યની વિદ્યમાનતામાં વિસ્મયજનક કોઈ વાત નથી. તે વિશ્લેષણને આધુનિક વલ્લભવંશજેમાં અશેષમાહાત્મ્ય છે કે નહિ તે બાબતની વિચારણા કરવા માટે હઠાત્ તાણીને ચર્ચા વચ્ચે લાવવુંજ હોય તો, તે ક્ષેત્ર-બીજના તારતમ્યની મીમાંસા અન્તે ક્ષેત્રદાનકર્તા કોઈક ને કોઈક ભટ્ટ-પરિવારની ફોઈ-બેન-દીકરીની વ્યક્તિગત નિંદાના ખાબોચિયામાં આપણી મતિને પટકશે. કેમકે શ્રીગોકુલનાથજીની વ્યાખ્યામુજબ પણ—નિર્દોષ બીજ પણ જ્યારે સદોષ ક્ષેત્રમાં પડે, ત્યારે પોતાના શ્રેષ્ઠ ગુણધર્મો સાથે પાંગરી શકતો નથી. એટલે આને આધારે અમારા ગોસ્વામિવર્ગની નિંદા કરવાજતા અન્તે તો અમારા સજાતીય ભટ્ટ વર્ગની નિંદા થઈ જાય છે (!) જે આ લેખમાલાનો વિષય ન હોઈ આક્ષેપકર્તાનું સમાધાન અમેમૌનધારણદ્વારાજ કરવા માગીશું! કોઈપણ સંજોગોમાં આવી ચર્ચાથી પુષ્ટિધર્મના સાચા સ્વરૂપની જિજ્ઞાસામા કોઈપણ જ્ઞાનવૃદ્ધિ સંભવતી નથી. તેથી આક્ષેપકર્તાની આત્મોપાલંભની બાલિશતા તદ્દન હાસ્યાસ્પદ પણ છે અને ક્ષમ્ય પણ!

હકીકતમાં તો ગોસ્વામિબાળકોમાં વર્ણાશ્રમધર્મના લોપનો ઉહાપોહ કરનારે વર્ણાશ્રમધર્મમાં અતિ નિન્દિત— આપણા મંદિરોમાં ચાલતી દેવલકતાવૃત્તિની વકાલત પણ કરવી જોઈએ નહિ, જો ફક્ત વર્ગવિદ્વેષજ હેતુ ન હોય તો. આક્ષેપકર્તા ભટ્ટજીને માટે સ્મૃતિગ્રંથોના વ્યવસ્થિત અભ્યાસની ભલામણ કરવાની પણ છૂટ તેથી નાછૂટકે મારે લેવી પડે છે. કેમકે પુષ્ટિમાર્ગ પ્રત્યે આન્તરિક દ્વેષના કારણો કોઈ ભટ્ટજીમાં માનવીય દુર્બલતાને કારણે ક્ષમ્ય હોઈ શકે; પરંતુ વર્ણાશ્રમધર્મની પ્રાણસમી મનુસ્મૃતિ-યાજ્ઞવલ્ક્ય સ્મૃતિઓનું અજ્ઞાન કોઈપણ દ્વિજનેમાટે અક્ષમ્યજ છે.



## પ્રશ્ન ( ૨૧=૨૩-૨૭ના સારાંશો )

( ૨૧/ક )હિમ્મતનગરના વૈષ્ણવો શ્રીઠાકોરજીની સેવામાટે દ્રવ્ય આપવા સમર્થ છે, ગરીબ નથી.

( ૨૧/ખ )મુખિયાજી ન મળવાના ભયનું નિરાકરણ અનેક ગો.બા. અથવા આ.પુ.વૈ.પરિષદની મદદથી શક્ય છે.

( ૨૧/ગ )નોકરી કે ધંધા માટે ભવિતવ્યવાદી ન બની પુરુષાર્થ કરીએ છીએ; પરંતુ શ્રીઠાકોરજીના મંદિરમાટે "તેમને જ્યારે પધારવું હશે ત્યારે પધારશે" એવા ભવિતવ્યવાદની અપુરુષાર્થી મનોવૃત્તિને પકડીને બેસી રહીએ છીએ.

( ૨૧/ઘ )હિમ્મતનગરના વૈષ્ણવો બહારગામ જઈને દર્શન, મનોરથ, કીર્તન કે પ્રસાદ નો લાભ લેતાજ હોય છે, તે છતાંય ઘરના આંગણે તે લાભ ન લેવા દેવો તે કેવી વિટંબણા!

( ૨૧/ઙ )શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત કેવળ 'ઘરમંદિર' માટેનો હોય તો તે જમાનાનાં સંજોગો અનુસાર ઘડેલો હશે...તેઓના લીલાપ્રવેશ પછી ભારતના ખૂણે-ખૂણે અસંખ્ય નવા મંદિરોની રચના કેવા સિદ્ધાંતોને આધારે થઈ? તે-તે મંદિરો બંધાવનારા તેમાં શ્રીઠાકોરજીના સ્વરૂપોને પુષ્ટ કરી પ્રાણપ્રતિષ્ઠા કરાવનારા પૂજ્ય ગોસ્વામીબાળકોએ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી વિરુદ્ધ જઈને શું આ કાર્ય કર્યું હશે? શાન્ત ચિત્તથી વિચારો!

ઉત્તર ( ૨૧=૨૩-૨૭ )

( ૨૧/ક-ખ )પ્રશ્ન 'ક' અને 'ખ' નો નોખો-નોખો વિચાર કરવો તે તો જઘન્યકોટિની વિચારશૈલી છે. એ તો સૃષ્ટિના પ્રારંભમાંજ ભગવાને આપણને જઘન્યકોટિમાંજ રાખવાનો સંકલ્પ ન કરી લીધો હોય તો તેવી રીતે વિચાર કરવો આપણને છાજે નહીં. સિદ્ધાંતમુક્તાવલી તેમજ અન્ય પણ અનેક ગ્રંથો ના આધારે: ભગવત્સેવાના પુષ્ટિમાર્ગીય પ્રકારમાં સેવાનું તનુ-વિત્તજા હોવું તે અપરિહાર્ય શરત છે, તેના ક્રૂર ભાગલા આ બન્ને પ્રશ્નોમાં પાડવામાં આવ્યા છે. પ્રશ્ન ( ક ) માં વિત્તજા સેવા કરનારા કે જેમના ચિત્તની ભીતર ભગવત્પ્રવણતા નહિ પરંતુ અંતે અહંકારજ વધવાનો છે, તેવા વૈષ્ણવો આજે હિમ્મતનગરમાંજ નહિ પરંતુ ગેર-હિમ્મતનગરોમાં પણ પુષ્કળ વધ્યા છે. તનુજા સેવા કરનારા મુખિયા ભીતરિયા વગેરે જોકે ઓછા પ્રમાણમાં મળી રહ્યા છે, છતાંય મળી તો રહ્યાજ છે અને મેળવી આપનારી મહાનુભાવ વ્યક્તિઓ સંસ્થાઓ અને પરિષદો પણ છેજ, આમા બે મત ન હોઈ શકે.

કઈ જાતના મુખિયાઓ, પરંતુ, હવે મળે છે તે જોવાનું રહ્યું! હાલમાં એક એવા મંદિરનો અહેવાલ મને જાણવા મળ્યો, તે આ પ્રસંગે સાંભળવા જેવો છે:—

ઘણા વર્ષો અગાઉ, પાકિસ્તાન બનતા મુલતાનથી આવેલા, એક શરણાર્થી વૈષ્ણવભાઈને આપણી સરકારે જમીન આપેલી હતી. વર્ષો વીતતા તે જમીનના ભાવ લાખ્ખો રુપિયા થઈ ગયા. તે વૈષ્ણવભાઈ પુષ્કળ ભાવિક અને ડ્રાઈવરી કરી રોજી કમાનારા, એટલે મળેલ જમીનઉપર મકાન બાંધી શકે તેવી આર્થિક સ્થિતિ નહિ, વળી તેમની આગળ-પાછળ કોઈ બૈરી-છોકરાં નહિ. તેનો લાભ લઈ કેટલાક મંદિરવાદિઓએ એમને "ચઢ જા બેટા શૂલીપે ખુદા ભલા કરેગા!" સમજાવી દીધું. તેઓ પહેલા મારીપાસે પણ આવેલા. તેમને તેમની જમીનઉપર એક મંદિર એવું



બંધાવવું હતું કે જેથી તેઓને ઘડપણમાં સેવા-સત્સંગનો સાચો લાભ અને સાથો-સાથ ઉચિત રહેઠાણ પણ મળી રહે. એવો મનોરથ આ ભાઈ ધરાવતા હતા.

મેં તે ભોળા ગરીબ ભાઈને ત્યારે પણ ઘણું સમજાવેલું કે "પોતાના ઘરમાં ભગવત્સેવા-ભગવત્કથાથી જેટલો લાભ મળશે, તેટલો જાહેર મંદિરની ખોટી ભાંજગડમાં પડવાથી નહિ મળે"; પરંતુ તે વખતે તેઓના મનઉપર મંદિરવાદનું ભૂત સવાર હતું. એટલે મારી સલાહની અવગણના કરીને મંદિર બંધાવી આપે એવા મહાનુભાવની શોધમાં પડ્યા. એટલે ભંડોળી ભાગવતકથાથી રુપિયા ભેગા કરાવીને છેવટે મંદિર બંધાઈ ગયું! હાલમાં તે મંદિરના પાડોસમાં રહેવાનો મને અવસર આવ્યો. ત્યારે પેલા ગરીબ ડ્રાઈવરભાઈ મને મળવા આવ્યા.

મેં અમસ્તીજ કુશલપૃચ્છા કરી, ત્યારે કહેવા લાગ્યા: આપની વાત ન માનવાને કારણે હવે મને હૃદયમાં અતિશય ગ્લાનિ થાય છે.

મેં પૂછ્યું: કેમ સેવા-સત્સંગ તો સરખી રીતે ચાલે છે ને?

તેઓ બોલ્યા: હવે મારી એ ભ્રાન્તિ દૂર થઈ છે. મારી જમીન મને ભોળવીને પડાવી લેવામાં આવી છે. મારા મનમાં એમ હતું કે મંદિર બંધાશે ને, આપસી એકરાર પ્રમાણે મને ત્યાં રહેવાનો એક રૂમ મળી જશે. પરંતુ મારો રૂમ ટ્રસ્ટીઓએ મુખિયાજીને આપી દીધો છે. હવે મને કોઈ સરખો જવાબ પણ આપતું નથી. પેલા મુખિયાને મહિનાની ત્રણ-ચાર હજારની આવક છે. ટ્રસ્ટીઓ મોટે ભાગે પુષ્ટિમાર્ગીય પણ નથી. હું વધારે ઝઘડો ન કરૂં એટલે પેલો મુખિયો મને એવી-એવી વીડિઓ કૅસેટ દેખાડે છે કે મનમાં ભક્તિભાવનાને ઠેકાણે સાંસારિક ભાવનાઓજ, આ ઘડપણમાં, જોર પકડતી જાય છે! મને બધી રીતે છેતરી લેવામાં આવ્યો છે!

બીજા કેટલાક લોકોના કહેવામુજબ તે મંદિરમાં

મુખિયાજી મોડી રાત સુધી ટી.વી.ના રોચક કાર્યક્રમ પૂરા થયા પછીજ શયન-આરતી કરે છે, ત્યાં સુધી "ઠગાઈને ઠાડા રહે તેમનું નામ ઠાકોરજી!" એટલે આ મંદિરમાંના શ્રીગોવર્ધનનાથજી જગત્માં ફંસાયેલા પુષ્ટિજીવોને સંસારાસક્તિથી છોડાવવામાટે નહીં બલ્કે પોતેજ ફંસાઈ ગયેલા હોવાથી: "કહત સબનસોં આવો-આવો!"ની સ્વરૂપભાવનાથી સેવાઈ રહ્યાં છે!!

બીજા એક જાહેર મંદિરના ઘરડા મુખિયાજીએ શ્રીઠાકોરજીને ઘણા સમયથી સ્નાનજ ન્હોતા કરાવ્યા, તેથી તે શ્રીઠાકોરજી શ્યામ થઈ ગયા હતા, પણ નવો મુખિયો ન મળે ત્યાં સુધી જૂનાને કાઢવો કેવી રીતે? આ દુવિધામાં ત્યાંના વ્યવસ્થાપકને એક દિવસ એક નવો જુવાન મુખિયો મળી ગયો. એટલે ઘરડા મુખિયાની હકાલપટ્ટી કરવામાં આવી. નવા મુખિયાને જૂના મુખિયાજીની ક્ષતિઓ કહી જણાવવામાં આવી હતી; પરંતુ ઘણાજ સમયથી સ્નાન કર્યા વિનાનું શ્રીઠાકોરજીનું સ્વરૂપ, આમને આમ તો કાંઈ શ્યામ રંગ છોડે નહિ! એટલે નવા મુખિયાએ થાકીને એક દિવસે ચાકુની ધારથી ઘસી-ઘસીને શ્રીઠાકોરજીને ઉજળા બનાવી દીધાં!

તે મંદિરના બધાજ વ્યવસ્થાપકો પ્રસન્ન-પ્રસન્ન થઈ ગયા—"નવા મુખિયાજી કેવા લાયક આવ્યા છે! હવે આપણા શ્રીઠાકોરજી કેવા ઉજળા થઈ ગયા!!"

શ્રીઠાકોરજીના ઉજળા થવાનું ભીતરી રહસ્ય તો ભીતરિયાથી મને જાણવા મળ્યું!

તેથી હું પણ માનું છું કે દરેક-દરેકે ક્ષેત્રમાં ચાલતી તીવ્ર પ્રતિસ્પર્ધામાં ક્યાંય પણ અધિક ટકી ન શકે એવા નૈસર્ગિક રીતે અયોગ્ય-અભણ માણસોની વધતી આબાદી અને બેકારી—એટલે કે નોકરી-ધંધાની અછતને કારણે મુખિયા-ભીતરિયા વિગેરે તરીકે મજૂરી કરનારા માણસો કદાચ મળી રહે તે તો સંભવ છેજ. આમાં, પરંતુ, જે સંભવ નથી તે પ્રભુસુખનો વિચાર, સેવામાં રહેલ



ભક્તિ-ભાવના; અને શ્રીમહાપ્રભુના દિવ્યસિદ્ધાંતોમાં આપણી નિષ્ઠા!

મુખિયા-ભીતરિયાની નોકરી કરવા આવતી વ્યક્તિઓથી ધર્મ-ભાવનાની અપેક્ષા, સેવામાટે નાણા અને ફકત નાણાજ ખરચવામાટે સમર્થ એવા આપણા પુષ્ટિમાર્ગના પ.ભ.વ્યવસ્થાપકો અને પ.ભ.ટ્રસ્ટીઓ સિવાય બીજો કોઈ રાખે, એટલો બુદ્ધિહીન માણસ આ ભૂતળઉપર ઉદ્ભવીજ શકતો નથી!

એટલે પ્રશ્નમાંના (ક-ખ) મુદ્દાઓની બાબતમાં લાચારીએ સહમત થવા હું પણ તૈયાર થાઉં છું.

અલબત શ્રીમહાપ્રભુના સિદ્ધાંતોથી વિપરીત કોઈપણ કાર્યને હું સ્વપ્નમાં પણ 'પુરુષાર્થ'તરીકે બિરદાવી નથી શકતો, એ મારી બીજી લાચારી છે! મારા મતે શ્રીમહાપ્રભુના સિદ્ધાંતથી વિપરીત કૃત્યો આપણા માર્ગમાં પુરુષાર્થ ન હોઈ 'ક્લીબાર્થ'(નપુંસકોની મહેષણાઓ) જ હોય છે.

(૨૧/ગ)માણસે ભવિતવ્યવાદી થવું કે પુરુષાર્થવાદી થવું એ બાબતની વિચારણા ગંભીર વિચાર માંગી લે છે.

મને લાગે છે કે ધર્મસંમત મનોરથો કે મહેષણાઓ જો હૃદયમાં હોય તો પુરુષાર્થવાદી થવું સારૂં; પરંતુ ધર્મવિરુદ્ધ ભક્તિના ભવાડા અને ભજનીય ભગવત્સ્વરૂપના ધંધાકીય દુરૂપયોગ કે ધતિંગ ના નામે મનોરથો કે મહેષણાઓ પૂરી કરવામાટે તો કોઈ પુરુષાર્થવાદી ન થાય અને ભવિતવ્યવાદીજ રહે તો વાંધાજનક મને કશુંજ લાગતું નથી.

દિકરીને પરણાવવામાટે કે શાસ્ત્રસમ્મત ધંધામાટે પુરુષાર્થ કરવો તે તો એક પિતા કે ગૃહસ્થની પવિત્ર ફરજ છેજ તેમાં બેમત હોઈ શકતા નથી

(૨૧/ઘ)હિમ્મતનગરના વૈષ્ણવો બહારગામ જઈને જાહેર મંદિરોમાં દર્શન, મનોરથ, કીર્તન કે પ્રસાદનો લાભ લેતા હોય છે(કે સ્વધર્મહાનિનું દુષ્કૃત્ય કરતા હોય છે? ગો.શ્યા.મ.)છતાંય ઘરના આંગણે તે લાભ ન લેવો તે

કેવી વિટંબણા છે, તેબદલ વિસ્મય દાખવવામાં આવ્યો છે. મને અહીંયાં એ વિસ્મય થાય છે કે શ્રીમહાપ્રભુના સિદ્ધાંત પ્રમાણે તો — ઘરના આંગણાની પણ વાત જવા દો, છેક ઘરની ભીતરજ — પોતાને માંથે બિરાજતા શ્રીઠાકોરજીની સેવાનો આગ્રહ રાખતાં જે દર્શન-મનોરથ-કીર્તન-પ્રસાદનો લાભ મળી શકે છે, તે કોઈ પણ વ્યાવસાયિક દુષ્ચક્રમાં ફસાયા વિનાજ મળી શકતો હોય છે. તે છતાંય મુખિયા-ભીતરિયા જેવા શ્રદ્ધાવિહીન નોકરોદ્વારા કરાવવામાં આવતા ભક્તિના ધંધાકીય ભવાડાના દુષ્ચક્રમાંજ ભોળી ધર્મભીરૂ જનતાને ફસાવી રાખવી તે કેટલું નીતિપૂર્ણ કૃત્ય હોઈ શકે છે!

(૨૧/ઙ)શ્રીમહાપ્રભુનો પોતાના ઘરમાં પોતાના તન-ધન-પરિજનોથી ભગવત્સેવા કરવાનો સિદ્ધાંત તે જમાનાના સંજોગો અનુસાર હતો કે નહિ તેની વિચારણા તો આપણે વિસ્તારથી કરીજ ચુક્યા છીએ. તેથી પુનરુક્તિની અપેક્ષા નથી.

અલબત શ્રીમહાપ્રભુ પછી પ્રકટ થયેલ શ્રીગુસાંઈજી, સાત લાલજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી જ ફક્ત નહિ પરંતુ આજથી સો-દોઢસો વર્ષ જૂના ઘણા બધા બાળકોના ગ્રંથોમાં પણ સ્વગૃહમાં સ્વતનુ-વિત્તના વિનિયોગવાળી ભગવત્સેવાના સિદ્ધાંતની બાબતમાં કોઈ બેમત દેખાતા નથી, તે તો આપણે જોઈજ ગયા.

સાથો-સાથ આ વિકૃતિ કેવી રીતે શરૂ થઈ તે બાબતના પણ જૂના અભિપ્રાયો કે કરુણ ઉદ્ગારો પણ આપણે વાંચી ગયા છીએ. એટલે નાછૂટકે કાં તો આપણી માફક આપણા વડીલ પૂર્વજો પણ શ્રીમહાપ્રભુજીના ભગવત્સેવાસંબંધી સિદ્ધાંતોને ફક્ત પોથીનાજ રીંગણા માનતા હતા, એમ સ્વીકારવું જોઈએ. પ્રવર્તમાન સેવાપ્રકાર, અથવા, બહુ જૂનો નથી તેમ સ્વીકારી લેવું જોઈએ.

મને નથી લાગતું કે તેઓ આપણી માફક નિષ્ઠાવિહીન દાંભિક હતા! એટલે કાં તો કોઈક તેમની લાચારી કે



વિવશતા હશે, જેથી તે વખતે તેઓને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી વિપરીત ચાલવું પડ્યું હશે; અથવા તો તેઓ સિદ્ધાંતથી વિરુદ્ધ ગયાજ નહિ હોય! એટલે આપણે તેમને કદાચ સરખી રીતે સમજી નથી શક્યા!

જેમ શ્રીનાથજીની મંદિર બંધાવવાની આજ્ઞાનો સરખો વિચાર કર્યા વિના, તે આજ્ઞાના અનુસરણ કરવાની ઘેલછામાં આપણે શ્રીજીનીજ બીજી આજ્ઞા કે "જેના આલોક-પરલોક બન્નેનો બગાડ થવાનો હોય છે તે-જ જાહેર મંદિરમાં અધિકારી બનતા હોય છે" (આજની શબ્દાવલીમાં: આવા લોકોજ ટ્રસ્ટી થવા માગે છે) નો લગીરે વિચાર કર્યોજ નહિ! ખૂણે-ખૂણે મંદિર બાંધીને ભોળી જનતાનો આલોક-પરલોક બગાડવાનું એક ભયંકર વ્યાપક અનુષ્ઠાન શરૂ કરી દેવામાં આવ્યું છે.

ક્યારેક તો એમ પણ લાગે છે કે કદાચ ખરેખર શ્રીમહાપ્રભુજીની ભવિષ્યવાણી કે સંપ્રદાય ફક્ત ૫૦૦ વર્ષજ ચાલશે, તેના અનુસંધાનમાંજ એટલે કે તેને સાચી પુરવાર કરવાજ તો શ્રીજીએ મંદિર બંધાવવાની આજ્ઞા ક્યાંક ન આપી હોય (!) કે જેથી બધા તેનું અનુસરણ કરે અને અન્તે "ન કેવલમ્ ઈહલોકો કિન્તુ પરલોકોઽપિ નશ્યતિ" પુરવાર થઈ જાય! તે વાત આજે કેટલી સચોટ ઠરી છે કે શ્રીમહાપ્રભુની નાદસૃષ્ટિ અને બિંદુસૃષ્ટિ શ્રીમહાપ્રભુના સાચા સિદ્ધાંતને તે જમાનાની તૂત માની બેઠી છે. તેમજ જેમ કરવાથી ઈહલોક-પરલોકના બગાડની સ્પષ્ટ આજ્ઞા આપવામાં આવી હતી, તેનેજ આજે આપણે પોતાનો "સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ કવાપિ કદાચન" માનવા લાગી ગયા છીએ.

કેટલાક લોકો કહે છે કે સિદ્ધાંત સાચા પણ હોય તો શું થયું, અમારા બાપ-દાદા આમજ કરતા આવ્યા છે:—

યેનાસ્ય પિતરો યાતાઃ યેન યાતાઃ પિતામહાઃ।
તેન યાયાત્ સતાં માર્ગં તેન ગચ્છન્ ન રિષ્યતિ॥

એટલે કે બાપ-દાદા જે કરી ગયા હોય તેનું અનુસરણ કરતાં ધર્મહાનિ નથી થતી.

હકીકતમાં મનુસ્મૃતિના આ વચનનું આથી વધારે દુરર્થઘટન બીજું સંભવતું નથી, મનુસ્મૃતિના મોટાભાગના વ્યાખ્યાકારોએ આ શ્લોકની સુંદર છણાવટ કરી છે :—

મેધાતિથિ: "યો ધર્મઃ પિત્રાદિભિઃ અનુષ્ઠિતો—યૈઃ સહ પ્રીતિઃ ભાવિતા, યૈઃ સહ કન્યાવિવાહાદિઃ કૃતઃ, યૈવ ચ શાખા અધીતા, સ એવ પંથા આશ્રયણીયઃ—તથા કુર્વન્ ન રિષ્યતિ...અન્યે ત્વવિદુષ પુરુષધર્મેષુ અહિંસાદિષુ પ્રાપ્ત્યુપાયો અયમ્...અગ્નિહોત્રાદયસ્તુ સ્વપ્રત્યયાપેક્ષાએવ. અત્ર ચોદયન્તિ—'યદિ નિર્મૂલો પિત્રાદિભિઃ અનુષ્ઠિતોઽર્થઃ કથં તસ્ય ધર્મત્વમ્? અથાસ્તિ મૂલં તત્ પુત્રસ્યાપિ ભવિષ્યતિ કિં પિત્રાદિગ્રહણેન? તદેતત્ પરિહૃતમ્, અવિદુષાં = મૂલમ્ અજાનાનામ્ ઉપદેશો અયમ્' ઈતિ.

અન્યેતુ—'યત્ર નિપુણતોઽપિ નિરૂપ્યમાણે સંદેહો ન નિવર્તતે, ઉભયથા વાક્યાર્થપ્રતિપત્તિઃ, તત્ર પિત્રાદ્યાચરિતઃ પન્થા આશ્રયણીયઃ' ઈત્યાહુઃ... એતદપિ ચિન્ત્યં, નહિ નિત્યસંદિગ્ધં નામ પ્રમાણમસ્તિ. અવશ્યં હિ એકાર્થનિષ્ઠેન વાક્યેન ભવિતવ્યં વિકલ્પિતેષુ વા પદાર્થેષુ પિત્રાદ્યાચરિતં કર્મ અનુસરણીયં...યદિ પિતૃ-પિતામહાદિભિઃ કૈશ્ચિત્ કથંચિદ્ અધર્મઃ આચરિતપૂર્વઃ, સ ન આશ્રયણીયઃ ઈતિ 'સતાં માર્ગમ્' ઈત્યાહ."

(મનુ. મેધાતિ. ૪/૧૭૮).

અનુવાદ : જે ધર્મનું અનુષ્ઠાન વડીલોએ કર્યું હોય—તેઓએ જેઓની સાથે સ્નેહસંબંધ રાખ્યો હોય, જેઓની સાથે રોટી-બેટીનો વ્યવહાર રાખ્યો હોય, વેદની



જે શાખાનું અધ્યયન તેઓએ કર્યું હોય—એજ માર્ગ સંતતિએ અપનાવવો જોઈયે...બીજા વ્યાખ્યાકારો મુજબ આ વિધાન શાસ્ત્રનું જ્ઞાન ન ધરાવનારાઓમાટે છે. તેવાઓએ અહિંસા વિગેરે માણસના સામાન્ય ધર્મોનું જ્ઞાન વડીલોના આચરણથી નિર્ધારિત કરી લેવું જોઈયે... અલબત અગ્નિહોત્રાદિ વિગેરે શાસ્ત્રીય ધર્મના જ્ઞાનની બાબતમાં વડીલોનું આચરણ કરવા કરતા જાતે શાસ્ત્રનું અધ્યયન સંપાદિત કરીને સ્વધર્મનું જ્ઞાન મેળવવું તેવો તેમનો અભિપ્રાય છે.

કેટલાક અહીંયાં શંકા કરે છે કે "બાપદાદાઓએ પણ એવું કાંઈક આચર્યું હોય કે જેના મૂલમાં કોઈક શાસ્ત્રવચન ન હોય તો તે આચરણને ધર્મ તરીકે માન્ય રાખી શકાતું નથી; અને કાંઈક શાસ્ત્રવચનનું જો મૂલ તેમના આચરણની પાછળ હોય તો તે પોતે પુત્રમાટે પણ ધર્મનિર્ધારણની કસોટી બનીજ રહેશે. ત્યારે નાહકમાં ધર્મનિર્ધારણની બાબતમાં બાપદાદાઓને શામાટે વચ્ચે લાવવા જોઈયે! આ શંકાના સમાધાનરૂપે એ જાણી લેવું જરૂરી છે કે આ વચન, જેઓ શાસ્ત્રને વાંચી સમજી શકતા હોય તેવાઓમાટે ન હોઈ, અજ્ઞાનીઓને માટે ધર્મનિર્ધારણની કસોટી તરીકે સમજાવવામાં આવ્યું છે.

બીજા કેટલાક વ્યાખ્યાકારો એમ કહે છે કે શાસ્ત્રવચનમુજબ જ્યારે કોઈક બન્ને વાતો એક સરખી પ્રામાણિક જણાતી હોય; અને તે બે પ્રામાણિક કલ્પોમાંથી ક્યો એક કલ્પ પકડવો, તે બાબતનો સન્દેહ દૂર થતો ન હોય, ત્યારે તેવા સન્દેહને દૂર કરવા માટેનું આ વિધાન છે. એટલે કે બાપદાદાઓએ બે પ્રામાણિક કલ્પોમાંથી જે એક કલ્પને અપનાવ્યો હોય, તેને આપણે વળગી રહેવું જોઈયે. આ વ્યાખ્યા, પરંતુ, વિચાર માંગી લે છે; કેમકે નિત્ય-સંદિગ્ધ કોઈ પણ પ્રમાણ કે શાસ્ત્રવચન હોઈ શકતું નથી. અલબત્ત શાસ્ત્ર પોતે ઘણી વખતે બે કલ્પોમાંથી ગમે તે એક કલ્પને અપનાવવાની છૂટ આપતો હોય છે, ત્યારે વડીલોએ જે કલ્પ અપનાવ્યો હોય તેને અપનાવવાનો

નિયમ અહીંયાં સમજાવવામાં આવી રહ્યો છે. કોઈપણ સંજોગોમાં બાપ-દાદાઓમાંથી કોઈક કાંઈક અધર્માચરણ એટલે શાસ્ત્રવિરુદ્ધ આચરણ કર્યું હોય તો તેનું અનુસરણ કરવું જોઈએ નહિ, તેનેજમાટે મનુએ 'સતાં-માર્ગં' પદો વાપર્યા છે.

કુલ્લુક: "બહુવિધશાસ્ત્રાર્થસંભવે પિતૃ-પિતામહાદ્યનુષ્ઠિત એવ શાસ્ત્રાર્થો અનુષ્ઠાતવ્યઃ."

(મનુ. કુલ્લુ. ૪/૧૭૮).

અનુવાદ : શાસ્ત્રમાં અનેક કલ્પો ક્યારેક દેખાડેલા હોય છે. તેમાં વડીલોએ જે કલ્પ અનુસર્યા હોય તેને અનુસરીને શાસ્ત્રીય કર્મનું અનુષ્ઠાન કરવું જોઈયે.

રાઘવાનંદ: "બહુશાસ્ત્રાનભિજ્ઞસ્ય શાસ્ત્રવર્ત્માનુસારિત્વમાહ 'યેન'ઇતિ. 'સતાં માર્ગં' સદ્ભિ: આચરિતં પંથાનમ્. તેન પિત્રાદિકૃત-મદ્યપાન-માતુલકન્યાપરિણયનાદિષુ નાતિપ્રસંગઃ."

(મનુ. રાઘ. ૪/૧૭૮).

અનુવાદ: જે વ્યક્તિને અનેક શાસ્ત્રોનું જ્ઞાન ન હોય તેને જો શાસ્ત્ર મુજબ ચાલવાની કાળજી લેવી હોય તો વડીલોનું અનુસરણ કરવું જોઈયે; પરંતુ વડીલો પૈકી પણ સદાચારી વડીલોના માર્ગનું અનુસરણ કરવું જોઈયે. વડીલોએ પણ મદ્યપાન કે મામાની દીકરી બેન સાથે વિવાહ જેવા અધર્માચરણ કર્યા હોય તો તેમને અનુસરવાની કોઈ આવશ્યકતા નથી.

એટલે સેવાની બાબતમાં તો શ્રીમહાપ્રભુ-પ્રભુચરણાદિના વચનોજ પુષ્ટિમાર્ગીયો માટે શાસ્ત્રવચન સરીખા છે, તેથી તેની વિરુદ્ધ જો આપણા કોઈક વડીલો તેમના દેશ-કાલની કોઈક લાચારીને કારણે; અથવા અજ્ઞાનને કારણે, કાંઈક કરી બેઠા હોય તો તે બાબતમાં તેમના અનુસરણની કોઈ આવશ્યકતા નથીજ. તેમજ આપણને પણ કોઈ આપણા દેશ-કાલની લાચારીને કારણે કે અજ્ઞાનને કારણે કે પ્રમાદને કારણે કે સ્વાર્થહાનિની ભીતિને કારણે,



શ્રીમહાપ્રભુજીના વચનોથી વિરુદ્ધ આચરણ કરવા બાધિત થવુંજ પડતું હોય તો કમસે કમ દૈન્યપૂર્વક પોતાની લાચારીને સ્વીકારીને સિદ્ધાંતોને નિર્ભીકતયા ઘોષિત તો કરવાજ જોઈએ. આથી આપણે જે કાંઈ લાચારીથી કર્યુ હોય તેને આપણા વંશજો સ્વધર્મ માની લેવાના મોહના ખાડામાં પડી ન જાય! આ કાંઈ નાનોસૂનો ધર્મલાભ કે ભાવિપીઢીનું હિતચિન્તન નથી.

કોઈપણ સંજોગોમાં સ્વમાર્ગીય વ્યક્તિ સ્વસિદ્ધાંતમુજબ વર્તી શકે કે ન વર્તી શકે તે તેના વ્યક્તિગત ગુણદોષ હોઈ શકે છે; પરંતુ સમાજમાં ધાર્મિક આયોજન તરીકે ગોઠવવામાં આવતા કાર્યક્રમો કે સંસ્થાઓ પણ સ્વધર્મનો વચનશુદ્ધ સ્વરૂપ ન જાળવે તો પોતાને 'પુષ્ટિમાર્ગી' કહેવડાવવાની રીતિને નિતાંત ગર્હિત સ્વાર્થ સિવાય બીજું કંઈ માની શકાતું નથી.

જે મનુસ્મૃતિના વચનને ટાંકીને બાપદાદાની દુહાઈ આપવામાં આવે છે તે મનુસ્મૃતિ પોતે દેવલકોની બાબતમાં શું કહે છે, તે પણ જાણી લેવું શું જરૂરી નથી?

મનુસ્મૃતિ સ્પષ્ટ શબ્દોમાં વિધાન કરે છે—"દેવલકાન્ માંસવિક્રયિણસ્તથા વિપણેન ચ જીવન્તો વર્જ્યાઃ સ્યુઃ હવ્યકવ્યયોઃ" (મનુ. ૩/૧૫૨).

તેવી સ્થિતિમાં દેવપૂજનથી પોતાની આજીવિકા ચલાવનાર; તેમજ દેવપ્રસાદના વિક્રયને કારણે વિપણજીવી પણ પુરવાર થનાર, જો ગોસ્વામી બાળકોને બનાવવામાં આવે તો, મનુસ્મૃતિમુજબ તેઓ માંસવિક્રેતા જેવા અશુદ્ધ બની જતા હોય છે. એટલે ધર્માચાર્યો સ્વધર્માભિમાનપૂર્વક આચાર્યવૃત્તિને અવલંબીને દેવલકતા અને વિપણજીવિતા નો ત્યાગ કરે તોજ, તેમનાદ્વારા નિઃશુલ્ક વિતરીત કરવામાં આવતો ભગવત્પ્રસાદ—દેહ ઈન્દ્રિય પ્રાણ અંતઃકરણ આત્મા અને સકલ આત્મીય જનો નો શોધક-ઉદ્ધારક હોઈ શકે છે. અન્યથા તેઓને પોતાને માંસવિક્રેતા જેવા અપવિત્ર બનાવવાના ષડયંત્રમાં તો તેમના થકી વેચાતો પ્રસાદ

પણ અત્યન્ત અપવિત્ર હોઈ આત્મપાતકજ નિવડશે. તેને ન લેવામાં બ્રહ્મહત્યાનું પાપ લાગી શકતું નથી; બલ્કે આપણા શ્રીમહાપ્રભુજીના વંશજોને અને આપણા સંપ્રદાયને ધર્માચાર્યોચિત અને ધર્મસંપ્રદાયોચિત ગરિમા પ્રદાન કરનારું મહાન્ પુણ્યલાભ-જનક બનશે. વળી કોઈક કહે છે—"સર્વં ખલુ ઈદં બ્રહ્મ"નું ઉદ્‌ઘોષ કરનાર આપણા સંપ્રદાયમાં દેવદ્રવ્યનો પ્રસાદ પણ બ્રહ્માત્મક હોવાથી અગ્રાહ્ય હોઈ શકતો નથી, આ તો બુદ્ધિના બટાકાવડા છે! કેમકે મદ્યમાંસ-સેવન કરનારાઓ પણ પોતાના તેવા દુષ્કૃત્યને "સર્વં ખલુ ઈદં બ્રહ્મ" કહીને છટકી જશે! મનુસ્મૃતિમાં એ પણ કહેવામાં આવ્યું છે:—

શ્રુતિઃ સ્મૃતિઃ સદાચારઃ સ્વસ્ય ચ પ્રિયમાત્મનઃ।
એતચ્ચતુર્વિધં પ્રાહુઃ સાક્ષાદ્ ધર્મસ્ય લક્ષણમ્॥
(મનુ. ૨-૧૨).

આ વચનમાં કહેવામાં આવ્યું છે કે શ્રુતિવિરુદ્ધ સ્મૃતિવચનનું પ્રામાણ્ય ગૌણ બની જાય છે. તેમજ સ્મૃતિવિરુદ્ધ સદાચારનું પ્રામાણ્ય ગૌણ બની જાય છે. તેમજ સદાચારવિરુદ્ધ પોતાને મન-ગમતી વાતોનું પ્રામાણ્ય પણ ગૌણ બની જાય છે. ચારેયનું સમન્વય જ્યાં સધાતું હોય તેનું પ્રામાણ્ય મુખ્યતમ હોય છે. ધર્મનિર્ણયની આ શાસ્ત્રીય મર્યાદા છે.

આને જો આદર્શવ્યવસ્થા માનીને ચાલીએ તો શ્રીમહાપ્રભુ શ્રીગોપીનાથજી શ્રીગુસાંઈજી ના વચનો આપણા પુષ્ટિમાર્ગીયોમાટે વેદત્રયીરૂપ પ્રથમ-પરમ પ્રમાણ હોવા જોઈએ. એથી અવિરુદ્ધ પરવર્તી વ્યાખ્યાકારોના વચનો સ્મૃતિરૂપ સંદેહ-વારક દ્વિતીય પ્રમાણ હોવા જોઈએ. એથી અવિરુદ્ધ સદાચાર એટલે કે આપણા બાપ-દાદાઓનું આચરણ કે પરંપરા આપણામાટે સદાચારરૂપ સંદેહવારક હોઈ તૃતીય પ્રમાણ હોવું જોઈએ. એથી અવિરુદ્ધ આપણને મનગમતી વાતો સ્વપ્રિયતારૂપ સંદેહવારક ચતુર્થ પ્રમાણ હોવું જોઈયે. અન્યથા મનુ સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે:—

ધર્મવ્યતિક્રમો દૃષ્ટઃ શ્રેષ્ઠાનાં સાહસં તથા।



તદન્વીક્ષ્ય પ્રયુંજાનાઃ સીદન્ત્યવરધર્મજાઃ॥
(મનુ. ૨-૧૫-૪).

એટલે કે વડીલોનું ક્યું આચરણ ધર્માચરણ હતું અને ક્યું ધર્મવ્યતિક્રમનું સાહસ હતું, તેનો વિવેક વાપર્યા વિના, જ્યારે કોઈક મૂર્ખ તેમના આચરણનું અનુકરણ કરે ત્યારે વિનાશ સિવાય બીજું કાંઈ વહોરી શકતો નથી.

એટલે કોઈ કારણસર આપણા પૂર્વજ ગોસ્વામી બાળકોએ શ્રીમહાપ્રભુ પ્રભૃતિ પૂર્વાચાર્યોના વચનોથી વિપરીતાચરણનું સાહસ ખેડ્યું હોય તો તે તેમનું સામર્થ્ય હશે! તેથી ડોબાની માફક આપણી જાતને આપણે તેવા સમર્થ ન ગણી શકીએ!!

આપણને શ્રીમહાપ્રભુપ્રભૃતિ પૂર્વાચાર્યોના વચનોના આધારે ધર્માચરણ અને ધર્મવ્યતિક્રમાત્મક સાહસ નો વિવેક કરીને વડીલોના ફક્ત ધર્માચરણનું જ અનુકરણ કે અનુસરણ કરવું જોઈએ. તેમના ધર્મવ્યતિક્રમાત્મક સાહસનું કદાપિ નહીં.

બીજા કેટલાક લોકો કહે છે કે મનુએ સ્પષ્ટ આદેશ આપ્યો છે:—

સત્યં બ્રૂયાત્ પ્રિયં બ્રૂયાત્ ન બ્રૂયાત્સત્યમપ્રિયમ્।
પ્રિયં ચ નાનૃતં બ્રૂયાદ્ એષ ધર્મઃ સનાતનઃ॥

એટલે શ્રીમહાપ્રભુના વચનોથી સિદ્ધ એવી વાતો પણ જો આજે અપ્રિય-સત્ય જેવી લાગતી હોય તો તેનો ઉચ્ચાર કરવો જોઈએ નહીં.

મારે આ બાબતમાં પૂછવાનું છે કે ડાયાબીટીઝ વધી ગઈ હોય અને ડોક્ટરે બૂંદી, મઠડી, રસગુલ્લા ખાવાના શોખીન મરીજને બૂંદી વગેરે ખાવાની મનાઈ (અપ્રિય-સત્ય) કરતો હોય તો તે કરવી કે નહીં? જો કરવી, કેમકે નહીંતો દરદી પોતે મરી જશે(!) તો શ્રીમહાપ્રભુજીના વચનો કેમ આપણને પુષ્ટિમાર્ગમાં જીવવામાટે કટુસત્ય હોવા છતાંય આવશ્યક નથી લાગતા? શું લૌકિક ડોક્ટર કરતાંય શ્રીમહાપ્રભુનું માહાત્મ્ય ઘટી ગયું? એટલે મનુના નિર્દેશો

લૌકિક વાણી-વ્યવહારની બાબતમાંજ છે. અન્યથા તો "દેવલક બ્રાહ્મણ માંસવિક્રેતા જેવો અપવિત્ર હોય છે" આ પોતે મનુએ કરેલું વિધાન પણ એક અપ્રિય-સત્યજ છે કે બીજું કાંઈ?

શાન્ત ચિત્તથી આ મુદ્દાઓ વિચાર માગી રહ્યા છે. પણ વિચાર-સામર્થ્ય જાગશે શ્રીમહાપ્રભુ પ્રત્યે અહંકારરહિત અનન્યનિષ્ઠા રાખવાથીજ અન્યથા નહીં...

**પ્રશ્ન ( ૨૨=૨૮ નો સારાંશ )**

**શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે સતત સેવા, સ્મરણ, કીર્તન કરતા રહેવું. એટલેજ મંદિર જોઈએ કે જેથી આખા દિવસમાં જેને જે સમય મળે ત્યારે શ્રીઠાકોરજીના દર્શનની ઝાંકીનો લાભ લઈ શકે; અને સમૂહમાં આનંદ માણી શકે.**

ઉત્તર ( ૨૨=૨૮ )

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો પ્રત્યે આજે કહેવાતા આપણા પુષ્ટિમાર્ગીયોને જેટલો અણગમો છે તેટલો કદાચ કોઈક મર્યાદામાર્ગીયને કે વિસંપ્રદાયીને અથવા તો પ્રવાહમાર્ગીય નાસ્તિકોને પણ હશે કે નહિ! જો આ બાબતમાં એક પબ્લિક સર્વે કરાવવામાં આવે તો શ્રીમહાપ્રભુપ્રવર્તિત આપણા પુષ્ટિસંપ્રદાયની પાંચ કે વધુમાં વધુ દશ ટકાથી વધારે જનતા શ્રીમહાપ્રભુના સિદ્ધાંતોની તરફેણમાં મત નહિજ આપે! ખરેખર આ એક પ્રૉજેક્ટ હાથમાં લેવા જેવો છે.

શ્રીમહાપ્રભુના માર્ગના કે ગ્રન્થોના જેઓ પોતાને



ઉપદેશક હોવાની છાપ ઊભી કરવા માગે છે, તેવા વિદ્વાનો પણ સામાન્ય જનતાના ગાડરિયા પ્રવાહમાં વહેતી વાતોનેજ આગળ ધપાવતા રહેવામાં પોતાના વૈદુષ્યની સફળતા માનતા હોય છે.

હાલમાં એક મહાનુભાવ આજ્ઞા કરતા હતા કે "સિદ્ધાંતોના ખોટા ઢોલ વગાડનારાઓને ત્યાં, બેસતા વરસને દહાડે કેટલા લોકો ગયા; અને અમારે ત્યાં કેટલા લોકો આવ્યા, તે તમારે જાતેજ જોઈ-વિચારી લેવું જોઈએ!"

હજારો માણસોનું ટોળું ભેગું કરવામાંજ જો વાસ્તવિક પુરુષાર્થ હોય તો આપણે ત્યાં ભગતિના ધંધાકીય ભવાડાઓમાં ભેગી થતી જનમેદની કરતાં ચાર કે આઠ ગણી મેદની શ્રીમુરારીબાપુની રામકથામાં થાય છે. તેમજ શ્રીપાંડુરંગ શાસ્ત્રીજીની સ્વાધ્યાયરેલીઓમાં પણ મોટી જનમેદિની થાય છે. તે છતાંય આપણે ત્યાં ભેગું થતું ટોળું અને શ્રીમુરારીબાપુના કે શ્રીપાંડુરંગ શાસ્ત્રીના પ્રવચન સાંભળવા જનાર શ્રોતાઓ કે સ્વાધ્યાયીઓ વચ્ચે એક મહાન્ લાક્ષણિક તફાવત એ છે કે આપણે ત્યાં આવનારા દર્શનાર્થિઓમાંથી કેટલાક શ્રીમહાપ્રભુને ઓળખતા પણ હશે તો તેમના ગ્રન્થો કે સિદ્ધાંતની બાબતમાં કશું પણ નહિ જાણતા હોય! તેમાંય વળી કેટલાક તો એવા પણ હશે કે જે મનોરથ જે ગો.બાળકના માંથે બિરાજતા શ્રીઠાકોરજીનો થતો હશે, તે બાળકને પણ જાણતા નહિ હોય. કદાચ તેમને ગો.બાળક પ્રત્યે અનાદરભાવ પણ હોય. જ્યારે કે શ્રીમુરારીબાપુ કે શ્રીપાંડુરંગ શાસ્ત્રીજીના કાર્યક્રમમાં નિયમથી ભાગ લેનાર પરંતુ એમનેજ ન જાણનાર કે એમના ઉપદેશોને પસંદ ન કરનાર કોઈક બે-ચાર માણસો પણ હોઈ શકે ખરા?

આથી સિદ્ધ થાય છે કે આપણને આજે પુષ્ટિમાર્ગીય ભગવત્સ્વરૂપ જોઈએ છે, પુષ્ટિમાર્ગપ્રવર્તક શ્રીમહાપ્રભુના

વંશજોજ ગુરુ તરીકે જોઈએ છે, અતિ-આગ્રહ સાથે ‘પુષ્ટિમાર્ગ’ નામ પણ જોઈએજ છે, પુષ્ટિમાર્ગીય સેવાપ્રકારનો બાહ્યરૂપ પણ જોઈએ છે; પરંતુ ફક્ત જે ગમતો નથી કે જે જોઈતો નથી તે શ્રીમહાપ્રભૂપદિષ્ટ સિદ્ધાંત! સિદ્ધાંતોની વાણીના ઉચ્ચાર માત્રથીજ બધા લોકોના હાંજા ગગડી જાય છે! આપણા વડીલોથી ચાલી આવતી માર્ગની મેંડ પ્રણાલિકાનું શું થશે? એટલે ‘વાડ ઉઠીને ચીભડા ગળે’ તેવી સ્થિતિ શ્રીમહાપ્રભુના કંઠતઃ ઉપદિષ્ટ સિદ્ધાંતો અને તેમના નામે ચાલતા સંપ્રદાયની વચ્ચે સર્જાણી છે! “લીલા લાલ ગોવર્ધનધરકી!”

સિદ્ધાંતવિપરીત પ્રકારે પ્રચલિત આવી રૂઢિના મૂળિયાં ભીતર ખાનેથી કોઈક સત્-શ્રદ્ધા કે અંધશ્રદ્ધા ઉપર અવલંબિત ધાર્મિક ભાવનાને આભારી હોય, તેવું લાગતું નથી. હકીકતમાં તો એક ધંધાકીય કૌભાંડમાં સંડોવાઈ ગયેલા ગ્રાહક અને વિક્રેતાની ફક્ત લાચારી સિવાય, બીજી કોઈ ગંભીર વાત આમાં સામે આવતી નથી!

એક પાટીને સિદ્ધાંતશુદ્ધ બીજો કોઈ ધંધો કરી શકવાનું સાહસ રુચિ કે આવડત નથી. બીજી પાટીને તૈયાર માલ વેચાતો મળતો હોય તો પોતાના ઘરમાં ભગવત્સેવાની ભાંજગડમાં પડવાની શ્રદ્ધા કે ફુરસદ નથી. આવા બધા કારણોથી આંધળે બહેરૂં કુટાતું રહે છે!

પ્રશ્નકર્તા ભાઈ પોતે ૨૧માં પ્રશ્નમાં હાલમાંજ કહી ચુક્યા છે—“પૂજ્ય જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યજીનો સિદ્ધાંત કેવળ ‘ઘરમંદિર’ માટેનો હોય તો તે સિદ્ધાંત તે જમાનાના સંજોગો અનુસાર ઘડેલો હશે” જો કે મૂલવચનોના ગંભીર વિમર્શપૂર્વક આપણે જોઈ ગયા છીએ કે તે સિદ્ધાંત તેમના જમાનાના સંજોગો કરતાં સનાતન શાસ્ત્રોના મૌલિક અભિપ્રાયના આધારે શ્રીમહાપ્રભુએ પ્રકટ કર્યો હતો. પરંતુ આજની



તારીખમાં આપણને તેના પ્રત્યે કેટલો બધો અણગમો જાગ્યો છે કે તેવા દિવ્ય સિદ્ધાંતોનું મહત્ત્વ આપણે તે સિદ્ધાંતોને જમાનાનાં સંજોગો અનુસાર હતા કહીને ઘટાડી દેવા તલપાપડ થઈ રહ્યા છીએ. સાથોસાથ વળી તેમાનીજ કોઈક મનગમતી આજ્ઞાઓનું મહત્ત્વ પુષ્કળ વધારીને ફરીથી ધાર્મિક નિષ્કર્ષ પણ તારવા માંગીએ છીએ કે શ્રીમહાપ્રભુમુજબ સેવા-સ્મરણ-કીર્તન સતત ચાલવા જોઈએ, તેથી ઘરમાં ન ચાલતા હોય તો જાહેર મંદિરો ખોલીને પણ ચલાવવા જોઈએ.

અખંડ નામ-સ્મરણ કે પાઠ નો વ્રત લઈ તે ન ચાલે તો તેની ટેપરેકૉર્ડનું શું અખંડ વાદન કરી લેવું! યાત્રાનો નિયમ લીધો હોય પણ યાત્રા ન થતી હોય તો તેનો વીડિયો જોઈ લેવો! માલા ફેરવવાનો નિયમ લીધો હોય—ન ફેરવી શકાતી હોય તો વિજળીના પંખાઉપર લટકાવીને પંખો કેમ ન ચલાવી લેવો કે જેથી તે માલા પોતેજ ફરતી રહે! વિવાહ કરીને કોઈકની દિકરીને ઘરે લઈ આવવું ધંધાકીય વ્યસ્તતાને કારણે શક્ય ન હોય તો કોઈકને ભાડૂતી પતિ તરીકે ત્યાં મોકલાવી દેવો!

આવા કૌભાંડો અને આજના આપણા જાહેર મંદિરોને કારણે થતો સિદ્ધાંતોનો બાધ એ બેઉ વચ્ચે તફાવત કોણ બતાવી શકે?

જો ખરેખર કોઈક ધાર્મિક લાગણીના સંતોષમાટે જાહેર મંદિરોની અપેક્ષા હોય તો મર્યાદામાર્ગીય પૂજાપ્રણાલીવાળા શ્રીકૃષ્ણના વૈષ્ણવ મંદિરો ખોલવા જોઈએ. કોઈ પણ સંજોગમાં ‘શ્રીમહાપ્રભુના જમાનાના સંજોગો અનુસાર ઘડાયેલી સેવા-પ્રણાલી’ વાળા અલગ મંદિરોની શી જરૂરીયાત છે?

## પ્રશ્ન ( ૨૩=૨૯નો સારાંશ )

( ૨૩/ક )અગિયારસનો સત્સંગ આપણે વૈષ્ણવો ભેગા થઈને કેમ કરીએ છીએ ? પોત-પોતાના ઘરે વાંચન-કીર્તન એકાંતમાં કરી લઈએ તો ન ચાલે ?

( ૨૩/ખ )પોતાના ઘરમાં જે સેવા થાય છે તે પૂરતી હોય અને મંદિરની જરૂર ન હોય તો પ્રથમ વાંચન અને કીર્તન પણ સમૂહમાં કરવાની શી જરૂર ?

( ૨૩/ગ )જો શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત એવોજ હોય અને તેનો આશય ચુસ્તપણે એવો જ હોય કે ઘરમાંજ સેવા કરવી જોઈએ મંદિરમાં નહિ તો પછી સત્સંગ પણ વૈષ્ણવોને ઘરમાંજ કરવો જોઈએ, જ્યાં શ્રીઠાકોરજીની સેવા થતી હોય. જ્યાં સેવા ન થતી હોય તેવા ઘરમાં સત્સંગ યોગ્ય નથી. સત્સંગ-હૉલમાં શ્રીઠાકોરજીની અષ્ટપ્રહરની સેવા થવાની નથી. તેથી તે હોલ પણ સત્સંગમાટે તે-જ સિદ્ધાંતમુજબ અયોગ્ય છે.

( ૨૩/ઘ )તેથી મંદિરની આવશ્યકતા છે જ્યાં સમૂહમાં વૈષ્ણવો સમગ્ર પુષ્ટિમાર્ગીય પરંપરાઓનો આનંદ માણી શકે, સત્સંગ કરી શકે. ભક્તિમાર્ગને અનુરૂપ પરંપરામુજબ દરેક કાર્ય કરી શકે.

## ઉત્તર ( ૨૩=૨૯ )

( ૨૩/ક )પ્રશ્નકર્તા ભાઈ પૂછે છે : જો સેવા ઘરના એકાંતમાં કરવી આવશ્યક હોય તો સત્સંગ પણ એકાંતમાં



કેમ નહિ ? સત્સંગ-હૉલ શામાટે ?

હું પણ પૂછવા માંગું છું : લગ્નવિધિ આપણે સગા—વ્હાલાઓને ભેગા કરીને કેમ ઉજવીએ છીએ ? પોત-પોતાને ઘરે એકાંતમાં લગ્નવિધિ જો પતાવી દઈએ તો ન ચાલે ? વિવાહિત યુગલને કોઈક હિલસ્ટેશનઉપર હનીમૂન મનાવવું હોય તો લગ્નવિધિ પણ ત્યાં એકાંતમાંજ કેમ પતાવી લેવામાં આવતી નથી ?

આવી દલીલ આપતા આજ સુધી કમસે કમ મેં તો કોઈને સાંભળ્યા નથી.

‘સત્સંગ’ શબ્દનોજ અર્થ થાય છે : સદ્ભક્તોનો કે સત્પુરુષોનો સંગ તેમાં ઓછામાં ઓછા બે જણાં તો જોઈએજ, પછી વધારે કેટલાય હોઈ શકે. તેવા સત્સંગને કારણે હૃદયમાં સદ્વિચાર કે સદ્ભાવ નો ઉદ્ભવ થતાં, સત્કર્મ કે સદ્ભક્તિ ને જાહેરમાંજ કરવાની આવશ્યકતા રહી જતી નથી. તેમાંય વળી ભક્તિ તો જીવાત્મા—પરમાત્મા વચ્ચેની વાત્સલ્યલીલા કે પ્રણયલીલા જેવી હોય છે, તેને જાહેરમાં કરવાનો દુરાગ્રહ તો નર્યો રસાભાસજ કહેવાય.

આ તો લૌકિક ઉદાહરણની સરખામણીમાં કરવામાં આવેલી રજુઆત છે. હકીકતમાં મૂળ મુદ્દો તો શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તો સાથે વફાદારી કે બેવફાઈ નો જ છે. તેથી શ્રીમહાપ્રભુને અભિમત સૈદ્ધાન્તિક ખુલાસો શોધવામાટે કાંઈક પાયાની વાતોનો વિચાર કરી લેવો જરૂરી છે. જેમકે સત્સંગના અનેક પ્રકારો સંભવે છે :

(૧) સ્વમાર્ગીય સિદ્ધાન્તોના શ્રવણ-મનન-નિદિધ્યાસન અથવા શ્રવણ-કીર્તન-સ્મરણ.

(૨) ભગવલ્લીલાના શ્રવણ-મનન-નિદિધ્યાસન અથવા શ્રવણ-કીર્તન-સ્મરણ.

આમાં સ્મરણ-મનન-નિદિધ્યાસન જ્ઞાન મેળવવામાટે કરવામાં આવતા સ્વાધ્યાયના અંગ હોઈ શકે, તેમજ શ્રવણ-કીર્તન-સ્મરણ ક્રમશઃ રુચિ, શ્રદ્ધા, નિષ્ઠા વિ. કેળવવામાટે કરવામાં આવતી ભક્તિસાધનાના અનુષ્ઠાનના

અંગ હોઈ શકે છે.

(૧) સ્વમાર્ગીય સિદ્ધાંતોનું શ્રવણાદિ શ્રીમદાચાર્યચરણપ્રભૃતિ પૂર્વાચાર્યોદ્વારા વિરચિત ગ્રન્થોના સ્વાધ્યાયરૂપે જે કરવામાં આવે છે, તેનો પણ એક ઉપભેદ ફરી દેખાય છે :—

(૧-અ) એક નિશ્ચિત સંખ્યા કે પ્રમાણમાં શિષ્યોને એટલે કે વિદ્યાર્થીઓને કરાવવામાં આવતા સિદ્ધાન્તગ્રન્થોના અધ્યયન-અધ્યાપનના રૂપમાં.

(૧-આ) અનિશ્ચિત સંખ્યા કે પ્રમાણમાં શ્રોતાજનો સમક્ષ કરવામાં આવતા સ્વમાર્ગીય ગ્રંથોઉપર પ્રવચન-વ્યાખ્યાનના રૂપમાં.

આ બન્નેમાંથી કોઈપણ પ્રકારે ઉપદેશ કે પ્રવચન કરનાર આચાર્યવંશજ ગુરુઓને, ગુરુપુત્રોને, ગુરુપુત્રિઓને, શાસ્ત્રિઓને, કથાવાચકોને કે સામાન્ય અનુયાયિજનોને અધ્યાપક, ઉપદેશક, પ્રવચનકર્તા તરીકે અયાચિત-અનિર્ધારિત ગુરુદક્ષિણા મળે તે તો ઉત્તમ પ્રકાર. યાચના કરીને પૂર્વનિર્ધારિત કરેલ પારિશ્રમિક કે માનદેય મળે તે જઘન્ય પ્રકાર. કોઈપણ સંજોગોમાં ઉત્તમ પ્રકારે કે જઘન્ય પ્રકારે આ રીતે આજીવિકાર્થ દ્રવ્યોપાર્જનમાં સૈદ્ધાન્તિક બાધ દેખાતો નથી. જોકે શ્રીપુરુષોત્તમજી 'સ્વવૃત્તિવાદ' નામક ગ્રંથ આચાર્યવંશજોની સિદ્ધાંતશુદ્ધ આજીવિકાના સ્વરૂપનિર્ધારમાટે લખેલ છે, તે છતાંય, તે ન્યાયે બીજાઓનેમાટે પણ આ પ્રકારમાં કોઈ સૈદ્ધાંતિક બાધ દેખાતો નથી.

તે સિવાય કોઈપણ વ્યક્તિ નાહકમાં ઉપદેશક કે અધ્યાપક ની વૃત્તિને આજીવિકાર્થે સ્વીકાર્યા વિના સરખે-સરખા સહુ પરસ્પર મળીને સ્વમાર્ગીય સિદ્ધાંતોનું દા.ત. ષોડશગ્રંથ, નિબંધ, શિક્ષાપત્ર, વાર્તા, વચનામૃતો વિગેરે ગ્રંથોનું શ્રવણાદિ સમૂહમાં કરે તો સત્સંગનો આ પ્રકાર પણ પરંપરાથી પ્રચલિત, પ્રભાવશાળી અને ઉપયુક્ત રહ્યો છે, રહી શકે



છે અને રહેશે પણ.

આમાં ફક્ત એક મોટી ધાસ્તી રહેલી છે તે આ કે કોઈક સ્વસંપ્રદાયદ્વેષી ધૂર્ત જીવ સત્સંગમંડળોમાં શ્રીમહાપ્રભુની ખોટી પ્રશંસા કરી-કરીને ઘુસી જાય; અને હળવેથી શ્રીમહાપ્રભુના સિદ્ધાંતોની વિકૃત રજુઆત કરીને, પેલા અબોધ સત્સંગાર્થિઓને શ્રીમહાપ્રભુનાજ નામે શ્રીમહાપ્રભુના સિદ્ધાંતોથી સદંતર વિપરીત વિચારો, ભાવનાઓ, ભજનપ્રકારો કે વ્યવહાર નો પ્રચાર ક્યાંક ન કરી દે!

આપણા સંપ્રદાયમાં પેસેલા ઘણા બધા સડાઓ વિકૃતિઓ કે દૂષણો, જે ભૂતકાળમાં પેસી ગયા છે અથવા તો વર્તમાનમાં પણ અતિશય કુટિલતાથી ઘુસાડવામાં આવી રહ્યા છે, તેમાં કારણભૂત આવા સત્સંગ (!) મંડળોજ હતા અને બની રહ્યા છે! આની પ્રભાવશાળી રોક શક્યજ નથી. તેમાં કારણભૂત આપણા બધા ભારતીય ધર્મોના બે મહાન ગુણો — વિચારસ્વાતંત્ર્ય અને સંસ્થાકીય અંકુશોનો અભાવ — નો દુરૂપયોગજ રહ્યો છે.

જેમ જીવતો માણસજ માંદો થાય મૃત નહિ, તેથી જીવતાને કાંઈ મારી નાખવામાં આવતું નથી. આતિથ્યના સૌજન્યને કારણેજ સદ્‌ગૃહસ્થોને ધૂતારાઓ ઘણી વખતે છેતરી જતા હોય છે, તેથી અતિથિસત્કારના આદર્શની સંસ્કૃતિ આપણે છોડી શકતા નથી. ઘરના નાના બાળકોને માતાપિતાનો લાડજ ઘણી વખતે તેમને તોફાની બનાવવામાં સહાયભૂત બનેલો હોય છે, તેથી "નાના બાળકોને લાડ ન કરવો" તેમ કહી શકાતું નથી. તેમજ વિચારસ્વાતંત્ર્ય અને સંસ્થાકીય અંકુશોનો અભાવ તે આપણા ભારતીય ધર્મોના મહાન ગુણોના દુરૂપયોગને કારણેજ આપણા દેશના ઘણા બધા ધર્મોમાં ઘણી બધી ધાંધલો ભૂતકાળમાંય થઈ છે અને વર્તમાનમાં પણ ચાલી રહી છે. તે છતાંય આપણે જીવીશું તો આપણા આ ગુણોની સાથે નહિ તો મરીજ જઈશું!

શાંકર રામાનુજ માધ્વ સંપ્રદાયોની માફક, આપણે

ત્યાં પણ પ્રધાન પીઠ/ગૃહ ઉપપીઠ/ગૃહ વિદ્વાન્-શાસ્ત્રિઓ વિગેરે જે પદો કે પદવીઓ છે તેમાંય શાંકર રામાનુજ કે માધ્વ વિગેરે સંપ્રદાયોની માફકજ સંસ્થાકીય અંકુશોનો સદંતર અભાવ પણ પ્રવર્તેજ છે. શાંકર સંપ્રદાયમાં જગદ્ગુરુ પીઠઉપર અધિષ્ઠિત આચાર્ય, પદત્યાગ કરીને તે પદની પ્રતિસ્પર્ધામાં પ્રવૃત્ત થયેલ 'મંડલેશ્વર-મહામંડલેશ્વર' જેવી પદવીઓ ધારણ કરીને પાછા પોતાની શાંકર તરીકેની પીછાણ આપે છે! મૂલ આચાર્યપીઠની અકર્મણ્યતાનો લાભ લઈ આચાર્યપીઠના શાસ્ત્રી બીજા એક સંપ્રદાયમાં સમગ્ર સંપ્રદાયનાજ પ્રમુખ બની ગયા છે. તેવી લીલાઓ આપણા માર્ગમાં પણ ચાલી રહી છે. તેનું એકમાત્ર કારણ છે: આપણા બે મહાન ગુણો વિચારસ્વાતંત્ર્ય અને સંસ્થાકીય અંકુશોનો અભાવ. કોઈ કોઈનું કાંઈક સાંભળવા કે કહેવા જવાબદાર કે અધિકારી ન હોય તો આપણા ભારતીય ધર્મોને એક શંભુમેળો સમજવો કે નહિ?

કેટલાક આચાર્યવંશજ ગોસ્વામી બાલકો આજ્ઞા કરે છે કે ગોસ્વામિઓમાં કોઈક પ્રધાન પીઠાધીશ/ગૃહાધીશ સમ પીઠાધીશ/ગૃહાધીશ ઉપપીઠાધીશ/ગૃહાધીશ એવા પદભેદ ન હોવા જોઈએ—સહુ ગોસ્વામિઓ સરખા! પુષ્ટિમાર્ગમાં સૃષ્ટિભેદ ન હોવો જોઈએ. કોઈપણ ગોસ્વામીને બીજા અકર્મણ્ય કે અસંચારી ગોસ્વામીથી દીક્ષા લીધેલ વૈષ્ણવ પરિવારોમાં ઘુસીને બ્રહ્મસંબંધ દીક્ષા આપી દેવાની, કે પુષ્ટ કરીને શ્રીઠાકોરજી પધરાવી આપવાની, કે બીજાએ પુષ્ટ કરીને શ્રીઠાકોરજી પધરાવી આપ્યા હોય તો પોતાને મનગમતી સેવાપ્રણાલીની આજ્ઞા આપી દેવાનું 'કર્તુમ્ અકર્તુમ્-અન્યથાકર્તુંસામર્થ્ય' છે. પરંતુ બેટીજી, લાલાજી, કથાકાર શાસ્ત્રીજી, કે પ.ભ. વૈષ્ણવોને તે અધિકાર નથી.

વળી કોઈક કહે છે કે શ્રીમહાપ્રભુ તો ગોપીજનોને જ્યારે ગુરુતરીકે બિરદાવે છે ત્યારે ગો. બાલકોજ બ્રહ્મસંબંધદીક્ષા આપી શકે બેટીજી નહિ એમ કેમ ચાલે?

વળી ત્રીજા કોઈક કહે છે કે શ્રીમહાપ્રભુનું રક્ત



ફક્ત પુરુષસંતતિ ગો.બા.ઓ અને બેટીજીઓ ની નસોમાંજ વહી રહ્યું છે, એમ કેમ કહી શકાય? બેટીજીના વંશજો લાલાજીની નસોમાં પણ શ્રીમહાપ્રભુનું રક્તજ વહી રહ્યું છે, તેથી શામાટે તેઓ પણ બ્રહ્મસંબંધદીક્ષા, સ્વરૂપપુષ્ટીકરણ અને સેવોપદેશ નથી કરી શકતા?

વળી ચોથા વ્યાવૃત્ત્યર્થ ભાગવતકથાના વાચકો પૈકી એક મહાનુભાવ મને પોતાને કહેતા હતા—"માઠું નહિ લગાડતા! આપ ગોસ્વામિઓમાં ધર્માચાર્યોચિત શાસ્ત્રાધ્યયન કરેલ ગોસ્વામિઓ કેટલા? હું તો ભરી સભામાં આ વાત વૈષ્ણવોને કહી દઉં છું! તેથી ગુજરાતના એક ગામમાં તો મને 'બંડખોર શાસ્ત્રી' તરીકે જૂનવાણી વૈષ્ણવો વખોડવા મંડ્યા. મેં કહી દીધું—'તમને માઠું લાગતું હોય તો મારી ભાગવતકથા નહિ ગોઠવતા, મને કોઈની પરવા નથી!'" તેમજ બીજા એક વ્યાવૃત્ત્યર્થ(!) ભાગવતકથા કહેનારા કથાવાચક શાસ્ત્રીજી કહે છે— "ગોસ્વામિઓને જે ગમે તેવા શ્રીમહાપ્રભુના વચન ગોસ્વામિઓ માન્ય રાખે છે—જે શ્રીમહાપ્રભુને ગમે છે તે ગૃહસેવા-તનુવિત્તજા વિગેરે ગોસ્વામિઓને ક્યાં માન્ય છે?"

વળી પાંચમાં પ.ભ. વૈષ્ણવો કહે છે કે "કોઈક આજીવિકામાટે ભગવત્સેવા કરે છે જે શ્રીમહાપ્રભુના વચનોથી વિપરીતજ છે—તો કોઈ તેવી ભાગવતકથા કરે છે તે પણ શ્રીમહાપ્રભુના વચનોથી વિપરીત ક્યાં નથી? એટલે સત્સંગ તો ગોસ્વામિઓ કે શાસ્ત્રીજીઓ સાથે કરવા કરતા વૈષ્ણવોએજ પરસ્પર મળીને કરી લેવો જોઈએ." સાંભળ્યા પ્રમાણે સત્સંગ કરાવનાર આવા પ.ભ. બાપાઓ કે ભાઈઓ નિર્ધારિત રકમને કૅશના રૂપમાં એટલે કે સત્સંગદક્ષિણા નથી લેતા; પરંતુ કાજુ-બદામના પેકેટ, વસ્ત્રો, ટેપરેકૉર્ડરો વિગેરે કાઈંડના પ્રકારે ઘણું બધું લેતાજ હોય છે. તેમાંય વળી સૈદ્ધાંતિક ગ્રન્થાભ્યાસ લગીરે હોય છે કે નહિ તે કોઈક જુદીજ કથા છે!

વિચારસ્વાતંત્ર્ય અને સંસ્થાકીય અંકુશોના અભાવને

કારણે સત્સંગની મહાભારત આમ ચાલતીજ રહે છે, જેના પરિણામે ભદૂચીપંથ, જયગોપાલપંથ; તેમજ જુના પંથોની માફક ગોસ્વામી-બાલક-વિરોધી પંથ, ગોસ્વામી-બેટીજી-વિરોધી પંથ, જમુનાપંથ, ગિરિરાજપંથ, દામોદરપંથ, વલ્લભવંશજોને પુષ્ટિમાર્ગમાંથી નેસ્તનાબૂદ કરવા મથામણ કરતો વલ્લભપંથ, તેમાંય પાછું ગરમદલપંથ અને નરમદલપંથ એવા અનેક પંથો સત્સંગના જુદા-જુદા પ્રકારોથી પ્રકટેલા છે. તે કાંઈક આપણીજ કથા છે તેવું નથી. ચૈતન્ય-સંપ્રદાયમાં પણ વંશવારસ ગોસ્વામિઓની પરાધીનતાથી મુક્ત થવા ગૌડીયમઠ જે સ્થાપિત કરવામાં આવ્યો તો, તેથી સ્વતંત્ર ઈસ્કૉન હરેકૃષ્ણ સંસ્થા સ્થાપિત થઈ ગઈ! તેના પાછા બે ફાંટા પડયાના સમાચાર પણ પ્રકટ થઈ રહ્યા છે! સ્વામીનારાયણ પંથમાં પણ 'અક્ષરપુરુષોત્તમ' ફાંટો નોખો પ્રકટ થઈ ગયો. જગદ્‌ગુરુપીઠ અને મંડલેશ્વરોથી સ્વતંત્ર થઈને જે મિશન અદ્વૈતવેદાંતના પ્રચારાર્થે સ્થાપિત થયું તેમાંથીય દ્વિવિધ નોખા-નોખા મિશનોના દ્વૈત પ્રકટ થઈ ગયા છે. સરવાળે શુદ્ધાદ્વૈતનું પ્રાણભૂત વચન "એકોઽહં બહુસ્યાં પ્રજાયેય" સાચું ઠરે છે!

કેટલાંક મારા ઉપર પણ ગંભીર આરોપ મૂકવા માગે છે કે હું 'શ્યામપંથ' ચલાવવા માગું છું. ખુલાસારૂપે કાંઈપણ કહેવા કરતા પુષ્ટિપ્રભુ શ્રીકૃષ્ણ, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, તેમના સમાત્મજો, તે પછીના શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી, શ્રીલાલુભટ્ટજી વિગેરે પ્રાચીન ગ્રન્થકારો, ચોર્યાસી—બસ્સોબાવન જેવા પ્રાચીન અર્વાચીન વૈષ્ણવોના ચરણારવિન્દોમાં એકજ વિનમ્ર પ્રાર્થના કે તેવી કુમતિ મારા ભેજામાં ક્યારેય ન જન્મે તેટલી કૃપા આ સર્વે મારાઉપર અવશ્ય કરે!

હું જે, મારી સમજમુજબ, પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોની રજુઆત કરી રહ્યો છું તે વાત કોઈ આધુનિક પુષ્ટિમાર્ગી ગોસ્વામિઓ, શાસ્ત્રિઓ કે વૈષ્ણવોને ગળે ઉતરે કે ન ઉતરે તેની મને લેશમાત્ર પરવા નથી. હું શ્યામપંથ ચલાવવા માગું છું; અથવા મારે શ્યામપંથ ચલાવી દેવું જોઈએ, તેવી મારી નિંદા કે પ્રશંસા બન્નેય મારા કર્ણમાં તીક્ષ્ણતમ શૂલથી પણ તીક્ષ્ણતર પીડાદાયક થતી હોય છે.



આ એક સત્સંગના વિચાર પ્રસંગે તેના અનિયંત્રિત પ્રકારના ગુણદોષોની સંભાવનાના રૂપે લાંબા વિષયાન્તરને પાઠકો આવશ્યક પણ અને ક્ષમ્ય પણ ગણશે એવી આશા રાખું છું.

તેથી સત્સંગના ઉપર જણાવેલ બન્ને પ્રકારોના પાછા બે ભેદ છે:

(ચ) શ્રીમહાપ્રભુપ્રભૃતિ સ્વમાર્ગીય પૂર્વાચાર્યોદ્વારા વિરચિત ગ્રંથોના આધારે.

(છ) પૂર્વાચાર્યોના ઉપજીવ્ય વેદાદિ શાસ્ત્રોના આધારે.

(ચ) સ્વમાર્ગીય સિદ્ધાંતના શ્રવણાદિ જો શ્રીમહાપ્રભુ-પ્રભૃતિ પૂર્વાચાર્યોના ગ્રંથોને આધારે કરાવવામાં આવતા હોય તો ઉપર જણાવેલ વ્યવસ્થામુજબ આજીવિકાર્થે અધ્યાપન કરાવતાં કોઈ સૈદ્ધાન્તિક બાધ આવતો નથી. પરંતુ વાત અહિંયા સુધીજ સીમિત રહેવી જોઈએ તોજ સિદ્ધાંતસંગત વ્યવહાર કહેવાય.

(છ) કેમકે જો આ વાત શ્રીમહાપ્રભુજીના ગ્રંથોના ઉપદેશથી આગળ વધીને શ્રીમહાપ્રભુના ઉપજીવ્ય શાસ્ત્રો વેદોપનિષદ્-ગીતા-બ્રહ્મસૂત્ર-ભાગવતાદિપુરાણ વિગેરે શાસ્ત્રોના ઉપદેશો કે પ્રવચનો સુધી તાણવી હોય તો, જે ઉપનીત બ્રાહ્મણ હોય તેનેજ આ ગ્રંથોનો ઉપદેશાધિકાર છે, દરેકને નહિ. તેથી શ્રીમહાપ્રભુ કહે છે:—

યદૌપનિષદં જ્ઞાનં શ્રીભાગવતમેવ વા।
વર્ણિનામેવ તદ્ધિ સ્યાત્ સ્ત્રીશૂદ્રાણાં તતોઽન્યથા॥

ભાગવતજ્ઞાનમપિ ત્રૈવર્ણિકાનામેવ, ઉપાસનાયાઃ પ્રાધાન્યાત્.

(ભાગ.નિ. ૩/૧૭૮).

એટલે ભૂતલ ઉપર અવતીર્ણ ભગવાન્‌ની ભાગવતાદિ પુરાણોમાં વર્ણિત લીલાઓના શ્રવણ-શ્રાવણ, સ્મરણ-સ્મારણ કે સંકીર્તન મનુષ્યમાત્ર કરી શકે છે; પરંતુ તે ભગવલ્લીલાઓ શ્રીમદ્‌ભાગવત પુરાણમાં જ્યાં-જ્યાં ગુંફિત છે તે-તે અંશો સર્વાધિકારક હોવા છતાંય સમગ્ર શ્રીમદ્‌ભાગવત પુરાણ સર્વાધિકારક નથી, એવો શ્રીમહાપ્રભુનો સ્પષ્ટ અભિપ્રાય છે. હવે આ જુનો વિચાર આધુનિક વર્ગભેદવિહીન સમાજના નિર્માણના આદર્શથી વિપરીત જણાતો હોય તો શ્રીમહાપ્રભુ ઉપર વર્ગભેદના વિચાર ધરાવનારા ચિંતક હોવાનો આરોપ મૂકી શકાય છે. જોકે શ્રીમહાપ્રભુનો ખુલાસો તે બાબતમાં આમ હોઈ શકે છે કે આધુનિક આદર્શ પોતે આધુનિક દેશકાલની સામાજિક અપેક્ષાઓ ઉપર અવલંબિત છે જ્યારેકે શ્રીમહાપ્રભુની માન્યતા સનાતન ધર્મશાસ્ત્ર ઉપર અવલંબિત છે, તેથી વર્તમાનકાલમાં શ્રીમહાપ્રભુના સિદ્ધાંતો કહેતા કે અનુસરતા જે કાંઈ અગવડ હોય તેને સાંખ્યા સિવાય કોઈ છૂટકોજ નથી.

તેથીજ શ્રીપુરુષોત્તમજીએ અણુભાષ્ય (૧/૩/૩૪-૩૮) ના પ્રકાશમાં આ બાબતમાં લાંબી વિચારણા કરીને ખુલાસો આપ્યો છે:—

> જો શ્રીમદ્‌ભાગવતમાં વર્ણિત ફક્ત ભગવલ્લીલાના અવગાહનનુંજ શુદ્ધ નિશ્છલ તાત્પર્ય હોય તો-તો શ્રીમહાપ્રભુના પુરુષોત્તમસહસ્રનામ (ઉપલક્ષણ વિધિથી: ત્રિવિધનામાવલી આદિ તેમજ શ્રીસૂરદાસ-જીથી લઈને શ્રીદયારામભાઈ સુધીના અનેક ભક્તકવિઓના પદો) ના અવગાહનથી પણ સંતુષ્ટ થઈ શકાય છે. તે છતાંય જ્યારે અનુપનીતો કોઈકને કોઈક વચનોના બહાનાઓ કાઢીને પોતાને અધિકારી સિદ્ધ કરવા માગે છે, તેઓ તો હકીકતમાં માત્સર્યગ્રંથિથીજ પીડાતા હોય છે. આવા માત્સર્યપીડિત લોકોનો તો ભાગવતોક્ત મનુષ્યમાત્રાધિકારક ધર્મના અનુષ્ઠાનનો પણ અધિકાર લુપ્ત થઈ જાય છે, તો



> ઉપનીતમાત્રાધિકારક ભાગવતોપદેશનો અધિકાર ક્યાંથી હોઈ શકે? તેથી ગીતા કે ભાગવત ના પાઠન કે પ્રવચન ના અધિકારની ચર્ચા અપ્રાસંગિક બની જાય છે.''

તેથી, આજીવિકાર્થ કે ધર્માર્થ, અનુપનીતો પણ વેદાદિશાસ્ત્રોનો ઉપદેશ આપી શકે છે આવી ધારણા આધુનિક છે શાસ્ત્રસમ્મત નહિ.

(૨) ઉપનીતો પૈકી જેઓને આજીવિકાર્થ શાસ્ત્રોપદે-શની છૂટ છે, તે પૈકી મર્યાદામાર્ગીય ઉપનીતોમાટે તે શાસ્ત્રાનુમોદિત હોવા છતાંય, શ્રીભાગવતનો ઉપદેશ આજીવિકામાટે કોઈ પુષ્ટિમાર્ગીય ઉપનીત કરતો હોય તો તે શ્રીમહાપ્રભુને લેશમાત્ર પણ રુચતું નથી; બલ્કે શ્રીમહાપ્રભુને આવા પ્રકારમાટે અતિશય સૂગ છે:—

> ઈદં નામાત્મકં ભગવતો રૂપં તત્ સ્વવિક્રેતરિ
> વિક્રયસાધ્યાતિરિક્તં ફલં ન પ્રયચ્છતિ.
>
> (ભાગ.નિ. ૩/૨૭)

શ્રીભાગવત તે પોતે શ્રીકૃષ્ણનુંજ નામાત્મક સ્વરૂપ છે. એટલે આજીવિકા માટે કે પરોપકારાર્થે શ્રીભાગવતથી ભંડોળ ભેગું કરવું તે કૃષ્ણને વેચીને રુપિયા ઘરમાં ભેગા કરવા જેવી હલકી વાત છે!

દેખીતી રીતે કાગળિયાઉપર છપાયેલી ભાગવતની આધિભૌતિક ચોપડીના વેચાણની નિંદા અહીંયાં નથી. જેમકે કોઈ મૂર્તિકાર ધાતુની કે પત્થરની શ્રીકૃષ્ણની મૂર્તિ ઘડીને વેચતો હોય; અથવા કોઈ ચિત્રકાર શ્રીકૃષ્ણના ચિત્રો બનાવીને વેચતો હોય, તેની નિંદા ક્યાંય કરવામાં આવતી નથી. તે મૂર્તિમાં, પરંતુ, પ્રાણપ્રતિષ્ઠા કે ભાવપ્રતિષ્ઠા (પુષ્ટ) કર્યા પછી તે આધિભૌતિક રૂપાકૃતિ આધિદૈવિક બની જાય છે, તેવા આધિદૈવિક સ્વરૂપોનો વિક્રય (તેને નામ 'ન્યોછાવર' કે જે કાંઈ આપો બધું સરખુંજ છે) કરતો હોય તો તેવા માણસને ચાંડાલ જેવો અપવિત્ર ગણવામાં આવ્યો છે. કેમકે ઈષ્ટદેવનો આજીવિકાર્થ ઉપયોગ માણસને

દેવલક બનાવે છે. તેમજ શ્રીમદ્ભાગવતનું અનુષ્ઠાન પણ ભગવદ્રૂપ હોવાથી તેનો આજીવિકાર્થ ઉપયોગ ચાંડાલોપમ અપવિત્ર બનાવનારો છે, તેવો શ્રીમહાપ્રભુનો દૃઢ અભિપ્રાય છે.

આજે તો સુંદોપસુંદ ન્યાયે આજીવિકામાટે ભાગવતના કથાવાચકો આજીવિકા માટે ભગવત્સેવા કરનારાઓની જાહેરમાં નિંદા કરે છે, તેમજ આજીવિકા માટે ભગવત્સેવા કરનારાઓ, આજીવિકા માટે ભાગવતકથા કહેનારાઓની નિંદા કરતા હોય છે.

વળી કેટલાક લોકો કહે છે માંગીને પૈસા ન લેવા જોઈએ પણ માંગ્યા વિના જે ભાગવતના નામે મળી રહે તે લેવામાં વાંધાજનક હોતું નથી. આમ જો દલીલ કરીએ તો કોઈ સ્વદેહવિક્રય કરનારી પણ દલીલ આપી શકે—“માંગીને દેહવિક્રયના પૈસા લેતી નથી પરંતુ માંગ્યા વિના જે મળે તેમાં સંતોષ રાખું છું! દેહવિક્રયને, પરંતુ, જ્યારે અનીતિ માનવામાં આવી હોય, ત્યારે માંગીને મૂલ્ય લેવું કે વિના માંગે જે કાંઈ મળી રહે તેમાં ફરક પડતો નથી. તેમજ ભાગવતવિક્રયને જ્યારે નામાપરાધ ગણવામાં આવ્યો છે, ત્યારે માંગીને પૈસા લેવા કે વગર માંગે લેવા તેમાં તફાવત રહી જતો નથી.

કેટલાક લોકો કહે છે કે ભાગવતના નામે ભંડોળ ભેગું ન કરીએ ફક્ત શ્રોતાઓની ભીડ ભેગી કરીએ, પછી ભાગવત સિવાય બીજા કોઈપણ હેતુથી પૈસા માંગી લઈએ તેને તો ‘ભાગવતવિક્રય’ ન કહેવાય! અહીંયાં મુંબઈમાં વિદેશી નૃત્ય શિખવાડવા માટે કેટલીક નિર્દોષ જાહેરાતો છાપાઓમાં આવતી હતી; પરંતુ હકીકતમાં તો તેના નામે રઈસી રહેઠાણોમાં દેહનો વ્યાપારજ ચાલતો હતો, તેવો એક વખત ઘટસ્ફોટ થયો હતો. એટલે નામ બદલવાથી કામનો ગુણ બદલી જતો નથી.

વળી કેટલાક એમ પણ કહે છે કે સમાહના જાહેર માંડવામાં ભાગવતની દક્ષિણા કે પોથીભેટ લઈએ તો



ભાગવતવિક્રયનો દોષ લાગે છે; પરંતુ ખાનગીમાં એટલે કે યજમાનના કે કથાવાચકના ઘરમાં તેની ભેટ-દક્ષિણા સ્વીકારતાં ભાગવતવિક્રયનો દોષ લાગતો નથી! તો જાહેરમાં ગુનાને ગુનો માનવો ખાનગીમાં નહિ? ખાનગીમાં આચરવાથી અનીતિ શું નીતિ બની જાય?

આ પ્રસંગે ભૂલવું ન જોઈએ કે શ્રીમહાપ્રભુએ શ્રીભાગવતનો આજીવિકાર્થ ઉપયોગનો નિષેધ જે શબ્દોમાં કર્યો છે તે આ મુજબ છે:—

................તતો ભાગવતં કૃતમ્।
એતદભ્યસનાલ્લોકો મુચ્યતેઽનુપજીવનાત્॥૬૭॥
સાધનં પરમેતદ્ધિ શ્રીભાગવતમાદરાત્।
પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમદંભત:॥૨૪૩॥
પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્।
વૃત્ત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈ: કંઠગતૈરપિ॥૨૫૩—૪॥
તદભાવે યથૈવ સ્યાત્ તથાનિર્વાહમાચરેત્।

એટલે જેમને વેદાદિ શાસ્ત્રોના માધ્યમથી ધર્મ કે બ્રહ્મ નો ઉપદેશ કરીને આજીવિકા કમાવવાની છૂટ મળેલી છે, તેમનામાટે પણ શ્રીમદ્ભાગવતનો સહેતુક કે આજીવિકાર્થ પ્રયોગ શ્રીમહાપ્રભુના ભાવો મુજબ અતિશય નિંદનીય છે, તેમાં બેમત નથીજ. શ્રીહરિરાયજીના પિતૃચરણ શ્રીકલ્યાણરાયજી, જલભેદની ચોથી કારિકાની વિવૃત્તિમાં સ્પષ્ટતમ શબ્દોમાં વિધાન કરે છે કે આવા લોકોના મુખથી કથા સાંભળવી તે ગટરના ખાબોચિયામાં પગ નાખવા જેવી અપવિત્ર કથા છે.

તેથી સત્સંગના સાચા સ્વરૂપનો વિચાર કરતા ભગવલ્લીલાના શ્રવણ-મનન-નિદિધ્યાસન અથવા શ્રવણ-કીર્તન-સ્મરણ નો પણ વિચાર કરતા પાછા બે રૂપો સ્પષ્ટ થાય છે:—

(ચ) ભાગવતશાસ્ત્રાધ્યયનાધ્યાપનાત્મક

(છ) ભક્તિમાર્ગીય સેવાના અનુકલ્પ તરીકે ભાગવતકથાશ્રવણકીર્તનાત્મક

(ચ) તેથી ઉપર જણાવેલ ભાગવતાર્થ નિબંધના વચનમાં શ્રીમહાપ્રભુએ—"ભાગવતજ્ઞાનમપિ ત્રૈવર્ણિકાનામેવ ઉપાસનાયાઃ પ્રાધાન્યાત્" કહ્યું છે. એટલે ભાગવતનું શાસ્ત્ર તરીકે અધ્યયનાધ્યાપન ત્રૈવર્ણિકાધિકારક છે. કારણ કે તે અધ્યયનાધ્યાપન જોકે પોતે ઉપાસનારૂપ નથી છતાંય ઉપાસનાના અંગ તરીકે કરવામાં આવે છે. દા.ત. ઉપનીત દ્વિજોએ શ્રૌતકર્મનું સન્દેહરહિત અનુષ્ઠાન કરવામાટે અથવા ઔપનિષદ બ્રહ્મની ઉપાસનાના અનુષ્ઠાન કરવામાટે વેદના પૂર્વોત્તર કાંડોનું સાંગ-સરહસ્ય અધ્યયનાધ્યાપન કરવા-કરાવવાનું હોય છે. તે પોતે ઉપાસનારૂપ ન હોવા છતાંય ઉપાસનાના અંગરૂપ હોય છે. તે પૂર્વોત્તર-કાંડીય ઉપાસનાના અંગરૂપ વેદાધ્યયનનુંજ પાછું અવાંતર અંગરૂપ પુરાણાધ્યયન પણ છેજ. શિક્ષા કલ્પ વ્યાકરણ નિરુક્ત છન્દ જ્યોતિષ જે છે તેમને 'વેદાંગ' કહેવામાં આવે છે. તેમજ સ્મૃતિ-સૂત્ર-પુરાણ-તંત્ર; વેદના રહસ્ય, એટલે હાર્દને, સમજવામાટે જરૂરી ગણવામાં આવ્યા છે. તે રીતે સાંગ-સરહસ્ય વેદનું અધ્યયનાધ્યાપન જેણે ઉપનયનપૂર્વક કર્યું હોય તેને વેદોક્ત કર્મોપાસના કરવામાટે યોગ્ય અધિકારી તરીકે માન્ય રાખવામાં આવ્યો છે. બાકીના બધા અનધિકારી કોઈ કર્મ કરે તોય તે ક્રિયા કે જિજ્ઞાસા વડે ધર્મ કે બ્રહ્મજ્ઞાન ની સિદ્ધિ થતી માનવામાં આવતી નથી. તેથી શાસ્ત્ર તરીકે ભાગવતના અધ્યયનાધ્યાપન ઉપાસનાના અંગ હોવાથી ત્રૈવર્ણિકાધિકારક છે. તેથીજ ઉપદેશાધિકાર પણ ભાગવતનો અનુપનીતોને નથી.

(છ) ભાગવતમાં વર્ણિત ભગવાન્‌ની અવતારલીલાના શ્રવણ-કીર્તન-સ્મરણ કરવાનો અધિકાર મનુષ્યમાત્રને હોવાથી તેમાં અધિકારવિવેક જાળવવાનો રહેતો નથી. અને તે લીલાના શ્રવણ-કીર્તન-સ્મરણને આજીવિકાર્થ કે ધનસંગ્રહાર્થ કરવાની સખ્ત મનાઈ છે. કેમકે ભગવલ્લીલાના શ્રવણ-કીર્તન-સ્મરણ પોતે સર્વાધિકારક ઉપાસના તરીકે ભક્તિમાર્ગમાં માન્ય છે, તેથી તેમનો આજીવિકાર્થ કે ધનસંગ્રહાર્થ પ્રયોગ વર્જિત છે.



વેદશાસ્ત્રના અંગ તરીકે ભાગવતનું અધ્યયન કે અધ્યાપન, ઉપાસના નહિ પરંતુ ઉપાસનાનો અંગ હોવાથી, સર્વાધિકારક નથી. ઉપનીત વિપ્રજ ત્યાં અધિકારી હોવાથી શાસ્ત્રમર્યાદા પ્રમાણે ગુરુ તરીકે આજીવિકાર્થ તેનો પ્રયોગ શાસ્ત્રાનુમોદિત છે. તે છતાંય શ્રીમદ્‌ભાગવતનો આજીવિકાર્થ ઉપયોગ શ્રીમહાપ્રભુએ વર્જિત કર્યો હોવાથી બીજાઓને તો નહિ પણ સહુ પુષ્ટિમાર્ગીયોને તે બંધનકારી છેજ. તે સિવાયના એટલે કે ભાગવત સિવાયના બીજા શાસ્ત્રોને આજીવિકાર્થ એટલે બ્રાહ્મણવૃત્તિના રૂપે પ્રયોગમાં લાવવામાં શ્રીમહાપ્રભુને વાંધાજનક કશું લાગતું નથી.

વળી ઉપાસનાના અંગ તરીકે ભાગવતશાસ્ત્રનું અધ્યયનાધ્યાપન જેણે વૃત્ત્યર્થે ન કર્યું હોય તેને ગુરુ બનવાની શ્રીમહાપ્રભુની આજ્ઞા છે:—

મનસિ અન્યદ્ વિધાય અન્યથાકરણે ન ફલસિદ્ધિઃ
ઈતિ અભિપ્રાયેણ આહ 'શ્રીભાગવતતત્ત્વજ્ઞમ્'.

(સ.નિ.૨૨૭).

તેમજ શ્રીગોપીનાથ પ્રભુચરણ પણ આજ્ઞા કરે છે:—

માહાત્મ્યજ્ઞાપનાયૈવ શ્રવણં ગુણકર્મણામ્।
શાસ્ત્રાણામુપયોગોऽત્ર તત્રાકાંક્ષા ગુરોર્ભવેત્॥
કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરમ્।
શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેત્............॥

(સા.દી.૯—૧૦).

આજે તો કેટલાક વૈષ્ણવો એમ સમજે છે કે "ગોસ્વામી બાલકો જ્યારે પોતેજ ભાગવતતત્ત્વજ્ઞ હોતા નથી, ત્યારે જે કોઈ સ્ત્રી કે પુરુષ ભાગવતકથા વાંચતો હોય તેનાથી બ્રહ્મસંબંધ લઈ શકાય છે (પછી તે કથાવાચક શાંકર હોય કે શૈવ હોય કે જે કાંઈ હોય)". આ તો શ્રીમહાપ્રભુના મતની બાબતમાં સંપૂર્ણ બેપરવાઈ રાખવાની મનોવૃત્તિ છે.

શ્રીમહાપ્રભુના મત પ્રમાણે જેવી રીતે ભાગવતના તત્ત્વને ન જાણનારો ગુરુ થઈને ઉપદેશ આપી શકતો

નથી, તેવીજ રીતે ભંડોળી કથા કરનારાઓ કે અનુપનીતો પણ ભાગવત કે તન્મૂલક બ્રહ્મસંબંધ-દીક્ષાના ઉપદેશક બની શકતા નથીજ. એટલે સરવાળો કાઢતા સર્વત્ર આંધળે બહેરૂંજ કુટાઈ રહ્યું છે, તેમાં બેમત નહિ. તેથી સત્સંગની ધાંધલમાં શ્રીમહાપ્રભુનો આશય ક્યારેય પણ ભૂલવો જોઈએ નહિ. માફક કદાચ એ મત, મને કે તમને, આવતો હોય કે ન પણ આવતો હોય!

જેવાં લક્ષણોથી સમ્પન્ન ગુરુને દીક્ષોપદેશ કરી શકવાના યોગ્ય અધિકારીરૂપે શ્રીમહાપ્રભુ માન્ય રાખે છે, તેવા જો ન મળતા હોય તો શું કરવું? આ બાબતની પણ વ્યવસ્થા શ્રીમહાપ્રભુએ પોતે સમજાવી છે. :—

તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ કવચિત્।
પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતમ્॥
(સર્વનિ. - ૨૨૮).

ભાવાનુવાદ : કૃષ્ણસેવા-પરાયણ દંભાદિ-રહિત ભાગવત-તત્ત્વજ્ઞ ઉપનીત ગુરુ જો ન મળતો હોય તો જાતેજ કોઈ ભગવન્મૂર્તિને પોતાના આરાધ્ય પ્રભુ બનાવીને ભગવત્સેવામાં તત્પર થઈ જવું જોઈએ. કેમકે પરમાત્મા સર્વોપાદાન, સર્વાત્મા, સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન્ છે. જે ભગવન્મૂર્તિના રૂપે આપણે તેને આરાધ્ય બનાવીને ભજવા માગીએ છીએ, તેનો પણ આદ્યોપાદાન તે છે, તેમાં પણ વ્યાપી રહેલો છે; અને તે મૂર્તિના રૂપે પણ આપણા ભક્તિભાવને સ્વીકારવા-માણવા સર્વજ્ઞ-શક્તિમાન્ પણ છેજ.

આની વ્યાખ્યા કરતા શ્રીપુરૂષોત્તમજીએ ખુલાસો કર્યો છે :—

આગળ જતાં ક્યારેક બળવાન્ કલિયુગને કારણે જો અભિલષિત લક્ષણવાળા ગુરુ ન મળે ત્યારે શું કરવું તેનો ખુલાસો શ્રીમહાપ્રભુ અહીંયાં આપવા માંગે છે. અહીં 'જાતેજ સેવા શરૂ કરી દેવી' એવી છૂટનો અભિપ્રાય ફક્ત શ્રીમહાપ્રભુનેજ પોતાના ગુરુ માનીને ભગવત્સેવામાં તત્પર થઈ જવાનો છે. યથોક્ત લક્ષણવાળા ગુરુ ન મળે ત્યારેજ પોતે શ્રીમહાપ્રભુનેજ ગુરુ માનીને ભગવત્સેવામાં તત્પર થઈ જવાની આજ્ઞા પણ પોતે શ્રીમહાપ્રભુએ કરી છે, આથી આ આપદ્ધર્મની બાબતમાં શ્રીમહાપ્રભુનીજ આજ્ઞાનું અનુસંધાન હૃદયમાં રાખીને જે પુષ્ટિજીવ ભગવત્સેવામાં તત્પર થાય છે, તેનાઉપર દંભી યા નૂગરો હોવાનો આરોપ લાગતો નથી. જાતેજ ભગવત્સેવા શરુ કરનારાઓને, ક્યારેક ભગવત્સેવાની બાબતમાં કોઈક વિશેષ રીતભાત જાણવી હોય તો, ભગવત્સેવાની રીતભાતના જાણકાર બીજા કોઈક ભગવદીયને પૂછીને જાણી લેવી.



ભગવત્સેવામાર્ગ ઉપર શ્રીમહાપ્રભુને ગુરુ ગણીને બીજા જાણકાર ભગવદીય પાસેથી માર્ગદર્શન મેળવીને જેમ આપદ્ધર્મ તરીકે સ્વતઃ પ્રવૃત્ત થઈ શકાય છે, તેમજ કથાભક્તિના માર્ગઉપર પણ શ્રીમહાપ્રભુનેજ ગુરુ ગણીને તેમના સુબોધિન્યાદિ ગ્રંથોનો સ્વાધ્યાય તેમજ તેમના સેવકો ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓનો સત્સંગ કરી શકાય છે. ગ્રંથો કે સિદ્ધાંત ની બાબતમાં પણ જ્યાં કંઈક સમજમાં ન આવતું હોય ત્યાં કોઈક જાણકાર પુષ્ટિમાર્ગીય ગ્રંથાધ્યાયી પાસેથી ગ્રંથરહસ્ય મેળવીને પણ શામાટે આગળ નથી વધી શકાતું? અર્થાત્ આવશ્યક નથી કે 'પોતાની મેળે સમજાતી નથી' એવા નજીવા હેતુથી ભગવત્કથોપજીવી કથાવા(વં)ચકોનોજ દુઃસંગ કરવા મંડવો! આને કારણેજ શ્રીમહાપ્રભુએ સત્સંગથી ભાગવતનાં શ્રવણ-કીર્તનને નોખા ગણ્યા છે. સત્સંગ અને ભાગવત તે બન્ને ભગવાન્નાં આધિભૌતિક ચરણારવિંદો છે. જ્ઞાન અને ભક્તિ તે ભગવાન્નાં આધ્યાત્મિક ચરણારવિંદો છે, પુષ્ટિમાર્ગમાં સેવ્ય સ્વરૂપના સાક્ષાત્ ચરણારવિંદો તે આધિદૈવિક ચરણારવિંદો છે. આ છ ચરણોં પૈકી કોઈ પણ એક ચરણની પ્રાપ્તિ થતાં જીવ કૃતાર્થ થઈ જાય

છે :—

સત્સંગો ભાગવતં ચેતિ ભગવચ્ચરણદ્વયમ્ આધિભૌતિકં, જ્ઞાનં ભક્તિશ્ચ આધ્યાત્મિકં, ચરણાવેવ પ્રસન્નસ્ય આધિદૈવિકૌ. તન્મધ્યે અન્યતરપ્રાપ્તાવપિ કૃતાર્થતા.

(સુબો. ૧૦-૩-૨૭).

એકંદરે આને કારણે આધ્યાત્મિક ચરણોના ઘણા બધા ભેદોપભેદ થઈ જાય છે. આને એક સારણીના આધારે સમજવાનું પ્રયાસ કરીશું :—

ચરણારવિન્દ
- સત્સંગ
  - જ્ઞાન
  - ભક્તિ
- ભાગવત
  - જ્ઞાન
  - ભક્તિ

કોઈપણ સંજોગોમાં ભાગવતમાં વર્ણિત ભગવલ્લીલાનાં શ્રવણ-કીર્તનનો લાભ, સર્વાધિકારક હોવાથી, ગુરુની કે સરખે-સરખા કોઈ પણ સત્સંગીની સહાયતાથી મેળવી શકાય છે. તેમજ શાસ્ત્ર તરીકે ભાગવતનું જ્ઞાન ગુરુ પાસેથી અથવા ગુરુસદશ ઉપનીત અને ભાગવતને આજીવિકાર્થ ન વાપરનાર કોઈ પણ વિપ્ર પાસેથીજ મેળવવું જોઈએ.

તેથી —

(૧)સર્વાધિકારક સત્સંગ.

અને

(૨)ઉપનીતાધિકારક ભાગવત શાસ્ત્રના અધ્યયના ધ્યાપનાર્થ ગુરુસંગ.

આ બેઉ વિકલ્પરૂપે પણ ગણવામાં આવ્યા છે અને એક-બીજાનાં પૂરકરૂપે પણ, તેથી સત્સંગમાં શ્રવણ કરીને ભાવ દઢ થતાં ગુરુ પાસેથી ઉપદેશગ્રહણ



કરનારાઓની — તેમજ ગુરુ પાસેથી ઉપદેશ ગ્રહણ કરીને સત્સંગથકી તેને સુદઢ કરનારાઓની અનેક ઘટનાઓ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં મળે છે.

આમ સત્સંગ અને ગુરુસંગ ની હજી થોડીક ઊંડી સમજ મેળવવા શ્રીમહાપ્રભુનાં બે-ત્રણ વચનોનું મનન કરી લેવું યોગ્ય છે :—

(૧)જેમ લોકમાં કોઈક એકાકી વ્યક્તિ કોઈક જાતના રસની અનુભૂતિની મજા માણતી હોય, તેના કરતાંય યોગ્ય સરખે-સરખા સહુ મળી જો રસાનુભૂતિની લ્હાણી માણે તો, તે વધારે સુખજનક થાય છે. તેવીજ રીતે અલૌકિક પરમાનંદનાં અનુભવની બાબતમાં પણ કહી શકાય છે. તેથી પ્રભુનાં ચરણકમલનો અનન્યાશ્રય રાખનારાઓ પણ પરસ્પર સત્સંગ કરવામાટે ઘરબાર છોડીને, કેમકે આવા અનન્ય ભક્તોની સાથે અલૌકિક પરમાનંદનો દિવ્ય ભોગ ઘણી બધી રીતે કરી શકાય છે, એટલે મોક્ષ મેળવવા કરતાંય ભગવત્કથાના શ્રવણમાં વધુ પડતો રસ રહેલો છે; અને એ રસ મેળવવામાં ગૃહ જો પ્રતિબંધક થતો હોય તો તેવા ઘરમાં રહેવા માટે ભગવત્સેવા કરનારાઓ સંમત થતાં નથી. તેથી એવા ઘરને છોડીને પણ સત્સંગ કરવાનું વિધાન છે.

(વેદસ્તુતિસુબો. ૨૧).

તે છતાંય એક વાત ક્યારેય ન ભૂલવી જોઈએ કે ભગવત્સેવા અને ભગવત્કથા બન્નેનો સમુચ્ચય, એટલે એકી સાથે નિર્વાહ, ઉત્તમ કક્ષાની ભક્તિનો નિર્વાહ છે. બેમાંથી કોઈ એકનો નિર્વાહ ઉત્તમ કક્ષાની ભક્તિ નથી. એટલેજ શ્રીમહાપ્રભુ ચતુઃશ્લોકીમાં :—

સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્

એવી આજ્ઞા કરે છે. તેમજ ભક્તિવર્ધિનીમાં પણ સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કરે છે :—

...ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ (ઉત્તમપક્ષ).

...હરૌ ચિત્તં શ્રવણાદૌ ન્યસેત્ સદા (મધ્યમપક્ષ).

તેમજ

સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિઃ દઢા ભવેત્ (મધ્યમપક્ષ).

અહીંયાં સેવા કે કથા માંથી કોઈ એકમાં દઢ આસક્તિને કારણે પણ જ્યારે ભક્તિને જાળવી શકાય છે તો બન્નેનો સમુચ્ચય તો કહ્યા વિનાજ ઉત્તમપક્ષ સિદ્ધ થઈ જાય છે. તેમજ સેવા કે કથા ના વિકલ્પમાંથી કોઈ એક કલ્પનો સ્વીકાર તે મધ્યમપક્ષ છે તે પણ સિદ્ધ થાય છે.

નિરોધલક્ષણમાં પણ ''કથા+સેવા=ઉત્તમપક્ષ''કલ્પને અનુસરીને કથાપક્ષમાં આદર્શ વિરહભાવનાનો ઉપદેશ અને સેવાપક્ષમાં આદર્શ મિલનભાવનાનો ઉપદેશ આમ અપાયો છે :—

યચ્ચ દુઃખં યશોદાયાઃ...તદ્ દુઃખં સ્યાન્મમ કવચિત્.
ગોકુલે ગોપિકાનાં ચ સર્વેષાં વ્રજવાસિનામ્।
યત્સુખં સમભૂતન્મે ભગવાન્ કિં વિધાસ્યતિ!

તેથી આધુનિક ભક્તોને ઉત્તમકક્ષાની સેવારીતિનો ઉપદેશ આપતા શ્રીમહાપ્રભુ આમ સમજાવે છે :—

સંસારાવેશદુષ્ટાનામિન્દ્રિયાણાં હિતાય વૈ।
કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્ન ઈશસ્ય યોજયેત્॥

મધ્યમકક્ષાના કેવળ કથાપક્ષમાં આદર્શ વિરહભાવનાનો ઉપદેશ આપતા શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે :—

ઉદ્ધવાગમને જાતઃ ઉત્સવઃ સુમહાન્ યથા।
વૃન્દાવને ગોકુલે વા તથા મે મનસિ કવચિત્॥

કેવલ કથાના અવલમ્બનમાં ભક્તિમાર્ગની દૃષ્ટિથી શું ઉણપ છે તેનો હેતુ આપે ગોપીગીતની સુબોધિનીમાં જણાવ્યો છે. એ નિરૂપણનો અભિપ્રાય એજ છે કે :—

મૃત્યુ આવતું હોય ત્યારે અમૃતનું પાન મૃત્યુનિવારક હોઈ શકે છે, તેથી હરહમ્મેશ ખાવાપીવાની વસ્તુ અમૃત બની શકતી નથી. તેમજ ભગવદનુભૂતિમાટે ઝૂરતા ભગવદ્વિપ્રયોગિઓને ભગવત્કથાશ્રવણ અમૃત



જેવું લાગતું હોય છે; પરંતુ તેથી સાક્ષાદ્ ભગવદનુભૂતિની ગૌણતા સ્વીકારી શકાતી નથી. નહિ તો રાસમાં ભગવાન્ તિરોહિત થયા ત્યારે ગોપીજનો પણ ભગવાન્‌ને શોધવા કરતા કોઈક ભાગવતકથાવાચકનેજ શોધવા ગયા હોત! અલબત્ત શોધતાંય ભગવાન્ જો ક્યાંક મળતા ન હોય તો તેવી કપરી પરિસ્થિતિમાં ભગવાન્‌ની સાક્ષાત્ પ્રાપ્તિના એક અનુકલ્પ તરીકે ભગવત્કથાથી કામ ચલાવી શકાય છે.

(સુબો.૧૦-૨૮-૯ ના આધારે).

મૂલમાં તો ગોપીજનોએ કોઈ કથાવાચક ન શોધ્યો પણ સાક્ષાત્ પ્રભુનેજ શોધતા રહ્યા; અને ગુણગાન કર્યું તે પણ પરસ્પર મળીને કોઈ કથાવાચકને નોતરીને નહીંજ કે કોઈ ગોપિકાએ યુગલગીત સંભળાવવાની દક્ષિણા પણ લીધી ન્હોતી! યુગલગીત કાંઈ સમાહવિધિથી ગવાયેલું ગીત નથી પરંતુ; નિત્યક્રમવિધિથી ગવાયેલું ગીત છે. જેમ ''મંગલં મંગલં વ્રજ ભુવિ મંગલમ્'' નિત્યક્રમનું ગીત છે, તેવુંજ.

શ્રીમહાપ્રભુને માટે પણ તેથીજ ગાવામાં આવ્યું છે :—

પ્રગટ વ્હૈ મારગરીતિ દિખાઈ।
કર આરતી અનોસર પટ દૈ બૈઠે નિજગૃહ આઈ॥
ભોજન કર વિશ્રામ છિનક લે નિજમંડલી(ગામને નહિ) બુલાઈ।
કરત કૃપા નિજ (ગામ નહિ) દૈવી જીવન પર શ્રીમુખવચન સુનાઈ॥
વેણુગીત પુનિ યુગલગીત કી રસ-બરખા બરસાઈ।
સેવારીતિપ્રીતિ વ્રજજનકી જનહિત (આજીવિકાર્થ નહિ) જગ પ્રગટાઈ॥

આમ જે જીવન જીવવાની ઢબ છે તેને આજીવિકા બનાવીશું તો દુર્ગતિ થયા વિના નહિ રહે, તેથીજ સુરદાસજી પણ એજ આપણને પૂછે છે—''સૂરદાસ ભક્તનસોં મિલિકે હરિજસ કાહે ન ગાવે!''

યુગલગીતની સુબોધિનીના પ્રારંભમાં શ્રીમહાપ્રભુ તેવી જ આજ્ઞા કરે છે :—

શરદ્‌ની રાત્રિમાં ભગવાન્‌ની સાથે રાસક્રીડા કર્યા

પછી દિવસમાં પણ ગોપીજનો સાંસારિક સુખમાં રચ્યા-પચ્યા ન્હોતા રહ્યા. તેઓ દિવસમાં (પણ) ભગવદ્‌ગુણગાનમાં તત્પર રહેતા હતાં, એ જણાવવા યુગલગીત વર્ણવાયું છે.

સ્નાન, ભોજન, શયનાદિ એ આપણા જીવનનું દૈનિક કાર્ય હોય છે. સામાહિક નહીં. જો એક આખો સમાહ ઊંઘીને પસાર કરીએ અને બીજો આખો સમાહ જમતાં-જમતાં તો જમપુર જવાની નોબત વાગ્યા વિના ન રહે!

આપણા પુષ્ટિમાર્ગમાં આજે એવીજ ભવાઈ ભજવાઈ રહી છે કે જે આહ્નિક કૃત્ય આપણા માર્ગમાં હતું તેને, મર્યાદામાર્ગની નકલ કરીને આપણે પણ, સામાહિક કૃત્ય બનાવી દીધું છે. ભાગવતકથા, જે આપણી દિવ્યભક્તિ-સાધના હતી તે, આજે હલકી ભંડોળી પ્રવૃત્તિ બની ગઈ છે.

સરવાળે સત્સંગજ દુ:સંગમાં વિકૃત થઈ ગયો છે. એક શાસ્ત્રીજી મને કહેતા હતા કે "શુકદેવજીએ સમાહ કરી હતી કે નહિ? ગોકર્ણે સમાહ કરી હતી કે નહિ? આ પ્રશ્નોના જવાબ આપો પછી ઘણાં બીજા પ્રશ્નો મારે પૂછવા છે."

મેં લખ્યું કે "શુકદેવજીએ કે ગોકર્ણે કેટલી દક્ષિણા કે પોથીભેટ લીધી તે પહેલા કહી દેખાડો!"

પછી તેનો ખુલાસો તો કર્યોજ નહિ; અને ભારપૂર્વક પૂછતાં અંતે જવાબ આપ્યો કે "આપનો પત્ર મેં પરિવારમાં કોઈને વાંચવા આપ્યો નથી. નહિતો તેમને અશ્રદ્ધા થઈ જાય. હશે અમારી ભાગવતકથા ગટરનાં ખાબોચિયા જેવી; પરંતુ પૂજ્યપાદ ગો.શ્રી...ની આજ્ઞાથી અમે કરીએ છીએ તેથી અમારો ઉદ્ધાર થશે."

હવે કોઈપણ ગોસ્વામિબાલક શ્રીમહાપ્રભુના વંશજ હોવાને કારણે પૂજ્યપાદ બને છે તેવા શ્રીમહાપ્રભુની આજ્ઞા બાતલ; પણ એમના વંશજની આજ્ઞા શિરમાંથે! કહેવાયું છે કે:—



વિપ્રૈઃ ભાગવતી વાર્તા ગેહે-ગેહે જને-જને।
કારિતા કણલોભેન કથાસારસ્તતો ગતઃ ।।

તેથીજ શ્રીમહાપ્રભુએ આ બાબતની સંપૂર્ણ વિવેચના ભાગવતાર્થનિબંધમાં કરી છે:—

ભાગવતકથા અધિકારીના મુખથીજ સાંભળવી જોઈએ અનધિકારીના મુખથી નહિ. અનુપનીત કે આજીવિકા માટે કથા કહેનારાઓ તો કથા કરવાના અધિકારીજ નથી. તે કથાકાર સંપૂર્ણ ભાગવતનો જ્ઞાતા હોવો જોઈએ. સંપ્રદાયપ્રમાણે જેણે અધિકારી વક્તા પાસેથી પોતે ભાગવતકથા સાંભળી હોય, એવોજ પુરુષ વક્તા બનવાનો અધિકારી હોય છે. તે પોતે ભક્ત પણ હોવો જોઈએ. અહીં એક શંકા થાય છે કે વક્તાનાં અધિકારી હોવાની શરત શામાટે? શ્રોતાજ અધિકારી હોવો જોઈએ? હકીકતમાં મુખ્યતા વક્તાના અધિકારી હોવાની છે, શ્રોતા તો થોડોક જેવો-તેવો હોય તો પણ ઉત્તમ બની શકે છે. ત્યારે સૂતજીએ શ્રીશુકદેવજીના મુખેથી ભાગવતકથા સાંભળી હતી તોય તે કથા ઉત્તમ કેમ નથી ગણાતી? આનો જવાબ એમ છે કે—જોકે સૂતજીએ પોતે આ શ્રીમદ્‌ભાગવતનો વિક્રય તો કર્યો ન હતો; છતાંય તેમની આજીવિકા તો પુરાણકથા કહીને આજીવિકા કમાવવાની હતી, તેથી તેમની ભાગવતકથા ફલવતી ન બની (તેમાંય જો કોઈક ભાગવતકથાનેજ જો આજીવિકાના સાધન તરીકે કરતો હોય તો કહેવાપણું રહી જતું નથી) ભગવાનનું નામાત્મક સ્વરૂપ હોવાથી, પોતાનો વિક્રય કરનારને આ શ્રીમદ્‌ભાગવત પુરાણ પૈસા સિવાય બીજું કંઈ પણ સિદ્ધ કરાવતું નથી.

(ભાગ.નિ. ૧/૨૭).

આથી સિદ્ધ થાય છે કે ભાગવતશાસ્ત્રનું અધ્યયનાધ્યાપન ઉપનીત અધિકારીઓ જોકે મર્યાદામાર્ગમાં ગુરુશિષ્યરૂપે આજીવિકાર્થ કરી શકે છે, કેમકે તે શાસ્ત્રાનુમોદિત છે, તે છતાંય, પુષ્ટિમાર્ગમાં ભાગવતવિક્રય સર્વથા નિષિદ્ધ ઠરાવવામાં આવ્યો છે. તે સિવાયના શાસ્ત્રોક્ત કે ભાગવતોક્ત ( ભાગવતનો પોતાનો તો શાસ્ત્ર તરીકે તો નહીં નહીં અને નહીંજ! ) ધર્મનો ઉપદેશ ગુરુપણાથી આપીને, ઉપનીત વિપ્રો આજીવિકાનું ઉપાર્જન કરી શકે છે.

ભાગવતોક્ત ભગવલ્લીલાઓનું શ્રવણ-સ્મરણ-કીર્તન એ તો કથાત્મિકા ભક્તિસાધના છે. તેથી શ્રીમહાપ્રભુનાં વંશજો કે લાલાજીઓ કે શાસ્ત્રીજીઓ કે કોઈપણ પુષ્ટિમાર્ગીય જો આજીવિકામાટે કરે તો તેની તેવી કથાનું શ્રવણ ગટરનાં ખાબોચિયામાં પગ નાખવા જેવું અપવિત્ર કથાશ્રવણ કહેવાય.

ભાગવતનાં હાર્દના મર્મજ્ઞ હોવું તે પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધદીક્ષા પ્રદાન કરવામાટે અધિકારની કે યોગ્યતાની ત્રણ-ચાર શરતો પૈકી એક પ્રમુખ શરત છે. આત્મસમર્પણ સર્વાધિકારક ભક્તિમાર્ગીય સેવાસાધનાનો અધિકાર પ્રદાન કરનાર સંસ્કાર છે. તેથી ભાગવતનું શાસ્ત્ર તરીકે ગંભીર અધ્યયન જેણે ન કર્યું હોય તે બ્રહ્મસંબંધદીક્ષા પ્રદાન કરવા યોગ્ય અધિકારી નથી.

નવા વલ્લભપંથિઓ જે ધૂતક ફેલાવે છે કે બ્રહ્મસંબંધ તો કોઈપણ આપી શકે છે. એટલે જે કોઈ કૃષ્ણસેવા-પરાયણ, દંભાદિ-રહિત અને ભાગવત-તત્ત્વજ્ઞ હોય તે બ્રહ્મસંબંધ આપી શકે છે; પરંતુ આ વાત બરાબર નથી. કેમકે કોઈ અનુપનીત પણ કૃષ્ણસેવા-પરાયણ અને દંભાદિ-રહિત હોઈ શકે છે; પણ ભાગવતનો અધીતજ્ઞ હોઈ શકતો નથી — અધ્યયન કરે તો પણ તે 'અનધિકારચેષ્ટા' કહેવાય, વિપ્રાધિકારક અધ્યયનના નિયમને કારણે. તેથી સત્સંગનેમાટે



તેવા ગુરુઓનો સંગ શાસ્ત્રશુદ્ધ પ્રકાર નથી.

ભાગવતોક્ત ભગવલ્લીલાને કહેવા-સાંભળવામાટે દરેક પુરૂષ કે સ્ત્રી અધિકારી છે. તે માટે ઉપનીત કે અનુપનીત નો કોઈ અધિકારભેદ નથી; પરંતુ તે આજીવિકામાટે નજ હોવું જોઈએ. અને જો હોય તો પાષંડ અને પાષંડ સિવાય બીજું કાંઈજ નહિ.

એવી સ્થિતિમાં ભાગવત-તત્ત્વજ્ઞ ગુરુએ ભાગવતોક્ત પ્રેમાત્મિકા સેવા ભક્તિની દીક્ષારૂપે આત્મસમર્પણ કે બ્રહ્મસંબંધ મંત્રનો ઉપદેશ કરવાનો હોય છે. આમાં મંત્ર પ્રદાન કરવાનેમાટે, ફિક્સ્ડ રેટ બાંધીને, પૈસા માંગવા તે તો નામવિક્રયજ છે. અલબત્ત દીક્ષા લીધેલા શિષ્યો કે સેવકો, સ્વેચ્છાથી યદા-કદા, જે કાંઈ ગુરુબુદ્ધિથી ભેંટ ધરે તેને સ્વવૃત્તિવાદમાં અને જલભેદકારિકાની વ્યાખ્યામાં શ્રીપુરુષોત્તમ-જીએ 'ગુરુવૃત્તિ' તરીકે સ્વીકારી છે. એ સિવાય આજકાલ ઠાકોરજી પુષ્ટ કરવાનો પણ ફિક્સ્ડ રેટ રાખવામાં આવે છે, એતો શુદ્ધ દેવવિક્રયજ છે; અને અતિ જઘન્ય કોટીનો અપરાધ છે. કોક આપે તોય રુપિયા ન લેવા જોઈએ. તેથી પુષ્ટિજીવોને તેમના ભાગવતોક્ત કર્તવ્યોપદેશનીજ ગુરુભેટ લેવી નિર્દોષ છે.

કેટલાક લોકો પૂછે છે જો આજે વલ્લભવંશજો આ નિયમને પાળતા ન હોય તો આ નિયમને તોડવાની છૂટ બીજાઓને શામાટે નહિ?

સમાજમાં ધારો કે ગુંડાઓ પારકા ધન યા પારકી વસ્તુ ઝૂંટવી લેતા હોય— નિયમને પાળતા ન હોય તો, તેથી નિયમ તોડવાની એટલે કે કાનુનને હાથમાં લેવાની છૂટ આપવામાં આવતી નથી. જો વલ્લભવંશજો જેમને શ્રીવિટ્ઠલેશ પ્રભુચરણે "ભુવિ ભક્તિ-પ્રચારૈક-કૃતે

સ્વાન્વયકૃત્—સ્વવંશે સ્થાપિતાશેષ-સ્વમાહાત્મ્યઃ '' વચન-દ્વારા પુષ્ટિમાર્ગમાં ગુરુ થવાની સ્વરૂપયોગ્યતા પ્રદાન કરી છે, તે વલ્લભવંશજોની ગુરુ થવાની ફલમુખ-યોગ્યતા એટલે કૃષ્ણસેવા-પરાયણતા, દંભાદિ-રહિતતા અને ભાગવત-તત્ત્વજ્ઞતા પોતાનાં ભીતર ખીલવી ન શકે તો શું કરવું? તે બાબતમાં જે આપદ્ધર્મરૂપ નિયમ ગ્રંથોમાં મળે છે તેને જાણીને વર્તવું જોઈએ; પણ કાનૂન હાથમાં લઈ શકાતો નથી. તે શું છે તે હવે આપણે જોઈ જઈએ કે જેથી સત્સંગ કે ગુરુસંગ નું સાચું સ્વરૂપ આપણે બરોબર સમજી શકીએ. તેને માટે શ્રીમહાપ્રભુ-વિરચિત સર્વનિર્ણય-નિબંધમાં આ બાબતનાં વચનો અને તેની વ્યાખ્યારૂપે લખાયેલી શ્રીગોપીનાથચરણ-રચિત સાધનદીપિકામાંનાં આ બાબતનાં વચનો જોઈ લેવા જોઈએ:—

> પાષંડમતને અનુસરનારા અધર્મવર્તિઓ છલથી ધર્મમાર્ગને છોડીને ઘોર નરકમાં પડતા હોય છે. હાલમાં કલિયુગમાં તો બધા શાસ્ત્રવિરુદ્ધ આચરણમાં તત્પર થઈ ગયા છે. વેદાદિ શાસ્ત્રોના સ્વાધ્યાયાદિ-કર્મ-રહિત અને શૌચાચાર-વિહીન લોકો જેઓ થોડો-ઘણો આચાર જાળવે છે, તેઓ પણ તે બાબતના શાસ્ત્રીય વિધિ—નિષેધોનાં વિવેક વિનાજ આચારનો આડંબર કરતા હોય છે. લોકોમાં જીવ્હોપસ્થપરાયણતા પાર વિનાની વધી ગઈ છે, તેથી ભ્રમિત લોકોના મન પણ ચોમેર ભટકી રહ્યાં છે. આવા વ્રાત્યપ્રાય દુષ્ટ લોકો ધર્માચરણ કરે તો પણ તેવા આચરણને 'ધર્માચરણ' કહી શકાતું નથી. આ કલિયુગમાં ધર્મનાં સહાયક અંગો—દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ જ્યારે પોતેજ બધી રીતે અશુદ્ધ થઈ ગયા હોય, ત્યારે એ અંગોના આધારે કરવામાં આવેલ ધર્મ પોતે ધર્મ રહી જતો નથી. છતાંય પાષંડમતને અનુસર્યા વિના યથાશક્તિ શાસ્ત્રવિહિત ધર્મને અનુસરનારાઓ જો ગીતા-ભાગવતોપદિષ્ટ પ્રણાલીથી ભગવદ્ભજન કરશે તો તેમને આ કલિયુગ નડશે નહિ.
>
> આવી રીતે ભગવદ્ભજન કરનારાઓએ પણ પોતે ક્યાંક વેદનિંદા અને અધર્માચરણ કરી ન બેસે તેની કાળજી રાખવી જોઈએ, નહિ તો હીનયોનિમાં જન્મ લેવો પડશે. શ્રીકૃષ્ણનો આશ્રય અનન્યભાવે નભાવીને આત્મસમર્પણપૂર્વક અનન્યપ્રેમ કેળવી શકાય તો તે કોટિજન-દુર્લભ લાભ મેળવ્યો કહેવાય. કેમકે વેદાદિ શાસ્ત્રોનું પરમપ્રતિપાદ્ય પરમાત્મા શ્રીકૃષ્ણજ સમસ્ત જીવાત્માઓનું પરમફલ છે. આ પરમફલમાટે પ્રેમરૂપા ભક્તિ મેળવવાનાં સાધનો: શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન છે. આ તથ્યનું પ્રતિપાદન પોતે ભગવાન્ શ્રીકૃષ્ણે ગીતામાં સંક્ષેપથી કર્યું છે. આ ગીતાનોજ વિસ્તાર શ્રીવ્યાસજીએ સમાધિભાષારૂપ શ્રીમદ્ભાગવતથી કર્યો છે.
>
> આ માર્ગ સર્વ માર્ગો કરતાં ઉત્તમ છે; પરંતુ હરિકૃપા વિના આ માર્ગમાં રુચિ પેદા થઈ શકતી નથી, તેથી હરિકૃપા જેઓનાઉપર વરસી છે તેઓનેમાટે આરંભથીજ ક્યા-કયા સાધનો છે, તેમનું નિરૂપણ કરવામાં આવે છે—જેણે સેવાનો ઉપદેશ કરવો હોય, તેણે સહુથી પહેલા પોતેજ સેવાપરાયણ થવું જોઈએ. તે કૃષ્ણસેવા દંભ (કામ-વાસના, ધનલોભ કે લોકમાં પ્રસિદ્ધિ) વિગેરે હેતુઓથી પ્રેરિત ન હોવી જોઈએ. સેવા પણ ગીતા-ભાગવતોક્ત પ્રકારે પ્રામાણિક હોવી જોઈએ, તોજ ફલસિદ્ધિ થાય છે, તેથી જેણે સેવાનો ઉપદેશ કરવો હોય તેણે ભાગવત-તત્ત્વજ્ઞ પુરુષ હોવું જરૂરી છે.
>
> (સર્વનિર્ણય.નિ.૨૧૧—૨૨૭)

શ્રીમહાપ્રભુજીના ગ્રંથો અને સિદ્ધાંતો ની અણસમજ અને ગેરસમજની સોળેસોળ કલાઓને વારસાગત સંપત્તિ તરીકે મેળવનાર, છતાંય પુષ્ટિસિદ્ધાંતોનાં પોતાને ઉદ્ધારક માનવાની ગ્રંથિથી પીડાતાં કેટલાક ભાગેડુ લેખકો આ—"કૃષ્ણસેવાપરં વીક્ષ્ય...તદભાવે સ્વયં વાપિ" કારિકા-ઓને પુષ્ટિમાર્ગીય નહિ માની મર્યાદામાર્ગીય ઉપદેશ માને છે. વલ્લભવંશજોને ખતમ કરવા માગતાં આવા વિધાનો કરનારાઓને હોશ નથી કે આ શ્લોકની વ્યાખ્યા કરતા શ્રીપુરુષોત્તમજીએ ચોખ્ખું લખ્યું છે કે :—

તેન બ્રહ્મસંબંધોઽપિ ફલમુખઃ તસ્યૈવ ઈતિ સિદ્ધ્યતિ.

(સર્વ નિ. આ. ૨૨૭).

એટલે બ્રહ્મસંબંધદીક્ષા પણ શું વૈષ્ણવોએ આવા મર્યાદામાર્ગીય પુરુષ પાસેથીજ લેવી? શ્રીમહાપ્રભુજીનાં વંશજો પાસેથી નહિ! આમ શ્રીવલ્લભવંશજોને સદંતર નિવીર્ય બનાવી દેવાનાં ષડયંત્રનાં આ સૂત્રધારો ભોળા ગો.બાલકોને—"તત્ર વંશકર્તુઃ મુખ્યત્વાત્ મહત્ત્વાત્ ચ તદીયત્વખ્યાપનેન તસ્ય કીર્તિઃ ભવતિ."(સુબો. ૧/૮/૩૧/) વચનનાં અત્યુત્તમ મૃગજળ દેખાડીને લલચાવતા હોય છે. એટલે વાડજ ચીભડાને ગળે એવી સ્થિતિ વરતાઈ રહી છે. (અસ્તુ!).

શ્રીમહાપ્રભુના જ્યેષ્ઠાત્મજ શ્રીગોપીનાથ પ્રભુચરણ પણ આ અંશની વ્યાખ્યારૂપે સ્પષ્ટ કહે છે :—

સંસારભયથી છૂટવા માગનારે સર્વાત્મા-પરમાત્મા પરમેશ્વર ભગવાન્ હરિના શ્રવણ-કીર્તન-સ્મરણ કરવા જોઈએ...ભગવાન્‌ના શાસ્ત્રસિદ્ધ માહાત્મ્યને સરખી રીતે જાણ્યા પછી જીવાત્માનો પરમાત્મા પ્રત્યેના સુદઢ સર્વતોધિક સ્નેહને 'ભક્તિ' કહેવામાં આવે છે. તેથી માહાત્મ્યજ્ઞાનનો ઉપદેશ મેળવવા ભગવાન્‌ના ગુણકર્મોનું શ્રવણ આવશ્યક છે. આ આવશ્યકતાની પૂર્તિ શાસ્ત્રો વડે થાય છે; અને તે શાસ્ત્રોના ઉપદેશમાટે ગુરુની જરૂરિયાત છે. તે ગુરુ કૃષ્ણસેવાપરાયણ



દંભાદિરહિત શ્રીભાગવતતત્ત્વજ્ઞ પુરુષ હોવો જોઈએ.

(સાધનદીપિકા શ્લોક.૭-૧૦)

એટલે સત્સંગ કે ગુરુસંગ બન્નેની બાબતમાં અમુક કાળજીઓ રાખવી ખૂબજ અનિવાર્ય છે, ઘેટાંઓની માફક ગાડરિયા પ્રવાહમાં તણાઈને ખાડામાં જો પડવું ન હોય તો. એટલેજ શ્રીપુરુષોત્તમજીએ "કૃષ્ણસેવાપરં વીક્ષ્ય..." વચનમાંના 'વીક્ષ્ય' શબ્દની વ્યાખ્યામાં સ્પષ્ટ ખુલાસો કર્યો છે :—

શ્રીભાગવત તે વેદાદિ સકલ શાસ્ત્રોનો સારરૂપ ગ્રંથ છે. તેથી 'શ્રીભાગવતતત્ત્વજ્ઞ' હોવાની શરતને કારણે ગુરુએ શાસ્ત્રીય જ્ઞાનથી સંપન્ન હોવું જોઈએ. 'વીક્ષ્ય' એટલે સરખી રીતે ચકાસીને કોઈને ગુરુ તરીકે સ્વીકારવું જોઈએ. બીજા માર્ગો કરતા આપણા માર્ગનું વૈલક્ષણ્ય આ ચકાસણીના ઉલ્લેખથી સૂચિત કરવામાં આવ્યું છે. નહિતો જે પુરુષ કૃષ્ણસેવાપર દંભાદિરહિત અને શ્રીભાગવતતત્ત્વજ્ઞ ન હોય તેનું અનુસરણ કરવાથી, એક આંધળા ઢોરને બીજો આંધળો ઢોર અનુસરે; અને બન્ને એકીસાથે ખાડામાં પડે, તેવી કફોડી સ્થિતિ સર્જાય છે. શ્રીમહાપ્રભુએ જલભેદગ્રંથ આજ હેતુથી પ્રકટ કર્યો છે.

ત્યાં જલભેદ ગ્રંથમાં "કુલ્યાઃ પૌરાણિકાઃ પ્રોક્તાઃ..." ની વ્યાખ્યામાં શ્રીપુરુષોત્તમજીએ આ પ્રશ્નની વિસ્તારથી છણાવટ કરી છે :—

પાણી નહેરમાંથી વહી ખેતરમાં પહોંચીને જેમ અનાજ પેદા કરતો હોય છે, તેમ પૌરાણિકો ઘર-ગૃહસ્થી ચલાવવામાટે ભગવત્કથાની આજીવિકા કરતા હોવાથી અહંતા-મમતાત્મક સંસારાસક્તિને વધારનારાજ હોય છે...દ્વિતીય સ્કંધની સુબોધીનીમાં—"શ્રવણાદિનો લાભ મેળવવા કે ઉપદેશ મેળવવા ધનની અપેક્ષા રહે છે. તેમા ધનદાતાને સત્ફલ અને પ્રતિગ્રહીતાને સંસારોત્પત્તિ થાય છે. જો પેટ ભરાય, ફક્ત તેટલુંજ,

તત્ત્વવિચારમાટે કોઈ સ્વીકારે તો તીર્થપર્યટન દરમ્યાન લેવામાં આવતી ભિક્ષાની માફક તે નિર્દોષ હોઈ શકે છે.'' આ પણ વંશપરંપરાથી પોતે પૌરાણિકજ હોય તો, અન્યથા જાતે જે પૌરાણિક વૃત્તિને અપનાવે છે, તેમાં તો શ્રોતા-વક્તા બન્નેને ભગવત્કથા થકી સંસારાસક્તિજ વધતી હોય છે. અહીંયાં એક શંકા થાય છે: બ્રહ્મવૈવર્તપુરાણના શ્રીકૃષ્ણજન્મખંડમાં,''કલ્યાંણસૂક્તસામાનિ હરેર્નામૈકમંગલં કુર્વન્તિ વિક્રયં યે વૈ તેષાં ભારેણ પીડિતા...મન્નામવિક્રયી વિપ્રો ન હિ મુક્તો ભવેદ્ ધ્રુવં મૃત્યુકાલે ચ મન્નામસ્મૃતિમાત્રં ન વિદ્યતે'' જેવા વચનોના આધારે નામવિક્રય જો દોષરૂપ હોય તો, શિષ્યોને ભગવન્નામનો ઉપદેશ કરતાંય દોષ લાગશે, કેમકે શિષ્યોદ્વારા ધરવામાં આવતી ભેટ ગુરુઓ આજીવિકામાટે સ્વીકારતા હોય છે; તેથી તે પણ આમ નામવિક્રયજ કર્યો કહેવાયને!

જોકે આ વાત સાચી છે તો પણ ગુરુત્વ તે બ્રાહ્મણની સાહજિક વૃત્તિ છે, તેથી બ્રાહ્મણ તરીકે જીવવું હોય તો તેને છોડી શકાતી નથી...શ્રુતિમાં પણ...બ્રહ્મવિદ્યાના ઉપદેશ કર્યા પછી શિષ્યે આપેલી ભેટ ગ્રહણ કરવાની વાત કહેવામાં આવી છે. તે ન્યાય અહીંયાં પણ લાગુ કરવો જોઈએ. સહજકર્મ, આસક્તિથી અથવા અનાસક્તિથી, એમ બન્ને રીતે થઈ શકે છે. તેથી સહજ ગુરુવૃત્તિને આસક્તિ (બ્રહ્મસંબંધ આપવાની ફિક્સ્ડ રેટ કે પુષ્ટ કરીને ઠાકુરજીને પધરાવી આપવાની પણ ફિક્સ્ડ રેટ) થી અથવા તો અનાસક્તિ (તેવી ભેટ લીધાવિના અન્ય પ્રસંગે ફકત ગુરુ-શિષ્ય ભાવે જે અયાચિત ભેટ મળી રહે તે)થી સદોષ પણ સહજકર્મના પણ દોષો વધી કે ઘટી શકે છે. તેમજ પ્રભુચરણે ''વિચારીનેજ કાંઈ પણ દાન કરવું જોઈએ, વિશેષતઃ કૃષ્ણના નામનું દાન, કેમકે વિના વિચારે દાન કરનારો પોતે પોતાના વિનાશને



> વ્હોરે છે.'' આવી જે આજ્ઞા આપી છે તે પોતાના અને શિષ્યના, ફકત ઉદ્ધારની વિશુદ્ધ ભાવના રાખવાનો વિચાર કરીને જે દીક્ષા આપવામાં આવતી હોય તે આશયમુજબ સમજવાની છે. ધનલોભને કારણે જો અધિકારીના વિવેક રાખ્યા વિના અષ્ટાક્ષર કે બ્રહ્મસંબંધ આપવામાં આવે (એટલે જે ફિક્સ્ડ રેટ માગીને) તો નામવિક્રયનો અપરાધ લાગે છે અને દીક્ષાદાતા અપરાધી બનેજ છે.
>
> (જ.ભે.૩-જવિવૃતિનો ભાવાનુવાદ).

આમાં ખાસ જોવાની વાત આ છે કે જેઓ કુલ પરંપરાથી પૌરાણિક હોય તો તેઓની સહજ વૃત્તિ માની શકાય, જેમ બ્રાહ્મણની ગુરુત્વ વૃત્તિ સહજ છે. જેમની ગુરુત્વ વૃત્તિ સહજતયા શાસ્ત્રાનુમોદિત (જન્મના બ્રાહ્મણો ગુરુઃ) નથી, તેવા લોકો આજીવિકામાટે જો ગુરુત્વ ધારણ કરી લ્યે તો સહજ ન કહેવાય. આવી પરિસ્થિતિમાં તેઓને શાસ્ત્રમુજબ છૂટ છે કે નહીં તે વિચારણીય બની જાય છે. તે છૂટ પણ પાછી શાસ્ત્ર વ્યાવૃત્તિમાટે આપવા માંગે છે કે નહીં, તેનો વિચાર પણ આવશ્યક હોય છે.

તેથીજ પુરુષોત્તમજીએ 'સ્વવૃત્તિવાદ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુના વંશજોની આજીવિકા ગુરુત્વના રૂપે નિર્ધારિત કરી છે, કેમકે અંતે તો વલ્લભવંશજો બ્રાહ્મણ છે. બ્રાહ્મણોના માટે યજન-શાસ્ત્રાધ્યયન-દાન શાસ્ત્રમુજબ ધર્મરૂપે વિહિત છે; અને યાજન-અધ્યાપન-પ્રતિગ્રહ શાસ્ત્રમુજબ આજીવિકારૂપે નિર્ધારિત થયા છે. જોકે યજન-યાજનને ઠેકાણે આપણે ત્યાં વિત્તજા અને તનુજા સેવા લઈ શકાતી હોત, પરંતુ સિદ્ધાંતમુક્તાવલીની ટીકામાં શ્રીપુરુષોત્તમજીએ આ બાબતનો ખુલાસો પણ કર્યોજ છે:—

> યજમાન જેમ ગોરમહારજને વિત્ત આપીને યજ્ઞ કરાવી લ્યે છે તેમ આપણા માર્ગમાં પણ કોઈક (દા.ત. વલ્લભવંશજ ગોસ્વામિઓ) ને રૂપિયા-પૈસા-

સામગ્રી આપીને કેમ કૃષ્ણસેવા ન કરાવી લેવી? શાસ્ત્રમુજબ જે કર્મમાર્ગીય યાજન છે તે બ્રાહ્મણની આજીવિકારૂપે વિહિત છે, તેથી ત્યાં તેમ કતાં દોષ લાગતો નથી. ભક્તિમાર્ગીય કૃષ્ણસેવા (તેવીજ રીતે ભાગવત્કથા) માટે તેનાથી આજીવિકા કમાવવાની છૂટ આપવામાં આવી નથી, તેથી કર્મમાર્ગીય રીતિનું અનુકરણ ભક્તિમાર્ગમાં કરી શકાતું નથી.

(સિ.મુ.વિ.પ્ર.ર.)

ફરીથી અહીંયાં પણ એક પ્રશ્ન ઉભો થાય છે કે ગુરુત્વ તે મૂલ આચાર્યદ્વારા સહજતયા અનુમોદિત વૃત્તિ હોવાથી, સેવોપદેશ કરીને ગોસ્વામિબાળકો પોતાની આજીવિકા તેથી કમાવી શકે છે. દર્શનાર્થી જનતાથી, પરંતુ, વિત્ત (રોકડ કે સામગ્રી) સ્વીકારીને તેમના વતી ફક્ત તનુજાસેવા કરી શકતા નથી.

કેટલાક લોકો કહે છે "ઉત્તમાધિકારી કેવલ તનુજાસેવા નથી કરતા હોતા પરંતુ જઘન્યાધિકારી તો કરતાજ હોય છે. ગીતામાં ભગવાન્ પણ અર્થાર્થી ભક્તને 'સુકૃતિ' તરીકે બિરદાવે છે. તેમજ "સુદુરાચારી પણ અનન્યભાવે પ્રભુને ભજતો હોય તો તેને સાધુ પુરુષજ ગણવો જોઈએ", તેમ પણ ગીતામાં કહેવાયું છે. શ્રીપ્રભુચરણ પણ સિદ્ધાંતમુક્તાવલીની વિવૃત્તિમાં આગળ જઈને "કૃતભજનવૈય-ર્થ્યાસંભવાદ્ જન્માન્તરે તત્ ફલિષ્યતિ" આજ્ઞા કરે છે, તેથી પૂર્વ જન્મની આપણી કોઈ લેણાદેણીને કારણે દર્શનાર્થી જનતાનું કોઈક દૈવી દ્રવ્ય ગોસ્વામિઓ સ્વીકારી લેતા હોય કે દર્શનાર્થી જનતા સિદ્ધાંતની સરીખી સમજને કારણે ગોસ્વામિઓને ગુરુ માનીને ચરણભેટ ધરતી હોય, અથવા અણસમજને કારણે પૂજારી ગણીને અથવા તો ગુરુના સેવ્ય-સ્વરૂપમાટે ભાવનાતિરેકને કારણે રોકડા કે સામગ્રી ધરતી હોય, તેમાં વાંધો આવતો નથી કારણકે ગોસ્વામિઓના સેવ્ય-સ્વરૂપ જેમ તેઓને પોતાનેમાટે છે, તેમજ અનુયાયિજનમાટે પણ હોય છે એટલે સ્વ-પરોભયાર્થ



છે. જ્યારે કે વૈષ્ણવોના સેવ્ય-સ્વરૂપ તેઓને પોતાનેજ માટે સેવ્ય હોય છે, બીજાને માટે નહીં. તે સિવાય "દ્વંદ્વસમાસના અંતમાં જોડાયેલ શબ્દ તેની પહેલા આવતા બન્ને શબ્દો સાથે છૂટો-છૂટો જોડીને પણ અર્થઘટન કરી શકાય છે" તેવા નિયમને કારણે દા.ત. 'રામલક્ષ્મણદાસ'નો અર્થ રામદાસ અને લક્ષ્મણદાસ લઈ શકાય છે. તેથી 'તનુવિત્તજા'નો અર્થ તનુજા અને વિત્તજા પણ થઈ શકે છે. આમ કરતાં ગુરુવૃત્તિ છોડીને ગોરમહારાજની વૃત્તિ પકડી, તેમ કહી શકાતું નથી, જન્મજન્માન્તરની અદષ્ટ આધિદૈવિક લેણાદેણીને કારણે!

અહીંયાં સમજવાની વાત મૂલમાં એ છે કે આજની તારીખમાં સેવા કરનાર નવ્વાણુ ટકા વૈષ્ણવો તેઓના ઘરમાં તનુવિત્તજા એટલે પોતાના તનથી અને પોતાના ધનથી સેવા કરતા હોય છે, તેથી તેઓ ઉત્તમાધિકારી સિદ્ધ થશે. લેણિયાટ ગોસ્વામિઓ ફક્ત તનુથી, એટલે દેણિયાત વૈષ્ણવોનું દ્રવ્ય, પોતાના સેવ્ય સ્વરૂપમાટે ભેટ-સામગ્રીરૂપે, સ્વીકારીને પોતાનો નિર્વાહ ચલાવતા હોય છે. તો પૂર્વજન્મની લેણાદેણીના અદષ્ટને કારણે દેણીયાત વૈષ્ણવોની રોકડ રકમ કે સામગ્રી ઉપર લેણીયાટ ગોસ્વામિઓનુંજ વાસ્તવિક સ્વત્વ હોય તો 'તનુવિત્તજા' પદમાં 'તનુવિત્ત'ના દ્વંદ્વને ખતમ કરવાની કાંઈ આવશ્યકતાજ રહી જતી નથી! તે સિવાય ક્યારેક દેણિયાત વૈષ્ણવ દર્શનાર્થી સમાધાનીને મનોરથના માટે રુપિયા આપવાની ના પાડે તો લેણિયાટ ગોસ્વામિઓએ કોર્ટમાં દાવાઅરજી પણ દાખલ કરવી જોઈએ! અને દેણિયાતો જો સ્વેચ્છાએ જે કાંઈ ભેટ સામગ્રી આપે તેને પૂર્વજન્મની લેણાદેણી તરીકે ગણવામાં આવતું હોય તો, લેણિયાટે ભેટ-સામગ્રીની રસીદ ન આપીને પાર્ટ-પૅમેંટની એકનોલેજમેંટ રસીદ આપવી જોઈએ. તનુવિત્તના દ્વંદ્વને છૂટો પાડીને તનુજાજ જો સિદ્ધાંતાભિમત જઘન્યાધિકાર હોય તો આ માર્ગના કેટલા બધા ગોસ્વામી મહારાજો જઘન્યાધિકારી પુરવાર થશે!

અંતે ઉત્તમાધિકારીએ જઘન્યાધિકારીને સેવાનો ઉપદેશ આપવો કે જઘન્યાધિકારીએ ઉત્તમાધિકારીને સેવાનો ઉપદેશ આપવો એ પણ એક ઉટપટાંગ વિચાર કરવોજ પડશે!

ભગવાને ગીતામાં અર્થાર્થી ભક્તો પણ કેટલાક હોય છે; તેમજ સુદુરાચારી પણ ભજન કરતો હોય તો તેને સાધુ પુરુષ સમજવો, એમ જે વિધાન કર્યું છે, તેમાં અર્થાર્થી કે સુદુરાચારી ને પણ ભજન કરવાની છૂટ આપવામાં આવી છે કે ભક્તને અર્થાર્થી કે સુદુરાચારી પણ થવાની છૂટ આપવામાં આવી છે, તે પણ શાંતચિત્તથી વિચારવા જેવું છે. આવો વિચાર કરી શકે તેવું સામર્થ્ય જઘન્યમતિવાળા અધિકારીમાં હોઈ શકતું નથી!

કરેલું ભજન વ્યર્થ જતું નથી, તેથી જન્માન્તરમાં પણ ક્યારેક ફલપ્રદ નીવડે છે, તેથી મનમાફક રીતે ભજન એટલે કે દારુ સિગારેટ કે ઈંડા વિગેરે ભોગ ધરીને ભજન કરી નથી શકાતું; પણ વિધિ મુજબજ કરવું જોઈએ. સેવાવિધિમાં તનુવિત્તજાના ભાગલાં અથવા લાભપૂજાર્થ કરવામાં આવતી ભગવત્સેવાને પાષંડ કે ધર્માભાસ માનવામાં આવ્યું હોય તો તે મુજબ વરતી શકાતું નથી. પૂર્વજન્મની આધિદૈવિક લેણાદેણીનું બહાનું કાઢીને કોઈકના ગજવામાં હાથ નાખીને ભગવત્સેવા કરવામાટે પૉકેટ તફડાવી લે તો તેવું કૃત્ય પુષ્ટિમાર્ગમાં અનુમોદનીય કહેવાય ખરું? તેથી તનુવિત્તજા કે સમર્પણના પ્રશ્નમાં પૂર્વજન્મની લેણાદેણીનો વિચાર સર્વથા જઘન્યબુદ્ધિમાં જાગેલું એક તરકટી તૂત છે!

વળી ૧.તનુવિત્તજા ૨.તનુજા અને ૩.વિત્તજા, એમ ત્રિવિધ સેવાના અપસિદ્ધાંતને ક્ષુદ્ર વ્યાકરણના નિયમના બંધનને કારણે માની પણ લઈએ તો પણ ત્રિવિધ સેવાનોજ પ્રસંગ ઉભો થાય છે. દેણિયાત દર્શનાર્થીના દ્રવ્યથી લેણિયાટ ગોસ્વામી મહારાજો વેતનભોગી મુખિયા-ભીતરિયા-બાલભોગિયા-દુધઘરિયાની બટાલિયન રાખીને ન તનુજા કે ન વિત્તજા કેવલ નામની સેવા કરાવે તો, તેવી ચતુર્વિધ સેવાનો સિદ્ધાંત તો ક્ષુદ્ર વ્યાકરણના નિયમ મુજબ પણ



નિકળતો નથી.

તેથી ભક્તિમાં વલ્લભવંશજ ગોસ્વામિઓ બેટીજીઓ કે લાલાજીઓ કે શાસ્ત્રીજીઓ કોઈ પણ ભગવત્સેવા કે ભગવત્કથા ને આજીવિકા કમાવવા સારું કરી શકતા નથી. અને જો કરે તો તેઓનો સંગ 'સત્સંગ' કહેવાય નહિ. એટલે સેવા સ્વગૃહમાં પોતાના તનુવિત્તપરિજનોના વિનિયોગપૂર્વક કરવી જોઈએ. સત્સંગ ઘરમાં કે ઘરની બહાર જેઓ આજીવિકામાટે ભગવત્કથા કે ભગવદ્‌ગુણગાન ન કરતા હોય તેઓની સાથે કરવો જોઈએ. શાસ્ત્રાભ્યાસમાટે શાસ્ત્રીજિઓ કે ગોસ્વામિઓ કેવલ બ્રાહ્મણોચિત ગુરુવૃત્તિ તરીકે ગુરુદક્ષિણા કે ગુરુભેટ સ્વીકારે, તેમાં વાંધાજનક કાંઈ નથી. ભાગવતશાસ્ત્રને તેમાં પણ અપવાદરૂપે ગણવો જોઈએ—આ વાત ભાગવતના આધારે આપવામાં આવતા કર્તવ્યોપદેશઉપર લાગુ થતી નથી, તે કર્તવ્યોપદેશ પછી વલ્લભવંશજો કરતા હોય કે કોઈ સામાન્ય શાસ્ત્રીજિઓ.

ભાગવત્કથાના આજીવિકાર્થ ઉપયોગનો નિષેધ શ્રીમહાપ્રભુએ ભગવન્નામાત્મક હોવાથી કર્યો છે. તેવી સ્થિતિમાં સાક્ષાત્ સ્વરૂપ તરીકે સેવાતા પોતાના સેવ્યપ્રભુનો આજીવિકાર્થ ઉપયોગ કેવી રીતે સિદ્ધાંતશુદ્ધ હોઈ શકે! આજીવિકાર્થ ઉપયોગ ન કરવો હોય તો તનુવિત્તજા સેવાના ભાગલા પાડવાની કોઈ આવશ્યકતા રહી જતી નથી.

કેટલાક લોકો પ્રમાણે ગો.બા.ઓને પ્રદેશ પધરામણી વિ. અનેક પ્રસંગોમાં વૈષ્ણવોદ્વારા ગુરુ તરીકે ચરણભેટ મળતીજ હોય છે. ગો.બા.ઓની એ સિદ્ધાંતશુદ્ધ આજીવિકા તરીકે માન્ય પણ છેજ. અને કેમકે ગો.બા.ગુરુઓની પ્રસન્નતા નેગ ભોગ રાગ શ્રૃંગારના વૈભવવાળી સેવાપ્રણાલીના નિર્વાહ થકી પોતાના શ્રીઠાકોરજીને ખૂબ-ખૂબ લાડ લડાવવાની હોય છે, તેથી દાન (ડૉનેશન)ની ભાવનાથી નહીં પરંતુ ફક્ત સમર્પણની વિશુદ્ધ ભાવનાથીજ ગુરુદ્વારા ગુરુના શ્રીઠાકોરજીમાટે ભેટ-સામગ્રી વિનિયોગ કરાવવાના પ્રકારમાં સેવાને આજીવિકા બનાવવાનો પ્રશ્નજ ઉભો થતો નથી.

આવી ભાવના, પરંતુ, ફક્ત ગુરુઓ (પૂ.પા.લેણિયાતો)-નેજ શામાટે થાય છે? શામાટે વૈષ્ણવો(પ.ભ.દેણિયાતો)ને થતી નથી? અને થતી હોય તો ગુરુઓ શામાટે વૈષ્ણવોના શ્રીઠાકોરજીની પણ સેવા નેગ ભોગ રાગ શ્રૃંગાર ના વૈભવવાળી થાય તેવું ઈચ્છતા નથી? શું દેણિયાત વૈષ્ણવોના શ્રીઠાકોરજી પુષ્ટિપુરુષોત્તમ નથી કે તે શ્રીઠાકોરજીમાં શું વૈરાગ્ય ગુણનીજ પ્રધાનતા છે—જ્યારે કે પૂ.પા.લેણિયાટ ગો.બા.ના શ્રીઠાકોરજીમાંજ ઐશ્વર્ય ગુણની પ્રધાનતા રહેલી છે? આ બાબતનો સિદ્ધાંત ક્યાંય પણ કોઈક ગ્રંથમાં દેખાતો નથી. અને ખરેખર જો એમ હોયજ તો પૂ.પા.લેણિયાટ ગો.બા.ઓને માંથે બિરાજતા મોટા ભાગના શ્રીઠાકોરજી ૮૪-૨૫૨ વૈષ્ણવોનાજ માથે પધરાવી આપવા શ્રીમહાપ્રભુએ-શ્રીપ્રભુચરણે પુષ્ટ કરી આપ્યા હતા. તેથી તે બધાજ નિધિસ્વરૂપોમાં વૈરાગ્ય ગુણના પ્રાધાન્યને કારણે નેગભોગ રાગ શ્રૃંગાર ના વૈભવવાળી સેવાપ્રણાલીને નભાવવાની આવશ્યકતા રહેવી જોઈએ નહિ. જેમકે શ્રીમથુરાધીશ આજે પણ શ્રીપદ્મનાભદાસજીના ભાવથી છોલા નિત્ય પ્રતિ આરોગેજ છે. પ.ભ. દેણિયાત વૈષ્ણવોને જેમ પૂ.પા.લેણિયાટ ગો.બા.ઓ આત્મીય ગણીને પોતાના શ્રીઠાકોરજી માટે દ્રવ્ય-સામગ્રી નિઃસંકોચ સ્વીકારી લેતા હોય છે, તેમજ તેવોજ આત્મીય ભાવ પોતે પણ નભાવીને વિશુદ્ધ સમર્પણનીજ ભાવનાથી (એટલે કે વૈષ્ણવોને ભગવત્સેવાર્થ કાંઈક દાન આપી રહ્યા છે તેવી ભાવનાથી નહિ) શામાટે પૂ.પા.લેણિયાટ ગો.બા. ભેટ સામગ્રી-મનોરથો કરાવતાં નથી? જો પૂર્વજન્મની લેણી-દેણીના કારણે આવું થતું હોય તો લેવડ-દેવડના એટલે કે બન્ને જાતના વ્યવહાર નભાવવા જોઈએ, ફક્ત લેવડનોજ નહીં! ફક્ત લેવડનાજ વ્યવહાર નભાવવામાં તો પૂ.પા.લેણિયાટ ગો.બા.ઓની લોભવૃત્તિજ સિદ્ધ થાય છે. શ્રીઠાકોરજીના લાડ લડાવવાના ઠેકાણે!

૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓને ટાંકીને શ્રીનાથજીની સેવાના પ્રકારને આધારે જાહેર મંદિર પ્રણાલીની વકાલત



શ્રીમહાપ્રભુના સિદ્ધાંતરૂપે કરવામાં આવે છે. છતાંય આવી દલીલ કરનારાઓ પાછા "તબ શ્રીઆચાર્યજી કારીગર સોં કહે હમારે ઠાકુરકો મંદિર...નાહી. નંદરાયજીકે ઘરકી ન્યાઈ કરો...તબ આચાર્યજી જાને જો શ્રીઠાકોરજીકી ઈચ્છા યહ હૈ જો જગતમેં પૂજાય બહોત જીવકો ઉદ્ધાર કરેંગે **સો દેવાલય કી રીતિ યહાં રાખની**ઉચિત હે (પૂરણમલની વાર્તા)" તેથી બ્રહ્મસંબંધદીક્ષા વિનાના દેવીભક્તો બંગાલિઓને ત્યારે શ્રીનાથજીની સેવા સોંપવામાં આવી હતી. જો તે પ્રકારને આજે આપણે સિદ્ધાંતાભિમત પ્રકાર ગણતા હોઈએ તો ખુલાસો કરવો પડશે કે શ્રીનાથજીના મંદિર પૂરતોજ અથવા કોઈ પણ પુષ્ટિપ્રભુની સેવામાટે અનુસરણીય માનવામાં આવી રહ્યો છે. જો શ્રીનાથજી પૂરતોજ સ્વીકારવામાં આવતો હોય તો શામાટે ત્યાં ચૈતન્ય સંપ્રદાયના 'હરે કૃષ્ણ'વાળાઓને કે તેવા બીજાઓને સેવામાં ન્હાવાની છૂટ આપવામાં આવતી નથી? રજસ્વલાને પણ સેવામાં ન્હાવાની છૂટ અપવાદરૂપે આપવામાં આવી હતી, તેના ઉદાહરણો વાર્તામાં મળે છે, તેને પણ કેમ સિદ્ધાંતતયા માન્ય કરવામાં આવતું નથી. જો કોઈ પણ પુષ્ટિમાર્ગીય નિધિસ્વરૂપોની બાબતમાં તેને સિદ્ધાંત તરીકે સ્વીકારવામાં આવતું હોય તો શામાટે સર્વત્રજ શ્રીનાથજીની સેવાર્થ બનાવવામાં આવેલા મંદિરની માફક શિખર ધ્વજા કળશ, તેમજ ગેરબ્રહ્મસંબંધીઓને ભીતર નહાવાની છૂટ આપવામાં આવતી નથી?

તે વખતે જે જાહેર મંદિરમાં શ્રીનાથજીને પાટ બેસાડવામાં આવેલા તે અક્ષય તૃતીયાનો દિવસ હતો. શામાટે આજે તે અક્ષયતૃતીયાને પાટોત્સવના દિવસ તરીકે ન ઉજવીને ફાગણ વદ સપ્તમીને પાટોત્સવ તરીકે ઉજવવામાં આવે છે?

સન્તદાસજીની વાર્તામાં આવે છે કે "તબ શ્રીઠાકોરજીકી સેવામેં મંડાન શ્રીઠાકોરજીકે દ્રવ્યસો રાખે"—"એકદિન રાજભોગકો નાગા પર્યો જો મેરી સત્તાકો ભોગ ન ધર્યો" આ વચનોમાં સ્પષ્ટ થતું દાન અને સમર્પણ— શ્રીઠાકોરજીના

માલિકીવાળું દ્રવ્ય અને સેવાકર્તાની માલિકીવાળું દ્રવ્ય— પ્રથમનો પ્રસાદ સર્વથા અગ્રાહ્ય અને દ્વિતીયનો ગ્રાહ્ય તે પૃથક્કરણની સામે આંખ આડા કાન શામાટે કરવામાં આવે છે?

કૃષ્ણદાસની વાર્તામાં આવે છે' કે "હમ કૌનકોં અધિકાર દે કે બિગાર કરેં? તબ શ્રીગોવર્ધનનાથજી કહે જો હમ હૂ કૌનકો બિગાર કરેં! જો કોઈ અધિકાર લેયગો તાકો બિગાર હોયગો" આ વચનને પણ શિરોધાર્ય કરીને જાહેર મંદિરોમાં અધિકાર લેતા, બગાડ થાય છે પરંતુ, ઘરમાં સેવાના અધિકારથી ક્યારેય બગાડ થવાનું કહેવાયું નથી. આનો જવાબ જાહેર મંદિરવાદિઓ પાસે શું છે?

તેમજ કીશોરીબાઈની વાર્તામાં બીજાથી લઈને ધરેલી સામગ્રી પ્રભુ આરોગતા નથી. તેથી પૂ.પા.લેણિયાટ ગો.બા. દ્વારા પ.ભ. દેણિયાત વૈષ્ણવોથી લીધેલી ધનરાશિ કે સામગ્રી પ્રભુ સ્વીકારતા નથી અણપ્રસાદીજ રહે છે તે શામાટે સ્વીકારવામાં આવતું નથી?

શ્રીમહાપ્રભુ "તત્સિધ્યૈ તનુવિત્તજા" આજ્ઞા કરે છે તે અંશની ઉત્થાનિકા શ્રીપ્રભુચરણ "ઉક્તસેવાસાધને ઈતરે ઈતિ...આહુ તદિતિ" કહીને કરે છે. આથી સિદ્ધ થાય છે કે જે સેવાની વાત કરવામાં આવી રહી છે, તે માનસીની અથવા ચિત્તની ભગવત્પ્રવણતાની સાધિકા સેવાની વાત છે. તે આ સેવાનેમાટે 'તનુવિત્તજા' સમસ્ત પદ એકવચનમાં વાપરવામાં આવ્યું છે. તેનો ફલિતાર્થ શ્રીપ્રભુચરણ "વિત્તં દત્ત્વા અન્યેન પુરુષેણ કૃત્વા કારિતા એકા, એતાદશેન પુંસા કૃતા ચ અપરા. એતાદશૌ તે તત્સાધિકે ન ઈતિ અભિપ્રાયજ્ઞાપકં સમસ્તં પદમ્" કહીને સમજાવે છે. તેવી સ્થિતિમાં ફક્ત 'સેવાસાધને' દ્વિવચનના પ્રયોગને આધારે અને દ્વંદ્વાન્તે શ્રૂયમાણ પદ, દ્વન્દ્વઘટક બન્ને પદોથી જોડાય છે તેવી તુચ્છ દલીલમાં વજન કેટલો? આ તો "રાધાકૃષ્ણદાસની સાથે અમારી કન્યાના વિવાહ ગોઠવ્યા



છે" કહેતા વૃંદાવનથી આવેલ એક રાધાદાસ અને ગોકુલથી આવેલ બીજા કૃષ્ણદાસ એમ બે વરોની સાથે એક કન્યા પરણાવવા જેવી બાલિશ કલ્પના છે.

"ગૃહે સ્થિત્વા" નો અર્થ જેઓ ઘર નહિ લઈને ગૃહસ્થાશ્રમ લેવા માંગે છે તેઓએ ખુલાસો આપવો જોઈએ કે શું કોઈ પૂ.પા.લેણિયાટ બ્રહ્મચારી કે વાંઢા કે વિધુરજ હોય તો શું તેવાઓએ સેવા ન કરવી! હકીકતમાં શ્રીવલ્લભાત્મજ બાલકૃષ્ણજી ભ.વ.ની વ્યાખ્યામાં કહે છે તે મુજબ ઘરમાંજ સેવા કરવી જોઈએ.

તેમજ શ્રીમહાપ્રભુ ૮૪ બેઠકોમાં પોતે ભાગવતસપ્તાહ કરતાં હતાં કહેનારાઓ ભૂલી જાય છે કે શ્રીમહાપ્રભુ તેની દક્ષિણા કે પોથીભેટ ન્હોતા લેતા. તેમજ ભાગવતકથા એ તો આપશ્રીનો દૈનંદિન આરાધનાનો કાર્યક્રમ હતો સાપ્તાહિક આજીવિકાનો નહિ. તેઓશ્રીએ મૂલ ભાગવતના પારાયણોજ કોઈ-કોઈ બેઠકોમાં કર્યા છે જાહેર પ્રવંચનો નહિ.

તેથી નામાત્મક કે સાક્ષાત સેવ્ય સ્વરૂપ નામે પુષ્ટિમાર્ગમાં કોઈ પણ લેણિયાટ દેણિયાતોથી દ્રવ્ય ઝૂંટવી કે પડાવી શકતા નથી તે સિદ્ધ થાય છે.

(૨૩/ખ)પ્રશ્નકર્તા ભાઈ પુછે છે: પોતાના ઘરમાં જે સેવા થાય છે તે પૂરતી હોય અને મંદિરની જરૂર ન હોય તો વાંચન અને કીર્તન પણ સમૂહમાં કરવાની શી જરૂર?

જવાબરૂપે આ વિસ્તૃત વિવેચન પછી કહેવાપણું કાંઈ પણ રહી જતું નથી કે વાંચન અને કીર્તન સેવાની માફક ઘરમાં જેનાથી નભતા હોય તેને સમૂહમાં કરવાની જરૂરિયાત નથી. પણ જેનાથી ઘરમાં નભાવવું શક્ય ન હોય તે સમૂહમાં કે સત્સંગ-હૉલમાં પણ વાંચન કીર્તન કરે તો તેમાં સૈદ્ધાંતિક બાધ કશો આવતો નથી.

(૨૩/ગ)મહાપ્રભુજીએ સેવા પહેલા સત્સંગ કરવાનો

ઉપદેશ આપ્યોજ છે, તેથી જ્યાં ઠાકુરજીની સેવા સાથે સત્સંગ ચાલતો હોય ત્યાં સોનામાં સુગંધ હોય છે; પણ જે ઘરમાં કે સત્સંગ-હૉલમાં, પરંતુ, સેવા વિના પણ સત્સંગ ચાલતો હોય તો સેવા ન ચાલવાના અપરાધના કારણે ક્યાંય પણ એને બંધ કરવાનું વિધાન કરવામાં આવ્યું નથી. આતો એવી બાલિશ દલીલ છે કે જેને ગ્રંથો લખતા ન આવડતા હોય તેને બારાખડી શીખવીજ નહીં! ભગવાન્ તો પોતે આજ્ઞા કરે છે:—

તેનાધીતશ્રુતિગણા નોપાસિતમહત્તમાઃ।
અવ્રતાતપ્તતપસઃ સત્સંગાદ્ મામ્ ઉપાશ્રિતાઃ॥
કેવલેન હિ ભાવેન ગોપ્યો ગાવો ખગા મૃગાઃ।
યેઽન્યે મૂઢધિયો નાગાઃ સિદ્ધા મામીયુરંજસા॥
(ભાગ.૧૧-૧૨-૭—૮).

સેવા વિના કેવલ ભક્તિભાવ સહિત સત્સંગને કારણે ભગવત્પ્રાપ્તિની ડિમ્-ડિમ્ ઘોષણા આ શ્લોકમાં કરવામાં આવી છે .

(૨૩/ઘ)તેથી સત્સંગ-હૉલની, કે જ્યાં કરવામાં આવતાં સત્સંગને કારણે વૈષ્ણવો ધંધાકીય ધરમનાં ધતીંગના ગાડરિયા પ્રવાહમાં તણાઈ ન જાય, આજે અતિશય આવશ્યકતા છે. ચીલાચાલુ ભગતિના ભવાડાના ખાડામાં પડતાં વૈષ્ણવોને બચાવવામાટે એની ખરેખર તાતી જરૂરિયાત છે. આવા સત્સંગ-હૉલમાં સમગ્ર પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો આદર્શો ભાવનાઓ અને સાચી પરંપરાઓની વ્યવસ્થિત જાણકારી પણ મેળવી શકે, જેથી આવા બાલિશ પ્રશ્નોજ મનમાં ક્યારેય ઉદ્ભવી શકે નહીં!

અંતે :—

શ્રીમદ્-વલ્લભવંશ-વૃક્ષ-જનિતં ભક્ત્યેકરૂપં ફલં
ભૂયાત્ તદ્ભુવિ ભોગ્યભાવભરિતં કૃષ્ણૈકતોષે પરમ્।
વૃત્ત્યર્થં ભગવત્પ્રદર્શનવિધૌ પાતિત્યમાસાદયત્
કષ્ટં ભો કલિકાકદષ્ટમિહ તદ્ દષ્ટ્વાપિ સીદેન્ન કઃ!॥



**પ્રશ્ન (૨૪=૩૦નો સારાંશ)**

**મંદિર હોય તો, બેઠકજીની માફક, સમૂહમાં દર્શન કીર્તન જળ ફળ ફૂલ પાન શાક ધાન કે ઝાડુ-બુહારી વિ.ની સેવા કરવાનો લ્હાવો મળી શકે. એક વૈષ્ણવ બહેનને આવી સેવા કરતા જોઈ, બીજાઓને પણ આવી સેવા કરવા મન આકર્ષિત થાયજ છે. મંદિરમાં સેવા આપનારી બહેનો પોતાના ઘરના ઠાકુરજીની સેવા પણ કરે છે. ઘરમાં સેવા કરનારાઓથી શું મંદિરમાં સેવા ન થાય—શું અપરાધ લાગે? ઘર અને મંદિર બન્ને ઠેકાણે સેવાનો બમણો લાભ લેતા પ્રભુના સતત-સાંનિધ્યનો મૂળ સિદ્ધાંત પણ સચવાય છે.**

ઉત્તર (૨૪=૩૦)

પ્રશ્નકર્તા ભાઈ એક બાજુ મંદિરની વકાલત આધુનિક યુગની વ્યસ્તતાના આધારે કરે છે; અને તે વખતે સતત-સાંનિધ્યનો મૂળ સિદ્ધાંત વિસરાવી દે છે. બીજી બાજુએ ફરીથી અહીંયાં તેનું જે સ્મરણ આવ્યું તેની તો વધાઈ! પણ સાથોસાથ જણાવવાનું તો રહ્યુંજ કે સતત-સાંનિધ્યની માફકજ, પોતાના ઘરમાં પોતાના તન મન ધન અને પરિવારજનોની સાથે ભગવત્સેવા કરવાના, બીજા મૂળ સિદ્ધાંતને કેમ વિસરાવી દીધો? શું જે ગમ્યો તે તો મૂળ સિદ્ધાંત; અને જે ના ગમ્યો તેને ''જાડડવા ઘોડડનિ!'' બે મૂળ સિદ્ધાંતોમાંથી એક મનગમતાને સાંચવવાનો આગ્રહ અને બીજા અણગમતામાટે આટલો વિરોધ!! આવી સિદ્ધાંતનિષ્ઠાની બાબતમાં શું કહેવું?

આધુનિક યુગમાં ધંધાકીય હેતુઓથી બેઠકોમાં ઝારી

ભરવાની ઘેલછા વધારવામાં આવેલી છે. એક ઝારી ભરીને પધરાવવામાં આવી હોય; અને શ્રીમહાપ્રભુએ તેને આરોગી પણ ના હોય, તેના પહેલાજ સરાવી લેવામાં આવતી હોય છે! આવી પડાપડીમાં ક્યારેક આરોગાવવાને ઠેકાણે સ્નાન કરાવી દેવાની હોનારત; અને ક્યારેક તો, જ્યાં આરસના પાકા બાંધકામવાળું સ્થાન નથી હોતું ત્યાં તે સ્થાનના ખંડિત થઈ જવાના કે સરકી જવાના અહેવાલો પણ મળ્યાં છે. આ પણ ''સેવા=તત્સુખવિચાર''ના ત્રીજા મૂળ સિદ્ધાંતને તિલાંજલી આપવાને કારણેજ શક્ય બન્યું છે! મૂળમાં તો જાહેર મંદિરોની ભીતરી સેવામાં વૈષ્ણવોને પ્રવેશાધિકારજ ક્યાં છે કે બેઠકોની માફક સેવા કરવાનો પ્રશ્ન ઊભો થઈ શકે! આધુનિક જીવનને વરેલી વ્યસ્તતાને તલાક આપીને—ઠાકુરજીના સતત સાંનિધ્યના મનોરથોની મહેષણા જો જાહેર મંદિરોના શોખીનોને માફક આવતી હોય તો, પોતાના ઘરમાં સિદ્ધાંતશુદ્ધ પ્રણાલિકા મુજબ ભગવત્સેવાને નભાવવામાં આધુનિક જીવનની વ્યસ્તતા શામાટે આડી આવી જાય છે? તેથી નોખી-નોખી ફુટપટ્ટીથી માપવાને કારણે વૈષ્ણવોના સાચા કર્તવ્યના જુદા-જુદા માપ દેખાઈ રહ્યા છે, તે સિદ્ધ થાય છે.

### પ્રશ્ન (૨૫=૩૧ નો સારાંશ)

**(૨૫/ક)ઘર કરતાં તો મંદિર વધુ પવિત્ર કે શુદ્ધ ગણાય. ઘરમાં સેવા થતી હોય તો પણ—કજિયા-કંકાસ, અપશબ્દોનો ઉપયોગ, રેડિયો કે ટીવી ઉપરના અસભ્ય સંગીત કે દશ્યો, કુટુંબના સભ્યોની આપસી નિંદા-સ્તુતિ, દેશ-પરદેશ સરકારી રાજકારણ વિ. અનેક બાબતોની ખરી-ખોટી ચર્ચા; તેમજ બીજા પણ નાનાં-મોટા—અનેક દોષયુક્ત કામો પણ થાયજ છે.**



**(૨૫/ખ)સમ્પૂર્ણ સદાચારનું પાલન કરીને અષ્ટપ્રહરની સેવા થાય તોજ 'સાચી સેવા' કહેવાય, એક-બે કલાકની સેવા તે સેવા નથી, તે તો ફક્ત નિત્યકર્મ છે. બધાજ નિયમોનું શતપ્રતિશત પાલન થતું હોય તો 'ઘર-ઘરની સેવા'નો સિદ્ધાંત બરાબર કહેવાય; પરંતુ આજે તે વૈષ્ણવોમાટે શક્ય નથી—મંદિરમાં જ્યારે કે તે શક્ય છે.**

**(૨૫/ગ)ઘરમાં રહેલા આ દોષોને અવગણીને મંદિરપ્રણાલીમાં દોષ શોધવા એ ક્યાંનો ન્યાય!.**

### ઉત્તર (૨૫=૩૧ નો સારાંશ)

(૨૫/ક)ઘરમાં જે દોષો ગણાવવામાં આવ્યા છે તેમાં, રેડિઓ ટીવી વીડિઓ ના અપવાદને છોડીને, બાકીના દોષો આજેજ ઉદ્‌ભવ્યા હોય અને જૂના જમાનામાં ન્હોતા એમ માનવાનું કોઇ કારણ દેખાતું નથી. તે દોષોને દૃષ્ટિમાં રાખીનેજ જો શાસ્ત્રોએ ગૃહસ્થોમાટે તેઓના પોત-પોતાના ઘરમાં યજ્ઞ-હોમ સંધ્યા-તર્પણ કે દેવપૂજન નું જો વિધાન કર્યું હોય તો; અથવા તો શ્રીમહાપ્રભુએ પણ આપણી સાંપ્રદાયિક પરિભાષામુજબ ભગવત્સેવાનું જો વિધાન કર્યું હોય તો, સ્વધર્મના ૧૦૦% અનુષ્ઠાન કે નભાવ ની ચિંતા પ્રશ્નકર્તા ભાઈએ કે મારે કરવાની નજ હોય. શાસ્ત્રોએ અને શ્રીમહાપ્રભુએ તેનો ઊંડો વિચાર કરેલોજ હશે! જો શાસ્ત્રોમાં કે શ્રીમહાપ્રભુમાં તેવી શ્રદ્ધા ન હોય તો ધર્મના સાચા કે ખોટા પ્રકારોની ચિંતા કરવાનો આપણો અધિકારજ રહી જતો નથી.

જે દોષો ઘરમાં ગણાવવામાં આવ્યાં છે તે દોષો એક સદ્‌ગૃહસ્થના ઘર કરતા ચાર ઘણાં મંદિરોના અમો

પૂ.પા.મહારાજશ્રીઓ, મુખિયાજી, ભીતરિયાજી, કીર્તનિયાજી, જલઘડિયાજી કે સમાધાનીજી વિ. માં હોઈ શકે છે. નહિતો છાપા કે ફિલ્મી ચોપાનિયાઓ ખરીદવાની કે કોરટ-કચેરીઓમાં જવાની અમને જરૂરિયાતજ ન રહેત. ઘરમાં કરવામાં આવતી સ્વધર્મનિષ્ઠાવાળી સેવાને ઠેકાણે ધંધાકીય ધોરણના ધતીંગના ખાડામાં ભગવત્સેવાને ધકેલવાનો અપરાધ ઓર વધારે લાગે છે તેનું શું!

જાહેર મંદિરોમાં કરવામાં આવતા ધરમના ધતીંગનો ધંધો સરખી રીતે ચાલ્યો કે તરતજ મંદિરમાં રહેનારાઓ પણ, રેડિઓ ટીવી વીડિઓ ક્યાં સાંભળતા કે જોતા નથી હોતા? તે રેડિઓ ટીવી કે વીડિઓ નો અવાજ ઘરમાં તો અસભ્ય પણ, ગંગામાં જેમ ગટરનું જળ ભળે તેમ, મંદિરમાં ભળતાંજ શું સંસ્કારિતાયુક્ત સભ્ય આધ્યાત્મિક કે આધિદૈવિક બની જાય છે? જો આવી છૂટ આજે રેડિઓ ટીવી કે વીડિઓ ને આપીશું તો આવતીકાલે બ્લૂફિલ્મોની વીડિઓ પાર્લર કે બીયર-બાર ને પણ તે છૂટ આપવીજ પડશે! બે વરસ અગાઉ એક પ્રસિદ્ધ મંદિરના મોટા મુખિયાજીએ એક સામાહિક પત્રિકામાં આપેલ પોતાના ઈંટરવ્યૂમાં સ્પષ્ટ શબ્દોમાં કબૂલ કર્યું હતું કે—"આટલી વખત મહેનતવાળી સેવા કર્યા પછી કાંઈક તો મનોરંજનની અપેક્ષા હોયજ છે, માટે હિંદી ફિલ્મના (અસભ્ય!)ગીતો જોવા-સાંભળવામાં વાંધા ભરેલું શું હોઈ શકે!"

(૨૫/ખ)સમ્પૂર્ણ સદાચારનું પાલન આજે ઘરમાં સંભવ નથી. તેમજ જાહેર મંદિરોમાં પણ પગારદાર નોકરોથી પરાણે પાલન કરાવવામાં આવતાં સદાચારથી ૧૦૦% ધર્મસિદ્ધિની ૧૦૦% અંધશ્રદ્ધા પણ ઝાંઝવાંના જળથી તરસ મટાડવાની એક ૧૦૦% બાલિશ ભ્રમણાજ છે. શ્રીમહાપ્રભુ તો યથાશક્તિ સદાચાર સાથે—યથોપલબ્ધ સમયમાં—"સ્વધર્માચરણં શક્ત્યા"-"એકકાલં દ્વિકાલં વા ત્રિકાલં વા"(સર્વ.નિબં.૩૩૮-૨૩૭) ભગવત્સેવા કરવાની



છૂટ આપેજ છે. પ્રશ્નકર્તા ભાઈની માફક, તેવી સેવાને નિત્યકર્મની નીચી પાયરીઉપર પટકવા માગતા નથી. તો આ પ્રશ્નથી ઈંગિત થતાં વિધાનને પૂછનારની મિથ્યા ધારણા ગણવી કે સંપ્રદાયનો સાચો સિદ્ધાંત?

(૨૫/ગ)ધંધાકીય મંદિરોમાં રહેનારા ભાવવિહોણા ધન-લોલુપોના ભયંકર દોષોમાટે આંખમિચામણા કરીને, પોતાના ઘરમાં શુદ્ધ ભાવથી ભગવદ્ભજન કરવા માંગતા બિચારા ગૃહસ્થિઓની જીવનશૈલીમાં દોષો શોધવા તે પણ ક્યાંનો ન્યાય?

## પ્રશ્ન (૨૬=૩૨ નો સારાંશ)

**મંદિરે દર્શન કરવા આવતા અમુકજ વૈષ્ણવો ભૂલ કરતા હોય છે, બધા વૈષ્ણવો નહીં. અમુકના ભૂલની સજા બધાને ન અપાય. મંદિરના વહીવટ કરનારાઓ તો ફક્ત ૧૦-૧૫ હોય છે, જ્યારે દર્શન કરનારાઓ તો હજારો હોય છે. જાહેર મંદિરોનો વિરોધ કરીને, ૧૦-૧૫ જણાની ભૂલનો દંડ હજારોને ન અપાય!**

## ઉત્તર (૨૫=૩૨)

કેટલીક મોંઘી હોટલો, પોતાના હજારો ગ્રાહકોને સંતુષ્ટ કરવા, ગેરકાયદેસર ૧૦-૧૫ કૉલગર્લની સગવડ પણ આપતી હોય છે. દેખીતી રીતે આ કૉલગર્લનું આકર્ષણ ઘરની પત્ની કરતાં ઓછું હોત તો ગેરકાયદેસરનો ધંધો ચાલીજ ન શકે! હવે ધારો કે તે ૧૦-૧૫ કૉલગર્લને એઈડ્સનો મહાભયંકર ચેપી રોગ થઈ ગયો હોય, તેથી તે ધંધાનો વિરોધ કરીને ૧૦-૧૫ કૉલગર્લની ભૂલનો—તે ધંધો કાયદાવિરુદ્ધ, જાહેર જનતાના સ્વાસ્થ્યને હાનિકારક;

અને અનીતિપૂર્ણ ધંધો પણ હોય તે છતાંય — દંડ હોટલના હજારો ગ્રાહકોને ન આપવો જોઈએ, એવી વકાલત કોઈ કરે તો તેને શું સમજવું?

**પ્રશ્ન ( ૨૭=૩૩ નો સારાંશ )**

**મંદિર હોય તો શહેરમાં ગોસ્વામી બાળકોનું આગમન થાય — તેમને આરતી ઉતારતા નિહાળતાં કેટલો આનંદ આવે? શું સત્સંગ-હૉલમાં આવો આનંદ મળી શકે?**

ઉત્તર ( ૨૭=૩૩ )

વૈષ્ણવો તો અમેરિકા ઈંગ્લેંડ અને બીજા પણ અનેક દેશોના શહેરોમાં વસતાજ હોય છે કે જ્યાં ઘણા-બધા ઠેકાણે કાંઈ મંદિરો હોતા નથી. પૂ.પા.ગો.બાળકો જ્યાં ભેટ-પધરામણી થતી હોય ત્યાં તો વિનતી વિનાય પધારવાની કૃપા વિચારતાજ હોય છે. જ્યાં મંદિર હોય ત્યાંજ પધારવું એવો આગ્રહ જોવા-સાંભળવામાં તો આવ્યો નથી.

કોઈને જમતા નિહાળવામાં પેટ ભરાઈ જતું હોત તો, ભારત સરકારને વિદેશોથી અનાજ મંગાવવાની જરૂરિયાતજ ન પડત! ટીવીઉપર સવારે બપોરે સાંજે મિનિસ્ટરોનાં જમવાનો તમાશો કે દશ્યો રજૂ કરી દેવામાં આવત; અને તેથી આપણા દેશની સઘળી ભૂખી જનતાનું પેટ પણ ભરાઈ જાત!! છતાંય સહુ ભૂખ્યા લોકોની જમવાની લાચારી આ બાબતનું સ્પષ્ટ પ્રમાણ છે કે સાચા ભૂખ્યા માણસનું પેટ ક્યારે પણ જમણવારનો તમાશો જોઈને ભરાતું નથી બલ્કે જમવાથીજ ભરાતું હોય છે. શ્રીઠાકુરજીની આરતીના દર્શનની સાચી કામના પણ, જો ફકત જોવાથીજ પૂર્ણ થઈ જાય તો-તો ખોટીજ;



અને જો જાતે કરવાથી ભરાય' તોજ સાચી સ્વસ્થ તેમજ શુભ સમજવી.

**પ્રશ્ન ( ૨૮=૩૪+૩૫ ના સારાંશો )**

**( ૨૮/ક )ભક્તિ શ્રેષ્ઠ છે; અને તેમાટે ઘર-મંદિર શ્રેષ્ઠ કે જાહેર-મંદિર શ્રેષ્ઠ? આની સરખામણી કરીએ તો આજના વ્યસ્ત જીવનમાં બન્નેની જરૂર છે. ઘરમાં સેવા, તે તો નિત્યકર્મ હોવાથી અનિવાર્ય છે; સાથો-સાથ શહેરમાં પણ કમસે-કમ એક જાહેર મંદિર તો હોવુંજ જોઈએ. આજના યુગમાં બન્ને એક-બીજાના પૂરક છે, કેમકે ઘરમાં સેવા થતી હોય તો પણ દરેક સભ્યો સેવામાં ન્હાઈને તેનો લાભ લઈ નથી શકતા. તેવાઓને માટે જાહેર મંદિર આવશ્યક છે.**

**( ૨૮/ખ )સત્સંગ-હૉલ કેવલ જ્ઞાન આપનારું હોઈ શકે છે. પુષ્ટિમાર્ગમાં તો ભક્તિને શ્રેષ્ઠ ગણવામાં આવી છે. તે ભક્તિનો ચરમ વિકાસ તો સ્વરૂપસેવાવાળા જાહેર મંદિરથીજ સંભવે.**

ઉત્તર ( ૨૮=૩૪+૩૫ )

( ૨૮/ક )દાંપત્યસુખ એક-બીજાની સાથે પરણેલ સ્ત્રી-પુરુષ વચ્ચે શ્રેષ્ઠ કે ક્લબોમાં વણપરણેલ સ્ત્રી-પુરુષો વચ્ચે શ્રેષ્ઠ? આની સરખામણી કરીએ તો આજના વ્યસ્ત જીવનમાં બન્નેની જરૂર છે. ઘરમાં દાંપત્યસુખ, તે તો નિત્યકર્મ હોવાથી અનિવાર્ય છે. સાથો-સાથ શહેરમાં કમસે-કમ એક ક્લબ તો હોવીજ જોઈએ. આજના યુગમાં બન્ને

એક-બીજાના પૂરક છે, કેમકે ઘરમાં પરણેલા સ્ત્રી-પુરુષો રહેતા હોય તો પણ બધાજ સભ્યો દાંપત્યસુખ ભોગવી નથી શકતા. તેથી પણ શહેરમાં દાંપત્યસુખની સુવિધાપ્રદાન કરનારી કમસે-કમ એક ક્લબ, કુટુંબના તેવા સભ્યોમાટે, આવશ્યક છે કે નહિ? પ્રશ્નકર્તા ભાઈએ આ પ્રશ્નનો જવાબ પહેલા આપવો જોઈએ.

(૨૮/ખ)પુષ્ટિમાર્ગીયોએ કાંઈક અક્કલના દુશ્મન બનીને તો દુનિયામાં રહેવાનું નથીજ. તેમજ પુષ્ટિમાર્ગમાં ભક્તિના નામે ભોપાળાંજ કરતા તો ન રહેવું જોઈએ. પુષ્ટિમાર્ગમાં જ્ઞાન શ્રેષ્ઠ કે ભક્તિ શ્રેષ્ઠ અથવા તો 'જ્ઞાન' કે 'ભક્તિ' શબ્દોના શ્રીમહાપ્રભુને અભિપ્રેત અર્થો શા છે તે મનસ્વી રીતે તારવી ન શકાય. શ્રીમહાપ્રભુપ્રભૃતિ પૂર્વાચાર્યોના વચનોથી ઉપદિષ્ટ ભક્તિના પ્રકારો તે-જ સાચી ભક્તિ બાકી તો ભક્તિના ભોપાળાંજ!

આ બાબતમાં ૨-૪ નિર્ણાયક વચનોનું અવલોકન કરી લેવું ઉપકારક થશે :—

(૧) અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિર્વિધીયતામ્।
એવં સ્વશાસ્ત્ર-સર્વસ્વં મયા ગુપ્તં નિરૂપિતમ્॥
એતદ્ બુદ્ધ્વા વિમુચ્યેત પુરુષઃ સર્વસંશયાત્।
(સિદ્ધાંતમુક્તાવલી)

(૨) બીજદાર્ઢ્ય-પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ।
અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ॥
વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ ન્યસેત્સદા।
તતઃ પ્રેમ તથાસક્તિર્વ્યસનં ચ યદા ભવેત્॥
(ભક્તિવર્ધિની).

(૩) ગુણગાને સુખાવાપ્તિર્ગોવિન્દસ્ય પ્રજાયતે।
યથા તથા શુકાદીનાં નૈવાત્મનિ કુતોન્યતઃ॥
ક્લિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્।
તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિઃ॥
સર્વાનન્દમયસ્યાપિ કૃપાનન્દઃ સુદુર્લભઃ।
હૃદ્ગતઃ સ્વગુણાન્ શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્॥



તસ્માત્ સર્વં પરિત્યજ્ય નિરુદ્ધૈઃ સર્વદા ગુણૈઃ।
સદાનન્દપરૈર્ગેયાઃ સચ્ચિદાનન્દતા તતઃ॥
(નિરોધલક્ષણમ્).

(૪) સેવૈવ કર્તવ્યા, શાસ્ત્રમવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણઃ સેવ્ય ઇત્યર્થઃ.
(નિબં.શા.પ્ર.૪).

વૈરાગ્યજ્ઞાનયોગૈશ્ચ પ્રેમ્ણા ચ તપસા તથા।
એકેનાપિ દૃઢેનેશં ભજન્સિદ્ધિમવાપ્નુયાત્॥
(નિબં.શા.કા.૯૫).

એવં સર્વં તતઃ સર્વં સ ઈતિ જ્ઞાનયોગતઃ।
યઃ સેવતે હરિં પ્રેમ્ણા શ્રવણાદિભિરુત્તમઃ॥
પ્રેમાભાવે મધ્યમઃ સ્યાજ્જ્ઞાનાભાવે તથાદિમઃ।
ઉભયોરપ્યભાવે તુ પાપનાશસ્તતો ભવેત્॥

એવં પરમતં નિરાકૃત્ય સ્વમતે યથા ભજનં તથા સંકલીકૃત્યાહ—'એવં સર્વમિતિ'... પ્રેમ્ણા શ્રવણાદિ-પ્રકારેણ યો ભજતે સ ભક્તિમાર્ગે ઉત્તમઃ. શાસ્ત્રાર્થજ્ઞાનાભાવેઽપિ પ્રેમ્ણા ભજને મધ્યમઃ... જ્ઞાનાભાવે તથા મધ્યમ ઈત્યર્થઃ. આદિમો વા. ઉભયોરભાવે શ્રવણાદીનાં પાપનાશકત્વં, ધર્મત્વં વા, નતુ ભક્તિમાર્ગ ઈત્યર્થઃ.
(નિબં.શા.કા.પ્ર.૧૦૧-૧૦૨).

(૧)સિદ્ધાંતમુક્તાવલીના ઉપદેશમાં શ્રીમહાપ્રભુ ચોખ્ખી આજ્ઞા આપે છે કે કૃષ્ણસેવામાટે શ્રીકૃષ્ણમાં પોતાની બુદ્ધિ જે લગાડવાની છે તે શ્રીમહાપ્રભુનાં તત્ત્વચિંતનને સરખીરીતે સમજીને લગાડવી જોઈએ. આ આપણા શાસ્ત્રીય નિષ્કર્ષનો અંતિમ નિચોડ છે કે જેને સમજનારો બધાજ સંદેહોથી છુટકારો પામી જાય છે.

(૨)ભક્તિવર્ધિનીમાં શ્રીમહાપ્રભુએ કહ્યું છે કે યથાશક્ય સ્વધર્માચરણ (સદાચાર)ને નભાવતાં પોતાના ઘરમાંજ રહીને સેવા; અને શ્રવણ કીર્તન વિ.(તે પછી પોતાના ઘરમાં થતું હોય કે સત્સંગ-હૉલમાં) આમ બે ઉપાયો

વડે કૃષ્ણભજન કરવાથી ભક્તિનાં બીજભાવની દઢતા થાય છે. આ ઉપદેશ જેની જીવનશૈલી વ્યસ્તતા ભરેલી ન હોય તેના માટે છે; પરંતુ જેઓની જીવનશૈલી વ્યસ્તતા ભરેલી હોય તેઓએ તો ( સત્સંગ-હૉલમાં કે કોઈ ભગવદીયના કે ગુરુના ઘરે ) શ્રવણ, કીર્તન સ્મરણ ના પ્રકારેજ કૃષ્ણભજન કરવું જોઈએ. તેથીજ તેમના ચિત્તમાં ભક્તિનો વિકાસ, પ્રેમ આસક્તિ અને અંતે વ્યસનરૂપે પણ થઈ જાય છે.

( ૩ )નિરોધલક્ષણમાં શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે કે ગોવિન્દના ગુણગાન કરતાં જેવું સુખ શુકદેવજી વિગેરેને મળ્યું તેવું સુખ તેઓને પોતાની આત્મામાં પણ જડ્યું નહિ, તો બીજા વિષયોની તો વાતજ શું કરવી? સમ્પૂર્ણ આનન્દમય ભગવાન્નો પણ કૃપાનન્દ મેળવવો ઘણોજ દુર્લભ છે. તે તો ગુણગાનમાં પરાયણ કોઈક ભગવદીય ઉપર ભગવાન્ના પ્રસન્ન થવાથી ક્યારેક છલકાય છે. તેથી સચ્ચિદાનન્દ પરમાત્મામાં પરાયણ નિરુદ્ધ ભગવદીયોએ સર્વદા ભગવદ્‌ગુણોનું ગાન કરવું જોઈએ કે જેથી તેઓ પોતે પણ સચ્ચિદાનંદાત્મક બની જાય.

( ૪/ક )નિબંધમાં શ્રીમહાપ્રભુ કહે છે કે આપણું મુખ્ય કર્તવ્ય તો કૃષ્ણસેવાજ છે, એટલે શાસ્ત્રને સરખીરીતે સમજીને મન-વાણી-દેહથી કૃષ્ણને સેવવું એવો અભિપ્રાય છે.

( ૪/ખ )વૈરાગ્ય જ્ઞાન યોગ પ્રેમ કે તપ આ સાધનોમાંથી કોઈ પણ એક પ્રકારે પ્રભુનું દઢ ભજન કરતાં સિદ્ધિ મળેજ છે.

(૪/ગ )ભગવાન્માંથી પ્રકટ થયેલ બધુંજ ભગવદાત્મક છે, એવા જ્ઞાન સાથે જે સપ્રેમ શ્રવણ-કીર્તન વિ. પ્રકારોથી ભજન કરે છે તેને ભકિતમાર્ગમાં ઉત્તમ કક્ષાનો સમજવો. જેને શાસ્ત્રનું જ્ઞાન ન હોય છતાંય પ્રેમપૂર્વક ભજન કરતો હોય તો તેને મધ્યમ કક્ષાનો સમજવો. તેમજ જે જ્ઞાન વિનાજ ભજન કરતો હોય તેને પ્રાથમિક કક્ષાનો ભક્ત સમજવો. જેને જ્ઞાન કે પ્રેમ બન્નેમાંથી એક પણ ન



હોય તેવાના દ્વારા કરવામાં આવતા નવધાભક્તિના કર્મકાંડને ભક્તિમાર્ગ નથી કહી શકાતું. તેને કેવલ પાપનાશક ધર્માચરણ સમજી શકાય છે.

તેથી પ્રશ્નકર્તા ભાઈએ જ્ઞાનની સાથે રાખેલો દ્વેષભાવ પુષ્ટિમાર્ગમાં ભક્તિની ચરમ કક્ષાને પ્રાપ્ત કરવા કે પુષ્ટિપ્રભુના સતત સાંનિધ્યનું સાચું સુખ મેળવવા ક્યારેય સહાયક બની શકતો નથી. ભક્તિના ભોપાળાં કરવામાં આપણો સમ્પ્રદાય આજે સમ્પૂર્ણ સમર્થ બન્યો છે, તેના કારણો શોધતાં — ૧. જાહેર મંદ્દિરોનો પ્રભાવ અને ૨. સત્સંગ-હૉલનો અભાવ, આમ બે હકીકતો નજરની સામે તરી આવે છે!

**પ્રશ્ન ( ૨૯=૩૬+૩૭ના સારાંશો )**

**વિજ્ઞાનનું શિક્ષણ વિદ્યાલયોમાં પુસ્તકનાં વાંચન અને લેબૉરેટરીમાં પ્રત્યક્ષ પ્રયોગો, સ્લાઈડ્સ, ફિલ્મો વિ. દ્વારા દર્શાવવામાં આવે તો, વિદ્યાર્થીના હૃદયમાં જ્ઞાન સ્થિર થતું હોય છે. તેમજ સેવાની સમજ કેળવવામાટે સત્સંગ અને પ્રત્યક્ષ પ્રયોગરૂપે દર્શન કરવામાટે શ્રીનાથદ્વારા મથુરા ગોકુળ જતિપુરા વિ. નિધિસ્વરૂપોના પ્રભાવશાળી જાહેર મંદિરોની માફક બધાજ શહેરો કે ગામો માં પણ જાહેર મંદિરોની આવશ્યકતા છે.**

ઉત્તર ( ૨૯=૩૬+૩૭ )

મને લાગે છે કે ભગવત્સેવાને ભગવદ્‌ભક્ત અને ભગવાન્ ની વચ્ચેના મધુર-મધુર ગોપ્ય સંબંધો તરીકે ખીલવવાના પ્રયાસના ઠેકાણે, શ્રદ્ધા સંપત્તિ અને સમય

ના અક્ષમ્ય વેડફાટવાળા પ્રયોગના પ્રદર્શનના ભવાડાએ, આજે આપણી બુદ્ધિ અને આપણા હૃદયને, શ્રીમહાપ્રભુના મૌલિક સિદ્ધાંતોની સાચી સમજથી અને કૃષ્ણભક્તિની નિષ્ઠાપૂર્ણ ભાવનાથી સદંતર વિહોણા બનાવી દીધા છે. જો જાહેર મંદિરો ભક્તિભાવના પ્રયોગની લેબોરેટરી હોય તો, મુખિયા-ભીતરિયાઓની બટાલિયનો ટેરાની પાછળ કઈ રીતે સેવા કરે છે, તે કહેવાતા આ પ્રયોગાર્થિઓ એટલે કે દર્શનાર્થિઓ કેવી રીતે સમજી શકે ?

હટાવો, આ પગારદાર ભાવવિહોણી બટાલિયનને! ઉપાડો ઝુંબેશ કે જે જાહેર મંદિરોના પ્રયોગો(=ભવાડાઓ) આ માર્ગમાં જે પ્રયોગાર્થિઓ(=દર્શનાર્થિઓ)ની ફીસ(=પૈ-સા)થી ચાલી રહ્યા છે, તેઓને નિજમંદિર રસોઈ બાલભોગ કે દુધઘર વિ.ના ખાસા અપરસમાં કરવામાં આવતાં ભક્તિભાવનાનાં બધાજ પ્રત્યક્ષ પ્રયોગોમાં ન્હાવા દો!! જો આ ઝુંબેશ શરુ કરવાનું નૈતિક સાહસ ન હોય તો બંધ કરો આવી માયકાંગલી બૌદ્ધિક નપુંસકતાથી ભરેલી ખોટી દલીલોને!!!

નાથદ્વારા ગોકુલ વિ. ગામોમાં બિરાજતા નિધિસ્વરૂપો તો હિમ્મતનગર જેવા દરેક ગામો કે શહેરો માં પધારીને બિરાજી શકવાના નથીજ. એટલે નવા-નવા સ્વરૂપો પુષ્ટ કરાવીને તે-તે શહેરો કે ગામોમાં પધરાવવામાં આવતા હોય તો પણ જેને પોતાના ઘરમાં બિરાજતા સેવ્ય-સ્વરૂપ પ્રત્યે અનન્યભાવ નથી તેને પોતાના ગામના જાહેર મંદિરમાં બિરાજતા ગેરનિધિસ્વરૂપથી પણ સંતોષ તો થવાનો નથીજ. એટલે કે તે પછી પણ જ્યાં-ત્યાં ભટકવાનું તો કાયમજ રહેવાનું હોય તો જાહેર મંદિર બાંધ્યા વિના નાથદ્વારા-કાંકરોલી-મથુરા-ગોકુલ-કામવન-જતિપુરા વિ. સ્થળોએ જવામાટે હવાઈજહાજ કે રેલ્વેની ટિકિટોના; અને જો હવાઈ અડ્ડા કે રેલ્વેસ્ટેશન ન હોય તો, બસસ્ટેંડો કે ટેક્સીસ્ટેંડો ક્યાં નથી કે જ્યાં જઈને રેલ્વે કે બસો ની ટિકીટોના રિઝર્વેશન ન મેળવી શકાતા હોય ?



## પ્રશ્ન ( ૩૦=૩૮ નો સારાંશ )

**પુષ્ટિમાર્ગના મંદિરોમાં દર્શનનો સમય ચૂકી ન જવાય તેમાટે વૈષ્ણવો 'જૈ-જૈ-જૈ-જૈ' બૂમ પાડીને દોડતા નિહાળ્યા છે. તેઓને દર્શન મળી જતાં કેટલી શાંતિ અને રોમાંચ નો અનુભવ થાય છે! શું આ સત્સંગ-હૉલમાં સંભવી શકે ?**

### ઉત્તર ( ૩૦=૩૮ )

હા, આમ બૂમ-બરાડા પાડીને દોડતા વૈષ્ણવો નાનપણમાં મેં પણ પુષ્કળ જોયા હતા. તે 'જૈ-જૈ-જૈ-જૈ' કરીને દોડનારાઓમાંના કેટલાક વૈષ્ણવો પોતેજ અથવા તો તેમના વૈષ્ણવપુત્રો દોડતાં-દોડતાં આજે ગેરપુષ્ટિમાર્ગીય સ્વાધ્યાય કરવા-કરાવવા ગામે-ગામ દોડતા થઈ ગયા છે! કેટલાક તો એટલા વેગથી દોડ્યા કે સીધા તેઓ સ્વામિનારાયણપંથ ઉપરજ દોડતાં થઈ ગયા છે!! અમુક જે બચ્યા તેઓ, પ્રશ્નકર્તા ભાઈની માફક, પુષ્ટિમાર્ગીય મહારાજોને જઘન્યકોટીના દેવલક પૂજારી માનતા થઈ ગયા છે!!!

આ તે એટલી કરુણાજનક હોનારત નથી કે જેટલી તેમની સાથે 'પ.ભ.-પ.ભ.-પ.ભ.' કહીને બૂમ પાડીને દોડતા વલ્લભવંશજો પણ પોતાને જઘન્ય કોટીના માનવા મંડી પડ્યા છે ( જુઓ : પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત ચર્ચાસભા વિસ્તૃત વિવરણ : ૧૯૨-૨૨૮ ).

## પ્રશ્ન ( ૩૧=૩૯ નો સારાંશ )

**( ૩૧/ક )એક તર્ક એવો થાય છે કે મહાપ્રભુજીના સિદ્ધાંત મુજબ કેવળ "ઘરની**

સેવા'' ને માન્યતા અપાયેલી છે. પૂજ્ય ગોસ્વામી બાળકો જે સેવા કરે છે તે ઘરની સેવા છે; પરંતુ સમય જતાં તેમાં પરિવર્તન આવ્યા અને તેણે 'હવેલી'નું રૂપ ધારણ કર્યું; અને હવેલીમાં દર્શન કરવાની જાહેર જનતાને છૂટ મળી ગઈ. તાજેતરના હાઈકોર્ટના જજમેન્ટમુજબ ગોસ્વામી બાળકોને તેઓની હવેલીઓના 'પૂજારી' તરીકે વર્ણવવામાં આવ્યા છે. અસંખ્ય પુરાવાઓના આધારેજ હાઈકોર્ટે આ તારણ કાઢ્યું હશે. 'પૂજારી'ની સંજ્ઞા આપી, એટલે એક માન્યતા પ્રબળ થાય છે કે ગોસ્વામી બાળકોએ પોત-પોતાની હવેલિઓમાં (મંદિરોમાં) શ્રીઠાકુરજીની સેવા સ્વયં એટલે શ્રીહસ્તથી કરવાની પરંપરા છે; પરંતુ સમય જતાં તેમાં પણ થોડું પરિવર્તન આવ્યું. તેઓશ્રીઓને સમયનો અભાવ થવા માંડ્યો અથવા સંજોગોમાં ફેરફાર થયો અને તેથી 'મુખિયાજી'ની મારફતે સેવા કરવાનો ક્રમ વર્ષોથી ચાલ્યો આવે છે અને તે ગોસ્વામી બાળકોએ માન્ય રાખેલ છે. અનેક પુષ્ટિમાર્ગનાં મંદિરો અને બેઠકજીમાં મુખિયાજી મારફતે સેવા થાય છે અને મુખિયાજીદ્વારા થયેલ સેવા શરુ થઈ, એટલે તે સેવા જ્યાં થાય તે સ્થળ પછી જાહેર મંદિર જેવુંજ થયું કે શું થયું? ભલે 'હવેલી' કહો પરંતુ આજે હજારો વૈષ્ણવોને તે મારફતે સમૂહમાં જાહેરમાં દર્શન, મનોરથ, કીર્તન વિ. નો અમૂલ્ય લાભ મળી રહ્યો છે. પૂજ્ય ગોસ્વામી બાળકોએજ ચલાવેલી આ મંદિરની પરંપરા



છે. તે એકાએક બંધ કરવાની વાત હૃદયને આઘાત આપનારી છે!

(૩૧/ખ)''મંદિરો મીઠાઈની દુકાનો થઈ ગઈ છે'' આ તર્કની પાછળ કહેવાનો હેતુ એ છે કે એક વૈષ્ણવ રૂ.૫/-ની ભેટ મંદિરમાં મૂકે અને બીજો રૂ.૧૦૦/-ની ભેટ મંદિરમાં મૂકે, બન્નેને પ્રસાદ અથવા મહાપ્રસાદ એકસરખા પ્રમાણમાં મળવો જોઈએ, એવો તર્ક થઇ રહ્યો છે, નહિતર તે મંદિરો મીઠાઈની દુકાનો કહેવાય? હવે આ તર્કની આપણે બીજી સાઈડ જોઈએ જો રૂ. ૫/- મૂકનારને દાખલા તરીકે એક લાડુ આપવામાં આવે જેની પડતર કિંમત રૂ.૫/- હોય અને જેઓએ રૂ.૧૦૦/- મૂક્યા હોય તેને પણ એકજ લાડુ આપવામાં આવે તો રૂ.૧૦૦/- મૂકનારના પૈસામાંથી રૂ. ૯૫/- મંદિરમાં બચત રહેવાના, એટલે કે મંદિરની આવકમાં રૂ.૯૫/- નો લાભ થવાનો; અને અંતે તે દ્રવ્ય કોની તિજોરીમાં જવાનું? તેમ થશે તો વૈષ્ણવો ટીકા નહિ કરે કે મંદિરો કેવળ નફો કરનારી પેઢીઓ છે? વિચારો!

ઉત્તર (૩૧=૩૯)

(૩૧/ક)''ગોસ્વામિઓ કરે છે તે ઘરની સેવા છે; પરંતુ સમય જતાં તેમાં પરિવર્તન આવ્યા અને તેણે હવેલીનું રૂપ ધારણ કર્યું; અને હવેલીમાં જાહેર જનતાને દર્શનની છૂટ મળી ગઈ''. આ એકજ વિધાન આ વાતનું સક્ષમ પ્રમાણ છે કે આજના કહેવાતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો પોતેજ પોતાના પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત ભાવના અને ઇતિહાસ

ની બાબતમાં ફક્ત અજાણ્યાજ છે એટલુંજ નહીં બલ્કે સદંતર વિરોધી ધારણા, વિરોધી ભાવના; અને વિરોધીજ માહીતિ પણ ધરાવી રહ્યા છે!

આમાં જો કાંઈક હકીકત વર્ણવાયી હોય તો તે : "સમય જતાં આવેલ પરિવર્તનની".

આપણા માર્ગના ઈતિહાસને ત્રણ કાલખંડો—(૧)પ્રારંભ (૨)ઉત્કર્ષ અને (૩)અવનતિ—માં વિભક્ત કરીએ તો પહેલો કાળ પ્રારંભ એટલે કે પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોની સાંગોપાંગ રજુઆતનો કાળ છે. આમાં લખાયેલા કોઈપણ ગ્રંથમાં જાહેર મંદિરમાં પુષ્ટિમાર્ગીય સેવા કરવાની બાબતમાં વિધાન મળતું નથી. શ્રીમહાપ્રભુની સૈદ્ધાંતિક ભાવનાથી વિપરીત શ્રીનાથજીનું મંદિર તો પોતે શ્રીનાથજીની ઈચ્છાથી તે વખતે પ્રકટ થયું હતું. આ તથ્યનો અસ્વીકાર કરતાં કાં તો આપણને આજે પણ ગેરબ્રહ્મસંબંધી દેવીભક્તોને ફરીથી સેવા સોંપવી પડશે તેમજ પાટોત્સવ પણ ફાગણ વદ સપ્તમીના ઠેકાણે અક્ષયતૃતીયાને દિવસે ઉજવવો પડશે; કાં તો તે પ્રકાર પુષ્ટિમાર્ગીય ન્હોતો એમ સ્વીકારવુંજ પડશે. બીજો ઉત્કર્ષકાલ : તે ગ્રંથોક્ત સિદ્ધાંતોની વ્યવસ્થિત વ્યાખ્યાઓ અને સ્વમાર્ગના પ્રચાર-પ્રસારનો કાલ હતો. આ કાલમાં લખાયેલ ગ્રંથોમાં પણ ક્યાંયે જાહેર મંદિરોમાં પુષ્ટિમાર્ગીય રીતિથી સેવા કરવાનું વિધાન મળતું નથી. ઉત્કર્ષકાલમાં, પરંતુ, સાંપડેલી જનમાન્યતા અને ફેલાવ ને કારણે ઉત્કર્ષકાલના અંતમાં ક્યાંક કોઈક મહારાજશ્રીના નિર્વંશ લીલા પધારવાને કારણે તેમના વિધવા વહુજીમહારાજશ્રી કે બેટીજી વિ.ઓએ પોતાના ઘરમાં ભગવત્સેવાનો ક્રમ પોતે નભાવવાનું વિચાર્યું કે જેની વ્યવસ્થા જાતે પહોંચી ન શકવાને કારણે આજ્ઞાકારી સહાયક વૈષ્ણવોની વ્યવસ્થાસમિતિઓ રચવામાં આવી હતી. આમાંથીજ જતે દહાડે ટ્રસ્ટના જાહેર મંદિરોના બીજો વવાઈ ગયા. ત્રીજા અવનતિકાલમાં : ઉત્કર્ષકાલમાં સાંપડેલી સફલતાના અને શ્રદ્ધાસ્પદતાના જ એક દુષ્પરિણામરૂપે ગો.બાળકોમાં



સ્વમાર્ગીય ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ, તે અભ્યાસનો પરિભ્રમણ-પરિશ્રમપૂર્વક જનતાને ધર્મલાભ આપવાનો ઉત્સાહ કે કર્તવ્યબોધ ક્ષીણપ્રાય બની ગયો. તેથી સ્વધર્મમાં નિષ્ઠાવિહોણી અંધશ્રદ્ધાળુ વૈષ્ણવ જનતા અને સ્વમાર્ગીય સિદ્ધાંતોના વ્યવસ્થિત અભ્યાસ-ઉપદેશની કે અનુસરણ કરવાની નિષ્ઠાથી વંચિત અમો ગોસ્વામી બાળકોએ જાહેર મંદિરોની પ્રણાલી વિકસવા દીધી હતી, આમાં બેમત ન હોઈ શકે. છતાંય આ અવનતિકાલમાં પણ જાગરુક ગો.બાળકોએ આ ખોટી પ્રથાને પોષણ આપનારા પ્રકારોને વખોડયા તો હતાજ; અને આજ દિવસસુધી વખોડતા આવ્યાં છે, તેના પ્રમાણો અમૃત-અભિપ્રાયાવલીમાં વાંચી શકાય છે. આમાંના ઘણાં બધા અભિપ્રાયો પ્રશ્નકર્તા ભાઈની ધારણાથી વિપરીત, તાજેતરમાં સુપ્રીમકોર્ટે આપેલા ચુકાદાઓથી, ઘણાં પહેલાના પણ છે. અને જે ગો.બાળકોના ઘરો, આજે હારેલા જુગારીની માફક અપસિદ્ધાંતની બમણી રમત રમવા, જાહેર મંદિરોની પ્રણાલીના સમર્થક બની બેઠા છે, હકીકતમાં તો તેજ ઘરો સુપ્રીમ કોર્ટમાં "પુષ્ટિમાર્ગમાં જાહેર મંદિરોની પ્રણાલી હોતી નથી પરંતુ ખાનગી હવેલીઓમાં સેવા કરવાની પ્રણાલી છે" તેવો દાવો લઈને ઝઘડવા ગયા હતા. નડિયાદનો કેસ હોય કે નાથદ્વારાનો, બન્ને કેસોમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોની રજુઆત ષોડશગ્રંથ નિબંધ સુબોધિની કે અણુભાષ્ય જેવા સમ્પ્રદાયના મૌલિક સિદ્ધાંતગ્રંથોના આધારે કોરટમાં જનારા મહારાજશ્રીઓ કરી ન શક્યા. ભાંડારકર, એચ.એચ.વિલ્સન, એમ.સી.પરીખ અને એન.એ.થૂથી જેવા અંગ્રેજી ભાષાના વિદ્વાનોનાં ઉદ્ધરણો ટાંકીને સંતુષ્ટ થઈ ગયા હતા.

જોકે આ સહુ ઉદ્ધરણો—પુષ્ટિમાર્ગમાં જાહેર મંદિરો નથી હોતા અને ગુરુઓ પોતાનાં ઘરમાંજ સેવા કરતા હોય છે એવું (જાહેર જનતાની સામે સિદ્ધાંતવિપરીત પ્રકારે તેનું પ્રદર્શન કરવાના પણ ઉલ્લેખ સાથે) વિધાન એકમતથી કરી રહ્યા હતા. તે વિધાનોને એક વખતે

વાંચીને કોર્ટે શું તારવ્યું તે પણ વાંચીશુ :—

1. Each Guru has a temple of his own; and there are no public places of worship. The devotee should visit the temple of His Guru at the stated intervals, which are eight in number during the day. (Vaishnavism, Shaivism and Minor Religious Systems: Bhandarkar: 1928 Edn. p.114)
2. The practice of the sect are of a similar character with those of other regular worshippers, their temples and house have images of Gopal...(Religious Sects of the Hindus: H. H. Wilson: 1958 Edn. p.72)

3. This service is sharply contrasred from the worship of other bodies in several features, both outward and inward.

A very notable difference lies in the fact that Vallabha's Church has no Mandirs or temples proper. The place of these has been taken by what are called Havelis, i.e. houses. Many of these are private houses belonging to the members of the family of the Vallabha and are open to the public at certain fixed periods of the day. (Sri Vallabhacharya, Life, Teachings and Movement: M.C.Parikh: 1943 Edn. p.247)

4. Due to several resons the Vallabhites have no public temples for worship. The descendents of the Vallabhacharya worship one image or another in their homes. And the followers are allowed to a certain extent, to join in any of



the eight services performed daily. (Vaishnavas of Gujarat: N.A.Thoothi: 1935 Edn. p.94)

આ ઉદ્ધરણો વાંચતાંજ ખ્યાલમાં આવી જાય છે કે સમર્પણ-સેવા, સેવોપયોગી દ્રવ્ય-સ્થળ અને સેવાના ભાવના-પ્રયોજન જેવી બાબતનાં બધાજ સિદ્ધાંતોના ભાંગી પડેલા ખંડેરો અને ધંધાકીય રીતે ધમધોકાર ચલાવવામાં આવતા જાહેર મંદિરોના અપસિદ્ધાંતોના મહેલોનું ચિત્રણ આ લખાણોમાં નજરોની સામે નગ્ન રૂપમાં ઊભું કરવામાં આવ્યું છે.

હવે વડી અદાલતોમાં જે ચુકાદાઓ અપાયા હતા તે સિદ્ધાંતના આધારે અપાયા હતા કે તે-તે મંદિરોને લાગતા તથ્યો અને ઉપર જણાવેલ અંગ્રેજી પુસ્તકોના ઉદ્ધરણોના આધારે અપાયા હતાં, તે પણ જોઈ લેવું ઉપયોગી થશે. નડિયાદ-નાથદ્વારાના કેસોના ચુકાદાઓમાં કહેવામાં આવ્યું છે :—

1. Whether a temple and idol, which is worshiped by the Vaishnava devotees of this Cult, was a private or public temple would always, in our opinion, be a question of fact. (Para. 12 of Mahalaxmi Vahuji, Nadiad, case: A.I.R 1953 Bombay 153. Later on confirmed in A.I.R.1970 S.C. 2025).

2. The views expressed by Dr.Bhandarkar had greatly weighed with the trial court and it is mainly on the basis of those views the trial court, rejected the plaintiff's Suit. The High Court after examining the doctrines of the Vallabha school its tenets and usages as well as the views expressed by eminent writers like Dr. Radhakrishnan and Das

Gupta, came to the conclusion that it would not be correct to say that worship in public temple is prohibited by the Vallabha Cult though in the absence of any positive evidence it may not be taken granted that the place where the Vallabha Sampradayees worship is a private temple. (Para. 9. A.I.R.1970 S.C.2025).

3. If Dr. Bhandarkar's work in the section dealing with Vallabha is considered as a whole. it would be clear that these observations are incidental and cannot be taken to indicate the learned doctor's conclusions. (A.I.R.1963 S.C .1638).

4. But once it is held that the temple is a public temple it is difficult to accede to the argument that the tenets of Vallabha Cult require as a matter of religion that the properties must be managed by the tilkayat. In fact no such tenet has been aduced before us.(para. 61 A.I.R. 1963 S.C.1638)

આથી સિદ્ધ થાય છે કે ન્યાયાલયોએ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોની ચકાસણી, એટલે કે સેવાસ્થલ સેવોપયોગિસંપત્તિ સેવ્યસ્વરૂપ કે સેવાપ્રયોજન ખાનગી હોય છે કે જાહેર, તે બાબતમાં પુષ્ટિમાર્ગના મૌલિક ગ્રંથોની ઝીણવટભરેલી તપાસ કર્યા વિનાજ, ક્ષુદ્ર તથ્યો અને વલ્લભસંપ્રદાયમાં લેશમાત્ર પણ બંધનકારી ન હોય એવા અંગ્રેજી ભાષાનાં ગ્રંથોના આધારે, નડિયાદ-નાથદ્વારાના કેસોમાં ચુકાદાઓ આપ્યા છે. સ્વાભાવિક રીતે ત્રુટિ આમાં ન્યાયાધીશોની ન હોઈ આપણી—પુષ્ટિમાર્ગીયોનીજ હતી કે કાં તો આપણે આપણા સિદ્ધાંતોથી સદંતર નાવાકેફ હતા અથવા



તો સિદ્ધાંત અને વ્યવહાર વચ્ચે રહેલ ભયંકર અંતરાલને કારણે સ્વસિદ્ધાંતોને રજૂ કરવાજ ન્હોતા માંગતા.

તેના પછી તો જુનાગઢના કેસમાં તો તે બે ચુકાદાઓનેજ કસોટી માનીને— Let us now examine the question as to whether tenets of Pushtimargiya Sampradaya frown upon public temples and contra-indicate Havelis managed and run by descendants of Mahaprabhuji, i.e. Gosais to be ever treated as public temples. This question is no longer res integra as it is directly covered by the decisions of the Supreme Court viz.A.I.R.1963, Tilkayat's case (supra) as well as A.I.R.1970,S.C.2025 (supra) (જુનાગઢ કેસમાં ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો પાના : ૧૫૦).

આજ ચુકાદાને સુપ્રીમકોર્ટે પણ માન્ય રાખ્યો હતો, માર્ગના સિદ્ધાંતો એક વખત સરખી રીતે સાંભળવાની અમારી અરજીને દાદ આપ્યા વિનાજ. ફક્ત એક સુધારો કર્યો કે ગો.બાળકોને ભેટ આવેલી ધન-સંપત્તિ તેમની ખાનગી હોય છે, ઠાકુરજીની કે ટ્રસ્ટની નહીં. આવા સંજોગોમાં 'હવેલી' જેનો અર્થ ખાનગી ઘરજ થતો હતો તે આજે આપણી કુટેવોને કારણે 'જાહેર મંદિર'ના અર્થમાં વિકૃત થઈ ગયો છે. હમેશા કુટેવોના દુષ્પરિણામો તો ભોગવવા પડતા હોય છે; પણ તે કુટેવને પોતાનો ગુણ માની લેવો તે શું કોઈને શોભે ખરૂં? આ તબક્કે મને એક રમુજી જોક યાદ આવે છે:—

એક ભાઈને ઊંઘમાં પેશાબ નીકળી જવાની નાનપણની કુટેવ હતી! તે ભાઈના વિવાહ થયા પછી આ કુટેવની બાબતમાં તેમની પત્નીએ પુષ્કળ વાંધો ઉઠાવ્યો. અંતે કંટાળીને તે ભાઈ માનસ રોગના કોઈક તજ્જ્ઞ પાસે પોતાનો ઈલાજ કરાવવા ગયા. એક મહિના સુધી સારવાર લઈને પાછા ઘેરે આવ્યા. પત્નીએ હરખભેર સ્વાગત કરતાં

કહ્યું કે "તમે ઘણાં પ્રસન્ન લાગો છો? એટલે તમારી કુટેવ હવે તો ચોક્કસ છૂટીજ ગઈ હશે!"

પતિ મહોદયે જવાબ આપ્યો : ના! હજીએ પથારીમાં ઊંઘતા-ઊંઘતાં પેશાબ તો નિકળીજ જાય છે પણ એમાં શરમાવા જેવું કાંઈ હવે મને લાગતું નથી. ડોક્ટરે મને સાચી હકીકત સમજાવી દીધી છે કે "નાનપણમાં આટલા વખત પેશાબ કર્યા પછી ઓચિંતુ કોઈ એને 'કુટેવ' કહીને વિરોધ કરી છોડવાનું કહે તો તેને કેવી રીતે છોડી શકાય? શું તમારી પત્નીએ નાનપણમાં ઊંઘમાં પેશાબ કર્યો નહીં હોય? એટલે કાળજી રાખો કે તે પોતાના કોઈક અંગત સ્વાર્થના કારણે તેનો વિરોધ કરી રહી હશે કે જેથી તમારા બન્નેની સંતતિ જન્મે ત્યારે તેના પેશાબના પોતડાં એને બદલવા કે ધોવા ન પડે!"

એવું કાંઈક પ્રશ્નકર્તા ભાઈ પણ વૈષ્ણવોના ભેજામાં ઠસાવવા માગે છે. સિદ્ધાંતના સરખા અભ્યાસ વિના પુષ્ટિમાર્ગના ત્રીજા એટલે કે અવનતિનાં કાલમાં અમો ગો.બાળકોએ સ્વભગવત્સેવાને જાહેર બનાવીને જે પોતડાઓ ભીંજાવ્યા હતા તેના ઉપર, ન કેવલ ગો.બાળકોએ પરંતુ વૈષ્ણવોએ પણ, ગર્વ લઈને જાહેર મંદિરોની કુટેવ ચાલુજ રાખવી જોઈએ. શામાટે? કેમકે પૂજારીપણાનાં પોતડા ભીના કરવાનો બાળકોનો અધિકાર કોર્ટે માનસિક તજજ્ઞની માફક માન્ય રાખ્યો છે!

(૩૧/ખ)રાંધેલ અન્નનો વિક્રય કરનાર બ્રાહ્મણ શૂદ્ર બની જતો હોય છે, એટલે મહારાજશ્રીઓ કે મુખિયા-ભીતરિયાઓ તો કરીજ ન શકે. ટ્રસ્ટોવતી જો કરવામાં આવતો હોય તો રૂ.૫/- કે રૂ.૧૦૦/- લઈને વેચવામાં આવતો મહાપ્રસાદ મંદિરને મિઠાઈની દુકાનજ સિદ્ધ કરે છે. શામાટે કોઈકના પૈસા આવા હેતુથી સ્વીકારવા જોઈએ કે જેથી રૂ.૧૦૦/- લઈને રૂ.૫/- નો પ્રસાદ આપી રૂ.૯૫/- ને તિજોરીમાં ભરવાનો આરોપ ઝીલવો પડે?



## પ્રશ્ન (૩૨=૪૦નો સારાંશ)

**"બહેનો મંદિરોમાં નિંદા કરે છે". આ તર્ક બરાબર છે. મંદિર તે નિંદા કરવાનું સ્થળ નથી. છતાં પણ વાતો કે નિંદા કરવાની ટેવો અનુશાસનના નિયમો બનાવીને બંધ કરી શકાય છે. મંદિરમાં તે શક્ય છે—ઘરમાં કદાચ શક્ય નહિ હોય. પરંતુ બીજી રીતે વિચારીએ : આપણા ઘરમાં, જ્યાં સેવા થતી હોય, ત્યાં સાસુ-વહુ દેરાણી-જેઠાણી કે નણંદ-ભાભી શું પરસ્પર નિંદા નહિ કરતા હોય? એટલે આ પ્રમાણે જો ઘરમાં થતું હોય તો શું ત્યાં સેવા બંધ કરી દેવી જોઈએ? ઘરમાં એકલી નિંદાઓજ નહિ પણ કલેશ ક્રોધ ઝઘડા મારપીટ ગાળો દેવાનું પણ થાય છે, જે મંદિરોમાં થતું નથી. એટલે મંદિર તો ઘર કરતાં વધુ શાંતિ અને શ્રીઠાકુરજીને વધુમાં વધુ સુખ આપનારૂં સ્થાન છે, જે મહાપ્રભુજીના સિદ્ધાંતમુજબ છે.**

## ઉત્તર (૩૨=૪૦)

દૂરનાં ડુંગર રળિયામણાં લાગતાં હોય છે! વિવાહના જમણવારમાં સ્વચ્છ વસ્ત્રો ધારણ કરી ભાઢૂતી પિરસનારાઓદ્વારા ભાઢૂતી સજાવટોના ભભકામાં પીરસવામાં આવતી વાનગીઓ, પડદાની પાછળ કેવી રીતે તૈયાર કરવામાં આવતી હોય છે તે, જમણવારના ચટકારાના શોખીનો ક્યારેય જોવા માંગતા નથી. પ્રશ્નકર્તા ભાઈ પણ, તેમજ, ટેરા ખુલ્યા પછીની સજાવટને જોવાના શોખીન હોવાને કારણે ઘરમાંની અશાંતિ અને અસુખદ અવસ્થાના

રોદણાં રડી રહ્યા છે. મંદિરમાં હું રહ્યો છું ત્યાં ભીતરખાને શું ચાલતું હોય છે તે પ્રશ્નકર્તા ભાઈએ નહીં—મેં જોયું જીવ્યું અને ભોગવ્યું છે. પ્રશ્ન વાંચતા મને તો એમજ લાગે છે—આ મંદિરોનું વર્ણન થઈ રહ્યું છે ઘરનું નહીં. કેમકે મહારાજશ્રી મુખિયા કે ભીતરિયા તરીકે કાંઈ સંન્યાસિઓને કે બ્રહ્મચારિઓને રાખીને આપણા મંદિરો ચલાવવામાં આવતા નથી; બલ્કે મહારાજશ્રી મુખિયા વિ. અમો બધા ગૃહસ્થીજ હોઈએ છીએ. એટલે એક ગૃહસ્થના ઘરમાં જે દોષો હોય છે તે તો મંદિરમાં પણ હોયજ છે, તદુપરાંત ભગવાન્ ભક્તિ અને ધરમ નાં ધંધાની છેતરામણ ભરેલી અનૈતિકતા તે એક વધારાનો જે દોષ હોય છે તે તો મંદિરોનીજ લાક્ષણિક વિશિષ્ટતાના રૂપે ઉમેરી શકાય તેવો છે.

નોંધ : ( મૂળ પ્રશ્ન ૪૫=૪૧ ને પ્રશ્નકર્તા ભાઈ ગૌણ મુદ્દા ગણતા હોવાથી હું પણ તેને ગૌણજ સમજીને, ઉત્તર આપવાનો વિસ્તાર કરવા માંગતો નથી.

### પ્રશ્ન ( ૩૩=૪૨ નો સારાંશ )

**મંદિરની પરિપાટિ આપણા પૂર્વાચાર્યોએ અપનાવેલી વર્ષોથી ચાલે છે તેને આટલા વર્ષો પછી મહાપ્રભુજીના સિદ્ધાંતથી વિરુદ્ધ કહેવામાં આવે તો શું પૂર્વાચાર્યોએ ભૂલ કરી હતી ? મહાપ્રભુજીના સિદ્ધાંત સાચા કે પૂવાચાર્યોએ દાખલ કરેલી પરિપાટિ સાચી ? પિતા સાચા કે પુત્રો સાચા ઉત્તર આપવો સહેલો નથી. સાતે-સાત ઘરના ગો.બાળકોની પરિષદ ભરીને ચર્ચા કરી તેઓ એકમત થાય તોજ વૈષ્ણવ-સમુદાયના ગળે વાત ઉતરી શકે. બહુમતીથી નિર્ણય**



**નિશ્ચિત થવો જોઈએ.**

### ઉત્તર ( ૩૩=૪૨ )

પ્રશ્નકર્તા ભાઈની મૂંઝવણ "પિતા સાચા કે પુત્રો સાચા" નો તો એકજ ઉત્તર : જો પિતા પોતેજ ખોટા, તો તેમના નામે પુત્રોદ્વારા ધપાવવામાં આવતી બધીજ વાતો ખોટી ખોટી અને ખોટીજ.

બાકી રહી વાત—બહુમતીથી નિર્ણય લેવાની. તે તો જ્યારે ગુજરાત-હાઈકોર્ટે "ગો.બાળકોની ચરણભેટ, ઘર કે ઠાકોરજી ખાનગી નથી હોતા" એવો ચુકાદો જુનાગઢની હવેલીના કેસમાં આપ્યો ત્યારે ઘણા બધા ગો.બાળકોએ સુપ્રીમ કોર્ટમાં આ ચુકાદાની વિરુદ્ધ અરજી કરવા મને પાવર ઓફ એટર્ની આપી હતી. તે વખતે સમગ્ર વિશ્વનાં ૮૭ નગરોમાં રહેતા વૈષ્ણવોએ લગભગ ૧૧૦૦૦ શપથ-પત્રો : "ગો.બાળકોની હવેલીઓ તેમના ખાનગી ઘરો હોય છે જાહેર મંદિર નહીં—વૈષ્ણવો જે ત્યાં દર્શન કરવા જાય છે, તે પોતાને સેવા કરવાનો ધાર્મિક અધિકાર છે તેવી ભાવનાથી નહીં પરંતુ ગો.બાળકો પ્રત્યે ગુરુભાવને કારણે—તેમજ તે-તે હવેલીઓમાં ધરવામાં આવતી ભેટ-સામગ્રી ઠાકુરજીને નહીં પણ અનુયાયીની હેસિયતમાં તે ભેટ-સામગ્રી ગુરુનેજ ભેટ ધરવામાં આવતી હોય છે", એવા આશયના સુપ્રીમ કોર્ટમાં રજુ કરવામાં આવેલા.

તે સિવાય મહાપ્રભુ વિ. પૂર્વાચાર્યોના ગ્રંથો ના આધારે સેવાસ્વરૂપ, સેવાદીક્ષા, સેવાસ્થલ, સેવોપયોગી-ધનસંપત્તિ, સેવાપ્રયોજન, સેવાસહાયકો અને સેવ્યસ્વરૂપ આમાંથી કોઈ પણ એક વાત સિદ્ધાંતમુજબ જાહેર જનતા સંબંધી હોઈ શકતી નથી. એવા મૂલવચનોના ઉદ્ધરણો પણ સુપ્રીમ કોર્ટમાં રજૂ કર્યા હતા.

સુપ્રીમ કોર્ટે અગાઉના નાથદ્વારા અને નડિયાદ ના દાવાઓમાં પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો સાંભળી લીધા હોવાથી

ફરીથી સાંભળવાની અનાવશ્યકતા દેખાડીને ફક્ત ચરણભેટના ખાનગી હોવાનો સુધારો ગુજરાત-હાઈકોર્ટના નિર્ણયમાં કર્યો.

પછી તો મુખત્યારનામા આપનારાઓ પૈકી ઘણા બધા ગો.બાળકોએ આગળ ઝઘડો ન કરવાનું ઉચિત માની લીધું, જાણે ચરણભેટ ખાનગી થઈ એટલે ભગવાન્ મળી ગયા! ઘરના ઠાકોરજીને ખોઈને ફક્ત ચરણભેટ મળી તેને, વિજય નહીં બલ્કે, પરાજય મળ્યો માનીને લડત ચાલુ રાખવા, જે બધાની મીટિંગ બોલાવી હતી તેમાં ઘણા બધા ગો.બા.ઓએ નજ પધારવાનુ યોગ્ય માન્યું. તેમાં હાજર રહેલા બાળકોએ એકમતથી હસ્તાક્ષરો કરીને, પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોની બાબતમાં જે એક જાહેર-નિવેદન તૈયાર કર્યું હતું, તેનામાટે આપેલા હસ્તાક્ષરો, મળેલી ચરણભેટ પાછી ઝૂંટવાઈ ન જાય તે કે બીજી કોઈ ભીતરખાનાની બીકે, કેટલાક મહાનુભાવોએ પાછા ખેંચી લીધા હતા. ખાનગી ચર્ચામાં કારણ એજ દર્શાવ્યું કે જ્યાંસુધી બીજો ધંધો કોઈ જામી ન જાય ત્યાંસુધી આ સેવાના ધંધાને કેવી રીતે બંધ કરવો? તેથી વિવાદ વધતા એક જાહેર પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત ચર્ચા સભાનું આયોજન કરવામાં આવ્યું કે મતભેદ ધરાવનાર દરેક બાળકે મૂલ ગ્રંથોના વચનોનો ભાવાનુવાદ જાહેર જનતા સામે રજૂ કરવો કે જેથી સહુ સરખી રીતે તટસ્થ વિચાર કરી શકે. પણ પુષ્ટિમાર્ગના દુર્ભાગ્ય કે મેં રજૂ કરેલા ભાવાનુવાદ સાથે મતભેદ ધરાવનાર કોઈ પણ ગો.બાળકે સકલ સિદ્ધાંત-વચનોનો ભાવાનુવાદ આજ દિવસ સુધી રજૂ કર્યો નથી. અને "શ્યામ મનોહરજી શ્રીનાથજીના વિરોધી છે" એવો પાખંડપૂર્ણ દુષ્પ્રચાર મારા વિરોધમાં કરીને વૈષ્ણવો શ્રીમહાપ્રભુના સાચા સિદ્ધાંતોને સાંભળી સમજી કે અનુસરી ન શકે તેવા તરકટી કૌભાંડ કરી રહ્યા છે. આનો સિલસિલેવાર ઈતિહાસ વાંચવામાટે જુઓ આજ ગ્રંથના અંતમાં યોજવામાં આવેલ 'પરિશિષ્ટ'. જો જીવતા દેડકાઓને તોલી શકાતું હોય તો આ મારગના બધાજ બાળકોને સિદ્ધાંતચર્ચા કરવા ભેગા કરી શકાય!



અને ભેગા થઈને જે કાંઈ નિર્ણય હસ્તાક્ષર કરીને લ્યે તેનાથી પણ પાછા ફરી ન જાય એવા ગો.બાળકો તો જૂજજ જડે! મારા ઓળખીતા સોમાભાઈ કહેતાં—"એહીં વરસનો ડોહો તોય બાળક! માટે બાલક સબ બ્રહ્મ જાનિયે!!" હવે તો પ્રશ્નકર્તા ભાઈએ વિચારવાનું રહ્યું કે વાક્પતિ: પિતા સાચા કે તેમની વાણીની અવગણના કરનારા વંશજ પુત્રો કે પુત્રિઓ સાચા!!!

### પ્રશ્ન (૩૪=૪૩+૪૪)

**(૩૪/ક)ભક્તિના નવ પ્રકારોને 'નવધા-ભક્તિ' કહેવાય છે. "સિદ્ધાંતમુક્તાવલી" ગ્રંથમાં નવધા ભક્તિ અપનાવવાની આજ્ઞા આપી છે.**

**શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનમ્।**
**અર્ચનં વંદનં દાસ્યં સખ્યમાત્મનિવેદનમ્॥**

**તે નવધા ભક્તિ જો જાહેર મંદિરો ન હોય તો કેવી રીતે અપનાવી શકાય?**

**(૩૪/ખ)પૂજ્ય જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજીના લીલાપ્રવેશ બાદ શ્રીવિટ્ઠલનાથજીએ અષ્ટપ્રહરની ભાવના, શૃંગાર, કીર્તન વિ.રૂપે વૈભવનો વધારો કર્યો છે. આઠ પ્રહરની સેવામાટે અષ્ટછાપની સ્થાપના કરીને શ્રીનાથજીના સ્વરૂપની સન્મુખ સમય-સમયના કીર્તન કરવાનું આઠ અલગ-અલગ કીર્તનકારોને કામ સોંપવામાં આવ્યું. આ કીર્તન-પ્રણાલી આખા ભારતમાં ખૂબ પ્રચલિત થઈ; અને તે પ્રમાણે જુદાં-જુદાં દર્શનોના સમયે મંદિરોમાં જુદાં-જુદાં કીર્તનો ગવાય છે. આ વાતથી પણ પ્રમાણિત થાય છે કે હવેલી અથવા**

**મંદિર તે પુષ્ટિમાર્ગને સંપૂર્ણપણે અનુસરવા માટે આવશ્યક અને અનિવાર્ય છે.**

**(૩૪/ગ)સત્સંગ-હૉલ થશે તો આપણને કેવળ શ્રવણ-કીર્તનનો કે સ્મરણનોજ લાભ મળશે. પાદસેવા, અર્ચના, વંદના વિ.વિ.નો કે દર્શનનો લાભ શું મળી શકશે? અને મળી ના શકે તો મહાપ્રભુજીના સિદ્ધાંતમુજબ નવધા ભક્તિનો લાભ સંપૂર્ણપણે વૈષ્ણવોને નહીં મળી શકે.**

ઉત્તર (૩૪=૪૩+૪૪)

(૩૪/ક)સિદ્ધાંતમુક્તાવલીમાં શ્રીમહાપ્રભુએ ફકત સેવાનોજ ઉપદેશ આપ્યો છે. નવધા ભક્તિનો નહીં. આ સેવા પોતાના તનથી અને પોતાના ધનથી કરવાની હોય છે. સેવામાટે બીજા કોઈકને પૈસા આપવા કે કોઈક બીજા પાસેથી પૈસા લેવા તે, સેવાને (નવધાભક્તિનું વાસ્તવિક લક્ષ્ય એવી) પ્રેમલક્ષણા ભક્તિ તરીકે ખિલવવામાં બાધક થાય છે, તેવું નિરૂપણ કર્યું છે. પ્રશ્નકર્તા ભાઈએ સિદ્ધાંતમુક્તાવલી વાંચ્યા વિનાજ દલીલ રજુ કરી લાગે છે. નવધાભક્તિને ભગવત્સેવામાં વણી લેવાનો ઉપદેશ જે ભક્તિવર્ધિની ગ્રંથમાં અપાયો છે ત્યાં, સેવા કાં તો ઘરમાં કરવી જોઈએ; અથવા તેમ જો નભતું ના હોય તો કોઈક સેવાપરાયણ ભગવદીયના ઘરે સત્સંગ કરવા જવાનું, વિધાન કરવામાં આવ્યું છે. એનો અનુકલ્પ આજની સામાજિક વ્યવસ્થાને અનુલક્ષીને સત્સંગ-હૉલ પણ સિદ્ધાંતથી અવિરુદ્ધતયા સ્વીકારી શકાય છે.

(૩૪/ખ)શ્રીમહાપ્રભુ પછી શ્રીવિટ્ઠલનાથ પ્રભુચરણે અષ્ટપ્રહરની ભગવત્સેવામાં જે અષ્ટછાપ ભક્તકવિઓને યોજિત કર્યા અને જે અષ્ટછાપ વિ. ભક્તકવિઓના પદોની કીર્તનપ્રણાલી સમગ્ર ભારતમાં ખૂબ પ્રચલિત થઈ તે



ભક્તકવિઓમાં 'પુષ્ટિમાર્ગના જહાજ' એવા શ્રીસૂરદાસજીનું આ પદ જાહેર મંદિરોમાં જો ગવાતું હોય તો તેના કારણે ઊભા થતા વિરોધાભાસથી શું માનસ-શાસ્ત્રિઓ દુઃખી થશે કે નહીં તે પ્રશ્નકર્તા ભાઈએ પોતાના માનસથી પૂછી લેવું જોઈએ :—

યામે કહા ઘટેગો તેરો?
નંદનંદન કર ઘરકો ઠાકુર આપ હોય રહો ચેરો!
ભલી ભઈ જો સંપત્તિ બાઢી બહુત કિયો ઘર ઘેરો!
સુત બનિતા બહુ યૂથ સંકેલે વૈભવ ભયો જુ ઘનેરો॥
કહૂં હરિકથા કહૂં હરિ સેવા કહૂં ભક્તનકો ડેરો।
સૂર સમર્પણ કરો સ્યામકોં યહ સાઁચો મત મેરો॥

એટલે જે અષ્ટછાપના પદોના ગાયનની દુહાઈ પ્રશ્નકર્તા ભાઈ આપે છે તે ગાવા મંડીએ તો પ્રશ્નકર્તા ભાઈના પ્રશ્નો ખોટાજ કે બીજું કાંઈ!

આ તો એક એવા તો બીજા અનેક પદો છે. દા.ત. :—

(૧)રુચિર પદકમલ શ્રીવલ્લભાધીશકે રેન ઓર દિવસ નિજ શિરસિ ધરિયે।
ગહત દૃઢ બાઁહ જિહિં કાજ શ્રીનંદસુત પત્ર ફલ પુષ્પ સેવાનુસરિયે॥
પ્રેમભાવતે નિકટ સંતત રહત રાખ વિશ્વાસ બ્રતતેં ન ટરિયે।
શ્રીવિટ્ઠલગિરિધરન હિત પ્રગટ લક્ષ્માણસુવન ભક્તકે ભવનમેં વાસ કરિયે॥

(૨)કોન રસ ભૂતલ પ્રકટ ભયો।
દેખોરી દેખો ભરિ-ભરિ નેનન પ્રભુ આનંદ મયો॥
જો રસ નિગમ-અગમહુ અગોચર સો સબ સદ્ય લહ્યો।
સો રસ શ્રીલક્ષ્મણ ભટ્ટ ગૃહ પ્રકટિત પ્રેમ-મયો॥
ઘર-ઘર નંદનંદન ફલ ફૂલ્યો સેવાવિધિ સિખયો।
આપુને કિયે રસાલ રીતિસોં શ્રીવલ્લભ ગિરિધર રિઝયો॥

(૩)યહ કલિ પરમ સુભગ જન ધન્ય શ્રીવિટ્ઠલનાથ ઉપાસી।
.....................................................॥
ઘર હરિસદન સદા યશ ગાવત ભક્તિ મુક્તિ સિ દાસી।
વદત ન કછૂ ભીમ અબ વૈભવ ભજનાનંદ ઉપાસી॥

એટલે કાં તો કબૂલ કરો કે અષ્ટછાપના પદો તે જમાના પ્રમાણે લખાયેલા હતા અને ''સમસ્ત સંસારના

સ્વામી ધણીના ધણી'' શ્રીનાથજીની 'ઓવર રૂલીંગ' દ્વારા રદ-બાતલ થયેલા સિદ્ધાંતોનું ગાન હોવાથી હવે ગાવા લાયક નથી રહ્યા;, અથવા તો કબૂલ કરો કે સેવા તો શ્રીમહાપ્રભુના સિદ્ધાંત મુજબ ઘરમાંજ થઈ શકે છે.

(૩૪/ગ)નવધાભક્તિનો સંપૂર્ણ લાભ તો જાહેર મંદિરોમાં ચાલતા ભગતીના ભોપાળાંમાં પણ ક્યાં મળતો હોય છે? પગારદાર કીર્તનિયાઓ કીર્તન કરતા હોય છે—દર્શનાર્થિઓ નહીં. ઝાંઝોની રમઝટમાં કીર્તનોનાં શબ્દો સંભળાતાંજ નથી હોતા, તેમજ દર્શનાર્થિઓની પડાપડીમાં કીર્તનનો શ્રવણલાભ મળે તેવી વ્યવસ્થા કે ફુરસદ પોતે દર્શનાર્થિઓને પણ હોતી નથી. તેથી જો સાંભળ્યુંજ ન હોય તો સ્મરણભક્તિનો લાભ તો સ્વપ્નમાં પણ કદાચ ન મળે. પાદસેવન અને અર્ચન તો સેવાનો ધંધો કરનાર કાં તો પૂ.પા.મહારાજશ્રીઓની અથવા તો સેવાની નોકરી કરનાર મુખિયાઓની મોનોપોલી હોય છે, તે જે ઘરમાં સેવા કરવાથી તૂટી શકે તે પ્રશ્નકર્તા ભાઈને ગમતું નથી, તો દર્શનાર્થિઓને તેનો લાભ કેવી રીતે મળી શકે? દાસ્ય સખ્ય કે આત્મનિવેદન રૂપ ભક્તિ તો ઘણી ઊંચી કક્ષાની વાત છે. અલબત્ નવમાંથી ફક્ત એક વંદનભક્તિનો લાભ જાહેરમંદિરોમાં મળી શકે છે—તે તો પોતાના ઘરની ભીંત ઉપર ટાંગેલા ચિત્રથકી પણ શામાટે ન મળી શકે!

તેથી, પુષ્ટિમાર્ગને લગીરે અનુસરવું ન હોય તોજ, હવેલી કે જાહેર મંદિરો અનિવાર્ય અને આવશ્યક છે.

### પ્રશ્ન (૩૫=૪૫નો સારાંશ)

**આપણા પુષ્ટિમાર્ગમાં ઘરમાં થતી સેવા અને મંદિરમાં થતી સેવાની પ્રણાલી જુદા-જુદા પ્રકારની છે. બન્ને પ્રકારની સેવાઓમાટે અલગ-અલગ ગ્રંથોની રચનાઓ થયેલી છે. કેવળ એનાથીજ સિદ્ધ થઈ જાય છે કે ગુરુજનોએ સમયસૂચકતા વાપરીને જાહેર મંદિરોને પણ સમાજની આવશ્યકતા ગણીને માન્યતા આપી છે.**



### ઉત્તર (૩૫=૪૫)

છેલ્લા ત્રીસ વરસથી મારો એક પણ અઠવાડિયો એવો નહિ ગયો હોય કે જેમાં મેં સમ્પ્રદાયનો કોઈક ને કોઈક ગ્રંથ જોયો નહિ હોય. તે છતાંય પ્રશ્નમાં જણાવેલ જુદી-જુદી સેવાનાં જુદા-જુદા પ્રકારોનું વિધાન કરનારા પ્રાચીન આચાર્યોના ગ્રંથો હજુ સુધી મારા જોવામાં આવ્યા નથી.

### પ્રશ્ન(૩૬=૪૬ના સારાંશ)

**કહેવામાં આવે છે કે મંદિરમાં અનેક દોષો રહેલા હોવાથી સત્સંગ-હૉલ બંધાવો; અને તેમાં શ્રીમહાપ્રભુજીના ચિત્ર પધરાવો. આ શા કારણથી? સમસ્ત સંસારના સ્વામી ધણીના ધણી શ્રીનાથજીબાવાના ચિત્રજી પધરાવવામાટે કેમ મનાઈ? શું રહસ્ય છે આમાં?**

**કારણ અને રહસ્ય આ છે: શ્રીમહાપ્રભુજી ગોસ્વામી બાળકોના પૂર્વજ હોવાથી, જ્યાં સત્સંગ થતો હોય ત્યાં શ્રીમહાપ્રભુજીના ચિત્રજી આગળ વૈષ્ણવો જે ભેટ મૂકે તે ભેટનું દ્રવ્ય પોતાનામાટે ઉપયોગમાં લેવાનો અધિકાર ગોસ્વામી બાળકોને છે, જ્યારે કે જાહેર મંદિરમાં શ્રીઠાકુરજીના નામે આવેલ કે સન્મુખ મૂકેલ દ્રવ્ય ઉપર તેઓનો અધિકાર નથી. અગાઉ હતો**

પરંતુ કોર્ટના હુકમ પછી રહ્યો નથી, તેથી બુદ્ધિપૂર્વકની આ એક નવી શોધ થઈ છે. તેથીજ વારંવાર શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતનો હવાલો આપીને વૈષ્ણવોના મગજમાં ઠસાવવામાં આવે છે કે "મંદિર ન જોઈએ. કેવળ ઘરની સેવા જોઈએ. ઘરની સેવાને ગૌણ ન ગણો".

ખરેખર તો કોઈ વૈષ્ણવ ઘરની સેવાને ગૌણ ગણતું નથી કે મંદિરને પણ ગૌણ ગણતું નથી. તે હકિકત છે છતાં વારંવાર શામાટે કહેવામાં આવે છે? વૈષ્ણવોને મંદિરથી વિમુખ પાડવા માટેજ ને? બીજું શું?

ઉત્તર (૩૬=૪૬)

સોનાની કટોરીનો ઘરુવાર્તાનો પ્રસંગ, કિશોરીબાઈની અને સંતદાસની વાર્તાઓના પ્રસંગો; સાથોસાથ "દાને હિ ન સ્વવિનિયોગઃ" જેવા જે કંઠોક્ત નિષેધો છે તેમનો અભિપ્રાય વિચારતાં—પહેલા ક્યારેય પણ ઠાકોરજીના નામે કે સામે આવેલા દ્રવ્યનો ઉપભોગ પોતાના કે પોતાના પરિવાર માટે કરવાનો અધિકાર કે ભાવ આ પુષ્ટિમાર્ગમાં ન્હોતો. તેના એક નહીં અનેક પુરાવાઓ આપી શકાય છે અને મેં આપ્યા પણ છેજ. સ્વમાર્ગીય સિદ્ધાંતો પ્રત્યેની શરમજનક બેવફાઈને કારણે, પ્રશ્નકર્તા ભાઈ જેવા, વૈષ્ણવોને હવે એમ લાગવા મંડ્યું છે કે ઠાકોરજીના નામે કે સામે આવેલ દ્રવ્ય/સામગ્રીના ઉપભોગનો અધિકાર પહેલા હતો પરંતુ હાલમાં કોર્ટદ્વારા રદબાતલ કરવામાં આવ્યો છે.

હકીકતમાં તો પ્રશ્નકર્તા ભાઈને નથી સમ્પ્રદાયના સિદ્ધાંતોનું જ્ઞાન કે નથી ઈતિહાસનું ભાન કે નથી સૈદ્ધાંતિક



ભાવનાઓમાં નિષ્ઠા. જે આધુનિક અદાલતોના ચુકાદાઓની વાત કરે છે, તે પણ તેના સરખા અભ્યાસ વિનાજ. નડિયાદના કેસમાં સુપ્રીમ કોર્ટનો આ બાબતનો અભિપ્રાય બધીજ કાયદાકીય ભ્રમણાઓને દૂર કરનારો પુરવાર થશે:—

> The Goswami Maharajas or Maharanis are not mere managers in the temple belonging to Vallabha School. The Maharaja is the Mahaprabhu.The Vallabha devotees worship their deity through him. It is true that the income from the temple property has to be primarily used for the expenses of the Sevas and Utsavas in the temple, the upkeep, renovation and improvements of the temple premises, but subject to these demands the Maharajas has a right to utilise the temple income in maintaning himself and his family in a reasonable comfortable manner." (A.I.R.1970 S.C.2025).

જોકે આપણે જોઈ ગયા તે મુજબ ઠાકોરજીના નામે કે સામે આવેલા દ્રવ્ય=દેવદ્રવ્યનો ઉપભોગ અત્યંત પાતક ગણવામાં આવ્યો હતો; છતાંય આપણા દેશની ધર્મનિરપેક્ષ અદાલતોએ પુષ્ટિમાર્ગના ધર્મગુરુઓને ધાર્મિક સિદ્ધાંતની દૃષ્ટિએ મહાપતિત ચાંડાલોપમ દેવલક હોવાની હલકામાં હલકી પાયરી ઉપર આજે પટકી દીધા છે. એટલુંજ નહીં પરંતુ તે મહાપતનને કાયદેસર આવશ્યક ઠરાવી દીધો છે!

આ મુદ્દાથી ઉભરેલી વિસંગતિની પરાકાષ્ઠા તો એ છે કે કોઈ સંપત્તિ ખાનગી છે કે જાહેર તેની ચકાસણીના ત્રણ આધારો માનવામાં આવે છે:—

(૧)સંપત્તિની વ્યવસ્થા કરવાનો અધિકાર.

(૨)સંપત્તિના ઉપભોગનો અધિકાર.

(૩)ઉપર જણાવેલ બન્ને અધિકારોને વંશવારસાગત ભોગવવાનો અધિકાર.

જે કોઈ સંપત્તિ જાહેર ટ્રસ્ટની હોય છે, તેનેમાટે એકીસાથે આ ત્રણેય અધિકારો કોઈના પણ ક્યારેય જગત્માં ક્યાંય પણ સ્વીકારવામાં આવતાં નથી. પુષ્ટિમાર્ગીય હવેલિઓને આજે જે જાહેર ટ્રસ્ટ ઠરાવતા ચુકાદાઓ આવ્યા છે, તેમાં આ ત્રણેય અધિકારો વલ્લભવંશજ ગોસ્વામિઓના માન્ય રાખવામાં આવ્યા છે. હકીકતમાં તો કોઈ પણ વ્યક્તિ કે પરિવાર ના આવા ત્રણેય અધિકારો કોઈ પણ સંપત્તિ ઉપર પુરવાર થાય તો તે સંપત્તિને 'જાહેર-ટ્રસ્ટ' કહી શકાતુંજ નથી કે જેથી ઈન્કમટેક્સ કે વેલ્થટેક્સ માં કોઈ પણ જાતની છૂટ મળી શકે. આ તો પુષ્ટિમાર્ગના જાહેર મંદિરોના અમો 'મહારાજા' 'મહારાની' કે આધુનિક 'મહાપ્રભુ'ઓનુંજ કાયદાકીય માહાત્મ્ય છે કે જાહેર મંદિરોની કરમુક્ત ટ્રસ્ટસંપત્તિમાં ખાનગી સંપત્તિના ત્રણેય અધિકારો અમો "reasonable comfortable manner"માં ભોગવી શકીએ છીએ! જાહેરમંદિરવાદી પ્રશ્નકર્તા ભાઈનું જાહેર મંદિરોમાં કહેવાતા આધુનિક મહાપ્રભુઓના ભોગવટની બાબતમાં આ શું અજ્ઞાન છે કે વૈષ્ણવોમાં પુષ્ટિસિદ્ધાંતમાટે ગેરસમજ ફેલાવવાની બુદ્ધિપૂર્વક ગણતરી છે? શ્રીમહાપ્રભુના સિદ્ધાંતોના હવાલા પણ પ્રશ્નકર્તા ભાઈને કર્ણશૂલની માફક કેમ ચુભી રહ્યા છે! આમાં શું રહસ્ય છે?

હકીકતમાં તો પુષ્ટિમાર્ગના સાચા સિદ્ધાંતો રજૂ ન કરવાના અપરાધને કારણે ગો. બાળકોના ફક્ત બેજ અધિકારો ધર્મનિરપેક્ષ અદાલતોએ ઝૂંટવ્યાં છે:—

(૧)એક ધર્મગુરુની હેસીયતમાં ધર્મગ્રંથોમાં ઉપદિષ્ટ પ્રકારે પોતાના ધર્મને અમલમાં મૂકવાનો અધિકાર.

(૨)જે સંપત્તિ ઉપર અમારા ત્રણેય જાતના અધિકારો હોય તેનો, એક જિમ્મેદાર નાગરિકની હેસીયતમાં, આવકવેરો કે સંપત્તિવેરો ભરવાનો અધિકાર.

ખરેખર વૈષ્ણવો જો ઘરમાં બિરાજતા ઠાકુરજીની



સેવાને ગૌણ ન ગણતા હોત, તો ધંધાકીય ધરમના ધતીંગોને ધમધોકાર ચાલવનારા અસીલોને પ્રશ્નકર્તા ભાઈ જેવા વકીલો પણ ક્યારેય મળ્યા ન હોત!

## પ્રશ્ન (૩૭=૪૯)

**શ્રીઠાકુરજીના મંદિરમાં મનોરથો ઉત્સવો (હિંડોળા અન્નકૂટ કુનવારો વિ.)ના અનેકાનેક લીલાઓના દર્શનનું વ્યસન વૈષ્ણવોને થઈ ગયું છે. બીજા શબ્દોમાં કહીએ તો — તેનું વ્યસન શ્રીમુખથી ઉપદેશ આપી-આપીને વૈષ્ણવોને ગોસ્વામી બાળકોએજ ભૂતકાળમાં લગાડ્યું છે; પણ હવે તે વ્યસનથી મુક્ત થવામાટે એકાએક કહેવામાં આવે છે. ખૂબ આગળ વધીને વૃદ્ધ બની ગયેલા વૈષ્ણવોને કહેવામાં આવે કે "ફરીથી બાલ્યાવસ્થા ધારણ કરો!". વૈષ્ણવોથી આ કેવી રીતે બની શકે? લગ્ન કર્યા પછી છૂટાછેડા (ડાઈવોર્સ) લેવાનું કહેવા જેવી આ વાત છે! પ્રભુપ્રત્યે સિન્સિઅર ભાવ રાખનાર વૈષ્ણવોના મનપર આઘાત આપનારી શું આ વાત નથી?**

## ઉત્તર (૩૭=૪૯)

સિગારેટની કંપનીઓએ ભૂતકાળમાં અને વર્તમાનમાં પણ સિગારેટની રોચક-મનઆકર્ષક જાહેરાતો આપી-આપીને લોકોને સીગારેટ પીવાનું વ્યસન લગાડી દીધું. તે એટલે હદ સુધી કે સિગારેટને મોઢામાં કે આંગળિઓમાં રાખવી તેને જુવાનિયાઓ, ઓફિસરો અને બુદ્ધિજીવિઓ પોતાનો વટ રાખવો કે સારી છાપ પાડવાનું પ્રમુખ સાધન માનતા

થઈ ગયા છે. તાજેતરમાં વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યૂં કે સિગારેટથી કૅંસર થાય છે. એટલે હવે જાહેરાતોની નીચે: ''સિગારેટ ફૂંકવી સ્વાસ્થ્યમાટે હાનિકારક છે''લખવું જાહેરાત આપનારમાટે કાયદેસર બંધનકારી ઘોષિત કરવામાં આવ્યું છે. એટલે જો જાહેર મંદિરોમાં ભગતીનાં ભવાડા કે ભોપાળાં ને નિહાળવાનો વૈષ્ણવોને વ્યસન પણ થઈ ગયો હોય તો દરેક જાહેર મંદિરના દ્વારઉપર ''અહીંયાં ભગતીના ભોપાળાંને નિહાળવાનું વ્યસન પુષ્ટિમાર્ગીય સ્વાસ્થ્યમાટે અક્ષમ્ય હાનિકારક છે''. એવા આશયનું એક પાટિયું ટાંગવું તે શું યોગ્ય નથી લાગતું? ખૂબ આગળ વધેલી વૃદ્ધાવસ્થામાં, પ્રકૃતિના નિયમ પ્રમાણેજ, નાના બાળકોની માફક બોખા બની જવાતું હોય છે — ભણેલું-ગણેલું પણ ઘણું બધું ભૂલી જવાતું હોય છે — કેટલાક વૃદ્ધોને તો પથારીમાંજ, નાના બાળકોનીજ માફક, સુવડાવીનેજ ઉછેરવા પડતા હોય છે. આમાં કહેવા-સમજાવવાની જરૂર પડતી નથી — શરીરના સ્વભાવનેજ કારણે આવું થઈ જતું હોય છે: ''બાળક-બૂઢે એક સમાન''.

શાસ્ત્રમાં તો ચોખ્ખું વિધાન કરવામાં આવ્યું છે કે અજાણતાં જો સગોત્ર કન્યા સાથે પરણી જવાય તો, દાંપત્ય-સંબંધનો ત્યાગ કરીને તે કન્યાને પોતાની બહેન માફક નભાવવી જોઈએ. બહેન સાથેના વ્યભિચારની માફક સગોત્ર કન્યા સાથેના વિવાહને પણ શાસ્ત્રે મહાપાતક પાપ રૂપે ગણાવ્યું છે. જાહેર મંદિરોમાં ચાલતા ભગવત્સેવાના ધંધાને કે નોકરીને કે દેવદ્રવ્યના ઉપભોગને શ્રીમહાપ્રભુ પણ મહાપાતક ગણે છે. તેથી કોઈક મહારાજ કે વૈષ્ણવ નો જાહેરમંદિર-પ્રણાલી સાથે મહાપાતકી વિવાહ જો થઈ પણ ગયો હોય તો છૂટાછેડા લેવામાંજ નીતિમત્તા છે. બહેનસાથે વ્યભિચાર કરવાનો ભાવ ક્યારેય 'સિન્સિઅર' નહીં બલ્કે 'સિન્ફુલ'જ હોય છે.



**પ્રશ્ન (૩૮=૫૦+૫૧ના સારાંશો)**

**(૩૮/ક)શ્રીનાથજી બાબાએ સ્વયં નાથદ્વારા(!?)માં મંદિર બાંધવાની તેમજ નેગ-ભોગમાટે પણ આજ્ઞા આપી, એટલે વૈભવ વધતો ગયો. શ્રીઠાકુરજીની સ્વયંની એટલે કે 'સુપ્રીમ ઑથોરિટિ'ની આજ્ઞા થઈ. એટલે અન્ય બધા સિદ્ધાંતો ક્યાં રહ્યા? મંદિર માટેની શ્રીજીબાવાની આજ્ઞા થયા પછી મહાપ્રભુજીના સિદ્ધાંતો તેની વિરુદ્ધના જો હોય તો તે over rule થયેલા ગણાય.**

**(૩૮/ખ)શ્રીનાથજીના મંદિરની વાતને 'અપવાદ' શબ્દ પ્રયોગ કરીને ટાળવાથી કોઈ પણ વૈષ્ણવના મનનું સમાધાન થતું નથી. કાં તો એમ કહો કે ''શ્રીજીબાવાનું મંદિર શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી વિરુદ્ધ છે'' અથવા એ વાતનો સ્વીકાર કરો કે ''શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતમાં મંદિરોના વિરોધની વાત નથી''.**

**(૩૮/ગ)''ઘરમાં સેવા કરવા''ની જે વાત છે એનો અર્થ એવો નથી કે ''જાહેર મંદિરો ન જોઈએ''.**

**(૩૮/ઘ)હિંદુધર્મના અન્ય અસંખ્ય મંદિરોની પરંપરામાં કે પ્રવાહમાં ટકી રહેવામાટે પણ આપણાં પુષ્ટિમાર્ગનાં મંદિરો હોવા આવશ્યક છે. નહિતર આપણે હિંદુધર્મના પ્રવાહથી વિખૂટા પડી જઈશું.**

**(૩૮/ઙ)''પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો મુજબ મંદિરો હોઈ શકતાંજ નથી'' આ સૈદ્ધાંતિક મુદ્દો છે; અને ''મંદિરો મિઠાઈની**

**દુકાનો બની ગઈ છે'' આ મંદિરવ્યવસ્થાને લાગતો વ્યાવહારિક મુદ્દો છે. આમાં વિચારવા જેવી વાત આ છે કે મંદિરપ્રણાલીજ જો સિદ્ધાંતવિરુદ્ધ હોય તો તેવા મંદિરોની વ્યવસ્થાને સુધારવાનો પ્રશ્નજ કેવી રીતે ઊભો થઈ શકે? આવી વિરોધાભાસી દલીલ કોઈક માનસશાસ્ત્રી સાંભળે તો હૃદયને દુઃખ થયા વિના ન રહે!**

ઉત્તર ( ૩૮=૫૦+૫૧ )

નોંધ: પ્રશ્ન ૫૧ અને ૫૨ મુદ્દાઓનો વિચાર પ્રશ્ન ૪૯-૫૦ની વિચારણાથી ગતાર્થ છે.

( ૩૮/ક )મંદિર બાંધવાની શ્રીજીની આજ્ઞા, જો શ્રીમહાપ્રભુના બધા સિદ્ધાંતોને 'સુપ્રીમ ઓથોરિટિ' સાથે, 'ઓવર રૂલ' કરતી હોય તો તે શું પોતે શ્રીજીના સ્વરૂપની સેવાની બાબતમાં કે દરેકે-દરેક પુષ્ટિસ્વરૂપની બાબતમાં? જો શ્રીજીના સ્વરૂપનીજ સેવાની બાબતમાં 'ઓવર રૂલીંગ' થઈ હોય તો શ્રીજીના મંદિરને અને ત્યાં ચાલતા સેવાના પ્રકારને અપવાદ માન્યા શિવાય છૂટકોજ નથી. જો દરેકે-દરેક પુષ્ટિસ્વરૂપોની સેવામાટેની તે આજ્ઞા હતી એમ માનીએ તો પુષ્ટિમાર્ગના દરેકે-દરેક મંદિરો કે હવેલીઓ ને શિખર કલશ ધ્વજા થી અલંકૃત કરીને તેમજ ગેરપુષ્ટિમાર્ગી દેવીભક્તોને મુખિયાગિરી સોંપીને ચલાવવા જોઈએ. તેમજ ''બેજરકી રોટી ટેંટીકો શાક દૂધ-દહી છાસ-માખણ'' ના સીમિત નેગ-ભોગ સાથેજ બધા મંદિરોને ચલાવવાનો આગ્રહ રાખવો જોઈએ. પછી તો મઠડી મોહનથાળ બૂંદી સેવ ની મિઠાઈઓના નેગ-ભોગવાળી દુકાન ચલાવી નહિ શકાય! નેગ ભોગ રાગ શૃંગાર નો વધારેલો વૈભવ પણ શ્રીજીની આજ્ઞામુજબજ વધારવો જોઈએ — શ્રીમહાપ્રભુ કે શ્રીપ્રભુચરણ ના



શ્રીનાથજીદ્વારા ઓવર-રૂલ્ડ થયેલા સિદ્ધાંતમુજબ નહીંજ.

( ૩૮/ખ )તેમાંય ગેરબ્રહ્મસંબંધી દેવીભક્તોના શ્રીજીની સાક્ષાત્ સેવા કરવાના અધિકારને જો સિદ્ધાંત ન માની, તેનામાટે 'અપવાદ' શબ્દપ્રયોગ કરીને, તે વાતને ટાળવામાં આવતી હોય તો તેથી શ્રીજીનાંય કોઈ પણ સાચા ભક્તના મનનું સમાધાન થઈ શકતું નથી. કાં તો એમ કહો કે ''શ્રીજીનું તે મંદિર શ્રીમહાપ્રભુના સિદ્ધાંતોથી સર્વથા વિપરીતજ હતું'' કાં તો એમ કબૂલ કરી લ્યો કે ''પુષ્ટિમાર્ગની દરેકે-દરેક હવેલીઓમાં ગેરબ્રહ્મસંબંધી દેવીભક્તોને પણ અપરસમાં ન્હાઈને સાક્ષાત સેવા કરવાનો અધિકાર, શ્રીમહાપ્રભુના બધાજ સિદ્ધાંતોને ઓવર રૂલ કરીને, ''સમસ્ત સંસારના સ્વામી - ધણીના ધણી'' શ્રીજીએ પોતેજ બક્ષ્યો છે.

( ૩૮/ગ )ઘરમાં સેવા કરવાના સિદ્ધાંતનો સાચો અર્થ કરવાનો અધિકાર પ્રશ્નકર્તા ભાઈનો કે શ્રીપ્રભુચરણ, તેમના સમાત્મજો, શ્રીકલ્યાણરાયજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી વિ. વિદ્વાન્ વ્યાખ્યાકારોનો?

( ૩૮/ઘ )હિંદુધર્મના અન્ય મંદિરોના પ્રવાહની સામે ટકવું હોય તો સમય શક્તિ સંપત્તિ શ્રદ્ધા અને સુવ્યવસ્થા ને અકલ્પ્ય નુકસાન પહોંચાડનારી પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીને બંધ કરીને વિવિધ દેવી-દેવતાઓની પૂજા પ્રણાલીવાળા મંદિરો શરૂ કરવાની ભલામણ કેમ નથી આપતાં?

( ૩૮/ઙ )સિદ્ધાંત અને વ્યવહારની પરસ્પર અતિશય વિસંગતિની વિટંબણાએજ તો વિશ્વમાં એક શ્રેષ્ઠતમ એવા આપણા સંપ્રદાયને આજે સાવ નકામો બનાવી દીધો છે! પોતે પ્રશ્નકર્તા ભાઈ પણ આ પ્રશ્નાવલીમાં સૈદ્ધાંતિક અને વ્યાવહારિક મુદ્દાઓની નિરંતર ભેળસેળ કરીને તેની ખીચડીજ તો પકાવી રહ્યા છે, તેનું દુઃખ શું માનસશાસ્ત્રિઓને નહિ થતું હોય? ભીતિ માનસશાસ્ત્રિઓને થતાં દુઃખની કે શ્રીમહાપ્રભુને થતાં દુઃખની વધારે રાખવાની હોય?

નોંધ: પ્રશ્ન ૫૨ અને ૫૩ માંના મોટા ભાગના મુદ્દાઓ આગલા સવાલોનું પુનરાવર્તન, તથા અનાવશ્યક છે, તેથી

અહીંયાં તેના જવાબોનું પુનરાવર્તન આવશ્યક નથી.

**પ્રશ્ન ( ૩૯=૫૩ નો બાકીનો ભાગ )**

**ગોસ્વામી બાળકો પોતાના ચરણોમાં કે મની-ઑર્ડર કે ચેક વિ. તમામ પ્રકારોથી આવેલી ભેટને હોંશે-હોંશે સ્વીકારતા હોય છે. જો સામર્થ્ય હોય તો ભક્તિભાવયુક્ત વૈષ્ણવોનીજ ભેટ સ્વીકારવાનો પુરુષાર્થ દેખાડવો જોઈએ પરંતુ તેમ કરાતું નથી; અને ઠાકુરજીની સેવામાં અંગીકાર કરાવવા મોકલેલા દ્રવ્યનો વિરોધ—"આવી રીતે દ્રવ્ય મોકલનારાઓમાં ભક્તિભાવ હોતો નથી"કહીને કરવામાં આવે છે!**

ઉત્તર ( ૩૯=૫૩ બાકીનો ભાગ )

ભક્તિભાવરહિત કે ભક્તિભાવસહિત કોઈ પણ પારકા માણસ પાસેથી ભગવત્સેવામાટે દ્રવ્ય સ્વીકારવું, તે તો સેવાના ઉપદિષ્ટ તનુવિત્તજા સ્વરૂપનો બાધ છે, તે સિવાય ગુરુમાટે નિષિદ્ધ દેવલકતા વૃત્તિનો સ્વીકાર વિ. મહાપાતક દોષોનું સ્વરૂપ પણ આપણે જોઈજ લીધું છે. ભાવભક્તિવિહોણા વૈષ્ણવો કે અવૈષ્ણવો દ્વારા વિવિધ પ્રકારોથી મોકલવામાં આવતી ભેટ પણ જો ગો. બાળકો ન સ્વીકારતાં હોય તો તેથી વધુ ઉત્તમ બીજું શું હોઈ શકે? પરંતુ ઠાકોરજીના નામે સ્વીકારીને અંતે તો પોતાનાજ કામમાં તે દ્રવ્ય કે સામગ્રી ખરચાતી કે વપરાતી હોય છે; અને પ્રશ્નકર્તા ભાઈ જેવા તેના પ્રબળ સમર્થકો ગો. બાળકોની બાળકબુદ્ધિને ભરમાવીને ઊંધે રવાડે ચડાવતા હોય તો પુષ્ટિમાર્ગીય બાળકોએ કયા ખાડામાં જઈને પડવું?

**પ્રશ્ન ( ૪૦=૫૪ નો સારાંશ )**

**સમયની સાથે ધીમે-ધીમે પુષ્ટિસંપ્રદાયનો ફેલાવો, ગ્રંથોની અને વિવેચન-પ્રવચનોની વૃદ્ધિ સાથે થયો છે. વધુ ને વધુ લોકો વૈષ્ણવ થઈને પુષ્ટિમાર્ગમાં આવવા મંડ્યા, તેથી તે-તે ગામો અને તે-તે શહેરો માં બિરાજીને પોતાના ઠાકુરજીના દર્શનનો લાભ આપવાનું ગો.બાળકોમાટે અશક્ય થઈ ગયું હોવું જોઈએ. તેથી તે-તે ગામો કે તે-તે શહેરો ના વૈષ્ણવોની લોક-લાગણીને; અને તેમજ આતુરતાને પણ જોઈને તે-તે ગોસ્વામી બાળકોએ ખૂબજ દીર્ઘદષ્ટિ રાખીને તે-તે ગામોમાં અને તે-તે શહેરોમાં મંદિરો બાંધવાની આજ્ઞા આપવાની શરુઆત કરી હશે. પરિણામે દેશના ખૂણે-ખૂણામાં આપણા સંપ્રદાયનાં મંદિરો બંધાયાં હશે.**

**બધાજ મંદિરોમાં ગોસ્વામી બાળકો સ્વયં બિરાજતાં નથી પરંતુ તે મંદિરોમાં શ્રીઠાકુરજીની સેવા તો થાયજ છે; અને હજારો વૈષ્ણવો પણ ભાવથી દર્શનનો પણ અમૂલ્ય લાભ લે છે. મંદિરો બંધાયા અને તેમાટે આજ્ઞા ગુરુ બાળકોએ આપી તે આજ્ઞા સમય અને સંજોગો જોઈને અને વૈષ્ણવોની વધતી જતી સંખ્યા અને પુષ્ટિસંપ્રદાયનો ઉત્તરોત્તર થતો જતો ફેલાવો અને ભાવના અને ભક્તિની જાગૃતિ અને આતુરતા જોઈને આપેલી છે.**



ઉત્તર ( ૪૦=૫૪ )

ઉછેરી ના શકાતાં હોય એટલા કાં તો જણવાજ ન જોઈએ; અને જણીજ દીધાં હોય તો ઓછામાં ઓછા કુસંસ્કારી ન બની જાય તેટલી કાળજી તો માતા-પિતાએ

લેવીજ જોઈએ! પરંતુ સામર્થ્યના અભાવને કારણે પોતાની સંતતિ જો કુસંસ્કારી પણ બનીજ ગઈ હોય, તો પણ પોતાની સંતતિની ચોરી લબાડી કે ગુંડાગિરી જેવી કુટેવોને પ્રોત્સાહન આપવું, તે તો કોઈ પણ માતા-પિતાને માટે ક્યારેય છાજે તેવી વાત નથીજ. પુષ્ટિમાર્ગ કે કોઈ પણ ધર્મ-સંપ્રદાયના અનુયાઈઓને તે-તે ધર્મગુરુઓએ પોત-પોતાની સંતતિ જેવાંજ લેખવવા જોઈએ. એટલે સ્વસિદ્ધાંતમુજબ ઉછેરી ના શકાય કાં તો એ પ્રમાણમાં વધારવાજ ન જોઈએ; અથવા તો ભૂતકાળની કોઈક ભૂલના પરિણામે વધીજ ગયા હોય તો, તેમની સ્વમાર્ગીય સિદ્ધાંતોથી વિરુદ્ધ મનોવૃત્તિ કે પ્રવૃત્તિ ને પ્રોત્સાહન તો ઓછામાં ઓછું નજ આપવું જોઈએ.

**પ્રશ્ન ( ૪૧=૫૫+૫૬ ના સારાંશો )**

**( ૪૧/ક )ગો.બાળકોની સમક્ષ વિવાદ ન પણ કરતા હોય પરંતુ હવે વૈષ્ણવો બુદ્ધિમાન બની ગયા હોવાથી ગો.બાળકોના સ્વાર્થયુક્ત કે નિઃસ્વાર્થ વિધાનોનું પૃથક્કરણ કરી શકે છે.**

**( ૪૧/ખ )પુષ્ટ કરેલા ઠાકુરજી જયાં બિરાજતા હોય તેવા મંદિરોની નિન્દા કરવી તે પ્રભુનિન્દાજ કરી કહેવાય. તેવા દુષ્કૃત્યમાં કીમતી સમય વેડફવા કરતાં—સમયની માગણી, વ્યવસ્થા વિ. અનેકાનેક પાસાં લક્ષ્યમાં લઈ મંદિરોના સંચાલન માટે ‘આચાર સંહિતા’ ઘડી કાઢવી જોઈએ. આ પ્રકારનું નક્કર કામ કોઈ ગોસ્વામી બાળકે ઉપાડી લેવું જોઈએ. જાહેરમાં વિરોધાભાસી પ્રવચનોથી તો વૈષ્ણવોમાં અનેક તીરાડો પડવાની સો ટકા ગર્ભિત ભીતિ છે. અને તેના દુષ્ટપરિણામો**



**પુષ્ટિસંપ્રદાયમાટે હાનિકર્તા નીવડશે. અગાઉના ગોસ્વામી બાળકોએ ખૂબ શ્રમ લઈને સિંચન કરેલ પુષ્ટિવૃક્ષ સૂકાઈ જશે.**

**( ૪૧/ગ )વૈષ્ણવો આ દ્વિધા ભરેલી વાતો સાંભળી-સાંભળીને સંપ્રદાયનો ત્યાગ કરીને સીધા અને સરળ મર્યાદામાર્ગ તરફ વળી જશે, તેથી ગંભીરતાથી વિચાર કરવાનો સમય આવી ગયો છે.**

ઉત્તર ( ૪૧=૫૫+૫૬ )

( ૪૧/ક )કારખાનામાં સરખી રીતે મજૂરી કરનારો, અદાલતોમાં સરખી રીતે કાનૂની દલીલ કરનારો, વિદ્યાલયોમાં સરખી રીતે ભણાવનારો, હોટલોમાં સારી વાનગી બનાવી સરખી રીતે પિરસનારો; કે માછીમારોમાં સરખી રીતે વધારે માછલી પકડનારો બુદ્ધિમાનો તરીકે માન્ય થતાં હોય છે. તેમુજબ તે-તે ધર્મ-સંપ્રદાયોમાં પોત-પોતાના ધર્મોના સિદ્ધાંતો કે આદર્શો ને સરખી રીતે સમજીને અમલમાં મૂકવાના પુરુષાર્થમાં પરાયણનેજ બુદ્ધિમાન ગણવું નહિ તો ઠોબો અને ઠોબોજ.

( ૪૧/ખ )શાસ્ત્રોમુજબ પ્રાણપ્રતિષ્ઠા થાય તો શિલા કે ધાતુ વિ. મૂર્તિને દેવ ગણાય. સ્વમાર્ગમાં શ્રીમહાપ્રભુના સિદ્ધાંત અને કાની થી પુષ્ટ થઈને સેવાતા સ્વરૂપોજ પુષ્ટિપુરુષોત્તમ બાકી તો...શ્રીમહાપ્રભુએ ઘડેલી આચાર-સંહિતાને આજે આપણે અનુસરવા માંગતા નથી તો આધુનિક ગો.બા.એ ઘડેલી આચાર-સંહિતાને માનશે કોણ? સમય તો તેનો કામ કરતોજ રહ્યો છે અને રહેશે.

( ૪૧/ગ )જાહેર મંદિરો ચાલતાં આટલા બધા લોકો પુષ્ટિમાર્ગને છોડીને જુદા-જુદા પંથો તરફ જ્યારે વળીજ ગયા છે ત્યારે એક વખત તેમને બંદ કરી સત્સંગ-હૉલના અખતરાને અજમાવવામાં શેનો વાંધો હોવો જોઈએ જો જીવવુંજ હોય તો!

નોંધ : પ્રશ્ન ૫૭ અનાવશ્યક હોવાથી, જવાબ નથી આપ્યો.

## પ્રશ્ન ( ૭૨=૫૮+૫૯ ના સારાંશો )

(૭૨/ક)વૈષ્ણવતાનો મૂળ પાયો 'બ્રહ્મસંબંધ-મંત્ર' છે. એટલે બ્રહ્મસંબંધ લીધા પછીજ વૈષ્ણવને સેવા કરવાનો અધિકાર જે મળે છે, તેમાં શ્રીઠાકોરજીને ભોગ ધરાયેલ પ્રસાદને લેવાના અધિકારનો પણ સમાવેશ થઈ જાય છે. વૈષ્ણવે તો બ્રહ્મસંબંધ લઈને પોતાનું સર્વસ્વ શ્રીઠાકોરજીને અર્પણ કરી દીધું છે અને તે ભાવનાથી શ્રીઠાકોરજીને ભોગ ધર્યા પછીનો પ્રસાદ લેવાનો વૈષ્ણવનો અધિકારજ નહિ પરંતુ કર્તવ્ય પણ છે.

(૭૨/ખ)બ્રહ્મસંબંધ-દીક્ષા ગોસ્વામી બાળકો વૈષ્ણવોને કેવી રીતે આપે છે તે જાણવા જેવું છે: મંદિરમાં શ્રીઠાકુરજીના સ્વરૂપ આગળ વૈષ્ણવોના હાથમાં તુલસીદલ પધરાવીને ત્રણ વખત મંત્રોચ્ચારણ ગોસ્વામી બાળકો કરાવે છે. તેના પછી તુલસીદલ શ્રીઠાકુરજીના ચરણોમાં સમર્પિત કરવામાં આવે છે. આ સર્વસ્વ-અર્પણ શ્રીતુલસીજીની મહત્ત્વપૂર્ણ સાક્ષીમાં ગોસ્વામી બાળકની મારફતે શ્રીઠાકુરજીનેજ થાય છે—બ્રહ્મસંબંધના મંત્રમાં ગોસ્વામી બાળકને અથવા ગુરુને સર્વસ્વ અર્પણ કરવાનો ઉલ્લેખ નથી— શ્રીઠાકુરજીનેજ સમર્પણ કરવાની ભાવના છે. બ્રહ્મસંબંધદાતા ગુરુ આદરને પાત્ર અવશ્ય છે; પરંતુ તેને સમર્પણ કરવામાં આવતું નથી. બ્રહ્મસંબંધ લેવાથી શ્રીઠાકુરજીના ચરણારવિંદમાં બારોબાર ભેટ મૂકવાના



અધિકાર ઉપરાંત, ભોગ ધરવાની કે કીર્તન વિ. કરવાની વિવિધ સેવાઓનો પણ અધિકાર વૈષ્ણવને મળી જાય છે. આથી ફલિત થયું કે બ્રહ્મસંબંધ લીધેલ વૈષ્ણવ શ્રીઠાકોરજીને દ્રવ્ય અર્પણ કરે તેમાં ગુરુને માધ્યમ બનાવવાની જરૂર નથી.

(૭૨/ગ)ભગવત્સેવામાટે ભેટ લીધા પછી ભેટનો તે ભગવત્સેવામાટે વિનિયોગ કરવાની ફરજ ગુરુની થઈ જાય છે. ભગવત્સેવામાં વિનિયોગ કર્યા પછી તે દ્રવ્યના ઉપયોગ કરવાનો અધિકારી ગુરુ બને છે. હાઈકોર્ટમાં કેસ, આ મુદ્દાઉપર લડવામાં આવ્યો હતો કે મંદિરમાં મૂકેલી ભેટઉપર ગોસ્વામી બાળકોનો અધિકાર છે, તેમાં એમ કહેવામાં ન્હોતું આવ્યું કે તે દેવદ્રવ્ય છે. હાઈકોર્ટે, પરંતુ, તેને દેવદ્રવ્ય ગણ્યું અને કહ્યું કે તેના ઉપર ગુરુ-બાળકોનો અધિકાર નથી—એટલે ગુરુ-બાળકોની કક્ષા પૂજારી જેવી બની છે.

(૭૨/ઘ)હાઈકોર્ટના આ નિર્ણય પછી હવે, તેવી વાત વહેતી મૂકવામાં આવી છે કે "મંદિરમાં ભેટ ન મૂકો—ગુરુને ભેટ મૂકો". તે અગાઉ મંદિરમાં ભેટ વધુને વધુ આવે તેમાટે અનેક પ્રકારનાં આયોજનો થતાં હતાં. બુદ્ધિશાળી વૈષ્ણવો સમજી શકે છે કે બ્રહ્મસંબંધ મંત્રમાં શ્રીઠાકુરજીને સમર્પણની ભાવના કે સંકલ્પ છે, ગુરુને અર્પણ કરવાની વાત જણાવવામાં નથી આવી. વર્ષોથી જે દ્રવ્યનો ઉપયોગ ગોસ્વામી બાળકો કરતા આવ્યા છે, તે

**દ્રવ્યને હવે દેવદ્રવ્ય ગણીને ઉપયોગમાં લાવવાની શામાટે ના પાડે છે?**

ઉત્તર (૪૨=૫૮+૫૯)

(૪૨/ક)વૈષ્ણવતાનો મૂળ પાયો બ્રહ્મસંબંધદીક્ષા નહીં પરંતુ શરણાગતિની એટલે કે અષ્ટાક્ષરમંત્રની દીક્ષા છે. બ્રહ્મસંબંધદીક્ષા તો વૈષ્ણવી જીવનના શિખરરૂપ — પોતાના ઘરમાં પોતાના તન-મન-ધનની અને પરિજનોની સાથે — ભગવત્સેવામય જીવનયાપન કરવાની દીક્ષા કે શપથ છે. આ પુષ્ટિપ્રભુની સંનિધિમાં તુલસીપત્ર હાથમાં મૂકીને ગુરુ=ગોસ્વામિબાળક દ્વારા લેવડાવવામાં આવતો શપથ છે. દેખીતી રીતે જે પોતાના ઘરમાં પોતાને માથે બિરાજતા ઠાકુરજીની સેવાના નિયમથી છટકી જવામાટે, ગુરુના ઘેરે બિરાજતા ઠાકુરજીઉપર દૃષ્ટિ બગાડે છે, તે તો ગુરુપત્ની કે ગુરુપુત્રી ઉપર દૃષ્ટિ બગાડનાર જઘન્યકોટીના અનુયાયી કરતાંય, નરાધમકોટીનો માણસ છે. ગુરુપત્ની કે ગુરુપુત્રી સાથે પોતે ગુરુનો જે સંબંધ છે, તે તો ફકત આધિભૌતિક કે આધિદૈહિક સંબન્ધજ છે. તેમના ઉપર દૃષ્ટિ બગાડતાં ગુરુનું કાંઈક બગડતું પણ હોય તો તે ગુરુની સાથે દુન્યવી સંબંધ ધરાવનારી વ્યક્તિઓનો બગાડ છે. ગુરુનો પોતાના ઠાકોરજી સાથે સંબંધ તો ઘણી ઊંચી કક્ષાનો આધ્યાત્મિક કે આધિદૈવિક સંબંધ હોય છે. તે ગૂઢસ્ત્રીભાવાત્મક સ્વરૂપના ઉપર દૃષ્ટિ બગાડવી, તેનાથી મોટો અપરાધ પુષ્ટિમાર્ગમાં સંભવી શકતો નથી.

તેથી બ્રહ્મસંબંધદીક્ષામાં ગુરુને; અથવા તો ગુરુના માથે બિરાજતા ઠાકુરજીના સ્વરૂપને પણ, સર્વસ્વ-અર્પણ કરવાની વાત કહેવાણી નથીજ. જો એવો સિદ્ધાંત કે એવી ભાવના હોત તો હવેલી અને ત્યાં આવેલી ભેટ-સામગ્રી જેમ ગોસ્વામિઓની માલીકીની માનવામાં આવતી નથી, તેમજ તે હવેલીમાં બિરાજમાન ઠાકુરજીની સમક્ષ



બ્રહ્મસંબંધદીક્ષા લઈ સર્વસ્વસમર્પણ કરનાર દરેકે-દરેક વૈષ્ણવોના ઘર કે સંપત્તિ પણ તેમના ખાનગી ન રહી, તે-તે હવેલીમાં બિરાજતા ઠાકુરજીની માલિકીનું દેવદ્રવ્ય હોવાથી જાહેર પબ્લિક ટ્રસ્ટ બની જવા જોઈએ! આ તો "તારું-મારું સહિયારાનું અને મારું તે તો મારા બાપનુંજ!" શું કોઈ વૈષ્ણવ પોતાના ઘરે બિરાજતા ઠાકુરજીની સેવામાં બીજા કોઈ પાડોસી કે બહારગામથી આવેલા વૈષ્ણવોનો પોતાના ઠાકુરજીને ભેટ ધરવાનો કે સામગ્રી અરોગાવી પ્રસાદ લેવાનો કે દર્શન-કીર્તન કરવાનો અધિકાર અને કર્તવ્ય સ્વીકારે છે? જો નહીં તો ગોસ્વામી બાળકોની હવેલીમાં બિરાજતા ઠાકુરજીને ભેટ ધરવાનો સામગ્રી અરોગાવી પ્રસાદ લેવાનો દર્શન-કીર્તન કરવાનો અધિકાર અને કર્તવ્ય કયા હેતુથી માંગી કે માની શકાય? તે ઠાકુરજીની સમક્ષ બ્રહ્મસંબંધ લીધો હોવાથી કહેવામાં આવતો હોય તો જેમ ગોસ્વામી બાળકની હવેલી અને સંપત્તિ તેની ખાનગી હોતી નથી, તેમ બ્રહ્મસંબંધ લેનાર વૈષ્ણવોના પણ ઘર અને સંપત્તિ ખાનગી ન હોઈ તે ઠાકુરજીની માલિકીના જાહેર-ટ્રસ્ટ શામાટે ન હોવા જોઈએ? જો આમ સ્વીકારવામાં આવે તો ભોગ ધર્યા પછી, ગોસ્વામી બાળકની માફકજ, દર્શનાર્થી વૈષ્ણવોનો પણ તે દેવદ્રવ્યના પ્રસાદ લેવાનો હકક સ્વીકારવામાં કોઈ તાર્કિક વાંધો નહિ આવે!

હકીકતમાં તો બ્રહ્મસંબંધદીક્ષામાં સામાન્ય અર્થમાં પુષ્ટિપુરુષોત્તમનેજ સર્વસ્વ-અર્પણ કરવાનું હોય છે — હવેલીમાં બિરાજતા ઠાકુરજીને નહીંજ. આત્મસમર્પણથી અધિકાર મળે છે: પોતાને માથે પધરાવામાં આવેલ કે આવનાર પુષ્ટિપુરુષોત્તમના કોઈક સ્વરૂપની સેવાનોજ. આ 'અધિકાર' શબ્દના પણ પાછા બે અર્થો થાય છે: (૧)યોગ્યતા (૨)હકક. અંગ્રેજી ભાષામાં આને માટે: (1)Eligibility (2)Right આવા બે નોખા-નોખા શબ્દો પ્રયુક્ત થાય છે. તે પૈકી બ્રહ્મસંબંધદીક્ષા લેતા જે સર્વસ્વ-વિનિયોગ કે સેવા નો અધિકાર મળે છે તે 'હકક'ના અર્થમાં ન હોઈ 'યોગ્યતા'ના

અર્થમાંજ હોય છે. "ભારત દેશના કોઈ પણ નાગરિકને દેશના કોઈપણ ભાગમાં વસવાટની યોગ્યતા કે મૂલભૂત અધિકાર"નો ખોટો અર્થ કાઢીને કોઈક ગિલિંડર માણસ પારકી વ્યક્તિના ઘરમાં રહેવાનો પોતાના અધિકારનો દાવો કરવા મંડે તો તેને પારકા ઘર કરતાં પાગલખાનામાં રહેવાનોજ અધિકાર નિર્વિવાદ સ્વીકારવો પડે! આધુનિક બંધારણે કોઈ પણ ઉમર-લાયક સ્ત્રી-પુરુષ ને નાત-જાતના ભેદ વિના આપસી સહમતિથી પરણવાનો જે અધિકાર આપેલો છે, તે અધિકારની દુહાઈ આપીને ઇચ્છુક/અનિચ્છુક કોઈ પણ સ્ત્રી સાથે પરણી જવાનો પોતાનો હકકજ નહિ; પરંતુ કર્તવ્ય પણ(!) જો કોઈક માની લ્યે તો તેવા ગિલિંડર મજનુને શું કહેવું? તેજ આ પ્રશ્નનાં ઉત્તરરૂપે પણ વિચારી લેવું જોઈએ!

એક બાજુ સર્વસ્વ-અર્પણના બણગા ફૂંકવા, બીજી બાજુએ બહારગામ જઈ વસવાનો પ્રસંગ ઊભો થતા, જે સ્વરૂપની સાથે બ્રહ્મસંબંધ થયો તે સ્વરૂપને ભૂલીને, જે-તે ગામના જે-તે સ્વરૂપની સેવામાં ભેટ-સામગ્રી-દર્શનના અધિકારનો દાવો માંડી દેવો! આવીજ હોય છે, નિષ્ઠાવિહીન આધુનિક વૈષ્ણવોની સર્વસ્વ-અર્પણ કરવાની લાક્ષણિક નવમી આત્મનિવેદનરૂપા ભક્તિ!! વિવાહના સમયે પોતાના ધર્માર્થકામ પુરુષાર્થરૂપ સર્વસ્વના અર્ધાંશને અર્પણ કરવાની અગ્નિની સાક્ષીમાં લીધેલી પ્રતિજ્ઞાને ભૂલીને, જો પતિ-પત્નીમાંથી કોઈ એક જુદા-જુદા ગામોમાં પોતાના ધર્માર્થકામ પુરુષાર્થોના અર્ધાંશને અર્પણ કરવામાટે જુદા-જુદા જોડીદાર શોધવા મંડે, તો વિવાહ-સંસ્થાજ જગત્માંથી નામશેષ થઈ જાય કે નહિ?

(૪૨/ખ)બ્રહ્મસંબંધદીક્ષા લીધા પછી પુષ્ટિપુરુષોત્તમની સેવામાં પોતાના સર્વસ્વના વિનિયોગ કરવામાટે જેમ ગુરુના માધ્યમની અપેક્ષા નથી, તેમજ ગુરુના માથે કે જાહેર મંદિરોમાં બિરાજતા ઠાકુરજીના માધ્યમની પણ અપેક્ષા નથી. જેને પોતાના ઘેરે ભગવત્સેવા ન કરવી હોય તેને



બ્રહ્મસંબંધદીક્ષા લેવાની કે આપવાની જ ન હોય. જો લેવાય કે અપાય તો—"લોભી ગુરુ લાલચી ચેલા દોનો નરકમેં ઠેલમ-ઠેલા!" જેવું થયેલું કાંઈક સમજી જવું. "બ્રહ્મસંબંધમાં ઠાકુરજીને સર્વસ્વ-સમર્પણ કરવાની વાત છે" કહીને તેનો ખુલાસો પણ પ્રશ્નકર્તા ભાઈએ કર્યો છે કે "તેમાં ગુરુને સમર્પણ કરવાનો ઉલ્લેખ નથી", તે તો સોએ-સો ટકા સાચોજ છે. પોતાના વિધાનનો, પરંતુ, પોતે અર્થવિચાર કરેલો હોય તેમ લાગતું નથી. કેમકે બ્રહ્મસંબંધદીક્ષાના મંત્રમાં જેમ ગુરુનો ઉલ્લેખ નથી, તેમજ ગુરુઓના માથે બિરાજતાં શ્રીનાથજી શ્રીનવનીતપ્રિયાજી શ્રીમથુરેશજી શ્રીવિટ્ઠલનાથજી શ્રીદ્વારકાધીશજી શ્રીગોકુલનાથજી શ્રીગોકુલચંદ્રમાંજી શ્રીકલ્યાણરાયજી શ્રીમદનમોહનજી શ્રીનટવ-રલાલજી શ્રીબાલકૃષ્ણલાલજી વિગેરે સ્વરૂપોનો પણ ઉલ્લેખ ન હોઈ—ફક્ત 'ભગવાન્ કૃષ્ણ'નોજ ઉલ્લેખ છે. એટલે જેને ભગવાન્ શ્રીકૃષ્ણના કોઈક સ્વરૂપ સાથે પોતે પરણવું ન હોય તેને પરણવુંજ ન જોઈએ, એટલે કે બ્રહ્મસંબંધજ ન લેવો જોઈએ. બાકી બધી ચર્ચા તો અજ્ઞાન-દુર્ભાવમૂલક છે.

(૪૨/ગ)આ પ્રશ્નભાગમાં જે કાંઈ કહેવાયું છે તે તો ધર્મનિરપેક્ષ અદાલતોના ચુકાદાની અમલ-બજાવણી, જેમ નીચેના હોદ્દેદારો મામલતદારો કે તહેસીલદારો જેમ આંખો મીચીને કરતા હોય છે, તેવી લાક્ષણિક મનોવૃત્તિને ઉજાગર કરનારૂં છે. આવી મનોવૃત્તિનો પુષ્ટિમાર્ગના ધાર્મિક સિદ્ધાંત કે પરંપરા કે લાગણી સાથે કાંઈ પણ લેવા-દેવાનો સંબંધ હોતો નથી.

(૪૨/ઘ)સુપ્રીમ કોર્ટ પણ પોતે આપેલ ચુકાદામાં ખામી નિગાહમાં આવતાં પોતાના ચુકાદોઓને એક વખત નહીં અનેક વખત સુધારી ચુકી છે. ભૂતકાલમાં થયેલ ભૂલને સુધારવીજ નહીં તે તો જડાગ્રહ છે: એક ઘેટું ખાડામાં પડે તો પાછળના બધાજ ઘેટાંઓએ તેજ ખાડામાં પડતાજ રહેવું તેવો; આ બાબતમાં અંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય

વૈષ્ણવ પરિષદના અંતરરાષ્ટ્રિય મહાધિવેશનનું આયોજન કરવું જોઈએ. તેમાં — "બધાજ પુષ્ટિમાર્ગીઓએ હવેથી માણસ તરીકે નહીં પણ ઘેટાં તરીકેજ પુષ્ટિમાર્ગ ઉપર રઝળવાનું છે" તેવો પ્રસ્તાવ સર્વાનુમતિ કે બહુમતિ થી જ્યાં સુધી પાસ કરાવવામાં ન આવે ત્યાં સુધી, કયો બુદ્ધિશાળી માણસ આવી વાતને સ્વીકારી શકે! આ વાતનેય સમજવામાટે ઘેટાંબુદ્ધિથી બહાર આવીને થોડીક માણસબુદ્ધિ વાપરવીજ પડશે તો જ કોઈ વાત સમજમાં આવશે!!.

**પ્રશ્ન ( ૪૩=૬૦+૬૧+૬૨ ના સારાંશો )**

**( ૪૩/ક )વૈષ્ણવ અને ગુરુ માટે એક-સરખા સિદ્ધાંત ન હોઈ શકે, "સત્સંગ-હૉલ બંધાવો મંદિર નહિ" આ વાત આઘાતજનક છે. પુષ્ટિમાર્ગ આનંદનો માર્ગ છે તે શ્રીઠાકુરજીના મંદિરમાંજ શક્ય છે સત્સંગ-હૉલ માં નહીં.**

**( ૪૩/ખ )થોડાક વૈષ્ણવોને મંદિર અને સત્સંગ-હૉલ માં વારા-ફરતી લઈ જઈ ને, તેમના પૂર્વગ્રંથી વિનાના પ્રતિભાવો મેળવીને, આનો અખતરો કરીને વાસ્તવિકતા જાણી શકાય છે.**

**( ૪૩/ગ )પૂજ્ય પાદ ગોસ્વામી બાળકોના અધરામૃત લેવા માટે વૈષ્ણવોમાં કેટલી પડાપડી થાય છે તેની ટીકા-ટિપ્પણ તો કરવામાં નથી આવતી; પરંતુ મંદિરોમાં ભોગ ધરેલ બૂંદી, મોહનથાલ, લાડુ, મઠડી, બરફી, પેંડા, મલાઈ, બદામ-પિસ્તા, પેઠાપાક વિ. મહાપ્રસાદનેમાટે 'મીઠાઈ' જેવા અણછાજતા શબ્દો વાપરી નિન્દા કરવામાં આવે તે શું યોગ્ય કહેવાય ?**



ઉત્તર ( ૪૩=૬૦+૬૧+૬૨ )

( ૪૩/ક )વૈષ્ણવો અને ગોસ્વામિઓ ના એકસરખા સિદ્ધાંત ન હોવાની તૂત પ્રશ્નકર્તા શ્રીઅમૃતલાલભાઈની વાણી છે. પુષ્ટિમાર્ગનાં પ્રવર્તક કે પ્રસારક કોઈ પણ વિદ્વાન આચાર્યોના વચનામૃત નહીં. પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો અને આદર્શ મનોભાવો આજની તારીખમાં કહેવાતા વૈષ્ણવોમાં મૃતલાલ ભાઈ બની ગયા છે.

( ૪૩/ખ )અમૃતલાલભાઈના અખતરામાં, તેથી, સત્સંગ-હૉલ અને/અથવા મંદિર આમ બે સ્થળોની વચ્ચે વધુ આનંદ ક્યાં અનુભવાય છે, તેના પ્રતિભાવો મંદિરની તરફેણમાં જાય તે સ્વીકારી અને કલ્પી શકાય એવી છે. તેવી હકીકતને માન્ય રાખવામાં, પરંતુ, એક મોટો વાંધો આ છે કે આપણા ધંધાકીય મંદિરોના ધતીંગ ધમધોકાર ચાલીજ રહ્યા છે તે છતાંય આનંદસભર પુષ્ટિમાર્ગથી વિમુખ થઈ વૈષ્ણવો સ્વાધ્યાય-ચળવળ કે સ્વામિનારાયણપંથ માં કેમ જોડાઈ ગયા! આજના દુઃસંગના કાદવમાં માથાડુબ ફસાયેલા વૈષ્ણવો, ક્યાંક સત્સંગ મેળવીને પુષ્ટિના સાચા પથઉપર અગ્રસર ન થઈ જાય, તેવા સ્વમાર્ગીય સિદ્ધાંતોની સાચી સમજ કેળવવાના યોગ્યતમ ઉપાયરૂપ સત્સંગ-હૉલ પ્રત્યે કોઈક અકળ દ્વેષભરેલી કાળજી આવા પ્રશ્નોમાં ઝલકી રહી છે.

( ૪૩/ગ )પ્રભુને નિવેદિત નિજદ્રવ્યના સમર્પણ-વિનિયોગરૂપે ઠાકુરજીને ભોગ ધરવો નહિ — જાહેર જનતાના અનિવેદિત દ્રવ્યથી નેગ-ભોગનું નાટક કરવું — તે પણ મફતમાં ભોગ ધરેલી સામગ્રીનું, તેના ગૌરવને જાળવીને નિઃશુલ્ક વિતરણ કરવાના ઠેકાણે, પૈસા લઈને તેને વેચવી — તે મહાપ્રસાદને મીઠાઈમાં ફેરવી નાખે છે. જો ગોસ્વામી બાળકો પોતાના અધરામૃતને આવી રીતે વેચવાનો ધંધો માંડે તો તેને મીઠાઈ પણ નહિ પરંતુ વૈષ્ણવોના સામ્પ્રદાયિક સ્વાસ્થ્યને અક્ષમ્ય હાનિ પહોંચાડનાર વિષજ માનવું જોઈએ.

આવું અધરામૃત જે લેતો હોય તેને અડધા-મૃત તે બનાવી દે છે. બાકી તે અડધા-મૃત બનાવનાર અધરામૃતને વેચનારાઓનું બ્રાહ્મણત્વ તો પૂરૂં મૃતજ બની જાય છે!

### પ્રશ્ન (૪૪=૬૩ નો સારાંશ)

(૪૪/ક)એક ગોસ્વામી બાળકે બીજા ગોસ્વામી બાળકોનું આદર કરવું જોઈએ પૂજ્ય ઈંદિરાબેટીજીએ રૂ.૧૦૦૦/- નો ફાળો આપી મંદિર બાંધવાની આજ્ઞા આપી તેમાં પૂજ્ય સુરેશ બાવાએ દખલ કરવી જોઈએ નહિ, કેમકે સુરેશબાવાએ જો આમ ફાળો આપીને આજ્ઞા આપી હોત અને પૂજ્ય ઈંદિરાબેટીજી તેમાં દખલ કરત તો તે નીતિભરેલું કહેવાત? તેથી ઈંદિરાબેટીજીને જાહેર સભામાં આપેલા વચનને ઉપરવટ જઈને સુરેશબાવાની આજ્ઞા માનતા વૈષ્ણવોને અપરાધ નહિ લાગે?

(૪૪/ખ)ઠાકોરજીનું મંદિર નહિ બાંધી શ્રીમહાપ્રભુજીનું જાહેર મંદિર બાંધવું કે સત્સંગ-હૉલ બાંધવો તે વિકલ્પની આજ્ઞા પણ યોગ્ય નથી લાગતી, કેમકે જો શ્રીમહાપ્રભુનો ઘરસેવાનોજ જો સિદ્ધાંત હોય તો શ્રીમહાપ્રભુની સેવા કે સત્સંગ પણ ઘરમાંજ કરવા જોઈએ, જાહેર સ્થળઉપર નહીં. તે સિવાય આવી વગર-વિચારેલી આજ્ઞાઓને કારણે લોકો ધીમે-ધીમે ઠાકુરજીને ભુલી જાશે તેનો અપરાધ નહીં લાગે?

(૪૪/ગ)ગોકુલ અહમદાવાદ મથુરા નાથદ્વારા વિ. પ્રસિદ્ધ જાહેર મંદિરોને પણ



શ્રીમહાપ્રભુજીના મંદિરમાં ફેરવ્યા વિના આવા સુધારા સૂચવવાનો અધિકાર કોઈને પણ નથી.

(૪૪/ઘ)શ્રીનાથજીનું મંદિર પોતે શ્રીનાથજીની આજ્ઞાથી શ્રીમહાપ્રભુજીએ બંધાવ્યું હતું ઠાકુરજીની સેવામાટે ઘર અને મંદિર ના ભેદે જુદા-જુદા ગ્રંથો પણ પ્રચલિત થયા છે. શ્રીમહાપ્રભુજીના મંદિરમાં સેવા કરવાના વિધિ-વિધાનો કોઈ પૌરાણિક ગ્રંથોમાં જણાતા નથી.

(૪૪/ઙ)તે સિવાય વૈષ્ણવોને જે બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા અપાય છે તે તો શ્રીઠાકોરજીના મંદિરમાં, શ્રીઠાકોરજી સન્મુખજ અપાય છે. શું તે દીક્ષા શ્રીમહાપ્રભુજીના મંદિરમાં આપી શકાય? તેમ કરવામાટે મંત્રમાં સુધારો કરવો પડે અને પૌરાણિક મૌલિક ગ્રંથોમાં સુધારો કરવો પડે જે કરવાનો અધિકાર કોને છે? તેનાથી સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે કે સ્વતંત્ર શ્રીઠાકોરજીનુ મંદિર હોવું સર્વશ્રેષ્ઠ છે. આ એક 'કડવા સચ' જેવી વાત છે. હિંમતનગરમાં શ્રીઠાકોરજીનુ મંદિર નહિ બંધાય તો ભવિષ્યમાં કોઈ ગોસ્વામી બાળક હિંમતનગર બિરાજશે તો પણ બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા તો નહીંજ આપી શકે, કારણ કે શ્રીઠાકુરજીનું મંદિર નથી, મહાપ્રભુજીના મંદિરથી વૈષ્ણવોની આ પાયાની જરૂરિયાત પણ પૂર્ણ થવાની નથી.

(૪૪/ચ)શ્રીમહાપ્રભુજી પૂજ્ય આદરણીય આદ્ય ગુરુ છે. "મહાપ્રભુ અને શ્રીજીબાવા એક છે" તેવા શબ્દોનો પ્રયોગ,

મહાપ્રભુ પ્રત્યેનો માત્ર આદરભાવ પ્રદર્શિત કરવામાટે બરાબર છે; પરંતુ તેથી આગળ વધીને શ્રીજીબાવાનું મંદિર બંધાવવાનો વિચાર પડતો મૂકીને મહાપ્રભુજીનું મંદિર બંધાવવું તે કાર્ય—મહાપ્રભુજીએ જેઓને પોતાના ઈષ્ટ ગણ્યા છે તેવા શ્રીજીબાવાથી વિરુદ્ધ કાર્ય ગણાશે. શ્રીમહાપ્રભુજીના ઈષ્ટનો અનાદર તે મહાપ્રભુજીના અનાદરને સમાન છે.

(૪૪/છ)શ્રીમહાપ્રભુજીના મંદિરો અસ્તિત્વમાં નથી. જો શ્રીમહાપ્રભુજી અને શ્રીજીબાવા ને પ્રત્યક્ષરૂપમાં એકજ ગણવામાં આવ્યા હોત તો મહાપ્રભુજીનાં મંદિર અસંખ્ય બંધાયાં હોત; અને નથી બંધાયા તે મોટામાં મોટું પ્રમાણ છે કે શ્રીમહાપ્રભુજીનું મંદિર પુષ્ટ કરાયેલ મૂર્તિસહિતનું મંદિર ન હોઈ શકે. અને હોયતો તે એકાદ અપવાદ ગણાય. તેવા અપવાદના આધારે જો સિદ્ધાંતરૂપે મહાપ્રભુજીનુ મંદિર થઈ શકતું હોય તો શ્રીઠાકુરજીનું પણ મંદિર અપવાદના રૂપમાં કેમ ન થઈ શકે?.

ઉત્તર (૪૪=૬૩)

(૪૪/ક)સુરેશબાવાએ હિમ્મતનગરના સાધારણ વૈષ્ણવોને ઠાકુરજીના મંદિર બાંધવાની ના પાડી કે ચોથી ગાદીના સેવકોને હિમ્મતનગરમાં બંધાતા મંદિરોમાં સહયોગ આપવાની ના પાડી એના ચોક્કસ પુરાવાઓ મારી પાસે નથી. તે છતાંય સુરેશબાવાના સ્વભાવ અને આજ્ઞા આપવાની આજ દિવસ સુધીની જોએલી-જાણેલી ભાત પ્રમાણે, મને એમ નથી લાગતું કે, ચોથી ગાદીના જે સેવક ન હોય



તેવા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને કોઈ આજ્ઞા આપવાનું સાહસ સુરેશબાવા ક્યારેય કરે. એટલે હિમ્મતનગરમાં વસતાં ચોથી ગાદીના સેવકોને, એટલે કે જેઓએ સુરેશબાવાની હવેલીમાં બ્રહ્મસંબંધ લઈને માર્ગમાં પ્રવેશ મેળવ્યો હોય, તેઓને પોતાની સૈદ્ધાંતિક સમજ મુજબ માર્ગનિર્દેશન જો સુરેશબાવા ન કરે તો શું કોઈ મૌલવીએ કે પાદરીએ તે કરવું? જે દિવસે બ્રહ્મસંબંધ લીધો તે દિવસથીજ બ્રહ્મસંબંધદાતા ગુરુની આજ્ઞા મુજબ માર્ગઉપર ચાલવાની જિમ્મેદારી, જેવી રીતે ચોથી ગાદીના સેવકોની છે, તેવી રીતે ચલાવવાની જિમ્મેદારી સુરેશબાવાના ખભાઉપર પર પડેલી કે પોતે ચઢાવેલી જ છે. તેથી સુરેશબાવાની જિમ્મેદારીને ઉપરવટ જઈને, જાહેર મંદિરમાં "સેવા પરાયણ થાઓ" કહેનારા પૂ.પા.ઈંદિરાબેટીજી કોણ? હવે સુરેશબાવાની તેમના સેવકો પ્રત્યેની બાહેંધરીથી ઉપરવટ જઈને, ઈન્દિરાબેટીજી પોતે કોઈ આજ્ઞા આપવાનો અધિકાર જો ધરાવતા હોય, કેમકે બન્ને (પૂ.પા.ઈન્દિરાબેટીજી અને હિમ્મતનગરમાં વસતાં ચોથી ગાદીના સેવકો પણ) અંતે તો પુષ્ટિમાર્ગીયોજ છે, તો પૂ.પા.ઈન્દિરાબેટીજીની આજ્ઞાને ઉપરવટ જઈને સુરેશબાવા મંદિર ન બાંધવાની આજ્ઞા શામાટે નથી આપી શકતા? જો કહેવામાં આવે કે પુષ્ટિમાર્ગમાં તિરાડ પાડનારી આવી ગાદિઓની વાડાબંદી ઉભી ન કરવી જોઈએ અને ફક્ત મહાપ્રભુજીનેજ ગુરુ માનીને તેમની આજ્ઞામાં બધાએ એકસૂત્ર થવું જોઈએ, તો દરેક ગોસ્વામી બાળકને દરેક ઠેકાણે શ્રીમહાપ્રભુના સિદ્ધાંતની બાબતમાં પોત-પોતાની સમજ મુજબ ઉપદેશ-આજ્ઞા આપવાનો સમાન અધિકાર સિદ્ધ થઈ જશે. એમા નીતિ કે અનીતિનો પ્રશ્ન પાછો ઊભો નહિ થઈ શકે. ચોથીગાદીના સેવકોને જે કાંઈ મહાપ્રભુજીનો સિદ્ધાંત પૂ.પા.ઈન્દિરાબેટીજીને પ્રામાણિક લાગતો હોય તે, પોતાની સમજ મુજબ, ઉપદેશ આપવાનો તેમનો અબાધિત અધિકાર છે. તેમજ સુરેશબાવાની સમજ મુજબ જે કાંઈ

પૂ.પા.ઈન્દિરાબેટીજીએ સિદ્ધાંતવિરુદ્ધ ઉપદેશો કે આદેશો આપેલા હોય તેનામાં તણાઈ ન જવાનો ઉપદેશ અને આદેશ આપી શકવાનો સુરેશબાવાનો પણ તેટલોજ અબાધિત અધિકાર સ્વીકારવો પડશે. સ્વાભાવિક રીતે ત્યારે પ્રશ્ન થશે કે શ્રીમહાપ્રભુજીનો સાચો સિદ્ધાંત કયો? આ બાબતમાં સુરેશબાવાની સૈદ્ધાંતિક સમજને ધારોકે ૧૦૦% ખોટીજ માની લઈએ અને પૂ.પા.ઈંદિરાબેટીજીની સમજનેજ ૧૨૫% સાચી માનીએ તો પણ વાતને ગંભીરતાથી સમજવી પડશે :—

> શ્રીમહાપ્રભુજીએ જુદા-જુદા મંદિરોની પ્રણાલી ઊભી કરી નથી પણ એમાં જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યનો એક લાંબો દષ્ટિકોણ હતો; પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવુ જોઈએ...એક મંદિરની બાજુમાં એક બહેન રહે. એમને ત્યાં ઠાકુરજી બિરાજે. મંદિરની આરતીના ઘંટા એમને સંભળાય. સેવા કરતા બેઠેલી એ બહેન ઠાકોરજીના વસ્ત્રો કાઢી સ્નાન કરાવતી હતી ત્યાં આરતીના ઘંટા પડયા. પેલી ઠાકુરજીને પડતા મૂકીને મંદિરે દોડી. થોડીવારે ઘેર આવી. હવે વિચાર કરો, આવી રીતે કોઈ સેવા કરે તો એમાં સેવાનો આનંદ આવે ખરો? અહીં તો પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય છે.

(શ્રીમદ્‌ભાગવતતત્ત્વમર્મજ્ઞા પૂ.પા.સુશ્રી ઈન્દિરાબેટીજી : વૈ.પ.અંક.જૂન-૯૦).

(૪૪/ખ)આમ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતના સાચા જાણકાર સહુ પ્રાચીન-અર્વાચીન વ્યક્તિઓનું જે બાબતમાં એકમત હોય, તેનાથી વિરુદ્ધાચરણની છૂટ આપવાની કે લોકલાગણીને નવાજવાની મનોવૃત્તિમાં, કેટલી વાસ્તવિક લોકહિતકામના રહેલી હોય છે અને કેટલી લોકોના અજ્ઞાન પ્રમાદ કે સગવડિયા ધર્મને અનુસરવાની લોકમનોવૃત્તિને પ્રોત્સાહન આપવાની કામના, તેનું તારતમ્ય શોધવું આપણું કર્તવ્ય બની જાય છે.



પુષ્ટિપ્રભુનું જાહેર મંદિર સિદ્ધાંતથી સદંતર વિરુદ્ધ હોવાથી તેનો દુરાગ્રહ સ્વધર્મમાં સંનિષ્ઠોએ પડતો મૂકવો જોઈએ. મર્યાદામાર્ગીય પૂજા-પ્રણાલીવાળા જાહેર મંદિરોમાટે શ્રીમહાપ્રભુએ પોતાનો સૈદ્ધાંતિક અણગમો ક્યાંય પ્રકટ કર્યો નથી, તેથી "પુષ્ટિપ્રભુની પુષ્ટિમાર્ગીય સેવા કરવામાટે પુષ્ટિમાર્ગમાં જાહેર મંદિરો ન હોવા જોઈએ" વિધાનનું દ્વેષભરેલું અર્થઘટન કે "તો પછી કોઈ પણ મંદિર કે કોઈ પણ ધાર્મિક આયોજન જાહેર સ્થળ ઉપર ન હોવું જોઈએ" કોઈક જાતની અનેરી વૈચારિક અક્ષમતાનું સૂચક છે. આવી વૈચારિક અક્ષમતાને લીધે ઉભી થયેલી માંગણીની અવગણના કરવાથી, તેવી માંગણી કરનાર અને તેને અવગણનાર બન્ને જ અપરાધથી બચી શકે છે!

(૪૪/ગ)ગોકુળ મથુરા કામવન કાંકરોલી નાથદ્વારા વિ. સ્થળોની હવેલિઓ ભૂતકાળમાં ક્યારેય જાહેર મંદિરો ન્હોતી. તેમજ સિદ્ધાંતનિષ્ઠા, જો આપણી સાજી હોય એટલે કે ઘવાયેલી ના હોય તો, આજે કે ભવિષ્યમાં પણ ક્યારેય જાહેર મંદિરો તે હોવી ન જોઈએ. એટલે તેમને શ્રીમહાપ્રભુના મંદિરમાં ફેરવવા કરતાંય તાતી આવશ્યકતા તેમને ખાનગી સેવાસ્થળના રૂપે ફરીથી પુષ્ટિમાર્ગીય મહિમાથી મંડિત કરવાની છે. તે જો કાયદાકીય બંધનોને કારણે અથવા તો સ્વધર્મનિષ્ઠારહિત જડબુદ્ધિ લોકોના દબાવને કારણે શક્ય ન હોય તો, જાહેર મંદિરોરૂપે વિકૃત થયેલી તે-તે હવેલિઓને શ્રીમહાપ્રભુના જાહેર મંદિરોરૂપે ફેરવવામાં પણ કાંઈ વાંધો હોવો ન જોઈએ. આમ કરવું, પરંતુ, ત્યાં સુધી શક્ય નથી જ્યાં સુધી પુષ્ટિમાર્ગીયોને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત મનગમતો ન થાય!

(૪૪/ઘ)શ્રીજીની પોતાની ઈચ્છાથી તે મંદિર ત્યારે જાહેર મંદિરરૂપે બંધાણું હતું તે વાત તો ખરી; પણ ત્યારનો સેવાપ્રકાર ન તો પૂરેપૂરો પુષ્ટિમાર્ગીય હતો કે ન પૂરેપૂરો

તન્ત્ર-પુરાણ-શાસ્ત્રીય. તેનું અનુકરણ સર્વદેશકાળમાં જો આપણા કર્તવ્ય તરીકે શ્રીમહાપ્રભુને માન્ય હોત તો આજે જેટલા પણ નિધિસ્વરૂપો બિરાજે છે તે બધાનીજ, શ્રીજીની માફકજ શિખર-કલશ-ધ્વજાવાળા મંદિરોમાં ગેરબ્રહ્મસંબંધી દેવીભક્તો મારફત થવી જોઈતી હતી. એટલે શ્રીમહાપ્રભુના મંદિરમાંની સેવાની પ્રણાલી જેમ તંત્ર-પુરાણશાસ્ત્રોમાં મળતી નથી તેમજ પોતે પુષ્ટિમાર્ગીય સેવાપ્રકાર પણ તંત્ર-પુરાણશાસ્ત્રોમાં ક્યાં ઉપદિષ્ટ છે? બલ્કે શાસ્ત્રવિધિમુજબ જે શિલા/ધાતુની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા થઈ ન હોય તેનું આરાધન તો દૂર તેને વંદન કરવાની પણ શાસ્ત્રમાં મનાઈ છે.

(૪૪/છ)બાકી ગો.બાળકો તો એવા ઘણા બધા ગામડાઓ કે શહેરો માં પધારતા હોય છે કે જ્યાં મંદિરો નથી હોતા તો પણ બ્રહ્મસંબંધદીક્ષા તો આપતાજ હોય છે, ક્યારેક ઝાંપીજીમાં પધરાવેલ પોતાના સાચા સેવ્યસ્વરૂપને સન્મુખ — તો ક્યારેક પોતાના સંધ્યા-જપપાઠના સાજ-સામાનની સાથે બેગમાં ગોઠવેલ ફક્ત સજાવટી ઝારી-બંટા-સિંહાસન-ઠાકોરજીના ચિત્રને સન્મુખ પણ! તો હિમ્મતનગરના વૈષ્ણવોએ આવી નજીવી બાબતમાટે સ્વસિદ્ધાંતને અનુસરવાની હિમ્મત હારી ના જવી જોઈએ!!

(૪૪/ચ)જે શ્રીજીનું મંદિર શ્રીજીની પોતાની આજ્ઞાથી સિદ્ધ થયું તેમાં આઠ સમયના દર્શનોમાં અલગ-અલગ પદો ગાવામાટે જે અલગ-અલગ કીર્તનકારોની નિમણુંક થઈ હતી કે જેને ચાલુ રાખવા પ્રશ્નકર્તા ભાઈ જાહેર મંદિરોને આવશ્યક ગણે છે, તે પદકારોના પદો આ મુદ્દાની બાબતમાં શું અભિપ્રાય ધરાવે છે તે જોઈ કે જાણી લેવું અહીં અસ્થાને નહિ લેખાય :—

(૧)બરનોં શ્રીવલ્લભ અવતાર।
ગોકુલપતિ પ્રકટે ફીર ગોકુલ શકલ વિશ્વ આધાર॥



સેવા ભજન બતાંય નિજજનકોં મેટયો યમ વ્યોવહાર।
કુંભનદાસ પ્રભુ ગિરિધર આયે દૈવી ઉતરે પાર॥
(૨)જય જય શ્રીવલ્લભવર અવતાર।
પ્રકટ ભયે પુરણપુરુષોત્તમ સકલ શ્રુતિન કે સાર॥
તબ હી પ્રકટ ભયે વસુદેવકે તુમ હર્યો સકલ ભૂભાર।
.................................॥
જાત બહે હે સકલ જીવ કલી ભવસાગરકી ધાર।
તિનકી બાંહ ગઈ કમલપદ રાખે પરમ ઉદાર॥
રામદાસપ્રભુ સબ ભક્તનકે જીવન પ્રાણ ઉધાર।
(૩)આનંદ ભયો શ્રીલક્ષ્મણનંદકુમાર।
ભૂપર પ્રકટ ભયે પુરુષોત્તમ જીવ કિયે ઉધ્ધાર॥
કર નિઃસાધન....................।
કૃષ્ણદાસ શ્રીહરિકી લીલા જાને જાનનહાર॥
(૪)શ્રીલક્ષ્મણઘર બજત બધાઈ।
પૂરણ બ્રહ્મ પ્રકટ પુરુષોત્તમ શ્રીવલ્લભસુખદાઈ॥
...............................।
મિટ ગયે દંદ નંદદાસનકે મનવાંછિત ફલ પાઈ॥
(૫)શ્રીવલ્લભવૃંદાવન-ચંદ।
અજ્ઞાનાધિ નિવારણ કારણ પ્રકટે આનંદ-કંદ॥
મુદિત ભયે મન દૈવી જનકે મિટત સકલ ભવ ફંદ।
મુગ્ધ ભયે મન માયિકજનકે દુષ્ટમુઢમતિમંદ॥
યોગ યજ્ઞ જપ-તપ ધ્યાના ગોચર ગુણગાવત શ્રુતિ છંદ।
કરત પાન સેવક ચકો લખ બલ બલદાસ ગોવિંદ॥
(૬)હમતો શ્રીવિટ્ઠલનાથઉપાસી।
સદા સેવૂં શ્રીવલ્લભનન્દન કહા કરુ જાય કાશી॥
ઈને છાંડ જો ઓરે ધ્યાવે સો કહિયે અસુરાંશી।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિટ્ઠલ વાની નિગમ પ્રકાશી॥
(૭)દઢ ઈન ચરણન કેરો ભરોસો।
શ્રીવલ્લભનખચંદ્ર છટા બિન સબ જગ્ માંઝ અંધેરો॥

સાધન ઓર નહિ યા કલિમેં જાસોં હોત નિવેરો।
સૂર કહા કહે દ્વિવિધ આંધરો બિના મોલકો ચેરો॥

અષ્ટછાપ વિ. ભક્તકવિઓનો ભાવ પ્રશ્નકર્તા ભાઈની માફક ફક્ત આદર આપવા પૂરતોજ બન્નેને એક માનવાનો દેખાતો નથી. તેથી કાં તો એમ કહો કે અષ્ટછાપના કીર્તનોની આખા દેશમાં પ્રચલિત કીર્તનપ્રણાલી ખોટી છે કાં તો એમ કબૂલ કરો કે પ્રશ્નકર્તા ભાઈને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતના કક્કાનું પણ ભાન નથી.

(૪૪/છ)શ્રીમહાપ્રભુની બેઠકો એકંદરે સમગ્ર ભારતમાં વિદ્યમાન તેમના જાહેર મંદિરો નહિ તો બીજું શું છે? આ બાબતમાં કોઈક સૈદ્ધાંતિક વૈપરીત્ય પણ કોઈ ગ્રંથમાં ઉપદેશાયેલ નથી. તો લોકલાગણી અને સિદ્ધાંત બન્ને જેમાં જળવાતાં હોય તેવા શ્રીમહાપ્રભુના જાહેર મંદિર કે જાહેર સત્સંગહૉલ માં હકીકતમાં શેનો વાંધો હોવો જોઈએ? એટલે કે શ્રીમહાપ્રભુનું મંદિર કે સત્સંગ-હૉલ ને કારણે પ્રશ્નકર્તા ભાઈને દુખાવો ક્યાં થઈ રહ્યો છે તે નિખાલસ શબ્દોમાં હિમ્મતસભર કબૂલ કરીને હિમ્મતનગરના વૈષ્ણવોને જણાવી દેવું જોઈએ.

ઘરસેવાનો સિદ્ધાંત પુષ્ટિપ્રભુની સેવાની બાબતમાં છે—શ્રીમહાપ્રભુની સેવા કે સત્સંગ ની બાબતમાં નહીં. જ્યાંસુધી શ્રીજી સતઘરા જે શ્રીપ્રભુચરણનું ઘર હતું તેમા પાટ ન્હોતા બિરાજ્યા અને જતિપુરાના તે મંદિરના આસપાસની જમીન શ્રીપ્રભુચરણે ખરીદીને ખાનગી માલિકીની ન્હોતી બનાવી લીધી ત્યાંસુધી તે શ્રીજીનું મંદિર પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતના અપવાદના રૂપે તે એક જાહેર મંદિર હતું. પાછળથી તો તે શ્રીજીનું મંદિર પણ અપવાદ ન્હોતું રહ્યું કે ન્હોતી શ્રીમહાપ્રભુની બેઠકો પણ પુષ્ટિસિદ્ધાંતનો અપવાદ. એટલે આ પ્રશ્નભાગમાં પ્રશ્નકર્તા ભાઈએ ઊભા કરેલા બધાજ મુદ્દાઓ ક્યાંથી આવ્યા કે ક્યાં જવું છે તેના કોઈ પણ જાતના દિશાના ભાન વિના હંકેલી ગાડી છે.



# પરિશિષ્ટ (૧)

વચોવિદં વાચમુદીરયન્તીં વિશ્વાભિર્ધીભિરુપતિષ્ઠમાનામ્।
દેવીં દેવેભ્યઃ પર્યેયુષીં ગામ્ આમાવૃક્ત મર્ત્યો દભ્રચેતાઃ॥+

(પ્રશ્નોત્તરી પાના.નં.૧૬૧ માં મારાદ્વારા કરવામાં આવેલ ખુલાસાઉપર રીસાઈને ચિ. હરિરાયજીએ જે વિરોધપ્રદર્શક એક અભિપ્રાયપત્ર નવપ્રકાશનાં સંપાદકને મોકલાવ્યો હતો તેની નકલ:)

## એક અભિપ્રાય

॥શ્રીશ્યામઃ॥

જાનીતં પરમં તત્ત્વં યશોદોત્સગલાલિતમ્।

ગો. શ્રીહરિરાયજી
(સાહિત્ય-વેદાન્ત-ન્યાય)

| | |
|---|---|
| દાઉજી મંદિર | મોટી હવેલી |
| જોધપુર (રાજસ્થાન) | જામનગર (ગુજરાત) |
| ફો.૨૧૨૩૦ | ફો.૭૭૨૧૨ |

આપકી પત્રિકાકા નયા અંક દેખા. પૂ.ગો.શ્યામમનોહરજી (મુંબઈ) દ્વારા લિખા 'પ્રશનોત્તરી લેખ' જિસ તરહ આપને છાપ દિયા દેખ કર કુછ આશ્ચર્ય હુઆ. કારણ કિ આપ સમ્પ્રદાયકે એક માન્ય પત્રકાર હૈં. અતઃ પ્રકાશનમેં કિસી ભી પ્રકારકી ઉપેક્ષાકી અપેક્ષા હમ આપસે નહીં રખતે. ઔર આપકેદ્વારા કોઈ ઉપેક્ષા કી ગઈ દેખકર આશ્ચર્ય હો ઈસમેં આશ્ચર્ય નહીં. ક્યોંકિ લેખક લોગ તો સ્વભાવસે હી કુછ અધિક સંવેદનશીલ હોતે હી હૈં. અતઃ કભીકભાર આવેશમેં, આક્રોશમેં કુછ અવિચારિત ભી લિખ ભેજેં તો આશ્ચર્ય નહીં. કભી-કભી નિરાશાકે

+ ૧. ગામ્=પૂર્વાચાર્યવાણીમ્ ૨. મર્ત્યો દભ્રચેતાઃ=ક્ષુદ્રબુદ્ધિવાળો મર્ત્ય જે— "ઉત્તમ કોટીનો અધિકારી પોતાના ઘરમાં તનુવિત્તજા કરતો હોય, તેથી કાંઈ જઘન્યાધિકારીઓએ દરિયામાં પડી જવું! મરી જવું!!" એવી બીકને કારણે પૂર્વાચાર્યોની વાણીને સ્વીકારતો ન હોય.

ક્ષણોમેં ભી એસા હો સકતા હૈ. પરન્તુ પત્રકાર લોગ અપના દાયિત્વ નિભાતે હુવે અકસર અમુદ્રણીય અંશ છોડ દેતે હૈં. પરન્તુ આપને બિના કિસી સૂચના યા સ્વીકૃતિ કે મેરા નામ સાર્વજનિક ઘોષણાકે રૂપમેં શાસ્ત્રાર્થકેલિયે છાપ ડાલા (શ્યામ મનોહરજીકે લેખકે માધ્યમસે) યહ અનુચિત હૈ. પૂજ્ય શ્યામમનોહરજી બડે હૈં, વિદ્યાવયોવૃદ્ધ હૈં, મૈંજે હુવે લેખક હૈં. વો(મેરેલિયે) કભી ભી, કહીં ભી, કુછ ભી કહ સકતે હૈં, લિખ સકતે હૈં, (સર્વતન્ત્ર) સ્વતન્ત્ર હૈં ઔર સમ્બન્ધમેં મેરે બડે ભાઈ હૈં. બડોંકી બાતેં ભી બડી હોતી હૈં. હમ ઉનકા બુરા-ભલા કુછ ભી નહીં માનતે. પરન્તુ આપ એક પત્રકાર હૈં. આપકો કમસે કમ મુઝે સૂચિત અવશ્ય કરના ચાહિયે થા. સ્મરણ રહે આપકી પત્રિકા પઞીકૃત હૈ, ઈસમેં આપ કિસીકેલિયે, કુછ ભી, નામોલ્લેખ-સહિત નહીં છાપ સકતે. ઈસ વિષયમેં આપસે કાનૂનન ભી પૂછા જા સકતા હૈ. ક્યોંકિ અભી જબ કિ મૈં પિછલે કાફી દિનોસે અસ્વસ્થ હૂઁ, મુઝસે પૂછે બિના મેરા નામ સાર્વજનિક રૂપસે શાસ્ત્રાર્થ હેતુ છાપનેસે પહલે આપકો મુઝે સૂચિત(કમ સે કમ) અવશ્ય કરના ચાહિયે થા. યહ બાત ઔર હૈ કિ (ચાહે કિસી ભી રૂપમેં) શ્યામમનોહરજીનેં મેરે બારેમેંજો અનુમાનતઃ લિખ ડાલા હૈ, ભગવત્કૃપા એવં બડોં(ઉન્હીંકે યા ઉનકે ભી)કે આશીર્વાદ તથા શુભાભિલાષ સે સહી હૈ. યહ મેરા સૌભાગ્ય હૈ. પરન્તુ બિના સ્વીકૃતિકે કિસીકે ભી નામકો સર્વસામાન્યતયા શાસ્ત્રાર્થ કે ચેલેન્જ-અર્થ પ્રકાશિત કર દેના જરા ગૈરજિમ્મેદારાના સા લગતા હૈ. ફિરભી હમ છોટે હૈ., આપ લોગ બડે હૈં ઔર બડોંકી સેવાકેલિયે હમેં હર સમય સન્નદ્ધ રહના હી ચાહિયે ઔર પ્રભુકૃપાસે હૈં ભી. વૈસે 'ન વયં કવયસ્તુ...' તથાપિ અબ જબકિ પૂ.શ્યામમનોહરજીને અપની સ્થિતિ સ્વયં હી સ્પષ્ટ કર દી હૈ, શાસ્ત્રાર્થકા તો સવાલ હી નહીં રહતા (પહલે ભી કબ થા?) ક્યોંકિ શ્રીશ્યામમનોહરજી શાંકરવેદાન્ત તથા



સર્વશાસ્ત્રોં કે ઉત્કૃષ્ટ વિદ્વાન્ હૈં, ઈસમેં દો રાય નહીં 'યહ હમેં માલૂમ હૈ (જન્નતકી હકીકત) લેકિન' સાર્વજનિક રૂપસે પત્ર-પત્રિકાઓંકે માધ્યમસે તૂ...તૂ મૈં...મૈં મેં મૈં વિશ્વાસ નહીં કતા.

અબ રહા પ્રશ્ન પ્રકૃત વિષયપર વિચાર-વિમર્શકા તો યહ સહી હૈ કિ ઈસસે હમારે સૈદ્ધાન્તિક મતભેદોંકા સમાધાન હો સકતા હૈ! કારણ કિ પ્રસ્તુત મતભેદોં કે પીછે કોઈ રાગદ્વેષકી ભાવના નહીં હૈ. ઈસીલિયે પત્ર-પત્રિકાઓંકે માધ્યમસે ઉત્તર-પ્રત્યુત્તર પ્રકાશિત કરકે જનસામાન્યમેં અકારણ કૌતુહલ જગાનેકે પક્ષમેં હમ નહીં હૈં. તથાપિ આપ બડોંકી યદિ યહિ ઈચ્છા હો તો હમેં તો આજ્ઞાકા પાલન કરના હી હૈ.

હમકો તુમ્હારે ઈશ્કને ક્યા ક્યા બના દિયા,
જબ કુછ ન બન સકે તો તમાશા બના દિયા.

પરન્તુ ઈસ તૂ...તૂ...મૈં...મૈં મેં હમારી રુચિ નહીં. ક્યોંકિ ઈસકા પરિણામ '૦' હોતા હૈ. ઉલ્ટા હમારે આચાર્ય-ઉપાચાર્ય વ ઉનકી પરમ્પરાઓંકે વિષયમેં આવેશજન્ય અનર્ગલ ભાષાકે પ્રયોગકા ખતરા રહતા હૈ. ઔર અનર્ગલ (પ્ર)લાપકા કાર્ય એસા હૈ કિ ઈસમેં કેવલ સાહસ હી નહીં વરન્ મહાસાહસ ચાહિયે. જો હમમેં નહીં હૈ. ક્યોંકિ હમ છોટે હૈં. યદિ 'તુષ્યતુ દુર્જનઃ' ન્યાયસે હમ કિસી(કી) તરહ મહાસાહસિક બન ભીજાવેં તો સજ્જન લોગ હમારી ઉપેક્ષા હી કરેંગે, ઈસમેં સંશય નહીં. ક્યોંકિ યહી સદાચાર હૈ. તથાપિ બિના સ્વીકૃતિ શાસ્ત્રાર્થાર્થ નામોલ્લેખ પ્રકાશિત કરનેકા જો નુસ્ખા આપને આજમાયા હૈ, વહ ચાહે કુછ ન્યૂન હી સહી...એક તરીકા અવશ્ય હો સકતા હૈ કુછ નિકાલને કા... ખુદાકા શુક્ર હૈ, હમ અપની શરાફતમેં કૈદ હૈં, ગોયા...સમઝલો કિ યહ ઉનકી ખુશનસીબી હૈ.

ચૂઁકિ કે આપકે ઈસ પ્રયત્નકે પીછે કોઈ દુર્ભાવના નહીં હૈ અતઃ મૈં ઈસે અન્યથા નહીં લેતા.

'પરિહાસવિજલ્પિતં સખે પરમાર્થેન ન ધીયતાં વચઃ'.

—આપકા શુભચિન્તક : ગો. હરિરાયઃ

(ન તો મેં ચિ.હરિરાયજીને કોઈ શાસ્ત્રાર્થની ચેલેંજ આપી હતી કે ન મેં કોઈની સાથે તેઓ શાસ્ત્રાર્થ કરશે, એવી કોઈ ગેરજિમ્મેદારીભરેલી જાહેર ઘોષણા કરી હતી. ''યદા કિંચિન્જ્ઞોહં દ્વિપઈવ મદાંધઃ સમભવં''ન્યાયે કોઈને શાસ્ત્રાર્થની અસહ્ય ચળ સતાવી રહી હોય તો, તેથી નાહકમાં મારી કે મારા પણ વડીલોની શુભાશીષ પોતાનાઉપર છે, એવી ભ્રમણા રાખીને શાસ્ત્રાર્થમાટે સન્નદ્ધ હોવા છતાંય શરાફતમાં પોતાના કેદ હોવાની વાત તો, શરાફતને કેદખાના માનવાની વૃત્તિ એટલે કે ગુનાખોરીની લાક્ષણિક માનસિકતાનું ઉઘાડે ચોક પ્રદર્શન નહિ તો બીજું શું? તે છતાંય જે જવાબ મેં આ પત્રનો આપ્યો હતો તે આમુજબ છે:)

ગો.શ્રીરસિકરાયજી,
નમસ્કાર.

'નવપ્રકાશ' માસિકમાં પ્રકટ થતી 'સેવાનો...પ્રકાર' લેખમાલામાનાં અમુક વિધાનોની બાબતમાં જોધપુર-જામનગરવાળા મહાકવિ ચિ.ગો.શ્રીહરિરાયજીની કવિજનોચિત લાગણીપ્રધાનતાને પ્રકટ કરતો પ્રતિભાવ વાંચવા મળ્યો. જોકે આપે પોતાના વતી તેનો ખુલાસો આપ્યો છે, જે મને સર્વથા માન્ય છેજ, છતાંય બે-ચાર વાતો મારે વધુમાં કહેવી છે :—

(૧)ચિ.શ્રીહરિરાયજીમુજબ લેખકો સંવેદનશીલ હોવાથી આવેશ આક્રોશ અને નિરાશા માં ઘણી વખતે અનુચિત લખાણ લખી મોકલાવતા હોય છે.

જો આ વાત, બધા લેખકોના સ્વભાવના સામાન્ય નિયમરૂપે કહેવાણી હોય તો, જેઓ લેખક હોવા ઉપરાન્ત ('શાયર' કે મહા)કવિ પણ હોય; તેમનામાટે પણ સાચી બલ્કે વધારે સાચી હોવી જોઈએ. પરંતુ જો મારા જેવા અમુક ચોક્કસ લેખકોનાજ સ્વભાવના વર્ણનરૂપે કહેવાણી હોય તો મારે સ્વીકાર કર્યા વિના છૂટકોજ નથી કે આ એક હકીકત છે. હા, ખરેખર, મારા હૃદયમાં આપણા પુષ્ટિમાર્ગમાં પેસેલા ધંધાકીય ભગતીના ભવાડાના સદાનેમાટે



અતિશય આવેશ આક્રોશ અને નિરાશા ના પણ ભાવો છેજ. જેઓ, પરંતુ, આમા સંડોવાઈ કે સપડાઈ ગયા છે, તેઓનેમાટે સહાનુભુતિ-સંવેદનાની લાગણી તો છે; પરંતુ આક્રોશ આવેશ કે નિરાશા લેશમાત્ર નથી. કેમકે મને લાગે છે કે વિવાદાસ્પદ વિષયના દરેક પાસાની સરખી વિચારણા કરતાં આજે નહીં તો કાલે, આ વિકૃતિને તેઓ દૂર કરી શકશે. શ્રીગુંસાઈજીએ, કેમકે, બે વાતો અતિશય અગત્યની લખી છે:—

(૧)અસ્મત્કુલં નિષ્કલંકં યત્ કૃષ્ણેન આત્મસાત્ કૃતમ્.

(૨)ભુવિ ભક્તિપ્રચારૈક કૃતે સ્વાન્વયકૃત્.

મારી આ પ્રબલ નિષ્ઠાને કારેણજ હું ધંધાકીય ભગતીના ભવાડાને જેટલી બને તેટલી વહેલી તકે ખતમ થયેલો જોઈ પુનઃ શુદ્ધ-શુદ્ધ પુષ્ટિભક્તિની પ્રતિષ્ઠાના દર્શન કરવા લાલાયિત છું. શ્રીમદાચાર્યચરણ-શ્રીપ્રભુચરણ વિ. પૂર્વાચાર્યોના ગ્રંથોને, પરંતુ, વાંચી-સમજી શકે તેવા વિદ્વાનોજ જો સિદ્ધાંતચર્ચાને ''સાર્વજનિકરૂપે પત્ર-પત્રિકાઓમાં કરવામાં આવતી તૂ-તૂ મૈં-મૈં'' અથવા ''સજ્જનોદ્વારા ઉપેક્ષણીય મહાસાહસ'' તરીકે આલેખતા હોય તો નિરાશાની લાગણી સ્વાભાવિક રીતે મારા હૃદયમાં ઘર કરી બેસે છે.

આ વૈચારીક ભાગેડુપણું આપણને, કાલે, શ્રીવિશ્વનાથ મંદિરના દ્વારઉપર ચોંટાડેલ 'પત્રાવલમ્બન' ગ્રંથને પણ 'સાર્વજનિક તૂ-તૂ મૈં-મૈં તરીકે આલેખવા કદાચ પ્રેરીત ન કરે તો સારૂં.

(૨)આ કાંઈ મારું મિથ્યા દૈન્યાડંબર નથી પરંતુ એક હકીકત છે કે હું પોતાની બાબતમાં ઉત્કૃષ્ટ કોટીનો વિદ્વાન્ હોવાનો દાવો કરતો નથી.

જેઓને, પરંતુ, ભગવત્કૃપા કે અન્ય કૃપાને કારણે તેવા વિદ્વાન્ હોવાનો આત્મવિશ્વાસ છે તેઓમાં જો ''આચાર્ય ઉપાચાર્ય અને તેમની પરંપરાની બાબતમાં અનર્ગલ ભાષાના પ્રયોગ'' કર્યા વિના શુદ્ધ-શુદ્ધ સિદ્ધાંત કહી કે લખી શકવાની સામર્થ્ય કે આત્મવિશ્વાસ ન હોય તો આપણા

સમ્પ્રદાયનું આથી વધુ દુર્ભાગ્ય બીજું કયું હોઈ શકે? જો મારા લખાણોમાં આપણા માર્ગના આચાર્યો ઉપાચાર્યો અને તેમની પરંપરાને માટે અનર્ગલ ભાષાનો પ્રયોગ કે પ્રલાપ થઈ રહ્યો હોય તો શુદ્ધ-શુદ્ધ સિદ્ધાંત દોષરહિત ભાષામાં કેવી રીતે કહી-લખી શકાય તેનું ઉદાહરણ સ્થાપિત કરવામાટે શું વૈષ્ણવ-જનતા બીજા વિદ્વાન્ લેખકો, વિષેશતઃ સાહિત્ય ન્યાય વેદાન્ત આદિ શાસ્ત્રોમાં નિષણાતો, ની અપેક્ષા ન રાખે તો કોની અપેક્ષા રાખે!

(૩)ચિ.શ્રીહરિરાયજીએ લખ્યું છે ''પૂ.શ્યામમનોહરજીએ પોતાની સ્થિતિ પોતે સ્પષ્ટ કરી દીધી છે તેથી શાસ્ત્રાર્થનો તો સવાલજ રહેતો નથી''. આ તો હકીકત છેજ, કેમકે ષટ્દર્શન પૈકી કોઈ પણ શાસ્ત્રમાં શાસ્ત્રાર્થ કરવા મને મૌખિક સંદેશાઓ અને નનામા પત્રો મોકલવામાં આવે છે. તેથી મને મારા 'વિદ્યાધ્યયન' કહો કે 'પાંડિત્ય' કહો કે 'જ્ઞાન' કહોનો ઑડિટેડ ઍકાંઉટ આપવો પડ્યો. તેમાં નથી કોઈ જાતનું મિથ્યા દૈન્ય કે નથી કોઈ જાતનો મિથ્યા દર્પ. તે લખી જણાવવાનો સ્પષ્ટ હેતુ પણ એકજ કે મારા નગણ્ય પાંડિત્ય સાથે પ્રતિસ્પર્ધા કરવામાં કોઈનો કિમતી સમય વેડફાઈ ન જાય. કેમકે જ્યારે મનેજ મારા પાંડિત્યમાં વિશ્વાસ ન હોય અને હું તેવો દાવો પણ જો કરતો ન હોવું તો શામાટે મને કેંદ્રમાં રાખીને કોઈ પણ ચર્ચા કે વિચારણા થવી જોઈએ? હું આ ચર્ચા વિચારણા વિવાદ કે કલહ જે કાંઈ કરી રહ્યો છું તે કોઈને મારા પ્રતિસ્પર્ધી ગણીને નહીં(કે જેથી મારી ભીતર આવેશ આક્રોશ કે નિરાશા નો સવાલ ઊભો થાય). ફકત ગ્રંથોક્ત સિદ્ધાંતો શું છે અને ચાલુ અપસિદ્ધાંતો શું છે, તે બેજ વાતોને લક્ષ્યમાં રાખીને વિચારણા કરવા માગું છું.

ષટ્દર્શનના પાંડિત્યની બાબતમાં જેમ મને મારી વિદ્વત્તામાં પૂર્ણ વિશ્વાસ નથી, તેમ તેથી વિપરીત શ્રીમહાપ્રભુના ગ્રંથોક્ત સિદ્ધાંતોની બાબતમાં સમ્પૂર્ણ અને સમ્પૂર્ણથી



લેશમાત્ર ઓછો નહિ, તેવો આત્મવિશ્વાસ છે કે હું કોઈ પણ જાતની ખોટી રજુઆત નથી કરી રહ્યો. તે છતાંય કોઈ સાહિત્ય ન્યાય વેદાન્તાદિ દર્શનોના વિદ્વાનો મને મારી ભૂલ સમજાવે તો તેને સુધારવાની સમ્પૂર્ણ માનસિક્તા સાથે હું ચેલેંજ આપી રહ્યો છું કે કોઈ પુરવાર કરી આપે કે મેં સિદ્ધાંતની વ્યાખ્યા કઈ રીતે ખોટી કરી છે!

(૪)ચિ.શ્રીહરિરાયજી વતી મેં કોઈ શાસ્ત્રાર્થની ચેલેંજ આપવાની ગેરજિમ્મેદાર કાર્યવાહી કરી નથી. મારો તેવો આશય કે તેવી ભાષા પણ નથીજ. ગુજરાતી ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવનારને પણ આ તો સમજમાં આવી શકે તેવી સ્પષ્ટ વાત છે. મેં તો ફકત મારી અસમર્થતા અને ચિ.હરિરાયજી વિગેરે બાળકોની પ્રશંસા એટલે કે સમર્થ વૈદુષ્યનો ઉલ્લેખ કરીને એ લખી જણાવ્યું કે જેને શાસ્ત્રાર્થ કરવાની ખૂબ ચળ હોય તે આવા સમર્થ વિદ્વાનો સાથે બાથ ભિડીને પોતાની ચળ મટાડી શકે છે. આમાં આવેશ આક્રોશ નિરાશા કે નિંદા જેવી કોઈ વાત મને તો લાગતી નથી. તે છતાંય ''જહાં ન પહોંચે રવિ તહાં પહોંચે કવિ''ને માઠું લાગ્યું હોય તો હું ક્ષમાપ્રાર્થી છું.

અલબત ચિ.શ્રીહરિરાયજીના પત્રઉપરથી મારા લખાણમાં રહેલી એક ત્રુટી મને સ્પષ્ટપણે સમજમાં આવી છે. મે મારી ધારણામુજબ ચિ.શ્રીહરિરાયજીને સાહિત્ય-વ્યાકરણના વિદ્વાન્ તરીકે વર્ણવ્યા હતા; પરંતુ હવે તેમની પોતાની કલમથી તેઓએ પોતે સાહિત્ય-ન્યાય-વેદાંતના ફકત વિદ્વાનજ નહિ પરંતુ (ભૂલતો ન હોવું તો) ''પ્રતિવાદિ-વારણ-પ્રકટાટોપ-વિપાટનક્ષમ'' પણ છે, તેમ કહેવા માગે છે. આ હકીકતનું જેમ મને પહેલા જ્ઞાન ન્હોતું, તેમજ આ ખુલાસા મેળવ્યા પછી આની બાબતમાં મને કોઈ વિપ્રતિપત્તિ કે સ્પર્ધા પણ નથીજ. ચિ.હરિરાયજીમાં રહેલ ''પ્રતિવાદિ-વારણ-પ્રકટાટોપ-વિપાટનક્ષમતા'' ની

સાથો-સાથ તેમને આયુ આરોગ્ય સુખ સૌમનસ્ય તેમજ સ્વસમ્પ્રદાયની સર્વવિધ સેવા કરવાનો ચિરસામર્થ્ય પુષ્ટિપ્રભુ પ્રદાન કરે !

કોઈપણ સંજોગમાંજે હકિકત મારા ધ્યાન બાહેર રહી ગઈ, તેને કારણે ચિ.હરિરાયજીને આત્મગુણાનુવાદ કરવાનો પરિશ્રમ લેવો પડ્યો, તે તકલીફ મારા કારણે પડેલી હોવાથી, જાહેરમાં હું ક્ષમાયાચના આ પત્રદ્વારા કરી રહ્યો છું.

જો ચિ.શ્રીહરિરાયજીએ સીધો પત્ર મને લખ્યો હોત તો આ ક્ષમાયાચના-પત્ર હું ત્યાં મોકલાવત; પરન્તુ કેમકે તેમનો પત્ર આપે જાહેરમાં છપાવ્યો છે, તેથી આ ક્ષમાયાચનાને આપની પત્રિકામાં પ્રકાશિત કરશો તો આભારી બનીશ. અન્યથા મારા વતી એમને મોકલવાની તસ્દી લેશો તોય પુષ્કળ આભારી બનીશ...

લી.

તા. ક. ગો.શ્યા.મ.

આ 'પરિહાસવિજલ્પિત' નહીં પરન્તુ
'પરિભાવવિભાવિત' લખાણ છે.

(આના પછી તો જાહેર સભાઓમાં તેમજ મૌખિક રૂપે અવાર-નવાર સંદેશાઓ મને મળતા રહ્યા કે ચિ. હરિરાયજી(જામનગર), શ્રીવ્રજરમણજી(મથુરા), શ્રીવલ્લભરાયજી(સુરત) અને શ્રીકલ્યાણરાયજી(ઇંદોર) આ સહુ મળીને શાસ્ત્રાર્થ કરીને પ્રચલિત સેવાપ્રકારની સિદ્ધાંતાભિમતતા સિદ્ધ કરવા તૈયાર છે. સ્વમાર્ગીય સિદ્ધાંતો કરતા વકાલતના અધ્યયનમાંજ સમય વેડફીને તે ચાલી નહિ એટલે માહારાજિયતમાં જેઓને પાછી પાની કરવી પડી એવા, મારા પિતરાઈ ભાઈ વ્રજાધીશજીને આગળ કરીને યદ્વા-તદ્વા નાશિકનાં સિંહસ્થના આયોજનમાં વક્તવ્યો અપાવવામાં આવ્યા. ત્યારે તેને સહર્ષ સ્વીકારીને હું ચર્ચાસભાના સ્થળ-દિવસની ઘોષણા કરવા જતો હતો, ત્યારે આ વિવાદનો સુમેળભરેલો કાયમી નિવેડો લાવવા કેટલાક નવયુવક ગોસ્વામિઓએ પોતે આયોજક બની અને મધ્યસ્થતા કરવાની ઉત્સુકતા દેખાડી. તેમાં મને કોઈ વાંધો ન્હોતો; છતાંય તેઓથકી જે-જે શરતો



મને જણાવવામાં આવી તેમને અનુસરવામાટે મેં મારી સૈદ્ધાંતિક સમજની આધારભૂત વચનાવલી તૈયાર કરી બધાને મોકલાવી કે જેથી મતભેદ ધરાવનાર કે નિખાલસ ચર્ચા કરી નિવેડો લાવવા માંગતી કોઈ પણ વ્યક્તિને ચર્ચાસ્પદ મુદ્દાઓનો એટલે કે એજેંડાનો બરાબર ખ્યાલ આવી જાય. અને તે પછી વિચારણાર્થ તે વચનાવલીનો ભાવાનુવાદ તૈયાર કરીને પણ અગાઉથી મોકલાવી દીધો, એ શરત સાથે કે સિદ્ધાંતચર્ચાસભામાં મતભેદ ધરાવનારે પોતાનો ભાવાનુવાદ રજૂ કરવો પડશે. તેમાં ભવાડો એવો થયો કે કેટાલક ગો. બાળકોએ તો કહ્યું આવી સભામાં સંમિલિત થવું આત્માપમાન છે. બીજા જે મતભેદ રાખનાર માંડ-માંડ આવ્યા તે પણ પોતાનો ભાવાનુવાદ લાવી શક્યાજ નહીં. કોઈકને મલેરિયા તો કોઈકને જ્વર તો કોઈકને માથાનો દુખાવો થઈ ગયો. છેવટે ઉપપત્તિઓના આગળ-પાછળ લગાડેલ સંપુટોસહિત વિસ્તૃત અનુવાદ, તે પણ કાગળઉપર નહીં બલ્કે પોતાના દીમાગમાંજ ગોઠવી(!)ને લાવનાર ચિ.હરિરાયજી, જેઓ પરિપત્રો અને પ્રારંભિક વક્તવ્યો માં ઓલરેડી આપવામાં આવેલ ખુલાસાઓ, બગડેલ રેકૉર્ડની માફક, માંગી-માંગીને ચર્ચાસભાનો સમય વેડફવા માંગતા હતા, તેમને આમ કરતાં રોકવામાટે ભાવાનુવાદ વિનાજ, છૂટ આપવામાં આવી કે મારા ભાવાનુવાદમાં તેઓ ત્રુટી દેખાડે. આ છૂટ જોકે આપવી ન્હોતી જોઈતી છતાંય આપવામાં આવી. તેમાં કરેલા ભવાડાની વિગતો 'વિસ્તૃત-વિવરણ'માં વાંચી લેવી. અંતે કોઈ પણ ચર્ચામાં પોત-પોતના પક્ષોની સ્પષ્ટ રજુઆતની પ્રાથમિક આવશ્યકતા તો હોયજ છે તેને લક્ષ્યમાં રાખીને "જો હરિરાયજી પક્ષગ્રહણ નહિ કરે તો આગળ ચર્ચા હું નહીં કરૂં" તેવા મક્કમ નિર્ધારવાળી ઘોષણા કરવી પડી. એટલે ચિ. હરિરાયજીને, પક્ષગ્રહણમાં, પોતાને અનભિપ્રેત કબૂલાતો કમને કરવી પડી! જોકે પૂર્વજણાવેલ નિયમાવલીના નિયમ ૯-૧૦ મુજબ તે અનિવાર્ય હતુંજ છતાંય પક્ષગ્રહણને પોતાનાઉપર બલાત્કાર કરવામાં આવી રહ્યો છે એવો વલોપાત કરીને છેવટે પક્ષગ્રહણ કરવું પડ્યું. તેથી ઉઘાડા પડેલ ધબડકાને કારણે ચિ.હરિરાયજીને અંતે ચર્ચા સ્થગિત કરાવી પડી. પછી તો હાર્યો જુગારી બમણો રમેની મનોવૃત્તિ દાખવતાં સભામાં પોતે કરેલી રજુઆતમાટે 'પુ.સિ.સં.શિ.'પદવી પૂ.પા.ગો.તિ.મહારાજશ્રી અને પૂ.પા.શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી પાસેથી લઈ લીધી! નવયુવક ગો. બાળકોના સંવાદસ્થાપકમંડળે આપત્તિ પ્રસ્તુત કરતા, મારે ઘરે મંડળનાં સદસ્યો અને અમારા બન્નેની સહીઓ સાથે ખુલાસાપત્ર પણ મને આપી દીધો. આમ જેમ-તેમ જાન છોડાવીને સૌરાષ્ટ્રમાં પાછા માન મેળવવાની સંમાનસભાઓ ગોઠવવા મંડ્યા તેનો અહેવાલ : )

**સંદેશ : રાજકોટ તા.૧૯-૨-૯૨ જામનગર : વ્રજભૂષણલાલજી મહારાજના ૭૩માં પ્રાગય દિનની ભવ્ય ઉજવણી :—**

...ઉપલક્ષ્યમાં યોજેલ શ્રીભાગવત સુધારસ સત્રનાં અધ્યક્ષસ્થાને શ્રી...મહારાજ બિરાજ્યાં હતા. આ સત્રનો વૈષ્ણવોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. મુંબઈમાં ધર્માચાર્યોની સભામાં થયેલ શાસ્ત્રાર્થ પ્રસંગે જામનગર મોટી હવેલીનાં શ્રીહરિરાયજી મહારાજને શ્રીટીકાયતશ્રી (નાથદ્વારા) તથા શ્રીવ્રજરત્નલાલજી મહારાજ (સુરતવાળા) તરફથી ''પુષ્ટિસિદ્ધાંત સંરક્ષણ શિરોમણી'' ની ઉપાધી અપાયેલ તેનાં અનુસંધાને પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે જામનગર વૈષ્ણવ સમાજ તરફથી કૃષ્ણશંકર શાસ્ત્રીજીનાં હસ્તે સન્માનપત્ર અર્પણ કરાયેલ હતું. આ પ્રસંગે શ્રીવિટ્ઠલનાથજી મહારાજ, આણદાબાવા આશ્રમનાં મહંત શ્રીદેવીદાસજી તેમજ મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તો ઉપસ્થિત રહ્યા હતાં.

(સંદેશ : રાજકોટ-૧૯-૨-૯૨થી સાભાર).

(તેથી મારે ન છુટકે ઉપર જણાવેલ પત્ર પ્રકાશિત કરાવવો પડ્યો : )

ફૂલછાબ (રાજકોટ) તો.૨૧-૩-૯૨

**''પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો જોગ''**

**(પુષ્ટિસિદ્ધાંતસંરક્ષણશિરોમણિ : એક હકીકત)**

**।।શ્રીમદનમોહનપ્રભુર્વિજયતે।।**

તા.૧૦,૧૧,૧૨ અને ૧૩ જાન્યુઆરી' ૯૨ને વિશ્વકર્મા બાગ પાર્લા, મુંબઈમાં ગોઠવવામાં આવેલ પુષ્ટિસિદ્ધાંતચર્ચાસભામાં સિદ્ધાંતચર્ચામા અમો બંનેજણાઓએ ભાગ લીધો. આ સભા ઠરાવેલ સમયની ભીતર પૂરી થઈ શકી નહિ. ''સિદ્ધાંત વચનાવલી''માં રાખવામાં આવેલ તેર વિષયો પૈકી ૨,૩,૪,૫,૬,૭,૧૧ અને ૧૩માં મથાળાવાળા વચનોઉપરજ ચર્ચા થઈ શકી હતી. આ વચનો જે સંશયો ઊભા થાય છે તેમાં પૂર્વપક્ષ કે ઉત્તરપક્ષ ને સામે લાવવા રજૂ કરવામા આવ્યા હતા. તેમાં પોત-પોતાના પક્ષોની રજુઆતજ ફકત થઈ શકી હતી, સિવાય કે બીજા વિષયની ચર્ચાનિ. આ બીજા વિષયની ચર્ચા થોડીક આગળ વધીને



પોત-પોતાની દલીલો આપવા સુધી પહોંચી હતી. છતાંય કોઈ પણ વિષયની ચર્ચા નિષ્કર્ષ સુધી તો પહોંચીજ ન હતી. તેવી સ્થિતિમાં સમાદરણીય ગો.તિ.શ્રીગોવિંદલાલજી અને સમાદરણીય ગો.શ્રીવ્રજરત્નલાલજ દ્વારા આપવામાં આવેલ અભિનંદન કોઈ પણ નિર્ણય બાબત પ્રમાણ તરીકે ગણી શકાતું નથી. તો પણ જ્યાં સુધી લાગતા-વળગતા કોઈ પણ મહાનુભાવદ્વારા આ અભિનંદનપત્રને જનતામાં પ્રકાશિત નહિ કરવામાં આવે ત્યાં સુધી આ હકીકતને અમો ગુપ્ત રાખીશું, પણ જો કોઈ પણ રીતે આને જાહેર કરવામાં આવે તો પોત પોતાના અભિપ્રેત અર્થઘટન સાથે આને જાહેર કરી દેવા અમો બંને સ્વતંત્ર રહીશું.

આથી અભિનંદન મેળવનાર ગો.શ્રીહરિરાયજીએ પોતે અભિનંદનની પ્રમાણિક ઝેરોક્સ પ્રત ગો.શ્રીશ્યામમનોહરજીને આપી છે.

આ બાબતમાં અમો બંને પોત પોતાની સહમતિ આ થકી આપી રહ્યા છીએ.

ગો.શ્યામ મનોહર — ગો. હરિરાયજી

૧૫ જાન્યુઆરી ૯૨ — ૧૫-૧-૯૨

ગો.નીરજકુમાર, ગો. યોગેશ, ગો.શરદ, ગો.પંકજ, ગો.વ્રજેન્દ્ર, ગો.ભૂષણ

(હિન્દીમાં લખેલ પત્રનો ગુજરાતીમાં તર્જુમો)

પ્રકાશક : ગો.શ્યામમનોહર

સૌજન્ય : ડી.વીરેન્દ્રકુમાર એન્ડ કું.

(ફૂલછાબ : તા.૨-૩-૯૨થી સાભાર)

(આમ 'પુ.સિ.સં.શિ.'પદવીના સૌરાષ્ટ્રમાં વગાડવામાં આવતા પોકળ નગાડાઓની પોલંપોલ ઉઘાડી પડી જતા જે નિવેદન બહાર પાડવામાં આવ્યું તે આમુજબ છે : )

**સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોજોગ**

**—: જાહેર નિવેદન :—**

આથી સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને સૂચિત કરવામાં આવે છે કે આજની સામાજિક તથા કાયદાકીય વિષમ

પરિસ્થિતિથી ભયભીત બની જ્યારે સિદ્ધાંતનિષ્ઠાના નામે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતવચનોનું સ્વાર્થસિદ્ધિમાટે ખોટું અર્થઘટન કરવાની પ્રવૃત્તિ તીવ્ર બની છે ત્યારે સાચો અર્થ વૈષ્ણવ સમાજ સમજે તેવા શુભ હેતુથી મુંબઈના બાર યુવા ગોસ્વામી બાળકોએ તાજેતરમાં ''સંવાદ સ્થાપક મંડળ''ના નામે વિશ્વકર્માબાગ મુંબઈમાં તા. ૧૦,૧૧,૧૨, - ૧૩જાન્યુઆરી'૯૨ના ચાર દિવસ સુધી પુષ્ટિસિદ્ધાંત-ચર્ચાસભાનું જાહેર આયોજન કર્યું હતું. આ ચર્ચાસભામાં પૂ.પા. ગો. શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-મુંબઈ) સાથે ગો. હરિરાયજી જામનગરની એટલે કે મારી વિસ્તૃત ચર્ચા થવા પામી હતી. આ ચર્ચાની સાચી હકીકત વૈષ્ણવો સુધી પહોંચે તેવા શુભ હેતુથીજ સંવાદ સ્થાપક મંડળદ્વારા આ સભાની ઓડિયો-વીડિયો રેકૉર્ડિંગ કરવામાં આવેલ છે. જોકે એ રેકૉર્ડિંગ હજી સુધી મને ખુદને પણ આપવામાં આવી નથી. તે કારણ શંકા ઉપજાવે છે. છતાં જ્યાં સુધી મિનટે-મિનિટની આ રેકૉર્ડિંગ સેંસર થયા વગર તથા મારી સહમતિસહિત પ્રકાશિત ન થાય ત્યાં સુધી આ સભામાં વ્યક્ત થયેલ મારા મંતવ્ય વિશે કોઈ પણ મહાનુભાવ, મંડળ, અગર તો પોતે સંવાદ સ્થાપક મંડળ પણ કોઈ પણ જાતની પત્રિકા, રિપોર્ટ, અથવા તો મંતવ્ય પ્રકાશિત કરે તો તે મારી દૃષ્ટિએ પ્રામાણિક નથીજ. એટલામાટે સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ આ ચર્ચાસભાની હકીકત જાણવી હોય તો તેની ઓડિયો-વીડિયો રેકૉર્ડિંગ (જો સેંસર ન થઈ હોય તો)એકમાત્ર સાચો ઉપાય છે. દરમ્યાન જો રેકૉર્ડિંગ (સેંસર થયા વગર) સંવાદ સ્થાપક મંડળદ્વારા મને પ્રાપ્ત થશે તો હું અતિશીઘ્ર વૈષ્ણવ સમાજમાટે તે પ્રસારિત કરીશ. જેથી સમાજમાં ખોટી ભ્રમણા ફેલાવાતી અટકાય અને લોકો સાચી હકીકત જાણે.

નોંધ : આ શાસ્ત્રચર્ચામાં પૂ. શ્યામમનોહરજીથી હું પરાજિત થયો છું સહમત થયો છું કે અસહમત થયો છું જે થયો છું તે આ વીડિયો ફિલ્મ દ્વારા(જો સેંસર ન થઈ



હોય તો) શીઘ્રાતિશીઘ્ર લોકો નજરો-નજર નિહાળે, જાણે અને માણે એવી શુભકામના સાથે.

લેખિત અભિપ્રાય આવકાર્ય છે.

ગો. હરિરાયજી મહારાજ
મોટી હવેલી, શ્રીવલ્લભાચાર્ય માર્ગ,
જામનગર-૩૬૧૦૦૧

તા. ૧૪-૪-૯૨

સૌજન્ય : અતુલ તન્ના તથા સહયોગી વૈષ્ણવો વિલેપાર્લે(મુંબઈ)
(મુંબઈ સમાચાર : ૧૯-૪-૯૨ થી સાભાર)

(આવી કુટિલ ભાષાવાળી જાહેરાતના અનુસંધાનમાં સંવાદ સ્થાપક મંડળે જે જવાબી જાહેરાત છાપી તે આમુજબ હતી :)

જયહિંદ તા.૯-૫-૯૨

**સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો જોગ**

## 'જાહેર નિવેદન'

પુષ્ટિમાર્ગનાં કેટલાક સિદ્ધાંતોનાં સાચા સ્વરૂપના વિષયમાં પાછલા થોડા વખતથી વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદ દૂર થાય અને અનુયાઇઓને સાચો માર્ગ દેખાય એવા સદ્‌હેતુથી મુંબઈમાં અમો કેટલાક યુવા આચાર્યવંશજોએ તા. ૧૦થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન એક ચર્ચાસભાનું આયોજન કરેલ. ચર્ચાસભામાં મુખ્ય ચર્ચા ગો.શ્રીશ્યામમનોહરજી (કિશનગઢ-પાર્લા) તેમજ ગો.શ્રીહરિરાયજી (જામનગર) વચ્ચે થઈ પરન્તુ વિચાર્ય વિષયોની જટીલતાને કારણે સમય ઓછો પડતા ચર્ચા અધૂરીજ છૂટી ગઈ. અધૂરી ચર્ચાને ફરી એક બીજી ચર્ચાસભામાં પૂર્ણ કરવાના સંકલ્પ સાથે સભા સમાપ્ત થઈ હતી.

ચર્ચા અધૂરીજ છે; એવી અમારી ઘોષણા હોવા છતાં, સમ્પ્રદાયના પદવૃધ્ધ પ્રધાન પીઠાધીશ તિલકાયત ગો.શ્રીગોવિંદલાલજી (નાથદ્વારા-મુંબઈ) તેમજ વિદ્યાવયોવૃધ્ધ ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજ (સુરત), કે જેઓ સિદ્ધાંતનિર્ણયની સભામાં ક્ષણવાર પણ ઉપસ્થિત થયા ન હતા (મુંબઈમાંજ હોવા છતાં) કે ન તો તેઓ ને

સભાની રેકૉર્ડિડ કેસેટો આપવામાં આવી હતી, તેમણે ગો.શ્રીહરિરાયજીને તા.૧૫-૧-૯૨ ના રોજ શુભાભિનંદન પત્ર આપ્યું. આ શુભાભિનંદન પત્ર તેઓએ અમારાદ્વારા આયોજિત ચર્ચાસભામાં શ્રીહરિરાયજીએ તથાકથિત વિહિત સિદ્ધાંતપક્ષનું પ્રતિષ્ઠાપન કર્યું તે સંદર્ભમાં આપેલ. પરન્તુ હકીકતમાં તો ચર્ચાજ અધૂરી રહી હોવાથી તેઓએ આપેલ શુભાભિનંદન પત્ર કુટીલતાપૂર્ણ તેમજ અનૈતિકતા ભર્યું હોવાથી અપ્રામાણિકજ કહેવાય, આ હકીકતને ધ્યાનમાં લઈને અમારા અનુરોધથી એક સ્પષ્ટીકરણ લખવામાં આવ્યુ કે જેમાં લખવામાં આવેલ કે "કોઈપણ પ્રકારના નિષ્કર્ષ સુધી ચર્ચા પહોંચી ન હતી, તે સ્થિતિમાં સમાદરણીય ગો.તિ.શ્રીગોવિંદલાલજી તથા સમાદરણીય ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજ દ્વારા આપવામા આવેલ શુભાભિનંદન કોઈ પણ બાબતે નિર્ણયિકતાનો પ્રમાણ બની નથી શકતું"(ગુજરાતી અનુવાદ). આ સ્પષ્ટીકરણના સમર્થનમાં, જેમને ઉપરોક્ત શુભાભિનંદન આપવામા આવેલ તેવા, શ્રીહરિરાયજીએ પોતાના હસ્તાક્ષર કરેલ (આ મૂળ સ્પષ્ટીકરણ છાપાઓમાં હિંદીમાં પ્રકાશિત થઈજ ગયું છે). તે શિવાય ગો.શ્રીશ્યામમનોહરજી તેમજ ચર્ચાસભાના આયોજકમાંના ઉપસ્થિત છ સભ્યોએ પણ સાક્ષી તરીકે પોતાના હસ્તાક્ષરો કરેલ. આ સ્પષ્ટીકરણ, ચર્ચા અધૂરી રહેવાને કારણે કોઈની પણ હાર કે જીતની કલ્પના નિરાધાર સાબિત થાય છે. સત્ય આ હોવા છતાં પાછળથી અનેક જાહેર કાર્યક્રમો તથા છાપાના માધ્યમથી એકની હાર ને બીજાની જીતના ગર્ભિત સંકેતો, પ્રમાણપત્રના આદાન-પ્રદાન માર્ફત થઈ રહ્યા છે.

આ ચર્ચાસભાના ચારેય દિવસની કાર્યવાહીનું ઓડિઓ-વીડિઓ રેકોર્ડિંગ કરવામાં આવેલ છે. તેમજ તે કેસેટો જાહેર જનતાને સુલભ કરાવવાની બાહેંધરી પણ અમે આપેલ; પરન્તુ કુટીલ ષડયંત્રોને જોતા આ કેસેટોનો કોઈ દુરુપયોગ કરશે એવા ભયથી જ્યાં સુધી કેસેટોના આધારે ચર્ચા સભાનું શબ્દશઃ વિસ્તૃત વિવરણ પ્રકાશિત



ન થઈ જાય ત્યાં સુધી કોઈને પણ કેસેટો આપવામાં નહિ આવે એવી સૂચના વ્યક્તિગતરૂપમાં આપવામાં આવેલ. આ હકીકતથી વાકેફ હોવા છતાંય અમારી પ્રમાણિકતાપર સંદેહ કરીને ગો. શ્રીહરિરાયજી(જામનગર)એ અમારી સાથે કોઈ પણ જાતના ઑફિશિયલ સંપર્ક કર્યા વિના સિધાજ છાપાઓમાં નિવેદનો બહાર પાડ્યા જેમા અમારાપર કેસેટોને સેંસર (કાપકૂપ) કરવાના આક્ષેપો કરવામાં આવ્યા, સાડા ત્રણસો પાનાના સાહિત્યને પ્રકાશિત કરવામાં લાગતી મહેનત તેમજ સમયનો વિચાર કર્યા વિના. હકીકત જાણવા છતાં અમારાપર અસંબધ્ધ તેમજ હલકા આક્ષેપો જાહેરમાં કર્યા એટલુંજ નહિ પરન્તુ જાહેર સભામાં પ્રવચનોદ્વારા પણ સત્યથી અજાણ એવી જનતાને અમારા વિરુધ્ધ ખોટી રીતે ભડકાવી રહ્યા છે. ધર્માચાર્યને અણછાજતાં આવા કૃત્યોથી માર્ગના તેમજ અમારા સન્માનને ભારે ધક્કો પહોંચ્યો છે. આથી અમે ઓડિઓ-વીડિઓ કેસેટો ન આપવાનો નિર્ણય કર્યો છે. તેના સ્થાને ચર્ચાસભાનું શબ્દશઃ વિસ્તૃતવિવરણ સર્વજનસુલભ નિઃશુલ્ક કરાવી રહ્યા છીએ. જેમને અમારી પ્રમાણિકતાપર સંદેહ હોય તેઓ ચર્ચાસભાના "વિસ્તૃત વિવરણમાં" કયા સ્થળે કાપ-કૂપ છે તે સાબિત કરી બતાવે નહિ તો હવનમાં હાડકા નાખવાનું બંધ કરે. સાથોસાથ અમે ચર્ચાસભાના આયોજકો તિલકાયત ગો.શ્રીગોવિંદલાલજી મહારાજ તેમજ શ્રીવ્રજરત્નલાલજી મહારાજ પાસેથી ગો.શ્રીહરિરાયજી ને આપેલ શુભાભિનંદન ના વિષયમાં જાહેર સ્પષ્ટીકરણની માંગણી તેમની તે નૈતિક ફરજની રૂહે કરી રહ્યા છીએ.

સંવાદસ્થાપક મંડળ
ગો.શરદ,
ગ્રાઉન્ડ ફ્લોર, ન્યુ મનુ મવન,
ભગતસિંહ રોડ,
વિલે પાર્લે (પશ્ચિમ)
મુંબંઈ ૫૬.

(તેનો જવાબ હરિરાયજીએ આમુજબ આપ્યો:)

તા.૧૬-૫-૯૨

"સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો જોગ"

એક ખુલાસો

તા. ૭-૫-૯૨ના સૌરાષ્ટ્ર ભૂમિમાં સંવાદ સ્થાપક મંડળ મુંબઈદ્વારા પ્રકાશિત કરવામાં આવેલ જાહેર નિવેદનમાં મારાઉપર કરવામાં આવેલ દરેક ખોટા આક્ષેપોનો હું રદિયો આપું છું.

(૧)ચર્ચાસભા મુંબઈમાં નિર્ણય થયો છે અને હું જીત્યો છું એવી કોઈ પણ જાહેરાત આજ સુધી મે કરીજ નથી. મેં માત્ર એટલુંજ કહ્યું છે કે આ ચર્ચાસભામાં જે કાંઈ પણ થયું છે તે બધુંજ ઓડિયો-વીડિયો કેસેટમાં રેકોર્ડ છે. અને કેસેટ સં.સ્થા.મંડળના કબ્જામાં છે. ત્રણ-ત્રણ મહિના થયા છતાં હજુ સુધી મને પણ કેસેટ આપવામાં આવી નથી, એટલે સહજ શંકા ઉદ્ભવે છતાં મને સંપૂર્ણ વિશ્વાસ છે કે હજુ સુધી કેસેટ સેન્સર નજ થઈ હોય અને અકબંધ હશે એટલે સેન્સર થયાનો આક્ષેપ મેં સં.સ્થા.મંડળઉપર કરેલ છે તે વાત તદ્દન ખોટી છે.

(૨)સં.સ્થા.મંડળ લખે છે કે હું જાહેર સભામાં પ્રવચનોદ્વારા સત્યથી અજાણ એવી જનતાને ભડકાવી રહ્યો છું, તે વાત તદ્દન ખોટી છે. છતાં સં.સ્થા.મંડળને આવી શંકા હોય તો કેસેટ શામાટે બહાર નથી પાડતા? જેથી કરીને સત્યથી અજાણ જનતા સત્ય જાણે અને મારી જનતાને ભડકાવવાની કહેવાતી પ્રવૃતિ બંધ થાય.

(૩)મેં જાહેર નિવેદનદ્વારા ઓડિયો-વીડિયો કેસેટની જનતાને જાણ કરી અને કેસેટ જ્યાં સુધી પ્રકાશિત ન થાય ત્યાં સુધી આ સભામાં વ્યક્ત થયેલ મારા મંતવ્ય વિષે કોઈ પણ કાંઈ કહે તે પ્રમાણિક નથી માત્ર એવું જાહેર કરી, પરોક્ષ રીતે કેસેટની માંગણી કરી, એમાં



ધર્માચાર્યને અણછાજતું કયું કૃત્ય કર્યું અને માર્ગના તથા સં.સ્થા.મંડળના સન્માનને કયો ભારે ધકો પહોંચ્યો તે સમજાતું નથી; છતાં જો તેઓ ને એવું લાગતું હોય તો કેસેટ બહાર ન પાડવાથી ઉલટાની ભ્રમણાં વધશે.

(૪)ચર્ચાસભાના નિયમોનુસાર લેખિત અથવા મૌખિક રીતે સ્વમત પ્રસ્તુત કરવાનું હતુ. મેં મૌખિક રીતે મારો પક્ષ પ્રસ્તુત કરેલ છે એટલે ઓડિયો-વીડિયો કેસેટ પ્રાપ્ત કરવી તે મારો કાયદેસરનો હકક છે.

એટલે મેં સાત કોરી વીડિયો કેસેટ સં.સ્થા.મંડળને આપી છે. હવે જ્યારે સં.સ્થા.મંડળે આ કેસેટ બહાર ન પાડવાનો નિર્ણય કરેલ છે ત્યારે મને મારી કોરી કેસેટ પાછી તો મળશે ને?

(૫)સં.સ્થા.મંડળે પ્રકાશિત કરેલ ચર્ચાસભાના વિવરણમાં કયા સ્થળે કાપકૂપ છે કે તે સાબિત કરવાનો પડકાર કરેલ છે, તો જરા સામાન્ય બુધ્ધિથી વિચારી શકાય કે જ્યાં સુધિ અથથી ઈતિસુધીની કેસેટ બાહેર ન પડે ત્યાં સુધી કાપકૂપની શી ખબર પડે? એટલે હું સામો પડકાર કરૂ છું કે જો તમે સાચા છો તો કેસેટ સિ(સં!)ગ્રહ લોકો સમક્ષ રજૂ કરો. જનતાજનાર્દન પોતેજ નિર્ણય કરશે કે આમાં કયા હવનમાં કયાં હાડકાં નાખ્યા, તે સં.સ્થા.મંડળ મને સમજાવે મારી રેકોર્ડીંગ કેસેટ મને આપવાનું સં.સ્થા મંડળનું મને વચન છે; અને તેની નૈતિક ફરજ પણ છે અને મે મારી કેસેટોની માંગણી કરી છે તેમાં મેં કયો અપરાધ કર્યો?

(૬)મારી જાણ પ્રમાણે પૂ.તિલકાયત શ્રીગોવિંદલાલજી મહારાજ અસ્વસ્થતાને કારણે પોતાના ઘરથી બહાર પધારતાજ નથી અને વિદ્યાવયોવૃધ્ધ શ્રીવ્રજરત્નલાલજી મહારાજ પોતે અસ્વસ્થ હોવા છતા આ સભામાં ઉપસ્થિત થવામાટે પધાર્યા હતા પણ પૂ.શ્રીશ્યામમનોહરજી (કિશનગઢ)ના કોઈ દુરાગ્રહને વશીભૂત થઈ સં.સ્થા.મંડળે તેમને સભામાં પ્રવેશ

આપેલ નહીં. તેઓશ્રી બે કલાક સુધી સભાસ્થળની બહાર મોટરમાં બિરાજ્યા અંતે રાહ જોઈને નિરાશ થઈ પાછા ફર્યા હતા. તેવું શ્રીવલ્લભરાયજી (સુરત)એ ત્યારેજ જાહેર કરેલું.

નોંધ :—હું જાહેર નિવેદન દ્વારા
જાહેર ચર્ચાસભાની કેસેટની
જાહેર જનતામાટે
માંગણી કરૂં છું તેમાં શું
ખોટૂ છે? લોકો વિચારે.

શ્રીહરિરાયજી મહારાજ
શ્રીવલ્લભાચાર્ય માર્ગ
મોટી હવેલી જામનગર.

(આમાં ૧-૬ મુદ્દાઓ જે હરિરાયજીએ રજૂ કર્યા છે તે બધાજ સાધારણ જનતાની આંખમાં ધૂળ નાખવાની મેલી ગણતરીથી ભરેલા છે :—

૧. જો જનતામાં પોતે ચર્ચાસભામાં જીત્યા હોવાની ખોટી છાપ ઊભી કરવા ન માંગતા હોય તો, ચર્ચાસભામાં પોતે ગેરહાજર એવા પૂ.પા.તિલકાયત મહારાજશ્રી અને પૂ.પા. વ્રજરત્નલાલજી મહારાજશ્રી એ કોઈ પણ નિર્ણયસુધી ન પહોંચી શકી એવી ચર્ચામાટે જાણે નિર્ણાયકરીતે હરિરાયજીને 'પુ.સિ.સં.શિ.'પદવી એનાયત કરી તેની સંમાનસભાઓ શામાટે ગોઠવવી જોઈએ? આવા અભિનંદનપત્રો મેળવતા રહેવાના તરકટી આયાજનો પાછળ હેતુ કયો?

૨. જો હરિરાયજીના મનમાં ફકત ઉદ્‌ભવતી શંકાઓનું સમાધાનજ અભિલષિત હોય તો સં.સ્થા.મં.ને સીધેસીધો પત્ર ન લખી આવી તરકટી જાહેરાતો છાપવા પાછળ હેતુ કયો?

૩. ચર્ચાસભામાં સિદ્ધાંતવચનાવલીનો લેખિત ભાવાનુવાદ આપવાને બદલે, ચર્ચાસભામાં મૌખિક રજુઆતનું બહાનું બનાવીને, નિરર્થક વાણીવિસ્તારોના સંપુટ લગાડવાની જાલસાજી કરીને મૌખિક ભાવાનુવાદ આપવાની નૈતિક જવાબદારીથી પણ છટકી ગયા. તે પછી મારા ભાવાનુવાદમાં ત્રુટિનિર્દેશનની માંગણી મેં કરી હતી; ત્યારે ત્રુટિનિર્દેશનમાં પણ મારા હિન્દી-ગુજરાતીમાં પ્રસ્તુત ભાવાનુવાદના આશયો પણ પોતે સમજી શક્યા



નહીં એમ કહીને અંડરલાઈનો કરાવતા ગયા. વળી પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોની ચર્ચામાં છંદ-વ્યાકરણની અશુદ્ધિઓ શોધવાનું શૂરાતન દેખાડવા મંડ્યા, ચર્ચાસભાની નિયમાવલીની સંખ્યા ૧૦-૧૧ મુજબ જે પક્ષગ્રહણ અનિવાર્ય હતું તેને પોતાનાઉપર કરવામાં આવેલ બલાત્કાર(!) કે અત્યાચાર ને કારણે પોતે શહાદત કરવા જાણે જઈ ન રહ્યા હોય એવા વક્તવ્યો આપ્યા. જાહેર સભામાં પોતે લીધેલ પક્ષો પોતે છોડી પણ દીધાં. અનિર્ણીત ચર્ચાસભામાં અનુપસ્થિત મહાનુભાવોથી નિર્ણાયક સંમાનપત્ર પણ મેળવી લીધો. તે સંમાનપત્ર નિર્ણાયક નથી તેવા આશયવાળા સમાધાનપત્રઉપર હસ્તાક્ષર કરીને પણ સંમાનપત્ર મેળવવાના સંમાનપત્રો મેળવનાર હરિરાયજી જો નૈતિક જવાબદારીની દુહાઈ આપે તો તેથી વધુ અનીતિભરેલી વાત બીજી કઈ હોઈ શકે!

૪. ચર્ચાસભાના ૧૩ નિયમોમાં ક્યાંય પણ એવી કબૂલાત ન્હોતી કે સં.સ્થા.મં. ભાગ લેનારાઓને કેસેટ આપશે. ચર્ચાસભાના બધાજ નિયમોને કુટિલતાપૂર્વક જાણી-જોઈને તોડનારા હરિરાયજીને "કેસેટો આપવામાટે" આપેલું મૌખિક વચનને પાળવાનો કાયદેસર હક પોતે હરિરાયજી કયે મોઢે માંગી શકે? ચર્ચાસભાના આયોજનનો હેતુ સંવાદ સ્થાપિત કરવાનો હતો. તેમાં ગેરહાજર રહેલા મહાનુભાવોથી અભિનંદનપત્રો મેળવવા અને પાછા તે મેળવવાના બીજા જાહેર અભિનંદનપત્રોની હારમાળાઓ પહેરવાનું તરકટી કૌભાંડ, સંવાદ કે વિવાદ વધારનારો થાત?

૫. ચર્ચાસભામાં પોતે રજૂ કરેલ મુદ્દાઓની કાપકૂપ થઈ છે કે નથી થઈ તેની પોતાને વિ.વિ. વાંચીને ખબર જો ન પડતી હોય તો કેસેટ બહાર પાડવાથી પણ ખબર કેવી રીતે પડી શકે? આવી અસ્થિર સ્મૃતિવાળી વ્યક્તિના પ્રત્યે સં.સ્થ.મં.ની નૈતિક ફરજ કેવી રીતે પાર પડી શકે?

૬. મહારાજશ્રી સભામાં ન પધાર્યા તે મારા દુરાગ્રહને કારણે કે સં.સ્થા.મં.ના રોકવાથી નહીં; પણ પોતે તેમના પૌત્ર કલ્યાણરાયજીના કહેવાથી ન પધાર્યા હતા, તેવો ખુલાસો પોતે ભરી સભામાં કલ્યાણરાયજીએ કરેલ. ત્યારે હરિરાયજી હાજર હતાજ. છતાંય જાણી-જોઈને હળાહળ જૂઠું ઝૂડે રાખવું તે તો હરિરાયજીનો લાક્ષણિક સ્વભાવ છે.)

(તેના પછી જે વક્તવ્ય હરિરાયજીએ પ્રકાશિત કરાવ્યો તે આ મુજબ છે:)

**મુંબઈ સમાચાર તા. ૧૪-૬-૯૨**

**॥શ્રીમદનમોહનપ્રભુર્વિજયતે॥**

**સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો જોગ અગત્યનો ખુલાસો**

મુંબઈની પુષ્ટિસિદ્ધાંત-ચર્ચાસભામાં અઘોષિત સ્વયંભૂ નિર્ણાયક ગો.શ્રી.શ્યામમનોહરજી(પાર્લા-કિશનગઢ) દ્વારા તાજેતરમાં આ ચર્ચા સભાનો મનસ્વી એકપક્ષીય અહેવાલ પુસ્તિકારૂપે પ્રકટ કરવામાં આવેલ છે. આ પુસ્તિકામાં મારા પૂજ્ય પિતાશ્રી નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજદ્વારા છ વર્ષ પહેલા જૂનાગઢ કેસ વિષે સહયોગ આપવા બાબત લખાયેલ પત્રોનું શ્રીશ્યામમનોહરજીદ્વારા પોતાનાં મનસ્વી સિદ્ધાંત અર્થેની સહમતિ તરીકે પ્રકાશિત કરી ખોટી રીતે દુરુપયોગ કરવામાં આવેલ છે. ઉપરાંત મારાઉપર પાયા વિનાનાં ખોટા આક્ષેપો સાથે વાંધાજનક વિધાનો કરી અપમાનજનક શબ્દપ્રયોગ કરી મને ઉતારી પાડવાની અસભ્ય ચેષ્ટા કરવામાં આવેલ છે. હું આ અપ્રમાણિક અને એકપક્ષીય અહેવાલને સખત શબ્દોમાં વખોડી કાઢું છું.

નોંધ: ''સિદ્ધાંત વચનાવલી'' માં એકપક્ષીય ભાવાનુવાદની જેમજ આ પુસ્તિકામાં પણ અનેક ત્રુટિઓ છે. એટલે જો મધ્યસ્થી નિર્ણાયક સમક્ષ શાસ્ત્રચર્ચા થાય તો આ પુસ્તિકામાં ઉઠાવવામાં આવેલ બાલિશ પ્રશ્નોનાં સચોટ જવાબો મારી પાસે છે. પણ અસભ્યતા કે અપશબ્દો નો મારી પાસે કોઈ જવાબ નથી. માત્ર દુ:ખજ વ્યક્ત કરી શકું છું તા.૧૪-૬-૯૨.

**ગો.શ્રી.હરિરાયજી મહારાજ**

શ્રીવલ્લભાચાર્ય માર્ગ, મોટી હવેલી, જામનગર.

(આના અનુસંધાનમાં જે સવાલો કે મુદ્દાઓ સભામાં હાજર રહેલા વૈષ્ણવોએ રજૂ કર્યા તે આમુજબ હતાં:)



**મુંબઈ સમાચાર તા.૨૧-૬-૯૨**

**॥શ્રીમાન્‌વલ્લભ: પ્રભુ: વિજયતે॥**

**સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો જોગ અતિ અગત્યનો ખુલાસો**

સ્વયં પોતાને પણ અમાન્ય' એવી ''પુષ્ટિસિદ્ધાંત સંરક્ષણ શિરોમણિ'' પદવી મેળવવાની સન્માનસભાઓ ગોઠવવાના શોખીન પોતે શ્રીહરિરાયજીનો ખુલાસો(મુંબઈ સમાચાર તા. ૧૪-૬-૯૨) અગત્યનો હોવા કરતાં ભક્તિના ધંધાકીય ભવાડાનો ઢાંકપિછોડો વધુ લાગે છે.

ગોસ્વામી શ્રીશ્યામમનોહરજીદ્વારા છાપવામાં આવેલ કહેવાતા એકપક્ષીય અહેવાલમાં શ્રીહરિરાયજીના પૂજ્ય પિતાશ્રીના હસ્તાક્ષરો સાથે છપાયેલા બે પત્રો પૈકી પહેલા પત્ર (તા ૨૬-૧૦-૮૬)માં નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી લખે છે ''દિલ્હીમાં દાઉજીના મંદિરના અધિકારી ...એ આપના પરિશ્રમની વાત કહી છે. ખૂબ-ખૂબ ધન્યવાદ છે કે આપે આટલી મહેનત કરીને સંપ્રદાયના સિદ્ધાંતો કોર્ટમાં સમજાવ્યા.'' બીજા પત્ર(તા.૭-૧૧-૮૬)માં તેઓશ્રી લખે છે ''ગોસ્વામી વંશજ સંયુક્ત ઘોષણાપત્ર પણ પ્રાપ્ત થયો.તા.૨૬-૧૦ના રોજ મેં આપને પત્ર લખ્યો તે આપને મળ્યો હશે. અમારો પૂર્ણ સહયોગ રહેશે તનમનધનથી. જે પણ આપનું કાર્ય હોય પ્રસન્નતાથી લખશો.''

હવે શ્રીહરિરાયજીથી ફક્ત બેચાર પ્રશ્નો પૂછવાના રહી જાય છે. કેમકે હસ્તાક્ષરો સહિત આપેલ પત્રમુજબ જે કાંઈ સિદ્ધાંતો ગોસ્વામી શ્રીશ્યામમનોહરજીએ સુપ્રીમ કોર્ટમાં રજૂ કર્યા હતા તે પોતાના ઘરમાં પોતાના તનમનધનથી સેવા કરતાં પોતાના પરિવાર-જનોને દર્શન આપવા બાબતનાજ હતા. તેજ સિદ્ધાંતો શ્રીગોસ્વામી વંશજોના સંયુક્ત ઘોષણાપત્રમાં પણ સહમતિ મેળવવા તે-તે ગોસ્વામી બાળકોને મોકલવામાં આવ્યા હતા. તેથીજ જ્યારે શ્રીહરિરાયજીના પિતાશ્રીએ પોતાની સહમતિ પત્રદ્વારા મોકલાવેલી છે, તેમાં જો આ સિધ્ધાંતો પિતાશ્રીને ''ખૂબ ખૂબ ધન્યવાદ''આપવા લાયક તેમજ ''તનમનધનથી પૂર્ણ સહયોગ'' આપવા

લાયક લાગ્યા હતા, તો આજે શ્રીહરિરાયજીને તેમાં વાંધો શેનો પડ્યો છે?

પ્રશ્ન(૧)શું હરિરાયજી પોતાના પિતાશ્રીને પોતાના સમકક્ષ વિદ્વાન્ નથી ગણતા? કે આવી પ્રાણોપમ મહત્ત્વની બાબતમાં તેમના પિતાશ્રી વાંચ્યા વિના પ્રતિભાવો રજૂ કરી દેવાની બેદરકારી ધરાવનાર એક ધર્માચાર્ય હતા? જવાબ આપો?

પ્રશ્ન(૨)કોર્ટમાં રજૂ કરવાના જુદા, વૈષ્ણવોને સમજાવવાના જુદા; અને ગ્રંથો માંહેના જુદા—એમ પુષ્ટિમાર્ગમાં ત્રણ જાતના સિદ્ધાંતો હોય છે! તો તેમાંથી કઈ જાતના પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોની વકાલત પોત શ્રીહરિરાયજી હાલમાં કરી રહ્યા છે? જવાબ આપો!

શ્રીહરિરાયજીએ પ્રકટ કરેલ અગત્યના ખુલાસામાં શ્રીશ્યામમનોહરજીએ કરેલા કહેવાતા પાયા વિનાંના વાંધાજનક ખોટા આક્ષેપોને સખત શબ્દોમાં વખોડી કાઢ્યાં છે.

શ્રીહરિરાયજી શ્રીશ્યામમનોહરજી તેમજ સં.સ્થા.મંડળના સભ્યોના સયુંક્ત હસ્તાક્ષરો સાથે છપાયેલ પત્રોમાંની કબૂલાત કે ''ગો.શ્રીતિલકાયત મહારાજ દ્વારા અપાયેલી પદવી કોઈ પણ જાતની નિર્ણાયકતાની પ્રમાણ બની શકતી નથી'' તે છતાંય ગામો-ગામ પદવી મેળવ્યાના સન્માન સમારોહ થયાના અહેવાલો છાપામાં આવી રહ્યા છે!

પ્રશ્ન(૩)તો અપ્રામાણિક પદવિઓનો સન્માન મેળવવાનો શ્રીહરિરાયજીને શોખજ છે કે કોઈ સ્થાપિત હિતોદ્વારા રમાતી રાજ-રમતમાં તેઓ ફક્ત એક કટપૂતળીજ છે? જવાબ આપો!

નોંધ:સિદ્ધાંત વચનાવલીનો શ્રીશ્યામમનોહરજીનો ભાવાનુવાદ એકપક્ષીય હોઈ શકે તેમાં બે મત નથી, પરંતુ, તેને એકપક્ષીય બનાવનાર પોતે શ્રીહરિરાયજીજ છે તે હવે ઉઘાડું પડતું જાય છે! કેમકે શ્રીશ્યામમનોહરજીની માફક પોતે લખેલ ભાવાનુવાદ તેઓ પાર્લાની સિદ્ધાંતચર્ચામાં લાવવાનું સાહસ દાખવી ન શક્યા ચર્ચાસભા દરમ્યાન



તેની મૌખિક રજુઆત કરવાને બદલે ગોળ-ગોળ વાતો કરી સમય વેડફતા રહ્યા, તેના સાક્ષી અમો સહુ ત્યાં ઉપસ્થિત રહેનારા છીએ સં.સ્થ.મંડળે ૩૫૦ પાનાનો વિસ્તૃત અહેવાલ છપાવી દીધો, તેમજ શ્રીશ્યામમનોહરજીએ 'સંક્ષિપ્ત વિવરણ' છપાવીને ચર્ચાને આગળ વધારનાર પોતાનો અભિગમ પણ રજૂ કરી દીધો છે. છતાંય ૬ મહિનાનો લાંબો ગાળો વીત્યા પછી પણ શ્રીહરિરાયજી હજુ પોતાનો ભાવાનુવાદ રજૂ કરી શક્યા નથી, તેથી શ્રીશ્યામમનોહરજીનો ભાવાનુવાદ, કમસે કમ અમારામાટે, તો એકપક્ષીય રહેવાનોજ છે.

પ્રશ્ન(૪)પક્ષગ્રહણની ચર્ચા દરમ્યાન શ્રીહરિરાયજી દયનીય રીતે સપડાઈ ગયા છે, તે બાબતમાં જનતા આંખ આડા કાન કરી લે તેવા હેતુથી તો ક્યાંક હવે શ્રીહરિરાયજી પડકારી તો નથી રહ્યા કે ''મધ્યસ્થી નિર્ણાયકની સમક્ષ શાસ્ત્રચર્ચા થાય ત્યારે ખુલાસો આપીશ'' એટલે જે વાતો શ્રીહરિરાયજીએ પક્ષગ્રહણની ચર્ચા દરમ્યાન કબૂલેલી છે તે વાતો એમના નામઉપર મિથ્યા આરોપિત હોય તો શ્રીશ્યામમનોહરજી અને સં.સ્થ.મંડળ ઉપર નૈતિક જવાબદારી આવે છે કે તેઓ સિદ્ધ કરી બતાવે કે પ્રકટ કરેલા અહેવાલો કેટલા પ્રામાણિક છે! અથવા તો છાપેલ અહેવાલ જો પ્રામાણિક હોય તો મધ્યસ્થી નિર્ણાયકને વચ્ચે રાખીને શાસ્ત્રાર્થ કરવાનો અવકાશજ હવે ક્યાં રહી ગયો છે? જવાબ આપો!

પ્રશ્ન(૫)કેમકે તનુજા સેવા કરનારને પ્રકટ થયેલ અહેવાલ પ્રમાણે શ્રીહરિરાયજી જઘન્ય અધિકારી માને છે, તો જામનગર હવેલીમાં પોતાના માંથે બિરાજતાં ઠાકુરજીની તનુજા સેવા કરવામાટે તેઓશ્રી જનતાથી ભેટ-સામગ્રી લે છે કે નહિ? જવાબ આપો!

પ્રશ્ન(૬)જો પોતાને જઘન્ય અધિકારી કબૂલ કરવા તૈયાર હોય તો પોતાનામાટે અપશબ્દ તેઓ પોતેજ વાપરી રહ્યા છે કે શ્રીશ્યામમનોહરજી? જવાબ આપો!

પ્રશ્નકર્તા:૧)કેતન ડી. ગાંધી.

૨)અંશુ જી. શાહ
૩)મથુરાદાસ એચ. ભાટિયા
૪)કિરણ જે. ઠક્કર
૫)વસંત પી. આશર
૬)વિપુલ એન. શાહ
૭)મનીષ બારાઈ
૮)મહેન્દ્રકુમાર ધરમશી
૯)અસિત જે.શાહ
૧૦)બચુભાઈ મહેતા
૧૧)તિલક પરીખ
૧૨)રમણલાલ એમ.પરીખ
૧૩)નંદકિશોર મિત્તલ
૧૪)રસિક ૨. શાહ
૧૫)જીતેન્દ્ર જીવાણી
૧૬)કૃષ્ણકાંત વોરા

(સભામાં ઉપસ્થિત વૈષ્ણવોએ રજૂ કરેલા સવાલો એટલા સચોટ હતાં કે ન છૂટકે હરિરાયજી એંડ કંપનીને ચર્ચાને અવળી દિશામાં વાળવા વિવશ થવું પડ્યું:)

**મુંબઈ સમાચાર તા.૨૬-૬-૯૨.**

**॥શ્રીવલ્લભઃ॥**

**સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો જોગ અગત્યનું નિવેદન**

**"શ્રીનાથજી અમારા સર્વસ્વ છે"**

આથી સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને જણાવવાનું કે પૂ.ગો. શ્રીશ્યામમનોહરજી (પાર્લા-કિશનગઢ)એ પોતાના પુસ્તક "પુષ્ટિ-સિદ્ધાંત ચર્ચાસભા સંક્ષિપ્ત-વિવરણ" (તા.૧૦,૧૧,૧૨ જાન્યુઆરી ૧૯૯૨)માં સ્પષ્ટ વિધાન કરેલ છે કે શ્રીનાથજીનો સેવા-પ્રકાર પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોથી વિપરીત (વિરુધ્ધ) છે. તે વાતને અમો સર્વથા અસ્વીકાર કરીએ છીએ અને સખત વિરોધ નોંધાવીએ છીએ. આ અતિ મહત્વપૂર્ણ મુદ્દાઉપર ગો.શ્રીશ્યામમનોહરજી સાથે તટસ્થ મધ્યસ્થી નિર્ણાયક સમક્ષ ભગવત્શાસ્ત્રાનુસાર વ્યવસ્થિત શાસ્ત્રાર્થ કરી લેવા અમો તૈયાર છીએ તેની સમગ્ર વિદ્વત્સમાજ તથા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો નોંધ લે.

ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી- (જામનગર)
ગો.શ્રીવ્રજરમણલાલજી મહારાજશ્રી- (મથુરા)
ગો.શ્રીવલ્લભરાયજી મહોદય (સૂરત)
ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (જામનગર-કાશી)



ગો.શ્રીનવનીતલાલજી મહારાજશ્રી (જામનગર)
ગો.શ્રીકલ્યાણરાયજી મહારાજશ્રી(નાથદ્વારા-ઈંદોર)
તથા સહયોગી ગો. આચાર્યો.
સૌજન્ય: અતુલ તન્ના તથા સહયોગી વૈષ્ણવો.

(સિદ્ધાંતચર્ચામાં થયેલા ધબડકાને છાવરવામાટે આ નવો તરકટી મુદ્દો ઉપર ઉછાળવામાં આવ્યો કે જેથી વૈષ્ણવોની લાગણીને ઉશ્કેરી શકાય. તે દરમ્યાન સં.સ્થા.મંડળે નિવેદન બહાર પાડ્યું તે:)

**મુંબઈ સમાચાર તા.૨૮-૬-૯૨.**

**પુષ્ટિસિદ્ધાંત-ચર્ચાસભા**

**સંવાદ-સ્થાપક મંડળનો ખુલાસો**

(૧)સંવાદ-સ્થાપક મંડળે જે વીડિઓ-ઓડિઓ કેસેટ ચર્ચાસભાનું પ્રામાણિક વિવરણ પ્રકાશિત કરવામાટે ઉતરાવી હતી તે વિસ્તૃત-વિવરણ હવે અમોએ પ્રકાશિત કરીજ દીધું છે.

(૨)અમારા વતી વીડિઓ કે ઓડિઓ કેસેટ આપવાની કોઈ પણ શરત રાખવામાં આવી ન હતી. અલબત ચર્ચાસભા પુરી થયા પછી સૌજન્યવશ અમોએ વીડિઓ કેસેટ આપવાનું કોઈક-કોઈકને કહ્યું હતું પરંતુ તે વાત અમારા સૌજન્યના દુરુપયોગ કરનારાઓમાટે તો ન્હોતીજ.

(૩)આયોજિત ચર્ચાસભામાં ભાગ લેવાની નિર્ધારિત શરત હતી કે પ્રસ્તુત સિદ્ધાંતવચનાવલીનો ભાવાનુવાદ રજૂ કરવો પડશે, લેખિત અથવા તો મૌખિક. તે શરતને તોડનાર પૂ.પા.ગો.શ્રીહરિરાયજીએ છ મહિના વીત્યા છતાંય હજી પોતાનો ભાવાનુવાદ પ્રસ્તુત કર્યો નથી. મૂળ વચન સામે હોવા છતાંય વિસ્મૃતિનું બહાનું તો બાળીશ વિધાનજ છે, તેથી આડકતરી રીતે તેઓશ્રીએ પોતાના પક્ષનો પરાભવ સ્વીકારી લીધો લાગે છે. આમ જાહેર કરવા હવે અમે બાધિત થઈ રહ્યા છીએ.

(૪)આ બાબતમાં હવે જેને જે કહેવું હોય તે કહે. સંવાદ-સ્થાપક મંડળની હેસિયતમાં અમારામાટે કશુંયે

કહેવાપણું રહી જતું નથી. તેથી કોઈ પણ ખુલાસાની અપેક્ષા હવેથી સમારી પાસે કોઈએ પણ રાખવી નહીં.

સંવાદ-સ્થાપક મંડળવતી,
ગોસ્વામી શ્રીયોગેશકુમાર,
મનુભવન, ભગતસિંહ રોડ, વિલેપાર્લા (વેસ્ટ),મુંબઈ-
૪૦૦૦૫૬.

(સિદ્ધાંતવચનાવલીનો ભાવાનુવાદ પ્રકાશિત કરવાની હિમ્મત તો હરિરાયજીના હૃદયમાં આજ (તા.૧૫-૩-૯૪) દિવસસુધી પેદા થઈ નથી તે ઉપરાંત પક્ષગ્રહણમાં પોતે કરેલી કબૂલાતોના પ્રકટ થયેલ અહેવાલો ખોટા છે તે સાબિત કરી શક્યા નથી.)

**મુંબઈ સમાચાર તા.૩૦-૬-૯૨.**

**॥શ્રીવલ્લભ॥**

**સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને નિવેદન**

## દેવલક કોને કહેવાય ?

**એક આહ્વાહન**

જે પોતાના લાભ-પૂજા અર્થે યત્ન કરી દ્રવ્ય લઈને ભગવત્સેવા કરે તે 'દેવલક' કહેવાય, પણ ભગવદ્ અર્થે સર્વ લાભ પ્રભુને સમર્પણ કરી વૈષ્ણવોનું દૈવી દ્રવ્ય પ્રભુને વિનિયોગ કરાવે તે દેવલક નથી, નથી ને નથીજ. એટલેજ અમો સર્વે ગો.આચાર્યો, પ.પૂ.ગો.શ્રીશ્યામમનોહરજીદ્વારા અમારાઉપર કરવામાં આવતો ચાંડાલતુલ્ય દેવલકતાનો અતિ હલકો આક્ષેપ, જે તેઓશ્રીના શ્રીમુખમાંજ શોભે, તેનો અમે સર્વથા અસ્વીકાર કરી જોરદાર વિરોધ સાથે તે આક્ષેપને સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ. મંદિરમાં નંદાલયના ભાવથી પરંપરાનુસાર સેવા કરનારા ગો.આચાર્યો દેવલક તો સર્વથા નથીજ. ઉપરાંત વૈષ્ણવોની વિત્તજા સેવા ભગવદ્ અર્થે સ્વીકારતા હોવા છતાં ગો.આચાર્યો જઘન્ય કોટીના અધિકારી નહીં; બલ્કે ઉત્તમ કોટીના ગો.આચાર્યો છે. આ સિદ્ધાંત અમો સચોટ શાસ્ત્રોક્ત પ્રમાણ અને પ્રબળ યુક્તિ થી સિધ્ધ કરી સ્થાપિત કરવા તૈયાર



છીએ. એટલેજ અમો પ.પૂ.ગો.શ્રીશ્યામમનોહરજીને તટસ્થ મધ્યસ્થ નિર્ણાયક સમક્ષ શાસ્ત્રાર્થમાટે પુનઃ ખુલ્લું આહ્વાહન કરીએ છીએ.

નોંધ: અમો સહુ હૃદયપૂર્વક પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે ગો. શ્રીશ્યામમનોહરજીને પ્રભુ સદ્બુધ્ધિ આપે અને તેઓ ફરી કોઈ બહાનું ન કાઢી શાસ્ત્રાર્થ કરવાનું અમારું આહ્વાહન સ્વીકારી લે, જેથી આ વિવાદનો અંત આવે અને વૈષ્ણવ સમાજને રાહત થાય.

ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી (જામનગર)
ગો.શ્રીવ્રજરમણલાલજી મહારાજશ્રી (મથુરા)
તથા સહયોગી ગો. આચાર્યો

(હકીકતમાં તો હું કાંઈ આક્ષેપ કરતો હોઉં કે નહિ; પરન્તુ પોતે હરિરાયજીએ સિદ્ધાંત-ચર્ચાસભામાં કબૂલેલ પક્ષ મુજબ જો તેઓ દેવલક સિદ્ધ થઈ રહ્યા હોય તો એમાં મારો શો ગુનો? ફરીથી પોતે ભાવાનુવાદ શામાટે રજૂ કરતાં નથી તે અંગે જાળવેલું સર્વથા નીતિવિહોણું શિલામૂર્તિના જેવું મૌન અને વીડિઓકેસેટમાં જે વ્યાકરણની ક્ષુલ્લક અશુદ્ધિનો મેં કાન પકડીને કરેલો સ્વીકાર તેને સિદ્ધાંતની બાબતમાં રજૂ કરવાની મેલી મુરાદને ઉઘાડું પાડતું આ નિવેદન ગણ્યા-ગાંઠ્યા વૈષ્ણવોના નામે પ્રકાશિત કરવામાં આવ્યું. આમાં ઉપર છાપવામાં આવેલ વૈષ્ણવોની જાહેરાતનો ભળતોજ જવાબ હરિરાયજીએ પોતાના ભગત વૈષ્ણવોથી અપાવ્યો તે આમુજબ :)

**મુંબઈ સમાચાર તા.૨૩-૬-૯૨.**

**॥શ્રીવલ્લભ॥**

**સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો જોગ**

**"અતિ અગત્યના ખુલાસા"નો વળતો જવાબ**

તા.૨૧-૬-૯૨ના મુંબઈ સમાચારમાં "અતિ અગત્યનો ખુલાસો" એ ખુલાસા કરતા પણ વ્યક્તિગત આક્ષેપો અને આક્રોશ ની અભિવ્યક્તિજ છે.

પૂ.પા.ગો.શ્રીતિલકાયત શ્રીગોવિંદલાલજી મહારાજશ્રી તથા પૂ.પા.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત) દ્વારા પ્રદાન કરવામાં આવેલ અભિનંદન સન્માનનું પૂ.પા.ગો.શ્રીહરિ-

રાયજી(જામનગર)એ સહર્ષ સ્વીકાર કરેલ છે. કારણ કે તે સન્માનપત્ર ચર્ચાસભાના નિર્ણયમાટેની નથી, તે સ્વયં ગો.શ્રીહરિરાયજી સ્વીકાર્યુંજ છે. નિવેદનમાં ઉઠાવવામાં આવેલ અમુક બિનવ્યક્તિગત પ્રશ્નોના ખુલાસા વિશ્વકર્માબાગમાં થયેલી ચર્ચાસભાની વીડિઓ કેસેટોમાંજ છે. પણ પૂ.ગો.શ્રીશ્યામમનોહરજીની ઈચ્છા વિના એ કેસેટો ''સંવાદ-સ્થાપક મંડળ''ની પોતાની ઈચ્છા હોવા છતાં પ્રકાશિત કરી શકતા નથી! કારણ કે ચર્ચાસભામાં ચર્ચાદરમ્યાન ગો.શ્રીહરિરાયજી સમક્ષ પોતાના બંને કાન પકડીને પોતાની ભૂલ કબૂલ કરતા ગો.શ્યામમનોહરજીની એ અતિદયનીય સ્થિતિને ચર્ચાસભામાં ઉપસ્થિત ગો.બાલકોએ, વિદ્વાન્ શાસ્ત્રીજીઓએ, વૈષ્ણવસમાજે તથા અમોએ નજરો-નજર નિહાળી છે, જે આ ચર્ચાસભાની કેસેટોમાં કંડારાએલી છે. એટલેજ આ વીડિઓ-ઓડિઓ કેસેટો ગો.શ્રીશ્યામમનોહરજીએ દબાવી રાખી છે તે કેસેટોને સેન્સર કર્યા વગર પ્રકાશિત કરવા દેતા નથી. આવી છે બિચારા સંવાદ-સ્થાપક મંડળની દયાજનક સ્થિતિ(કઠપુતળી જેવી)! નહિતર જાહેર સભાની, જાહેર વૈષ્ણવ સમાજ માટેની આ વીડિઓ-ઓડિઓ કેસેટો ચાર-ચાર માસ સુધી પ્રકાશિત ન કરવાનું પ્રયોજન શું? આ કેસેટો સેન્સર કર્યા વગર વૈષ્ણવ સમાજને જાહેરમાં બતાવવાની તેઓની નૈતિક ફરજ છે. સૌરાષ્ટ્રમાં યોજાએલ સિદ્ધાંતશિબિરની વીડિઓ કેસેટો જો મુંબઈમાં બતાવવામાં આવે છે તો મુંબઈમાં યોજાએલ વિશ્વકર્મા બાગની ચર્ચાસભાની વીડિઓ કેસેટો સેન્સર થયા વગરની શામાટે નહીં?

ખરેખર તો આ ચર્ચાસભાની વીડિઓ કેસેટો સેન્સર થયા વિના જ્યાં સુધી બહાર ન પડે ત્યાં સુધી આ વિષયમાં કાંઈ પણ કહેવાનો કે કોઈના દ્વારા પુછાવડાવાનો કોઈને પણ નૈતિક અધિકાર નથી. છતાં અનેક પત્રિકાઓ અને નિવેદનો દ્વારા વૈષ્ણવ સમાજને ગુમરાહ કરવાનું અનૈતિક કૃત્ય અમુક ગણ્યા ગાંઠ્યા વૈષ્ણવો કરે છે તે અશોભનીય છે.



નોંધ: હવે મુખ્ય મુદ્દો એકજ છે કે ગો.શ્રીશ્યામમનોહરજી સેન્સર કર્યા વગર કેસેટો બહાર પાડે છે કે નહીં? જો કેસેટો બહાર પાડે તો સાચા નહિતર...જયશ્રી કૃષ્ણ.

| | |
|---|---|
| ગોકુળદાસ પટેલ | ઉષાબેન શાહ |
| રવજીભાઈ પટેલ | કોકીલા મકવાણા |
| બાલકૃષ્ણભાઈ મકવાણા | પ્રવીણ ઠક્કર |
| રણજીત કાપડીઆ | વસંતભાઈ પટેલ |
| પ્રભુદાસ ઠકરાર | હીરેન પારેખ |
| નરેન્દ્ર શાહ | નીતા પટેલીઆ |
| પરેશભાઈ પટેલ | અતુલ તન્ના |
| બાબુભાઈ પટેલ | નવનીત સોની |
| ધનજીભાઈ પટેલ | ભરત સોની |
| જીવનભાઈ પટેલ | ગોરધન ત્રીવેદી |
| | મનહરભાઈ પટેલ |

॥શ્રીહરિ:॥

**ગોસ્વામી શ્યામમનોહર**

૬૩, સ્વસ્તિક સોસાયટી, જુહુ સ્કીમ, મુંબઈ-૪૦૦૦૫૬

તા. ૨૪-૬-૯૨

**જાહેર ક્ષમાયાચના**

ચિરંજીવી હરિરાયજીના સમર્થક વૈષ્ણવોનો ખુલાસો (મુંબઈ સમાચાર તા.૨૩-૬-૯૨) વાંચ્યો કે ભરી સભામાં મારા બન્ને કાન પકડીને જે મારી ત્રુટિઓ મેં સ્વીકારી હતી, તેને છુપાવવામાટે સંવાદસ્થાપક મંડળને હું વીડિઓ બહાર પાડવા દેતો નથી.

આ જાહેર નિવેદનથી હું નિ:સંકોચ કબૂલ રાખુંજ છું કે તે વખતે ભરી સભામાં મારા બન્ને કાન પકડીને મેં ત્રુટિસ્વીકાર કર્યોજ હતો (જુઓ વિસ્તૃત વિવરણ પાનાં ૧૦૪ થી ૧૦૭). જોકે આ પાનાઓમાં કાન પકડ્યા હોવાનો ફોટો છપાયો નથી; પણ તે કેસેટમાં તો છે છે અને છેજ. આમાં છુપાવવા જેવી કાંઈ પણ હકીકત નથી. ચર્ચાસભાના આયોજન પહેલા કે તે દરમ્યાન અથવા તો આજે પણ છંદશાસ્ત્ર કે વ્યાકરણશાસ્ત્રના નિષ્ણાત

હોવાનો મારો દાવો ક્યારે પણ ન્હોતો કે આજે છે. તેથી ત્રુટિ સ્વીકારવામાં સંકોચ શેનો હોવો જોઈએ! (જુઓ સિદ્ધાંતવચનાવલીનો શુદ્ધિપત્ર) આ ત્રુટિ કે તેની સ્વીકૃતિ ને પુષ્ટિમાર્ગમાં સળગતા સવાલો કે ભક્તિના ધંધાકીય જાહેર ભવાડાઓ સિદ્ધાંતાનુમોદિત છે કે નહીં તેની સાથે કોઈ નિસ્બતજ નથી.

તદુપરાંત પુષ્ટિસિદ્ધાંતોની ચર્ચાસભામાં ''વને પુષ્પે સમાકીર્ણે પૂરીષમિવ'' ન્યાયે છંદ-વ્યાકરણની ક્ષુલ્લક ત્રુટિઓ શોધવાના શોખીન શ્રીહરિરાયજી સાથે પુષ્ટિસિદ્ધાંતો ની ચર્ચા કરવાના મારા અક્ષમ્ય અપરાધ બદલ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તેમજ સમગ્ર પુષ્ટિમાર્ગીયો પાસે હું ફરીથી બીજી વાર જાહેર ક્ષમાયાચના કરું છું કે મારા આ જઘન્ય અપરાધને તેઓ ક્ષમા કરે.

ક્ષમાપ્રાર્થી: ગોસ્વામી શ્યામમનોહર

(હરિરાયજીના સેવક ગોકુળદાસભાઈના ૨૩-૬-૯૨નો જવાબ વૈષ્ણવોએ, માલાપહેરામણીના લહેકામાં, તેઓને આપ્યો કે જેઓ ચર્ચાસભામાં ઉપસ્થિત રહેનારાઓ પૈકી પોતાને ''ગો.બાલકો કે વિદ્વાન્ શાસ્ત્રીજીઓ અથવા તો વૈષ્ણવસમાજ''માંથી કાંઈ પણ માની ન્હોતા રહ્યા, તેવા માણસોને આપ્યો તે:)

**મુંબઈ સમાચાર તા. ૩૦-૬-૯૨**

**જય શ્રી કૃષ્ણ! જય શ્રી કૃષ્ણ! જય શ્રી કૃષ્ણ!!!**

અમોએ પૂછેલા છ સવાલો પૈકી એકેય સવાલનો જવાબ ન આપી ભલતીજ ગોળગોળ વાતો કરનાર પૂ.પા.ગો.શ્રીહરિરાયજી અને તેમના સમર્થક વૈષ્ણવોના સહુ પુષ્ટિમાર્ગીયોને જાહેર 'જય શ્રીકૃષ્ણ' અમો સહુ પ્રશ્નકર્તાઓ સ્વીકારીએ છીએ અને અમારા પણ તેમને પાઠવીએ છીએ.



(તા.ક. આ ચર્ચા હવે અમારા વતી અહીંથી બંધ કરવામાં આવે છે)
લી.

(૧)કેતન ડી.ગાંધી
(૨)અંશુ જી.શાહ
(૩)મથુરાદાસ એચ.ભાટીયા
(૪)કિરણ જે. ઠક્કર
(૫)વસંત પી.આશર
(૬)વિપુલ એન શાહ
(૭)મનીષ બારાઈ
(૮)મહેન્દ્રકુમાર ધરમશી
(૯)અસિત જે.શાહ
(૧૦)બચુભાઈ મહેતા
(૧૧)તિલક પરીખ
(૧૨)રમણલાલ એમ. પરીખ
(૧૩)નંદકિશોર મિત્તલ
(૧૪)રસિકભાઈ શાહ
(૧૫)જીતેન્દ્ર પી. જીવાણી
(૧૬)કૃષ્ણકાંત વોરા

(સિદ્ધાંતચચનિ ઊંધી દિશામાં વાળવામાટેના કાવતરાને ઉઘાડું પાડવા અંતે જે વક્તવ્ય મેં પ્રકાશિત કરાવ્યું તે:)

**મુંબઈ સમાચાર તા.૫-૭-૯૨**

**।।શ્રીહરિ:।।**

**શ્રીશ્રીનાથજી વિગેરે પુષ્ટિસ્વરૂપો પુષ્ટિજીવોની ભક્તિમયી આરાધના માટેના ફલરૂપ સ્વરૂપ કે બુદ્ધિપૌરુષહીન દેવલકોની આજીવિકામાટેના સાધનરૂપ સ્વરૂપ ?**

મુંબઈ સમાચાર તા.૨૬-૬-૯૨ અને તા.૩૦-૬-૯૨ના અંકોમાં ચિ. હરિરાયજી વલ્લભરાયજી એન્ડ કંપનીએ મને આપેલ ખુલ્લા પડકારની વિગત જાણી.

પુષ્ટિસિદ્ધાંત - ચર્ચાસભા (પાર્લે)માં ચિ. હરિરાયજીએ કબૂલ રાખ્યું હતું કે લાભપૂજામાટે ભગવત્સેવા કરનાર જઘન્યમાં જઘન્ય કાટીનો દેવલક હોય છે (જુઓ ચર્ચાસભા વિસ્તૃત વિવરણ પાનાં નં.૧૬૩-૧૬૮). તેથી જે-જે ગોસ્વામિઓએ મારી સાથે શાસ્ત્રાર્થ કરવાની તૈયારી દેખાડી છે તેમને જો શાસ્ત્રાર્થ કરવોજ હોય તો પહેલા તેઓ આ એક ખુલાસો આપે કે તેઓ પોત-પોતાના માંથે બિરાજતા શ્રીઠાકોરજીમાટે જનતાથી ભેટ સામગ્રી લે છે કે નહીં અને જો લેતા હોય તો જઘન્યમાં જઘન્ય કોટીના

દેવલક છે કે નહીં?

જો જઘન્યમાં જઘન્ય કોટીના દેવલકો હોય તો તેઓ જ્યાં સુધી પોતાની જઘન્ય પાપમયી આજીવિકા છોડીને ગુરુપદોચિત આજીવિકા ન અપનાવે ત્યાં સુધી શાસ્ત્રચર્ચા કરવામાટે હું તેમને લાયક ગણતો નથી. જે દિવસે ભક્તિના ધંધાકીય જાહેર ભવાડા કરવાની જઘન્ય આજીવિકા છોડી દેશે તે દિવસે તેઓ જ્યાં કહે ત્યાં શાસ્ત્રાર્થ કરવા હું હાજિર થઈ જઈશ. પાર્લામાં જે ચર્ચા કરી હતી તે આ વિશ્વાસ સાથે કરી હતી કે તેઓને આધુનિક કાયદાઓના અને સિદ્ધાંતબોધ-રહિત જનતાના દબાણને કારણે લાચારીથી દેવલકવૃત્તિ કરવી પડતી હશે. તેથી ''સર્વાન્ બલકૃતાન્ અર્થાન્ અકૃતાન્ મનુઃ અબ્રવીત્'' ન્યાયે તેઓ દેવલક નહીં હોય એવું હું માનતો હતો. હવે પરંતુ વાત ઉઘાડી પડી ગઈ છે કે પુષ્ટિભક્તિના જાહેર ભવાડાને આ દેવલકો સ્વધર્મ માને છે અધર્મ નહીં. તેથી તેમની સાથે શાસ્ત્રચર્ચા થાયજ નહીં. મરેલા જાનવરની ખાલ ખેંચીને આજીવિકા ચલાવનાર સાથે શાસ્ત્રચર્ચા થાય તોજ દેવલકો સાથે શાસ્ત્રચર્ચા થાય. ''ચિંતિં ચ ચિતિકાષ્ઠં ચ પૂયં ચંડાલમેવ ચ સ્પૃષ્ટ્વા દેવલકં ચૈવ સવાસા જલમાવિશેદ્'' મડદાને, તેને બાળવા વપરાયેલ લાકડાને, માંસ ચરબી વિગેરેને, જાનવરની ખાલ કાઢીને વેચનારને અને દેવલકને અડકીને પહેરે કપડે ન્હાયા પછીજ ઘરમાં પ્રવેશ કરવો જોઈએ. તેથી શાસ્ત્રચર્ચાને લાયક દેવલકો હોતાજ નથી. જ્યારે આ જઘન્યવૃત્તિને છોડીને શ્રીમહાપ્રભુથી જાહેર માફી માગી લેશે ત્યારે નિઃસંકોચ શાસ્ત્રાર્થ કરવા હું તૈયાર થઈ જઈશ.

સાથોસાથ મધ્યસ્થને વચ્ચે રાખીને શાસ્ત્રાર્થ કરવાની ચેલેંજને તો ન સ્વીકારવાનો કોઈ પ્રશ્નજ નથી. અલબત મેં તો જે મારો પક્ષ છે તે ભાવાનુવાદ દ્વારા તો પ્રસ્તુત કરીજ દીધો છે; પરંતુ ચર્ચાસભા થયે છ મહીના થયા હોવા છતાંય ચિ. હરિરાયજી, વલ્લભરાયજી એન્ડ કંપની



પોતાને અભિપ્રેત ભાવાનુવાદ પ્રકાશિત કરવાનો સાહસ પ્રગટ કરી શકી નથી. વળી પોતાની ભાગેડુ મનોવૃત્તિને છુપાવવા; ભાવાનુવાદદ્વારા કોઈ પણ પક્ષ પ્રસ્તુત થઈજ ન શકે તેમજ ભાવાનુવાદ કોઈપણ સ્થિતિમાં ત્રુટિપૂર્ણજ હોય છે આવા આશયના ચિત્ર-વિચિત્ર વિધાનો કરી રહ્યા છે( તા.ક. એવું કર્ણોપકર્ણ તે વખત મેં સાંભળ્યું હતું તેથી ). હાસ્યાસ્પદ વાત પરંતુ એ છે કે શાખા-ચંક્રમણ જેમનો મૂળ સ્વભાવ છે એવા ચિ.હરિરાયજી ખુદે પાર્લાની ચર્ચાસભામાં ભાવાનુવાદ આપીને પોતાના મતની રજુઆત કરવાનું સ્વીકાર્યું હતું. ફસાઈ જવાની બીકે પોતે ભાવાનુવાદ ન આપ્યું એય પાછું શાખાચંક્રમણજ.

પાર્લાની ચર્ચાસભા (જુઓ વિસ્તૃત વિવરણ પાનાં નં. ૧૬૦ થી ૧૬૭ અને ૨૨૬ થી ૨૨૮)માં પૈસામાટે (વિત્તાર્થ નહિ) પણ આજીવિકામાટે (વૃત્ત્યર્થ) ભગવત્સેવાની વકાલત કરી હતી. ત્યારપછી બાલાસિનોર સભા (જેની મારી પાસે કેસેટ છે)માં શાખાચંક્રમણ કરીને વિત્તાર્થી અર્થાર્થીને પણ ઉદાર ભક્ત તરીકે માન્ય કરીને તેની વકાલત કરી હતી. ત્યારપછી તેવા જઘન્ય કોટીના અધિકારી પોતે છે કે નહિ તે પ્રશ્ન પૂછાતા ફરીથી શાખાચંક્રમણ કરીને હવે પોતાને ઉત્તમ કોટીના આચાર્ય ગણાવનારા ચિ.હરિરાયજી ઉત્તમ કોટીની તનુવિત્તજા સેવા પોતે જો કરી રહ્યા હોય તો, ભગવત્સેવામાટે પારકા પૈસા નથી લેતા, એ જ્યાં સુધી સાબિત નહિ કરી બતાવે ત્યાં સુધી હું તેમને અને તેમના સહયોગિઓને જઘન્ય કોટીના દેવલકજ ગણું છું, તેથી સામસામે બેસીને શાસ્ત્રાર્થ કરવાનો તો હવે પશ્નજ ઉભો થતો નથી. તે છતાંય શાસ્ત્રાર્થની અસહ્ય ચળને મટાડવામાટે એક સરળ ઉપાય એમ થઈ શકે છે: જેમ મેં મારો પક્ષ લેખિત રૂપે પ્રકાશિત કરાવી દીધો છે તેમ ચિ.હરિરાયજી, વલ્લભરાયજી(સુરત) એન્ડ કંપનીમાં પણ જો સાહસ હોય તો પોતાના અભિગમમુજબ સિદ્ધાંતવચનાવલીનો ભાવાનુવાદ અને સંક્ષિપ્ત વિવરણમાં

આપેલ ''શાખાચંક્રમણ નિરસન'' નો લેખિત જવાબ પ્રકાશિત કરાવી દે. તેથી પાર્લાની ચર્ચાસભા (જુઓ : વિસ્તૃત-વિવરણ પાના નં ૨૯૧ થી ૨૯૩)માં શાસ્ત્રાર્થમાટે ચિ.વલ્લભરાયજી(સુરત)દ્વારા ભારપૂર્વક જણાવવામાં આવેલ, સર્વલક્ષણસંપન્ન મધ્યસ્થને શોધવાની જહેમત ન પડે કેમ કે તેવા મધ્યસ્થ વિના શાસ્ત્રાર્થ થઈજ શકતો નથી, તેમ ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું; તેથી તેવા મધ્યસ્થના અભાવમાં જો ખરેખર શાસ્ત્રાર્થને ટાળવોજ ન હોય તો લેખિત ભાવાનુવાદ અને જવાબ પ્રકાશિત કરાવવાના મારા ખુલ્લા પડકારને ઝીલે, તેથી શાખાચંક્રમણ કરી જવાની માનસિક અસ્થિરતાની માંદગી પણ શાસ્ત્રચર્ચામાં આડે નહિ આવે.

''હાર્યો જુગારી બમણો રમે'' તે ન્યાયે હવે સિદ્ધાંતચર્ચાના મુદ્દાને ભળતીજ દિશામાં વાળીને જનતાને ખોટી રીતે ઉશ્કેરવાની હલકી રમત રમવા માંગે છે.

આમાં મારો ખુલાસો એમ છે કે શ્રીનાથજીના દર્શન અને તેમનો પ્રસાદ પણ પુષ્ટિમાર્ગમાં શ્લાઘ્યતમ પ્રાણોપમ સૌભાગ્ય છે. કેમકે શ્રીનાથજીનું સ્વરૂપ શ્રીમહાપ્રભુ - શ્રીગુસાંઈજીનું સર્વસ્વ હતું છે અને રહેશે જ.

તેથી —

(ક)જ્યારે શ્રીમહાપ્રભુજીની સૈદ્ધાંતિક ઈચ્છાથી વિપરીત શ્રીનાથજીએ કોઈક પુષ્ટિભક્તના ઘરે તનુવિત્તજા સેવા સ્વીકારવાને ઠેકાણે જાહેર દેવાલયમાં બિરાજવાની ઈચ્છા દરસાવીને બ્રહ્મસંબંધદીક્ષા વિહોણા ચૈતન્યસંપ્રદાયના બંગાલીઓથી સેવાતા હતા (જુઓ ૮૪ વૈ.વાર્તા) ત્યારે પણ પ્રત્યેક પુષ્ટિમાર્ગીય માટે સર્વસ્વ હતાજ.

(ખ)જ્યારે શ્રીગુસાંઈજીના શ્રીમસ્તક ઉપર બિરાજ્યા ત્યારે પણ દરેક પુષ્ટિમાર્ગીય માટે તેટલાજ બલ્કે તેથીય વધુ સર્વસ્વ રહ્યાજ હતા.

(ગ)ત્યાર પછી શ્રીગુસાંઈજીના સાત બાળકોના મસ્તકઉપર અવિભક્ત પરિવારના સેવ્ય તરીકે બિરાજ્યા



ત્યારે પણ તેટલાજ પુષ્ટિમાર્ગસર્વસ્વ રહ્યા.

(ઘ)ત્યાર પછી તે વખતના કેન્દ્રીય ગૃહમંત્રી શ્રીગોવિંદવલ્લભ પંતની ઓફિસમાં વર્તમાન પૂ.પા.ગો.શ્રીતિલકાયત મહારાજશ્રીઉપર દબાણ લાવીને રૂ.૩૦૦૦ માસિકની એવજમાં શ્રીનાથજીને સરકારને સોંપી દેવાનો નિર્ણય લેવડાવવામાં આવ્યો ત્યારે પણ શ્રીનાથજી દરેક પુષ્ટિમાર્ગીયો પૈકી મારા પણ સર્વસ્વ હતાજ. મારા પિતૃચરણ નિ.લી.શ્રીદીક્ષિતજી મહારાજે જ્યારે પૂ.પા.શ્રીતિલકાયત મહારાજ તેમજ સરકારના વિરોધમાં ચળવળ શરુ કરી હતી તેમાં મેં પણ સક્રિય ભાગ લીધોજ હતો કેમકે શ્રીનાથજી મારા સર્વસ્વ હતા.

(ઙ)ત્યાર પછી સરકાર અને પૂ.પા.તિલકાયત મહારાજ વચ્ચે મતભેદ ઉભો તથાં રાષ્ટ્રપતિના વટહુકમ અને રાજસ્થાન વિધાનસભામાં ટેંપલ-બોર્ડ એક્ટ લાગૂ થયો ત્યારે પણ અનેકાનેક વિરોધ સભાઓમાં મે ભાગ લીધો હતો કેમકે દરેક પુષ્ટિમાર્ગી પૈકી મારા પણ શ્રીનાથજી સર્વસ્વ હતા અને છે.

(ચ)ત્યાર પછી પૂ.પા.ગો.શ્રીતિલકાયત મહારાજશ્રી સુપ્રીમકોર્ટ સુધી કેસ લઈને હારી ગયા. કેમકે તે વખતે કોર્ટમાં માર્ગના સિદ્ધાંતો રજૂ કરવામાં ન્હોતા આવ્યા (જુઓ : 'તિલકાયત વિરુદ્ધ રાજસ્થાન સરકાર' ચુકાદો સુપ્રીમકોર્ટ ફકરા ૬૧). વકીલોની ખોટી સલાહને કારણે આર્થિક નુકસાનની જે દાદ માંગી હતી, તેને કારણે સુપ્રીમકોર્ટે જે પ્રસાદ વેચાય તેના વીસ કે પચીસ ટકા કમિશનનો નફો પૂ.પા.ગો.શ્રીતિલકાયત મહારાજશ્રીને મળે તેવો ચુકાદો આપીને શ્રીનાથજીના મંદિરને જાહેર મંદિર ઠરાવી દીધું; પરંતુ તે છતાંય હું તો આજની તારીખમાં પણ શ્રીનાથજીને જાહેર જનતાના ન માની વલ્લભવંશજ ગોસ્વામિઓના અવિભક્ત પારિવારિક નિધિ એટલે કે સર્વસ્વજ માનું છું.

(છ)ત્યાર પછી 'શેબાઈટ કમ હેરિડિટરી ટ્રસ્ટી'

તરીકે જે પૂ.પા. ગો.શ્રીલિકાયત મહારાજશ્રીને સુપ્રીમ કોર્ટદ્વારા માન્ય કરવામાં આવ્યા હતા તે છતાંય અનવસર વખતે મંદિરના ચાવીજી (ચાવીનો ઝૂડો) પૂ.પા.ગો.શ્રીતિલકાયત મહારાજશ્રી પાસે ન મોકલાવી એક્ઝીક્યુટિવ ઓફિસર પાસે મોકલવામાં આવતાં તેના વિરોધમાં અને દૂધઘર કે બાલભોગમાં કોઈ પંખીઓ પડીને મરી ગયો તેમાં પૂ.પા.ગો. શ્રીતિલકાયત મહારાજશ્રીની આજ્ઞામુજબ અપરસ કાઢવામાં ન્હોતી આવી, તેના વિરોધમાં પૂ.પા. ગો.શ્રીતિલકાયત મહારાજશ્રી ફરીથી સેવાનો બહિષ્કાર કરીને નાથદ્વારા છોડી અન્યત્ર બિરાજ્યા હતા. ત્યારે પૂ.પા.ગો.શ્રીતિલકાયત સમર્થનમાટે શ્રીમદ્વલ્લભવંશજ ગોસ્વામી પરિષદે શ્રીનાથજીના દર્શન-પ્રસાદના બહિષ્કાર કરવાનો આદેશ આપ્યો હતો. તે વખતે અમારા નિ.લી.ગો.શ્રીગોવિંદરાયજી (સુરત) તેમજ નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર) વિગેરે અનેક ગોસ્વામી મહાનુભાવો શ્રીનાથજી પુષ્ટિપુરુષોત્તમ નથી રહ્યા. પાષાણમૂર્તિજ રહી ગયા છે તેવો એલાન કરવા જતા હતા, ત્યારે મારા પિતૃચરણ નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી મહારાજના રોષને પણ વ્હોરી એકલા ગો.શ્યામમનોહરે તે વખતે વિરોધ કર્યો હતો અને સંશોધન પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે ''શ્રીનાથજીએ પુષ્ટિસંબંધ ત્યાગ્યો છે તેથી દર્શન પ્રસાદ ન લેવાય''. તેમુજબ જાહેર આદેશ ગોસ્વામી પરિષદદ્વારા અપાયો હતો. તેના એહવાલ તે વખતના પુષ્ટિમાર્ગીય ચોપાનિયાઓમાં પ્રસિધ્ધ થયેલા હતા જે આજે પણ ઉપલબ્ધ છે. હા આ સંશોધન મેં તે વખતે રજુ કર્યો હતો. પણ શામાટે? કેમકે શ્રીનાથજી પુષ્ટિમાર્ગના સર્વસ્વ હતા, છે અને રહેશે.

(જ)આજે સંભળાય છે કે પૂ.પા.ગો.શ્રીતિલકાયત મહારાજશ્રીને અમારામાટે નિષેધ આજ્ઞા મોકલાવી છે કે અમને શ્રીનાથજની સેવામાં ન્હાવા દેવા નહીં. તે જો ખરી વાત હોય તો શ્રીમહાપ્રભુ સહુને સન્મતિ પ્રદાન કરે. અમારે તો એટલું કહેવાનું રહે છે કે ત્યારેય શ્રીજી



પુષ્ટિમાર્ગના સર્વસ્વ હતા જ તો આજે તેઓ જો અમારામાટે નિષેધઆજ્ઞા કરતા હોય તો પણ દરેક પુષ્ટિમાર્ગી પૈકી અમારાપણ સર્વસ્વ છેજ અને રહેશે પણ.

(ઝ)અમારો વિરોધ શ્રીનાથજી કે તેમના પ્રસાદ સાથે ન હોઈ પુષ્ટિમાર્ગના સર્વસ્વ એવા શ્રીનાથજીના ધંધાકીય ભવાડા સાથે છે.

(ઞ)'તિલકાયત'પદ એ દેવદ્રવ્ય કે પ્રસાદના કમિશનઉપર નભનાર દેવલક પૂજારીનો પદ છે એવું અમે ક્યારેય નહીં માનીએ! કેમકે એ પદ તો શ્રીમહાપ્રભુની ગાદી છે અને તેમજ રહેવાની છે.

(ટ)અમે સ્વાર્થમુજબ સિદ્ધાંતો ઘડવાના હિમાયતી નથી પરંતુ સિદ્ધાંત મુજબ સ્વાર્થઉપર અંકુશ રાખવાના હિમાયતી છીએ.

(ઠ)તેથીજ પુષ્ટિમાર્ગીય જનતા, સરકાર અને ન્યાયાલયની સામે પુષ્ટિસિદ્ધાંતો શું છે તે-જ ફક્ત રજૂ કરવા માગીએ છીએ. કોઈની નિંદા કે સ્તુતિ નહિ. તે છતાંય જો સિદ્ધાંતચર્ચાને વ્યક્તિગત સંદર્ભ વિના ચર્ચા ન કરવાનો શોખ કોઈ ધરાવતા હોય તો તેમની તેવી જિમ્મેવારી સાથે તે અમારી સાથે કરી જુએ.

(ડ)અમારો સ્પષ્ટ અભિપ્રાય છે કે આજે કેટલાક આચાર્યવંશજો સિદ્ધાંત કરતા સ્વાર્થઉપર વધારે ભાર મુકે છે તે તેમનું દુર્ભાગ્ય નહીં પરંતુ અમે તેને અમારું દુર્ભાગ્ય માનીએ છીએ. કેમકે તેમ કરતા અમારોજ કોઈક ભાઈ જઘન્ય દેવલક બની જતો હોય છે.

શ્રીમહાપ્રભુ સહુને સન્મતિ આપે!

ગો.શ્યામ મનોહર.

પ્રકાશક: ડો.ગીરીશ શાહ (આણંદ): ધનેશ ગાંધી: મનીષ બારાઈ: ગોવિંદભાઈ કીકાણી.

(આનો ફરીથી ગોળ-ગોળ જવાબ જે હરિરાયજીએ આપ્યો તે:)

મુંબઈ સમાચાર તા.૨૪-૭-૯૨

॥શ્રીવલ્લભ॥

**વૈષ્ણવો સાવધાન**

શ્રીનાથજીના વિરોધીઓ ફેરવી તોળે છે! હવે મોહરો બદલાવીને મેદાનમાં!!! ભયંકર શાખાચંક્રમણ!!!!

હવે તેઓ કહે છે કે "અમે શ્રીનાથજીનો વિરોધ નહીં પણ ત્યાંની વ્યવસ્થાનો વિરોધ કરીએ છીએ" તો પછી પ.પૂ.ગો. શ્રીશ્યામમનોહરજી (પાર્લા-કિશનગઢ) એ પોતાના પુસ્તક પુષ્ટિસિદ્ધાંત-ચર્ચાસભા સંક્ષિપ્ત-વિવરણના પાના નં,૩૬ ઉપર સ્પષ્ટ વિધાન કરેલ છે કે "શ્રીનાથજીની પ્રતિષ્ઠા પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોથી વિપરીત (વિરુધ્ધ) પરાર્થપ્રતિષ્ઠા હતી. અર્થાત્ ગોવર્ધનપર્વતઉપર મંદિરમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને પાટ બિરાજાવ્યા તે પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોથી વિરુધ્ધ બિરાજાવ્યા હતા. તે આમ મૂળમાંથીજ જો શ્રીનાથજીની સેવાને શ્રીશ્યામમનોહરજી સિદ્ધાંતવિરુધ્ધ કહે છે તો પછી હવે આમાં વ્યવસ્થાના વિરોધની વાતજ કયાં રહી? આ પ્રમાણે જે વ્યક્તિ સ્વયં શ્રીનાથજીની પ્રતિષ્ઠાને પણ ઉઘાડે છોગ અપુષ્ટિમાર્ગીય કહેવાનો દુઃસાહસ કરી શકે તે અમો સર્વે ગોસ્વામી આચાર્યોને ચાંડાલ તુલ્ય દેવલક કહી ગાળ આપે તેમાં નવાઈ પામવા જેવું નથી! (જુઓ: મુંબઈ સમાચાર તા.૫-૭-૯૨) છતાં શાસ્ત્રાર્થમાં જ્યાં સુધી તેઓ અમોને દેવલક સિધ્ધ ન કરી બતાવે ત્યાં સુધી અમોને દેવલક કહેવાનો તેને કોઈ નૈતિક અધિકાર નથી. જોકે નાચનારીને આંગણુ વાંકુ ક્યારે લાગે? તે હવે સ્પષ્ટ થઈ ચુક્યું છે. છતાં અમે ત્રીજી વાર શ્રીશ્યામમનોહરજીને શાસ્ત્રાર્થમાટે ખુલ્લું આહ્વાહન કરીએ છીએ કે જો તેઓ સાચા હોય તો ફરી બહાનું ન કાઢે અને તટસ્થ મધ્યસ્થ નિર્ણાયક સમક્ષ અમારા આથે શાસ્ત્રાર્થ કરે, નહીંતર વૈષ્ણવોને ખોટી રીતે ગેરમાર્ગે દોરવાનું બંધ કરે, તથા પોતાની અસભ્ય વાચાને વિશ્રામ આપે.

નોંધ: આ અમારું છેલ્લું ખુલ્લું આહવાહન છે છતાં



જો તેઓ હવે પણ ન સ્વીકારી અમોને જાહેરમાં ગાળો ભાંડતા રહેશે તો અમારે 'શ્વ-કુંજર' ન્યાયથી તેઓની ઉપેક્ષા કર્યા સિવાય છુટકો નથી. કારણ કે કારણ વિના ચાંડાલ-દેવલક જેવી અસભ્ય ગાળો સભ્ય સમાજ ક્યાં સુધી સાંભળે?

**ગો.શ્રીહરિરાયજી મહારાજ (જામનગર)**
ગો.શ્રી.વ્રજરમણલાલજી (મથુરા)
તથા સહયોગી ગો.આચાર્યો

(આના જવાબરૂપે એક આખા પાનાનો વિરોધપત્ર મુંબઈ સમાચારના ૧૧-૭-૯૨ના અંકમાં પૂ.પા.ગો.શ્રીતિલકાયત મહારાજશ્રીના ભક્તવૈષ્ણવોએ છાપ્યો હતો. તેનો વિસ્તૃત ખુલાસો "સાચું શું?...સાચું શું?..."મથાળા હેઠળ મુંબઈ સમાચારમાંજ તા.૧૯-૭-૯૨ને પાના નં. ૮-૯ ઉપર સિદ્ધાંચર્ચાસભામાં હાજર રહેનારા વૈષ્ણવોએ આપ્યો હતો. તેમાં કરવામાં આવેલ ઘણા બધા ખુલાસાઓને આડકતરી રીતે સ્વીકારીને તેઓ આ ચર્ચામાંથી ખસી ગયા. એના અનુસંધાનમાં મેં એક વક્તવ્ય છપાવ્યું હતું જેમાં હરિરાયજીના આહ્વાનનો પણ જવાબ જે મેં આપ્યો તે આમુજબ છે:)

મુંબઈ સમાચાર તા.૯-૮-૯૨

॥વિજયતે શ્રીવલ્લભો મહાપ્રભુઃ॥

સાચું એ તો સાચું જ અને ખોટું તે તો...
પણ ખોટી માથાફોડીમાં અમનેય રસ નથી!

(ફકરો૧ અને ૭):—

(૧)કેમકે અમે તો શ્રીમહાપ્રભુજીના તે-જ સિદ્ધાંતો કહી રહ્યા હતા જે સિદ્ધાંતોની પુષ્ટિ અને પ્રશંસા આપણા સંપ્રદાયના પ્રમુખ પીઠાધીશે પણ આર. કે. ભટ્ટની ચોપડીના સ્તુતિના વ્યાજે 'અત્યુત્તમ' કહીને કરી હતી. આજે પણ અમે એજ સિદ્ધાંતો કહેવા માંગીએ છીએ. ભવિષ્યમાં પણ તે-જ 'અત્યુત્તમ' સિદ્ધાંતો કહેતા રહીશું. કેમકે શ્રીનાથજી વિગેરે બધા પુષ્ટિસ્વરૂપોની સેવા 'અત્યુત્તમ' સિદ્ધાંતોમુજબ પોતના ઘરમાં પોતના તન-ધન-પરિજનથી અને જાહેર

પ્રદર્શનોના ભવાડા વિનાની હોવી જોઈએ, એવો અમારો અસ્ખલિત ભાવ છે અને રહેશે. દરેક વલ્લભવંશજ ગોસ્વામીએ ગુરુપદોચિત પોતના ચરણભેંટથીજ ભગવત્સેવાને સ્વધર્મરૂપે નભાવવી જોઈએ. ક્યારેય જાહેર મંદિરમાં પુજારી બનીને તો નહિજ...અલબત કોઈ પણ સંજોગમાં જાહેર પ્રદર્શન વિનાની, પોતના ઘરમાં; અને પોતના તન-ધન-પરિજનોથકી કરવામાં આવતી ભગવત્સેવાનો સિદ્ધાંતઘોષ જો શ્રીનાથજી કે તિલકાયત મહારાજશ્રી ઉપર આક્રમણ કે કાદવ ઉછાળવા જેવી હલકી વાત હોય તો તે 'અત્યુત્તમ' આક્રમણ કે કાદવ ઉછાળવાનું કૃત્ય અમારા પહેલા આર.કે.ભટ્ટે કર્યું છે અને પૂ.પા.ગો.શ્રીતિલકાયતમહારાજશ્રીએ તેને વધાવ્યું છે તેમાં બેમત નથી.

(૭)હવે ફકત બાકી રહે છે તિલકાયત મહારાજશ્રીથી 'પુષ્ટિસિદ્ધાંત-સંરક્ષણ-શિરોમણિ' પદવીપ્રાપ્ત હરિરાયજીના મુંબઈ સમાચાર (તા.૨૪-૭-૯૨)ના અંકમાં પ્રકાશિત 'વૈષ્ણવો સાવધાન' જાહેરાતની વાત.

તેઓને જો ખરેખર સિદ્ધાંતચર્ચાનો સૈધ્ધાન્તિક નિવેડો લાવવો હોય તો સિધ્ધાંતવચનાવલીનો ભાવાનુવાદ અને સંક્ષિપ્તવિવરણમાં લખેલ 'શાખાચંક્રમણનિરસન' નો જવાબ પ્રકાશિત કરાવી દે. કોઈ પણ તટસ્થ-મધ્યસ્થની ગરજ વિના આમ શાસ્ત્રાર્થ સંપન્ન થઈજ જશે. જો સામ-સામે બેસીનેજ શાસ્ત્રાર્થની કોઈક અસહ્ય ચળ હોય તો પોતાને માથે બિરાજતા ઠાકોરજીની સેવામાટે ગામથી પૈસા ઉઘરાવવાનું બંદ કરી દેખાડે ઓછામાં ઓછા ત્રણ વરસ સુધી ત્યાર પછી સામ-સામે બેસીને ચોક્કસ શાસ્ત્રાર્થ કરી લઈશ.

આ બન્ને વાતમાંથી એકેય વાત કરી દેખાડવાની એમની સામર્થ્ય ન હોય તો પોતાની જાહેરાતમાં જણાવ્યા પ્રમાણે 'શ્વ-કુંજર' ન્યાયથી પોતાને દેવલકતા મદમત્ત-કુંજર એટલે કે હાથી સમજે; અને મને પુષ્ટિસિદ્ધાંત ભસતો શ્વાન સમજે. તેમાંય મને વાંધો નથી. કેમકે હું તો એમને મારો નાનો ભાઈ ગણું છું, તેથી આજે નાનાભાઈની



સમજમાં પુષ્ટિસિદ્ધાંતો ન આવતા હોય તો તેમના ચિરંજીવી વલ્લભ બાવાની સમજમાં કાલે આવી જશેજ, તેવા શુભાશયથી પુષ્ટિના 'અત્યુત્તમ' સિદ્ધાંતો ભસતો રહીશજ.

શ્રીનાથજી વિગેરે બધાજ પુષ્ટિસ્વરૂપો દરેક પુષ્ટિજીવનેમાટે સર્વસ્વ હોવાજ જોઈએ. પુષ્ટિમાર્ગપ્રવર્તક શ્રીમહાપ્રભુજીના વંશજો જાહેર દેવમંદિરમાં દેવલક પૂજારી નથી બલ્કે ગૃહસ્થ ધર્માચાર્ય છે, તેવો દૃઢાગ્રહ દરેક પુષ્ટિજીવને હોવોજ જોઈએ. હું પણ પુષ્ટિમાર્ગીય છું તેથી 'અત્યુત્તમ' પુષ્ટિસિદ્ધાંતો ભસતા રહેવાની અખંડનિષ્ઠા ધરાવનાર...

ગો.શ્યા.મ.

તા.ક.: હવે કોઈ પણ ખુલાસો અમે છાપાઓમાં નહિ આપીએ જેને જે કાંઈ પૂછવું જાણવું હોય તે પત્રદ્વારા અથવા રુબરુ જાણી શકે છે. આ વિચારીને જે કહેવું હોય તે કહે!

સૌજન્ય: (૧)ગોસ્વામી શ્રીકિશોરચંદ્રજી (૨)ગોસ્વામી શ્રીરઘુનાથલાલજી (૩)ગોસ્વામી શ્રીદેવકીનંદનજી (૪)ગોસ્વામી શ્રીનીરજકુમારજી (૫)ગોસ્વામી શ્રીમથુરેશજી (૬)ગોસ્વામી શ્રીવ્રજેશજી (૭) ગોસ્વામી શ્રીકન્હૈયાલાલજી (૮)ગોસ્વામી શ્રીશરદકુમારજી (૯)ગોસ્વામી શ્રીયોગેશકુમારજી (૧૦)ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી.

(આના પછી હરિરાયજીએ મુંબઈસમાચારમાં તા.૨૬-૮-૯૨ ને એક વકતવ્ય છપાવ્યું તે:)

**મુંબઈ સમાચાર તા.૨૬-૮-૯૨.**

**સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો જોગ**

**"અગત્યનો ખુલાસો"**

(૧)ભાનવગરના ભાણજીભાઈ, જો ભાવનગરને ભાન વગર કીધે રાખે...તેથી કાંઈ ભાવનગર ભાનવગરનું ન થઈ જાય તેમજ શ્યામમનોહરજી (પાર્લા) મને ચાંડાલતુલ્ય દેવલક કીધે રાખે તેથી હું દેવલક સિધ્ધ થઈ શકું તેમ નથી. જો શ્યામમનોહરજીમાં ત્રેવડ હોય તો શાસ્ત્રાર્થમાં મને દેવલક સિધ્ધ કરી બતાવે. આ મારો તેમને ખુલ્લો

પડકાર છે અને જો મધ્યસ્થી નિર્ણાયક સમક્ષ શાસ્ત્રાર્થમાં મારી સામે આવવાની શ્યામમનોહરજીમાં હિમ્મત ન હોય તો દેવલકતાની ગાળો આપીને ત્રણ વરસની મુદ્દત નાખી ખોટા બહાના બનાવીને લોકોને ગેરમાર્ગે દોરવાની કુચેષ્ટા ન કરવી જોઈએ અને સીધી રીતે પરાજય સ્વીકારીને શાસ્ત્રાર્થના મેદાનમાંથી ઉલ્લાંગુલ પલાયન કરી જવું જોઈએ (લગભગ તો કરીજ ગયા છે.).

(૨)"સરકારી કાયદાઓને માન્ય રાખીને જનતાથી ભગવત્સેવામાટે દ્રવ્ય લેનાર જઘન્ય કોટિનો દેવલક હોય છે". આ પક્ષ (ચર્ચાસભામાં મેં કબૂલ રાખી છે એવી શ્યામમનોહરજીની જાહેરાત (જુઓ : મુંબઈ સમાચાર તા.૯-૮-૯૨) પાયા વગરની, ઉપજાવેલી અને લોકોને ગેરમાર્ગે દોરનારી છે. કારણકે ચર્ચાસભાની ઓડિઓ વીડિઓ કેસેટો બળજબરીથી દબાવી રાખીને સાચી હકીકત છુપાવવાના શોખિન એવા શ્યામમનોહરજીના આવા મનસ્વી રીતે તોડી મરોડીને કરવામાં આવતાં વાહિયાત વિધાનોનો અસ્વીકાર તો હું આજથી પાંચ મહિના પહેલાજ એક જાહેર નિવેદનદ્વારા કરી ચુક્યો છું.

(જુઓ મુંબઈ સમાચાર તા.૧૯-૪-૯૨, જન્મભુમિ ૨૦-૪-૯૨ અને પ્રવાસી તા.૨૦-૪-૯૨ તથા સંદેશ તા.૧૮-૪-૯૨ સાથે ફૂલછાબ જયહિન્દ વિગેરે...) છતાં શ્યામમનોહરજીએ કેસેટો દબાવી રાખી છે અને તેમાંથીજ મારા મંતવ્યોને મનસ્વી રીતે મારી-મચડીને જનતા સમક્ષ રજૂ કરે છે અને લોકોને ગેરમાર્ગે દોરે છે. જો આ કેસેટો સેન્સર થયા વગર પ્રકાશિત થઈ જાય, તો લોકો સાચી હકીકત જાણી જાય; અને ત્યારે મારા મન્તવ્યોને મારી-મચડીને વિકૃત કરીને પ્રકાશિત કરવાનો ઊંધો ધંધો બંધ થઈ જાય. આજ કારણ છે કે આ કેસેટોને તેઓ પ્રકાશિત કરતા નથી. નહિતર આવું તો શું છે આ કેસેટોમાં કે લોકો સમક્ષ તે રજૂ નથી કરતા? હા, એટલું જરૂર છે કે ચર્ચાસભા દર્મિયાન શ્યામમનોહરજીએ



બળજબરીપૂર્વક દુર્વ્યવહાર કરી મને પરાણે પક્ષગ્રહણ કરાવ્યો અને મારા ઉપર ખોટા આક્ષેપો મૂક્યા છતાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી (નિયમ વિરુધ્ધ હોવા છતા) મેં હિમ્મતપૂર્વક પક્ષગ્રહણ કર્યો અને ચર્ચા ભાંગી ન પડે એટલામાટે ઈચ્છા ન હોવા છતાં પણ સહયોગ કર્યો એનો ત્યાં ઉપસ્થિત વિશાળ જનસમુદાય સાક્ષી છે. ખરેખર તો આ ચર્ચાના અંતમા શ્યામમનોહરજી કઈ રીતે નિરુત્તર થયા અને ચતુર ઉદઘોષક ગો. શરદબાવાએ પોતાના વિશેષાધિકારોનો પ્રયોગ (કે દુરૂપયોગ...!) કરી અચાનક આ ચર્ચાને સમાપ્તિ અને અનિર્ણિત ઘોષિત કરીને કેટલી ચાલાકી અને કાળજી પૂર્વક નિરુત્તર શ્યામમનોહરજીને બચાવી લીધા છે તે તો લોકો વીડિઓ કેસેટોમાં જ્યારે નજરો નજર નિહાળે ત્યારેજ સાચો આનંદ આવે. જોકે શ્યામમનોહરજીની આ દયનીય સ્થિતિનો આચ્છો સરખો ખ્યાલ સંવાદસ્થાપક-મંડળ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ "પુષ્ટિસિદ્ધાંત-ચર્ચાસભા વિસ્તૃતવિ-વરણ" ના પૃષ્ઠ ૨૨૪ થી ૨૨૮માં આવે છે. જોકે સેન્સર થયા વગરની કેસેટો જ્યાં સુધી પ્રકાશિત ન થાય ત્યાં સુધી આ ઉપરોક્ત વિસ્તૃત વિવરણ સમ્પૂર્ણ વિશ્વસનીય નજ ગણાય.

(૩)હકીકતમાં તો મારા માન-અપમાનની પરવા કર્યા વગર જાણે ગાળો ખાવા માટેજ હું શ્યામમનોહરજી સામે ઉતર્યો છું કારણકે શ્યામમનોહરજીની ભાષા અને વ્યવહાર માં અસભ્યતા અને તોછડાપણું એટલી હદે છે કે કોઈ પણ સભ્ય ગોસ્વામી આચાર્ય 'પંકપ્રક્ષાલન' ન્યાયથી આમાં પડવાજ ન્હોતા માંગતા અને ખરેખર મારા સાથે પણ એજ થયું.(જોકે હું આ બધામાટે માનસિક રીતે પહેલેથી તૈયાર હતો.) અને આજે મારે જાહેરમાં છાપાઓમાં ચાંડાલતુલ્યદેવલકની ગાળ સાંભળવી પડે છે અને શાસ્ત્રાર્થ કરવાની શ્યામમનોહરજીમાં ત્રેવડ ન હોવા છતાં આને ભાગ્યની વિટંબના કહેવાય. છતાં ભગવત્કૃપાથી મારો નિશ્ચય તો દઢ છે.

(૪)શ્યામમનોહરજીને ન્યાય વ્યાકરણ જેવા પાયાના શાસ્ત્રોનો અભ્યાસ નથી(એમ તેઓ પોતેજ કહે છે) એટલે તેમનાદ્વારા લખેલ -''શાખાચંક્રમણીનિરસન'' ઘડા વિનાનું હોય તે સ્વાભાવિક છે. છતાં શાસ્ત્રાર્થ સમયે આનો હું જડબાતોડ જવાબ આપીશ પણ મધ્યસ્થી નિર્ણાયક સમક્ષજ કારણ કે ઘણી ઘોરી વગરની ચર્ચામાં હવે મને રસ નથી.

(૫)જાન્યુઆરી ૧૯૯૨માં શ્યામમનોહરજીને શાસ્ત્ર ચર્ચાની (એમનીજ ભાષામાં) અસહ્ય ચળ ઉપડી હતી ત્યારે ગો.શરદબાવા જામનગર આવીને આગ્રહ કરી મને ચર્ચાસભામાં લઈ ગયા હતા. એટલે ત્યારે શ્યામમનોહરજીની ચર્ચાની ચળ મટાડવાની મેં મારી તરફથી સંપૂર્ણ કોશિષ કરી હતી પણ કમનસીબી કે એ ચળ મટી નહીં અને બળતરાના રૂપમાં પરિણમી જેનું પરિણામ મારીઉપર ગુલાંટ મારવાના ખોટા આક્ષેપો અને ગાળોના રૂપમાં આવ્યું છે.

(૬)મારો ભાવાનુવાદ ચર્ચાસભામાં હું (મૌખિક) પ્રસ્તુત કરી શક્યો છું (ચર્ચા બાકી છે.) જે ઓડિઓ-વીડિઓ કેસેટોમાં છેજ અને કેસેટો સેન્સર કર્યા વગર પ્રકાશિત કરવાની સંપૂર્ણ જવાબદારી શ્યામમનોહરજીની છે. મારી નહીં.

(૭)શ્રીશ્યામમનોહરજી એક બાજુ શ્રીનાથજીના, મંદિર-પ્રતિષ્ઠા સેવા-દર્શન મહાપ્રસાદનો વિરોધ કરે છે અને બીજી બાજુ કહે છે કે શ્રીનાથજી અમારા સર્વસ્વ છે આ રીતે એક મોઢે બેવડી વાતો કરીને લોકોને ગેરમાર્ગે દોરે છે અને શ્રીનાથજીની સેવાને પણ અપુષ્ટિમાર્ગીય કહે છે.

નોંધ : જો તેઓ મને કેસેટો આપશે તો હું જરૂરથી પ્રકાશિત કરીશ.

ગો.શ્રીહરિરાયજી જામનગર.

(આનો જે જવાબ મેં પેમ્ફ્લેટ છપાવીને જામનગરમાં વિતરિત કરાવ્યો તે આમુજબ હતો : )



॥વિજયતે શ્રીવલ્લભો મહાપ્રભુઃ॥

## શાસ્ત્રાર્થના ખુલ્લા પડકારનો ઘબડકો

મુંબઈ સમાચારના તા.૨૬-૮-૯૨ ના અંકમાં ચિ.હરિરાયજીનું નિવેદન વાંચ્યુ. પોતાની બાબતમાં વ્યાકરણ-ન્યાય-સાહિત્ય-વેદાંત શાસ્ત્રોના અરણ્યમાં વિહાર કરનાર 'હરિ' એટલે કે કેસરી હોવાની અહમ્મન્યતા રાખનાર, અન્તે તો તે અરણ્યમાં રહેલા વૃક્ષોની શાખાઓઉપર નિરંતર ઉલ્લાંગૂલ ચંક્રમણ કરનાર શાખામૃગ હરિજ ફક્ત સિધ્ધ થયા છે.

શાસ્ત્રોના પાનાઓઉપર દૃષ્ટિ ફેરવી લેવાથી કે ચાલુ ખાતાની ગોખણપટ્ટીવાળી પરિક્ષાઓમાં ઉત્તીર્ણ થઈ જવાથી વિદ્વાન્ થઈ જવાતું હોત, તો ઘેટાંઓની માફક જ્યાં-ત્યાં વિદ્વાનોના પણ ટોળે-ટોળાં આ દુનિયામાં રઝળતા મળત!

વ્યાકરણશાસ્ત્ર-મુજબ 'ઈચ્છિત' શબ્દનો પ્રયોગ શુધ્ધ નથી 'ઈષ્ટ' પ્રયોગજ શુધ્ધ માનવામાં આવ્યો છે; પરન્તુ વ્યાકરણનિષ્ણાત હોવાનો દાવો કરનાર ચિ.હરિરાયજીએ (જુઓ ભાષાલક્ષણ પાનુ નં.૭) આવો અશુધ્ધ પ્રયોગ ચલાવી લીધો છે; તો તેમની વિદ્વત્તાને માપનારી હવે બીજી કોઈ માપપટ્ટી શોધવાની આવશ્યકતા રહી જતી નથી.

તેમાંય વળી ન્યાયશાસ્ત્રના વૈદુષ્યની ડંફાસ હાંકવા પ્રકટ કરેલ 'ભાષાલક્ષણમ્' તો બુધ્ધિના દિવ્ય વૈભવ(!)નુંજ પ્રદર્શન કહેવાય. પોતે લક્ષણ આપવા માંગે છે ભાગવતની સમાધિભાષાનું અને તે લાગૂ થાય છે ઘડા-ઘોડા-ગધેડાઉપર પણ (અતિવ્યાપ્તિ)!

કહેવાય છે કે ''શાસ્ત્રેષુ ભ્રષ્ટાઃ કવયો ભવન્તિ'' એટલે મહાકવિની શાસ્ત્રચ્યુતિ શોધવી હોય તો ''મઞ્ચશ્ચેત્ પાતાલં પ્રવિશેદ્'' ન્યાયથી દરિયાના પેટાળમાંજ ક્યાંક જડે તો જડે!( તા.ક. તેથીજ તો કેસેટમાં ઉતરાવેલ પ્રવચનમાં અવાર-નવાર ''જે ઉત્તમ અધિકારી ન હોય તેને શું દરિયામાં પડી જવું—મરી જવું?''એમ જઘન્ય અધિકારિઓનીજ ચિન્તા સ્વાધિકારાનુરૂપ ચિ.હરિરાયજીને

પુષ્કળ સતાવતી હોય છે!)

પાર્લામાં ગોઠવેલ સિધ્ધાંતચર્ચાસભામાં જાહેરમાં સિધ્ધ થઈ ગયું હતું કે પુષ્ટિમાર્ગના પાયાની વાતો કે નિવેદન સમર્પણ અને દાન માં જે તફાવત છે તેનું લગીરે ભાન ચિ.હરિરાયજીને ન્હોતું. તેમાં આવ્યા હતા ડંફાસ મારતા કે ભરી સભામાં મારા ચીરહરણ કરી લેશે. મને ત્યારેય આ વાત સાંભળીને ગુસ્સો ન્હોતો આવ્યો બલ્કે કરુણાજ જાગી હતી.

એમેય મારા બેચાર પૂર્વાનુભવોમાં દરેકે-દરેક ચર્ચાપ્રસંગે ચિ.હરિરાયજી કોઈ પણ જાતના તાત્વિક નિષ્કર્ષઉપર પહોંચવા કરતા પોતાના વિદ્વાન્ હોવાની છાપ ઊભી કરવામાટે તલપાપડ થતાં વધૂ જણાયા. ખરેખર તો આ એક લઘુતાગ્રન્થીનો માનસિક રોગ છે. તેથી વાકેફ હોવાને કારણે ચિ.હરિરાયજી સાથે ચર્ચા કરવાની મારી તો લેશમાત્ર પણ ઈચ્છા ન્હોતી. તે છતાંય ચિ.શ્રીશરદબાવા અને શ્રીવ્રજપ્રિયજી ના કહેવાથી કે ચિ.હરિરાયજી ખરેખર સાંભળવા જેવી વિપ્રતિપત્તિ રાખે છે અને શુધ્ધ ગંભીરભાવે શાસ્ત્રીય વિચાર કરવા માંગે છે. તદ્ઉપરાંત કેટલાક અભણ, બીજા 'ગોપીભાવથી બિરાજતા' બીકણ અને સિધ્ધાંતનિષ્ઠા-વિહીન મહાનુભાવોએ સિદ્ધાંતચર્ચામાટે તેમને પોતાના પ્રતિનિધિ તરીકે નીમ્યા છે, તે જાણ થતાં, ના છુટકે મારે તૈયાર થવુંજ પડ્યું. મેં મારી રીતે તો, એટલે કે એક મોટા ભાઈની હેસીયતમાં, ચર્ચા દરમ્યાન ચિ.હરિરાયજીની હોંશ વધારવાના બધાજ પ્રયાસ કર્યા હતા. તેમના પાણ્ડિત્યની મિથ્યા પ્રશંસા કરીને પણ; અને મારી ક્ષુદ્ર ત્રુટિઓને સંપૂર્ણ ખેલદિલીથી સ્વીકારીને; એટલે કે ભરી સભામાં કાન પકડવાના નાટક કરીને પણ! તેમાં હેતુ મારો એક •એજ શુભાશયતાનો હતો કે લઘુતાગ્રન્થીથી પીડાતા ચિ.હરિરાયજી પોતાની આન્તરિક નબળાશઉપર કાબૂ મેળવીને નિખાલસ રીતે ચર્ચા કરી શકે . પરન્તુ "સ્વભાવો દુરતિક્રમઃ" ન્યાયમુજબ ચિ. હરિરાયજી પોતાની આન્તરિક લઘુતાગ્રન્થીને



ખોલીને ચર્ચામાં ભાગ લેવા સમર્થ ન થયા તે નજ થઈ શક્યા!

ચર્ચાસભાના એક દિવસ અગાઊ મોડી રાતસુધી અને હકીકતમાં તો સંવાદસ્થાપક મંડળે પરિપત્રોદ્વારા મહિના અગાઊ જે સભાસંચાલનના નિયમોની સંપૂર્ણ સ્પષ્ટતા કરીજ દીધી હતી, તેની તે-જ વાતોને બગડેલી જૂની રેકાર્ડઉપર જેમ સોઈ અટકેલી રહે અને "દિલકે ટુકડે-દિલકે ટુકડે-દિલકે ટુકડે" વાગતુ રહે તેમ પોતાની બગડેલ રેકાર્ડ વગાડતાજ રહ્યા. હકીકતમાં તો આજે પણ તે બગડેલ રિકાર્ડમાં બધાજ ખુલાસાઓ કરી દીધાં પછી પણ "વીડિઓ કેસેટ-વીડિઓ કેસેટ" વાગીજ રહ્યું છે!

ખેર પાર્લાની ચર્ચાસભામાં તે વખતે તેનાઉપરથી સોઈ માંડ-માંડ આગળ ખસેડવામાં આવી તો પણ શુધ્ધ ભાવાનુવાદને ઠેકાણે અર્થહીન વાતોના આગળ-પાછળ બુધ્ધિહીન સંપુટો એટલે કે વિસ્તારપૂર્વક ભાવાનુવાદ આપવાનો ડોળ શરુ કર્યો. તેમાં ટોકાટોકી થતાં અને ત્રુટિનિર્દેશ જણાવવાનુ કહેતા છન્દ-વ્યાકરણ-એક-એક શબ્દોના પર્યાયો જેવી અત્યન્ત ક્ષુદ્ર ત્રુટિઓને શોધી-શોધીને સમ્પૂર્ણ ચર્ચાસભાનો સમય કેમ વેડફી નાખવો તેવી ગણતરીપૂર્વક કુટિલતા પ્રકટ કરવા મંડ્યા. તેથી કંટાળીને પક્ષગ્રહણનો મારે આગ્રહ કરવો પડ્યો. શાસ્ત્રાર્થ કરવાના ખરજવાથી પીડાતા ચિ. હરિરાયજીને પક્ષગ્રહણ અને શાસ્ત્રાર્થ વચ્ચે રહેલ તફાવતનું પણ લગીરે ભાન ન હોવાથી, ત્યારબાદ મધ્યસ્થ નિર્ણાયકના રોદણા રડવા લાગ્યા. એટલે થાકીને મારે ઘોષણા કરવી પડી કે જો ચિ. હરિરાયજી પક્ષગ્રહણ નહિ કરે તો હું ચર્ચામાંથી ખસી જઈશ. એટલે શાસ્ત્રાર્થની ચળ કે બળતરા મને હતી કે ચિ.હરિરાયજીને એ તો ત્યારેજ પ્રકટ થઈ ગયું, જ્યારે પક્ષગ્રહણ કરવાના મારા આગ્રહને 'બલાત્કાર' 'અન્યાય', 'દુર્ભાવના' વિગેરે અનેક ગાળો આપવા છતાંય ચિ. હરિરાયજીએ પોતે કહ્યું— "મંજૂર હે, અબ વો ઈસ બાત કો છોડો...શ્યામુદાદા, અભી

જો ભી કુછ હુઆ ઈસકો છોડો. ભગવદિચ્છા, મેં સબ બાતકો ભૂલ રહાં હૂં આપ ભી ભૂલ જાયેં ઔર મેરી કોઈ ગલતી હો તો માફ કરેં, આપ જૈસે કહો વૈસે મેં તૈયાર હૂં''(જુઓ વિ.વિ.પાના ૧૩૯-૧૫૧). કેમકે ચિ.હરિરાયજી સરખી રીતે જાણતા હતા કે આવો સોનેરી મોકો એમના જીવનમાં ફરી નહિ આવે! ચર્ચાસભાના ત્રીજા દિવસની રાત્રીએ પણગ્રહણનો ધબડકો અને પોતાને પોતાના પિતાશ્રીના વિધાનો સાથે પોતાને કોઈ મતલબ નથી એવું શાખાચંક્રમણ કરવું પડ્યું હતું, તેથી ગભરાઈને રાતના ગુલાટી ખાવા પોતે તૈયાર છે કહી ચર્ચા રોકાવી દીધી. જો આ વાત ખોટી હોય તો ચોથે દિવસે ચિ.હરિરાયજીએ સભામાં જિજ્ઞાસા કે ઘોષણા કેમ ન કરી કે ''આજે વધારાના દિવસે સિધ્ધાંત ચર્ચાને ઠેકાણે ભાષણો કેમ થઈ રહ્યા છે''. તે દિવસે રાત્રીએ ચિ. હરિરાયજીએ એમ પણ કહ્યું હતું કે આટલું તો સિધ્ધ થઈજ ગયું છે કે શ્યામમનોહરજી સામે શાસ્ત્રાર્થમાં હરિરાયજી શિવાય બીજો ઊભો ન થઈ શક્યો. આથી સિધ્ધ થાય છે કે ઉત્કંઠા તત્ત્વનિર્ણયની ન્હોતી પણ વ્યક્તિગત ખ્યાતિની વધૂ તીવ્ર હતી. હું તો ખસી જવા તૈયારજ હતો. કેમકે ઉલ્લાંગૂલ શાખાચંક્રમણકારી શાખામૃગ જો દીપડા(આ ઉપમા ચિ.હરિરાયજીએ જૂનાગઢના પ્રવચનની કેસેટમાં મારેમાટે વાપરી છે.)ની સામે શાસ્ત્રાર્થના ખોંખારા ખાય તો તેને પકડવા શાખાઓઉપર ચઢવાની જરૂર કમસે કમ આ દીપડાને પડી નથી. એણે તો પોતાની પક્ષગ્રહણની એક ઘોર ગર્જનાજ એવી કરી કે શાખામૃગ શાખાઉપરથી સિદ્ધાંતભૂમિઉપર ટપોટપ આવી ટપક્યા હતા!

પુષ્ટિસિદ્ધાંત-ચર્ચાસભા(પાર્લા)ની કેસેટો સંવાદસ્થાપક મંડળે સભાના સાચા વિવરણને પ્રકાશિત કરવામાટે ઉતરાવી હતી વિતરણમાટે નહિ. તે વિવરણમાંની કઈ વિગત ખોટી છે તે જ્યાં સુધી ચિ.હરિરાયજી કહીને બતાવી શકતા નથી ત્યાં સુધી કેસેટો માગવાનો કોઈ ઔચિત્યજ નથી.



જોકે આ અમારી ઘોષણા થયા પછી કેસેટમાંથી ઉતારેલ સોએ સો ટકા સાચા વિવરણને હવે શાખાચંક્રમણ કરીને ચિ.હરિરાયજીએ ખોટું ઘોષિત કરવાનો ઉપક્રમ કર્યો છે.

તેઓ ફરીથી આમાં ગોથા ખાઈ ગયા છે. સંવાદસ્થાપક મંડળે વિતરણની ના પાડી છે પ્રદર્શનની નહિ. તેથી ધર્મસ્થાનઉપર બિરાજમાન હોવા છતાંય કઈ જઘન્ય કક્ષાનું મિથ્યાભાષણ ચિ.હરિરાયજી કરી રહ્યા છે તે જેને જોવું-સાંભળવું હોય તે અમારી પાસે આવીને જોઈ-સાંભળી શકે છે.

તેથી કહેવાયું છે—

મર્કટસ્ય સુરાપાનં તત્ર વૃશ્ચિકદંશનમ્।
તન્મધ્યે ભૂતસંચારે યદ્વા તદ્વા ભવિષ્યતિ॥

અભણ-બીકણ-નિષ્ઠાવિહીન મહાનુભાવોએ ચિ.હરિરાયજીની વરણી પ્રતિનિધિ તરીકે કરી તે તેમનામાટે વારુણીની માફક નિવડી છે! તેમજ પક્ષગ્રહણમાં કરેલી કબૂલાતો વૃશ્ચિકદંશ સમી નીવડી છે. ''તનુજા સેવા કરનાર જઘન્ય કોટીનો સેવા કરનાર હોય છે; અને સરકારી કાયદા માન્ય રાખીને જનતાથી ભગવત્સેવામાટે દ્રવ્ય લેનાર જઘન્ય કોટીનો દેવલક હોય છે'' તે પક્ષો કબૂલ્યા હતા પરન્તુ બુધ્ધિમંદતાને કારણે આ કબૂલાત અન્તે પોતાનાઉપર લાગૂ થઈ જશે તેનું ભાન રાખ્યા વિના આવું બફાઈ ગયું! તેથી આવા હિસ્સા કેસેટમાંથી કાપીને બાકીની કેસેટ ગામને દેખાડવામાટે ચિ.હરિરાયજી ભારપૂર્વક માગણી કરી રહ્યા છે! પરન્તુ તનુવિત્તજા તે ઉત્તમ પ્રકારની માનસીસેવાની સાધિકા હોય છે અને તનુજા તે તો જઘન્ય પ્રકારની હોય છે, એવી કબૂલાતને કારણે, કાં તો હવે પોતાનો પ્રતિષ્ઠામોહ છોડવો પડશે કાં વૈષ્ણવોથી પૈસા પડાવીને ધંધાકીય ભક્તિના ભવાડા એટલે દેવલકતાદૌર્બલ્ય =પરધનલોભપર કાબૂ મેળવવો પડશે. બન્ને એકી સાથે હવે ચિ.હરિરાયજી નભાવી નહિ શકે. શાસ્ત્રાર્થનાં ખરજવાની ખોટી વૃત્તિનાં આ પરિણામ! વૃશ્ચિકદંશસમા અસહ્ય!!

ચર્ચાસભા ઉપરાંત બાલાસિનોર વિગેરેની કેસેટોમાં

પણ પોતે કબૂલ રાખ્યું છે: તનુજા સેવા કરનારનો ચિત્ત ભગવાન્‌માં પ્રવણ જોકે નથી થતો, વૃત્ત્યર્થી કે લોકાર્થી હોવાને કારણે, તે છતાંય તેની ભક્તિ નિષ્ફળ નથી જતી''.

આ તબક્કે હું ખુલ્લો પડકાર ચિ.હરિરાયજીને આપું છું કે તેઓ જાહેર નિવેદન દ્વારા જણાવે કે—

(૧)પોતે ઉત્તમ તનુવિત્તજા સેવા કરી રહ્યા છે કે જઘન્ય?

(મારી પાસે રોકડ પહોંચની રસીદો નં ૦૦૩૧૭૧-૭૩-૭૪-૭૫-૭૮-૭૯-૮૦ છે, આમાં પોતાને માંથે બિરાજતા પ્રભુમાટે સન્મુખભેટ સામગ્રીભેટ મંગલભોગ વિગેરેનો ઉલ્લેખ છે. તદ્‌ઉપરાંત ગુરુદેવભેટની લીલા રંગની નોખી પાવતી ફાડવામાં આવે છે. તેથી ચિ.હરિરાયજી કહી નથી શકતા કે ૧૭૧-૧૮૦ ની પાવતીઓ તેમણે પોતાની ભેટ તરીકે લીધી છે કે આપનારે આપી છે. તેથી સિધ્ધ થાય છે કે તેઓ જઘન્ય કોટીની સેવા કરનારા દેવલક છે)

(૨)આ જઘન્ય કોટીની સેવા તેઓ શામાટે કરે છે? શું ચિત્ત ભગવાન્‌માં પ્રવણ થાય તે ચિ. હરિરાયજીને અભીષ્ટ નથી? શું પરદ્રવ્યમાં પોતાનું ચિત્ત પ્રવણ રહે તેવી પ્રભુએ તેમની જઘન્ય અધિકારિતા સૃષ્ટિના આરંભમાંજ નિર્ધારિત કરી દીધી છે? અન્યથા પોતાની ચરણભેટથી પોતાને માંથે બિરાજતા પ્રભુની ઉત્તમ તનુવિત્તજા સેવા ચિ. હરિરાયજી શામાટે નથી કરતા?

(જે ભાઈ આ રસીદો મને આપી ગયા છે, તેમણે ચિ. હરિરાયજીના અધિકારી દેવરામભાઈથી શ્રીમદનમોહનજીના ચિત્રજી પણ માંગ્યા હતા. તેના જવાબમાં દેવરામભાઈ બોલ્યા કે ''શ્રીમદનમોહનજીના ચિત્રજી આપીએ તો પછી તમે તમારા ઘરમાં સેવા કરવા મંડો. પછી અહીંયાં કોણ આવશે? તેથી ચિત્રજી મહારાજશ્રીના જોઈતા હોય તો લઈ જાવ'' આની કેસેટ પણ તે ભાઈએ મને સોંપી છે).

(૩)એટલે ભક્તિવર્ધિનીના ''ગૃહે સ્થિત્વા'' નો એકજ



અર્થ ''ગૃહસ્થાશ્રમમાં રહીને'' સાચો માની લઈએ તો મને આ રસીદ આપનાર ભાઈ પોતે એક ગૃહસ્થાશ્રમીજ છે તે છતાંય ચિત્રજી નહિ આપવામાં ભીતિ એજકે પોતાના ઘરમાં ચિત્રજીની સેવા ક્યાંક ન કરવા લાગી જાય. કેમકે તેમ કરવાથી ચિ.હરિરાયજીને આર્થિક નુકસાન શિવાય બીજો કોઈ નુકસાન તો હોઈ શકે તેમ નથી. તો પોતે વિત્તાર્થી બનીનેજ ભગવત્સેવાનો ધંધો કરી રહ્યા છે કે બીજું કાંઈ? અને જો વિત્તાર્થી બનીને ભગવત્સેવા કરતા હોય તો દેવલક છે કે નહિ? (આ વાત હું ગાળ રૂપે નહિ ખુલાસારૂપે પૂછી રહ્યો છું. હિમ્મત હોય તો પહેલા આનો ખુલાસો આપે).

એટલે આવી પોતે કરેલી કબૂલાતો કેસેટમાંથી ભૂંસીને સેંસર કરેલી કેસેટો હાલાર-સોરઠની ભોળી પ્રજાને છેતરવામાટે નહિ વાપરે તેની ગેરેંટી શું?

જે પુ.સિ.સં.શિ. પદવીને પોતે પ્રમાણિક ન માની, પોતે હસ્તાક્ષર કરી ગયા, જે પત્ર મેં છપાવી પણ દીધો છે, તે પદવી મેળવ્યાની સન્માનસભાઓ ગોઠવનાર ચિ.હરિરાયજી હકીકતમાં સિધ્ધાંતનિરૂપણ કરતા વ્યક્તિગત પ્રતિષ્ઠાવર્ધનમાટે વધૂ પડતો મોહ સેવે છે. તેમાં વિચારવા જેવું કશું રહી જતું નથી. એટલે પુ.સિ.સં.શિ. પદવીનો ભૂતાવેશ પણ શાખાચંક્રમણકારી ચિ. હરિરાયજીમાં વધૂ પ્રબળ બન્યો દેખાય છે?

હાલમાં બહાર પાડેલ પોતાની પ્રવચનની કેસેટમાં ચિ.હરિરાયજીએ વિધાન કર્યું છે કે આજીવિકા જ્યારે જોખમાતી હોય ત્યારે ઝૂટ બોલવામાં પાપ લાગતું નથી. તો તેવી ભીતિનેજ કારણે ચિ.હરિરાયજી ઝૂટ બોલી રહ્યા છે કે ગુલાટ ખાવાનું તેઓએ જણાવ્યું ન્હોતું. હકીકતમાં આ વાત એકાંતમાં નહિ પરન્તુ બીજા અનેક ગોસ્વામિબાળકોની હાજરીમાં કહી હતી!

રેલ્વેપ્લેટફોર્મ પર ગાડીના આવાજવાના એનાઉંસમેંટની શૈલીમાં હાલમાં ચિ. હરિરાયજીના નાના ભાઈ

નવનીતલાલજીએ જે કેસેટ બહાર પાડી છે, તેમાં તેઓ પોતાના અગ્રજના વૈદુષ્યની સરખામણી રાણાપ્રતાપની તલવાર સાથે કરે છે કે "કભી ઈધર ચલી કભી ઉધર ચલી કોઈ દેખ ન પાયા કિધર ચલી." પરન્તુ પાર્લાની ચર્ચાસભા દરમ્યાન તો તે વૈદુષ્યની તલવાર પોતાનીજ નહિ બલ્કે પોતાને પ્રતિનિધિ બનાવનારાઓની પણ ગરદનઉપર ચાલી ગઈ હતી! તેથી લાગે છે કે "કભી ખુદ ભી ન જાના કિધર ચલી!" કડી તે વૈદુષ્યની પ્રશંસામાં ઉમેરી લેવી જોઈએ.

જેને પક્ષગ્રહણ અને શાસ્ત્રાર્થ ના પ્રભેદનો પણ જ્ઞાન ન હોવાથી, મધ્યસ્થ નિર્ણાયક વચ્ચે રાખવાના રોદણા રડવા પડે છે, તે 'ભાવનગર' કે 'ભાનવગર' માંથી સાચો શબ્દ કયો તેની મીમાંસા કરવા બેસે તો લાચારીથી કહેવું પડે છે કે નથી તેમને પોતાને માંથે બિરાજતા શ્રીમદનમોહનપ્રભુમાં ભાવ, કેમકે હોત તો તેમની ઉત્તમ પ્રકારની તનુવિત્તજા સેવા શામાટે ન કરે? કે નથી ચિ.હરિરાયજીને સ્વમાર્ગીય ગ્રન્થો કે સિધ્ધાન્તો નું ભાન, કેમકે હોત તો ચર્ચાસભામાં એવા છબરડા ન કર્યા હોત!

એટલે હવે ફરી એક વખત તેઓ મધ્યસ્થ નિર્ણાયક રાખીને પાર્લાની સભામાં થયેલ છબરડાઓને સુધારવામાટે તલપાપડ થઈ રહ્યા છે કે લોકોનુ ધ્યાન તે સભામાં કરેલ પક્ષગ્રહણથી ખસી ને બીજી સભામાં જે શાખાચંક્રમણ કરવા માગે છે તેનાઉપર દોરવાઈ જાય, નહિ તો શાસ્ત્રાર્થની આવશ્યકતાજ હવે શેની રહી છે? તેમણે જે પક્ષો કબૂલ કર્યા છે તેમાંના આઠમાથી પાંચમાં અમે બન્ને સહમતજ છીએ.

(૧)પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત પ્રમાણે ભગવત્સેવાસ્થલ સેવાકર્તાની માલીકીના ઘરમાં હોવું જોઈએ (એટલે કાં તો વૈષ્ણવોની માલીકી પોતાની હવેલીઉપર કબૂલે અથવા જામનગરની વૈષ્ણવ જનતાએ પોત-પોતાની માલીકીના ઘરમાં સેવા કરવી જોઈએ. ચિ.હરિરાયજીની હવેલીમાં ચાલતી



ધંધાકીય સેવામાં ભાગ લેવાની કોઈ આવશ્યકતા નથી. વીડિઓ કેસેટ કે ઓડિયો કેસેટ જેને સાંભળવી હોય કે ચિ. હરિરાયજી આવી કબૂલાત કરી છે કે નહિ, તે દેખાડવા સંભળાવવા અમે તૈયાર છીએ).

(૨)સેવ્ય સ્વરૂપની બાબતમાં ગોસ્વામિબાળકોને માંથે બિરાજતા પ્રાચીન નિધિસ્વરૂપો કે વૈષ્ણવાને માંથે બિરાજતા અર્વાચીન સેવ્ય સ્વરૂપોના પુરુષોત્તમત્વમાં તારતમ્ય નથી, તે બાબતમાં હું અને ચિ. હરિરાયજી એકમતજ છીએ તો શાસ્ત્રાર્થની ગરજ ક્યાં રહી ગઈ? અલબત ગોસ્વામિબાળકોને માંથે બિરાજતા તેઓના પોતાનામાટે અને વૈષ્ણવ જનતામાટે આમ બન્નેમાટે હોય છે. જ્યારે કે વૈષ્ણવોને માંથે બિરાજતા સેવ્યસ્વરૂપો ફકત સેવાકર્તા અને તેના પરિવારમાટેજ હોય છે,આવો અગંડંબગડં પક્ષ ચિ. હરિરાયજીએ કબૂલ્યો હતો. તે વચન સિદ્ધાંતવચનાવલી-માંના અથવા તો તેમાં ન અપાયેલા ક્યા વચનના આધારે તેઓ કહે છે, તે દેખાડી ન શકવાને કારણે મને માન્ય નથી. હકીકતમાં તો તેમા કારણ દેવરામભાઈએ કહ્યું તે જ લાગે છે (આ કબૂલાત પણ વીડિઓ-ઓડિઓ કેસેટમાંથી જેને જોવી સાંભળવી હોય તે અમારી પાસે જોઈ-સાંભળી શકે છે).

(૩)સેવાર્થ આજીવિકાના મુદ્દાઉપર ભગવત્સેવાને આજીવિકાનું સાધન બનાવનાર નિષિધ્ધ કોટીનો જઘન્ય દેવલક હોય છે તેમાં પણ હું અને ચિ.હરિરાયજી એકમત હોવાથી શાસ્ત્રાર્થની આવશ્યકતા મને લાગતી નથી (વીડિઓ-ઓડિઓ કેસેટમાંથી આ કબૂલાત પણ જેણે જોવી-સાંભળવી હોય તેને દેખાડવા-સંભળાવવા અમે તૈયાર છીએ).

(૪)સેવ્ય સ્વરૂપનો પ્રસાદ ક્યાં લઈ શકાય છે અને ક્યાં નથી લઈ શકતો, તે બાબતમાં ચિ. હરિરાયજીએ કબૂલ રાખ્યું હતું કે સરકારી કાયદાઓને માન્ય કરીને જ્યાં જનતાથી ભગવત્સેવા માટે ભેટસામગ્રી સ્વીકારવામાં

આવતી હોય છે, તે દાન હોવાથી દેવદ્રવ્ય બની જાય છે. તેથી તેવા પ્રસાદને લેતા દેવદ્રવ્યોપભોગના પાપે પતિત થવું પડે છે. તે મને પણ માન્ય છેજ . જોકે મારે મતે સરકારી કાયદાને આમાં વચ્ચે લાવવાની આવશ્યકતાજ નથી. સ્પષ્ટ રીતે પોતાને માંથે બિરાજતા પ્રભુમાટે જ્યારે પણ પારકું દ્રવ્ય રોકડ કે સામગ્રી રૂપે સ્વીકારીએ, જેમ જામનગરની હવેલીમાં સ્વીકારવામાં આવી રહ્યું છે, તો તે પાતિત્યકારીજ છે (જોકે હવે ચિ. હરિરાયજી, આ રસીદોની વાત મેં ઉઘાડી પાડી એટલે શાખાચંક્રમણ કરવા માંગે છે પરન્તુ પાર્લાની ચર્ચાસભામાં કબૂલાત કરી હતી કે નહિ તે જોવા-સાંભળવા જેને ઈચ્છા હોય તે અમારી પાસે આવી શકે છે).

(૫)આચાર્યવચનોનુ તાત્પર્ય મૂલક્રમથી ચાલતી આવેલી વ્યાખ્યાથી વિરુધ્ધ જઈને ન કરવું તે ચિ. હરિરાયજીને અને મને બન્નેને માન્ય છે. તેથી શાસ્ત્રાર્થની આવશ્યકતાજ નથી તો મધ્યસ્થ નિર્ણાયકનો પ્રશ્ન ક્યાંથી ઉભો થાય? (અલબત બુધ્ધિમંદતાને કારણે ચિ. હરિરાયજી આ મુદ્દામાં શ્રીમહાપ્રભુના આશ્રયના મુદ્દાને વિવાદાસ્પદ બનાવવા માગતા હતા. પણ તે સંબન્ધી કોઈ વિવાદ હતોજ નહિ. બધાજ ટીકાકારો કાં તો એક તનુવિત્તજા સેવાની વાત કરે છે; કાં તો એકકર્તૃકા તનુજા-વિત્તજા એમ બે જાતની સેવાની વાત કરે છે. કોઈ પણ પારકા વિત્તથી તનુજા સેવાની વાત નથી કરતા. તે બાબતમાં શ્રીનરસિંહલાલજી-શ્રીવિટ્ઠલેશરાયજી વિગેરે ભાષાગ્રન્થોમાં પણ ટીકા લખનાર ગોસ્વામી પૂર્વજોજ નહિ, પણ પોતે હરિરાયજીના પિતૃચરણ નિ.લી. શ્રીવ્રજભૂષણલાલજી કાકાજીને પણ માન્ય છે, આવો સંયુક્ત-ઘોષણાપત્રમાટેનો સહમતિપત્ર જ્યારે મેં ચર્ચાસભામાં વંચાવ્યો ત્યારે હરિરાયજી બોલી ઉઠ્યા કે પોતાના પિતાશ્રીના આવા વિધાનોથી તેમને કોઈ મતલબ નથી. એટલે આ જાહેર શાખાચંક્રમણ થઈ ગયું હોવાથી હૂં ચર્ચામાંથી નિવૃત્ત થયો. જો ત્યારે મધ્યસ્થ નિર્ણાયક



કોઈ હોત તો તરત ચિ. હરિરાયજીને અયોગ્ય-પરાજિત ઘોષિત કરી દેવામાં આવત; પરન્તુ સંવાદસ્થાપક મંડલના ઉદ્‌ઘોષક બિચારા આટલું કહીને રહી ગયા કે આવતી કાલે શ્રીહરિરાયજી આનો ખુલાસો આપશે અને ચિ. હરિરાયજીએ ગુલાટ ખાવાની માંગણી મારી પાસે કરીને આવતી કાલની ચર્ચાજ બંદ કરાવી દીધી! છતાંય ઘરમાં કહેલી વાતની કેસેટ હોય કે ન હોય એ તો આગળ ભવિષ્યમાં ખુલાસો થશે; પરન્તુ ચર્ચાસભાની કેસેટ તો જેને જોવી-સાંભળવી હોય તે અમારી પાસે જોઈ-સાંભળી શકે છે).

બાકી રહી સેવાસ્વરૂપ અને સેવાપ્રયોજન માટે ચિ. હરિરાયજીએ દેવલક-જનોચિત કબૂલેલા પક્ષો કે ઉત્તમાધિકારી તનુવિત્તજા ભક્તિ શિવાયના પ્રયોજનથી નથી કરતો પણ જઘનયાધિકારી તો કરેજ છે. તો તેનો ખુલાસો ચિ. હરિરાયજીએ આપવો પડશે કે તેઓ શામાટે ઉત્તમાધિકારી બનવા નથી માગતા? શામાટે જઘન્યાધિકારીજ રહેવા માગે છે? જો ભૂખે મરી જવાની કે 'મૂફલિસી' (સાંભળો ચિ. હરિરાયજીની કેસેટ)ની બીક લાગતી હોય તો ખાનગીમાં બોલવીને પોતાની હાલાર અને સોરઠી સૃષ્ટિના વૈષ્ણવોને એક વખત પૂછી કેમ નથી લેતા કે ''જો હું ઉત્તમકોટીનો અધિકારી બની સેવા કરવા જાઉં તો તમે મને ગુરુભેટ ધરવી બંદ તો નહિ કરી દેશો ન?'' જો વૈષ્ણવો બંદ કરી દેવાનું કહેતા હોય તો ''બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપમ્'' ન્યાયે હું ચિ.હરિરાયજીને નિર્દોષ કદાચ માની લઉં! અન્યથા તો તેઓનું ચિત્ર મારા માનસપટલપર આજે સ્વમાર્ગ-સ્વાચાર્ય-સ્વસિદ્ધાંત-સ્વગૌરવદ્વેષી એક જઘન્ય ક્ષુદ્રસ્વાર્થૈકપરાયણ દેવલક હોવાનું અંકિત્ થઈ રહ્યું છે. તેમાં કોણ શાસ્ત્રાર્થ કરવા માગે? આવા ક્ષુદ્ર સ્વાર્થપ્રેરિત વ્યક્તિનાં ટમટમની કોણ કીંમત ગણે? ઓછામાં ઓછો હૂં તો ક્યારેય નહિ!

સેવાપ્રશ્ન મુદ્દામાં કબૂલેલ ઢંગધડા વિનાના પક્ષની

પાછળનો ઈતિહાસ જાણી લેવોય જરૂરી છે. જો જાહેર મંદિર સિદ્ધાંતવિપરીત ન હોત તો શામાટે નડિયાદ અને નાથદ્વારા ના કેસોમાં પુષ્ટિમાર્ગે તે બન્ને સેવાસ્થલો ખાનગી છે, તેવા દાવાઓ કર્યા? સરકારી કાયદા કે ન્યાયાલય ના ચુકાદાઓ તેમને કાંઈ મસ્જીદમાં તો ફેરવવા ન્હોતા માંગતા. બન્ને ઠેકાણે ગોસ્વામિઓને વંશવારસ ટ્રસ્ટી તો માન્ય કર્યાજ છે. તે સ્થિતિ આજે પણ ચાલુ છેજ. આમાં કાંઈક સૈધ્ધાન્તિક આપત્તિ જો ન્હોતી તો સ્વાર્થહાનિનો પ્રશ્ન હતો શું? સિદ્ધાંતની વ્યવસ્થિત રજુઆતના અભાવને કારણે અને સિદ્ધાંત અને વ્યવહાર માં રહેલ વિરોધાભાસ ને કારણે આ બન્ને કેસ પુષ્ટિમાર્ગને હારવા પડ્યા હતા. રાજસ્થાનમાં તિલકાયત મહારાજશ્રીની દાવાઅરજી કે "શ્રીનાથજી-શ્રીનવનીતપ્રિયાજી ખાનગી સેવ્યસ્વરૂપો છે" તેના અમાન્ય થવામા નડિયાદના કેસનો ચુકાદો પણ કારણભૂત બન્યોજ છે. નડિયાદને કારણે પણ નાથદ્વારા હાર્યો છે તેમ કહેવામાં કશો વાંધો આવતો નથી. તેથી ચિ. હરિરાયજી હવે નાથદ્વારાની આડમાં પોતાની પણ ઘણી બધી જે ખાનગી હવેલીઓ જાહેર મંદિર ટ્રસ્ટ બની છે, તેમનો સૈધ્ધાન્તિક બચાવ કરવા માગે છે. આ તો અંગત સ્વાર્થના સંરક્ષણમાટે સ્વમાર્ગીય સિધ્ધાંતોને ફગાવવા જેવી કુટિલ રાજરમત છે. એક બાજુ કહે છે "અત્ર શાસ્ત્રં પ્રમાણં નો નૈવાંબેડકરસ્મૃતિઃ" બીજી બાજુ તે-જ સરકારી કાયદા કે ન્યાયાલય ના ચુકાદાઓને કારણે શ્રીમહાપ્રભુના સિદ્ધાંતોને અભરાઈઉપર ચઢાવવા માગે છે! જો કાયદાકીય દષ્ટિએ જાહેર દેવાલય ઘોષિત થવામાં વાંધાજનક કોઈ વાત ન્હોતી તો શામાટે નડિયાદનો કેસ સુપ્રીમ કોર્ટ સુધી લડવામાં આવ્યો? જો સુપ્રીમ કોર્ટમા પોતે હારી ગયા, તેથી ખાનગી હવેલીના સ્વરૂપમાં ફરક નથી પડતો તો જે ચુકાદો આવ્યો તેમુજબ કેમ પક્ષગ્રહણ કરે છે? શામાટે સિદ્ધાંતમુજબ નહીં? એટલે અંદરખાનેથી ચિ. હરિરાયજી શ્રીનાથજીને ઢાળ બનાવીને પોતાને ત્યાં



ચાલતા અપસિદ્ધાંતને બચાવવાની, તેના સંરક્ષણની; અને તેનેજ ચાલુ રાખીને સ્વમાર્ગીય સિદ્ધાંતોને સાવ ખતમ કરી નાખવાનીજ ઘૃણિત સ્વાર્થ ભરેલી કુટિલતા વાપરી નથી રહ્યા તો બીજું શું કરી રહ્યા છે?

તેથી આ થકી હું એક ખુલ્લી ઘોષણા સખેદ કરવા માગું છું કે ચિ. હરિરાયજી માં રહેલ.

૧.દેવલકતાદુર્વૃત્તિજન્ય ભગવદ્ભાવહીનતા

૨.સ્વમાર્ગીય-ગ્રન્થાનભ્યાસજન્ય સિદ્ધાંતબોધહીનતા

૩.લઘુતાગ્રન્થીપીડાજન્ય મનઃસ્વાસ્થ્યહીનતા

૪.નૈસર્ગિક મંદબુધ્ધિતા

આમ ચાર પ્રકારની અયોગ્યતાને કારણે તેઓ ચર્ચા કરવા લાયક છેજ નહિ. તેથી શાસ્ત્રાર્થના ખુલ્લા પડકારની ટમટમ કરતા ટબૂકડા આ શાખામૃગની મને પરવાજ નથી. તે છતાંય શ્રીમહાપ્રભુના દિવ્ય સિદ્ધાંતો આ મારા ભાઈ નહિ તો મારા ભત્રીજા ચિ. વલ્લભબાવા કાલે સાંભળીને સુધરી જશે તેવા શુભાશયથી કહેતો તો રહીશજ. કેમકે શ્રીમહાપ્રભુ **"ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્"** છે નહિ કે "ભુવિ ભવારૈકકૃતે સ્વાન્વયકૃત્".

તે છતાંય ઉપર વર્ણવિલ ચતુર્વિધ અયોગ્યતામાંથી પ્રથમ ત્રણ અયોગ્યતાઓઉપર કાબુ મેળવીને પોતાની આચાર-વિચારરીતિ સુધારે તો ચોકકસ તત્ત્વનિર્ણયમાટે મધ્યસ્થ નિર્ણાયક ને વચ્ચે રાખી ચર્ચા કરવામાં ક્યારેય મને વાંધો નથીજ.

અથવા બીજો ઉપાય શાસત્રાર્થના ખરજવાને મટાડવાનો જે મેં પહેલા પણ બતાવ્યો તે-જ છે કે સિદ્ધાંતવચનાવલીનો ભાવાનુવાદ પ્રકાશિત કરાવે અને શાખાચંક્રમણ-નિરસનનો લિખિત જવાબ પણ પ્રકાશિત કરાવે. આમ જે કાંઈ લિખિત ચર્ચા થાય તેને અમે બન્ને મધ્યસ્થ નિર્ણાયક સામે નિર્ણયાર્થ રજૂ કરી દઈશું 'ભાષાલક્ષણમ્' જેવા અગડંબગડં ગ્રન્થો લખવા કરતા આવું ઠોસ કાંઈક કામ કેમ નથી કરતા? શેની બીક લાગે છે? શાખાચંક્રમણ

નહિ કરી શકે તેની કે પોતાની અયોગ્યતા પુરવાર થઈ જશે તેની?

આ તો ચિ. હરિરાયજીના નિવેદન-પ્રવચનોની ભાવ-ભાષાને અનુલક્ષીને એક પરિહાસકલ્પિત પ્રતિનિવેદનની આરસી છે. પારમાર્થિક રીતે તો હું તેમનામાટે હૃદયથી ફકત શુભકામનાજ ધરાવું છું કે તેઓ ગુરુપદોચિત પોતાની ચરણભેટથી મળેલ દ્રવ્યથી ઉત્તમ પ્રકારની તનુવિત્તજા સેવાદ્વારા પોતાને માંથે બિરાજતા શ્રીમદનમોહન પ્રભુને કોઈ પણ જાતના ધંધાકીય જાહેર ભવાંડા કર્યા વિના, ખૂબ-ખૂબ લાડ લડાવતા જ રહે — જુગ જુગ રાજ કરો જામનગર જુગ જુગ રાજ કરો યહ સુખ ભજન પ્રતાપ તેજ તે છિન ઈત ઉત ના ટરો!

નિર્વૈયક્તિક વિવાદાસ્પદ મુદ્દાઓની નિષ્પક્ષ ચકાસણી કરવા માંગતા સુજ્ઞ જનોને પણ કાંઈક જણાવવાની છૂટ આ તબક્કે હું લેવા માગું છું.

હાલમાં બહાર પાડેલ પ્રવચનોની કેસેટ્સમાં ચિ. હરિરાયજી અને ચિ. નવનીતલાલજી ભક્તિવર્ધિનીના ''ગૃહે સ્થિત્વા'' નો ગૃહસ્થાશ્રમ અર્થ લેવાઉપર અનપેક્ષિત ભાર આપી રહ્યા છે. આમા જાણવા જેવું આ છે કે દરેકે-દરેક વ્યાખ્યાકાર જેમ કે —

(૧)શ્રીબાલકૃષ્ણજી: 'ગૃહે' નો અર્થ 'પોતાના ઘરમાં' કરે છે.

(૨)શ્રીગોકુલનાથજી: 'ગૃહે' નો અર્થ 'ભગવદ્ભજનાનુકૂલ ઘરમાં' કરીને તે શિવાય બીજા બધા પ્રકારોને અવાંછનીય બતાવે છે. શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના પ્રાચીન નિધિસ્વરૂપોનું કે તેમના સિદ્ધાંત-ભાવથી પુષ્ટાવેલ આધુનિક સેવ્યસ્વરૂપોનું આનુકૂલ્ય શ્રીમહાપ્રભૂક્ત સેવાના સ્વરૂપઘટક લક્ષણથી વિપરીત રીતે સેવા કરતા જાળવીજ શકાતું નથી. ચિ.હરિરાયજી-નવનીતલાલજીએ પણ, ત્રિવિધ સેવાનો દેવલકી પક્ષ કબૂલ્યો હોવા છતાંય, માનસીસાધિકા તો તનુવિત્તજા સેવાનેજ માની છે. તેથી કાં તો બેઉ ભ્રાતાઓને માનસીસેવોપયોગિની



ચિત્તની ભગવત્પ્રવણતા ગમતીજ નથી એમ સ્વીકારે અથવા જઘન્યાધિકારિઓ જેમ કરતા હોય તેમ કરે પરન્તુ ઓછામાં ઓછી તનુવિત્તજા સેવા સત્ત્વર પોતે શરું કરી દે! જેથી પોતાને માંથે બિરાજતા પ્રભુને અનુકૂલ થાય. એમને 'પુ.સિ.સં.શિ.'પદવીપ્રદાનકર્તા શ્રીતિલકાયત મહારાજ તેમજ શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી પણ સાન્તાક્રૂજ અને સૂરતની હવેલિઓમાં પોત-પોતાના ખાનગી ઠાકોરજીઓમાટે વૈષ્ણવ જનતાને સામગ્રીભેટ વિ.ની રસીદો નથી આપતા, જેવી રીતે ચિ. હરિરાયજીને ત્યાં જામનગરમાં અપાઈ રહી છે. આથી કાયદાના ચુંગાલમાં તો ઓછામાં ઓછા પોતે ન આવી જાય!

(૩)શ્રીરઘુનાથજી: 'ગૃહે' નો અન્વય ''ગૃહે સ્થિત્વા કૃષ્ણં ભજેત્'' દેખાડે છે.

(૪)શ્રીકલ્યાણરાયજી: 'ગૃહે' નો અર્થ કતા કહે છે કે ઘરમાં રહેવું ભગવદ્ભજનમાટે અનુકૂલ હોવાથી...ઘરમાં રહીને ભજન કરવું (ગૃહસ્થિતેઃ ભજનાનુકૂલત્વાત્...ગૃહે સ્થિત્વા કૃષ્ણં ભજેત્).

(૫)શ્રીહરિરાયજી: ''ગૃહે સ્થિતિઃ...સેવાર્થમધર્મેણ કથંચન'' કહી તનુજા સેવાદ્વારા અધર્મ (દેવલકતા જેવી) વૃત્તિનો નિષેધ કરે છે. એટલુંજ નહિ બલ્કે અધર્મ (દેવલકતા જેવા)થી બુધ્ધિનાશ થવાને કારણે દુષ્કર્મ (ધંધાકીય ભક્તિના ભવાડા જેવા) કરનારનું ચિત્ત કદિ ભગવત્પ્રવણ થતું નથી તેમ જણાવે છે. તેથી ''લોકવેદફલાદ્યર્થં વ્યાવૃત્તિરહિતો જનઃ ભજેત્સેવેત તન્વાદ્યૈઃ'' કહીને 'ગૃહસ્થિતિ + તનુવિત્તજા + વૃત્ત્યર્થ અપ્રદર્શન = પુષ્ટિમાર્ગીય ભજનપ્રકાર' સમીકરણને પણ માન્યતા પ્રદાન કરેજ છે.

(૬)શ્રીગોપેશ્વરજી: 'ગૃહે' નો અર્થ ઘર કરીને 'તુ' શબ્દથી ઘરમાં રહીને સેવા કરવા કરતા જુદાં કોઈ પણ પ્રકારે સેવાની રીતિને અમાન્ય કરે છે.

(૭)શ્રીપુરુષોત્તમજી: જોકે 'ગૃહે' નો અર્થ ગૃહસ્થાશ્રમ કરે છે. પણ તેના ઉપર ખોટો ભાર એટલે કે 'ગૃહ'

નો ત્રિવિધદોષરહિત લક્ષણ માનવા જતાં અપરિણિત કે વિધુર ભગવત્સેવાનો અનધિકારી સિધ્ધ થશે. ભાડાનું ઘર પણ જેમ ઘર હોય છે. તેમ જાહેર ટ્રસ્ટમાં પણ નિવાસ કરતા તેને ઘર કેમ ન માનવું તેવી યુક્તિ ચિ. નવનીતલાલજી આપે છે, તો તે પ્રશ્નનો ઉત્તર ચિ. હરિરાયજીએ સ્વગૃહીત પક્ષ કે સેવાકર્તાની માલીકીના ઘરમાં સેવા કરવાનો સિદ્ધાંત છે તેને અનુલક્ષીને આપવો જોઈએ. શાખાચંક્રમણથી અહીંયાં કામ નહિ ચાલે. 'હરિસ્થાને' નો અર્થ શ્રીપુરુષોત્તમજીએ દેવમંદિર કર્યું છે પણ ત્યાં ભિક્ષા મળી જવાનોય પ્રકાર સમજાવ્યો છે. તે જામનગરની હવેલીમાં જનતાથી જેમ ભગવદ્ભોગાર્થ દ્રવ્ય વસૂલી થાય તેમ કેટલા અકિંચન વૈષ્ણવોને ભિક્ષારૂપે પ્રસાદ લેવડાવવાની જોગવાઈ છે? તે શિવાય આને અનુકલ્પ કહી શ્રીપુરુષોત્તમજી પોતાના ઘરમાં ભગવત્સેવા ન નભે ત્યારે આમ કરવાનું કહે છે તો ચિ. હરિરાયજી આ વાત કેટલા વૈષ્ણવોને ત્યાં સમજાવે છે? તે શિવાય આવા ભગવન્મંદિરોમાં દુઃસંગ (દેવલકાદિ જેવા દુષ્ટજનોનો સંગ)ની ભીતિ લાગતી હોય તો પોતાના ઘરમાં અષ્ટાક્ષરમંત્રના અનુસંધાનની પણ વાત કહે છે. તે ચિ. હરિરાયજી સમજાવે છે કે નહીં?

**(૮)શ્રીવલ્લભાત્મજ બાલકૃષ્ણજી:** સ્પષ્ટ આજ્ઞા કરે છે—પોતાના ઘરમાં બિરાજતા સ્વરૂપની સેવા છોડી બીજે કશે સેવા કરવા જતા ભક્તિ સિધ્ધ થઈ શકતી નથી.

**(૯)શ્રીગિરધરજી:** 'ગૃહે' નો અર્થ 'સ્વગૃહે' કરે છે. 'સ્વધર્મ' નો અર્થ વર્ણાશ્રમધર્મ જેમાં દેવલકવૃત્તિ અતિનિંદનીય ગણવામાં આવી છે. અને 'પૂજા' ના અર્થ 'તનુવિત્તજા' કરે છે નહિ કે ફક્ત 'તનુજા' અથવા 'વિત્તજા'.

અંતે પોતાને 'પુ.સિ.સં.શિ.' પદવી આપનાર તિલકાયત મહારાજશ્રીએ જે આર.કે. ભટ્ટની ચોપડીને 'અત્યુત્તમ' કહીને વખાણી છે તે ચોપડીને પોતાને મળેલ પદવી માફક શિરોધાર્ય કરે છે કે નહિ? જો કરે તો તેમા



જાહેર મંદિર, ત્રિવિધ સેવા, સેવાપ્રદર્શન ને સખત શબ્દોમાં વખોડવામાં આવ્યા છે તેનો શો જવાબ? અને નહિ તો 'પુ.સિ.સં.શિ.' પદવીને ફાડીને કેમ ફેંકી નથી દેતા?

**ગોસ્વામી શ્યામ મનોહર**
૬૩, સ્વસ્તિક સોસાયટી,
૪થો રસ્તો, જુહુ સ્કીમ, મુંબઈ - ૪૦૦૦૫૬.

(આપણે જોઈ ગયા કે સ્મગલરો કે જુગારિઓ પણ પોતાની વાણીની કાંઈક તો કીમત ગણતાજ હોય છે; પરંતુ વાક્પતિના વંશજ હોવાને કારણે પુજાતી વ્યક્તિ હરિરાયજીને શ્રીમહાપ્રભુની કે પોતે ઉચ્ચારેલી વાણીની કાંઈ પણ કીમત નથી. આપણે એ પણ જોયું કે તેમને 'દેવલક' મેં ન્હોતા કહ્યા પરંતુ હરિરાયજીએ પોતે સ્વીકારેલ (જુઓ: વિ.વિ.પાનું નં.૧૬૫ થી૧૬૮)પક્ષના આધારે દેવલક સિદ્ધ થાય છે તેવું તેમને સ્વીકૃત પક્ષનુંજ જે અર્થઘટન થાય છે તે ફક્ત હું દેખાડવા માંગું છું. તેને કારણે ઉપર ટાંકેલ વક્તવ્યમાં મારામાટે 'શ્વાન' ગાળ વાપરનાર હરિરાયજીને સભ્ય ભાષાની ભૂખ હવે લાગી:)

**તા. ૨૨-૯-૯૨ સંદેશ—રાજકોટ આવૃત્તિ.**

**શ્રીવલ્લભઃ**

**વૈષ્ણવો! નાટકબાજોથી સાવધાન!!**

તાજેતરમાં શ્યામમનોહરજી(પાર્લા)એ એક પત્રિકા બહાર પાડેલ છે. જેમાં ''પલ્વલોત્તીર્ણવરાહયૂથ''ન્યાયમુજબ શ્યામમનોહરજીના મુખ વિવરમાંથી અસંખ્ય ગાળોનો ધોધ મારાઉપર વહ્યો છે; પણ મને તેની કોઈ પરવા નથી. મારે તો વૈષ્ણવોને ચેતવવા તે મારૂં કર્તવ્ય છે. કારણ કે આ પત્રિકામાં શ્યામમનોહરજીએ સ્પષ્ટ વિધાન કર્યું છે કે પાર્લાની ચર્ચાસભામાં તેઓએ જાહેરમાં પોતાના બન્ને કાન પકડીને પોતાની ભૂલ કબૂલ કરવાનું તેઓએ નાટકજ કર્યું હતું (વાસ્તવિકતા ન્હોતી) તો પછી તેઓએ બીજું બધું પણ નાટકજ નહીં કર્યું હોય? તેવીજ રીતે આખી આ ચર્ચાસભાજ નાટક નહીં હોય તેની ખાતરી શું? કારણ કે આ જાહેર નાટકના આયોજક બાર ગો.બાલકો તો માત્ર દેખાડવાનાજ નટો હતા. પડદા પાછળના (મિ.!)નટવર(લાલ) તો...!

એટલે વર્તમાનમાં હાલી નિકળેલા આવા નાટકબાજોની વાતો, સિદ્ધાંતો અને કૃત્યોથી લોકોએ સાવચેત રહેવું જોઈએ અને અસભ્ય ભાષા તથા ગળોને સભ્યજનોએ વખોડી કાઢવી જોઈએ. કારણ મને એક નહી એક હજાર ગાળો શ્યામમનોહરજી ભાંડે તેથી કાંઈ વળશે નહીં. સિદ્ધાંતનિર્ણય તો શાસ્ત્રાર્થદ્વારાજ થઈ શકે અને શાસ્ત્રાર્થ કરવા હું તૈયાર છું. તો પછી ધબડકો મારો કે જે શાસ્ત્રાર્થ ન કરવાના ખોટા બહાના કાઢે છે તેવા શ્યામમનોહરજીનો? લોકો વિચારે.

હું તો મારા માન-અપમાનની પરવા કર્યા વગર જાણે ગાળો ખાવાજ શ્યામમનોહરજીની સામે ઉતર્યો છું. કારણ કે શ્યામમનોહરજીની ભાષા અને વ્યવહાર માં તોછડાપણું એટલી હદે છે કે કોઈ પણ ગો.આચાર્ય 'પંકપ્રક્ષાલન' ન્યાયથી આમાં પડવાજ ન્હોતા માંગતા...! મુંબઈ સમાચાર તા. ૨૬-૮-૯૨ ના મારા આ વિધાનનો જાણે હાજર પુરાવો હોય તેવી આ શ્યામમનોહરજીની આ જાહેર પત્રિકા છે.

નોંધ:રાવણે સીતાજીનું હરણ કર્યું તો શ્રીરામે સીતા-રટણ કર્યું, તેવીજ રીતે શ્યામમનોહરજીએ મારી કેસેટનું હરણ કર્યું છે તેથી હું ''કેસેટ-કેસેટ'' કરું છું. કારણ કે રાવણની લંકામાં રહેવાને કારણે સીતા જેવી સતીઉપર પણ લોકોએ શંકા કરી તો આઠ/આઠ મહિના શ્યામમનોહરજીના કબજામાં રહ્યા પછી મારી કેસેટ અકબંધ હશે તેમ હું માની લવું તો પણ લોકો તો શંકા કરવાનાજ. એટલે હવે શ્યામમનોહરજીનો કેસેટના પ્રદર્શનનો પડકાર તો પોકળજ સાબિત થશે. એટલે હવે તટસ્થ મધ્યસ્થી નિર્ણાયક સમક્ષ શાસ્ત્રાર્થજ કરી લેવો સિધ્ધાંતનિર્ણયનો સાચો ઉપાય છે.

તાજા કલમ:મારી ઈચ્છા ન હોવા છતાં ''વિષં વિષેણ''ન્યાય મારે જાહેર નિવેદનમાં થોડીક પણ તોછડી ભાષા વાપરવી પડે છે તે બદલ હું દિલગીર છું.



ગો.શ્રીહરિરાયજી
શ્રીવલ્લભાચાર્ય માર્ગ, મોટી હવેલી,
જામનગર,
૩૬૧૦૦૧
તા. ૨૨-૯-૯૨, મંગળવાર.

પી.પી.બગડાઈના સૌજન્યથી

(પાઠકો પોતે નિર્ણય લે કે હરિરાયજીએ જાહેરપત્રોમાં ફકત ચર્ચાજ નહિ બલ્કે હલકાઈ પણ શરુ કરી કે મેં! ગુજરાતીમાં ગાળો ન ભાંડી સંસ્કૃતભાષામાં 'શ્વાન'=કુતરો કે 'વરાહ'=ડુક્કર ગાલી તે સભ્યતા અને ગુજરાતીમાં કાંઈ કહેતા તે-જ અસભ્યતા થઈ જાય! ભૂલ કબૂલ કરવાનો નાટક કેમ કર્યો તેનો હેતુ મેં પત્રિકામાં સ્પષ્ટ જણાવેલજ છે કે હરિરાયજીને જે લઘુતાગ્રંથીની માનસિક પીડા છે તે ઓછી થાય કે જેથી સિદ્ધાંતચર્ચા કરતી વખતે પોતાની વિદ્વાન્ હોવાની છાપ કેવી ઊભી કરવી તેના કરતા જે કાંઈ સૈદ્ધાંતિક હકીકત હોય તેને નિખાલસ રીતે જાહેરમાં સ્વીકારવાથી કાંઈ બગડતું નથી, એ સમજાવવાના માટે મેં કાન પકડ્યા હતાં. હકીકતમાં તો વ્યાકરણની જેવી ક્ષુદ્ર અશુદ્ધિ હતી તે કોઈ સૈદ્ધાંતિક વિવાદનો મુદ્દો હતીજ નહીં. વળી સભાની નિયમાવલીની કોઈ પણ ધારામુજબ ''ચર્ચાકારે પોતાની ત્રુટિ કાન પકડીને કબૂલ કરવી પડશે'' તેવી અનિવાર્યતા પણ ન્હોતી. એટલે લઘુતાગ્રંથીથી પીડાતા હરિરાયજીની માનસિક ચિકિત્સાનો જો શુભાશય મારા હૃદયમાં ન હોત તો હું પણ હરિરાયજીનીજ માફક એમ કહીને છટકી શક્યો હોત— ''આ વ્યાકરણશાસ્ત્રીય મુદ્દો છે, જેના જડબાતોડ સચોટ ખુલાસાઓ શાસ્ત્રીય પ્રમાણ અને દાખલા-દલીલ સાથે, કોઈ પણ તટસ્થ મધ્યસ્થની હાજરીમાં, કરવા હું બધી રીતે સમર્થ છું. હમણાં તો હરિરાયજીએ ફકત સૈદ્ધાંતિક મુદ્દાઓનીજ ચર્ચા કરવાની મારી ખુલ્લી પડકાર ઝીલવાની છે, નહિ તો ઉલ્લાંગૂલ શાખાચંક્રમણ કરવાનો હું આરોપ લગાડી દઈશ!'' કેમકે પોતે કબૂલેલ પક્ષોને આધારે પોતેજ દેવલક, જેની સાથે સંભાષણ-સ્પર્શન શાસ્ત્રે અશુચિકર ઠરાવ્યો છે, સિદ્ધ થઈ ગયા છે. એટલે જો હું મૌખિક શાસ્ત્રાર્થમાટે સ્વીકૃતિ દરસાવું તો મેં પોતે શાસ્ત્રાજ્ઞાનો ભંગ કર્યો કહેવાય, એવા કાવતરામાં મને સંડોવવા આ લેખિત શાસ્ત્રાર્થનો પડકાર હરિરાયજી ઝીલવા તૈયાર નથી. નહિ તો શાસ્ત્રાર્થ મૌખિક હોય કે લેખિત એમાં ફરક શેનો પડી શકે છે? શું ભાષ્યોમાં તેમજ અવતારવાદાવલી જેવા વાદગ્રંથોમાં તટસ્થ મધ્યસ્થ નિર્ણાયકોને વચ્ચે રાખ્યા વિના શાસ્ત્રાર્થો નથી થયા? મને જો બીક લાગતી હોય તો લેખિત શાસ્ત્રાર્થ પણ હું શામાટે કરું? આમાં

ધબડકો કોનો થઈ રહ્યો છે? બાકી ચર્ચાસભાનેજ જો નાટક માનવી હોય તો હરિરાયજીને સમજવુંજ પડશે કે કેટલાક ગોસ્વામિઓ એમ પણ માને છે કે "ચર્ચાસભા તો, હકીકતમાં સીધી કે આડકતરી રીતે પણ, ગ્રંથસ્થ સિદ્ધાંતો પૂ.પા.તિલકાયત મહારાજશ્રીથી અને પૂ.પા.વ્રજરત્નલાલ મહારાજશ્રીથી કબૂલ કરાવી લેવાનો શ્યામમનોહરજી-હરિરાયજીનો આપસી કલહનો એક તરકટી નાટકજ ફક્ત હતો!" એટલે નાટકમાં ભાગ ભજવ્યા પછી હરિરાયજી ખૂબજ દૈયનીય રીતે સપડાઈ ગયા છે!! આવા સુસ્પષ્ટ હેતુઓને કારણે કેસેટની સીતાજી, જેના જનક સંવાદસ્થાપક મંડળના નવયુવક ગોસ્વામિઓ હતાં, તેણે જાતેજ હવે 'રામ' કહો કે 'શ્યામ' કહોના કંઠમાં વરમાળા પહેરાવી છે! તેથી રાવણનું હૃદય ભાંગી જાય અને તેને કેસેટોની રટણી લાગે તે સ્વાભાવિક દૌર્બલ્ય છે!!! હકીકતમાં તો કેસેટોમાંથી 'વિસ્તૃતવિવરણ'માં અક્ષરે-અક્ષર પ્રકાશિત થયે એટલો વખત થયો છતાંય એમાં ક્યાં કાપકૂપ કરવામાં આવી છે તે દેખાડવા જે સમર્થ ન હોય તે કેસેટ જોઈને પણ કેવી રીતે જાણી શકશે? અને હું જે કાંઈ કહી રહ્યો છું તે 'વિસ્તૃતવિવરણ'ના આધારેજ. તે જો હરિરાયજીએ કબૂલ્યું ન હોય અને હું તેમના વચન તરીકે રજૂ કરી રહ્યો હોઉં તો "તેવી કબૂલાત કેસેટમાં કયાં કરવામાં આવી છે? દેખાડો!" એવી માંગણી કેમ નથી કરતા? ધારો કે કેસેટોમાં કાપકૂપ મેં કરી કે કરાવી હોય પરંતુ હરિરાયજીના તે-તે વિધાનો કરતી કંઠધ્વનિ અને દશ્યો તો ઉમેરી શકાતાં નથી ને? એટલે કાપકૂપ કરી પણ હોય તો વાતમાં કાંઈ ફરક પડતો નથી; કેમકે ચર્ચાસભા પછી જાગેલા આ વિવાદમાં મારી સમગ્ર રજુઆતનો આધાર તો સભામાં પોતે હરિરાયજીએ ગ્રહણ કરેલ પક્ષજ છે. એટલે કેસેટોના પ્રદર્શનનો મારો પડકાર પોકળ કે હરિરાયજીનું પોતાના પોકળ પાંડિત્યનું પ્રદર્શન પોકળ! છતાંય નાનાભાઈ છે તેથી દેવલકતાના 'પલ્વલ'માંથી વ્હેલી તકે હરિરાયજી બહાર આવે તેવી શુભેચ્છાને તો મારા હૃદયમાંથી હું કાઢી નજ શકું:)

**મુંબઈ સમાચાર ૨૪-૧૦-૯૨**

**॥ શ્રીવલ્લભો જયતિ ॥**

**સોરઠ-હાલારના પુષ્ટિમાર્ગિઓને**

**શુભ દીપાવલી તથા નૂતનવર્ષાભિનંદન!**

ચિ. ગો. શ્રીહરિરાયજીનું તા.૨૩-૯-૯૨ના રોજ 'સંદેશ' માં પ્રકાશિત નિવેદન વાંચ્યું. શ્રીમહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણે સોનાની કટોરીના પ્રસંગમાં—"દેવદ્રવ્યને ખાનારો મહાપતિત બને છે, તેમનો કહેવડાવવા લાયક



નથી રહી જતો"—તેવી આજ્ઞા કરી છે. તેથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવી સૃષ્ટિના ગુરુદેવો દેવદ્રવ્ય ખાનારા ન રહી સન્માર્ગગામી બને તેવા સિદ્ધાંતદીપોના પ્રકાશથી આપણા સહુના હૃદય આલોકિત થાવ! એજ શુભેચ્છા!

ઉપર જણાવેલ નિવેદનમાં ચિ. હરિરાયજીએ મારામાટે "પલ્વલોત્તીર્ણવરાહ" શબ્દ વાપર્યો છે. ગુજરાતીમાં તેનો તરજુમો "કાદવના ખાબોચિયામાંથી બહાર આવેલ ભૂંડ" થાય. ભૂતકાલમાં જાણે-અજાણે ચીલાચાલુ પધ્ધતિમુજબ જે દેવદ્રવ્ય મારા ઉદરમાં ગયું છે, તેનો વિચાર કરતાં આ ગાળને કારણે મને માઠું લાગ્યું નથી!

હા, એક હકીકત તે છતાંય ચિ.હરિરાયજીએ કબૂલી લીધી છે તે આ કે હું ખાબોચિયામાંથી બહાર આવેલ ભૂંડ છું. એટલે દેવદ્રવ્યના ઉપભોગના કાદવના ખાબોચિયામાંથી શ્રીમહાપ્રભુની કૃપાથી અમોએ બહાર આવાનો શુભ સંકલ્પ અને તેનો અમલ પણ શરુ કર્યો છે. તે છતાંય દેવલકતાના પલ્વલમાં વારાહોપમ (ભૂંડ જેવા) રમમાણ મારા નાના ભાઈ ચિ.હરિરાયજી તેજ કાદવના ભૂંડા ખાબોચિયામાં પડયાજ રહેવા માંગે છે, તેથી એક હિતેષી અને મોટાભાઈ હોવાના અધિકારની રૂહે હું જે કાંઈ તેમને કહું તે જો તોછડી વાત લાગતી હોય તો શ્રીમહાપ્રભુ મને ક્ષમા કરે અને ચિ.હરિરાયજીને પોતાના ગુરુદેવ તરીકે સ્વીકારનારાઓ પણ! આ ક્ષમાયાચના કરતા-કરતા પણ મારા નાના ભાઈ દેવલકતાના ભૂંડા ખાબોચિયામાં પડયા રહેવાનું બંધ કરે તે શુભેચ્છા તો હું રાખીશજ!

તા.ક.: ચિ. હરિરાયજીને 'પુ.સિ.સં.શિ.' પદવી પ્રદાનકર્તાઓ પૈકી સુરતવાળા મહારાજશ્રીએ તાજેતરમાં એક ગ્રન્થ પ્રકાશિત કર્યો છે. આ ગ્રન્થમાં જે પક્ષોને કારણે ચિ.હરિરાયજીને પદવીદાન કર્યું હતું તે પક્ષોનો ત્યાગ કરી નવો પક્ષ માંડ્યો છે; કે જેનો જવાબ હું તુરંતમાંજ પ્રકાશિત કરવા જઈ રહ્યો છું, તેની સહુ પુષ્ટિમાર્ગીયો નોંધ લેશે. સાથોસાથ તટસ્થ મધ્યસ્થનું ખોટું બહાનું કાઢ્યા

વિના જે કાંઈ કહેવું હોય તે આવી રીતે હિમ્મતથી અને નિખાલસરીતે લખીને પ્રકટ કરવાનું ધર્માચાર્યોચિત સાહસ તમારા ગુરુદેવમાં પણ કેળવાય તેવી શુભેચ્છા રાખનાર...

—ગોસ્વામી શ્યામમનોહર

૬૩,સ્વસ્તિક સોસાયટી, ચ્થો રસ્તો, જુહુ સ્કીમ, મુંબઈ-૪૦૦૦૫૬.

**સંદેશ (રાજકોટ) તા.૧૭-૧૧-૯૨**

**શ્રીહરિ**

પ.પૂ.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજે સોરઠ હાલારનાં વૈષ્ણવોને પાઠવેલ નૂતન વર્ષાભિનંદન તા.૨૪-૧૦-૯૨ નાં ગુજરાત સમાચારમાં વાંચવા મલ્યા. આ બાબતમાં અમો સૌને નીચે સહી કરનારાઓએ પ.પૂ.શ્યામમનોહરજીને એટલું જણાવવાનું કે, આ વર્ષાભિનંદનના બહાને આપશ્રીએ અમારા ગુરુદેવ માટે જે ચાંડાલતુલ્ય દેવલક વરાહોપમ (ભુંડ જેવા) વિગેરે અતિ હલકા અને વાહિયાત વિશેષણો વાપર્યા છે. તેથી અમોને સોરઠ-હાલારની સમગ્ર વૈષ્ણવ જનતાને ભારે આઘાત લાગ્યો છે; અને ઘેરી લાગણી દુભાઈ છે. કારણ કે વર્તમાનમાં અમારા ગુરુદેવ પૂ.પા.ગો.શ્રીવિટ્ઠલનાથજી (જુનાગઢ) તથા પૂ.પા.શ્રીહરિરાયજી (જામનગર) બન્ને પરંપરાગત રીતે ભગવત્સેવા તથા પુષ્ટિધર્મનો પ્રચાર પોતાનું કર્તવ્ય માની જે રીતે કરી રહ્યા છે તે પ્રકારને અમો સિદ્ધાંતવિરુધ્ધ તથા દેવલક માનતાજ નથી. ન માનવાનું કારણ એકજ કે અમારા સમસ્ત સોરઠ હાલારનાં વૈષ્ણવ જનતાનાં પરમ વંદનીય પૂજનીય અને મહાન્ ગુરુદેવ પૂ.પા.નિ.લી. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ(જામનગર)એ વરસો સુધી કૃપા કરી ભગવત્સેવાદર્શન વિવિધમનોરથોદ્વારા અમોને અલૌકિક સુખનું દાન કરેલ છે. ઉપરાંત વૈષ્ણવોને ત્યાં માલાપહેરામણી, મનોરથો વિગેરે પ્રસંગે કીર્તન-પ્રવચન વિગેરે કરી હૃદયમાં



પુષ્ટિ ભાવર્થન દ્રઢ સ્થાપન કર્યું છે. જો ભગવત્સેવા, મનોરથ, દર્શન, મહાપ્રસાદ વિગેરે સિધ્ધાંતવિરુધ્ધ ચાંડાલતુલ્ય દેવલક હોય તો આવી મહાન્ વિભૂતિઓ, જેઓએ વરસો સુધી અને આજે પણ સમસ્ત સોરઠ-હાલારના વૈષ્ણવજનના હૃદયસિંહાસનઉપર સામ્રાજ્ય કર્યું છે, તે તેવું આચરણ કદાપી ન કરે અને ગો.શ્રીવિટ્ઠલનાથજી (જુનાગઢ) તથા ગો.શ્રીહરિરાયજી (જામનગર) પણ પોતાનાં પિતૃચરણનાં ચરણચિહ્નપરજ ચાલી ભગવત્સેવા તથા સિધ્ધાંતપ્રચાર કરી રહ્યા છે. તે સર્વવિદિત છે. એટલે ચાંડાલદેવલક જેવા અતિ હલકા વિશેષણોદ્વારા અમારા હૃદયસમ્રાટ સમા પૂ.પા.નિ.લી.ગો.શ્રીપુરુષોત્તમલાલ મહારાજ (જુનાગઢ) તથા પૂ.પા.ગો.શ્રીવૃજભૂષણલાલજી મહારાજ (જામનગર) જેવા ગુરુચરણોઉપર કટાક્ષ કરી સમસ્ત સોરઠ-હાલારની વૈષ્ણવ જનતાને આપશ્રી(શ્યામમનોહરજી)એ આ શુભ નવા વર્ષમાં જે અશુભ અભિનંદન પાઠવ્યા છે તે અમો હાર્દિક ગ્લાનિસહિત આપશ્રીને પરત પારલા પાઠવીએ છીએ. કૃપા કરી હવે પછી આવા ગુરુદ્રોહી અશુભ અભિનંદન અમોને પાઠવીને અમારા શુભ નવા વર્ષને કદાપી અશુભ બનાવશો નહીં.

નોંધ:— આવો કોઈપણ આક્ષેપ કે જેનો કટાક્ષ અમારા પૂ.પા.નિ.લી. મહાન્ ગુરુચરણો સુધી પહોંચે તેને હાલાર-સોરઠની ધર્મનિષ્ઠ અને સંસ્કારી વૈષ્ણવ જનતા કદાપી સહન નહીં કરે. તેની શ્યામમનોહરજી અને તેના અનુયાયીઓ ખાસ નોંધ લે.

| જામનગર | જુનાગઢ |
|---|---|
| (૧)જયંતિલાલ દામજી સોની | (૧)અમૃતલાલ સુંદરજી |
| (૨)કાન્તીલાલ હરીદાસ | (૨)અનસુખલાલ જીવરાજ |
| (૩)મગનભાઈ લોટરીવાળા | (૩)રતિભાઈ |
| (૪)પ્રતાપભાઈ પોપટલાલ | (૪)મનજી થોભણ |
| (૫)કરસનદાસ લાજી | (૫)શામજીભાઈ |
| (૬)ઉકાભાઈ રવજીભાઈ | (૬)રત્ના ઠાકરસી |
| (૭)મેઘજી ખોડા | (૭)હીરજી કરમશી |

(૮)મોહનલાલ નાથાભાઈ (૮)ખીમજી જમનાદાસ
(૯)કાકુભાઈ જેરામ
(૧૦)કીર્તીભાઈ જે.પારેખ

(ફરીથી મારે ખુલાસો કરવાનો રહ્યો કે જે સિદ્ધાંતો પ્રમાણે હરિરાયજી સદશ ગોસ્વામિબાળકો દેવલક સિદ્ધ થાય છે તે ફકત, મારોજ વિચાર હોય તેવું નથી; પરંતુ મારા પૂર્વના ઘણા બધા ગોસ્વામિબાળકોએ મુકતમનથી સ્વીકારેલ તે શ્રીમહાપ્રભુનોજ સિદ્ધાંત છે. આની સાક્ષીરૂપે ગ્રંથના આરંભમા આપવામાં આવેલ અભિપ્રાયામૃતાવલીનો શ્રદ્ધાસહિત પાઠ આવશ્યક છે. તદુપરાંત પોતે હરિરાયજીએ પક્ષગ્રહણમાં કબૂલ કરેલ પક્ષમુજબ જો ધંધાકીય ભગતીના જાહેર ભવાડાને વખોડતા નિ.લી.શ્રીપુરુષોત્તમલાલજી કાકાજી(જુનાગઢ) અને નિ.લી.શ્રીવ્રજભૂષણલાલજી કાકાજી (જામનગર) ની નિંદા થતી હોય તો તે ગુરુનિંદાનો મહાન્ હીચકારો ગુનો થતો હોય તો તે હરિરાયજીએ પાર્લાની સિદ્ધાંતચર્ચા દરમ્યાન ભરી સભામાં પક્ષગ્રહણ કરી પોતેજ કરેલ છે. તેથી તેવી રજુઆત કરીને જે પુ.સિ.શં.શિ. પદવી મેળવી; અને તેનામાટે જે સન્માનસભાઓ ગોઠવી હતી, તેથી ગુરુદ્રોહના ગુનેગાર હરિરાયજીને શામાટે ઠરાવવામાં આવતા નથી? જો સોરઠ-હાલારની વૈષ્ણવ-સૃષ્ટિ થોડોક પણ નિ.લી.શ્રીપુરુષોત્તમલાલજી કાકાજી(જુનાગઢ) અને નિ.લી.શ્રીવ્રજભૂષણલાલજી કાકાજી (જામનગર) પ્રત્યે કૃતજ્ઞતાનો સાચો ભાવ ધરાવતી હોય તો, હરિરાયજીઉપર ગુરુદ્રોહી હોવાનો આરોપ લગાડવોજ જોઈએ!)

**ગુજરાત સમાચાર (રાજકોટ) તા.૨-૩-૯૩**

**શ્રીહરિઃ**

**'વૈષ્ણવો ધન્યવાદ'**

શ્રીનાથજી વિરોધી દેવલકવાદિઓના અગ્રણી નેતા અને જનેતા એવા શ્યામમનોહરજી(પાર્લા)ની શિબિર (પાંખી હાજરીની ભીતિથી) મોટી હવેલી પૂરતી મર્યાદિત રાખવી પડી અને તેના પ્રત્યેની લોકોની ઉપેક્ષા વૃત્તિએ એ પુરવાર કરી આપ્યું કે શ્રીનાથજીવિરોધી દેવલકવાદિઓની ટોળકીને સોરઠની સંસ્કારી વૈષ્ણવ જનતાએ જાકારો આપ્યો છે. સિદ્ધાંતના નામે પ્રાચીન મંદિરોનો વિરોધ કરી ભારતીય સંસ્કૃતિને નષ્ટ-ભ્રષ્ટ કરનારઓની વિદાયનો સમય પાકી ગયો છે. અંતે ખોટુ ક્યાં સુધી ટકે? કારણ કે શ્રીનાથજીજ



આપણા સર્વસ્વ છે.

પ્રશ્નાર્થ: ગો.શ્યામમનોહરજી (પાર્લા) પોતે વલ્લભવંશજ હોવા છતાં શ્રીનાથજી પ્રતિષ્ઠાને અપુષ્ટિમાર્ગીય કહેવાનું મહાસાહસ કેમ કરી શકે? શું શ્રીનાથજીએ શ્યામમનોહરજીને આજ્ઞા કરી હશે કે પુષ્ટિમાર્ગને પાંચસો (૫૦૦) વર્ષ પુરા થઈ ચુક્યા છે એટલે હવે તું મારો વિરોધ કર.

પોતાનો પોત પ્રકાશ અને મારા પ્રકાશ(દર્શન) બંધ કરાવ.

ત્વં ચ રુદ્ર (શ્યામ!) મહાબાહો મોહશાસ્ત્રાણી કારય...! પ્રકાશં કુરુ ચાત્માનમ્ અપ્રકાશં ચ માં કુરુ.

ખાસ નોંધ :— મહાસાહસિક, મહાબાહુ શ્યામમનોહરજી (પાર્લા) આ ભૂતલઉપર લગભગ પચાસ વર્ષ પૂર્વ પ્રાકટ્ય પામી ચુક્યા છે. પણ તેઓએ શ્રીનાથજીનો વિરોધ શ્રીનાથજીના પ્રાકટ્યના જે પાંચસોમા વર્ષમાંજ પ્રારંભ કર્યો છે તે જોગાનુયોગ છે કે ગણત્રીપૂર્વક હશે? (જુઓ પુસ્તક પુષ્ટિસિદ્ધાંત-ચર્ચાસભા સંક્ષિપ્ત-વિવરણ માર્ચ- ૧૯૯૨, પૃષ્ઠ ૩૫-૩૬).

ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી
મોટી હવેલી, જામનગર.

**સંદેશ (રાજકોટ) તા.૨-૫-૯૩**

**સમસ્ત પુષ્ટિમાર્ગીય**

**વૈષ્ણવો જોગ ખાસ ખુલાસો**

શ્રીનાથજીવિરોધી દેવલકવાદિઓના અગ્રણી નેતા અને જનેતા શ્યામમનોહરજી (પાર્લા) પુનઃ પોતાની સહજ પ્રકૃતિ અનુસાર મને અસભ્ય ગાળથી સંબોધન કરી લખે છે કે હું ત્રણ જન્મમાં પણ તેમને ઉત્તર આપી શકું તેમ નથી, તો પછી તેઓ શામાટે શાસ્ત્રાર્થના મેદાનમાંથી ઉલ્લાંગૂલ પલાયન કરી ગયા? જો એકવાર શ્યામમનોહરજી શાસ્ત્રાર્થના મેદાનમાં આવી જાય, પછી લોકો જુએ કે તેમના મોહશાસ્ત્રનો કેવો કીમો બને છે? ચર્ચાસભાની

બધીજ ઓડિયો/વીડિઓ કેસેટો હજમ કરી જનાર ભયભીત...! શ્યામમનોહરજીએ ફરી ચર્ચાસભાના મારા વિધાનોને મારી-મચડીને પ્રસ્તુત કરવાની કુચેષ્ટા હજુ પણ ચાલુજ રાખી છે (જુઓ પુસ્તક વિશોધનિકા નં.-૨) છતાં, તેને બાદ કરતાં માત્ર મારાઉપર કરવામાં આવેલ દરેક આક્ષેપનો જડબાતોડ જવાબ આપવા હું તૈયાર છું. કારણ કે આ પુસ્તકમાં ''ભિન્નમાર્ગપર- દત્તપહારવચનો''નાં ખડકલા સિવાય વિશેષ તથ્ય નથી. છતાં સ્વાર્થ-પરાર્થ પ્રતિષ્ઠાના પ્રસંગમાં શ્યામમનોહરજી જાણે ભગવત ઈચ્છાથીજ ઘણાં-ખરાં લાઈનઉપર આવી ગયા છે. એટલે હવે માત્ર જરાક ટ્રેક બદલવાની જરૂર છે; અને તેનામાટે ત્રણ જન્મ નહીં પણ ત્રણ કલાક શ્યામમનોહરજી મને આપે એટલે ચર્ચાસભાની જેમજ બધાના જોતજોતામાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી તેમની ગાડી સ્ટેશને પહોંચાડી દઉં.

નોંધઃ— સિધ્ધાંતવચનાવલીના ભાવાનુવાદ, ચર્ચાસભાના સંક્ષિપ્તવિવરણ તથા વિશોધનિકા નં.-૧ ની જેમજ વિશોધનિકા નં.- ૨ માં પણ અનેક ત્રુટિઓ છે જે શ્યામમનોહરજીની ભુલ્લકડ! પ્રકૃતિના કારણે સહજ છે તેમજ, મને તેમની ત્રુટિ તરતજ પકડાઈ જાય છે તે મારી મજબુરી છે...કહો તો એકાદ નમૂનો બતાવું?...પણ ના...હવે તો તટસ્થ મધ્યસ્થી નિર્ણાયક સમક્ષજ બતાવીશ નહિતર શ્યામમનોહરજી ફરી મને ''વને પુષ્પે સમાકીર્ણે'' કહી ગાળ ભાંડશે. છતાં, જાણવું હોય તો પૃષ્ઠ સંખ્યા ૧૮ થી ૨૧ વિશોધનિકા નં.-૨ માં શોધી લેશો.

ખાસ નોંધઃ— શ્રીનાથજીવિરોધી દેવલકવાદિઓના નેતા અને જનેતા શ્યામમનોહરજી (પાર્લા) પોતાની પુસ્તક વિશોધનિકા નં.-૨ માં ફરી સાત/આઠ વર્ષ પહેલા જુનાગઢ કેઈસ (સુપ્રીમ કોર્ટ) માં સહયોગ આપવા વિશે લખેલ અમારા નિ.લી.પૂજ્ય પિતાશ્રીના પત્રોનો પોતાના મંદિરવિરોધી સમર્થન અર્થે છડેચોક ગેરઉપયોગ કરી પોતાના પુસ્તકનું જે તરકટી અને પાખંડી સમર્પણ અમારા નિ.લી.પૂજ્ય



પિતાશ્રીને કર્યું છે, તે કુચેષ્ટા અમો સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ, જે ગોસ્વામી આચાર્યો હયાત ન હોય તેઓના પત્રોનો ખોટી રીતે દુરુપયોગ કરવાની હીન હરકત કોઈ પણ સભ્ય માનવ તો નજ કરે. તેની સમગ્ર વૈષ્ણવ જનતા નોંધ લે.

ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી
-મોટી હવેલી- જામનગર

(આનો જે જવાબ મેં આપ્યો તે આમુજબ છે:)

**સંદેશ (રાજકોટ) તા. ૧૯-૭-૯૩.**

**॥ શ્રીહરિઃ ॥**

**ભાનવિના ટ્રેક બદલતા રહેનારે ગબડાવેલી ગાડી!**

જામનગરના કાજીચકલામાં આવેલ મોટી હવેલીના મહારાજ ચિ.હરિરાયજીનું નિવેદન સંદેશ (૨-૫-૯૩ રાજકોટ સંસ્કરણ)ના અંકમાં વાંચવામાં આવ્યું.

પોતાનું પેટીયું રળવા ભગવાનના નામે કરવામાં આવતા ભીખારીવેડા અને ધંધાકીય ભવાડા દ્વારા લડુ-પૂરી-મઠડી વેચવાનો ધંધો તે દેવલકતાની અત્યંત પાતકી વૃત્તિ છે. પુષ્ટિસિદ્ધાંતચર્ચાસભા (પાર્લા- મુંબઈ)માં ચિ.હરિરાયજીએ આવી કબુલાત કરી હતી. તેની વિડીઓ કેસેટનું કાઉંટ નં. આ પ્રમાણે છે:સેવા- આજી./૧૩૩૩-૨૫૨૫ અને સ્વસેવ્યપ્રસા./૩૮૯૦-૪૧૨૬. પોતાની હવેલીમાં રાખેલ ભગવત્સેવાનાં પ્રકારથી પોતેજ કબુલેલ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો, કેટલા જુદા અને વિપરીત છે, આનો લગીરે હોશ ચર્ચાની અસહ્ય ચળમાં ચિ.હરિરાયજીને રહ્યો ન્હોતો. એટલે હવે તટસ્થ મધ્યસ્થનું બહાનુ કાઢી કાંઈક નવું તરકટી શાખાચંક્રમણ કરવા ગલ્લાતલ્લા થઈ રહ્યા છે. હકીકતમાં જે સિદ્ધાંત મને કબૂલ છે તેમાંની પ્રમુખ વાતો તો પક્ષગ્રહણ સમયે પોતેજ સ્વીકારી લીધી હતી. તો હવે શાસ્ત્રાર્થ તો ફકત પોતાના પલ્લવગ્રાહી પાંડિત્યના ધબડકાને છાવરવાની કોઈક અંતહીન ચળનો એક પાખંડી કૌભાંડજ

કે બીજુ કાંઈક! સુજ્ઞ જનો જાતેજ આને વિચારીને સમજી શકે છે. ધંધાકીય લાભ સુધી હેમ-ખેમ પહાંચાડવાનો બીડું ઝડપીને (સિ.ચ.માં) દેવલકોની ગાડીને સિદ્ધાંતના સ્ટેશન પાસે પાટા ઉપરથી નીચે ગબડાવીજ દીધી હતી : 'લેને ગઈ પૂત ખો આઈ ખસમ' સૈધ્ધાંતિક ભાન વિના સિદ્ધાંતચર્ચાને ચલાવવાની ચળમાં સિદ્ધાંતના સ્ટેશન પાસેજ હાસ્યાસ્પદ હોનારત સરજીને ત્યાં ઓલરેડી પહોંચેલી ગાડીને, હવે ત્રણ કલાકમાં સ્ટેશને પહોંચાડવાના બણગા ફૂંકી રહ્યા છે. છતાંય ચિ.હરિરાયજી લડુ-મઠડી વેચવાના ધંધાને ઠેકાણે 'કીમો' બનાવવાના હલકીમાં હલકી પાયરીના 'ધંધામાં સંડોવાઈ ન જાય તેનામાટે, ચર્ચાસભાની પક્ષગ્રહણની કેસેટ હવે બહાર પાડવામાં આવી રહી છે. જેને પણ જોઈતી હોય તે પોતાની કેસેટ આપીને કૉપી લઈ જઈ શકે છે; અને નજરોનજર નિહાળી શકે છે : દેવલકિયા ભવાડાબાજોની ભૂંડી-કફોડી સ્થિતિનો પ્રત્યક્ષ પુરાવો! મોટે ભાગે તો આ જાહેરાતની જવાબી જાહેરાતમાં ચિ.હરિરાયજીને નિવેદન બહાર પાડવા મજબૂર થવુંજ પડશે કે ''કોઈએ કેસેટ લેવી કે જોવી નહીં! કેમકે તેમાં ચેડા કર્યાની શક્યતા છે!''

મારા તરફથી તેનો ખુલાસો એટલોજ : કેસેટ લઈને જાતે જોનારને આપો-આપ ખ્યાલ આવી જશે કે કોઈ પણ સુધારા-વધારા કર્યા વિનાની આ કેસેટમાં મહાકવિએ ઢંગધડા વિનાની કલ્પનાઓની બેફામ ગાડી હાંકીને પોતાને પ્રતિનિધિ બનાવનારાઓને પણ કરુણ હોનારતના શિકાર કેવી રીતે બનાવી દીધાં હતાં! એટલેજ સુરતના મહારાજશ્રીને સિ.ચ.સભામાં ચિ.હરિરાયજીએ કરેલી કબુલાતોની ચંગાલમાંથી છટકવાની ધાંધલમાં 'વિમર્શ' ગ્રંથ પ્રકાશિત કરવો પડ્યો છે.

મારા નાના ભાઈ ચિ.હરિરાયજી અને તેમના ધંધાભાઈ કે સાગરીતો ધરમના નામે ચલાવવામાં આવતા આવા ભૂંડા ધતીંગોથી વ્હેલી તકે છુટકારો પામે અને ધનલાલસાઉપર



ધર્માચાર્યોચિત કાબુ મેળવી ગૌરવપૂર્ણ આચાર્યજીવન જીવી શકે! ફકત આ એક શુભેચ્છા ધરાવતો...

ગોસ્વામી શ્યામમનોહર (પાર્લા-કિશનગઢ)

સૌજન્ય : એમ.કે.ઠક્કર

(આનો કેવો ઉડાઊ જવાબ; તેમજ આડકતરી રીતે કેસેટોમાં કાપકૂપના ગર્ભિત સંકેત પણ, હરિરાયજીને આપવોજ પડ્યો! ફરીથી જણાવવાનું રહ્યું કે હું જે કાંઈ કહી રહ્યો છું, તેવી કબૂલાત હરિરાયજીએ પક્ષગ્રહણમાં કરી હતી કે નહિ તેનો પુરાવો એટલામાટે આપવો પડ્યો કે પોતાના ધર્મગુરુના પદની ગરિમાનું ભાન ભૂલીને હરિરાયજી, સ્મગલરો કે જુગારી પણ ન બોલી શકે, તેવું જૂઠાણું ફેલાવી રહ્યા છે. એટલે કેટલા નિમ્નસ્તરનું તેમનું નૈતિક ધોરણ છે તે સહુ જાણી શકે. હેતુ આમાં પણ મારો તો અંતે એજ કે કેમેય કરીને પુષ્ટિમાર્ગીયો સમજી શકે કે ધંધાકીય ભગતીના ભવાડાઓએ આપણા દિવ્ય માર્ગના અનુયાઈ અને ઉપદેશકો ની સ્વધર્મનિષ્ઠા નીતિનિષ્ઠા અને બુદ્ધિમત્તા ને કેટલી નીચલી પાયરી ઉપર પટકીને કેવી દુર્ગતિ કરી દીધી છે! એટલે જ્યારે પણ જરૂરિયાત જણાશે ત્યારે ફકત પક્ષગ્રહણનીજ નહીં પરંતુ સંપૂર્ણ કેસેટોને પણ પ્રકાશિત કરવામાં શેનો વાંધો હોઈ શકે? એવી તે કઈ વાત કાર્યવાહીની છે જે અક્ષરો-અક્ષર સં.સ્થા.મંડળે છાપી નથી દીધી! અમારે તો ફકત એજ જોવું અને જોવડાવવાનું બાકી રહ્યું છે કે દેવલકવૃત્તિના કારણે થતાં અધઃપાતના ખાડાઓ કેટલા ઊંડા કે નીચાણવાળા છે! છતાંય જે હરિરાયજીએ એનો જવાબ આપ્યો તે જોઈએ!)

**સંદેશ (રાજકોટ) તા. ૨-૮-૯૩**

**: શ્રીહરિ :**

**''સદબુદ્ધિ કે પાખંડ...!''**

શ્રીનાથજીવિરોધી દેવલકવાદિઓના અગ્રણી નેતા અને જનેતા એવા શ્યામમનોહરજી 'પાર્લા' હવે ચર્ચાસભાને દોઢ વર્ષ પછી જાણે અચાનકજ અક્કલ આવી હોય તેમ! છતાં ડરતા ડરતા બિચારા! માત્ર પક્ષગ્રહણની એક કેસેટ બહાર પાડવા તૈયાર થયા છે (જુઓ 'સંદેશ' તા. ૧૯-૭-૯૩). આને ગુજરાતીમાં ''રાંડ્યા પછીનું ડહાપણ'' કહેવાય...! છતાં વૈષ્ણવો! આ કેસેટ જરૂર લેજો, ભલે સેન્સર થઈ છે! છતાં લેજો— ચૂકશો નહિ,

જે કાંઈ હાથમાં આવ્યું તે, તેમ સમજીને પણ લેજો...! અરે ભાગતા ભૂતની ચોટલી સમજીને પણ લેજો! પણ લેજો જરૂર. હું કાંઈ શ્યામમનોહરજીની જેમ ડરપોક! થોડો છું કે કેસેટ લેવાની ના પાડું? એક વાર લઈ તો લ્યો, પછી એમા જે કાંઈ પણ કાપકૂપ હશે તે ઘટતું આપણે પુરું કરી લઈશું. બસ.

નોંધ— હવે લોકો વિચારે કે જો શ્યામમનોહરજી સાચા છે તો દોઢ વર્ષ પછી પણ એકજ કેસેટ શામાટે? બધીજ કેસેટો શામાટે નહિ? મતલબ કે હજું પણ કંઈક રંધાઈ રહ્યું છે! આથી સ્પષ્ટ છે કે જો બધી કેસેટો બહાર પાડે તો તેમની પોલ છતી થઈ જવાનો ભય છે! "લેને ગઈ પૂત" એટલે કે મોટા ઉપાળે ચર્ચાસભા કરી પોતાના વાવટા ફરકાવવામાટે પણ "ખો આઈ ખસમ" એટલે ઉલટાના વાવટાજ વિંટાઈ ગયા.... બિચારા ભયભીત શ્યામમનોહરજી...

ગો. શ્રી.હરિરાયજી મહારાજશ્રી
શ્રીવલ્લભાચાર્ય માર્ગ, મોટી હવેલી,
જામનગર.

જોઈશર પબ્લીસીટી

(આમ સમજી શકાય છે કે આવી વાહિયાત ચર્ચા તો તટસ્થ મધ્ટસ્થ વિનાજ પોતે નિરંતર કરી-કરીને "તટસ્થ મધ્યસ્થ વિના ચર્ચા ન કરવાના" પોતે રજૂ કરેલ નિયમને પોતેજ તોડી રહ્યા છે! તે છતાંય સ્વમાર્ગીય વૈષ્ણવોને સંદેહરહિત સિદ્ધાંતો જાણવા મળે તેવો શાસ્ત્રાર્થ નથી કરવો!! આ જાહેરાત પછી ધુતારપુરના એક વૈષ્ણવ ભાઈનું મુંબઈ આવવાનું થતાં, કેમકે હરિરાયજીએ મૌખિક રીતે એમને કહ્યું હતું કે "શ્યામ મનોહરજી ખોટી જાહેરાતો કરે છે પણ હકીકતમાં પક્ષગ્રહણની પણ કેસેટ આપી નહીં શકે" તેથી તે ભાઈના હાથેજ પક્ષગ્રહાણની કેસેટ હરિરાયજીને પણ મોકલાવી છે. જો મળી ન હોય તો પક્ષગ્રહણની કેસેટની બીજી કૉપી પાણ તેમને કે જે કોઈને જોઈતી હોય મોકલવા તૈયાર છું. તે છતાંય કેમ હજી સુધી ખુલાસો નથી કરતા કે પોતે હરિરાયજીએ પક્ષગ્રહણમાં કબૂલેલ કઈ વાતને હું મારી-મચડીને કહી લ્યો



છું? એટલે સ્વસંપ્રદાયના ધર્મગુરુઓ તેમજ અનુગામિઓ નું સાચું શ્રેય જે સત્યને સ્વીકારવામાં રહેલું છે તેની નિઃસ્વાર્થ-નિર્ભીક રજુઆત કરવા પોતે સમર્થ થાય તેનામાટે, શાખામૃગનું તો નહીંજ પરંતુ, સાચા મૃગેંદ્રનું કાળજું કેળવવા હરિરાયજી જેવા બીજા પણ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના વંશજો ક્યારેક સક્ષમ બને તેવી શુભેચ્છા સિવાય બીજી કઈ મંગલકામના પુષ્ટિમાર્ગીયોએ પોતાના હૃદયોમાં રાખવાની હોય!)

સ્વીયાચાર્યોપદેશાનાં સર્વે સન્ત્વનુગામિનઃ।
મા ભૂદ્ દેવલકઃ કોઽપિ સ્વાચાર્યચરણાન્વયઃ॥
અજ્ઞાનાદ્વા પ્રમાદાદ્વા ધનલોભાદપિ ક્વચિત્।
આજીવિકાયૈ કિમુત સ્વપ્રતિષ્ઠાપ્રસિદ્ધયે॥
અથાપિ યદિ સંદેહો હૃદયે કસ્યચિદ્ ભવેદ્।
ભયં નિઃસાર્ય હૃદયાત્ સ માં પૃચ્છતુ સર્વથા॥
ભીતો વા સંદિહાનો વા સ્વાચાર્યવચને જનઃ।
નિર્દુષ્ટસ્યાસ્ય માર્ગસ્ય સ કુતો દુષકો ન વૈ॥

# પરિશિષ્ટ ( ૨ )

## ઘાસચારો સમજીને સિદ્ધાંતો ચરવા મંડ્યા।
## ગ્રંથો પોતે સમજ્યા નહિ બીજાને શીખવવા મંડ્યા।।

આપણાં માર્ગમાં નિષ્ઠા કે આપણા પુષ્ટિમાર્ગીય ગ્રંથોક્ત સિદ્ધાંતની લેશમાત્ર પણ સમજ ન ધરાવનારા કેટલાક લેભાગુ દંભી લેખકોએ હાલમાં એક 'નિવેદન પ્રસાર મંડળ' સ્થાપ્યું છે. સહુથી પહેલા તેનો એકમાત્ર હેતુ એ મંડળના ઉપાધ્યક્ષ અને પ્રચાર-વ્યવસ્થાપક ના શબ્દોમાં જોઈએ : ''વૈષ્ણવોંકી ભૌતિક આવશ્યકતાપૂર્તિકે લિએ શ્રીઠાકુરજીકો માધ્યમ વ સાધન બનાકર ધન કમાના ગુરુકા કર્તવ્ય નહીં હૈ; લેકિન અપની વલ્લભીય સૃષ્ટિકી સત્તાકો પ્રભુમેં વિનિયોગ કરાકર ઔર જીવકે અશેષ દોષોંકો વ ભગવત્સમ્બન્ધમેં આનેવાલે પ્રતિબન્ધોંકો દૂર કરકે ભગવત્સમ્બન્ધ ફલિત કરાના તથા નિત્યલીલામેં પ્રવેશ કરાના હી ગુરુકા મુખ્ય ધ્યેય હોના ચાહિયે...ગુરુકા ભી બ્રહ્મસમ્બન્ધકરણ હુઆ હૈ. ઉસકા ભી સ્વ ઔર સર્વસ્વ પ્રભુકા હૈ; એવં અહં ઔર મમ કા સમર્પણ કિયા હુઆ હૈ. ઈસ સ્થિતિકો યદિ ગુરુ સ્વીકાર નહીં કરતા; તથા અપની સત્તા અલગ માનતા હૈ તો, વહ ગુરુ નહીં હૈ ઔર ઉસે ગુરુરૂપસે બ્રહ્મસમ્બન્ધ કરાનેકા અધિકાર નહીં હૈ. કારણ કિ જબ તક સ્વયંકા અહં-મમ સમર્પિત નહીં હુઆ તબ તક દૂસરેકા કૈસે સમર્પિત કરા સકેગા.''('પુષ્ટિમાર્ગીય સેવારીતિ : કુછ ઉભરતી વિસંગતિયોંપર વિચાર' પાના=૧૬૧).

આ ખરેખર આપણા માર્ગના કેવા દુર્ભાગ્ય છે કે એવા અભણ લોકોજ મોટે ભાગે, બીજા કોઈ પણ ધંધા-નોકરીની લાયકાત ન હોવાને કારણે, પોતાને ગુરુ માની લેવાની નિમ્નસ્તરીય અહંગ્રન્થીથી પીડાતા હોય છે!

પોતે કબૂલેલી ધારણામુજબ—બ્રહ્મસમ્બન્ધ પછી



જેમ ગુરુના અહં-મમ બચવા ન જોઈએ કે જેવા અહં-મમને કારણે ગુરુ પોતાની અલગ સત્તા માની શકે; તેમજ વલ્લભીય સૃષ્ટિને પણ જો બ્રહ્મસમ્બન્ધ થયો ન હોય તો તેની સત્તાનો પ્રભુમાં વિનિયોગ થઈ શકતો નથી; અને થયો હોય તો તેવી વલ્લભીય સૃષ્ટિની પણ નોખી સત્તા બચવીજ ન જોઈએ કે જેનો પ્રભુમાં વિનિયોગ કરાવવાનો ઠેકો ગુરુઓને લેવાની આવશ્યકતા ઊભી થાય. શામાટે વલ્લભીય સૃષ્ટિના દરેક જીવને પોત-પોતાના ઘરે બિરાજતા ઠાકુરજીની સેવામાં વિનિયોગ કરી લેવાનું કહેવામાં આવતું નથી? જો કહો કે દરેકને ઘરે ભગવત્સેવાનો નિર્વાહ શક્ય ન હોવાને કારણે એમ કહેવું પડે છે, તો સ્વતંત્ર નોકરી-ધંધો કરવાને કારણે પોતાની ભગવત્સેવાને પોતાનું પેટીયું રળવાનું સાધન બનાવી લેનારા પૂ.પા. ગુરુઓ જેવી જેની લાચારી ન હોય, તેવા કોઈક બીજા વૈષ્ણવને માંથે બિરાજતા ઠાકુરજીની સેવામાં પોતાની સત્તાનો વિનિયોગ કરી લેવાનું કેમ જણાવવામાં આવતું નથી? જો વૈષ્ણવો ગુરુ નથી બની શકતા એવું બહાનું કાઢવામાં આવતું હોય તો, તે તો ગોસ્વામિબાળકોમાં ગુરુપણાનો અહંકાર કાયમ ન હોય ત્યાં સુધી શક્યજ નથી. તેથી વાત ફરી-ફરીને ત્યાંની ત્યાંજ આવી જાય છે : આ માર્ગમાં ધર્મગુરુઓને દેવલકતાની જઘન્ય આજીવિકાજ ફક્ત માફક આવી ગઈ છે, તેથી તે જઘન્ય ખાડામાંથી તેઓ બાહેર નિકળવાજ માંગતા નથી. મને પોતાને એક પૂ.પા. મહારાજશ્રીએ મોઢે-મોઢ કહ્યું—''હવે તો આપણે સહુ દેવલકતાના ખાડામાં પડેલાજ છીએ. ઘણો આનંદ પણ એમાં આવી રહ્યો છે. તો બહાર નિકળીને શું કરીશું!''

નિવેદન-પ્રસાર-મંડળના ઉપાધ્યક્ષ પોતાની અકકલના બટાટાવડા પાછા એવા ઓર પિરસે છે કે ''ગુરુકી વસ્તુ લેના—યે અપરાધ હૈ. ગુરુ-આજ્ઞાસે વિવેકદ્વારા વિચાર કર લેના—યે જીવકા કર્તવ્ય હૈ.''(ત્યાંજ પાના=૧૬૨).

પ્રભુને સ્વ-સર્વસ્વનું સમર્પણ કર્યા પછી ગુરુની માલીકી

બચી કેવી રીતે ગઈ કે જેને લેતા અપરાધ લાગી શકે?

એટલે સિદ્ધાંતવચનો પ્રકટ થઈ જવાને કારણે ધંધાકીય ભગતીના ભવાડાના ભોપાળાં જે ઉઘાડા પડવા મંડ્યા છે, તેને કોઈ પણ રીતે છાવરવા, ઘર બેઠા સત્સંગ કરાવનાર પ્રશ્નોત્તરીની યોજના ઘડવામાં આવી છે. તેમાંય પાછી જોવાની મજા એવી છે કે કોઈક ભોળા વૈષ્ણવ-પરિવારના આર્થિક સહયોગને કારણે છપાવવામાં આવેલી ચોપડીના વિતરણને નિઃશુલ્ક કરવામાં કદાચ કોઈ અડચણ કલ્પી પણ શકાય; પરંતુ ચોપડીને પ્રકાશિત થયે હજી બે-ત્રણ વરસ નથી થયા ત્યાં તો કીમત પચીસ રુપિયાથી વધારીને પાંત્રીસનો રબર-સ્ટેંપ લગાડી દીધો છે! એટલે દરેકે-દરેક વાતને પેટીયું રળવાનું સાધન કેમ બનાવી લેવું તે જ એક હેતુ સત્સંગ કરાવવામાં પણ કામ કરી રહ્યો લાગે છે!!

આ ચોપડીમાં પૂછવામાં આવેલ છ પ્રશ્નોના સિદ્ધાંતાભિમત સમાધાનો શું હોઈ શકે છે તે આપણે જોઈશું:—

## પ્રશ્ન (૧)

**બ્રહ્મસંબંધ લેતે સમય અપના સર્વસ્વ શ્રીઠાકુરજી શ્રીકૃષ્ણકો સમર્પિત કર દેતે હૈં તો બ્રહ્મસંબંધ લેનેકે બાદ અપને પાસ અપને સ્વામિત્વકા કુછ ભી બચા રહ સકતા હૈ ક્યા? યદિ નહીં રહતા હૈ, અર્થાત્ સબ રોકડ-જંગમ સંપત્તિકી મિલ્કિયત શ્રીઠાકુરજીકી હુઈ, તો શ્રીઠાકુર-જીકી સંપત્તિકો ઉનકી સેવાકે નિમિત્ત જબ હમ ઉનકો સમર્પિત કરતે હૈં, તબ વહ 'દેવદ્રવ્ય' કિસ તરહ કહલાયેગી?**



## ઉત્તર (૧)

બ્રહ્મસંબંધની દીક્ષા લેતાં આત્મા-આત્મીય સકલનું ભગવાન્‌ને સમર્પણ થાય છે—ભગવાન્‌ને પોતાના અનન્ય સ્વામી તરીકે સ્વીકારીને પોતાને તેમજ પોતાની સાથે સંબંધ ધરાવતી બધી વસ્તુઓને સાક્ષાત્ કે પરંપરયા ભગવત્સેવાર્થ ઉપયોગમાં લાવાનો પોતાનો વ્રતાત્મક સંકલ્પ લેવામાં આવે છે. આ સંકલ્પમાં જો બ્રહ્મસંબંધ લેનારાનું તેના દારા=પત્ની આગાર=ઘર પુત્ર આપ્ત=સગા-વ્હાલા અને વિત્ત=ધન વિગેરે ઉપર જો સ્વામિત્વ રહીજ જતું ન હોય તો, એટલે કે સમર્પિત વસ્તુમાત્રઉપર ભગવાન્‌નુંજ કોરું સ્વામિત્વ ઉત્પન્ન થતું હોય તો, ગોસ્વામિબાળકોની ઘર-સંપત્તિની માફક વૈષ્ણવોની ઘર-સંપત્તિઉપર પણ તે-તે હવેલિઓમાં બિરાજતા ઠાકુરજીની માલિકી સ્વીકારીને ખાંનગી હવેલી કે જાહેર હવેલીટ્રસ્ટ ની પ્રૉપર્ટીલિસ્ટમાં તેને નોંધાવી દેવી જોઈએ. કોઈ પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પોતાની ઘર-સંપત્તિનું વેચાણ કરી નહિ શકે કે વારસદારોને પણ મનગમતી રીતે આપી નહિ શકે. તેમજ જે કોઈ પુષ્ટિમાર્ગીયને મુફલિસીને કારણે રહેવા-જમવાની સગવડ ન હોય, તેને હવેલીમાં લડ્ડુ-પૂરીની મોજ માણતા પૂ.પા.ગો.બા. કે મુખિયા-ભીતરિયા વિ. ની માફક લૉજિંગ-બૉર્ડિંગની સગવડ પૂરી પાડવી જોઈએ. કેમકે મહારાજ-મુખિયા વિ. ની માફક કેટલાક પુષ્ટિમાર્ગીય મુફલિસોએ પણ આત્મસમર્પણ તો કર્યુંજ હોય છે, તેથી તેમનો પણ ભરણ-પોષણનો અધિકાર શામાટે સ્વીકારવામાં આવતો નથી? ખાલી રોકડ-જંગમ સંપત્તિઉપરજ ભગવાન્‌ની માલિકી માનીને, સાથો-સાથ દેવદ્રવ્ય માન્યા વિના(!), તે થકી ધરવામાં આવેલ સામગ્રીનો પ્રસાદ લેવાનો અધિકાર માની લેવો, તે તો આધુનિક નિગ્રહીનોની લાક્ષણિક વિશિષ્ટતા છે. ફકત પ્રસાદ લેવામાં વાંધાજનક માનવામાં આવતું નથી! પણ કોઈ બિચારો મુફલિસ રહેવા-જમવાની કે પોતાની

દીકરીને પરણાવવાના ખરચાની માંગણીનો હક્કદાવો માંડે, અને તેને સ્વીકારવામાં આવે તો આ રજુઆતની સત્યતાની પરીક્ષા થઈ શકે!!

શામાટે રોકડ-જંગમઉપરજ ફક્ત પ્રભુના સ્વામિત્વના ગીતો ગવાય છે? શામાટે પત્ની-પુત્રઉપર પણ પોતાનો હક્ક જતો કરીને પ્રભુના પ્રસાદ તરીકે બધાને તેમને ગ્રહણ કરવાનો અધિકાર સ્વીકારવામાં આવતો નથી? પૂ.પા.ગોસ્વામિઓના જ પુત્રો કે પુત્રિઓ ને શામાટે હવેલીના વારસદાર કે બેટીજી બનાવવામાં આવે છે? આટલી બધી અહંતા-મમતા શામાટે? પ્રભુને સમર્પિત થયા કે બધાજ પુત્ર-પુત્રિઓ પ્રભુના થયા. તેથી પોતાની મહારાજિયતની અહંતા-મમતા રાખ્યા વિના દરેક પુષ્ટિમાર્ગીય છોકરા-છોકરિઓને બાવા-બેટીજીનો દરજ્જો કેમ આપવામાં આવતો નથી? શું મહારાજો બ્રહ્મસંબંધ લેતા નથી કે ફક્ત તેમના પુત્ર-પુત્રિઓમાંજ મમતા રાખી તેમનેજ બાવા-બેટીજીનો દરજ્જો આપવામાં આવે છે! આવી અહંતા-મમતા રાખનારને સર્વસમર્પણના ઉપદેશ આપવાનો યોગ્ય અધિકારી કેવી રીતે માની શકાય? ભૂલવું ન જોઈએ કે જે વાત પુત્ર-પુત્રીની મમતામાટે કહી શકાય છે તે જ પત્નીમાં રહેલી મમતામાટે પણ કહી શકાય છે. પછી તો મહારાજોની વહુજીઓ કે વૈષ્ણવોની પત્નિઓ માં તે-તે પતિઓ મમતા છોડીને એકબીજાને ભગવત્પ્રસાદરૂપે પોત-પોતાની પત્નિઓ કેમ સોંપી નથી દેતા? બિચારા કેટલાક ભોળા ભાવુક વૈષ્ણવોના વર્ગે તો તે મમતાત્યાગનો શૂરાતન પણ પ્રકટ કરીને 'મહારાજ લાયબલ કૅસ'ની નામોશી પણ વ્હોરી લીધી હતી. આ માર્ગના ગુરુઓ પરંતુ સર્વસમર્પણની તે પરાકાષ્ઠા, ક્યારેય પોતાના પુરુષોત્તમ હોવાના દાવા ઉપરાંત, જાહેરમાં દાખવી કે કબૂલ કરી શક્યા નથી! આ તે કેવો પાખંડ!! આ બધી વાતનો ઊંડો વિચાર કર્યા વિના, કેવળ દ્રવ્યલાલસાને વશીભૂત થઈને સર્વસમર્પણનો અગડં-બગડં અર્થઘટન કરી પ્રશ્ન કે



ઉત્તર રજૂ કરનારાઓ કેટલી હીનકક્ષા આ માર્ગના હિતશત્રુઓ છે, તેમાં કહેવાપણું કાંઈ રહી જતું નથી.

કેટલાક ઠોઠમઠોઠ ટર્રતૃષ્ણો કહે છે કે નિત્યસેવામાં ઉપયોગમાં આવતી વસ્તુઓજ દેવદ્રવ્ય થાય છે, તેથી સોનાની કટોરી દેવદ્રવ્ય હોવાથી તે સામગ્રી પણ દેવદ્રવ્ય હતી. આવા ઠોઠમ-ઠોઠોને શું કહેવું! સંતદાસની તેમજ કિશોરી બાઈની વાર્તાઓમાં નિત્યસેવામાં ઉપયોગમાં આવતી કોઈ પણ વસ્તુને વેચીને કે ગિરવી ધરીને સામગ્રી ભોગ ધરવામાં આવી ન્હોતી, તે છતાંય દેવદ્રવ્યથી ધરેલી સામગ્રીનો પ્રભુએ અંગીકાર કરેલો પણ તેનો પ્રસાદ સંતદાસે ન્હોતો લીધો; અને પરદ્રવ્યથી ધરેલી સામગ્રી તો પોતે પ્રભુએ પણ અંગીકાર ન્હોતી કરી, આ બાબતમાં કિશોરી બાઈની વાર્તા પ્રમાણ છે. આથી સિદ્ધ થાય છે કે "અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેદ્"આજ્ઞામુજબ પ્રસાદ પણ અસમર્પિત હોય તો લઈ શકાતો નથી; અને દૈનિક ઉપયોગની ઘણી બધી વસ્તુઓ શ્રીઠાકોરજીની સેવામાં જો કામમાં લાવી ન શકાતી હોય તો તેમને 'પ્રસાદ' કહી-માની શકાતું નથી છતાંય સમર્પિત હોય તો તે ઉપભોગાર્હ હોયજ છે. જેનાઉપર પોતાની સત્તા હોય તેનુંજ સમર્પણ થઈ શકે છે, આ વાત કિશોરી બાઈની વાર્તાને આધારે પ્રમાણિત થાય છે. એટલે આ તો ક્ષુદ્રક સ્વાર્થની પૂર્તિમાટે ઠોઠમ-ઠોઠોદ્વારા કરવામાં આવેલી પુષ્ટિમાર્ગની નિષ્ઠુર હાંસી છે! પણ "મહારાજ! યહ મારગ (પેટીયું રળવાની કથાભક્તિથકી) હાંસી-ખેલકો નાહિ (દ્રવ્યની અદમ્ય લાલસાના તાપક્લેશનો નહિ બલ્કે પુષ્ટિપ્રભુની પ્રાપ્તિની અદમ્ય લાલસાના) તાપક્લેશકો હે!"

તે વૃત્ત્યર્થ ભગવત્કથા કરનારાઓના ભેજામાં ન ઉતરે તે તો સ્વાભાવિક વાત છે!

**પ્રશ્ન (૨)**

**યદિ ઘરમેં શ્રીઠાકુરજીકી સેવા તથા દર્શન ઉપલબ્ધ હોં તો ફિર મંદિરમેં દર્શન કરને જાનેકી આવશ્યકતા શેષ રહતી હૈ ક્યા ?**

ઉત્તર ( ૨ )

વૈષ્ણવોના પોતાના ઘરે બિરાજતા ઠાકોરજીઓના વૉલ્ટેજ, જે દેવલકોએ ઘટાડ્યા છે, તેથી મોહિત થઈને વૈષ્ણવો પણ ઓછા ન માની લેતા હોય તો આવશ્યકતા રહી જતી નથી. તે ઉપરાંત કેટલાક ઠોઠમ-ઠોઠ કહેતા હોય છે કે ગોપિકાઓ જેમ નંદાલયમાં કોઈક ને કોઈક બહાનું બનાવીને જતી હતી, તેમ આધુનિક પુષ્ટિમાર્ગીયોએ પણ તેમને ગુરુવત્ માન્ય રાખીને— એટલે કે ગોપિકાઓના ભાવો હૃદયમાં રાખીને— મંદિરોમાં દર્શન-ભેંટ-સામગ્રી-મનોરથો કરાવવા જવું જોઈએ. આમાં પણ પૂછવા-જાણવા જેવું એ છે :—

(૧)નંદાલયમાં તો પ્રભુ પોતે પ્રકટ થયા, તેથી નંદ-યશોદાને ત્યાં તેમનાજ આત્મજ તરીકે પ્રભુનું લાલન-પાલન થતું હતું. તો, જેમને ત્યાં એવી રીતે પ્રકટ ન થયા હોય તો તેવી ગોપિકાઓનું, ભગવદાસક્તિને કારણે નંદાલયમાં જવું તે સ્વાભાવિક વાત માની શકાય છે. કોઈ પણ ગોપિકા જ્યારે એના ઘરે પ્રભુ પધાર્યા હોય, ત્યારે તેમને ત્યાં બેસાડીને પોતે નંદાલયના ચક્કર મારવા ગઈ હોય, એવું વર્ણન ક્યાંય પણ મળતું નથી. તેથી જે વૈષ્ણવને માંથે તેના પોતાના ઠાકુરજી ઘરમાં બિરાજતા હોય, તેને મંદિરમાં જવાની દરકાર શેની હોઈ શકે? જો ઠાકુરજી ઘરમાં બિરાજતા હોવા છતાંય વૈષ્ણવોનું ઘર નંદાલય તરીકે માન્ય હોઈ નથી શકતું, એમ દલીલ કરવામાં આવે તો મંદિરોને—

(ક)ગોસ્વામી બાળકોના ઘર હોવાને કારણે



નંદાલય માનવામાં આવે છે ?

(ખ)શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના નિધિસ્વરૂપો ત્યાં બિરાજતા હોવાને કારણે નંદાલય માનવામાં આવે છે ?

અથવા

(ગ)મંદિરોમાં પારકે દ્રવ્યથી ધંધાકીય ધોરણઉપર નભાવવામાં આવતા વૈભવી ભભકાને કારણે નંદાલય માનવામાં આવે છે ?

(ક)કલ્પમાં : ગોસ્વામી બાળકો જો પોતાનું એવું માહાત્મ્ય પોતાને મોઢેજ કહેતા હોય તો તે સર્વસમર્પણ ઉપરાંત પણ અહંતા છૂટી નહિ તેનું પ્રમાણ બની જશે. પોતાના કોઈક ટર્તૃષ્ણ એજેંટને રૂ.૨૫૦૦૦/- આપીને તેના મોઢેથી કહેવડાવે તો તેને 'નંદાલયનો નિશ્છલ ભગવત્પ્રેમ' ન કહી 'ધંધાકીય કાવત્રું' કહેવુંજ યોગ્ય ગણાશે. ધંધાકીય કાવત્રાનો ભોગ ન બનેલ કોઈક નિસ્પૃહ માણસ આવું વિધાન કરે, તો જ્યાં સુધી તેની આવી ધારણાના સમર્થક ગ્રંથસ્થ વચનો તે દેખાડી ન શકે ત્યાં સુધી તો આવી ધારણાને ભ્રમણાજ સમજવી જોઈએ.

(ખ)કલ્પમાં : મંદિરોમાં ભટકવાનો પ્રકાર જ્યાં શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના નિધિસ્વરૂપો નથી બિરાજતા, ઓછામાં ઓછું, ત્યાં તો બંદ કરવું જોઈએ.

(ગ)કલ્પમાં : શ્રીનંદ-યશોદાજીએ નંદાલયમાં પોતાના લાલના લાલન-પાલનનો, આધુનિક મહારાજો કે મુખિયાઓ ની માફક, કાંઈ ધંધો ન્હોતો માંડ્યો. તેથી ગોપિકાઓ ત્યાં જતી પણ હોય તો કશું વાંધા ભરેલું

ન્હોતું; પરંતુ જ્યાં ધંધાકીય ધોરણે ભગવત્સેવાનો ધતીંગ ચાલતો હોય, તેમાં સંમિલિત થવાની દરકાર સાચા ભક્તે કોઈ દિવસ રાખવી જોઈએ નહિ.

(૨)વળી કોઈક પેટીયું રળવા પ્રામાણિક પણ કદાચ ન હોય એવી બેઠકમાં મુખિયાગિરિનો પોતે ધંધો માંડીને બેઠો હોય, તેથી—"ગોપિકાઓ શરદ ઋતુમાં ભગવાન્ સાથે રાસ રમવા ગઈ હતી, તેમુજબ ક્યારેક-ક્યારેક બેઠકોમાં પણ આવવું." એવું વિધાન જે નિર્લજ્જતયા કરતો હોય, તેનો હેતુ તો ક્ષુદ્ર સ્વાર્થની દુર્ગંધનોજ પ્રસાર કરવાનો લાગતો હોવાથી, આત્મનિવેદનના દિવ્ય આદર્શનો પ્રસાર એવા ધંધાકીય ભવાડાબાજો કરીજ ન શકે! એવા લોકોને વ્રજજનોની રીતિ કે પ્રીતિ નો લગીરે ભાવ હૃદયમાં હોઈ શકેજ નહિ. અને હોય તો આવા જઘન્ય અભિપ્રાયવાળી વાત ક્યારેય કરીજ ન શકે!

તેથી નિષ્કર્ષરૂપે: જેના ઘરે પુષ્ટિભાવના અને સિદ્ધાંત ને અનુરૂપ ઠાકોરજી બિરાજતા હોય, તેવા કોઈ પણ વૈષ્ણવે સામે ચાલીને મંદિરોમાં દર્શન કરવામાટે ભટકવું તેવી કોઈ આવશ્યકતા રહી જતીજ નથી; તેમજ જો ધંધાકીય ધોરણઉપર ભગતીના ભવાડા કરવામાં ન આવતા હોય તો, તેવા કોઈ ભગવદીયના ઘરમાં આવતાં-જતાં તેના ઠાકોરજીના સાદર દર્શન કરી લેવામાં કાંઈ અજુગતું પણ નથીજ.

**પ્રશ્ન (૩)**

**(ક)અપને ઘરમેં શ્રીઠાકુરજીકો ધરાકે, સમર્પિત કરકે મહાપ્રસાદ હમ લે સકતે હૈં, મંદિરમેં સમર્પિત કરકે ક્યોં નહીં લે સકતે હૈં?**

**(ખ)મંદિરકા મહાપ્રસાદ લેનેકા આજકલ**



**કઈ શીર્ષસ્થ મહાપુરુષોંદ્વારા વિરોધ કિયા જા રહા હૈ. આપ ઇસ વિષયમેં ક્યા કહતે હૈં?**

ઉત્તર (૩)

(ક)પોતાના ઘરમાં પણ જો દેવદ્રવ્યથી, સંતદાસજીની માફક, ભોગ ધરવામાં આવતાં હોય તો તે ઠાકુરજી આરોગી શકે છે; પરંતુ આપણાથી તે દેવદ્રવ્યથી સિદ્ધ થયેલી સામગ્રીનો પ્રસાદ લઈ શકાતો નથી, પ્રસાદના પણ દેવદ્રવ્ય હોવાને કારણેજ.

એક પુષ્ટિમાર્ગીયના માથે બિરાજતા ઠાકોરજીને બીજા કોઈક અપારિવારિક વ્યક્તિના દ્રવ્યથી, કિશોરી બાઈની માફક, ભોગ ધરવામાં આવ્યો હોય તો પોતે ઠાકોરજી પણ આરોગતા ન હોવાથી તે પ્રસાદજ બનતો નથી. તેથીજ લઈ પણ શકાતો નથી, તેવા ઠાકોરજીના નામે લીધેલ દ્રવ્યથી સિદ્ધ થયેલી સામગ્રી કે અન્ન નું ભોજન કરતાં દેવદ્રવ્યભક્ષણ અને અસમર્પિતભક્ષણ આમ બન્ને અપરાધો લાગી જવાને કારણેજ.

મંદિરમાં પણ જો મર્યાદામાર્ગીય પ્રણાલિકામુજબ પરાર્થ-પ્રતિષ્ઠા થઈ હોય તો દરેક દર્શનાર્થી ભક્તને સમર્પણનો અધિકાર મળી જતો હોવાથી પ્રસાદ લઈ શકાય છે. ઉદાહરણતયા: પુરીમાં શ્રીજગદીશજીનો, કાંચીમાં શ્રીવરદરાજસ્વામીનો, દ્વારકામાં શ્રીદ્વારકાધીશનો, પંઢરપુરમાં શ્રીવિઠોબાનો; તેમજ તિરુપતિ બાલાજી-શ્રીરંગનાથજી-ડાકોરજી વિ. અનેક મર્યાદામાર્ગીય મંદિરોમાં પ્રસાદ લઈ શકાય છે, એટલુંજ નહિ બલ્કે સહુ પુષ્ટિમાર્ગીયો લેતાંજ આવ્યા છે. પુષ્ટિમાર્ગમાં ભગવત્સ્વરૂપની પરાર્થ-પ્રતિષ્ઠાનો પ્રકાર તો છેજ નહિ બલ્કે નિષેધ છે. તેથી કોઈ પુષ્ટિમાર્ગીય ભગવત્સ્વરૂપની સેવા જાહેર દેવાલયના પ્રકારે ચાલતી હોય તો, ઉપર જણાવેલ બન્ને હેતુઓને કારણે પ્રસાદ લઈ

શકાતો નથી. સ્વાર્થ-પ્રતિષ્ઠાપિત સ્વરૂપની સેવામાં પરદ્રવ્યના વિનિયોગને 'સમર્પણ' કહી શકાતુંજ નથી, તેથી દેવદ્રવ્ય અને પરદ્રવ્ય આમ બન્ને જાતના દ્રવ્યોનાજ; અથવા તો બેમાંથી કોઈ એક જાતના દ્રવ્યનો તો ચોકકસજ, ભગવત્સેવામાં વિનિયોગ થવાને કારણે એવા ઠેકાણે પ્રસાદ લઈ શકાતો નથીજ.

એટલે કાં તો આપણા પુષ્ટિસ્વરૂપોને પુષ્ટિમાર્ગીય માનવાની દિવ્ય નિષ્ઠાને તોડીને તેમના પ્રસાદમાંજ ફકત અનન્યાસક્તિ કેળવવી જોઈએ(!); અથવા તો તેમ કરવું જો સ્વમાર્ગ સાથે ગર્હિત વિશ્વાસઘાત હોય તો, દેવદ્રવ્ય કે પરદ્રવ્ય થી ધરવામાં આવેલી ભોગ-સામગ્રીનો મોહ તોડીને પોત-પોતાના માંથે બિરાજતા સેવ્ય સ્વરૂપોને પોતે સમર્પિત કરેલી ભોગ-સામગ્રીનોજ પ્રસાદ તરીકે ગ્રહણ કરવાનો શુદ્ધ-શુદ્ધ ધર્માગ્રહ જાળવવો જોઈએ.

(ખ)પ્રશ્નભાગમાં ''આજકલ કઈ શીર્ષસ્થ મહાપુરુષ' શબ્દો વપરાયા છે. તે બાબતમાં સરખી રીતે જાણી લેવું જરૂરી છે કે ફકત આજકલજ નહિ પરંતુ શરૂઆતથીજ અનેકાનેક મહાપુરુષો તેનો વિરોધ કરતાંજ આવ્યા છે. આ બાબતમાં આ ગ્રંથના આરંભમાં આપવામાં આવેલી અભિપ્રાયામૃતાવલીમાંના ચતુર્થાત્મજ શ્રીગોકુલેશચરણ, શ્રીબાલકૃષ્ણજી, તિલકાયત શ્રીગોવર્ધનલાલજી મહારાજશ્રી, અમદાવાદવાળા શ્રીરણછોડલાલજી મહારાજશ્રી; અને સહુના અન્તમાં નિવેદન-પ્રસાર-મંડળના ઉપાધ્યક્ષનાજ પિતૃચરણના પણ (ક્રમશઃ સંખ્યા ૩, ૬, ૮, ૧૨ અને ૧૮) અભિપ્રાયામૃતોનું અવગાહન વિશેષ ઉપકારક નિવડશે. આ બધા આપણા શીર્ષસ્થ મહાપુરુષોને કોઈક ઠોઠમઠોઠ ટર્રતૃષ્ણ—''ખોપડીકે બલ ઔંધા ખડા''કહે અને આપણે સહુ પુષ્ટિમાર્ગીયો નિષ્પ્રતિવાદ તે અપશબ્દપ્રયોગને સાંભળી પણ લઈએ છીએ, તે પણ ફકત જઘન્ય દ્રવ્યલાલસાને કાબૂમાં ન લાવી શકવાને કારણે, આથી વધૂ ધિક્કારાસ્પદ મનોવૃત્તિ બીજી કઈ આપણી હોઈ શકે!



## પ્રશ્ન (૪)

(ક)બ્રહ્મસંબંધ કરનેકે બાદ સર્વસ્વ શ્રીઠાકુરજીકા હુઆ, ફિર ઉસીમેંસે શ્રીગુરુકો ભી અર્પિત કિયા જાતા હૈ—ઉસકો 'દેવદ્રવ્ય' નહીં કહેંગે?

(ખ)ક્યા ગુરુ દેવદ્રવ્યકો અપને ઉપયોગમેં લે સકતે હૈં?

## ઉત્તર (૪)

(ક)સર્વસ્વસમર્પણ કરવાનો સિદ્ધાંતશુદ્ધ અર્થ તો આટલોજ: વ્યક્તિના અહં-મમના વર્તુળમાં આવનારી દરેક વ્યક્તિ કે વસ્તુ, તે બ્રહ્મસંબંધદીક્ષા લેનાર આત્મનિવેદીના અનન્ય આધિદૈવિક સ્વામી તરીકે, તેના પોતાના ઘરમાં બિરાજમાન સેવ્ય સ્વરૂપની સેવામાટે છે. જો એમ ન હોત તો ફકત સોનાની કટોરીજ શ્રીમહાપ્રભુના ઘરમાં 'દેવદ્રવ્ય' શામાટે કહેવાઈ? શામાટે શ્રીમહાપ્રભુનું સર્વસ્વ 'દેવદ્રવ્ય' ન કહેવાયું! કેટલાક ઠોઠમઠોઠ ટર્રતૃષ્ણો કહેતા હોય છે કે નિત્યસેવામાં અર્પિત કરીને વાપરવામાં આવતી વસ્ત્ર આભૂષણ ઝારી બંટા કટોરી સિંહાસન ખંડ પાટ ચોકી વિ. વસ્તુઓ દેવદ્રવ્ય બની જતી હોવાથી અગ્રાહ્ય હોય છે. ઠોઠમઠોઠની માફક વાત કરવી હોય તો-તો બ્રહ્મસંબંધદીક્ષા લેતી વખતે બધુંજ સમર્પિત કરી દીધું હોવાથી અસમર્પિત કશું રહીજ જતું ન હોવાથી અલગથી અર્પિત કરવા જેવું કાંઈક બચી જતુંજ નથી. છતાંય સમર્પિત વસ્તુને અર્પિત કરવાથી જો સમર્પણ નિરસ્ત થતું હોય તો સિદ્ધ થયું કે સર્વસ્વસમર્પણ ઉપરાંત પણ બધું કાંઈ સમર્પિત થઈ જતું નથી. અને જો સમર્પણ નિરસ્ત ન થતું હોય તો સોનાની કટોરી મૂળમાં દરેક વસ્તુની

માફક સમર્પિત તો હતીજ તો તેને ગીરવી ધરીને મળેલ દ્રવ્યથી સિદ્ધ સામગ્રીનો પ્રસાદ લેવામાં વાંધો કેમ આવ્યો?

હકીકતમાં પ્રભુચરણ તો ચોખ્ખા શબ્દોમાં—"દાને હિ ન સ્વવિનિયોગો નતુ નિવેદને. અન્યથા નિવેદિતાન્નાદેર્ભોજનં ન સ્યાદ્, અનિવેદિતસ્ય નિષિદ્ધત્વાત્" આજ્ઞા કરે છે. તેમજ "ત્વયોપભુક્તસ્રગ્ગન્ધવાસોઽલંકાર...દાસાસ્તવ માયાં જયેમહિ"(ભાગ.૧૧।૬।૪૬)વચનમુજબ વસ્ત્રાભૂષણો પણ સમર્પિત કરીનેજ સેવકે પોતાના ઉપયોગમાં લેવા જોઈએ. તેથી ૫/૫૦ વરસમાટે નિત્યસેવોપયોગી તરીકે રાખવામાં પણ આવ્યા હોય તેથી કાંઈ, એવા વસ્ત્રાભૂષણો કે સોના-ચાંદીના પાત્રો દેવદ્રવ્ય બની જતાં નથી. તેમજ એક વખત સેવામાં વાપર્યા પછી ફરીથી ન વાપરી શકાય એવી અન્ન પુષ્પ જલાદિ સામગ્રી દેવદ્રવ્ય બનતીજ નથી, એવું પણ નથી. અથવા તો અર્પણ કરવામાં આવેલીજ વસ્તુ દેવદ્રવ્ય બને છે—સમર્પણ કરવામાં આવેલી વસ્તુઓ નહિં, વિગેરે બધા હેતુઓ મનઘડંત હેતુઓ છે. કેમકે પુષ્પ અત્તર વસ્ત્ર આભૂષણ અન્નાદિ સામગ્રી પણ જો દાનરૂપે પ્રભુને અપાયેલ દ્રવ્યથી સિદ્ધ થયેલી હોય તો આપણે તેને 'પ્રસાદ' કહીને પોતાના ઉપભોગમાં લાવી શકતા નથી; અને આપણી માલિકીના વસ્ત્ર અલંકાર સોના-ચાંદીના પાત્રો પણ આપણે ૫/૫૦ વરસમાટે ભગવત્સેવાર્થ સમર્પિત કર્યા હોય, જે સિદ્ધાંતમુજબ કરવાજ જોઈએ, તો આપણે પોતાના ઉપભોગમાં લાવી શકીએ છીએ.

આ નિયમ કોઈ "ખોપડીકે બલ ઔંધે ખરે" ઠોઠમઠોઠ ટર્રતૃષ્ણો હોય કે તેને "પુષ્ટિસિદ્ધાંતોંસે અધિક સંપૃક્ત હોનેસે સુન્દર" કહી "અહો રૂપમહો ધ્વનિઃ"ન્યાયમુજબ વખાણનારો હોય—બધાજ પુષ્ટિમાર્ગીયોઉપર લાગૂ થાયજ છે. ઠોઠમઠોઠોને ગ્રંથગત આજ્ઞાઓની ગતાગમ તો ધનલોભને કારણે પડતી નથી, તેથી ગ્રંથો સાથે સ્નાન-સૂતકનો



પણ સંબંધ ન રાખનાર નવનીત જેવી કોમળ બુદ્ધિવાળા વૈષ્ણવોને ઊંઠા ભણાવતા હોય છે: "પરોસત ગોપી ઘૂંઘટ મારે. ઘરકી સોંજ મિલાય થારમેં આગે લે જબ ધારે" આ કીર્તનમાં વર્ણવેલ ભાવનામુજબ પોતાને માંથે ન બિરાજતા એવા મંદિરોમાં બિરાજતા ઠાકોરજીને ભોગ ધરીને, સંકોચ થતો હોય તો વણમાગેલ અને પ્રેમની પરાકાષ્ઠામાં માંગીને ( કે કોરટમાં દાવો માંડીને પણ!), પ્રસાદ લઈ શકાય છે. આ તો શુદ્ધ ટર્રતૃષ્ણાનાં ભોપાળાં છે! કેમકે પદમાં થયેલ વર્ણનમુજબ તો યશોદાજીને ત્યાં ગોપીજનો પોતાના ઘરમાં સિદ્ધ કરેલી સામગ્રી શ્રીયશોદોત્સંગલાલિતની આરોગવાની થાલીમાં પિરસતી હતી, તેમુજબ વૈષ્ણવોને તેઓના ઘરોમાં સિદ્ધ કરેલી સામગ્રીને સીધે ન્હાયા વિના ભોગમંદિરમાં ઘુસીને ઠાકોરજીના આરોગવાની થાલીમાં પિરસવાની છૂટ કેમ આપવામાં આવતી નથી? અરે અપરસના કાંઈક લફડા હોય તો બેઠકોની માફક અપરસમાં ન્હવડાવીને તો છૂટ આપવી જોઈએ! શામાટે "યહ નિત નેમ યશોદાજૂ મેરે તિહારો હી લાલ લડાવનકો. પ્રાત સમય ઉઠ પલને ઝુલાઊં" અથવા તો "રાનીજૂ એક વચન મોહિ દીજે. પઠવો સદન હમારે સુતકોં કહ્યો માન મેરો લીજે"—"આજ ગોપાલ પાહુને આયે નિરખિ નૈન અઘાયેરી" પદોમાં વર્ણવેલ ભાવનામુજબ મંદિરોમાં બિરાજતા ઠાકોરજીને પલનામાં ઝૂલાવી શકે કે વૈષ્ણવો તેઓના પોતાને ઘરે ભોગ આરોગાવવા પધરાવી જઈ શકે તેવી છૂટ કેમ આપવામાં આવતી નથી? ઓછામાં ઓછી બીજે કશે નહિ; પરંતુ પોતાને માંથે બિરાજતા ઠાકોરજીમાટે તો "અપરસમાં ન્હાઈને વૈષ્ણવો પલના ઝૂલાવી શકે છે; તેમજ ભોગ ધરવા પોતાને ઘરે પધરાવવા માંગતા હોય તો પધરાવી પણ જઈ શકે છે" તેવી આજ્ઞા "પુષ્ટિસિદ્ધાંતોસે અધિક સંપૃક્ત હોનેસે સુંદર"હોવાને કારણે તો આપવી જોઈએ! પદોમાં વર્ણિત લીલામુજબજ ભગવત્સેવાના સિદ્ધાંતની તારવણી કરનારાઓ, ખરેખર, જો આવી છૂટ

ભક્તિના ધંધાકીય ભવાડાના ભોગ બનેલા વૈષ્ણવોને આપતા થાય તો, સોમાંથી એંસી ટકા વૈષ્ણવો, પૂ.પા.ગો.બા.ઓની માફક, ધંધાકીય ભવાડો તો ઠાકોરજીનો નહિજ કરે, આટલી તો ચોક્કસ ખાતરી મને છે!

"દત્તાપહારવચનં...ભિન્નમાર્ગપરં મતમ્"વચનનું ઢોલ વગાડીને ઘોંઘાટ કરનારાઓને પ્રભુચરણના—"દાને હિ ન સ્વવિનિયોગો નતુ નિવેદને"ના મધુર સ્વરો અદમ્ય ધનલાલસાને કારણેજ નથી સંભળાતા!

"ન ખલુ ગોપિકાનન્દનો ભવાનખિલદેહિનામન્તરાત્મ-દૃક્" કહેનારાઓ હરિજન મુસલમાન કે ઈસાઈઓને મંદિરોમાં કેમ ન્હવડાવતાં નથી? અખિલ દેહધારિઓના અન્તરાત્મારૂપ પ્રભુના પોતેજ પૂ.પા.ગો.મા.શ્રી કે પ.ભ.મુખિયાજી બનીને પચાવી પાડવા માગે છે? અખિલ દેહધારિઓના અન્તરાત્માનો ઠેકો શું કોઈક વ્યક્તિ કે પરિવાર લઈ શકે? હજી તો વ્રજવાસિઓને પણ મંદિરોમાં મુખિયા-ભીતરિયા બનાવતા ધંધાકીય ભવાડાબાજો ખંચકાય છે. એટલે આ તો ફક્ત પોથીમાંનાજ રીંગણાં કે બીજું કાંઈક!

ચતુર્થાત્મજ શ્રીગોકુલેશ શ્રીહરિરાયજી શ્રીપુરુષોત્તમજી થી માંડીને આધુનિક મહાનુભાવોમાં નિ.લી.તિ.શ્રીગોર્ધનલાલજી મહારાજશ્રી નિ.લી.શ્રીરણછોડલાલજી તેમજ ભૂતલઉપર બિરાજમાન સપ્તમપીઠાધીશ શ્રીઘનશ્યામલાલજી વિ. અનેક આદરણીય મહાપુરુષોને 'કાપુરુષ' કહેનારો ઠોઠમઠોઠ આ માર્ગમાં ખરેખર સાચો કાપુરુષ છે. આ બાબતમાં કહેવાપણું રહી જતું નથી (તેથીજ તો રાસમાં ગોપિકાઓ ગઈ હતી તેથી ક્યારેક-ક્યારેક ધંધાકીય દુષ્ટ હેતુથી ચલાવવામાં આવતી પ્રામાણિક ન પણ હોય એવી બેઠકમાં પોતે મુખિયાગિરિ કરતો હોવાથી ભોળા વૈષ્ણવોને ક્યારેક-ક્યારેક આવવા લલચાવતો હોય છે)!

**પ્રશ્ન (૫)**

**કહીં-કહીં આજકલ એસા કહા જા રહા હૈ કિ "મંદિરોકી આવશ્યકતા નહીં હૈ. વહાં બિરાજમાન ઠાકુરજી પુષ્ટિપુરુષોત્તમ હી નહીં, ઇસલિએ મંદિરોમેં ઠાકુરજીકો ધરાયી સામગ્રી પ્રસાદ હોતી હી નહીં." પરંતુ શ્રીઆચાર્યચરણ શ્રીવલ્લભ તથા પરમદયાલુ શ્રીગુસાંઈજી કે દેશ-પરદેશ દેશકે પ્રખ્યાત મંદિરોંમેં જાનેકા વર્ણન અનેક માર્ગીય ગ્રન્થોંમેં પઢનેકો મિલતા હૈ. શ્રીમહાપ્રભુજી ભારતકે પ્રાયઃ સભી પ્રમુખ મંદિરોંમેં ગયે હૈં. ભોગ ભી ધરાયા હૈ. શ્રીગુસાંઈજીકે છ બાર દ્વારિકા જાનેકા ઉલ્લેખ હૈ, જગન્નાથપુરી તથા ડાકોર ભી જાનેકા ઉલ્લેખ ઉપલબ્ધ હૈ. મંદિરોંકી આવશ્યકતા ન હો, તો ક્યોં વે મંદિરોંમે ગયે ઔર ક્યોં ભોગ ધરાયા? જગન્નાથપુરીકે મંદિરમેં તો શ્રીમહાપ્રભુજીકે પ્રસાદ લેનેકા ભી ઉલ્લેખ હૈ, એકાદશી હોનેસે દ્વાદશીમેં લિયા. યહ ક્યા હૈ?**



ઉત્તર (૫)

ઉપર કરવામાં આવેલ છણાવટ પછી આ પ્રશ્નના નોખા ઉત્તર આપવાની આવશ્યકતા રહી જતી નથી. છતાંય કેટલાક ઠોઠમઠોઠ ટર્રતૃષણો પોતે પારિવારિક વિષમતાને કારણે ભણી ન શક્યા તેની લઘુતાગ્રંથીથી પીડાતા હોવાને કારણે ગ્રંથવચનોને આધારે કરવામાં આવતી દરેક વાતને—"પંક્તિ લગાડવાનો પાખંડ" કહી વખોડતા હોય છે. પોતાને પરંપરાવાદી તરીકે બિરદાવીને ઘરમાં કરવામાં આવતી ભગવત્સેવાને—"ફ્લેટોમાં ઠાકોરજીને સડાવવામાં આવી રહ્યા છે" કહી પોતાની ખાનદાનીનું પ્રદર્શન કરતા હોય છે. વળી કેટલાક ટર્રતૃષણો એમ પણ કહેતા હોય

છે—"સાચો પુષ્ટિમાર્ગ તો વ્રજમાં વસીને ભગવત્સેવા કરવામાં છે", તો શ્રીમહાપ્રભુ-પ્રભુચરણ કે પાંચમી-છઠી પીઢીના મોટા ભાગના અમારા પૂર્વજો વ્રજમાં ન રહી અડેલ કે ગઢા માં રહેતા હતા; અથવા તો વ્રજ છોડીને જયપુર ઉદૈપુર બીકાનેર જઈ વસ્યા હતા તેઓ શું પાષંડી હતા? શું પોતાના ઠાકોરજીના ૩૬૫ દિવસોના, નવી કંપનીની માફક, શેરો વેચનારાજ સાચા પુષ્ટિમાર્ગીય? અરે હકીકતમાં જો આટલી વ્રજભક્તિ હોય તો ઓછામાં ઓછું નવેસરથી કોઈ મંદિર તો વ્રજની બાહેર ન ખરીદવું જોઈએ! શું શ્રીનાથજીની સેવા વ્રજમાં કરવાને ઠેકાણે સિંહાડમાં કરવામાં આવે છે તે પાષંડ છે? મારા નાનપણમાં શીતળાની રસી લેવાની પરંપરા ગોસ્વામિકુળમાં ન્હોતી —આજે તો પૂ.પા.ગો.બા.ઓ નાત-જાતના ભેદભાવ રાખવાની પરંપરા તોડીને ઑપરેશન થતાં બીજાનું લોહી કે પોતાના શરીરમાં બીજા માણસોના અંગ-પ્રત્યંગોનુ આરોપણ કરાવવા મંડ્યા છે. હવે વિચારવાનું રહ્યું કે તેવા લોહી કે અંગ સાથે જો સેવામાં ન્હાઈ શકાતું હોય તો જે નાતના માણસનું લોહી કે અંગ પોતાની ભીતર આરોપિત કરાવ્યું હોય તે નાતનો માણસ પરંપરાથી કરવામાં આવતી સેવામાં ન્હાઈ શકે કે નહિ?

એટલે પોતાના દેહની કાળજીમાટે પરંપરાને અભરાઈ ઉપર ચઢાવવામાં તસ્સુભર વાંધો આવતો નથી; અને ભગવત્સેવાની યથાશક્ય કાળજી લેતાં પરંપરાનું બહાનું કાઢીને તેને વખોડવામાં આવે છે! વળી ક્યારેક એમ પણ કહેતા હોય છે કે "શ્યામ મનોહરજી મોડે-મોડે મંગલા કરાવીને ફક્ત એક વખતનીજ સેવા કરે છે બાકી તો આખો દિવસ પંક્તિઓ લગાડવાનો પાષંડ કરતા હોય છે" આ આરોપ જોકે મારી બાબતમાં તદ્દન સાચો છે; પરંતુ તેની પ્રાસંગિકતા ત્યારે સાચી માની શકાય કે જ્યારે હું આવો કોઈ દાવો કરતો હોઉં કે "આઠો-આઠ સમયની સેવામાં હું પહોંચું છું". જોકે શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણની



કૃપાને કારણે મેં ક્યારેય ઠાકોરજીને શણગાર ધરાવવાના સમયે શતરંજના ખાનાને ઊંટ-ઘોડા-પ્યાદીથી શણગાર્યા નથી કે ભોગ ધરવાના સમયે ઠાકોરજીના ચરણોમાં તુલસીને સમર્પવાના ઠેખાણે સ્પૉર્ટ મેગેઝીન્સ કે ટી.વી. ને મારા નયનો સમર્પિત કર્યા નથી! તે છતાંય મારામાં મંગલાથી શયન પર્યંતની બધી સેવા જાતે પહોંચી શકવાની સામર્થ્ય નથી તે તો એક હકીકતજ છે. આ મારી ઊણપને શ્રીમહાપ્રભુના સિદ્ધાંતના સાચા સ્વરૂપ સાથે શું લેવા-દેવા છે? જો એમ કહો કે તો તેવા સિદ્ધાંતોને કહેનારો હું કોણ? તો હું પણ પૂછવા માંગૂ છું કે સિદ્ધાંતો ન કહેવામાટે મને કહેવાનો કોઈકને શું અધિકાર છે? જો કહો કે પાષંડ કરતા મને રોકવામાટે કહેવામાં આવી રહ્યું છે. તો ચાલો એમ સ્વીકારી લ્યો કે મહાપ્રભુના સિદ્ધાંતોથી વિરુદ્ધ કૃત્ય એ પણ પુષ્ટિમાર્ગમાં પાષંડજ છે જેને રોકવાજ હું પણ સિદ્ધાંત કહી રહ્યો છું!

બીજા કેટલાક ઠોઠમઠોઠો દૂરતૃષ્ણાથી પીડિત હોવાને કારણે કહેતા હોય છે કે " 'મંદિર' અને 'ઘર' સમાનાર્થી શબ્દો છે. મોટા ઘરને 'મંદિર' કહેવાય અને નાના મંદિરને 'ઘર' કહેવાય. તેથી મંદિરોનો વિરોધ કરનારાઓ બધા ધેનુકાસુરો છે જે પ્રભુની સંપત્તિ હડપ કરી જવા માંગે છે." હકીકતમાં તો આમ કહેનારો પોતે યમુનાકાંઠે બેઠેલો પાષંડી બકાસુર છે! કેમકે ઘર અને મંદિર જો બે જુદા-જુદા ન હોય તો વૈષ્ણવોને ખોટા ઊંઠા શામાટે ભણાવવા જોઈએ કે ઘરમાં સેવા પોહોંચીને મંદિરે દર્શન કરવા રોજે-રોજ આવવું; અને ક્યારેક-ક્યારેક બેઠકોમાં પણ દર્શન કરવા અને ભેંટ ધરવા આવવું જોઈએ? એટલે આવા દંભી બકાસુરો પોતેજ "શ્રીજમુના-વિટ્ઠલ જપના પરાયા માલ અપના" સમજી દ્રવ્યના લોભે પુષ્ટિપ્રભુને નિગળી જવા માંગતા હોય છે. ગદ્યમંત્રમાં આગાર=ઘર અને વિત્ત=ધન બન્નેના એકી સાથે સમર્પણ કરવાનો ઉલ્લેખ છે, તેમાં ઘરને અર્પિત અને ધનને સમર્પિત માનવા આવી ઠોઠમઠોઠની

વાત તો પાડાને પણ હસી આવે તેવી છે. એટલે આવા ઠોઠમઠોઠો ક્યારેક એમ પણ કહેતા હોય છે કે—''મંદિરો વેચીને નવા ઘર બાંધનારાઓને દેવદ્રવ્યભક્ષણ કરનારા જો ન માનવામાં આવતાં હોય તો ઠાકોરજીના નામે જનતાથી ભેંટ-સામગ્રી લેનારાઓને કેમ દેવદ્રવ્ય ખાનારા માનવામાં આવે છે? હકીકતમાં તો કોણુ દેવદ્રવ્ય ખાય છે કે કોણ નથી ખાતો તે વિચારવોનો મુદ્દોજ નથી. મુદ્દો આપણી પાસે વિચારવાનો ફકત એટલોજ છે કે કયા પ્રકારે પરધન સ્વીકારતા તે દેવદ્રવ્ય બને છે; અને કયા પ્રકારે લેતાં તે દેવદ્રવ્ય નથી બનતું. છતાંય સિદ્ધાંતલક્ષી છણાવટને વ્યક્તિલક્ષી બનાવવીજ હોય તો એટલું તો ચોકકસ રીતે કહી શકાય કે જો 'ગૃહ' અને 'મંદિર' સમાનાર્થી શબ્દો માનવામાં આવતાં હોય તો જે કોઈ પુષ્ટિમાર્ગીય હશે તેના ઘરમાં ઠાકોરજી તો બિરાજતાંજ હશે, તેથી કાંઈ દરેક પુષ્ટિમાર્ગીયનું ઘર દેવસંપત્તિ બની જતી નથી. કેમકે ત્યારે તો કોઈ પણ પુષ્ટિમાર્ગીય પોતાનું ઘર વેચીજ ન શકે! ઠાકોરજી બિરાજવા છતાંય જો એક વૈષ્ણવનું ઘર દેવને 'અર્પિત' કે ભેંટ ધરેલી સંપત્તિ જો ન બનતું હોય તો, ગોસ્વામિઓની હવેલી મંદિર કે ઘર ને શામાટે દેવાર્પિત કે ઠાકોરજીને ભેંટ ધરેલી સંપત્તિ માની લેવી જોઈએ? એટલે જો કોઈ ગોસ્વામી પોતાનું જૂનું ઘર(=હવેલી=મંદિર) વેચીને નવું, પછી તે ઍરકંડીશન્ડ બંગલો હોય કે નાનકડો ફલેટ હોય, બનાવે તેમાં કાંઈ ફરક પડતો નથી. અને એક બટાટો કે રીંગણો પણ બીજા કોઈ પાસેથી ઠાકોરજીને નામે માંગેલો હોય તો તે દેવદ્રવ્ય બનીજ જતું હોવાથી, તેને પોતાના કામમાં લાવનારો દેવદ્રવ્યભક્ષક હોયજ છે.

### પ્રશ્ન ( ૬ )

**શ્રીઠાકુરજી અચલ હૈં. ગુરુ ઉનકી સેવા**



**કરતે હૈં તથા ચલ હૈં. તો મહત્તા કિસકી અધિક સમઝની ચાહિયે—ચલકી કિ અચલકી=શ્રીગુરુકી કિ શ્રીઠાકુરજીકી? શ્રીઠાકુરજીકો એક કિનારે (સાઈડ-ટ્રૅક) કરનેકા પ્રયાસ હોતા હુઆ માલૂમ પડે, તો એસી સ્થિતિમેં હમેં ક્યા કરના ચાહિયે?**

### ઉત્તર ( ૬ )

સિદ્ધાંતમુજબ જે ગુરુ પોતે આજીવિકા કમાવવા કે પદ-પ્રતિષ્ઠા કમાવવાના દંભથી ભગવત્સેવા ન કરતો હોય—પોતાના ઘરમાં પોતાના તન-ધન-પરિજનના વિનિયોગપૂર્વક જાહેર પ્રદર્શન કર્યા વિના ભગવત્સેવા કરતો હોય; અને પોતે ઠોઠમઠોઠ ન હોઈ ભાગવતતત્ત્વજ્ઞ હોવાને કારણે વૈષ્ણવોને સાચા ધર્મમાર્ગ તરફ વાળતો પણ હોય તો તેની શરુઆતમાં કાંઈક મહત્તા છેજ. અંતે તો સાચી અને સર્વોપરિ મહત્તા તો દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનામાટે પોતાના ઘરે બિરાજતા સેવ્ય સ્વરૂપનીજ છે. કોઈ પણ સંજોગમાં મંદિરોમાં ધંધાકીય હેતુથી વાપરવામાં આવતા ઠાકોરજીના ધંધાકીય ભવાડાને પ્રોત્સાહન આપવાની તો નહીંજ.

આમ ઠોઠમઠોઠ ટર્રતૃષ્ણોની નિમ્નસ્તરીય વાતોના સિદ્ધાંતશુદ્ધ સમાધાનો આપણે જોયા.

હકીકતમાં તો સ્વાર્થ અજ્ઞાન અને અહંકાર ની હલકામાં હલકી પાયરીની મનોવૃત્તિથી લખાયેલી આવી બુદ્ધિહીન વાતોનું સમાધાન આપવું પણ આવશ્યક ન્હોતુંજ; છતાંય આવા શીતળામાતાના ભગત એવા ઠોઠમઠોઠોને ભાડુતી લેખક તરીકે આગળ કરીને મહા(કા)પુરુષો, પુષ્ટિમાર્ગના દિવ્ય સિદ્ધાતોં સાથે રાજરમતનું, જે ગંદુ નાટક રમી રહ્યા છે તેમના પાષંડને અનાવૃત કરવા આ સમાધાનો મારે લખવા પડ્યા છે.

તાસોં એસે બકાસુર અરુ તિનસોં અધિક સંપૃક્ત રહિકે સંગ કરિવેવારેનકી મહિમાકો બખાન કહાં તાંઈ કરિએ !